The Immortals of Meluha (Gujarati) - Meluha Na Amartyo (Gujarati

Tripathi, Amish

શિવકથન નવલકથાત્રયી - ૨

મેલુહાના અમર્ત્યો

'અમીશ ભારતના
પ્રથમ સાહિત્યિક
પોપસ્ટાર છે.'
– શેખર કપૂર

અમીશ

ભાવાનુવાદ : ચિરાગ ઠક્કર 'જય'

મેલુહાના અમર્ત્યો - અમીશ

‘હું આશા કરું છું કે ઘણા બધાને અમીશ ત્રિપાઠીમાંથી પ્રેરણા મળશે. . .’

– અમિતાભ બચ્ચન, જીવંત દંતકથા સમાન
ભારતીય અભિનેતા અને સદીના મહાનાયક

‘અમીશ ભારતના ટોલ્કીન છે.’

– બિઝનેસ સ્ટાન્ડર્ડ

‘અમીશ ભારતના પ્રથમ સાહિત્યિક પોપસ્ટાર છે.’

– શેખરકપૂર, વિખ્યાત ફિલ્મનિર્દેશક

‘અમીશ...એ પૂર્વના પાઉલો કોએલો છે.’

– બિઝનેસ વર્લ્ડ

‘અમીશની પૌરાણિક કલ્પનાઓ ભૂતકાળનો ખજાનો અને ભવિષ્યની સંભાવનાઓ ખોલી આપે છે. તેમની લાક્ષણિક અને ઉત્તેજના જગાવતી પુસ્તકશ્રેણીમાં આત્માના ઊંડાણ તેમજ આપણી સામૂહિક ચેતનાનાં દર્શન થાય છે.’

– દીપક ચોપરા, જગવિખ્યાત આધ્યાત્મિક ગુરુ અને વિખ્યાત લેખક

‘ભારતીય લેખકોમાં અમીશ નવો, તાજગીપૂર્ણ અવાજ છે, જે – તેમની વાર્તાઓ પુરાણો અને ઇતિહાસમાંથી આવે છે અને તેમનાં વર્ણનો ઝીણવટભરેલાં તેમજ શૈલી જકડી રાખે તેવી છે.’

– શશી થરુર, સંસદસભ્ય અને વિખ્યાત લેખક

‘ભારતની અસંખ્ય દંતકથાઓ અને લોકકથાઓને ભેગી કરીને તેમનું અર્થઘટન કરીને રોમાંચક, ગતિશીલ કથા તરીકે રજૂ કરવામાં અમીશનું પ્રભુત્વ છે. ભગવાનો, સંસ્કૃતિઓ, ઇતિહાસ, રાક્ષસો અને નાયકો વિષેના તમારા વિચારો એ હંમેશાં માટે બદલી નાખશે.’

– હાઈબ્લિટ્ઝ

‘અમીશનું સહિષ્ણુતાનું દર્શન, દંતકથાની તેમની સમજણ અને શિવ પ્રત્યેની તેમની આસ્થા તેમનાં પુસ્તકોમાં સુસ્પષ્ટ છે.’

– વર્વ

‘ત્રિપાઠી એવા ઊભરી રહેલા સમૂહના એક લેખક છે કે જેમણે પુરાણો અને ઇતિહાસને

અલગ રીતે જોયા છે અને નિરસ તથ્યોને તેમણે રસપ્રદ વાર્તામાં અનુવાદિત કર્યાં છે.'

– ધ ન્યૂ ઇન્ડિયન એક્સપ્રેસ

'આ દેશના યુવાધનને હિન્દુ પુરાણોથી પુનઃ પરિચિત કરાવવા બદલ આપણે અમીશને અભિનંદન આપવાં જ રહ્યાં.'

– ફર્સ્ટ સિટી

મેલુહાના અમર્ત્યો

શિવકથન નવલકથાત્રયી – ૧

લેખક


અમીશ



ભાવાનુવાદ

ચિરાગ ઠક્કર 'જય'

eka



મુખ્ય પ્રાપ્તિસ્થાન

નવભારત સાહિત્ય મંદિર

જૈન દેરાસર પાસે,
ગાંધી રોડ, અમદાવાદ-૧
ફોન :
(૦૭૯)૨૨૧૩૯૨૫૩,
૨૨૧૩૨૯૨૧

૨૦૨, પૅલિકન હાઉસ,
આશ્રમ રોડ, અમદાવાદ-૯
ફોન :
(૦૭૯)૨૬૫૮૦૩૬૫,
૨૬૫૮૩૭૮૭

E-mail : info@navbharatonline.com

Web : www.navbharatonline.com

fb.com/NavbharatSahityaMandir

eka

First published in English as *The Immortals of Meluha* in 2010 by Tara Press
First published in English as *The Immortals of Meluha* in 2011 by Westland Ltd
Reprinted by Westland Publications Private Limited in 2018

Published in Gujarati as Meluha Na Amrtyo in 2019 by Eka, an imprint of Westland Publications Private Limited
1st Floor, A Block, East Wing, Plot No. 40, SP Infocity, Dr MGR Salai, Perungudi, Kandanchavadi, Chennai 600096

ISBN: 9789388689373

Cover Design by Rashmi Pusalkar
Photo of Lord Shiva by Vikram Bawa
Photo of Kailash Mansarovar by Silvio Giroud

પ્રીતિ અને નીલને. . .
તમે બંને જ મારું સર્વસ્વ છો,
મારા શબ્દો અને તેનો અર્થ છો,
મારી પ્રાર્થનાઓ અને આશીર્વાદ છો,
મારા સૂર્ય અને ચંદ્ર છો,
મારો પ્રેમ અને જીવન છો,
મારા આત્મસંગી અને આત્માનો ભાગ છો.



અનુક્રમણિકા

ઓમ નમઃ શિવાય.
સમગ્ર બ્રહ્માંડ શિવને વંદે છે. હું શિવને વંદું છું.



ઋણસ્વીકાર

લેખન એકાકી વ્યવસાય છે એમ કહેવાય છે, પરંતુ એ ખોટું છે. આ પુસ્તકને શક્ય બનાવવા માટે અદ્‌ભુત લોકોની એક ટુકડીએ ભેગા થઈને કામ કર્યું છે અને હું તેમનો ઋણસ્વીકાર કરવા ઇચ્છું છું.

સૌદર્ય, બુદ્ધિ અને જાણના વિરલ સંગમ સમાન મારી પત્ની પ્રીતિએ આ પુસ્તકનાં તમામ પાસાંઓ આકારવામાં મને સતત સહાય કરી છે અને સૂચનો આપે રાખ્યાં છે.

મારું કુટુંબ : ઉષા, વિનય, ભાવના, હિમાંશુ, મીતા, અનિશ, ડોનેટા, આશિષ, શેરનાઝ, સ્મિતા, અનુજ, રૂતા. મારા કુટુંબના આ બધા જ સભ્યોએ મને આ લેખનનાં વર્ષોમાં સતત પ્રોત્સાહિત કર્યે રાખ્યો છે અને જરૂર પડી ત્યાં આગળ વધવા માટે ધક્કો પણ માર્યો છે.

'શિવકથન નવલકથાત્રયી'માં અદ્‌ભુત વિશ્વાસ મૂકનારા પ્રથમ પ્રકાશક અનુજ બાહરી.

ગૌતમ પદ્મનાભમના નેતૃત્વમાં કાર્યરત વેસ્ટલેન્ડ લિમિટેડ, જે મારું વર્તમાન પ્રકાશક છે અને આ સ્વપ્નમાં સમાન હિસ્સે ભાગીદાર પણ ખરું.

મારા સંપાદકો શ્રાવણી પંડિત અને ગૌરી ડાંગે, જેમણે મારું રેઢિયાળ અંગ્રેજી સતત સુધારે રાખ્યું છે અને વાર્તાના પ્રવાહને પણ મઠારી આપ્યો છે.

અદ્‌ભુત મુખપૃષ્ઠ માટે રશ્મિ પુસાલકર, સાગર પુસાલકર અને વિક્રમ બાવા.

નાવીન્યસભર ટ્રેલર બનાવી આપવા માટે અતુલ માંજરેકર, અભિજીત પોંડવાલ, રોહન ધ્રુવી અને અમિત ચીટનીશ. એના કારણે આ પુસ્તકને નવી ઊંચાઈ સુધી લઈ જવામાં મદદ મળી છે. અને એ ટ્રેલરના સંગીત માટે તૌફિક કુરેશી.

જનસંપર્ક અને જાહેરાત માટે મોહન વિજયન.

વેચાણ અને જાહેરાત માટે અસરકારક સૂચનો આપવા બદલ આલોક, કાલરા, ઋષિકેશ સાવંત અને મંદાર ભુરે.

વેબસાઈટ બનાવનાર ડોનેટા ડિટ્રોન અને મુકુલ મુખરજી.

નવલોહિયા લેખકનું પ્રથમ પુસ્તક પસંદ કરવા માટે આપ વાચકશ્રી.

અને અંતમાં, હું એ ભગવાન શિવનો પણ ઋણસ્વીકાર કરું છું કારણ કે મને લાગે છે કે આ વાર્તા એ મને તેમના મળેલા આશીર્વાદનું જ પ્રત્યક્ષ પરિણામ છે. આ અનુભવને અંતે હું એક અલગ જ માનવ બની રહ્યો છું. મારી શંકા-કુશંકાઓ ઘટી છે અને હું જગતના વિવિધ દૃષ્ટિકોણને સ્વીકારતો થયો છું. એટલે મારી ધારણાથી પણ વધારે આશીર્વાદ આપનાર ભગવાન શિવનાં ચરણોમાં મારાં વંદન.



'શિવકથન નવલકથાત્રયી'

શિવ ! મહાદેવ. દેવોના દેવ. અનિષ્ટ સંહારક. જોશીલા પ્રેમી. ભયાવહ યોદ્ધા. અદ્‌ભુત નૃત્યકાર. ચમત્કારિક આગેવાન. સર્વશક્તિમાન છતાં વિશુદ્ધ. મજાકિયા અને ઝડપથી ક્રુદ્ધ થઈ જનારા ભોળાનાથ.

સદીઓ સુધી આપણી ભૂમિ પર આવનાર કોઈ પણ વિદેશી વિજેતા, વેપારી, અભ્યાસુ, શાસક કે મુસાફર એવું માનવા જ તૈયાર નહોતા કે આવો કોઈ માનવ વાસ્તવમાં આ ધરતી પર થઈ ગયો છે. એ લોકો એમ માની લેતા હતા કે આ જરૂર કોઈ દંતકથાનું પાત્ર હશે અને તેમનું અસ્તિત્વ માનવમનના કલ્પનાપ્રદેશ પૂરતું જ સીમિત હશે. દુર્ભાગ્યે, આપણે પણ એ જ માન્યતાઓ સ્વીકારી લીધી છે.

પરંતુ આપણી એ માન્યતાઓ ખોટી હોય તો ? ભગવાન શિવ કોઈ માનવમનની કલ્પના નહીં પરંતુ કોઈ હાડ-માંસની બનેલી, મારા અને તમારા જેવી, જીવંત વ્યક્તિ જ હોય તો ? એક એવો માનવ જે પોતાનાં કર્મોને કારણે મહામાનવ તરીકે પંકાયો. આ વિચારને આધારે જ આ 'શિવકથન નવલકથાત્રયી'નું સર્જન થયું છે, જેમાં ભારતની પ્રાચીન દંતકથાઓ તેમજ ઐતિહાસિક તથ્યોનો કલ્પના સાથે સંગમ કરવામાં આવ્યો છે.

એટલે આ પુસ્તક શિવ ભગવાન અને તેમનાં કર્મોની ચરણવંદના છે. તેમના જીવનના જે બહુમૂલ્ય બોધપાઠ સમય અને અજ્ઞાનની ગર્તામાં ધકેલાઈ ગયા હતા, તેને પુનઃ શોધવાનો પ્રયાસ છે. તેમાંથી પ્રેરણા લઈને આપણે બધા ઊર્ધ્વગામી પ્રયાણ કરી શકીએ છીએ. તેમાંથી એમ શીખી શકાય છે કે દરેક માનવમાં મહામાનવ, મહાદેવ થવાની ક્ષમતાઓ રહેલી છે. આપણે તો માત્ર આપણા અંતરાત્માનો અવાજ સાંભળવાનો છે.

'મેલુહાના અમર્ત્યો' એ 'શિવકથન નવલથાત્રયી'નું પ્રથમ પુસ્તક છે અને તેમાં અદ્‌ભુત માનવની મહાદેવ બનવાની યાત્રાનો પ્રારંભ થાય છે. તેના અન્ય બે ભાગ છે 'નાગવંશનું રહસ્ય' અને 'વાયુપુત્રોના શપથ'.



અનુવાદકીય

સ-તર્ક ભારત હવે પોતાની શ્રદ્ધાને તર્કની નજરે નિહાળી રહ્યું છે. ઇતિહાસ અને પુરાણોને નવી સદીમાં નવા દૃષ્ટિકોણથી વાંચવામાં આવી રહ્યા છે અને તેમની પ્રસ્તુતતાને ફરીથી પામવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

એ દિશામાં એક અત્યંત મહત્ત્વનું રાષ્ટ્રીય સ્તરનું સોપાન એટલે લેખક શ્રી અમીશની શિવકથન નવલકથાત્રયી. એ શ્રેણીના પ્રથમ પુસ્તક 'The Immortals of Meluha' અને દ્વિતીય પુસ્તક 'The Secret of the Nagas' મૂળે ૪૦૦-૪૦૦ પાનાંનાં દળદાર પુસ્તકો સ્વરૂપે પ્રસિદ્ધ થયાં હતાં. આ પુસ્તકોની ગુજરાતીમાં 'મેલુહા' અને 'નાગવંશ' સ્વરૂપે સંક્ષિપ્ત રજૂઆત થઈ ચૂકી છે પરંતુ અમને એમ થયું કે ગુજરાતી વાચકોને શબ્દશઃ અમીશ વાંચવાનો પણ અધિકાર છે. એટલે એ બંને પુસ્તકોનો શબ્દશઃ ભાવાનુવાદ કરીને તેના મૂળ સ્વરૂપ (unabridged version) આપની સમક્ષ રજૂ કરતાં આનંદની લાગણી અનુભવું છું. જેમણે અમીશને આ પહેલાં નથી વાંચ્યા તેમને તો આનંદ આવશે જ પરંતુ જેમણે રજૂઆત વાંચી છે તેમને પણ આ ભાવાનુવાદ વાંચવો ગમશે. તેમને પણ એવું ઘણું બધું મળી રહેશે જે સંભવતઃ રજૂઆતમાં નહોતું. આવું સાહસ ખરેખર પ્રશંસનીય છે. એ માટે 'નવભારત સાહિત્ય મંદિર' અભિનંદનનું અધિકારી છે.

અનુવાદ ક્ષેત્રના આ મારા ૨૧મા અને ૨૨મા પુસ્તકો છે અને તેમાંથી મોટાભાગનાં 'નવભારત સાહિત્ય મંદિર' દ્વારા જ પ્રકાશિત થયાં છે તેનો મને આનંદ છે. હું લેખક શ્રી અમીશ તેમજ 'નવભારત સાહિત્ય મંદિર'ના મુ. શ્રી મહેન્દ્રભાઈ શાહ અને પ્રકાશક મિત્ર શ્રી રોનક શાહનો ઋણસ્વીકાર કરું છું.

વિવિધ માધ્યમો દ્વારા સતત પ્રતિભાવો વરસાવતા રહીને મને પ્રેરતા રહેલા વાચકો જ મારા ઉધમનું પ્રેરણાબળ બની રહ્યા છે એટલે આપ સૌનો આભાર માનીને પ્રતિભાવોની આશા સહ વિરમું છું.

સસ્નેહ,
ચિરાગ ઠક્કર 'જય'
ઈમેલ : chirag@chiragthakkar.me
વેબસાઈટ : www.chiragthakkar.me
ફેસબુક : www.facebook.com/CThakkar
ટ્વિટર : www.twitter.com/chiragthakkar



પ્રકરણ ૧
એ પધારી ચૂક્યા છે !

ઈસા પૂર્વ ૧૯૦૦, માનસરોવર (કૈલાસની તળેટી, તિબેટ)

શિવ રતુંબડા આકાશને તાકી રહ્યા. માનસરોવર પર ઘેરો નાખીને બેઠેલાં વાદળો વચ્ચે હમણાં જ જગ્યા થઈ હતી જ્યાંથી આથમતો સૂરજ ડોકાઈ રહ્યો હતો. પુનઃ એક વાર એ અદ્દ્ભુત જીવનદાતા પોતાની લીલા સંકેલી રહ્યો હતો. પોતાના એકવીસ વર્ષના જીવનમાં શિવે બહુ જ ઓછા સૂર્યોદય જોયા હતા, પરંતુ સૂર્યાસ્ત ! તેમણે હંમેશાં એવો જ પ્રયત્ન કર્યો હતો કે સૂર્યાસ્તનાં દર્શન ચુકાય જ નહીં. અન્ય કોઈ પણ દિવસ હોત તો સૂર્ય અને દૃષ્ટિ પહોંચે ત્યાં સુધી ફેલાયેલી હિમાલયની પર્વતમાળાની પશ્ચાદ્દ્ભૂમિ સાથે રહેલા ભવ્ય સરોવરવાળું આ દૃશ્ય મન ભરીને માણ્યું હોત. પણ આજે એમ કરવું શક્ય નહોતું.

પોતાના માંસલ, ચપળ શરીરને સરોવર પર ઝળૂંબી રહેલી એક સાંકડી શિલા પર તેમણે પલાંઠી વાળીને ગોઠવ્યું. પાણી પરથી પરાવર્તિત થઈ રહેલા પ્રકાશમાં તેમના શરીર પર યુદ્ધોમાં પડેલા ઘણા બધા ઘાવનાં નિશાન ચળકી રહ્યાં હતાં. શિવને પોતાના બાળપણના નચિંત દિવસો સરસ રીતે યાદ હતા. સરોવરના પાણી પર ટપ્પા ખાય, તે રીતે નાના નાના પથ્થર ફેંકવાની કળા પર તેમણે પ્રભુત્વ મેળવ્યું હતું. આવી રીતે સૌથી વધુ સત્તર ટપ્પાનો તેમના કબીલાનો કીર્તિમાન તો તેમના જ નામે હતો.

સામાન્ય દિવસ હોત તો બાળપણની આ મધુરી સ્મૃતિથી તેમના મુખ પર અચૂક સ્મિત આવ્યું હોત, પરંતુ એ મધુરા ભૂતકાળ પર વર્તમાનની ચિંતાનું ભારણ આજે ભારે પડી રહ્યું હતું. જરા પણ આનંદનો અનુભવ કર્યા વિના એ પોતાના ગામની દિશામાં પાછા ફર્યા.

મુખ્ય દ્વારની રક્ષા કરી રહેલો ભદ્ર સાવધ હતો. શિવે પોતાની આંખથી ઇશારો કર્યો. વાડ પાસે ઝોકું ખાઈ રહેલા પોતાના બે સાથી રક્ષકોને શોધવા ભદ્ર ઊલટો ફર્યો. તેણે તેમને અપશબ્દો કહીને જોશપૂર્વક લાત મારીને જગાડ્યા.

શિવ સરોવર તરફ પાછા ફર્યા.

ભગવાન ભદ્રનો ઉદ્ધાર કરે ! છેવટે એને તો પોતાના ઉત્તરદાયિત્વનું થોડુંક ભાન છે.

યાકના હાડકામાંથી બનાવેલી ચલમને પોતાના હોઠ વચ્ચે ગોઠવીને શિવે ઊંડો કશ લીધો. બીજા કોઈ પણ સામાન્ય દિવસે તો ચલમમાં ભરેલા ગાંજાએ પોતાની ઉદારતા દર્શાવી હોત અને તેમના ઉદ્વિગ્ન મગજને શાંત કરીને થોડીક શાંત ક્ષણોનો અનુભવ કરાવ્યો હોત, પણ આજે એમ બન્યું નહીં.

તેમણે પોતાની ડાબી બાજુ, સરોવરના કિનારાની દિશામાં જોયું. ત્યાં વિદેશથી આવેલા વિચિત્ર મુલાકાતીના સૈનિકોને પહેરા હેઠળ રાખવામાં આવ્યા હતા. એ સૈનિકોની

પાછળ સરોવર હતું અને શિવના પોતાના વીસ સૈનિકો તેમની ફરતે ચોકી કરી રહ્યા હતા એટલે તેઓ અચાનક કોઈ પણ પ્રકારનો પ્રહાર તો કરી શકવાના નહોતા.

એ લોકોએ બહુ સરળતાથી નિઃશસ્ત્ર થવાની વાત સ્વીકારી લીધી. તેઓ અમારી ભૂમિમાં રહેતા પેલા લોહીતરસ્યા મૂર્ખાઓ જેવા તો નથી જ જે લોકો લડવા માટેનાં બહાનાં જ શોધતા રહેતા હોય છે.

એ વિદેશીના શબ્દો શિવના મગજમાં ફરી વાર ગૂંજવા લાગ્યા. 'અમારા દેશમાં આવો. એ પેલા ઊંચા પર્વતોની પેલે પાર આવેલો છે. બીજા બધાં તેને મેલુહા કહે છે. હું તેને સ્વર્ગ કહું છું. તે ભારતનું સૌથી ધનવાન અને સૌથી શક્તિશાળી સામ્રાજ્ય છે. પરદેશથી અમારે ત્યાં વસવા માટે આવેલા લોકો માટે અમારા પ્રશાસનની એક વિશેષ નીતિ છે. તેમને ખેતી કરવા માટે ફળદ્રુપ જમીન અને સાધનો આપવામાં આવે છે. તમારો કબીલો, તમારી ગણ જાતિના લોકો, આ નિષ્ઠુર અને શુષ્ક ધરતી પર આજે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. તમે સ્વપ્નમાં પણ ન કલ્પ્યું હોય એવું જીવન તમને મેલુહામાં આપવામાં આવશે. તેના બદલામાં અમારે તો કશું જ જોઈતું નથી. તમે બધા માત્ર શાંતિથી જીવો, તમારા કરવેરા ચૂકવો અને અમારા દેશના નિયમોનું પાલન કરો એટલી જ અમારી અપેક્ષા છે.'

શિવે વિચાર્યું કે બીજું ગમે તે હોય, પરંતુ ત્યાં જવાથી તે પોતે આ બધા લોકોનો આગેવાન રહેશે નહીં.

શું એ વાત મારા માટે એટલી મહત્વાની છે ?

તેના કબીલાના લોકોએ વિદેશી ભૂમિના નિયમો મુજબ જીવવું પડશે. તેમણે આજીવિકા માટે દરરોજ કામ કરવું પડશે.

દરરોજ જીવવા માટે લડવા કરતાં તો એ જીવન સારું જ કહેવાય !

શિવે પોતાની ચલમમાંથી બીજો કશ લીધો. ધુમાડો વિખરાયો ત્યારે તેઓ પોતાના ગામની મધ્યમાં આવેલી ઝૂંપડીને તાકી રહ્યા. પોતાની ઝૂંપડીની બરોબર બાજુમાં જ એ ઝૂંપડી હતી અને પેલા વિદેશીને ત્યાં જ રાખવામાં આવ્યો હતો. તેને એમ કહેવામાં આવ્યું હતું કે ત્યાં ઝૂંપડીમાં એ શાંતિથી ઊંઘી શકશે. પણ વાસ્તવમાં શિવની ગણતરી એવી હતી કે જો કંઈક અણધાર્યું બની જાય તો એ માણસને બંધક બનાવી શકાય.

અમે દર મહિને પક્રાતિઓ સામે માત્ર એટલા માટે જ લડીએ છીએ કે જેથી આ પવિત્ર સરોવરની બાજુમાં જ અમારું ગામ રહી શકે. તેઓ પ્રતિ વર્ષ મજબૂત બની રહ્યા છે કારણ કે તેઓ નવા નવા કબીલાઓ સાથે મૈત્રીસંબંધો કેળવી રહ્યા છે. અમે પક્રાતિઓને અવશ્ય હરાવી શકીએ પણ પર્વત પર વસતા બધા જ કબીલાઓને એક સાથે હરાવી શકીએ નહીં ! જો અમે મેલુહા જવાનો નિર્ણય લઈએ, તો આ નિરર્થક હિંસાથી બચી શકીએ અને કદાચ આરામદાયક જીવન પણ પામી શકીએ. એમાં ખોટું શું છે ? આ તકને અમે શા માટે ન સ્વીકારીએ ? કેટલી અદ્ભુત લાગે છે !

ચલમમાંથી છેલ્લો કશ લઈને શિવે તેને ખડક પર ખંખેરી, બધી રાખ બહાર ખરી જવા દીધી પછી તેઓ ઝડપથી પલાંઠી છોડીને ઊભા થયા. પોતાની ઉઘાડી છાતી પર પડેલી રાખને ખંખેરી તેમણે પોતાના વ્યાઘ્રચર્મમાંથી બનાવવામાં આવેલા કટિવસ્ત્ર પર હાથ લૂછ્યો અને ફલાંગ ભરતા તેઓ પોતાના ગામની દિશામાં ચાલ્યા. દ્વારમાંથી શિવ પસાર થયા ત્યારે ભદ્ર અને તેના બે સાથીઓ સાવધાન થઈને ઊભા હતા. શિવને ગુસ્સો આવ્યો અને તેમણે ભદ્રને વિશ્રામ કરવાનો ઇશારો કર્યો.

એ વારંવાર કેમ ભૂલી જાય છે કે એ બાળપણથી જ મારો ખાસ મિત્ર છે. હું તેમનો

આગેવાન બન્યો એટલે કંઈ એ સત્ય બદલાઈ જતું નથી. બીજા લોકોની હાજરીમાં તેણે સેવક જેવું વર્તન કરવાની જરૂર નથી.

શિવના ગામની ઝૂંપડીઓ એ ભૂમિનાં અન્ય ગામોની સરખામણીએ તો વધુ સગવડદાયક હતી. પુખ્ય વયનો કોઈ પુરુષ તેમાં ટટ્ટાર ઊભો રહી શકે તેમ હતો. પર્વતો પર ફૂંકાતા ભયાનક પવન સામે આ ઝૂંપડી ઓછામાં ઓછી ત્રણ વર્ષ સુધી તો ટક્કર આપી શકે તેમ હતી. તેમણે પોતાની ઝૂંપડીમાં ચલમનો ઘા કર્યો અને જે ઝૂંપડીમાં પેલો મુલાકાતી શાંતિથી સૂતો હતો તે દિશામાં આગળ વધ્યા.

કાં તો એ માણસને એવો ખ્યાલ નથી આવતો કે એને બંધક બનાવવામાં આવ્યો છે કાં તો એ વાસ્તવમાં એમ માનતો હોવો જોઈએ કે સદ્વર્તનનો ઉત્તર સદ્વર્તનથી જ મળે છે.

શિવના ગુરુ બની રહેલા કાકા તેમને જે કહેતા હતા, તે તેમને યાદ આવ્યું. 'લોકો એ જ કરતા હોય છે જેને તેમનો સમાજ સન્માનતો હોય છે. જો સમાજમાં વિશ્વાસનું સન્માન થતું હશે, તો એ સમાજના લોકો સરળતાથી વિશ્વાસ કરતા હશે.'

જો મેલુહાના સૈનિકો અજાણ્યા લોકો પર પણ આટલો વિશ્વાસ રાખતા હોય , તો એ સમાજ વાસ્તવમાં અત્યંત વિશ્વસનીય હોવો જોઈએ.

પોતાની બરછટ દાઢીને ખંજવાળતા શિવ મુલાકાતીને તાકી રહ્યા.

તેણે પોતાનું નામ નંદી જણાવ્યું છે.

નંદી પોતાનો મેદસ્વી દેહ ધરતી પર ફેલાવીને એવી રીતે સૂતો હતો કે જેથી મેલુહાની ભવ્યતા વધારે ભવ્ય લાગતી હતી. દરેક શ્વાસે તેનું વિશાળ પેટ ઊંચું-નીંચું થતું હતું. મેદસ્વી હોવા છતાં તેની ત્વચા કરચલી વિનાની અને દૃઢ લાગતી હતી. સૂતી વખતે તેનું મોઢું ખુલ્લું રહેતું હતું એટલે તેનું બાળક જેવું મુખ વધારે નિર્દોષ લાગતું હતું.

શું આ માણસ જ મને મારા ભાગ્યની દિશામાં દોરી જશે ? મારા કાકા કહેતા હતા એવું જ મારા ભાગ્યમાં લખાયેલું છે ?

'તારા ભાગ્યમાં આ વિશાળ પર્વતોથી પણ વધારે મોટાં કામ કરવાનું લખાયું છે. જોકે એમ કરવા માટે તારે આ વિશાળ પર્વતો તો ઓળંગવા જ પડશે.'

હું એટલા સારા ભાગ્યનો અધિકારી છું ખરો ? મારા લોકો મારા માટે પહેલા આવે. શું એ લોકો મેલુહામાં ખુશ રહી શકશે ?

શિવ સૂતેલા નંદીને તાકી રહ્યા હતા, એ જ સમયે તેમને શંખનાદ સંભળાયો.

પક્રાતિઓ !

'સાવધાન !' શિવે બૂમ પાડીને પોતાની તલવાર ખેંચી કાઢી.

ક્ષણાર્ધમાં નંદી ઊભો થઈ ગયો અને બાજુમાં રાખેલા તેના રૂંવાદાર ઉપવસ્ત્રમાં છુપાવેલી તલવાર કાઢીને સાવધાન થઈ ગયો. તે લોકો મુખ્ય દ્વારની દિશામાં દોડ્યા. તેમણે જે નિયમો બનાવ્યા હતા તે કોઈને યાદ અપાવવાની આવશ્યકતા નહોતી. બાળકો લઈને સ્ત્રીઓ કબીલાની મધ્યમાં જવા માટે દોડવા માંડી. પુરુષે તલવારો ખેંચીને તેમની વિરુદ્ધ દિશામાં જવા લાગ્યા.

'ભદ્ર ! સરોવર પાસેના સૈનિકો !' મુખ્ય દ્વાર પાસે પહોંચતાં જ શિવે બૂમ પાડી.

ભદ્રએ શિવની આજ્ઞા સરોવર કિનારે પહોંચાડી અને ગણ જાતિના સૈનિકોએ ત્વરાથી તેનો અમલ પણ કર્યો. જોકે મેલુહાના સૈનિકોએ પણ પોતાનાં વસ્ત્રો નીચે છુપાવેલાં શસ્ત્રો બહાર કાઢ્યાં અને એ લોકો પણ લડવા માટે કબીલાની દિશામાં દોડ્યા એ જોઇને બધાને અત્યંત આશ્ચર્ય થયું. પક્રાતિઓ તો થોડીક ક્ષણોમાં જ આક્રમણ કરવા આવી પહોંચ્યા હતા.

પક્રાતિઓએ આ અણધાર્યા આક્રમણનું આયોજન બહુ સારી રીતે કર્યું હોય એમ લાગતું હતું. સંધ્યા સમયે જ ગણ જાતિના સૈનિકો થોડોક સમય કાઢીને યુદ્ધ વિનાનો દિવસ પસાર થવા માટે તેમના ભગવાનનો આભાર માનતા હતા. એ જ સમયે સ્ત્રીઓ પણ સરોવરકિનારે પોતાનાં નાનાં-મોટાં કામ પતાવતી હતી. આ એવો સમય હતો જ્યારે ગણ જાતિના લોકો ભયાનક યોદ્ધાનો કબીલો મટી જઈને થોડો સમય પૂરતા અન્ય પર્વતીય કબીલાના લોકો જેવા બની રહેતા જે આ ભયાનક ધરતી પર ટકી રહેવા માટે સંઘર્ષમય જીવન વીતાવતા.

જોકે ભાગ્ય તો આ સમયે પણ પક્રાતિઓની વિરુદ્ધ જ હતું. વિદેશીઓની ઉપસ્થિતિને કારણે શિવગણોને સચેત રહેવાની આજ્ઞા તો આપી જ રાખી હતી. એટલે તેમને પક્રાતિઓના આગમનની સમયસર ચેતવણી મળી રહી અને પક્રાતિઓના આક્રમણમાં આશ્ચર્યનું તત્ત્વ રહ્યું નહીં. મેલુહાના સૈનિકોની ઉપસ્થિતિ નિર્ણાયક પણ બની રહી હતી કારણ કે આ ટૂંકા પરંતુ ઘાતકી યુદ્ધનું પાસું તેમણે ગણોના પક્ષે પલટાવી દીધું હતું. પક્રાતિઓએ પરાજય સ્વીકારીને પાછા ભાગવું પડ્યું હતું.

યુદ્ધના અંતે લોહીથી ખરડાયેલા અને ઘાયલ થયેલા શિવ નુકસાનનું અનુમાન લગાવી રહ્યા હતા. બે ગણ સૈનિકો આ યુદ્ધમાં હોમાઈ ગયા હતા. તેમને આ કબીલાના શહીદો તરીકે સન્માનવામાં આવશે. જોકે ગણ કબીલાની ઓછામાં ઓછી દસ સ્ત્રીઓ અને બાળકોને મોડી ચેતવણી મળી હતી અને તેમના વિચ્છેદિત દેહ સરોવરકિનારે જ વિખરાયેલા પડ્યા હતા. બહુ વધારે નુકસાન થયું હતું.

હરામજાદાઓ *!* જ્યારે અમને હરાવી નથી શકતા ત્યારે એ લોકો સ્ત્રીઓ અને બાળકોને વાઢી નાખે છે *!*

ક્રુદ્ધ શિવે બધા લોકોને કબીલાની મધ્યમાં ભેગા કર્યા. તેમણે નિર્ણય લઈ લીધો હતો.

‘આ ધરતી માત્ર જંગલી લોકો માટે જ છે ! આપણે નિરર્થક લડાઈ કરતા આવ્યા છીએ અને આનો કોઈ જ અંત દેખાતો નથી. તમે બધા જાણો જ છો કે મારા કાકાએ શાંતિ સ્થાપવાનો પ્રયત્ન કર્યો હતો. આ સરોવરના એક કાંઠે તેમને આવવાની મંજૂરી આપવાનો પણ પ્રસ્તાવ મૂક્યો હતો. પણ આ નકામા લોકો આપણી આ શાંતિ સ્થાપવાની ઇચ્છાને આપણી નબળાઈ સમજી બેઠા અને પછી શું થયું હતું એ તો બધા જ જાણે છે !’

આમ તો ગણ લોકો કાયમ ચાલતી રહેતી આ લડાઈના ઘાતકીપણાથી ટેવાઈ ગયા હતા પણ સ્ત્રીઓ અને બાળકો પર જે અતિશય ક્રૂર રીતે આક્રમણ થયું હતું, તેનાથી તો એ લોકો પણ ડઘાઈ ગયા હતા.

‘હું તમારા બધાથી કંઈ જ છુપાવતો નથી. આ વિદેશીઓએ આપણને જે આમંત્રણ આપ્યું છે, એ વિશે બધા જાણો જ છો.’ શિવે નંદી અને અન્ય મેલુહાવાસીઓ તરફ આંગળી ચીંધીને કહ્યું, ‘આજે એ લોકો આપણી સાથે ખભે-ખભો મેળવીને લડ્યા છે. એ લોકો પર મને વિશ્વાસ બેઠો છે. હું એમની સાથે મેલુહા જવા માગું છું, પરંતુ આ નિર્ણય હું એકલો લઈ શકું નહીં.’

‘તું અમારો આગેવાન છે, શિવ.’ ભદ્રએ કહ્યું, ‘તારો નિર્ણય એ આપણો બધાનો નિર્ણય. એ જ તો આપણી પરંપરા છે.’

‘આ વખતે એ શક્ય નથી.’ શિવે પોતાના હાથ લંબાવીને કહ્યું, ‘આ નિર્ણયથી આપણા બધાનાં જીવન ધરમૂળથી બદલાઈ જશે. મને એમ લાગે છે કે આ પરિવર્તનથી સારું જ થશે. આપણે જે રોજ હિંસા જાવી-કરવી પડે છે એનાથી તો એ અવશ્ય સારું જ

હશે. હું શું કરવા ઇચ્છું છું, એ તો મેં તમને બધાને જણાવી દીધું. પણ જવું કે નહીં એ તમારે બધાએ ભેગા થઈને નક્કી કરવાનું છે. આજે બધા જ ગણો બોલશે અને હું તમને અનુસરીશ.'

ગણો પોતાની પરંપરા વિશે એકદમ સ્પષ્ટ જ હતા, પરંતુ તેમનું શિવ માટેનું સન્માન માત્ર એ પરંપરાનું જ પરિણામ નહોતું. તેઓ શિવના ચરિત્રને જ સન્માનતા હતા. પોતાની બુદ્ધિ અને અંગત શૌર્યથી જ શિવે ગણોને તેમના ઇતિહાસના સૌથી મોટા વિજયો અપાવ્યા હતા.

એટલે એ બધા એક સૂરે બોલી ઊઠ્યા. 'તમારો નિર્ણય એટલે અમારો નિર્ણય.'



શિવ પોતાનો કબીલો લઈને નીકળી પડ્યા તેને પાંચ દિવસ વીતી ગયા હતા. મેલુહાના માર્ગમાં પડતી એક મોટી ખીણમાં એક સુરક્ષિત જગ્યાએ એ કાફલાએ છાવણી નાખી હતી. જોકે એ છાવણી પણ શિવે ત્રણ સમાનકેન્દ્રી વર્તુળોના આકારે ગોઠવી હતી. સૌથી બહારના વર્તુળમાં યાક બાંધવામાં આવ્યા હતા જેથી કોઈ પણ ઘૂસણખોરીની તાત્કાલિક ચેતવણી મળી રહે. પછીના વર્તુળમાં પુરુષો ગોઠવાયા હતા જેથી તેઓ કોઈ પણ હુમલાનો પ્રતીકાર કરી શકે. અને સૌથી અંદરના વર્તુળમાં તાપણાની ફરતે સ્ત્રીઓ અને બાળકો હતાં. જેમનું નુકસાન વેઠી શકાય એમ હતું તે સૌથી બહાર, પછી રક્ષણ કરી શકે તેવા અને સૌથી અંદર જેમને રક્ષણની આવશ્યકતા હતી તેવા લોકો શિવે ગોઠવ્યા હતા.

શિવે ખરાબમાં ખરાબ પરિસ્થિતિની તૈયારી કરી રાખી હતી. તેઓ એમ માનતા હતા કે ગમે ત્યારે અણધાર્યું આક્રમણ થઈ શકે તેમ હતું. આક્રમણકારો માત્ર યોગ્ય તકની જ પ્રતીક્ષા કરી રહ્યા હતા.

પસંદગીની જગ્યા અને સરોવરનો આગળનો ભાગ મળવાથી પક્રાતિઓ અવશ્ય ખુશ થયા હશે. જોકે શિવ જાણતા હતા કે પક્રાતિઓનો આગેવાન યાખ્ય તેમને શાંતિથી જીવવા દેવાનો નહોતો. શિવના ગણોને પરાસ્ત કરીને પોતે પક્રાતિઓ માટે આ જગ્યા જીત્યો છે એમ સાબિત કરીને યાખ્ય તેમના કબીલા માટે દંતકથારૂપ નાયક બની જવા ઇચ્છતો હતો. અને આવી જંગલી વિચારસરણી જ શિવને ગમતી નહોતી. એવા વાતાવરણમાં કદી પણ શાંતિ માટે આશા જન્મી શકે નહીં.

શિવને યુદ્ધનો શંખનાદ ગમતો અને એ પોતે યુદ્ધકળામાં નિપુણ પણ હતા, પરંતુ તે જાણતા હતા કે તેમની ધરતી પર લડાઈ રહેલાં યુદ્ધો નિરર્થક હતાં.

થોડેક દૂર સાવધાનીથી બેઠેલા ભદ્રની દિશામાં તેઓ ફર્યા. મેલુહાના પચીસ સૈનિકો બીજા વર્તુળની આસપાસ જ કમાન રચીને બેઠા હતા.

એ લોકોએ ગણ કબીલાને જ મેલુહામાં વસવાનું આમંત્રણ આપવા શા માટે પસંદ કર્યા હશે ? પક્રાતિઓને કેમ નહીં ?

થોડેક દૂર કોઈ આકૃતિ હલનચલન કરતી દેખાઈ એટલે શિવની વિચારશૃંખલા તૂટી. તેમણે આંખો ઝીણી કરીને જોયું પરંતુ બધું એકદમ શાંત જણાતું હતું. આવા વિસ્તારોમાં ઘણી વાર પ્રકાશની એવી માયાજાળ રચાતી કે માણસ ભ્રમમાં પડી જતો, એમ વિચારીને શિવ સાવધાનમાંથી વિશ્રામની મુદ્રામાં આવ્યા.

અને પુનઃ તેમને કોઈ આકૃતિ હલતી હોય એમ દેખાયું.

'સાવધાન !' શિવે બૂમ પાડી.

એ જ સમયે પચાસ પક્રાતિઓ ધસી આવ્યા અને ગણો તેમજ મેલુહાવાસીઓએ પોતાનાં શસ્ત્રો તેમની સામે ધર્યાં. કશું પણ વિચાર્યા વિના દોડી આવવાની મૂર્ખામી તેમને ભારે પડી, કારણ કે સૌ પ્રથમ તો તેમને ગભરાયેલાં પ્રાણીઓનો જ સામનો કરવો પડ્યો. યાક કૂદી કૂદીને લાતો મારવા માંડ્યા અને ઘણા પક્રાતિઓ તો આક્રમણ શરૂ થયાની થોડીક જ ક્ષણોમાં ઢળી પડ્યા. જોકે અમુક લોકો પહેલા વર્તુળના ઘેરામાંથી છટકીને અંદર જઈ શક્યા અને શસ્ત્રો ટકરાવાના અવાજ સંભળાવા લાગ્યા.

એક યુવાન, બિનઅનુભવી પક્રાતિ ભયાનક રીતે તલવાર વીંઝતો શિવ તરફ ધસી ગયો. શિવે એક ડગલું પાછળ ભરીને એ પ્રહાર ચૂકવ્યો અને પોતાની તલવારને સફાઈથી કમાનાકારે વીંઝીને એ પક્રાતિની છાતી પર સામાન્ય ચીરો પાડ્યો. એ યુવાન યોદ્ધાએ ગાળ ભાંડી અને વળતો પ્રહાર કર્યો પણ એમ કરવામાં તેની કમર ખુલ્લી પડી ગઈ. શિવને તો માત્ર એટલું જ જાઈતું હતું. તેમણે ઘાતકી રીતે એ જગ્યાએ તલવાર ઘુસાડી દીધી અને પોતાના શત્રુનાં આંતરડાં પણ વાઢી નાખ્યાં. પછી ત્વારાથી થોડા મરોડ સાથે તલવાર બહાર પણ ખેંચી કાઢી અને પક્રાતિને તેમણે ધીમા અને પીડાકારક મૃત્યુ માટે છોડી દીધો. અવળા ફરતા શિવે જાયું કે બીજો એક પક્રાતિ એક ગણ પર આક્રમણ કરવાની તૈયારીમાં જ હતો. શિવે ઊંચો કૂદકો મારીને હવામાં જ પક્રાતિના તલવાર પકડેલા હાથ પર આક્રમણ કર્યું અને તેનો હાથ વાઢી નાખ્યો.

દરમિયાન યુદ્ધકળામાં શિવ જેટલો જ કુશળ ભદ્ર પણ બંને હાથમાં એક એક તલવાર લઈને બે પક્રાતિઓ સાથે લડી રહ્યો હતો. તેની ખૂંધ તેને લડવામાં નહોતી નડી રહી કારણ કે તે કુશળતાથી પોતાના શરીરનું વજન આમથી તેમ ફેરવી શકતો હતો. તેણે તેની ડાબી બાજુ રહેલા પક્રાતિનું ડોકું વાઢીને તેને મરણને શરણ કર્યો. પછી જમણી બાજુ રહેલા સૈનિકના મુખ પર તલવાર વીંઝીને તેની એક આંખ ફોડી નાખી. એ સૈનિક નીચે પડ્યો એટલે ભદ્રએ પોતાના ડાબા હાથમાં રહેલી તલવાર વીંઝી ને તેના શત્રુની પીડાનો ત્વરાથી અંત આણ્યો.

મેલુહાના સૈનિકોના યુદ્ધની કથા તદ્દન અલગ જ હતી. એ બધા તો સઘન પ્રશિક્ષણ પામેલા યોદ્ધા હતા. જોકે એ લોકો ઘાતકી નહોતા. તેઓ લડાઈના નિયમોનું પાલન કરી રહ્યા હતા અને શક્ય હોય ત્યાં સુધી શત્રુની હત્યા કરવાનું ટાળી રહ્યા હતા.

પક્રાતિઓની સંખ્યા ઓછી હતી અને તેમના આગેવાનની ક્ષમતા પણ ઓછી હતી એટલે થોડીક વારમાં તો પક્રાતિઓ હારી ગયા. તેમાંના અડધા તો મૃત્યુ પામ્યા હતા અને અને બીજા અડધા ઘૂંટણિયે બેસીને દયાની ભીખ માંગી રહ્યા હતા. તેમાંનો એક હતો યાખ્ય. નંદીએ તેના ખભા પર ઊંડો ચીરો પાડ્યો હતો એટલે તે બરોબર તલવાર વીંઝી શક્યો નહોતો.

ભદ્ર પક્રાતિઓના આગેવાનની પાછળ ઊભો હતો અને તેની તલવાર યાખ્યના માથા પર તોળાઈ રહી હતી. 'શિવ, ત્વરિત અને સરળ મૃત્યુ આપું કે ધીમું અને પીડાકારક ?'

'સ્વામી !' શિવ કંઈક બોલે એ પહેલા તો નંદી જ વચ્ચે બોલી ઊઠ્યો.

શિવ એ મેલુહાવાસી તરફ ફર્યા.

'આ તો તદ્દન અયોગ્ય છે ! એ લોકો દયાની ભીખ માંગી રહ્યા છે ! તેમને મારવા એ યુદ્ધનીતિ વિરુદ્ધનું વર્તન ગણાશે.'

'તમે આ પક્રાતિઓને નથી જાણતા !' શિવે કહ્યું, 'એ લોકો ઘાતકી છે. તેમને કોઈ જ લાભ નહીં થવાનો હોય, તેમ છતાં એ લોકો આપણી પર આક્રમણ કરતા જ રહેશે. આ

બધાનો અંત આવવો જ જોઈએ, કાયમ માટે.'

'એ તો આવી જ જવાનો છે. તમે લોકો હવે અહીંયાં તો રહેવાના નથી. તમે બધા તો થોડા સમયમાં મેલુહા પહોંચી જશો.'

શિવ ચૂપચાપ ઊભા રહ્યા.

નંદીએ કહ્યું, 'એ અંત કેવો લાવવો છે એ તમારી ઉપર છે. એમની સાથે એમના જેવું જ વર્તન કરવું છે કે અલગ ?'

ભદ્ર શિવ સામે જાઈ રહ્યો હતો. તેમની આજ્ઞાની પ્રતીક્ષા કરી રહ્યો હતો.

'તમે પક્રાતિઓને દર્શાવી શકો છો કે તમે લોકો એમનાથી સારા છો.' નંદીએ કહ્યુ.

શિવ ક્ષિતિજ પર આવેલા ઉત્તુંગ પર્વતોને તાકી રહ્યા.

ભાગ્ય ? સારા જીવનની તક ?

ભદ્ર તરફ ફરીને શિવ બોલ્યા. 'એમને નિઃશસ્ત્ર કરી દો, તેમનો બધો જ પુરવઠો પણ જપ્ત કરી લો અને તેમને મુક્ત કરી દો.'

જો આ પક્રાતિઓ પોતાના કબીલા સુધી જઈને ફરી શસ્ત્રો લઈને અમારી પર આક્રમણ કરવા જેટલું ગાંડપણ દાખવશે, તો પણ અમે ત્યાં સુધીમાં તો જતા રહ્યા હોઈશું.

ભદ્ર આઘાત અનુભવતો શિવ સામે જાઈ રહ્યો. જોકે તેણે તરત જ શિવની આજ્ઞાનું પાલન કરવું શરૂ કરી દીધું.

નંદી શિવ સામે આશાભરી દૃષ્ટિથી જાઈ રહ્યો. તેના હૃદયમાં માત્ર એક જ વિચાર ગુંજી રહ્યો હતો. ' આ માણસનું હૃદય શુભ છે. એમનામાં સંભાવનાઓ દેખાય છે. હે ભગવાન, આ માણસ એ જ હોવા જોઈએ. હે ભગવાન રામ, આ માણસ એ જ હોવા જોઈએ જેની અમને પ્રતીક્ષા છે.'

જેને પોતાની તલવારથી વીંધ્યો હતો તે યુવાન પક્રાતિ પાસે શિવ ગયા. તેના આંતરડામાંથી લોહી બહાર ટપકી રહ્યું હતું, તેનું મુખ પીડાથી વિકૃત થઈ ગયું હતું અને તે ધરતી પર પડ્યો પડ્યો તરફડી રહ્યો હતો. પોતાના જીવનમાં પહેલી વાર શિવને કોઈ પક્રાતિની દયા આવી. તેમણે પોતાની તલવારથી એ યુવાનની પીડાનો અંત આણ્યો.



ચાર સપ્તાહ સુધી સળંગ પ્રવાસ કરીને આમંત્રિતોનો આ કાફલો કાશ્મીર ખીણના પાટનગર શ્રીનગરની સરહદે આવેલા છેલ્લા પર્વતની ટોચે પહોંચ્યો. નંદીએ પોતાના પરિપૂર્ણ વતનની ભવ્યતાની વાતો ઉત્તેજનાપૂર્વક કરે રાખી હતી. શિવે કોઈ એવા અદ્ભુત દૃશ્ય માટે પોતાની જાતને તૈયાર રાખી હતી જે તેના વતનમાં જાવા મળવું શક્ય નહોતું, પરંતુ તેમને જે દૃશ્ય જાવા મળ્યું તે તો એ બધાની કલ્પના બહારનું સૌંદર્ય હતું. એ જાણે સ્વર્ગ જ હોય, એમ લાગતું હતું. મેલુહા. શુદ્ધ જીવનની ભૂમિ !

પર્વત પરથી વાઘણની જેમ નીચે ઊતરતી જેલમ નદી શિથિલ ગાયની જેમ ધીમેથી ખીણમાં પ્રવેશતી હતી. કાશ્મીરની સ્વર્ગીય ધરતીને આલિંગતી એ નદી વાંકાચૂંકા માર્ગે દાલ સરોવરમાં ઠલવાતી હતી. જોકે એ નદી તેમાં સમાઈ જવાને બદલે બીજા કાંઠેથી સમુદ્રની દિશામાં આગળ વધતી હતી.

વિશાળ ખીણ લીલાછમ ઘાસથી ઢંકાયેલી હતી. તેની પર કોઈ અદ્ભુત ચિત્રકારે દોરેલા ચિત્રકાર જેવું કાશ્મીર ઊભું હતું. તમામ રંગનાં ફૂલોથી આચ્છાદિત એ ધરતીના તેજસ્વી રંગોની ભાત માત્ર ચિનાર વૃક્ષોથી જ તૂટતી હતી અને એ વૃક્ષો તેમનું ભવ્ય અને

ઉષ્માપૂર્ણ સ્વાગત કરવા ઊભા હોય એમ લાગતું હતું. શિવના કબીલાના લોકોના કાન તો હિમાચ્છાદિત પર્વતો પર ફૂંકાતા ઠંડા પવનના સુસવાટા સાંભળવા જ ટેવાયેલા હતા એટલે પંખીઓનો મધુર કલવર તેમને અત્યંત શાંતિદાયક લાગતો હતો.

'જો આ વિસ્તાર સરહદ હોય, તો બાકીનો પ્રદેશ કેવો અદ્‌ભુત હશે ?' આશ્ચર્યચકિત શિવે મનોમન વિચાર્યું.

દાલ સરોવરને કિનારે મેલુહાના સૈનિકોની એક પ્રાચીન છાવણી હતી. એ સરોવરની પશ્ચિમે, જેલમ નદીને કાંઠે ભવ્ય શ્રીનગર વસેલું હતું, જેનો શબ્દશઃ અર્થ થતો હતો 'આદરણીય નગર'.

જાણે સો ગાઉનું ક્ષેત્રફળ ધરાવતા કોઈ મોટા મંચ પર શ્રીનગર બનાવવામાં આવ્યું હોય, એમ લાગતું હતું. એ મંચ એટલે ઊંચી ધરતી, જે આસપાસની ધરતીથી લગભગ પાંચ હાથ જેટલી ઊંચી હતી. એ મંચની ઉપર શ્રીનગરનો કોટ હતો જે વીસ હાથ ઊંચો અને ચાર હાથ પહોળો હતો. ઊંચા મંચ જેવી જગ્યા પર જ આખું નગર બાંધવાની સરળ અને બુદ્ધિશાળી યુક્તિથી જ ગણો પ્રભાવિત થઈ ગયા. આક્રમણ કરી રહેલા કોઈ પણ શત્રુએ ઉપર આવવા માટે લડવું પડે અને કિલ્લાનો કોટ વટાવવો પડે. એ કોટ પણ પાછો અત્યંત મજબૂત હતો. ઊંચા મંચને કારણે એક બીજો લાભ પણ થતો હતો. તેના કારણે નગરનું પૂરમાં અસરકારક રક્ષણ થતું હતું. આ વિસ્તારમાં પૂર તો વારંવાર આવતાં રહેતાં હતાં. કિલ્લાની અંદર વસેલા નગરને એકબીજાને કાટખૂણે કાપતા રસ્તાઓની મદદથી વિવિધ વિભાગોમાં વહેંચી દેવામાં આવ્યું હતું. તેમાં વ્યવસ્થિત રીતે બાંધવામાં આવેલાં બજાર, મંદિરો, ઉદ્યાનો, સભાગૃહો અને વ્યવહારદક્ષ નગરજીવન માટે આવશ્યક તમામ સુવિધાઓનું નિર્માણ કરવામાં આવ્યું હતું. બહારથી બધાં જ ઘર એકથી વધુ માળ ધરાવતા એકસમાન સાદા ઘર જેવાં જ લાગતાં હતાં. ધનવાનોના આવાસો સામાન્ય લોકોના આવાસોથી માત્ર તેમના કદના કારણે જ અલગ પડતા હતા.

કશ્મીરની ખીણના રંગબેરંગી સાંદર્યની સાપેક્ષે શ્રીનગરમાં તો માત્ર ભૂખરો, વાદળી અને શ્વેત રંગનો જ ઉપયોગ થયેલો દેખાતો હતો. આખું નગર સ્વચ્છતા, વ્યવસ્થા અને ધીરતાનું આદર્શ ચિત્ર રજૂ કરતું હતું. શ્રીનગરમાં લગભગ વીસ હજાર લોકો વસતા હતા. અને હવે કૈલાસ પર્વત પરથી બીજા બસો જણા આવી પહોંચ્યા હતા. તેમના આગેવાન શિવને ઘણાં વર્ષો પહેલાંના પેલા ભયાનક દિવસ પછી આજે પહેલી વાર શાંતિનો અનુભવ થઈ રહ્યો હતો.

હું બહાર નીકળી ગયો છું. હવે હું નવો પ્રારંભ કરી શકીશ. હું ભૂતકાળ ભૂલી શકીશ.



શ્રીનગરની બહાર બનાવવામાં આવેલી છાવણી સુધી મુલાકાતીઓનો કાફલો પહોંચ્યો. નગરની દક્ષિણે આવેલા એક અલાયદા મંચ પર એ છાવણી બનાવવામાં આવી હતી. છાવણીની બહાર જ આવેલા વિદેશીઓ માટેના કાર્યાલયમાં નંદી શિવ અને તેના કબીલાના લોકોને લઈ ગયો. શિવને બહાર પ્રતીક્ષા કરવાની વિનંતી કરીને નંદી કાર્યાલયની અંદર ગયો. થોડી વારમાં જ તે એક યુવાન અધિકારી સાથે તેમાંથી બહાર આવ્યો. અધિકારીએ વ્યવસાયિક સ્મિત આપીને હાથ જોડીને નમસ્તે કર્યાં. 'મેલુહામાં આપનું સ્વાગત છે. હું ચિત્રાંગદ. હું તમારો અનુસ્થાપન સહાયક બની રહીશ. તમે અહીંયાં હોવ, તે

સમયગાળામાં કોઈ પણ બાબત માટે આપ સૌએ મારો સંપર્ક કરવાનો છે, એમ માનવું. હું માનું છું કે આપ સૌના આગેવાનનું નામ શિવ છે. શું તેઓ આગળ આવશે ?'

શિવે એક ડગલું આગળ વધીને કહ્યું, 'હું શિવ.'

'સરસ.' ચિત્રાંગદે કહ્યું, 'કૃપા કરીને આપ મારી સાથે નોંધણી વિભાગ સુધી આવશો ? આ સમગ્ર કબીલાના રખેવાળ તરીકે આપનું નામ નોંધવામાં આવશે. આખા કબીલાને લગતી કોઈ પણ વાત આપના માધ્યમથી તેમને પહોંચાડી શકાય એટલે. અને તમે એ કબીલાના આગેવાન હોવાથી, આપ સૌને આપવામાં આવેલી તમામ સૂચનાઓના પાલનનું ઉત્તરદાયિત્વ આપનું રહેશે.'

ચિત્રાંગદના આધિકારિક ભાષણની વચ્ચે જ નંદી બોલી ઊઠ્યો, 'પ્રભુ, મને જો પરવાનગી આપો, તો હું મુલાકાતીઓ માટેની છાવણીમાં જઈને આપના કબીલાના લોકોના ઉતારાનો અસ્થાયી પ્રબંધ કરવા લાગું.'

નંદીની આ ખલેલને કારણે ચિત્રાંગદના મુખ પર હંમેશાં રમતું સ્મિત ક્ષણાર્ધ પૂરતું અદૃશ્ય થઈ ગયું હતું તે શિવે નોંધ્યું. જોકે તેણે ત્વરાથી પોતાની જાતને સંભાળી લીધી અને તેના મુખ પર સ્મિત પાછું આવી ગયું. શિવે નંદી સામે જાયું.

'તું અવશ્ય જઈ શકે છે, નંદી. તારે મારી કોઈ પણ પરવાનગી લેવાની આવશ્યકતા નથી.' શિવે કહ્યું, 'પરંતુ તારે મને એક વચન આપવું પડશે, મારા મિત્ર.'

'આપ કહો તેમ, પ્રભુ.' નંદીને નમીને વંદન કરતાં કહ્યું.

'મને શિવ કહેવાનું, પ્રભુ નહીં.' શિવે સસ્મિત કહ્યું, 'હું તારો મિત્ર છું, પ્રમુખ નહીં.'

આશ્ચર્યચકિત નંદીએ ઉપર જાયું અને પુનઃ વંદન કરીને કહ્યું, 'હા, પ્રભુ. ઓહ, હા, શિવ.'

પછી શિવે ચિત્રાંગદ સામે જાયું. કોઈક કારણસર ચિત્રાંગદનું સ્મિત હવે સાચું લાગતું હતું. તેણે કહ્યું, 'શિવ, જો આપ મારી સાથે નોંધણી કાર્યાલયમાં આવશો તો આપણે એકદમ ત્વરાથી બધો શિષ્ટાચાર પતાવી દઈશું.'



શિવનો કબીલો જ્યારે મુલાકાતીઓની છાવણીના રહેણાંક વિભાગમાં પહોંચ્યો ત્યારે તેના મુખ્ય પ્રવેશદ્વાર પાસે નંદી તેમની પ્રતીક્ષા કરતો ઊભો હતો. એ બધાને અંદર લઈ ગયો. છાવણીની અંદરના માર્ગો પણ શ્રીનગરની જેમ જ બનાવવામાં આવ્યા હતા. એ માર્ગો પણ ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમ દિશામાં એકબીજાને કાટખૂણે કાપતા જ બનાવવામાં આવ્યા હતા. તેના કાળજીપૂર્વક બનાવવામાં આવેલા પદયાત્રીઓ માટેના માર્ગો શિવના ગામના ધૂળિયા માર્ગની સરખામણીએ તદ્દન અલગ લાગતા હતા. શિવે જોકે એ માર્ગોની એક ખાસિયત નોંધી.

'નંદી, આ માર્ગની મધ્યમાં જે અલગ રંગના પથ્થરો નાખવામાં આવ્યા છે, એ કઈ દિશામાં જાય છે ?' શિવે પૂછ્યું.

'એ જમીનની અંદર ખોદેલી નાળીઓને ઢાંકે છે, શિવ. આ છાવણીમાં ઉત્પન્ન થતું બધું જ ગંદું પાણી એ નાળી વાટે જ બહાર જાય છે. એના કારણે આ છાવણી સ્વસ્થ અને આરોગ્યપ્રદ રહી શકે છે.'

મેલુહાવાસીઓનાં સચોટ આયોજનો માટેના આગ્રહથી શિવ આશ્ચર્ય અનુભવી રહ્યા.

ગણો તેમને ફાળવવામાં આવેલી એક વિશાળ ઇમારત પાસે પહોંચ્યા. તેમના પ્રમુખે

મેલુહા આવવાનો જે નિર્ણય લીધો હતો તે બદલ તેમણે મનોમન હજારમી વાર પ્રમુખનો આભાર માન્યો. ત્રણ માળની ઇમારતમાં દરેક કુટુંબના નિવાસ માટે અલગ અલગ કક્ષ ફાળવવામાં આવ્યા હતા. દરેક કક્ષમાં વૈભવી રાચરચીલું હતું અને દીવાલ પર તાંબાની એ ચકચકિત તકતી પણ લગાવવામાં આવેલી હતી જેમાં માણસ પોતાનું પ્રતિબિંબ જોઈ શકે. દરેક કક્ષમાં સ્વચ્છ સુતરાઉ ચાદરો, રૂમાલ અને વસ્ત્રો પણ હતાં. એક વસ્ત્રને અડીને શિવે પૂછ્યું, 'આ કાપડ શેમાંથી બનાવવામાં આવ્યું છે ?'

ચિત્રાંગદે ઉત્સાહપૂર્વક ઉત્તર આપ્યો, 'એ સૂતરમાંથી બનાવવામાં આવ્યું છે, શિવ. એના છોડ અમારી ધરતીમાં જ ઉગાડવામાં આવે છે અને તેમાંથી જ તમે જે કાપડ પકડ્યું છે, તે બનાવવામાં આવે છે.'

દરેક દીવાલ પર પહોળું વાતાયન હતું જેથી સૂર્યપ્રકાશ અને ઉષ્મા અંદર પ્રવેશી શકે. દરેક દીવાલમાં ખાંચા પાડેલા હતા જેમાં ધાતુના પોલા સળિયા ગોઠવવામાં આવ્યા હતા. તેમાંથી જે જ્યોત પ્રગટતી તેનું નિયમન કરી શકાતું અને આવશ્યકતા મુજબ પ્રકાશ મેળવી શકાતો. દરેક કક્ષમાં એક સ્નાનકક્ષ પણ બનાવવામાં આવ્યો હતો. સ્નાનકક્ષની ભોંય એવા ચોક્કસ ઢાળ સાથે બનાવવામાં આવી હતી કે તેમાં પડતું બધું જ પાણી ખૂણામાં બનાવવામાં આવેલા એક ખાડામાં જ ભેગું થતું. એ વિચિત્ર વ્યવસ્થાનો હેતુ કબીલાવાસીઓ સમજી શક્યા નહીં. સ્નાનકક્ષની એક દીવાલ પર એવું કોઈ વિચિત્ર સાધન લગાવેલું હતું જે ફેરવતાં તેમાંથી પાણી વહેવા માંડતું હતું.

'ચમત્કાર !' ભદ્રની માતા ધીમેથી બોલી.

ઇમારતના મુખ્ય પ્રવેશદ્વાર સાથે જ એક મકાન જોડાયેલું લાગતું હતું. એક વૈદ્ય અને તેની પરિચારિકા તે મકાનમાંથી બહાર આવ્યાં અને તેમણે શિવનું અભિવાદન કર્યું. એક નાનકડી, ઘઉંવર્ણી સ્ત્રી વૈદ્ય સ્વરૂપે આવી હતી અને તેણે એકદમ સાદા, શ્વેત વસ્ત્રને પોતાની કમર અને પગ પર એવી વિશેષ રીતે પહેર્યું હતું જેને મેલુહાવાસીઓ ધોતી કહેતા હતા. એવું એક નાનકડું કપડું તેની છાતી ફરતે કંચુકીની જેમ વીંટળાયેલું હતું જ્યારે અંગવસ્ત્ર તરીકે ઓળખાતું એક બીજું કપડું તેના ખભા પર મૂકેલું હતું. તેના કપાળની મધ્યમાં એક શ્વેત ટપકું હતું. માથાના પાછળના ભાગમાં રહેલી કાળી ચોટી સિવાય બધે જ મુંડન કરવામાં આવ્યું હતું. તેના ડાબા ખભાથી શરૂ થઈને ધડ પર થઈને કમરના જમણા ભાગેથી પાછળ જતી જનોઈ નામની જાડી દોરી પણ તેણે ધારણ કરેલી હતી.

તેને જોઇને નંદીને સાચે જ આશ્ચર્ય થયું હતું. પૂજ્યભાવે વંદન કરીને તે બોલ્યો, 'દેવી આયુર્વતી ! આપના જેવાં મોટા વૈદ્ય અહીંયાં પધારશે એવી મેં આશા નહોતી કરી.'

આયુર્વતીએ નંદી સામે જોઇને વિનમ્ર સ્મિત અને વંદન કર્યાં. 'હું તો લોકો વચ્ચે જઈને કામનો અનુભવ લેવામાં જ પાક્કો વિશ્વાસ ધરાવું છું, કપ્તાન. મારી ટુકડી તો એ જ રીતે કામ કરે છે. જોકે, મને ક્ષમા કરજો, હું આપને ઓળખી શકી નથી. શું આપણે પહેલા ક્યાંય મળ્યાં છીએ ?'

'મારું નામ છે કપ્તાન નંદી, દેવી.' નંદીએ કહ્યું, 'આપણે ક્યારેય નથી મળ્યાં પરંતુ આપને તો કોણ નહીં ઓળખતું હોય ? આપ તો આ ભૂમિના મહાનતમ વૈદ્ય છો.'

'આભાર, કપ્તાન નંદી.' આયુર્વતી સંકોચ અનુભવતી બોલી, 'પરંતુ મને લાગે છે કે તમે જરા વધારે જ પ્રશસ્તિ કરી નાખી. એવા ઘણા વૈદ્યો છે જેમનું જ્ઞાન અને અનુભવ મારા કરતાં પણ ઘણાં વધારે છે.' પછી શિવની દિશામાં ફરીને તે બોલી, 'મેલુહામાં આપનું સ્વાગત છે. હું આયુર્વતી, આપ સૌ માટે ફાળવવામાં આવેલી વૈદ્ય. આ છાવણીમાં તમે લોકો રહેશો ત્યાં સુધી હું અને મારી પરિચારિકાઓ આપની સેવામાં રહીશું.'

શિવે કોઈ પ્રતિભાવ આપ્યો નહીં એટલે ચિત્રાંગદે ઉત્સાહપૂર્વક કહ્યું, 'આ તો અસ્થાયી છાવણી છે, શિવ. તમારા કબીલાને જે કાયમી ઘર ફાળવવામાં આવશે એ તો અત્યંત આરામદાયક હશે. તમારે બધાએ તો અહીંયાં માત્ર સાતેક દિવસ જ રહેવાનું છે, સાવચેતી માટે.'

'અરે ના, મારા મિત્ર ! અમને ફાળવવામાં આવેલા કક્ષ પણ અત્યંત આરામદાયક જ છે. અમારી કલ્પનામાં આવે એનાથી બધી રીતે એ વધારે સુખ-સુવિધા ધરાવે છે. શું કહો છો, માસી ?' કહીને શિવે ભદ્રની માતા સામે સ્મિત કર્યું અને પછી ચિત્રાંગદ સામે જોઇને આંખો પહોળી કરીને પૂછ્યું, 'પણ અહીંયાં અમારે સાત દિવસ સુધી શેની સાવચેતી માટે રહેવાનું છે ?'

નંદીએ વચ્ચે જ કહ્યું, 'શિવ, મેલુહામાં ભાગ્યે જ કોઈ રોગ ઉત્પન્ન થાય છે, પરંતુ ક્યારેક એમ બને છે કે બહારથી કોઈ નવો રોગ લઈને આવ્યું હોય, તો સાત દિવસ તેમને અહીંયાં રાખવામાં આવે તે સમયગાળામાં વૈદ્ય સતત તેમનું નિરીક્ષણ કરતા રહે છે અને કોઈ પણ પ્રકારના રોગ હોય, તો તેને દૂર કરવામાં આવે છે.'

'અને તમારે જે નિયમોનું પાલન કરવાનું છે, તેમાંનો એક નિયમ છે સ્વચ્છતાનાં ધોરણો જાળવવાનો કે જેથી તમામ પ્રકારના રોગચાળાનું નિયંત્રણ થઈ શકે છે.' આયુર્વતીએ કહ્યું.

શિવે સ્મિત કરીને હળવેથી નંદીને કહ્યું, 'સ્વચ્છતાનાં ધોરણો ?'

નંદીના મુખ પર ક્ષમાયાચનાના ભાવ આવી ગયા અને એ હાથથી સહમત થવાનું સૂચવી રહ્યો હોય, એમ દેખાતું હતું. તેણે પણ ધીમેથી ઉત્તર આપ્યો, 'આટલું માની જાવ, શિવ. મેલુહામાં જે અમુક વાતો માનવી જ પડે છે, તેમાંની એક વાત આ છે. દેવી આયુર્વતીને આ ભૂમિની શ્રેષ્ઠ વૈદ્ય માનવામાં આવે છે.'

'જો અત્યારે આપની પાસે સમય હોય, તો હું આપને અત્યારે જ સૂચનાઓ આપી શકીશ.' આયુર્વતીએ કહ્યું.

'અત્યારે તો મારી પાસે સમય જ સમય છે.' શિવે કહ્યું, 'પણ પછીથી કોને ખબર ?'

ભદ્ર ધીમેથી હસ્યો અને આયુર્વતી શિવ સામે ભાવવિહીન મુખ રાખીને જાઈ રહી. તેને આમાં હસવા જેવું કંઇ લાગ્યું નહોતું.

'ભવિષ્યની તો મને પણ ખબર નથી.' આયુર્વતીએ ઠંડકથી કહ્યું, 'પરંતુ અત્યારે જરા પણ મોડું કર્યા વિના આપણે સ્નાનવિધિની વાતથી શરૂ કરીએ.'

પછી આયુર્વતી 'આ અસભ્ય મુલાકાતીઓ…' એવું કંઈક બબડતી અંદર પ્રવેશી.

શિવે પોતાની ભમરો ઊંચી કરીને ભદ્ર સામે જાયું ત્યારે તેમના મુખ પર તોફાની સ્મિત હતું.



સાંજે ગણોએ પેટ ભરીને જમી લીધું એ પછી તે બધાને તેમના કક્ષમાં જ કોઈ વૈદકીય પીણું આપવામાં આવ્યું.

'થૂ !' ભદ્રએ મોઢું વિકૃત કરીને કહ્યું, 'આનો સ્વાદ તો યાકના મૂત્ર જેવો લાગે છે.'

'યાકના મૂત્રનો સ્વાદ તું ક્યાંથી જાણે ?' કહીને શિવે પોતાના મિત્રની પીઠ પર ધબ્બો માર્યો અને ખડખડાટ હસવા માંડ્યા, 'હવે તારા કક્ષમાં જા. મારે આરામ કરવો છે.'

'તેં શય્યા જાઈ ? મને તો એમ લાગે છે કે આજે મને મારા જીવનની શ્રેષ્ઠ ઊંઘ

આવશે !'

'એ મેં જોઈ જ છે.' શિવે સસ્મિત કહ્યું, 'અને હવે મારે તેનો અનુભવ કરવો છે. બહાર નીકળ હવે !'

ભદ્ર જોરથી હસતો હસતો શિવના કક્ષની બહાર નીકળ્યો. અને આવી પોચી શય્યા જોઇને ઉત્તેજિત થઈ જનારો કંઈ તે એકલો નહોતો. આખો કબીલો પોત-પોતાના કક્ષમાં પોતાના જીવનની શ્રેષ્ઠ નિંદ્રા માણવા દોડી ગયો હતો. તે બધાને આશ્ચર્યજનક અનુભવ જ થવાનો હતો.



શિવ પોતાની શય્યામાં સતત પડખાં બદલી રહ્યા હતા. તેમણે કેસરી રંગની ધોતી પહેરી હતી. સ્વચ્છતાના માપદંડોનું પાલન કરવા માટે વ્યાઘ્રચર્મ ધોવા માટે લઈ જવામાં આવ્યું હતું. તેમનું સુતરાઉ અંગવસ્ત્ર દીવાલ પાસેની એક નીચી બેઠક પર પડ્યું હતું. શય્યાની બાજુના મેજ પર અડધી વપરાયેલી ચલમ ત્યજાયેલી પડી હતી.

આ પથારી વધારે પડતી જ મુલાયમ છે. તેની પર ઊંઘ આવવી અસંભવ છે !

શિવે ગાદલા પર પાથરેલી ચાદર ખેંચીને જમીન પર પાથરી અને તેની પર સૂતા. હવે તેમને કંઈક ઠીક લાગી રહ્યું હતું. ધીમે ધીમે ઊંઘ તેમની પર સવાર થઈ રહી હતી. જોકે ઘરમાં જેવી ગાઢ ઊંઘ આવતી હતી, તેવી ઊંઘ તો ન આવી. તેમને પોતાની ઝૂંપડીની ઠંડી ભોંય યાદ આવી ગઈ. કૈલાશ પર્વત પરથી ફૂંકાતો ઠંડો પવન ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં ગમે ત્યાંથી અંદર ઘૂસી જતો હતો, તે પણ તેમને યાદ આવ્યું. તેમને પોતાના વ્યાઘ્રચર્મની પરિચિત ગંધ પણ યાદ આવી ગઈ. અત્યારના સંજાગો નિઃશંક એકદમ આરામદાયક હતા પરંતુ એ અજાણ્યા હતા.

હંમેશની જેમ શિવના અંતરે જ તેમને સત્યદર્શન કરાવ્યું. ' આ કક્ષનો કોઈ જ વાંક નથી. તારો પોતાનો જ છે.'

એ પછી શિવને ખ્યાલ આવ્યો કે તેમને પરસેવો થઈ રહ્યો હતો. બહાર ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હતો તેમ છતાં તેમને પરસેવો વળી રહ્યો હતો. આ કક્ષ ધીમે-ધીમે ગોળ ફરી રહ્યો હોય, તેમ તેમને અનુભવાઈ રહ્યું હતું. તેમને એમ લાગી રહ્યું હતું કે તેમનું શરીર તેમનાથી અલગ થવા મથી રહ્યું હતું. તેમના જમણા પગના અંગૂઠે હિમદંશ લાગેલો હતો. અત્યારે એ જગ્યા પર આગ લાગી હોય, તેવી બળતરા થઈ રહી હતી. યુદ્ધમાં ઘવાયેલો તેમનો ડાબો ગોઠણ અત્યારે ખેંચાઈ રહ્યો હોય, તેમ તેમને લાગી રહ્યું હતું. તેમના થાકેલા અને દુખતા સ્નાયુઓને કોઈ નવેસરથી આકાર આપી રહ્યું હોય, તેમ લાગી રહ્યું હતું. ભૂતકાળમાં ક્યારેક તેમના ખભાનું હાડકું ખસી ગયું હતું અને પછી કદી પણ તેની યોગ્ય જગ્યાએ ગોઠવાયું નહોતું. અત્યારે એ સ્નાયુને ખસેડીને પોતાની મૂળ જગ્યાએ ગોઠવાઈ રહ્યું હોય, એમ તેમને લાગી રહ્યું હતું. અને સ્નાયુઓ પણ હાડકાને પોતાનું કામ કરવા દેવા માટે ખસી ગયા હોય, તેમ અનુભવાતું હતું.

શ્વાસ લેવા માટે પણ પ્રયત્ન કરવો પડતો હતો. પોતાનાં ફેફસાંને મદદ કરવા માટે તેમણે પોતાનું મોઢું ખોલવું પડ્યું. જોકે શરીરને પૂરતી હવા મળી રહી હોય એમ લાગતું નહોતું. શિવે પોતાનું સઘળું મનોબળ વાપરીને પોતાનું મોઢું શક્ય એટલું પહોળું કર્યું અને ફેફસાંમાં ભરી શકાય એટલી હવા ભરવાનો પ્રયત્ન કર્યો. બારી પાસે રહેલો પડદો હવાની લહેરખીમાં ફરફર્યો. હવાની લહેરખીના કારણે શિવના શરીરને થોડીક રાહત થઈ. અને

પાછો તેમના શરીરમાં સંઘર્ષ શરૂ થયો. તેઓ મનોબળ વાપરીને પોતાના વલખાં મારી રહેલા શરીરથી શક્ય એટલા ઊંડા શ્વાસ લેવા લાગ્યા.

અચાનક ટકોરા પડ્યા.

દરવાજા પર થયેલા હળવા ટકોરાને કારણે શિવ સચેત બની ગયા હતા. એકાદ ક્ષણ પૂરતું તો તેમને ખ્યાલ જ ન આવ્યો કે એ ક્યાં છે. હજુ તેઓ શ્વાસ માટે વલખાં મારી રહ્યા હતા ! તેમના ખભામાં એક વાર આંચકો વાગ્યો પણ તેમને જે કાયમી દુખાવો હતો, તે અદૃશ્ય થઈ ગયો હતો. પછી તેમણે પોતાના ગોઠણ સામે જોયું. ત્યાંથી પણ દુખાવો અદૃશ્ય થઈ ગયો હતો. ત્યાં પડેલા ઘાવની નિશાની પણ અદૃશ્ય થઈ ગઈ હતી. તે હજુ પણ ઊંડા શ્વાસ લઈ રહ્યા હતા. પછી તેમણે પોતાના જમણા પગના અંગૂઠાને જોયો. એ અત્યારે આખો અને સાજા થઈ ગયેલો દેખાયો. એને ચકાસવા તેઓ નીચે વળ્યા. ઘણાં વર્ષો પછી તેમનો અંગૂઠો હલ્યો એ વખતે એ કક્ષમાં કડેડાટી અવશ્ય સંભળાઈ હતી. એ હજુ પણ ઊંડા શ્વાસ લઈ રહ્યા હતા. તેમના ગળામાં અપરિચિત ઠંડક પ્રસરી ગઈ હતી. ભયાનક ઠંડક.

ફરી વાર ટકોરા પડ્યા. આ વખતે ટકોરા મારનારાની અધીરાઈ વધી ગઈ હોય એમ જણાતું હતું.

આશ્ચર્યચકિત શિવ માંડ માંડ ઊભા થયા, પોતાના ગળા ફરતે અંગવસ્ત્ર લપેટ્યું જેથી ત્યાં ઠંડી ઓછી લાગે અને તેમણે દરવાજો ખોલ્યો. ગાઢ અંધકાર હોવા છતાં તેમને ભદ્ર ઓળખાઈ ગયો. ભદ્રના અવાજમાં ભય હતો, ‘શિવ, આટલી મોડી રાત્રે તને ખલેલ પહોંચાડવા માટે ક્ષમા માગું છું પણ મારી માને અચાનક જ ભયંકર તાવ આવવા માંડ્યો છે. મારે શું કરવું જોઈએ ?’

ભદ્રના કપાળનો સ્પર્શ કરવાની શિવને સ્ફુરણા થઈ આવી. ‘તને પણ તાવ આવેલો છે ભદ્ર. તારા કક્ષમાં જા. હું વૈદ્યને બોલાવી લાવું છું.’

શિવ પરસાળમાં પગથિયાંની દિશામાં દોડી રહ્યા હતા એ સમયે ઘણા કક્ષના દરવાજા તેમણે ખૂલતા જોયા. બધેથી એક જ પ્રકારનો સંદેશ મળી રહ્યો હતો, ‘અચાનક તાવ ! સહાય !’

શિવ પગથિયાં ઊતરીને મુખ્ય દ્વાર પાસે બનેલા એ મકાનની દિશામાં ધસી ગયા જ્યાં વૈદ્ય મળી રહેશે, એમ તેમને જણાવવામાં આવ્યું હતું. તેમણે એ મકાનનાં દ્વાર જોરથી ખખડાવ્યાં. જાણે તેની જ પ્રતીક્ષા કરી રહી હોય, તેમ આયુર્વતીએ ત્વરાથી દરવાજો ખોલ્યો. શિવ એકદમ શાંતિથી બોલ્યા, ‘એમ લાગે છે કે અચાનક મારો આખો કબીલો માંદો પડી ગયો છે. ત્વરાથી આવો. એમને સહાયની આવશ્યકતા છે.’

આયુર્વતીએ શિવના કપાળનો સ્પર્શ કર્યો, ‘આપને તાવ નથી આવ્યો ?’

શિવે માથું હલાવીને ના પાડી, ‘ના.’

આયુર્વતીની આંખો પહોળી થઈ ગઈ. તેને આશ્ચર્ય થયું હતું. તેણે અવળાં ફરીને પોતાની પરિચારિકાઓને આજ્ઞા કરી, ‘ચાલો, એ શરૂ થઈ ગયું છે. આપણે જવું પડશે.’

આયુર્વતી અને તેની પરિચારિકાઓ ઇમારતમાં પ્રવેશી એ વખતે ચિત્રાંગદ પણ જાણે હવામાંથી પ્રગટ થયો હોય એમ આવી પહોંચ્યો હતો. તેણે શિવને પૂછ્યું, ‘શું થયું ?’

‘હું નથી જાણતો પણ મારા કબીલાના બધા જ માણસો અચાનક માંદા પડી ગયા છે.’

‘આપને પણ ભયંકર પરસેવો થઈ રહ્યો છે.’

‘એની ચિંતા નથી. મને તાવ નથી આવ્યો. હવે હું ત્યાં પાછો જઉં છું. મારા લોકોને શું

થઈ રહ્યું છે એ હું જાઈ લઉં.'

ચિત્રાંગદે હા પાડી અને ઉમેર્યું, 'હું નંદીને બોલાવી લાવું છું.'

ચિત્રાંગદ નંદીની શોધમાં નીકળી ગયો અને શિવ તેમના બધાના ઉતારાવાળી ઇમારતમાં પ્રવેશ્યા. તેઓ અંદર પ્રવેશ્યા તેવા જ આશ્ચર્ય પામ્યા. ઇમારતમાં રહેલી તમામ મશાલો પ્રગટાવવામાં આવી હતી. પરિચારિકાઓ એક પછી એક કક્ષમાં જઈને બધાને પદ્ધતિસર દવાઓ આપી રહી હતી અને ગભરાયેલા દર્દીઓએ શું કરવું જોઈએ તે સમજાવી રહી હતી. દરેક પરિચારિકા સાથે એક લહિયો પણ ફરી રહ્યો હતો જે તાડપત્રો પર દરેક દર્દીની વિગતોની ઝીણવટભરી નોંધ કરી રહ્યો હતો. આવી કોઈ આફત માટે મેલુહાવાસીઓ તૈયાર જ હોય, તેમ લાગતું હતું. પોતાની કમર પર હાથ ટેકવીને આયુર્વતી પરસાળના છેવાડે ઊભી હતી. જાણે કોઈ સેનાપતિ પોતાની તાલીમબદ્ધ અને કાર્યદક્ષ સેનાનું નિરીક્ષણ કરી રહ્યો હોય, તેમ તે આ બધું જાઈ રહી હતી. શિવ તેની પાસે દોડી ગયા અને પૂછ્યું, 'બીજા અને ત્રીજા માળે રહેલા લોકોનું શું ?'

તેની સામે જોયા વિના આયુર્વતીએ ઉત્તર આપ્યો. 'પરિચારિકાઓ આ ઇમારતના તમામ કક્ષોમાં પહોંચી ગઈ છે. આ માળની પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ જણાય પછી હું ઉપર જઈને પણ જાઈ લઈશ. અડધા કલાકમાં તમામ દર્દીઓને સારવાર મળી ગઈ હશે.'

'તમે સર્વે બહુ જ કાર્યદક્ષ લોકો છો, પરંતુ બધાંને સારું તો થઈ જશે ને ?'

શિવ સામે જાવા માટે આયુર્વતી ફરી. તેની ભમરો સહેજ ઊંચી થઈ અને તેના ગંભીર મુખ પર સ્મિતની એક ઝલક જાવા મળી. 'ચિંતા ન કરશો. અમે મેલુહાવાસીઓ છીએ. અમે કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા સક્ષમ છીએ. બધાંને સારું થઈ જ જશે.'

'હું કોઈ રીતે સહાયરૂપ થઈ શકું ?'

'હા, તમે સ્નાન કરી લો.'

'શું ? !'

'જાવ અને સ્નાન કરો. અત્યારે જ.' કહીને આયુર્વતી પોતાના માણસોની દિશામાં ફરી. 'સાંભળો, યાદ રાખજા કે પંદર વર્ષથી નાનાં બધાં જ બાળકોનું મુંડન અવશ્ય થવું જોઈએ. મસ્ત્રક, ઉપર જો અને પૂરક ઓસડિયાં આપવાનું શરૂ કર. હું ત્યાં પાંચેક ઘડીમાં આવું છું.'

'હા, દેવી.' કહીને એક યુવાન મોટું વાસણ લઈને ઉપરના માળનાં પગથિયાં ચડવા માંડ્યો.

'આપ હજુ અહીં જ છો ?' શિવ હજુ ગયા નથી એમ ખ્યાલ આવતાં આયુર્વતીએ કહ્યું.

શિવ ધીમેથી, પોતાના ક્રોધને નિયંત્રણમાં રાખતાં બોલ્યા, 'મારા સ્નાન કરવાથી શું ફેર પડશે ? મારા લોકો મુશ્કેલીમાં છે. મારે તેમની સહાય કરવી છે.'

'આપની સાથે દલીલો કરવાનો સમય કે ધીરજ અત્યારે મારી પાસે નથી. આપ અત્યારે જ જઈને સ્નાન કરશો !' આયુર્વતીએ પોતાના ક્રોધનું નિયંત્રણ કર્યા વિના જ કહ્યું.

પોતાના મુખમાંથી પ્રગટ થવા મથી રહેલી ગાળોના ધોધને રોકવા માટે શિવને ભરપૂર પ્રયત્ન કરવો પડ્યો. તેમના હાથની મુઠ્ઠીઓ વળી ગઈ હતી અને એ મુઠ્ઠીઓ આયુર્વતી સામે પોતાની રીતે જ દલીલો કરવા ઇચ્છુક હતી.

આયુર્વતી પણ શિવને તાકી રહી હતી. પોતાની આજ્ઞા પર તાત્કાલિક અમલ થતો જાવાની તેને આદત હતી. તે વૈદ્ય હતી. જો તે કોઈ દર્દીને કંઈક કરવાની સૂચના આપે, તો એ દર્દી કોઈ પણ પ્રશ્ન વિના તેની સૂચનાનું પાલન કરે એમ તે આશા રાખતી હતી. જોકે

પોતાના વર્ષોના અનુભવમાં તેણે શિવ જેવા પણ અમુક દર્દીઓ જોયા હતા, ખાસ કરીને ઉમરાવ વર્ગના દર્દીઓ. આ દર્દીઓને સમજાવવા પડતા. તેમને માત્ર સૂચના આપવાથી કામ ચાલી જતું નહીં. જોકે આ તો એક સીધો-સાદો વિદેશી જ હતો, કોઈ ઉમરાવ નહીં !

અત્યંત પ્રયત્નપૂર્વક પોતાના ક્રોધ પર નિયંત્રણ રાખીને આયુર્વતીએ કહ્યું, 'શિવ, આપને પરસેવો થઈ રહ્યો છે. જો તમે સ્નાન કરીને એ પરસેવો શરીર પરથી દૂર નહીં કરો, તો એ આપને મારી નાખશે. કૃપા કરીને મારી પર વિશ્વાસ કરો. જો આપ મૃત હશો, તો આપના કબીલાને જરા પણ સહાયરૂપ થઈ શકશો નહીં.'



ચિત્રાંગદે જોરથી દરવાજા ખખડાવ્યો. આંખો ચોળતાં ચોળતાં અને દરવાજા ખખડાવનારને ભાંડતાં ભાંડતાં નંદી ઊભો થયો. દરવાજા ખોલીને તેણે ઘુરકાટ કર્યો, 'એવું તે શું થઈ ગયું કે આમ ખખડાવો છો ?'

'જલદી આવ. શિવનો આખો કબીલો માંદો પડી ગયો છે.'

'એટલી વારમાં જ ? આ તો એ બધાંની પહેલી જ રાત છે !' નંદીએ સાશ્ચર્ય કહ્યું. પોતાનું અંગવસ્ત્ર ખભે નાખતાં એ બોલ્યો, 'ચલો જઈએ.'



સ્નાન માટે સ્નાનકક્ષ બહુ વિચિત્ર જગ્યા લાગતી હતી. શિવને દર બે મહિને માનસરોવરમાં છબછબિયાં કરતાં નહાવાની આદત હતી. એટલે સ્નાનકક્ષ તેમને બહુ જ નાની જગ્યા લાગી રહી હતી. તેમણે દીવાલ પર લાગેલી પેલી જાદુઈ વસ્તુ ફેરવી અને પાણીનો પ્રવાહ વધાર્યો. મેલુહાવાસીઓ જેને સાબુ કહેતા હતા તેવા ચોરસ ટુકડાને તેમણે પોતાના શરીર પર ઘસ્યો. આયુર્વતીએ એકદમ સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે સાબુનો પ્રયોગ તો કરવો જ પડશે. સ્નાન પતાવીને તેમણે પાણીનો પ્રવાહ બંધ કર્યો અને મોટો રૂમાલ ઉઠાવ્યો. ભાર દઈને પોતાનું શરીર કોરું કરતી વખતે પાછલા થોડાક કલાકોમાં તેમના શરીરમાં જે પરિવર્તનો આવ્યાં હતાં, તે તેમને પાછાં યાદ આવી ગયાં. તેમના ખભામાં ક્યારેય ઈજા થઈ જ ન હોય, તેમ અત્યંત રાહત લાગતી હતી. તેમણે ગોઠણ સામે પણ આશ્ચર્યથી જોઈ લીધું. ત્યાં પણ કોઈ દુખાવો નહોતો થતો અને ઘાનો ડાઘ પણ જતો રહ્યો હતો. પોતાના સંપૂર્ણતઃ સાજા થઈ ગયેલા અંગૂઠાને પણ તેમણે અત્યંત આશ્ચર્યપૂર્વક ચકાસી જોયો. પછી તેમને ખ્યાલ આવ્યો કે શરીરનાં માત્ર ઘવાયેલાં અંગો જ સાજાં થયાં હતાં એવું નહોતું. આખા શરીરમાં એવી તાજગી, ઊર્જા અને મજબૂતીનો અનુભવ થઈ રહ્યો હતો જે આ પહેલાં ક્યારેય થયો હોય, એમ તેમને લાગ્યું નહીં. તેમના ગળામાં જોકે હજુ પણ તેમને ઠંડક લાગી રહી હતી.

આ બધું થઈ શું રહ્યું છે ?

સ્નાનકક્ષમાંથી બહાર આવીને તેમણે નવી ધોતી પહેરી. એ અંગે પણ આયુર્વતીએ સ્પષ્ટ સૂચના આપી હતી કે જૂનાં વસ્ત્રો પહેરવાં નહીં કારણ કે તે પણ પરસેવાને કારણે ઝેરી જ બની ગયાં હશે. તેઓ ગળાને ઠંડી ઓછી લાગે એટલે તેની ફરતે અંગવસ્ત્ર લપેટી રહ્યા હતા, એ વખતે જ દરવાજા પર એક ટકોરો પડ્યો. એ આયુર્વતી હતી. 'શિવ, કૃપા કરીને દરવાજા ખોલશો ? તમને ઠીક છે કે નહીં એ જ મારે ચકાસવું છે.'

શિવે દરવાજા ખોલ્યો. કક્ષમાં આવીને આયુર્વતીએ શિવના શરીરનું તાપમાન ચકાસ્યું, જે સામાન્ય જ હતું. આયુર્વતીએ માથું હલાવીને કહ્યું, 'તમે એકદમ સ્વસ્થ જ લાગો છો. તમારા કબીલાના લોકો પણ ત્વરાથી સાજા થઈ રહ્યા છે. મુશ્કેલીનો સમય વીતી ગયો છે.'

શિવે આભારસૂચક સ્મિત કર્યું. 'તમારા માણસોનાં કૌશલ્યો અને કાર્યદક્ષતાને કારણે જ. તમારી સાથે દલીલો કરવા માટે હું ક્ષમા માગું છું. એ બધું થવું નહોતું જોઈતું. હું જાણું જ છું કે આપનું ધ્યેય સારું જ હતું.'

આયુર્વતીએ તાડપત્રોથી બનેલી પોતાની નોંધપોથીમાંથી દૃષ્ટિ ઊંચી કરી અને સ્મિત કર્યું અને પોતાની ભમરો થોડીક ઊંચી કરીને તે બોલી, 'હવે આપણે નમ્રતા શીખી રહ્યાં છીએ, નહીં ?'

'હું એટલો અસભ્ય પણ નથી, તમે જાણો જ છો.' શિવે સસ્મિત કહ્યું, 'પણ તમે લોકો બહુ જ ઉદ્ધત છો !'

અચાનક જ જાણે આઘાત લાગ્યો હોય તેમ આયુર્વતી શિવને સાંભળવાને બદલે જોઈ રહી હતી. આ વસ્તુ આ પહેલાં તેના ધ્યાનમાં કેમ ન આવી ? તે કદી પણ એ દંતકથાને માનતી નહોતી. શું એ દંતકથાને સાચી પડતી જોનાર પહેલી વ્યક્તિ એ પોતે બનવાની હતી ? ધ્રૂજતા હાથે આંગળી ચીંધીને તે બબડી, 'આપે આપનું ગળું કેમ ઢાંકી રાખ્યું છે ?'

'કોઈ પણ કારણ હોય, પણ મને ત્યાં બહુ જ ઠંડી લાગી રહી છે. શું એમાં કંઈ ચિંતા કરવા જેવું છે ?' પૂછતાં પૂછતાં શિવે ગરદન પર વીંટેલું અંગવસ્ત્ર દૂર કર્યું.

આયુર્વતીએ આઘાતથી એક ડગલું પાછળ ભર્યું અને કક્ષમાં તેનો આશ્ચર્યોદ્ગાર પડઘાઈ રહ્યો. તેના હાથમાંથી તાડપત્રોની બનેલી નોંધપોથી નીચે પડી ગઈ અને તેણે પોતાના બંને હાથ પોતાના ખુલ્લા મોઢા પર મૂકી દીધા. તેના ગોઠણ તેના શરીરનો ભાર ઊંચકી શકે તેમ નહોતા. દીવાલ પર પીઠ ટેકવીને તે નીચે બેસી પડી. જોકે તેણે શિવ પરથી એક પણ ક્ષણ માટે પોતાની નજર હટાવી નહીં. તેની ગર્વિષ્ઠ આંખોમાંથી અત્યારે આંસુ વહી રહ્યાં હતાં. તે 'ઓમ્ બ્રહ્માયૈ નમઃ, ઓમ્ બ્રહ્માયૈ નમઃ' એવો મંત્રોચ્ચાર કરી રહી હતી.

'શું થયું ? બહુ ગંભીર બાબત છે ?' ચિંતિત શિવે પૂછ્યું.

'આપ પધારી ચૂક્યા છો ! મારા પ્રભુ, આપ પધારી ચૂક્યા છો !'

આયુર્વતીના આ વિચિત્ર વર્તન વિશે મૂંઝાયેલ શિવ કોઈ પણ પ્રકારની પ્રતિક્રિયા આપે એ પહેલા જ નંદી એ કક્ષમાં ધસી આવ્યો અને તેણે નીચે બેઠેલી આયુર્વતીને જોઈ. આયુર્વતીની આંખોમાંથી આંસુની ધાર ચાલુ જ હતી.

'શું થયું, દેવી ?' આશ્ચર્યચકિત નંદીએ પૂછ્યું.

આયુર્વતીએ શિવની ગરદન સામે આંગળી ચીંધી. નંદીએ એ દિશામાં નજર કરી. શિવનું ગળું અજબ વાદળી રંગથી ચળકી રહ્યું હતું. બહુ લાંબા સમયથી પીંજરે પુરાયેલું કોઈ પ્રાણી મુક્ત થતાં જેવી ચિચિયારી પાડે, તેવો અવાજ કરતો નંદી ગોઠણભેર બેસી ગયો અને બોલ્યો, 'પ્રભુ ! આપ પધારી ચૂક્યા છો ! નીલકંઠ પધારી ચૂક્યા છે !'

નંદીએ નીચા નમીને શિવના ચરણોમાં પૂજ્યભાવે પોતાનું મસ્તક ટેકવ્યું. જોકે એ જેને વંદી રહ્યા હતા તે શિવ તો એકદમ મૂંઝાઈ ગયા હતા અને વિચલિત થઈને તેઓ એક ડગલું પાછળ હઠી ગયા.

'આ બધું અહીંયાં શું થઈ રહ્યું છે ?' શિવે ચિંતાપૂર્વક પૂછ્યું.

પોતાના ઠંડા ગળા ફરતે એક હાથ રાખીને શિવ પેલા તાંબાના ચળકતા પતરાની દિશામાં ગયા અને તેમાં પોતાના નીલ કંઠ એટલે કે વાદળી ગળાને આઘાત અને આશ્ચર્ય સાથે જોઈ રહ્યા.

ચિત્રાંગદ દરવાજાનો ટેકો લઈને બાળકની જેમ ડૂસકાં ભરી રહ્યો હતો. 'આપણે બચી ગયા ! આપણે બચી ગયા ! એ પધારી ચૂક્યા છે !'



પ્રકરણ ૨
પવિત્ર જીવનની ભૂમિ

કાશ્મીરનો રાજ્યપાલ ચેનારધ્વજ આખી દુનિયામાં એમ ઢંઢેરો પીટવા માંગતો હતો કે નીલકંઠ તેમના પ્રમુખ નગરમાં પ્રગટ્યા હતા. તક્ષશિલા, કરચપ કે લોથલ જેવાં સરહદી નગરોમાં નહીં પણ તેમના શ્રીનગરમાં પ્રગટ્યા હતા ! જોકે મેલુહા સામ્રાજ્યની રાજધાની દેવગીરીમાંથી તાત્કાલિક જ પક્ષીના પગે બંધાયેલો સંદેશો આવ્યો હતો. સંદેશો એકદમ સ્પષ્ટ હતો. જ્યાં સુધી સમ્રાટ સ્વયં શિવને જોઈ ન લે ત્યાં સુધી નીલકંઠના પ્રાગટ્યની વાત ગુપ્ત રાખવાની હતી. શિવને સૈનિકો સાથે દેવગીરી મોકલી આપવાની આજ્ઞા પણ ચેનારધ્વજને આપવામાં આવી હતી. સૌથી મહત્ત્વની વાત તો એ હતી કે શિવને પણ નીલકંઠની દંતકથા વિશે કશું જ જણાવવાનું નહોતું. ‘સમ્રાટ પોતે જ આ નીલકંઠને એ વાત યોગ્ય રીતે જણાવશે.’ એમ સંદેશામાં શબ્દશઃ લખ્યું હતું.

જોકે શિવને આ પ્રવાસની જાણ કરવાનો લહાવો ચેનારધ્વજને મળ્યો હતો. એ સમયે શિવનો મિજાજ જોકે બહુ સારો નહોતો. આસપાસ રહેલા તમામ મેલુહાવાસીઓમાં અચાનક ઊભરાઈ આવેલી સમર્પણભાવનાથી શિવ અત્યંત મૂંઝાઈ ગયા હતા. અત્યારે તેમને રાજ્યપાલના નિવાસસ્થાને અત્યંત વૈભવ વચ્ચે રાખવામાં આવ્યા હતા અને શ્રીનગરના અત્યંત મત્ત્વના લોકો જ તેમને મળી શકે તેમ હતા.

‘પ્રભુ, અમે તમને અમારી રાજધાની દેવગીરી સુધી મૂકવા આવીશું. અહીંથી ત્યાં સુધીની મુસાફરીમાં અમુક સપ્તાહ લાગે છે.’ કહેતાં કહેતાં ચેનારધ્વજ પોતાનો કદાવર અને સ્નાયુબદ્ધ દેહ હંમેશાથી પણ વધારે નમાવવાનો કઢંગો પ્રયત્ન કરી રહ્યો હતો.

‘કોઈ મને જણાવશે નહીં કે આ બધું શું થઈ રહ્યું છે, ત્યાં સુધી હું ક્યાંય પણ જવાનો નથી ! આ નીલકંઠની દંતકથાવાળી આખી વાત શું છે ?’ શિવે ક્રોધપૂર્વક પૂછ્યું.

‘પ્રભુ, અમારી પર વિશ્વાસ રાખો. ટૂંક સમયમાં જ તમને સત્યની જાણ થઈ જશે. તમે દેવગીરી પહોંચશો એટલે સમ્રાટ સ્વયં જ તમને એ જણાવશે.’

‘અને મારા કબીલાના લોકોનું શું ?’

‘એ લોકોને અહીં કાશ્મીરમાં જ જમીન આપવામાં આવશે, પ્રભુ. સુખરૂપ જીવન જીવવા માટે તેમને જેની પણ આવશ્યકતા હશે, તે બધી વસ્તુઓ તેમને પૂરી પાડવામાં આવશે.’

‘શું એ લોકોને બંધક બનાવી રાખવામાં આવ્યા છે ?’

‘અરે, એમ નથી, પ્રભુ.’ ચેનારધ્વજ મૂંઝાઈ ગયેલા દેખાતા હતા. ‘એ લોકો તો આપના માણસો છે, પ્રભુ. જો મારું ચાલે તો એ બધાને હું આખું જીવન ઉમરાવોની જેમ રાખું, પરંતુ નિયમોનું ઉલ્લંઘન શક્ય નથી, પ્રભુ. એ તો આપ પણ ન કરી શકો. એટલે

અમે તેમને જેનું વચન આપવામાં આવ્યું હતું તેટલું જ આપી શકીશું. જોકે સમય જતાં, આપને યોગ્ય જણાય એ રીતે આપ નિયમોમાં ફેરફાર કરી શકશો. એ પછી અમે તે બધાને ગમે ત્યાં રાખી શકીશું.'

'કૃપા કરો, પ્રભુ.' નંદીએ આજીજી કરી, 'અમારા પર વિશ્વાસ રાખો. આપ મેલુહા માટે કેટલા મત્ત્વના છો, એની તો આપ કલ્પના પણ નહીં કરી શકો. અમે બધા ઘણા લાંબા સમયથી આપની પ્રતીક્ષા કરી રહ્યા હતા. અમારે આપની સહાયની આવશ્યકતા છે.'

'અત્યારે તો મને સહાયની આવશ્યકતા છે *!'*

વર્ષો પહેલા એક ત્રસ્ત સ્ત્રી શિવને આમ જ આજીજી કરી રહી હતી એની યાદ આવતાં શિવના ઘાવ પાછા લબકારા મારવા માંડ્યા.



'આ વિશાળ પર્વતોથી પણ ભવ્ય ભવિષ્ય છે તારું.*'*

સાવ મૂર્ખામીપૂર્ણ વાત છે *!* કોઈ પ્રકારનું ભવિષ્ય ધરાવવાનો મને અધિકાર જ નથી. જો આ લોકો મારા અપરાધથી માહિતગાર હોય, તો એ લોકો આ બધી મૂર્ખામીઓ તરત જ બંધ કરી દે.

'શું કરવું એ જ મને નથી સમજાતું, ભદ્ર.'

દાલ સરોવરના કિનારે આવેલા રાજવી ઉપવનમાં શિવ પોતાના મિત્ર સાથે બેઠા હતા. તેમનો મિત્ર ચલમમાં કાળજીપૂર્વક ગાંજા ભરી રહ્યો હતો. ભદ્રએ ગાંજા સળગાવ્યો એ વખતે શિવ અધીરાઈપૂર્વક બોલ્યા, 'હવે તારે મને ઉત્તર આપવાનો છે, મૂર્ખ.'

'ના. હું તો તને આ ચલમ આપવાનો છું, શિવ.'

'તું મને કોઈ સલાહ કેમ નથી આપતો ?' શિવે ક્રોધથી પૂછ્યું, 'આપણે હજુ એ જ મિત્રો છીએ જે એકબીજાને પૂછ્યા વિના એક ડગલું પણ નથી ભરતા !'

ભદ્રએ સ્મિત કર્યું, 'ના, હવે આપણે નથી. તું તો હવે પ્રમુખ છે. કબીલો તારા નિર્ણયથી જ જીવે છે અને તેનાથી જ મરશે. એટલે હવે એ નિર્ણય પર બીજા કોઈનો પ્રભાવ પડવો જોઈએ નહીં. આપણે કંઈ પેલા પક્રાતિઓ જેવા નથી જેના પ્રમુખે ઊંચા અવાજે બોલનારા દરેકની વાત સાંભળવી જ પડે. આપણે ગણ લોકો છીએ અને ગણોમાં પ્રમુખની બુદ્ધિ જ સર્વોપરી માનવામાં આવે છે. એ જ આપણી પરંપરા છે.'

શિવે થાકીને પોતાની આંખો ઊંચી કરીને કહ્યું, 'અમુક પરંપરાઓ તો તોડવી જ પડે છે !'

ભદ્ર ચૂપ જ રહ્યો. શિવે હાથ લંબાવીને ભદ્રના હાથમાંથી ચલમ લીધી. તેમણે ઊંડો કશ લઈને આખા શરીરને ગાંજાની અસર વર્તાવા દીધી.

'મને તો નીલકંઠની દંતકથા વિશે માત્ર એક જ વાક્ય સાંભળવા મળ્યું છે' ભદ્રએ કહ્યું, 'કે મેલુહા અત્યંત મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યું છે અને માત્ર નીલકંઠ જ તેમને બચાવી શકશે.'

'પણ મને તો અહીંયાં કોઈ જ મુશ્કેલી નથી દેખાતી. બધું જ એકદમ સરસ લાગે છે. જો એમને વાસ્તવમાં મુશ્કેલીઓ જાવી હોય, તો તેમને આપણા ગામ બાજુ લઈ જવા જોઈએ !'

ભદ્ર ધીમેથી હસ્યો, 'પણ આ તારા વાદળી ગળાનું શું ? એ લોકો એના લીધે તો એમ માને છે કે તું એ બધાનો તારણહાર બનીશ.'

'એની મને શું ખબર હોય ! એ લોકો બધી રીતે આપણાથી ઘણા આગળ છે. એમ છતાં હું જાણે કોઈ ભગવાન હોઉં એમ મારી પૂજા કરે છે. માત્ર અને માત્ર આ વાદળી ગળાને કારણે.'

'એમની ઔષધીઓ જોકે જાદુઈ લાગે છે. તને નથી લાગતું કે મારી પીઠ પરની ખૂંધ થોડીક ઓછી થઈ હોય ?'

'હા, એ તો લાગે છે ! એમના વૈદ્ય તો બહુ જ જ્ઞાની લાગે છે.'

'તું જાણે છે કે એ લોકોના વૈદ્ય બ્રાહ્મણ કહેવાય છે ?'

'આયુર્વતીની જેમ ?' પૂછીને શિવે ચલમ ભદ્રના હાથમાં મૂકી.

'હા. જોકે બ્રાહ્મણો માત્ર વૈદ્ય જ નથી હોતા. શિક્ષકો, પૂજારીઓ, કાયદાના જ્ઞાનીઓ અને જે પણ બુદ્ધિવાળાં કામ હોય એ બધાં જ કામ આ બ્રાહ્મણ લોકો કરતા હોય છે.'

'કૌશલ્યપૂર્ણ લોકો છે.' શિવે ઊંડો શ્વાસ લઈને કહ્યું.

'માત્ર એટલું જ નહીં.' ભદ્રએ ઊંડો કશ લેતાં કહ્યું, 'એ લોકો બધી વસ્તુઓમાં વિશેષ લોકો હોય, તેવી વ્યવસ્થા છે. એટલે બ્રાહ્મણો ઉપરાંત એ લોકોમાં ક્ષત્રિયો પણ હોય છે, જે લોકો યુદ્ધો અને શાસન કરે છે. સ્ત્રીઓ પણ ક્ષત્રિય હોઈ શકે છે !'

'સાચે જ ? આ લોકોની સેનામાં સ્ત્રીઓ પણ હોય છે ?'

'એટલે કંઈ એટલી બધી સ્ત્રી ક્ષત્રિયો હોતી નથી પણ તેમને સેનામાં સ્થાન તો મળે જ છે.'

'તો પછી એ લોકો મુશ્કેલીમાં હોય, તેમાં શું નવાઈ !'

મેલુહા લોકોની વિચિત્ર જીવનરીતિ ઉપર બંને મિત્રો ખડખડાટ હસ્યા. પોતાની વાત આગળ વધારતા પહેલાં ભદ્રએ બીજો કશ ખેંચ્યો. 'અને પછી વૈશ્યો હોય છે જે કારીગરી અને વેપાર-ધંધા સંભાળે છે. અને પછી શૂદ્રો પણ હોય છે, જે ખેતી અને સેવાનાં કામ કરે છે. એક વર્ણના લોકો બીજા વર્ણનું કામ નથી કરી શકતા.'

'ઊભો રહે.' શિવે કહ્યું, 'એનો અર્થ તો એ થયો કે કોઈ યોદ્ધાને બજારમાં વેપાર કરવા દેવામાં આવે નહીં.'

'હા.'

'કેવી મૂર્ખામીપૂર્ણ વાત ! તો પછી તું મારા માટે ગાંજા કેવી રીતે લાવીશ ? અને તને તો એ એક જ ઉપયોગી કામ આવડે છે !'

ભદ્રએ મસ્તીમાં મુક્કો માર્યો પણ શિવે પાછળ ખસી જઈને એ પ્રહાર ચૂકવી દીધો. 'ઠીક છે, ઠીક છે. એ માત્ર મજાક જ હતી !' કહીને શિવ હસ્યા. પછી ભદ્રના હાથમાંથી ચલમ લઈને તેમણે ઊંડો કશ લીધો.

'આપણે જેની વાત કરવી જોઈએ એ સિવાયની બધી જ વાતો કરી રહ્યા છીએ.'

હવે શિવ ગંભીર થઈ ગયા. 'ચાલ, ગંભીરતાથી કહે કે એ લોકો ગમે તેટલા વિચિત્ર હોય પણ મારે શું કરવું જોઈએ ?'

'તું શું વિચારે છે ?'

શિવ બગીચામાં દૂર વાવેલા ગુલાબ વિશે વિચારી રહ્યા હોય, એમ તેને જોઈ રહ્યા, 'મારે બીજી વાર ભાગી છૂટવાની ભૂલ નથી કરવી.'

'શું ?' ભદ્રને શિવનો એકદમ ધીમો અવાજ સંભળાયો નહીં.

'મેં એમ કહ્યું' શિવે જરા મોટા અવાજે કહ્યું, 'કે હવે મારે બીજી વાર ભાગી છૂટવાની ભૂલ નથી કરવી.'

'એમાં તારી કોઈ ભૂલ હતી જ નહીં...'

'એ મારી જ ભૂલ હતી !'

ભદ્ર ચૂપ થઈ ગયો. એ કશું જ વધારે કહી શકે એમ નહોતો. પોતાની આંખો બંધ કરીને શિવે નિસાસો નાખ્યો. 'હા, એ...'

ભદ્રએ પોતાના મિત્રના ખભા પર હાથ મૂક્યો અને તેને હળવેથી દબાવીને આ પીડાકારક ક્ષણો ચૂપચાપ જ પસાર થઈ જવા દીધી. શિવે તેની સામે ફરીને કહ્યું, 'હું તારી સલાહ માંગી રહ્યો છું, મારા મિત્ર. મારે શું કરવું જોઈએ ? જો એ લોકોને મારી સહાયની આવશ્યકતા હોય, તો હું ભાગીશ નહીં. જોકે પછી હું મારા કબીલાના લોકોને કઈ રીતે છોડી દઉં ? મારે શું કરવું જોઈએ ?'

ભદ્રએ શિવના ખભા પર પોતાનો હાથ હજુ પણ મૂકી રાખ્યો હતો. તેણે ઊંડો શ્વાસ લીધો. તેના મનમાં એક ઉત્તર હતો. એ કદાચ પોતાના મિત્ર શિવ માટે યોગ્ય ઉત્તર હતો. પણ શું એ જ ઉત્તર પ્રમુખ શિવ માટે યોગ્ય હતો ?

'એ ઉત્તર તારે તારી અંદરથી જ શોધવો પડશે, શિવ. એ જ તો આપણી પરંપરા છે.'

'તારી પરંપરાની તો. . .' શિવે ભદ્રના હાથમાં ચલમ ફેંકી અને ત્યાંથી ઊભા થઈને જતા રહ્યા.



અમુક દિવસો પછી શિવ, નંદી અને ત્રણ સૈનિકોનો નાનકડો કાફલો શ્રીનગરથી નીકળશે એમ આયોજન કરવામાં આવ્યું હતું. નાનકડા કાફલાને કારણે તેઓ ત્વરાથી મુસાફરી કરીને શક્ય એટલા વહેલા દેવગીરી પહોંચી શકે. સમ્રાટ શિવને સાચા નીલકંઠ જાહેર કરે તેની રાજ્યપાલ ચેનારધ્વજને અત્યંત ઉત્કંઠા હતી. નીલકંઠને શોધનારા રાજ્યપાલ તરીકે ઇતિહાસમાં તેમનું નામ નોંધાય એવી તેમની એષણા હતી.

સમ્રાટ સામે ઉપસ્થિત થવા માટે શિવને 'તૈયાર' કરવામાં આવ્યા હતા. તેમના વાળ સ્વચ્છ કરીને તેમાં તેલ નાખવામાં આવ્યું હતું. તેમના સ્નાયુબદ્ધ શરીરને શણગારવા માટે કીમતી વસ્ત્રો, આકર્ષક કર્ણ-ફૂલ, માળા અને અન્ય આભૂષણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમના મુખની ત્વચા પર વર્ષો સુધી ભેગી થયેલી નકામી ત્વચા અને ઘસારાને દૂર કરવા માટે વિશેષ આયુર્વેદિક વનસ્પતિઓથી તેમનું મુખ વારંવાર ઘસવામાં આવ્યું હતું. તેમના ચળકતા વાદળી રંગના ગળાને ઢાંકવા માટે વિશેષ પ્રકારનો સુતરાઉ ગળાપટ્ટો બનાવવામાં આવ્યો હતો. તેની ઉપર મોતીઓ સીવી લઈને એવી માળાનો દેખાવ ઊભો કરવામાં આવ્યો હતો જે મેલુહાના પુરુષો વારે-તહેવારે પહેરતા. શિવના ઠંડા ગળા પર એને કારણે ગરમાટો પણ રહેતો હતો.

'હું ટૂંક સમયમાં પાછો આવી જઈશ.' ભદ્રની માતાને ભેટીને શિવે કહ્યું. હવે ભદ્રની મા બહુ ઓછું લંગડાતી હતી તે જોઇને શિવને આશ્ચર્ય થયું હતું.

'આ લોકોની દવાઓ વાસ્તવમાં ચમત્કારિક લાગે છે.'

ભદ્ર ઉદાસ આંખે શિવને જાઈ રહ્યો હતો. શિવે ધીમેથી તેને કહ્યું, 'કબીલાનું ધ્યાન રાખજે. હું પાછો આવું ત્યાં સુધી એ બધાંની જવાબદારી તારા ઉપર છે.'

ભદ્ર આશ્ચર્ય પામીને એક ડગલું પાછળ હઠી ગયો. 'શિવ, હું તારો મિત્ર છું એટલે એમ કરવાની કોઈ જ આવશ્યકતા નથી.'

'એ તો મારે કરવું જ પડે, મૂર્ખ અને મારે એમ કરવું જ પડે તેનું કારણ એ છે કે તું

મારા કરતા પણ વધારે સક્ષમ છે.'

ભદ્ર આગળ વધીને શિવને ભેટી પડ્યો કે જેથી શિવ તેની આંખમાં આવી ગયેલાં આંસુ જાઈ શકે નહીં. 'ના શિવ, હું નથી. મારા સ્વપ્નમાં પણ નથી.'

'ચૂપ થઈ જો ! અને મારી વાત ધ્યાનપૂર્વક સાંભળ.' શિવે કહ્યું અને ભદ્રએ ઉદાસ સ્મિત કર્યું. 'મને નથી લાગતું કો ગણો પર અહીંયાં કોઈ પણ જાતનો ભય હોય. કૈલાશ પર્વત પર હતો એટલો મોટો ભય તો કોઈ રીતે જણાતો નથી. તેમ છતાં, જો તને ક્યારેય એમ લાગે, તો તું આયુર્વતીની સહાય લઈ શકે છે. કબીલો જ્યારે માંદો હતો ત્યારે મેં તેનું નિરીક્ષણ કર્યું હતું. આપણે બધાને બચાવવા માટે તેણે અત્યંત નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કર્યા હતા. એ વિશ્વસનીય છે.'

ભદ્રએ માથું હલાવીને હા પાડી, ફરી વાર શિવને ભેટ્યો અને પછી એ ભવનની બહાર જતો રહ્યો.



આયુર્વતીએ દરવાજા પર હળવેથી ટકોરો માર્યો. 'શું હું અંદર આવી શકું છું, પ્રભુ ?'

સાત દિવસ પહેલાંની પેલી ભાગ્યનિર્મિત ક્ષણ પછી એ પહેલી વાર શિવ સામે ઉપસ્થિત થઈ રહી હતી. અને તેને તો જાણે એક આખું જીવન વીતી ગયું હોય એમ લાગતું હતું. તેણે પોતાનો આત્મવિશ્વાસ તો પુનઃ પ્રાપ્ત કરી લીધો હતો પરંતુ તેનો દેખાવ થોડોક અલગ અવશ્ય થઈ ગયો હતો. જાણે કોઈ દૈવી ત્ત્વનો સંચાર થયો હોય એમ લાગતું હતું.

'અંદર આવો, આયુર્વતીજી અને કૃપા કરીને આ "પ્રભુ. . .પ્રભુ. . ." બંધ કરો. તમે થોડાક દિવસ પહેલાં જે ગંધાતા ગામડિયાને મળ્યા હતા, હું હજી એવો જ છું.'

'એવું બોલી જવા માટે હું ક્ષમા માગું છું, પ્રભુ. એમ બોલવું એ મારી ભૂલ હતી અને એ માટે આપને યોગ્ય લાગે એ સજા આપ ફરમાવી શકો છો.'

'આ તમને શું થઈ ગયું છે ? સાચું બોલવા માટે મારે આપને શું કરવા કોઈ સજા આપવી જોઈએ ? આ વાદળી ગળાને કારણે કશું જ બદલાતું નથી.'

'કેમ બધું જ બદલાઈ જાય છે એ આપને ટૂંક સમયમાં જ જાણવા મળશે, પ્રભુ.' પોતાનું મસ્તક નમાવીને આયુર્વતીએ કહ્યું. 'અમે તો સદીઓથી આપના આગમનની પ્રતીક્ષા કરી રહ્યાં હતાં.'

'સદીઓથી ? ! હે પવિત્ર સરોવર, કેમ ? હું એવું તે શું કરી શકું એમ છું જે તમે લોકો નથી કરી શકો એમ ?'

'સમ્રાટ સ્વયં જ આપને જણાવશે, પ્રભુ. મારે તો માત્ર એટલું જ કહેવું છે કે આપના કબીલાના લોકો પાસેથી મેં જેટલું સાંભળ્યું છે એ અનુસાર જો નીલકંઠ બનવાને કોઈ લાયક હોય, તો એ માત્ર આપ જ છો.'

'અરે હા, કબીલાને મેં એમ સૂચના આપી છે કે એમને કોઈ પણ પ્રકારની સહાયની આવશ્યકતા હોય, તો એ લોકો તમારો જ સંપર્ક કરે. તમને એનો વાંધો નહીં હોય.'

'એમને કોઈ પણ રીતે સહાયભૂત બની શકીશ, તો એ મારું અહોભાગ્ય, પ્રભુ.'

આટલું કહીને તે ભારતીય પરંપરા અનુસાર શિવના ચરણસ્પર્શ કરવા નમી. આમ તો શિવનો ચરણસ્પર્શ અત્યાર સુધીમાં એટલા બધા મેલુહાવાસીઓ કરી ગયા હતા કે તેમણે હવે વિરોધ કરવાનું જ છોડી દીધું હતું, પરંતુ આયુર્વતીને નમતી જોઇને તેઓ એક ડગલું પાછળ ખસી ગયા.

'આ તમે શું કરી રહ્યા છો, આયુર્વતી ?' શિવે ભયભીત અવાજે પૂછ્યું. 'તમે તો વૈધ છો, જીવન બચાવનાર છો. મારો ચરણસ્પર્શ કરીને મને શરમાવશો નહીં.'

આયુર્વતીએ નજર ઊંચી કરીને શિવ સામે જાયું ત્યારે તેની આંખોમાંથી પ્રશંસા અને સમર્પણના ભાવ પ્રગટી રહ્યા હતા. આ માણસ સાચે જ નીલકંઠ બનવાને લાયક છે.



નંદી શિવના ભવનમાં પ્રવેશ્યો ત્યારે તેના હાથમાં કેસરી રંગનો એવો ખેસ હતો જેના દરેક ભાગ પર 'રામ' લખેલું હતું. નંદીએ શિવને વિનંતી કરી કે તેમણે પોતાના ખભા ફરતે આ ખેસ લપેટી લેવો. શિવે એમ કર્યું પછી આ દેવગીરીની યાત્રા સલામતીથી પાર પડે એ માટે ટૂંકી પ્રાર્થના કરી.

'આપણા અશ્વો બહાર પ્રતીક્ષા કરી રહ્યા છે, પ્રભુ. આપ ઇચ્છો ત્યારે આપણે નીકળીશું.' નંદીએ કહ્યું.

'નંદી.' કંટાળી ગયેલા શિવે કહ્યું. 'મારે તને કેટલી વાર કહેવાનું ? મારું નામ શિવ છે. હું તારો મિત્ર છું, પ્રભુ નથી.'

'અરે ના, મારા પ્રભુ.' નંદીએ આઘાતથી મોઢું પહોળું કરીને કહ્યું. 'આપ તો નીલકંઠ છો. તમે જ ભગવાન છો. તો પછી હું આપનું નામ કઈ રીતે લઈ શકું ?'

શિવે પોતાની કીકીઓ ગોળ ફેરવી, થોડુંક માથું હલાવ્યું અને દ્વારની દિશામાં પ્રયાણ કર્યું. 'મેં હાર માની લીધી છે ! હવે આપણે જઈએ ?'

'જેવી આજ્ઞા, પ્રભુ.'

બહાર ત્રણ સૈનિકો અશ્વ પર સવાર થઈને ધીરજપૂર્વક તેમની પ્રતીક્ષા કરી રહ્યા હતા અને તેની પાછળ જ ત્રણ ખાલી અશ્વો પણ હાજર હતા. એક અશ્વ શિવ માટે, બીજો નંદી માટે અને ત્રીજા પર તેમની આવશ્યક વસ્તુઓ લાદવા માટે. સુગઠિત મેલુહા સામ્રાજ્યમાં દરેક મત્ત્વના મોટા માર્ગો પર વિશ્રામસ્થળો અને આવશ્યક વસ્તુઓ ખરીદી શકાય તેવી સુવિધા તો હતી જ. જો કોઈ યાત્રી પાસે એકાદ દિવસ ચાલે તેટલો પુરવઠો હોય અને મેલુહા સામ્રાજ્યમાં ચાલતા સિક્કા હોય, તો તે કેટલાય મહિના સુધી પોતાની યાત્રા આગળ ધપાવી શકે તેવી વ્યવસ્થા હતી.

નંદીનો અશ્વ એક નાનકડા મંચ પાસે બાંધવામાં આવ્યો હતો. એ મંચની બીજી બાજુ મંચ પર ચડવા માટે પગથિયાં હતાં. સ્પષ્ટ હતું કે થોડાક મેદસ્વી સવારો સગવડતાપૂર્વક અશ્વારોહણ કરી શકે એ માટે આ વ્યવસ્થા કરવામાં આવી હતી. શિવે પહેલા નંદીના મેદસ્વી શરીર સામે જાયું, પછી દુર્ભાગી અશ્વ સામે જાયું અને પાછું નંદી સામે જાયું.

'શું મેલુહામાં પ્રાણીઓ ઉપર થતા અત્યાચારો અટકાવવાના કોઈ જ નિયમો નથી ?' શિવે એકદમ ગંભીર હાવભાવ સાથે પૂછ્યું.

'હા, પ્રભુ. બહુ ચુસ્ત નિયમો છે. મેલુહામાં દરેક જીવને અમૂલ્ય માનવામાં આવે છે. પ્રાણીઓનો વધ ક્યારે અને કેવી રીતે કરવો એના માટે તો અત્યંત ચુસ્ત નિયમો બનાવવામાં આવ્યા છે...'

અચાનક નંદી બોલતો અટકી ગયો. શિવની ટીખળ હવે મંદબુદ્ધિ નંદીને સમજાઈ હતી. બંને ખડખડાટ હસી પડ્યા અને શિવે નંદીની પીઠ પર ધબ્બો માર્યો.

— ⅄ⵀ𐌵ⴷ⊗ —

શિવનો કાફલો જેલમ નદીના કાંઠે કાંઠે આગળ વધતો હતો. હિમાલયના નીચાણવાળા પ્રદેશો છોડીને નીચે પટકાતી નદી પણ હવે ધોધરૂપે ગરજવા માંડી હતી. ભવ્ય મેદાનો પર આવીને એ ગરજતી નદી પાછી શાંત બની જતી હતી અને હળવે હળવે સરકતી આગળ ધપતી રહેતી હતી. એટલી ધીમે તો અવશ્ય વહેતી હતી કે પ્રશાસન દ્વારા નદી પર ચલાવવામાં આવતી મધ્યમ કદની હોડીઓ પર આ કાફલો સવાર થઈને બૃહતેશપુરમ ત્વરાથી પહોંચી શક્યો.

ત્યાંથી તેઓ પૂર્વ દિશાના જાણીતા રસ્તે પંજાબની દિશામાં આગળ વધ્યા. પંજાબ મેલુહા સામ્રાજ્યના ઉત્તરી ભાગના હૃદય સમાન હતું. પંજાબ શબ્દનો અર્થ થતો હતો પાંચ નદીઓનો પ્રદેશ અને એ પાંચ નદીઓ હતી સિંધુ, જેલમ, ચિનાબ, રાવી અને બીઆસ. પૂર્વમાં ઉદ્‌ભવતી ચાર નદીઓ ભવ્ય સિંધુને આવી મળતી અને પછી સિંધુ પશ્ચિમ દિશામાં આગળ વધતી રહેતી. પંજાબનાં ફળદ્રુપ મેદાનોમાં આ નદીઓ વાંકાચૂંકા માર્ગે આગળ વધતી રહેતી અને મહાસાગરમાં ભળીને જ તેને શાંતિ મળતી. અને સાગરની મંઝિલ તો હજુ શોધવાની બાકી જ છે.

'રામ શું છે ?' પોતાની ફરતે વીંટળાયેલા કેસરી ખેસ પર વારંવાર લખાયેલા શબ્દના અર્થ વિશે શિવને જિજ્ઞાસા થઈ.

ત્રણ સૈનિકો શિવ અને નંદીની પાછળ પાછળ ચોક્કસ અંતર જાળવીને જ મુસાફરી કરતા. એટલા દૂર કે એ બંને વચ્ચેની વાતચીત તેમને સંભળાય નહીં અને એટલા પાસે કે જરા પણ સમસ્યા દેખાય તો ક્ષણાર્ધમાં તો તે બધા શિવની પાસે પહોંચી શકે.

'ભગવાન રામ એટલે એ સમ્રાટ કે જેમણે અમારી આ જીવનરીતિની સ્થાપના કરી છે.' નંદીએ જવાબ આપ્યો. 'તેઓ લગભગ બારસો વર્ષ પહેલાં થઈ ગયા. તેમણે જ અમારું આ તંત્ર, અમારા નિયમો, અમારા આદર્શો, એ બધાની સ્થાપના કરી. એમના રાજ્યને અમે 'રામ રાજ્ય' કહીએ છીએ. હવે રામ રાજ્ય શબ્દ આદર્શ સામ્રાજ્યના સુશાસન અને દરેક નાગરિકોને પરિપૂર્ણ જીવન પૂરું પાડતી જીવનરીતિનો માપદંડ બની ગયો છે. આજે પણ મેલુહાનું શાસન તેમણે ઘડેલા સિદ્ધાંતો અનુસાર જ થાય છે. જય શ્રીરામ.'

'એ અત્યંત મહાન માણસ હોવા જોઈએ ! કારણ કે તેમણે પૃથ્વી પર જ સ્વર્ગની સ્થાપના કરી બતાવી છે.'

આમ કહેતી વખતે શિવ જરા પણ ખોટું બોલ્યા નહોતા. તે વાસ્તવમાં એમ માનતા હતા કે જો ક્યાંય સ્વર્ગ હોય, તો પણ તે મેલુહાથી વધારે સારું તો હોઈ જ ન શકે. અહીં તમામ દુન્વયી પરિપૂર્ણતાઓની ભરમાર હતી ! સ્પષ્ટ અને ન્યાયી રીતે ઘડવામાં આવેલા નિયમો અનુસાર તેનું નિયમન થતું હતું અને સમ્રાટ સહિતનો દરેકેદરેક મેલુહાવાસી તેનું ચુસ્ત પાલન કરતો હતો. એ સામ્રાજ્યમાં લગભગ એંસી લાખ લોકો રહેતા હતા અને એ બધાને વ્યવસ્થિત પોષણ, સ્વાસ્થ્ય અને સંપત્તિ મળી રહેતાં હતાં. સરેરાશ બુદ્ધિમતાનું ઊંચું પ્રમાણ જાવા મળતું હતું. આમ એ લોકો થોડાક ગંભીર લાગતા હતા પરંતુ એ બધા જ અત્યંત વિનમ્ર અને સંસ્કૃત લોકો હતા. એ એક એવો પરિપૂર્ણ સમાજ લાગતો હતો જેમાં બધા લોકોને પોતે કયું પાત્ર ભજવવાનું છે તેનો સચોટ ખ્યાલ રહેતો અને બધા જ લોકો પોતાનું પાત્ર પૂરી નિષ્ઠાથી ભજવતા હતા. પોતાની ફરજા અંગે તેઓ જાગ્રત હતા એમ કહેવા કરતાં તે બધાને પોતાની ફરજા પૂર્ણ કરવાનું વળગણ હતું એમ કહેવું વધારે યોગ્ય

થઈ પડે. આ બધા વિચારોને અંતે શિવને એક સરળ સત્ય સમજાયું કે જો સમગ્ર સમાજ પોતાની અંગત ફરજા પરત્વે સભાન હોય તો કોઈએ પોતાનો વ્યક્તિગત હક મેળવવા લડવું પડતું નથી. એનું કારણ એ જ કે દરેકનો વ્યક્તિગત હક એ સમાજના કોઈ ને કાઈ માણસની ફરજ બની રહેતી હતી. ભગવાન રામ સાચે જ અલૌકિક પ્રતિભા ધરાવતા હશે !

એટલે શિવે પણ નંદીના 'જય શ્રીરામ' શબ્દોનું પુનરુચ્ચારણ કર્યું.



પ્રશાસન દ્વારા બનાવવામાં આવેલા એક વિશ્રામગૃહમાં જ પોતાના અશ્વો મૂકીને એ લોકોએ હરિયુપા એટલે કે ભગવાનના નગર પાસેથી રાવી નદી પાર કરી. તેમને નદીની બીજી બાજુ આવેલા વિશ્રામગૃહમાંથી નવા અશ્વો ફાળવવામાં આવ્યા. એમાંના એક અશ્વ પર બેસીને શિવ હરિયુપાનું વિહંગાવલોકન કરીને તેને પ્રશંસી રહ્યા જ્યારે તેમના સૈનિકો તેમની પાછળ જ તેમની પ્રતીક્ષા કરતા રહ્યા. હરિયુપા શ્રીનગરથી ઘણું મોટું નગર હતું અને આટલે દૂરથી પણ ભવ્ય લાગતું હતું. શિવને એ નગરમાં ફરવા જવાનું મન થઈ આવ્યું પરંતુ એમ થાય તો દેવગીરી પહોંચવામાં મોડું થાય તેમ હતું. હરિયુપાની બાજુમાં જ કોઈ બાંધકામ થઈ રહ્યું હતું એમ શિવે જાયું. નવો વિશાળ મંચ બનાવવામાં આવી રહ્યો હતો કારણ કે જનસંખ્યા એટલી વધી ગઈ હતી કે અત્યારે જેની પર હરિયુપા વસેલું હતું તે મંચ હવે નાનો પડવા માંડ્યો હતો.

આ લોકો આટલા ભવ્ય મંચ બાંધતા કઈ રીતે હશે ?

વળતી યાત્રામાં આ બાંધકામના સ્થળની મુલાકાત લેવાનું શિવે મનોમન નક્કી કરી લીધું. થોડેક દૂર પોતાના અશ્વ પર સવાર થવા માટેના નાનકડા મંચ પર ચડી રહેલા નંદી સાથે વિશ્રામગૃહનો જટ્ટ નામે ઓળખાતો સંચાલક વાતો કરી રહ્યો હતો.

'જતકગીરીવાળો માર્ગ ટાળજા.' જટ્ટે કહ્યું. 'ગઈકાલે રાત્રે જ ત્યાં ત્રાસવાદીઓએ આક્રમણ કર્યું હતું. બધા જ બ્રાહ્મણોને મારી નંખાયા અને ગામનું મંદિર પણ તોડી પાડવામાં આવ્યું. બીજે ગામથી સૈનિકો આવે એ પહેલાં આ ત્રાસવાદીઓ હંમેશની જેમ છટકી ગયા.'

'હે અગ્નિદેવ, આપણે ક્યારે એમની ઉપર આક્રમણ કરીશું ? આપણે તો એમના દેશ પર જ આક્રમણ કરવું જોઈએ !' નંદીએ પોતાનો આક્રોશ ઠાલવ્યો.

'રુદ્ર ભગવાનના સોગંદ, જો મને આમાંથી એક પણ ચંદ્રવંશી ત્રાસવાદી મળી ગયો, તો હું એના શરીરના નાના નાના ટુકડા કરીને કૂતરાને ખવડાવી દઈશ.' જટ્ટ પણ મુઠ્ઠી વાળીને ઘૂરક્યો.

'જટ્ટ ! આપણે બધા સૂર્યવંશીઓ છીએ. આપણે એવા જંગલી વિચારો પણ ન કરી શકીએ !' નંદીએ કહ્યું.

'ત્રાસવાદીઓ આપણી પર આક્રમણ કરે છે, ત્યારે એ લોકો કોઈ પણ નિયમનું પાલન કરે છે ? શું એ લોકો નિઃશસ્ત્ર માણસોની હત્યા નથી કરતા ?'

'પણ એનો અર્થ એમ નથી થતો જટ્ટ કે આપણે પણ એવી જ રીતે વર્તવું. આપણે બધા મેલુહાવાસીઓ છીએ !' નંદીએ નકારમાં માથું હલાવતાં કહ્યું.

જટ્ટે નંદીની વાતનો કોઈ વિરોધ કર્યો નહીં. તેનું ધ્યાન થોડેક દૂર પ્રતીક્ષા કરી રહેલા શિવ પર પડ્યું. 'એ તારી સાથે છે ?' તેણે નંદીને પૂછ્યું.

'હા.'

'એણે વર્ણ સૂચવતું કોઈ માદળિયું નથી પહેર્યું. શું એ વિદેશી છે ?'

'હા.' નંદીએ ઉત્તર આપ્યો પણ શિવ વિષેના પ્રશ્નોથી તે મૂંઝાઈ રહ્યો હતો.

'અને તમે બધા દેવગીરી જઈ રહ્યા છો ?' જટ્ટના સંશયો વધતા જતા હતા. એ શિવના ગળાને ધારી ધારીને જોઈ રહ્યો હતો. 'મને શ્રીનગરથી એવી અફવા સાંભળવા મળી છે કે...'

નંદીએ જટ્ટને અધવચ્ચે અટકાવ્યો. 'સહાય માટે આભાર, જટ્ટ.'

જટ્ટ પોતાના સંશયોને વાચા આપે એ પહેલા નંદી ત્વરાથી નાનકડા મંચ પર થઈને પોતાના અશ્વ પર સવાર થઈ ગયો અને તેણે પોતાના અશ્વને શિવની દિશામાં લીધો. શિવ પાસે પહોંચીને તે બોલ્યો, 'આપણે તરત જ નીકળવું જોઈએ, પ્રભુ.'

શિવે તેમનો વાર્તાલાપ સાંભળ્યો નહોતો. જટ્ટને ઘૂંટણભેર બેઠેલો જોઇને શિવ ફરી એક વાર મૂંઝાઈ ગયા. જટ્ટ હાથ જોડીને શિવને વંદન કરી રહ્યો હતો. એ ઝડપથી કોઈ મંત્રો રટી રહ્યો હોય એમ પણ શિવને લાગ્યું. આટલે દૂરથી શિવને સ્પષ્ટતઃ તો ખ્યાલ ન આવ્યો પણ તેમને એમ લાગ્યું કે એ માણસ રડી રહ્યો હતો. પોતાનું માથું હલાવીને તેઓ ધીરેથી બોલ્યા, 'કેમ ?'

'આપણે હવે જવું જોઈએ, પ્રભુ.' આ વખતે નંદીએ થોડાક ઊંચા અવાજે કહ્યું.

શિવે તેની સામે જોઇને માથું હલાવીને હા પાડી અને તેમના અશ્વને આગળ વધવા માટે એડીથી ઇશારો કર્યો.



સીધા માર્ગે આગળ વધતી વખતે શિવે પોતાની ડાબી બાજુ સવારી કરી રહેલા નંદીનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું. પાછળ ફરીને તેમણે પોતાના ત્રણ સૈનિકોને ચોક્કસ અંતરે શિસ્તબદ્ધ રીતે આવતા જોઇને પણ આશ્ચર્ય ન અનુભવ્યું. એ લોકો પાસે પણ નહોતા અને દૂર પણ નહોતા. તેમણે પોતાનું ચોક્કસ અંતર સચોટ રીતે જાળવી રાખ્યું હતું. તેમણે નંદીનાં ઘરેણાં પણ ધ્યાનપૂર્વક જોયા. એ માત્ર શણગાર પૂરતાં નહોતાં એમ શિવને સંશય હતો. નંદીએ પોતાના જાડા જમણા હાથ પર બે માદળિયાં બાંધેલાં હતાં. પહેલા માદળિયા પર કોઈ લિપિમાં બે વાક્યો લખેલાં હતાં જે શિવને ઉકેલાયા જ નહીં. બીજા માદળિયા પર કોઈ પ્રાણી કોતરેલું હતું. કદાચ આખલો હતો, એમ શિવને લાગ્યું. તેણે જે સોનાનો દોરો પહેર્યો હતો તેની પર બરોબર ગોળ આકારના ચારે દિશામાં કિરણો ફેલાવતા સૂર્યનું લટકણિયું લગાવેલું હતું. તેના બીજા સોનાના દોરામાં એક લંબગોળ બીજ જેવું ભૂખરા રંગનું માદળિયું હતું અને તેની પર એકદમ બારીક દાણા કોતરેલા હોય એમ જણાતું હતું.

'તું મને તારાં આ બધાં આભૂષણોનું મહત્ત્વ સમજાવી શકીશ કે પછી એ પણ કોઈ રાજવી રહસ્ય છે ?' શિવે નંદીની મજાક કરી.

'એ તો હું અવશ્ય સમજાવી શકું, પ્રભુ.' નંદીએ નિષ્ઠાપૂર્વક કહ્યું. તેણે પોતાની ભુજા પર રેશમી સોનેરી દોરી વડે બંધાયેલું એક માદળિયું ચીંધીને કહ્યું, 'આ માદળિયું મારો વર્ણ સૂચવે છે. એની પર દોરેલી રેખાઓ પરમાત્માના ખભાનું પ્રતીક છે. તેનો અર્થ એમ થયો કે હું ક્ષત્રિય છું.'

'મને વિશ્વાસ છે કે અન્ય વર્ણો સૂચવવા માટે પણ સ્પષ્ટ નિયમો તો ઘડવામાં આવ્યા જ હશે.'

'આપ સાચું કહો છો, પ્રભુ. આપ અત્યંત ચકોર છો.'

'ના, હું નથી. પણ તમારા બધા વિશે એકદમ સરળતાથી ધારણા બાંધી શકાય એમ છે.'

નંદીએ સ્મિત કર્યું અને શિવે વાત ચાલુ રાખી, 'તો એ શું છે ?'

'શું શું છે, પ્રભુ ?'

'બ્રાહ્મણો, વૈશ્યો અને શૂદ્રો સૂચવતાં પ્રતીકો. . .'

'ઓહ. . .જો આ માદળિયા પરની રેખાઓ મસ્તકના આકારમાં હોય તો તેને ધારણ કરનાર બ્રાહ્મણ માનવો. વૈશ્ય વર્ણ સૂચવવા માટે ભગવાનનાં સાથળોનું પ્રતીક કોતરવામાં આવે છે. અને જો માદળિયા પર પરમાત્માના ચરણો કોતરવામાં આવે, તો એ શૂદ્ર વર્ણનું પ્રતીક બની રહે છે.'

'રસપ્રદ વાત છે.' શિવે સાશ્ચર્ય કહ્યું, 'તો મને એમ લાગે છે કે મોટાભાગના શૂદ્રો પોતાની પરિસ્થિતિથી વધારે ખુશ નહીં હોય.'

શિવની આ ટિપ્પણીથી નંદીને અત્યંત આશ્ચર્ય થયું. તેને સમજાયું નહીં કે શા માટે કોઈ શૂદ્રને સદીઓથી ચાલી આવતા આ પ્રતીક કે પોતાની પરિસ્થિતિમાં કોઈ સમસ્યા હોય. જોકે પ્રભુ સાથે અસહમતિ ન દર્શાવાય એવા ભયથી તે શાંત જ રહ્યો.

'અને આ બીજું માદળિયું ?' શિવે પૂછ્યું.

'આ બીજું માદળિયું મારી પસંદ કરેલી જ્ઞાતિ સૂચવે છે. દરેક જ્ઞાતિના લોકો તેમની ક્ષમતા અનુસારનું કાર્ય પસંદ કરે છે. દરેક મેલુહાવાસી જ્યારે પચીસ વર્ષનો થાય ત્યારે તેનાં માતા-પિતાનાં સલાહ-સૂચનો ધ્યાનમાં રાખીને પોતાની પસંદ અનુસાર પોતાની જ્ઞાતિ નક્કી કરે છે. તેના માટે એક પ્રતીક પણ પસંદ કરવાનું હોય છે. બ્રાહ્મણો પક્ષીઓમાંથી પોતાનું પ્રતીક પસંદગી કરે છે, ક્ષત્રિયો પ્રાણીઓમાંથી પસંદગી કરે છે, વૈશ્યો ફૂલોમાંથી અને શૂદ્રો મત્સ્યમાંથી પોતાનું પ્રતીક પસંદ કરે છે. જોકે એનું નિર્ધારણ કરતી સમિતિ અત્યંત કડક પરીક્ષણો કરે છે. તમે જે જ્ઞાતિ અને કાર્ય પસંદ કરો તે તમારી મત્ત્વાકાંક્ષા અને કૌશલ્યોને અનુરૂપ હોય, તો જ એ જ્ઞાતિ ફાળવવામાં આવે છે. પોતાની ક્ષમતાથી વધારે મોટી જ્ઞાતિ પસંદ કરવામાં આવે અને એ મુજબની સિદ્ધિઓ પ્રાપ્ત ન થાય તો એ માણસ આખું જીવન પસ્તાતો રહે છે. જો તમારી ક્ષમતાથી ઓછી ક્ષમતાવાળી જ્ઞાતિ અને કાર્ય પસંદ કરો તો તમે પોતે જ તમારા કૌશલ્યોને અન્યાય કરો છો. મેં આખલાનું પ્રતીક પસંદ કર્યું છે એટલે મારા બીજા માદળિયા પર એ પ્રતીક કોતરવામાં આવ્યું છે.'

'અને જો અસભ્ય ન લાગે, તો મને એમ પણ પૂછવા દે કે તેં પસંદ કરેલા ક્ષત્રિય વર્ણમાં આ આખલાનું પ્રતીક શું મત્ત્વ ધરાવે છે ?'

'આ પ્રતીક સિંહ, વાઘ કે હાથી જેટલું ઊંચું પ્રતીક કે જ્ઞાતિ નથી. જોકે એ ઉંદર કે ભૂંડ જેવું નિમ્ન પણ નથી !'

'હું માનું છું ત્યાં સુધી આખલો કોઈ પણ સિંહ કે હાથીને પરાસ્ત કરી શકે છે.' શિવે સસ્મિત કહ્યું, 'અને તેં ગળામાં સોનાના દોરા પર જે માદળિયાં પહેર્યાં છે એના વિશે તારું શું કહેવું છે ?'

'આ જે ભૂખરું બીજ છે એ તો છેલ્લા મહાદેવ ભગવાન રુદ્રનું પ્રતીક છે, રુદ્રાક્ષ. એ જીવનના સંરક્ષણ અને પુનર્જીવનનું પ્રતીક છે. એનાથી રક્ષિત જીવનનો દૈવી શસ્ત્રો પણ નાશ કરી શકતા નથી.'

'અને આ સૂર્ય ?'

'પ્રભુ, એ તો માત્ર એટલું જ સૂચવે છે કે હું સૂર્યવંશી રાજાનો, એટલે કે સૂર્યના વંશજાનો અનુયાયી છું.'

'શું ? તું એમ કહેવા માંગે કે સૂર્યએ પૃથ્વી પર આવીને કોઈ રાણી સાથે. . .' આશ્ચર્ય પામેલા શિવે ફરી નંદી સાથે ટીખળ કરી.

'ના, ના, એમ નથી, પ્રભુ.' નંદી હસતાં હસતાં બોલ્યો, 'એનો સરળ અર્થ એટલો જ થાય કે અમે સૂર્ય આધારિત પંચાંગ વાપરીએ છીએ. એટલે એમ કહી શકાય કે અમે "સૂર્યના માર્ગને અનુસરનારા" છીએ. વ્યવહારિક રીતે એનો અર્થ એમ થાય છે કે અમે લોકો મજબૂત અને અમારા વચન પર અટલ હોઈએ છીએ. અમે અમારા શબ્દોનું મૂલ્ય બહુ ઊંચું આંકીએ છીએ અને અમારા પ્રાણના ભોગે પણ અમારાં વચનો પાળીએ છીએ. અમે કદી પણ નિયમોનું ઉલ્લંઘન કરતા નથી. અમે બધા સાથે સન્માન અને નિયમ અનુસાર જ વર્તન કરીએ છીએ. સૂર્યની જેમ અમે કોઈની પાસેથી કશું જ લેતા નથી પણ બધાને આપતા રહીએ છીએ. અમારી ફરજા અમારા આત્માનો ભાગ બની ગઈ હોય છે જેથી અમે તેને કદી પણ ભૂલીએ નહીં. સૂર્યવંશી હોવું એટલે હંમેશાં પ્રમાણિકતા અને બહાદુરીથી જીવવું અને સત્યને જ વળગી રહેવું.'

'આ તો બહુ ઊંચું લક્ષ્ય છે ! ભગવાન રામ પણ સૂર્યવંશી હતા, ખરું ?'

'હા, એ તો હતા જ.' નંદીએ કહ્યું ત્યારે તેની છાતી ગર્વથી ફૂલી ગઈ હતી. 'એ તો સૌથી મહાન સૂર્યવંશી રાજા હતા. જય શ્રીરામ.'

'જય શ્રીરામ.' શિવે પડઘો પાડ્યો.



શિવ અને નંદીએ એક નાવમાં બીઆસ નદી પાર કરી. સૈનિકો એ પછીની નાવમાં આવવાના હતા. તેમના માર્ગમાં આવતી નદીઓમાં બીઆસ સૌથી છેલ્લી હતી. એના પછી દેવગીરી સુધીનો સીધો માર્ગ હતો. આગલી રાત્રે માવઠું પડી જવાને કારણે નદીકિનારે આવેલા વિશ્રામગૃહના સંચાલકે એક દિવસ પૂરતું નદી ઓળંગવા પર પ્રતિબંધ મૂક્યો હતો. જોકે એ દિવસે સવારથી વાતાવરણ શાંત જ હતું એટલે સંચાલકે પાછી નાવની સેવા શરૂ કરાવી હતી. શિવ અને નંદી સાથે નાવમાં નાવિક ઉપરાંત અન્ય બે યાત્રીઓ પણ હતા. એ લોકો પણ નદીકિનારે આવેલા વિશ્રામગૃહમાં પોતાના અશ્વો મૂકી આવ્યા હતા, જેથી નદીની બીજી બાજુ તેમને બીજા અશ્વો મળી રહે.

એ લોકો નદીના સામા કાંઠે પહોંચવામાં જ હતા કે અચાનક માવઠું પડવા માંડ્યું. અચાનક જ પવન બહુ ગતિથી ફૂંકાવા લાગ્યો. નાવિકે ત્વરાથી સામે કાંઠે પહોંચવાનો પ્રયત્ન કર્યો પરંતુ કુદરત સામે લાચાર નાવ ભયાનક રીતે હાલકડોલક થવા માંડી હતી. નંદી શિવ પાસે જઈને એમને નીચા નમીને સલામત રહેવાનું કહેવા જતો હતો પરંતુ એ સરળતાથી એમ કરી શક્યો નહીં. એના વધારે પડતા વજનને કારણે હોડી નમી ગઈ અને તે નદીમાં જઈ પડ્યો.

નાવિકે નાવનું સમતોલન જાળવવાનો પ્રયત્ન કર્યો કે જેથી અન્ય યાત્રીઓને બચાવી શકાય. જોકે એમ કરતી વખતે પણ એણે સાવચેતી દાખવીને શંખ તો ફૂંકવા જ માંડ્યો હતો કે જેથી સામે પારથી સહાય મળી રહે. નાવમાં બેઠેલા બંને યાત્રીઓએ કૂદીને નંદીને બચાવવો જાઈતો હતો પણ નંદીના ભારે શરીરને કારણે એ લોકો ખચકાઈ ગયા. એ લોકો જાણતા હતા કે નંદીને બચાવવા જતા એ લોકો જ ડૂબી જશે.

જોકે શિવને આવો કોઈ ખચકાટ થયો નહીં. તેમણે એકદમ વીજળીવેગે પોતાનું અંગવસ્ત્ર અને જાડા કાઢીને વેગીલી નદીમાં કૂદકો માર્યો. પૂરી શક્તિથી હાથ વીંઝીને શિવ

ડૂબી રહેલા નંદી પાસે પહોંચી ગયા. નંદીને સપાટી પર ખેંચી લાવવા માટે શિવે પોતાનું બધું જ જોર વાપરવું પડ્યું. પાણીની તારણશક્તિ છતાં નંદી સામાન્ય માણસ કરતાં ઘણો જ વધારે ભારે લાગતો હતો. એ તો નંદીનું સદ્નસીબ કે શ્રીનગરની છાવણીમાં પહેલી રાત્રિ પછી શિવને ક્યારેય ન વર્તાઈ હોય, એટલી સ્ફૂર્તિ વર્તાતી હતી. શિવ નંદીની પાછળ ગોઠવાયા અને તેમણે નંદીની છાતી ફરતે પોતાનો એક હાથ લપેટ્યો અને બીજા હાથ વડે તરતાં તરતાં તેઓ સામા કાંઠે પહોંચ્યા. નંદીના વજનને કારણે એ કામ અત્યંત થકવી નાખનારું હતું પણ ગમે તેમ કરીને શિવે નંદીને સામે કાંઠે પહોંચાડ્યો અને એ જ સમયે વિશ્રામગૃહના માણસો સહાય કરવા પણ આવી પહોંચ્યા. શિવે નંદીના નબળા પડી ગયેલા શરીરને કાંઠા પર ખેંચવામાં તેમની સહાય કરી. નંદી તો બેભાન થઈ ગયો હતો.

પછી આપાતકાલીન સહાય કરવા આવેલા લોકોએ એક વિચિત્ર વિધિ શરૂ કરી. એક માણસ પાંચ ગણીને ચોક્કસ સમયના અંતરાલે નંદીની છાતી દબાવવા માંડ્યો. એ જેવો અટકતો કે બીજો માણસ નંદીના મોઢામાં પોતાના મોઢા વડે હવા ફૂંકતો હતો. અને એ લોકો એ પ્રક્રિયાનું પુનરાવર્તન કરે રાખતા હતા. શું થઈ રહ્યું છે એ શિવને સમજાયું નહીં પરંતુ તેને એ બંને માણસો પર અને મેલુહાવાસીઓના વૈદકીય જ્ઞાન પર પૂરતો વિશ્વાસ હતો.

ઘણી લાંબી ક્ષણો સુધી બધાને ચિંતા કરાવીને નંદીએ ઝટકા સાથે પોતાના પેટમાંથી પાણી બહાર કાઢ્યું અને ભાનમાં આવી ગયો. એક ક્ષણ તો તેને કંઈ સમજાયું નહીં પરંતુ પછી તેને બધું જ યાદ આવી ગયું અને તે બેઠો થઈને શિવ સામે ફર્યો. તેણે જોરથી કહ્યું, ‘મારા પ્રભુ, આપ શા માટે મારી પાછળ કૂદ્યા ? આપનું જીવન તો અમૂલ્ય છે. આપે કદી પણ મારા માટે આપનો જીવ જોખમમાં મૂકવો નહીં !’

શિવને આશ્ચર્ય થયું. તેમણે નંદીને પાછળથી ટેકો આપ્યો અને તેના કાનમાં કહ્યું, ‘શાંત થા, મારા મિત્ર.’

શિવના સૂચન અનુસાર, આપાતકાલીન સહાય આપવા આવેલા માણસોએ નંદીને ઊંચકીને જ વિશ્રામગૃહમાં પહોંચાડ્યો. નાવમાં સવાર અન્ય યાત્રીઓ શિવને બહુ જિજ્ઞાસાપૂર્વક નીરખી રહ્યા હતા. એ લોકો માદળિયા પરથી એટલું તો જાણી ચૂક્યા હતા કે પેલો મેદસ્વી માણસ કોઈ વરિષ્ઠ સૂર્યવંશી સૈનિક હતો. તેમ છતાં એ માણસ આ જ્ઞાતિના માદળિયા વિનાના માણસને ‘મારા પ્રભુ’ કહી રહ્યો હતો. બધાને એ વાત વિચિત્ર તો લાગી પરંતુ એ સૈનિક બચી ગયો હતો, એ વાત મહત્ત્વની હતી. શિવ નંદી પાછળ પાછળ વિશ્રામગૃહમાં ગયા અને બીજા લોકો પોતપોતાના માર્ગે આગળ વધ્યા.



પ્રકરણ ૩
સતીનો શિવના જીવનમાં પ્રવેશ

નંદીના શરીરમાં જે ઓસડિયાંઓ ઉતારવામાં આવ્યાં હતાં તેની અસર હેઠળ નંદી ઘણા કલાકો સુધી અર્ધ-બેભાન અવસ્થામાં પડ્યો રહ્યો હતો. શિવ તેની પાસે બેઠા હતા અને વારંવાર તેના ધગધગતા કપાળ પર મૂકેલું ભીના પાણીનું પોતું બદલતા હતા. નંદી ઊંઘમાં આમતેમ પડખાં ફરતો હતો અને બબડાટ કરતો હતો જેથી શિવનું કામ થોડુંક અઘરું બની રહ્યું હતું.

'મેં બહુ સમય સુધી શોધ કરી. . .ઘણો સમય. . .સો વર્ષ જેટલી. . .મેં કદી નહોતું વિચાર્યું કે. . .નીલકંઠ શોધીશ. . .જય શ્રીરામ. . .'

શિવ નંદીના બબડાટની અવગણના કરીને તેના તાવને કાબૂમાં રાખવા મહેનત કરતા રહ્યા. પણ એક શબ્દએ એમને બરોબર વિચારતા કરી મૂક્યા.

એ સો વર્ષથી શોધી રહ્યો હતો ? !

શિવની આંખો પહોળી થઈ ગઈ.

તાવ હવે એના મગજ પર ચડી રહ્યો લાગે છે ! એની ઉંમર તો વીસ વર્ષથી જરા પણ વધારે લાગતી નથી.

'હું સો વર્ષથી શોધી રહ્યો હતો. . .' નંદીનો બબડાટ ચાલુ જ હતો. '. . .મેં શોધી કાઢ્યા. . .નીલકંઠ. . .'

એક ક્ષણ અટકીને શિવ નંદી સામે જોઈ રહ્યા. પછી પોતાનું માથું હલાવી તેમણે એ વિચાર ખંખેરી નાખ્યો અને નંદીની સેવા ચાલુ રાખી.



શિવ લગભગ એકાદ કલાકથી બીઆસ નદીની સમાંતરે બનાવેલા માર્ગ પર ચાલી રહ્યા હતા. તેઓ આ વિસ્તાર જાવા નીકળી પડ્યા હતા. નંદી ત્વરાથી સાજા થઈ રહ્યો હતો અને તેણે એમ ન કરવાની સલાહ આપી હતી. નંદીના જીવનનું જાખમ હવે ટળી ગયું હતું પરંતુ તેને અમુક દિવસ સુધી આરામ કરવાની સલાહ તો અવશ્ય અપાઈ હતી જેથી એ યાત્રા કરવા જેટલો સક્ષમ થઈ શકે. વિશ્રામગૃહમાં તો શિવને કંઈ કામ કરવાનું નહોતું અને થોડા સમયમાં તો એ એકદમ કંટાળી ગયા હતા. ત્રણેય સૈનિકોએ શિવની પાછળ આવવાનો પ્રયત્ન કર્યો પરંતુ શિવે ક્રોધપૂર્વક તેમને પાછા મોકલી દીધા હતા. 'આ રીતે હવે મને જળોની જેમ વળગી રહેવાનું બંધ કરશો ?'

બીઆસ નદીના વહેતા પાણીનો અવાજ કોઈ મંત્રોચ્ચારની જેમ શિવના મનને શાંત

કરી રહ્યો હતો. નદી પર થઈને આવતી ઠંડા પવનની લહેરખી તેમની જાડી લટોને હવામાં ઉડાડી રહી હતી. તેમનો હાથ તેમના મ્યાનના પટ્ટા પર ટેકવાયેલો હતો અને તેમના મગજમાં અનેક પ્રશ્નો ઊઠી રહ્યા હતા.

શું નંદીની ઉંમર ખરેખર સો વર્ષથી વધારે હશે *? !* પણ એ તો અશક્ય છે *!* અને આ મેલુહાના લોકોને વળી મારી શું આવશ્યકતા હશે *?* અને, હે પવિત્ર સરોવર, મારું ગળું હજુ ઠંડું કેમ છે *?*

વિચારોમાં ખોવાયેલા શિવને ખ્યાલ ન આવ્યો કે તે મુખ્ય રસ્તો છોડીને એક નાનકડા મેદાનમાં આવી ગયા હતા અને તેમની સામે તેમણે પોતાના જીવનમાં જોયેલી ઇમારતોમાં સૌથી સુંદર ઇમારત ઊભી હતી. એ આખી ઇમારત શ્વેત અને ગુલાબી આરસથી જ બનાવવામાં આવી હતી. એ ઇમારતના ઊંચા મંચ પર પહોંચવા માટે ઘણાં બધાં પગથિયાં બનાવેલાં હતાં અને તેની ફરતે સ્તંભોની હારમાળા પણ હતી. અતિઅલંકૃત છતની ઉપર એક વિશાળ ત્રિકોણાકાર શિખર હતું. દૂરથી એમ લાગતું જાણે કોઈ વિશાળ હાથ જોડીને ભગવાનને નમસ્તે કરી રહ્યું હોય. એ ઇમારતમાં જ્યાં પણ જગ્યા હતી ત્યાં બધે જ મૂર્તિઓ કોતરવામાં આવી હતી.

શિવને મેલુહા સામ્રાજ્યમાં આવ્યે હવે ઘણા દિવસો થઈ ગયા હતા અને અત્યાર સુધીમાં તેમણે જેટલી પણ ઇમારતો જોઈ હતી તે બધી જ ઉપયોગી અને કાર્યદક્ષ રીતે જ બનાવવામાં આવેલી હતી. જોકે આ ઇમારત એ બધાંથી અલગ, એકદમ ભવ્ય લાગતી હતી. પ્રવેશદ્વાર આગળ એક જગ્યાએ કોતરેલું હતું, 'ભગવાન બ્રહ્માનું મંદિર'. મેલુહાવાસીઓ ધાર્મિક જગ્યાઓ માટે પોતાની સર્જનાત્મકતા અનામત રાખતા હોય એમ જણાતું હતું.

એ મંદિરની આસપાસની ખુલ્લી જગ્યામાં કેટલાક ફેરિયાઓ પણ હતા. કોઈ ફૂલો વેચી રહ્યું હતું તો કોઈ ખાવા-પીવાની વસ્તુઓ વેચી રહ્યું હતું. અમુક ફેરિયાઓ પૂજા માટેની વસ્તુઓ પણ વેચી રહ્યા હતા. મંદિરમાં જનારા લોકો પોતાનાં પગરખાંઓ મૂકી શકે એની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. શિવે પોતાના જોડા ત્યાં ઉતાર્યા અને પગથિયાં ચડવા માંડ્યા. મુખ્ય મંદિરમાં પ્રવેશીને શિવ તેના સ્થાપત્ય અને મૂર્તિઓને ફાટી આંખે જોઈ રહ્યા. એની ભવ્યતાથી તેઓ અંજાઈ ગયા હતા.

'તમે અહીંયાં શું કરી રહ્યા છો ?'

શિવે પાછળ ફરીને જોયું તો એક પંડિત તેની સામે પ્રશ્નાર્થસૂચક દૃષ્ટિથી જોઈ રહ્યો હતો. તેમના કરચલીવાળા મુખની નીચે લાંબી દાઢી હવામાં ફરફરી રહી હતી અને તેમના ખુલ્લા શ્વેત કેશ પણ એટલા જ લાંબા હતા. એ માણસે કેસરી ધોતી અને અંગવસ્ત્ર પહેર્યું હતું અને તેનો દેખાવ એવો મૃદુ અને શાંત હતો જાણે તેને નિર્વાણ પ્રાપ્ત થઈ ગયું હોય અને પોતાની સ્વર્ગીય ફરજો પૂરી કરવા જ તે આ પૃથ્વી પર રોકાયો હોય. પછી શિવને એમ પણ વિચાર આવ્યો કે આ પંડિત એટલે તેણે મેલુહામાં જોયેલો પહેલો વૃદ્ધ માણસ.

'ક્ષમા કરશો. શું અહીંયાં આવવાની પરવાનગી નથી ?' શિવે વિનમ્રતાથી પૂછ્યું.

'અરે, અહીં તો બધાને આવવાની પરવાનગી છે. ભગવાનનાં દ્વાર તો બધાં માટે ખુલ્લાં હોય છે.'

શિવે સ્મિત કર્યું. જોકે શિવ કંઈ પ્રતિક્રિયા આપે એ પહેલાં જ પંડિતે તેને પૂછી લીધું, 'પરંતુ તમે તો ભગવાનમાં માનતા જ નથી, ખરું ને ?'

જેટલી ત્વરાથી શિવના મુખ પર સ્મિત આવ્યું હતું, તેટલી જ ત્વરાથી તે અદૃશ્ય પણ થઈ ગયું.

આ માણસને એની કઈ રીતે જાણ ?

શિવની આંખોમાં રમી રહેલા આ પ્રશ્નનો ઉત્તર પંડિતે આપી દીધો. 'આ મંદિરમાં પ્રવેશનારા દરેક શ્રદ્ધાળુની નજર ભગવાન બ્રહ્માની મૂર્તિ પર જ હોય છે. જે સ્થપતિઓએ આ મંદિરનું નિર્માણ કર્યું હતું, તે લોકો કેટલા પ્રતિભાશાળી હતા તેની કોઈ નોંધ પણ લેતું નથી. તમે જોકે માત્ર સ્થપતિઓનાં કાર્યોને જ નિહાળી રહ્યા હતા અને હજુ સુધી તમે મુખ્ય મૂર્તિ ઉપર તો નજર પણ નથી નાખી.'

શિવે ક્ષમાપ્રાર્થી સ્મિત કર્યું. 'તમારી એ ધારણા સાચી છે. હું ભગવાનનાં પ્રતીકોમાં નથી માનતો. હું એમ માનું છું કે ભગવાન તો આપણી આસપાસ બધે જ છે. નદીના વહેણમાં, પાંદડાંઓથી થતા અવાજમાં, પવનના સુસવાટામાં. એ સતત આપણી સાથે વાતો કરતા હોય છે. આપણે માત્ર ધ્યાનથી સાંભળવાની જ આવશ્યકતા છે. જોકે તમારા ભગવાન પ્રત્યે આદરભાવ ન દાખવીને મેં તમને દુઃખ પહોંચાડ્યું હોય તો હું ક્ષમા માગું છું.'

'એમાં તમારે ક્ષમા માંગવાની કોઈ જ આવશ્યકતા નથી, મારા મિત્ર.' એ પંડિતે સસ્મિત કહ્યું. 'અને "મારા ભગવાન" કે "તમારા ભગવાન" જેવું કંઈ પણ હોતું નથી. બધું જ દેવી ત્ત્વ એક જ સ્રોતમાંથી પ્રગટે છે. માત્ર તેનાં સ્વરૂપો જ ભિન્ન હોય છે. જોકે મને વિશ્વાસ છે કે એક દિવસ તમને અવશ્ય એવું મંદિર મળી આવશે જેમાં તમે તેની સુંદરતા માટે નહીં પરંતુ માત્ર પ્રાર્થના કરવા જ જશો.'

'સાચે જ ? એ વળી કયું મંદિર હશે ?'

'તમે તૈયાર હશો ત્યારે આપોઆપ જ તમને એ મંદિર મળી આવશે, મારા મિત્ર.'

આ મેલુહાવાસીઓ શા માટે હંમેશાં ઉખાણાની ભાષામાં જ વાત કરતા હશે ?

શિવે વિનમ્રતાપૂર્વક માથું હલાવીને હા પાડી અને પંડિતના શબ્દોનો અર્થ એ પૂરો નહોતા સમજ્યા તેમ છતાં તેમના હાવભાવમાં પંડિત પ્રત્યે પ્રશંસા નીતરી રહી હતી. પછી શિવે વિચાર્યું કે આ માણસની સદ્ભાવનાનો અંત આવી જાય એ પહેલાં મારે અહીંથી જતા રહેવું જોઈએ.

'હવે મારે વિશ્રામગૃહ પાછા ફરવું પડશે, પંડિતજી. જોકે મને મારા ભાગ્યમાં લખાયેલું એ મંદિર શોધવાની આતુરતા રહેશે. તમને મળીને આનંદ થયો.' કહીને શિવ પંડિતનો ચરણસ્પર્શ કરવા નમ્યા.

શિવના મસ્તક પર પોતાનો હાથ મૂકીને પંડિત મૃદુતાથી બોલ્યા, 'જય ગુરુ વિશ્વામિત્ર. જય ગુરુ વશિષ્ઠ.'

શિવ આશીર્વાદ લઈને પગથિયાં ઊતરવા માંડ્યા. શિવ એટલે દૂર જતા રહ્યા છે કે એ કંઈ સાંભળી શકે તેમ નથી, એટલો વિશ્વાસ થઈ જતાં પંડિતે પ્રશંસાસૂચક સ્મિત કર્યું. એ પોતાના કર્મપથના સાથીને ઓળખી ગયા હતા. 'તમને મળીને મને પણ આનંદ થયો, કર્મસાથી.'

શિવે પગરખાં સાચવનારની જગ્યાએ જઈને પોતાનાં જાડા પહેર્યાં અને સેવા માટે એક સિક્કો સાચવનારને આપ્યો. એ માણસે વિનમ્રતાથી ના પાડી. 'આભાર, પરંતુ આ સેવા તો મેલુહાના પ્રશાસન તરફથી પૂરી પાડવામાં આવે છે. તેના માટે કશું જ ચૂકવવાનું રહેતું નથી.'

શિવે સ્મિત કર્યું, 'અલબત્ત ! દરેક જગ્યાએ તમારા પ્રશાસનની વ્યવસ્થા તો હોય જ છે. આભાર.'

પગરખાં સાચવનારે વળતું સ્મિત કર્યું, 'અમે તો માત્ર અમારી ફરજ નિભાવી રહ્યા છીએ.'

પછી શિવ પાછા મંદિરના પગથિયા સુધી ગયા અને તેની પર બેસીને મંદિરના શાંત વાતાવરણને ઊંડા શ્વાસ લઈને માણવા માંડ્યા. અને પછી એ ક્ષણ આવી. એ ક્ષણ જેની દરેક હૃદયને ઝંખના હોય છે. એવી ક્ષણ જે દરેક માણસના આત્મામાં પૂર્વજન્મની સ્મૃતિરૂપે સચવાયેલી હોય છે અને જેની એ આત્માને સનાતન ઝંખના હોય છે. એવી ક્ષણ જેની ઝંખના બધાને હોય છે પરંતુ બહુ ઓછા લોકો તેને અનુભવી શકતા હોય છે. એ ક્ષણ જ્યારે જીવનમાં એવું પાત્ર પ્રવેશે છે જેને પામવા માણસ જન્મોજન્મ સુધી પ્રતીક્ષા કરતો હોય છે.

એ એક રથ ચલાવતી આવી રહી હતી. તેણે કુશળતાપૂર્વક રથને મંદિરના પ્રાંગણમાં લીધો ત્યારે તેની બાજુમાં બેઠેલી તેની સાથી રથનો એક દંડો પકડીને બેઠી હતી. તેના કાળા કેશ એક સાદા અંબોડામાં જ બાંધેલા હતા તેમ છતાં અમુક લટો છૂટી પડીને હવામાં કથક નૃત્ય કરી રહી હતી. તેની વેધક, ચુંબકીય, ભૂરી આંખો અને તામ્રવર્ણી ત્વચાની અદેખાઈ તો દેવીઓને પણ થઈ આવે તેમ હતી. તેના શરીર પર એક લાંબુ અંગવસ્ત્ર જ વીંટાળેલું હતું તેમ છતાં એની હેઠળ ઢંકાયેલા દેહના આરોહ-અવરોહ વિશે વિચારવા શિવનું મન લલચાઈ ગયું. રથને યોગ્ય જગ્યાએ ઊભો રાખતી વખતે તેના મુખ પર એકાગ્રતાના હાવભાવ મૂર્ત થયેલા લાગતા હતા. પછી તે આત્મવિશ્વાસપૂર્વક રથમાંથી નીચે ઊતરી. એ શાંત આત્મવિશ્વાસ હતો જે હજુ અભિમાનની દિશામાં આગળ વધ્યો નહોતો. તેની ચાલ ભવ્ય હતી. તે એટલી રાજવી લાગતી હતી કે જાનારને એટલું તો સમજાઈ જ જાય કે તે બધાથી અલગ છે પરંતુ અરસિક નથી. જાણે સૂકી ધરતી વરસાદી વાદળોને ઝંખી રહી હોય એમ શિવ તેને જાઈ રહ્યા.

હે ભગવાન, કૃપા કરો *!*

'દેવી, આપણા લોકોથી આટલા દૂર આવવું મને તો હજુ પણ યોગ્ય નથી લાગતું.' તેની સાથીએ કહ્યું.

તેણે ઉત્તર આપ્યો, 'કૃતિકા, બીજા લોકો નિયમ ન જાણતા હોય એટલે આપણે પણ એ નિયમની અવગણના કરીએ, એ વાત યોગ્ય નથી. ભગવાન રામે સ્પષ્ટતઃ કહ્યું છું કે દરેક ધર્મનિષ્ઠ સ્ત્રીએ વર્ષમાં એક વાર તો ભગવાન બ્રહ્માના મંદિરે દર્શન કરવા આવવું જ. હું એ નિયમ કોઈ પણ સંજાગોમાં નહીં તોડું, પછી ભલેને અંગરક્ષકોને તેનાથી જેટલી અગવડ પડવી હોય એટલી પડે !'

શિવની પાસેથી પસાર થતી વખતે એ સ્ત્રીએ નોંધ્યું કે શિવ તેને તાકી રહ્યા હતા. તેની ભમરો આશ્ચર્યથી કમાનાકારે ગોઠવાઈ અને પછી તેમાં ગુસ્સાના ભાવ પણ રચાયા. નજર ફેરવી લેવા માટે શિવે ભારે પ્રયત્ન કર્યો પરંતુ તેમને એમ લાગ્યું કે આંખો પર હવે તેમનું નિયંત્રણ જ રહ્યું નથી. એ સ્ત્રી આગળ વધતી રહી અને કૃતિકા પણ તેને અનુસરતી રહી.

ઉપર પહોંચીને એ સ્ત્રીએ પાછળ ફરીને નીચે બેઠેલા પેલા જ્ઞાતિ વિહીન વિદેશી સામે નજર કરી. એ માણસ હજુ પણ વિના સંકોચ તેને જ જાઈ રહ્યો હતો, એ તેણે નોંધ્યું. પાછા મંદિરની દિશામાં ફરીને આગળ વધતા પહેલાં તેણે હળવેથી કૃતિકાને કહ્યું, 'આ ગામડિયા વિદેશીઓ ! જાણે આ જંગલીઓમાંથી જ આપણા તારણહાર મળી આવવાના હોય !'

એ સ્ત્રી દેખાતી બંધ થઈ પછી જ શિવ શ્વાસ લઈ શક્યા. એ પોતાની જાતને સંભાળવાનો પ્રયત્ન કરી રહ્યા હતા તે દરમિયાન તેમના નિઃસહાય અને લાગણીઓથી ઊભરાઈ રહેલા મગજે એક નિર્ણય અવશ્ય લઈ લીધો હતો કે એ સ્ત્રીને બીજી વાર જોયા

પહેલાં તો તે આ મંદિર છોડીને ક્યાંય જશે નહીં. એ ફરી વાર એ પગથિયાંઓ પર જ બેસી ગયા. તેમના હૃદયના ધબકારા અને શ્વાસોશ્વાસ નિયમિત થયા પછી તેમણે આસપાસ નજર ફેરવી. એ સ્ત્રીની ઉપસ્થિતિમાં તે આસપાસનું બધું જ વિસ્મરી ગયા હતા. ડાબી બાજુના જે માર્ગથી એ આવી હતી તેને શિવ તાકી રહ્યા. ત્યાં એક વડના વૃક્ષ નીચે એક કાકડી વેચતો ફેરિયો બેઠો હતો, જેની પાસેથી એ સ્ત્રી રથ હંકારીને આવી હતી.

આ ફેરિયો પોતાની વસ્તુઓ વેચવાનો પ્રયત્ન કેમ નથી કરી રહ્યો ? એ આ મંદિરને તાકી રહ્યો લાગે છે. જોકે, એ કંઈ મારો ધંધો તો છે નહીં.

રથ ડાબી બાજુ વળ્યા પછી જે માર્ગે આગળ વધ્યો હતો, એ માર્ગને શિવની નજર અનુસરવા માંડી. પ્રાંગણની મધ્યમાં એક ફુવારો હતો. રથે એક ભરવાડની એકદમ બાજુમાંથી જ જમણે વળાંક લીધો હતો.

પણ આ ભરવાડનાં ઘેટાં ક્યાં છે ?

ત્યાંથી રથ જ્યાં ઊભો હતો ત્યાં સુધી શિવની નજર આગળ વધી. રથની બાજુમાં જ એક માણસ ઊભો હતો જે હમણાં જ મંદિરના પ્રાંગણમાં પ્રવેશ્યો હતો પરંતુ હજુ સુધી તે મંદિરમાં પ્રવેશ્યો નહોતો. એ માણસે પેલા ભરવાડ સામે જોઇને હળવેથી ડોકું હલાવ્યું હોય એમ શિવને લાગ્યું. પોતાનાં નિરીક્ષણોમાંથી શિવ કંઈ તારવે એ પહેલાં તો પેલી સ્ત્રીની ઉપસ્થિતિ શિવને અનુભવાઈ. શિવે તરત જ પાછળ જાયું તો એ સ્ત્રી અને તેની કૃતિકા નામની સાથી શાંતિથી નીચે ઊતરી રહેલાં દેખાયાં. એ સ્ત્રીએ ફરી વાર જ્ઞાતિના માદળિયા વિનાના અસભ્ય વિદેશીને પોતાની સામે તાકી રહેતા જાયો એટલે તે સ્ત્રી શિવની પાસે આવી અને દૃઢ પરંતુ નમ્ર અવાજે બોલી, ‘ક્ષમા કરશો, કોઈ સમસ્યા છે ?’

‘ના, ના. કોઈ જ સમસ્યા નથી, પરંતુ મને એમ લાગે છે કે મેં આ પહેલાં આપને ક્યાંક જોયાં છે.’ કહેતાં કહેતાં શિવના ગાલ લાલ થઈ ગયા.

આ વાતનો ઉત્તર કઈ રીતે આપવો એ સન્નારીને સમજાયું નહીં. આમ તો એ અસત્ય જ હતું પરંતુ અવાજમાં સચ્ચાઈનો રણકો હતો. એ કોઈ પ્રતિક્રિયા આપે એ પહેલાં કૃતિકા અસભ્ય રીતે વચ્ચે કૂદી પડી. ‘તને આનાથી વધારે સારું કોઈ બહાનું સૂઝ્યું જ નહીં ?’

શિવ એનો કોઈ ચાતુર્યભર્યો ઉત્તર આપવા જતા હતા કે તેમને પેલા કાકડી વેચતા ફેરિયાની દિશામાં કોઈ ત્વરિત હલનચલન થતી દેખાઈ. શિવે પાછળ ફરીને જાયું તો એ માણસે પોતાની શાલ ફેંકી દઈને તલવાર ખેંચી કાઢી હતી. પેલો ભરવાડ અને રથની પાસે ઊભેલો માણસ પણ તલવારો તાણીને યોદ્ધાની પારંપરિક મુદ્રામાં ઊભા રહી ગયા હતા. શિવે પણ વીજળીવેગે જમણા હાથે તલવાર ખેંચી કાઢી અને બંને સન્નારીઓનું રક્ષણ કરવા ડાબો હાથ તેમની આગળ ફેલાવી દીધો. સન્નારીએ જોકે તેમનો હાથ ઝાટકીને દૂર હટાવી દીધો, પોતાના અંગવસ્ત્રની ઘડીમાં હાથ નાખીને પોતાની તલવાર ખેંચી કાઢી. આશ્ચર્ય પામેલા શિવે તેની સામે ત્વરાથી એક પ્રશંસાસૂચક સ્મિત કરી લીધું. સન્નારીની આંખોમાં પણ આવી અણધારી અને ટૂંકા ગાળાની ભાગીદારી માટે સ્મિત આવી ગયું.

તેણે એકદમ ધીમા અવાજે કૃતિકાને કહ્યું, ‘મંદિરની અંદર દોડી જો અને આ પતી જાય ત્યાં સુધી તું ત્યાં જ રહેજે.’

કૃતિકાએ વિરોધ નોંધાવ્યો. ‘પરંતુ દેવી. . .’

‘અત્યારે જ !’ તેણે હુકમ ફરમાવ્યો.

કૃતિકા દોડીને મંદિરનાં પગથિયાં ચડવા માંડી. શિવ અને એ સન્નારી આગળપાછળ એક સાથે બચાવની મુદ્રામાં ઊભાં રહ્યાં કે જેથી ગમે તે દિશામાંથી થતું આક્રમણ ખાળી શકે. ત્રણેય આક્રમણકારો તેમની પર ધસી આવ્યા. બીજા બે આક્રમણકારો વૃક્ષો

પાછળથી બહાર આવ્યા. પેલો ભરવાડ જેવો પાસે આવ્યો કે શિવે રક્ષણાત્મક રીતે પોતાની તલવાર ઊંચી કરી. એને લલચાવીને આગળ વધવા પ્રેરવા માટે શિવે પોતાની તલવાર નીચી રાખી હતી. જો એ માણસ શિવની હત્યા કરવાના ઇરાદાથી એકદમ પાસે ધસી આવે તો શિવ ત્વરાથી પોતાની તલવાર ઊંચી કરીને તેના હૃદયમાં ઉતારી દેશે એમ તેમણે વિચાર્યું હતું.

ભરવાડે જોકે અણધારી ચાલ ચાલી. શિવની નીચી તલવારથી ઉત્પન્ન થતી તકનો લાભ લેવાને બદલે તેણે શિવના ખભા પર જ પ્રહાર કર્યો. શિવે ત્વરાથી પોતાનો જમણો હાથ ઊંચો કરીને પોતાની તલવાર વીંઝી અને એ માણસના ધડ પર ઊંડો ચીરો પાડી દીધો. એ ભરવાડ પાછળ હઠી ગયો અને તેની જગ્યાએ જમણી બાજુથી બીજો માણસ આવી ગયો. તે થોડુંક અંતર જાળવીને તલવાર વીંઝી રહ્યો હતો પણ એ રણનીતિ યોગ્ય નહોતી, કારણ કે તેનાથી પ્રતિસ્પર્ધીને માત્ર ઉપરછલ્લી રીતે જ ઘાયલ કરી શકાય એમ હતો. શિવે પાછળ ખસી જઈને તેના પ્રહારો ચૂકવી દીધા અને નીચેથી તેમણે પોતાની તલવાર ઉપર વીંઝીને એ માણસના સાથળ પર ચીરો પાડી દીધો. એ આક્રમણકાર પણ પીડાથી ચીસ પાડતો પાછળ ખસી ગયો. એ જ સમયે ડાબી બાજુથી ત્રીજા આક્રમણકાર શિવ સામે ધસી ગયો અને શિવને વિચાર પણ આવ્યો કે આ બહુ વિચિત્ર રીતે આક્રમણ થઈ રહ્યું હતું.

આક્રમણકારો બરોબર જાણતા હતા કે એ લોકો શું કરી રહ્યા છે. એ લોકો તાલીમબદ્ધ યોદ્ધા જ લાગતા હતા. તેમ છતાં એ લોકો હાથે કરીને પ્રહાર કરવાનું ટાળી રહ્યા હોય એમ લાગતું હતું. એ લોકો મારવા નહીં પરંતુ માત્ર ઘાયલ કરવા જ આવ્યા હોય એમ લાગતું હતું. તેમની આ સાવચેતીને કારણે જ એ લોકો આટલી સરળતાથી હારી રહ્યા હોય એમ લાગતું હતું. શિવે ડાબી બાજુથી આવતા આક્રમણને ખાળ્યું અને એ માણસના ખભા પર જોશપૂર્વક પ્રહાર કર્યો. એ માણસે જોરથી ચીસ પાડી અને શિવે પોતાના ડાબા હાથ વડે ધક્કો મારીને તેને પોતાની તલવારથી અળગો કર્યો. ધીમે ધીમે પણ ચોકસાઈપૂર્વક એક પછી એક આક્રમણકારનો નિકાલ થઈ રહ્યો હતો. તે બધા એવી રીતે ઘાયલ થયા હતા કે આ આક્રમણ લાંબુ ચાલી શકે તેમ નહોતું.

અચાનક જ એક વૃક્ષ પાછળથી એક કદાવર માણસ બંને હાથમાં તલવારો લઈને ધસી આવ્યો. એ માણસે ઉપરથી નીચે સુધી કાળો ડગલો પહેરેલો હતો અને તેનું મોઢું એક મહોરા પાછળ છુપાયેલું હતું. માત્ર તેની બદામ આકારની બે મોટી આંખો અને ભરાવદાર, મજબૂત હાથ જ દેખાતા હતા. પોતાના માણસોને હુકમો આપતો તે શિવ અને સન્નારી પર ધસી ગયો. એ એટલો કદાવર હતો કે લડાઈમાં વધારે ચપળતા દાખવી શકે તેમ નહોતો. જોકે તેની ઓછી ચપળતાની ખોટ તેના હાથનાં અસામાન્ય કૌશલ્યો પૂરી કરી દેતા હતા. શિવે આંખના ખૂણેથી જોઈ લીધું કે બીજા યોદ્ધાઓ ઘાયલોને લઈને પાછળ હઠી રહ્યા હતા. અને મહોરાથી ઢંકાયેલો કદાવર યોદ્ધો પાછળ હઠી રહેલા માણસોની સાથે સાથે ધીમે ધીમે પાછળ ખસતો જતો હતો અને પોતાના માણસોનું રક્ષણ પણ કરી રહ્યો હતો.

શિવને ખ્યાલ આવ્યો કે મહોરાને કારણે એ માણસની દૃષ્ટિ અવરોધાતી હતી. આ નબળાઈનો લાભ લઈ શકાય એમ હતો. એટલે ડાબી બાજુ ખસીને શિવે એવી આશા સાથે જોશપૂર્વક તલવાર વીંઝી કે એ માણસ નીચે પડી જાય તો બાકીનું કામ તો જમણી બાજુથી તેની સાથી સન્નારી પૂરું કરી શકે તેમ હતી. જોકે તેમનો પ્રતિસ્પર્ધી પૂરતો સક્ષમ હતો. તેણે એક ડગલું પાછળ ભરીને પોતાના જમણા હાથ વડે જ શિવની તલવારનો પ્રહાર રોક્યો. પછી શિવે એ માણસના જમણા કાંડા પર બંધાયેલો ચામડાનો પટ્ટો જોયો. તેની

પર એક પ્રતીક કોતરેલું હતું. શિવે ફરી વાર પ્રહાર કર્યો પણ એ માણસ એકદમ સરળતાથી બાજુમાં ખસી ગયો. તેણે ડાબે હાથે સન્નારીનો ઘાતકી પ્રહાર પણ રોક્યો. તે શિવ અને સન્નારીથી એટલું અંતર જાળવી રહ્યો હતો કે એનું પોતાનું રક્ષણ થઈ રહે પરંતુ આ લડાઈ પણ બંધ ન થાય.

પછી અચાનક એ મહોરાવાળા માણસે લડવાનું બંધ કરી દઈને પાછળ પગલાં ભર્યાં. પાછળ જતાં જતાં પણ તેણે શિવ અને સન્નારીની દિશામાં પોતાની એક એક તલવાર તો તાકી જ રાખી હતી. એના માણસો તો વૃક્ષોની પાછળ પહોંચી જ ગયા હતા. સલામત અંતરે પહોંચ્યા પછી તે અવળો ફરીને પોતાના માણસોની પાછળ પાછળ દોડવા માંડ્યો. શિવે તેનો પીછો કરવાનું વિચાર્યું પરંતુ એ પછી તરત જ એમ ન કરવાનો નિર્ણય પણ કર્યો. એ લોકો કદાચ છુપાઈને ઘાત લગાવીને બેઠા હોય તો ફસાઈ પણ જવાય.

શિવ સન્નારી તરફ ફર્યા અને તેમણે પૂછ્યું, 'તમે ઠીક છો ?'

'હા.' ઉત્તર આપીને સન્નારીએ મૃદુ હાવભાવ સાથે પૂછ્યું, 'તમે ઘાયલ થયા છો ?'

'કશું ગંભીર નથી. મને વાંધો નહીં આવે !' શિવે સસ્મિત કહ્યું.

દરમિયાન કૃતિકા દોડતી દોડતી મંદિરનાં પગથિયાં ઊતરતી આવી. તેણે અધ્ધર શ્વાસે પૂછ્યું, 'દેવી, તમે ઠીક છો ?'

'હા.' દેવીએ કહ્યું. 'આ વિદેશીના કારણે જ.'

કૃતિકા શિવ તરફ ફરીને બોલી, 'તમારો અત્યંત આભાર. તમે બહુ જ મત્ત્વની સ્ત્રીની સહાય કરી છે.'

જોકે શિવ તો આ સાંભળી રહ્યા હોય એમ લાગતું નહોતું. તે કૃતિકાની માલકીન સામે એવી રીતે જાઈ રહ્યા હતા જાણે તે બીજી જ દુનિયામાં ખોવાઈ ગયા હોય. કૃતિકાએ પોતાનું સ્મિત છુપાવવા માટે પ્રયત્ન કરવો પડ્યો.

દેવીએ શરમાઈને પોતાની નજર ફેરવી લીધી અને વિનમ્રતાથી કહ્યું, 'ક્ષમા માગું છું પણ મને વિશ્વાસ છે કે આપણે આ પહેલાં કદી પણ મળ્યાં નથી.'

'ના, એમ નથી.' શિવે સસ્મિત કહ્યું, 'પરંતુ અમારા સમાજમાં સ્ત્રીઓ યુદ્ધ નથી કરતી. અને તમે સ્ત્રી હોવા છતાં તમારી તલવારબાજી કંઈ ખરાબ નહોતી.'

હે ભગવાન *!* આવું નહોતું બોલવા જેવું.

'શું કહ્યું ?' એ સન્નારીના અવાજમાં થોડીક ધાર પાછી ફરી હોય એમ લાગતું હતુ. 'સ્ત્રી હોવા છતાં' વાળી વાત તેને ગમી નહોતી. 'તમે પણ જંગલી હોવા છતાં કંઈ ખરાબ લડતા નથી.'

'ખરાબ નથી લડતો એમ ? ! હું અસામાન્ય તલવારબાજ છું ! એક વાર અજમાવી જાવી છે મારી કલા ?'

હે ભગવાન *!* આ હું શું બોલી રહ્યો છું *?* આવી રીતે તો હું એને જરા પણ પ્રભાવિત નહીં કરી શકું.

ફરી વાર એ સન્નારીના મુખ પર ગર્વ અને ઉન્નત હાવભાવ આવી ગયા. 'તમારી સાથે દ્વંદ્વમાં મને જરા પણ રસ નથી, વિદેશી.'

'ના, ના. હું એમ નહોતો કહેવા માંગતો. મારે પણ તમારી સાથે કોઈ જ દ્વંદ્વ નથી કરવું. હું તો માત્ર એટલું જ કહેવા માંગતો હતો કે મને તલવાર સારી રીતે વીંઝતાં આવડે છે. મને બીજી પણ ઘણી વસ્તુઓ સારી રીતે આવડે છે.' પણ અલગ શબ્દો જ સરી પડ્યા. 'તમે પોતાના માટે લડ્યાં એ વસ્તુ મને અત્યંત ગમી. તમે પણ બહુ અદ્ભુત તલવારબાજ છો. વાસ્તવમાં, હું તો એમ કહેવા માંગતો હતો કે તમે તો બહુ અદ્ભુત સ્ત્રી

છો...' અને ફરી એક વાર જ્યારે સૌથી વધારે આવશ્યકતા હતી ત્યારે જ શિવના શબ્દો થોથવાઈ ગયા.

કૃતિકા પોતાનું મસ્તક નીચું રાખીને આ વાતચીતથી ધીમે ધીમે હસી રહી હતી.

જોકે તેની માલકીન તો આ વિદેશીને તેના અયોગ્ય શબ્દો માટે સજા આપવા ઇચ્છતી હતી. પણ એ માણસે જ તેનો જીવ બચાવ્યો હતો. અને એ કારણે તે મેલુહાના નિયમથી બંધાઈ ગઈ હતી. 'તમારી સહાય માટ આભાર, વિદેશી. તમે મારો જીવ બચાવ્યો છે અને હું કૃતઘ્ન નથી. જો ક્યારેય પણ મારી સહાયની આવશ્યકતા હોય, તો તમે મને અવશ્ય મળજો.'

'જો સહાયની આવશ્યકતા ન હોય, તો પણ હું આપને મળી શકું ?'

હે ભગવાન *!* આ મારાથી શું બોલાઈ જાય છે *?!*

સન્નારી આ જ્ઞાતિના માદળિયા વિનાના એવા વિદેશીને તાકી રહી, જેને જાણ નહોતી કે એ કોની સાથે વાત કરી રહ્યો હતો. ભારે પ્રયત્ન કરીને તેણે પોતાની જાતને સંયમિત કરી અને મૃદુતાથી કહ્યું, 'નમસ્તે.'

એમ કહીને સન્નારીએ જવા માટે પગ ઉપાડ્યા. કૃતિકા શિવને પ્રશંસાપૂર્વક જોઈ રહી. જોકે પોતાની માલકીનને જતી જોઇને તે પણ ઉતાવળે તેને અનુસરવા દોડી.

'તમારું નામ તો કહેતાં જાવ.' શિવે સન્નારીની સાથે જ ઉતાવળે ચાલતાં ચાલતાં પૂછ્યું.

સન્નારીએ ફરીને શિવ સામે કરડી આંખે જોયું.

'જો મારે તમારી સહાયની આવશ્યકતા ઊભી થઈ, તો હું તમને કઈ રીતે શોધીશ ?' શિવે ગંભીરતાથી પૂછ્યું.

એક ક્ષણ પૂરતી સન્નારી ચૂપ થઈ ગઈ. આ માંગણી વાજબી લાગતી હતી. તેણે કૃતિકા સામે ફરીને હકારમાં માથું હલાવ્યું.

'તમે અમને દેવગીરીમાં મળી શકશો.' કૃતિકાએ કહ્યું, 'નગરમાં આવીને કોઇને પણ દેવી સતી વિશે પૂછી લેજો.'

'સતી. . .' કહીને શિવે એ નામને પોતાની જીભ પર રમાડી લીધું. 'મારું નામ છે શિવ.'

'નમસ્તે, શિવ. જો ક્યારેય પણ આવશ્યકતા ઊભી થાય તો હું મારું વચન અવશ્ય પાળીશ.' કહીને સતી પોતાના રથમાં સવાર થઈ અને કૃતિકા તેને અનુસરી.

કુશળતાપૂર્વક પોતાના અશ્વોને હાંકીને સતીએ હળવેથી રથ ઉપાડ્યો. એક પણ વાર પાછળ જોયા વિના તે બંને મંદિરના પ્રાંગણથી દૂર જતાં રહ્યાં. શિવ ધીમે ધીમે અદૃશ્ય થઈ રહેલા એ રથને તાકી રહ્યા. રથ અદૃશ્ય થઈ ગયા પછી રથ જે ધૂળ ઉડાડતો ગયો હતો તેને ઈર્ષાપૂર્વક જોઈ રહ્યા. એ ધૂળ સતીને સ્પર્શી શકવા જેટલી સદ્ભાગી અવશ્ય હતી.

મને લાગે છે કે મને આ દેશ ગમવા માંડ્યો છે.

આખી યાત્રામાં પહેલી વાર શિવને મેલુહા સામ્રાજ્યની રાજધાનીમાં પહોંચવાની ઝંખના જાગી. સ્મિત કરીને તેમણે વિશ્રામગૃહની દિશામાં ચાલવું શરૂ કર્યું.

હવે તો ઝડપથી દેવગીરી પહોંચવું પડશે.



પ્રકરણ ૪
દેવોનું નગર, દેવગીરી

'શું ! આપની પર કોણે આક્રમણ કર્યું ?' ચિંતિત નંદી શિવ સામે દોડી ગયો અને શિવના ઘાવ તપાસવા લાગ્યો.

'શાંત થા નંદી.' શિવે ઉત્તર આપ્યો. 'તેં જે નદીમાં સાહસ કર્યું એના પછી તારી જે હાલત છે એ તો મારાથી પણ ખરાબ છે. અને આ તો સાવ ઉપરછલ્લા ઘાવ છે. કંઈ જ ગંભીર નથી. વૈદ્યોએ તો પાટાપિંડી પણ કરી નાખી છે. હું એકદમ ઠીક જ છું.'

'હું અત્યંત દિગલીર છું, મારા પ્રભુ. આ બધી મારી જ ભૂલ છે. મારે આપને એકલા મૂકવા જ જાઈતા નહોતા. હવે ફરી વાર એવું ક્યારેય નહીં થાય. મને ક્ષમા કરો, પ્રભુ.'

શિવે નંદીને હળવેથી ધક્કો મારી તેની પથારીમાં સુવાડ્યો અને બોલ્યા, 'આમાં કશું જ ક્ષમા કરવા જેવું નથી, મારા મિત્ર. આમાં તારી વળી શું ભૂલ ? શાંત થઈ જો હવે. આટલો ઉત્તેજિત થઈશ તો તારા સ્વાસ્થ્ય પર તેની અવળી અસર પડશે.'

નંદી થોડોક શાંત થયો પછી શિવે વાત આગળ વધારી, 'અને આમ પણ મને નથી લાગતું કે એ લોકો અમને મારવાનો પ્રયત્ન કરી રહ્યા હોય. એ બધું બહુ વિચિત્ર હતું.'

'અમને ?'

'હા, એમાં બે સ્ત્રીઓ પણ સામેલ હતી.'

'પરંતુ આ આક્રમણકારો કોણ હોઈ શકે ?' નંદીએ પૂછ્યું. પછી તેના મગજમાં એક ભયંકર વિચાર આવ્યો. 'શું કોઈ પણ આક્રમણકારે ચંદ્રની ભાત કે આકારવાળું કોઈ માદળિયું પહેર્યું હતું ?'

શિવની આંખો પહોળી થઈ ગઈ. 'ના. પણ એક વિચિત્ર માણસ હતો ખરો. એ બધા આક્રમણકારોમાં સૌથી ઉત્તમ તલવાર ચલાવતો હતો. તેણે ઉપરથી નીચે સુધી ડગલો પહેર્યો હતો. અને તમે લોકો પેલા રંગોના તહેવારમાં જેવાં મહોરાં પહેરો છો ને, એવા એક મહોરાથી તેનો ચહેરો પણ ઢંકાયેલો હતો. તમે લોકો એ તહેવારને શું કહો છો ?'

'હોળી, પ્રભુ.'

'હા, એ હોળી જેવું જ મહોરું હતું. એટલે એના હાથ અને આંખો જ દેખાતી હતી. જોકે એના કાંડા પર એક ચામડાનો પટ્ટો પહેરેલો હતો તેની પર બહુ જ વિચિત્ર પ્રતીક હતું.'

'કેવું પ્રતીક હતું, પ્રભુ ?'

શિવે બાજુના મેજ પર પડેલું તાડપત્ર અને ખાસ લખવા માટે જ વપરાતી એકદમ પાતળી કોલસાની લાકડી ઉપાડી અને એ પ્રતીક દોર્યું.



હવે નંદીની આંખો પહોળી થઈ ગઈ. 'આ એક પ્રાચીન પ્રતીક છે જેને લોકો ઓમ કહે છે. પણ હવે તો આવું પ્રતીક કોણ વાપરતું હશે ?'

'ઓમ્ ?' શિવે પૂછ્યું.

'પ્રભુ, ઓમ્ અમારા ધર્મનો સૌથી પવિત્ર શબ્દ છે. એમ માનવામાં આવે છે કે એ આદિકાળમાં પ્રકૃતિમાં ઉદ્ભવેલ સૌ પ્રથમ ધ્વનિ હશે, બ્રહ્માંડનું ગાન. એને એટલો પવિત્ર માનવામાં આવતો હતો કે ઘણી સહસ્રાબ્દીઓ સુધી તો લખીને તેનું અપમાન કરવાની પણ કોઈ હિંમત કરતું નહીં.'

'તો પછી આ પ્રતીકની રચના કઈ રીતે થઈ ?'

'ઘણાં હજાર વર્ષ પહેલાં ભરત રાજાએ શબ્દશઃ સમગ્ર ભારત પર વિજય મેળવી લીધો હતો અને તેમણે જ આ પ્રતીકની રચના કરી છે, એમ માનવામાં આવે છે. એ એવા વિરલ ચંદ્રવંશીઓમાંના એક હતા જે વાસ્તવમાં સન્માનનીય હતા. આ સૂર્યવંશીઓ અને ચંદ્રવંશીઓનો સંઘર્ષ સમાપ્ત કરવા માટે તેઓ એક સૂર્યવંશી રાજકુમારીને પરણ્યા પણ હતા.'

'અને આ ચંદ્રવંશીઓ કોણ છે ?'

'અમે સૂર્યવંશીઓ જે છીએ તેનાથી તદ્દન બીજા છેડે રહેલા લોકો, પ્રભુ. એ લોકો એ રાજાઓના અનુયાયીઓ છે જે ચંદ્રના વંશજા માનવામાં આવે છે.'

'અને એ લોકો ચંદ્રના આધારે બનતું પંચાંગ વાપરે છે ?'

'હા, પ્રભુ. એ એવા કપટી, અવિશ્વસનીય અને આળસુ લોકો છે જેમના જીવનમાં નિયમો, નૈતિકતા કે સન્માનને જરા પણ સ્થાન નથી હોતું. એ લોકો ડરપોક હોય છે અને કદી પણ સિદ્ધાંતવાદી ક્ષત્રિયોની જેમ આક્રમણ કરતા નથી. અરે, એમના તો રાજાઓ પણ ભ્રષ્ટ અને સ્વાર્થી જ હોય છે. ચંદ્રવંશીઓ એટલે માનવજાત પર પડેલો મોટો ડાઘ !'

'પણ આ ઓમ્‌ના પ્રતીકને આ બધાથી શું લેવાદેવા ?'

'પ્રભુ, રાજા ભરતે સૂર્યવંશીઓ અને ચંદ્રવંશીઓના સમન્વય સ્વરૂપે આ પ્રતીકની રચના કરી હતી. ઉપરનો શ્વેત હિસ્સો ચંદ્રવંશીઓનું પ્રતિનિધિત્વ કરે છે.



નીચેનો લાલ હિસ્સો સૂર્યવંશીઓનું પ્રતિનિધિત્વ કરે છે.



એ બંને જ્યાં ભેગા મળે છે ત્યાંથી એક ત્રીજા ભાગ નીકળે છે જે કેસરી રંગનો છે અને આ બંને વંશના સમન્વયનું પ્રતિનિધિત્વ કરે છે.



પ્રતીકની ઉપર જમણી બાજુ જે ચંદ્ર દોરવામાં આવે છે, એ તો ચંદ્રવંશીઓનું પહેલેથી જ ચાલતું આવતું પ્રતીક છે.



એ ચંદ્રની ઉપર જે સૂર્ય દોરવામાં આવ્યો છે એ સૂર્યવંશીઓનું પહેલેથી ચાલતું આવતું પ્રતીક છે.



આ યુતિને ઈશ્વરના આશિષ મળેલા છે એમ પ્રસ્થાપિત કરવા માટે રાજા ભરતે તેને ઓમ્ શબ્દના પ્રતીક તરીકે ઘોષિત કર્યો હતો.'

'પછી શું થયું ?'

'સારા રાજાઓના મૃત્યુની સાથે જ આ યુતિનો પણ અપેક્ષિત અંત આવ્યો હતો. એક

વાર રાજા ભરતનો પ્રભાવ ઓસરી ગયો, એ પછી ચંદ્રવંશી રાજાઓ પોતાની જૂની પદ્ધતિઓ અનુસાર વર્તવા માંડ્યા અને ટૂંક સમયમાં તો યુદ્ધો શરૂ થઈ ગયાં. આ પ્રતીક પણ એ સાથે ભૂલી જવામાં આવ્યું. અને ઓમ્ શબ્દને પણ લોકો માત્ર ધ્વનિના આધારે જ યાદ રાખવા માંડ્યા.'

'પણ પેલા મહોરાવાળા માણસના કાંડાના પટ્ટા પર જે પ્રતીક કોતરેલું હતું, એ કંઈ રંગીન પ્રતીક નહોતું. એ પ્રતીક તો આખું કાળું જ હતું. અને એ પ્રતીકના જે ભાગ હતા એ મને તો કંઈ સીધી રેખાઓ જેવા નહોતા લાગ્યા. એ ત્રણ સર્પનાં રેખાંકનો હોય, એમ મને લાગ્યું હતું.'



'નાગવંશીઓ !' આઘાત પામેલા નંદીએ કહ્યું. પછી મનોમન પ્રાર્થના કરીને તે રક્ષણ માટે રુદ્ર ભગવાનના માદળિયાને પણ સ્પર્શ્યો.

'હવે આ નાગવંશીઓ પાછા કોણ છે ?' શિવે પૂછ્યું.

'એ બધા શાપિત લોકો હોય છે, પ્રભુ.' નંદીએ કહ્યું. 'એ લોકો વિચિત્ર શારીરિક ખોડખાંપણ સાથે જન્મ્યા હોય છે, કારણ કે તેમણે પૂર્વજન્મમાં પાપ કર્યાં હોય છે. કોઈને એક વધારાનો હાથ હોય છે, કોઈનો ચહેરો અત્યંત વિકૃત હોય છે. પણ એ લોકોની શક્તિ અને કૌશલ્યો અદ્ભુત હોય છે. નાગવંશી શબ્દથી જ કોઈ પણ નાગરિક થથરી જશે. એ લોકોને તો સપ્ત સિંધુપ્રદેશમાં રહેવાની પણ પરવાનગી અપાતી નથી.'

'સપ્ત સિંધુપ્રદેશ ?'

'અમારી ભૂમિ, પ્રભુ, સાત નદીઓનો પ્રદેશ. સિંધુ, સરસ્વતી, યમુના, ગંગા, સરયૂ, બ્રહ્મપુત્ર અને નર્મદા નદીથી રચાતો પ્રદેશ. ભગવાન મનુએ જ એવી આજ્ઞા કરી હતી કે સૂર્યવંશીઓ અને ચંદ્રવંશીઓએ અહીં જ રહેવું.'

શિવે ડોકું હકારમાં હલાવ્યું અને નંદીએ વાત આગળ વધારી. 'નાગવંશીઓનું નગર નર્મદાની દક્ષિણે, આપણી ભૂમિની સરહદની બહાર આવેલું છે. વાસ્તવમાં એમની તો વાત કરવી પણ અશુભ મનાય છે, પ્રભુ !'

'પણ કોઈ નાગવંશી મારી પર આક્રમણ શા માટે કરે ? કે પછી કોઈ મેલુહાવાસી પર પણ એ લોકો શા માટે આક્રમણ કરે ?'

એકદમ ધીમા અવાજે ચંદ્રવંશીઓને ભાંડીને નંદીએ કહ્યું, 'ચંદ્રવંશીઓને કારણે ! આ બે મોઢાળા લોકો કેટલા નીચે ઊતરી ગયા છે ! એ લોકો હવે પોતાનાં આક્રમણોમાં નાગવંશી રાક્ષસોનો સાથ લેવા માંડ્યા છે ! અમારા પ્રત્યેની ઘૃણામાં એ લોકોને એટલું પણ નથી દેખાતું કે એ લોકો પોતાના આત્મા ઉપર પાપનાં કેટલાં પડળ ચડાવી રહ્યા છે !'

શિવાની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. આક્રમણ દરમિયાન એમને એમ નહોતું લાગ્યું કે આક્રમણકારોની ટોળી પેલા નાગવંશીને વાપરી રહી હોય. ઊલટાનું તેમને તો એમ જ લાગ્યું હતું કે એ નાગવંશી જ એ બધાનો આગેવાન હતો.

— ⅄OOƱ⇡⊛ —

દેવગીરી પહોંચતાં તેમને એક સપ્તાહ લાગ્યું. મેલુહા સામ્રાજ્યનું પાટનગર સતલજ અને યમુનાના સંગમથી રચાતી સરસ્વતી નદીના પશ્ચિમકાંઠે વસેલું હતું. જોકે એક સમયની ધસસમતી અને ઊંડી સરસ્વતી નદીનો પ્રવાહ હવે ધીમે-ધીમે સુકાવા માંડ્યો હતો. જોકે આ વળતાં પાણીની પરિસ્થિતિમાં પણ સરસ્વતી પ્રમાણમાં મોટી અને આકર્ષક તો લાગતી જ હતી, પરંતુ પંજાબની તોફાની નદીઓની સરખામણીએ તો આ નદી એકદમ શાંત લાગતી હતી. જાણે નદીને પણ ખ્યાલ આવી ગયો હતો કે તેના દિવસો હવે પૂરા થવા આવ્યા છે ! તેમ છતાં પોતાનો માર્ગ આગળ ધપાવવા અને ટકી રહેવા માટે એ નદી કોઈ અણછાજતો સંઘર્ષ નહોતી કરી રહી. તેના બદલે, એ તો એના શરણે આવનારને નિઃસ્વાર્થપણે જે જોઈતું હોય, તે આપી રહી હતી, એમ દેખાતું હતું.

જોકે સરસ્વતીનાં વળતાં પાણીની સરખામણીએ દેવગીરીનો સિતારો બુલંદ હોય એમ લાગતું હતું. મેલુહા સામ્રાજ્યનાં તમામ નગરોની જેમ દેવગીરી નગર પણ એક ઊંચા મંચ પર જ સ્થાપવામાં આવ્યું હતું, જેના કારણે પૂર અને શત્રુઓથી અસરકારક રક્ષણ મળી રહેતું હતું. દેવગીરીનું કદ અન્ય મેલુહા નગરોથી ઘણું જ વિશાળ હતું. આખું નગર ત્રણ વિશાળ અને ઊંચાણવાળી જગ્યાઓ એટલે કે મંચ પર સ્થાપવામાં આવ્યું હતું. ત્રણેયનું ક્ષેત્રફળ ત્રણસો પચાસ ગાઉથી પણ વધારે થતું હતું અને મેલુહાના અન્ય કોઈ પણ સામ્રાજ્યથી તે એકદમ વિશાળ હતું. એ નગર જે ઊંચાણવાળા વિશાળ મંચ પર સ્થાપવામાં આવ્યું હતું તેની સરેરાશ ઊંચાઈ આઠેક હાથ જેટલી હતી અને તેમની ફરતે વિશાળ પથ્થરો ગોઠવવામાં આવ્યા હતા અને વચ્ચે વચ્ચે ઈંટો મૂકીને તેમને કિલ્લાની જેમ ચણી લેવામાં આવ્યા હોય, તેમ જણાતું હતું. બે મંચનાં નામ હતાં તામ્ર અને રજત એટલે કે તાંબુ અને ચાંદી અને એ મંચ પર સામાન્ય લોકો વસતા હતા. જ્યારે ત્રીજા મંચને સ્વર્ણ કહેવામાં આવતું હતું અને તેની પર રાજવી લોકો અને ઉમરાવો નિવાસ કરતા હતા. ત્રણેય મંચ એકબીજા સાથે ઊંચા પુલ વડે જોડાયેલા હતા. એ પુલનું નિર્માણ પણ પથ્થરો અને ઈંટો વડે કરવામાં આવ્યું હતું અને તે નીચાણવાળાં મેદાનોથી ઘણા ઊંચા હતા.

ત્રણેય મંચની ફરતે ઊંચો કોટ હતો અને એ કોટ પર બહારની દિશામાં તકાયેલા કદાવર ભાલા જડી લેવામાં આવ્યા હતા. કોટમાં નિશ્ચિત અંતરે મિનારાઓ રચવામાં આવ્યા હતા, જ્યાંથી આવનારા શત્રુઓને ખાળી શકાતા હતા. શિવે અત્યાર સુધી જે પણ જોયું હતું એ બધા કરતા આ બધું અત્યંત ભવ્ય હતું. તેમના મનમાં આવા નગરનું નિર્માણ માનવજાતની મહાનતમ સિદ્ધિ હતી.

શિવનો કાફલો કદાવર ભાલા મઢેલી દીવાલોની વચ્ચે થઈને તામ્ર મંચ પર જતા પુલ પરથી પસાર થયો. પુલની નીચે ધાતુનાં જાડાં પાટિયાં મઢવામાં આવ્યાં હતાં અને પુલની ઉપર ખરબચડી ઈંટોથી રસ્તો મઢી લેવામાં આવ્યો હતો જેથી ઘોડા અને રથ લપસી જાય નહીં. સમગ્ર મેલુહા સામ્રાજ્યમાં શિવે જે ઈંટો જોઈ હતી તેમાંની એક વાત શિવને બહુ જ આશ્ચર્યજનક લાગી હતી. તેમણે નંદીને પૂછ્યું, 'શું આ બધી ઈંટો કોઈ નિશ્ચિત માપદંડ અને ચોક્કસ પ્રક્રિયા અનુસાર બનાવવામાં આવે છે ?'

'હા પ્રભુ.' આશ્ચર્યચકિત નંદીએ ઉત્તર આપ્યો, 'મેલુહા સામ્રાજ્યના પ્રમુખ સ્થપતિએ સૂચવેલા માપદંડો અને માર્ગદર્શિકા અનુસાર જ બધી ઈંટો બનાવવામાં આવે છે, પરંતુ આપે એવું કઈ રીતે ધારી લીધું ?'

'કારણ કે બધી જ ઈંટો એકસમાન કદની હોય છે.'

પોતાના સામ્રાજ્યની કાર્યદક્ષતા અને પોતાના પ્રભુની નિરીક્ષણશક્તિના કારણે નંદીની છાતી ગર્વથી ફૂલી ગઈ. પુલના અંતે રહેલો મંચ પ્રમાણમાં ઊંચો હતો અને ત્યાં સુધી

પહોંચવા માટેનો સર્પાકાર રસ્તો એકદમ ઓછા વળાંકવાળો હતો જેથી અશ્વો અને રથ સલામતીપૂર્વક ઉપર ચડી શકે. ઉપરાંત પદયાત્રીઓ ત્વરાથી ઉપર ચડી શકે એ માટે એક બાજુ પગથિયાં પણ બનાવવામાં આવ્યાં હતાં. મંચ ફરતે જે કોટ રચવામાં આવ્યો હતો તેની આસપાસની જમીન એટલી ઢોળાવવાળી હતી કે કોઈ પણ મૂર્ખ શત્રુ જો એ બાજુથી આક્રમણ કરે તો તેના માટે તો એ જગ્યા મૃત્યુની ખીણ જ બની રહે.

નગરનાં દ્વાર એવી ધાતુ વડે બનાવવામાં આવ્યાં હતાં જે શિવે આ પહેલાં કદી પણ જોઈ નહોતી. નંદીએ કહ્યું કે થોડા સમય પહેલાં જ લોખંડ નામની ધાતુ શોધવામાં આવી હતી અને એ દ્વાર લોખંડમાંથી જ બનાવવામાં આવ્યાં હતાં. એ સૌથી મજબૂત ધાતુ હતી પરંતુ અત્યંત ખર્ચાળ પણ ખરી. તેને જે માટીમાંથી છૂટી પાડવામાં આવતી હતી, તે માટી સરળતાથી મળતી નહોતી. પ્રવેશદ્વારની બરોબર ઉપર સૂર્યવંશીઓનું પ્રતીક કોતરવામાં આવ્યું હતું અને એ પ્રતીક હતું લાલ રંગનો ગોળાકાર સૂર્ય, જેનાં કિરણો ચારે દિશામાં પથરાઈ રહ્યાં હોય. એની નીચે મેલુહાવાસીઓના જીવનનો મુદ્રાલેખ પણ કોતરેલો હતોઃ 'સત્ય. ધર્મ. માન.'

નગરની આ પ્રથમ ઝાંખીથી જ શિવની આંખો વિસ્ફારિત થઈ ગઈ હતી. જોકે મંચ પર ચડ્યા પછી, મુખ્ય દ્વારની અંદર તેમણે જે જોયું તે સરળતા અને કાર્યદક્ષતાની દૃષ્ટિએ કોઈના પણ શ્વાસ થંભાવી દે તેવું દૃશ્ય હતું. સમગ્ર નગરની રચના નાના નાના વિભાગો સ્વરૂપે કરવામાં આવી હતી અને તેના બધા રસ્તા એકબીજાને કાટખૂણે મળતા અને ઉપરથી નગરના જાળી જેવા અસંખ્ય ચોરસ ટુકડા દેખાતા. દરેક રસ્તાની બંને બાજુ પદયાત્રીઓ માટે અલાયદો માર્ગ, આવતા અને જતા લોકો માટે રસ્તાના બે ભાગ અને રસ્તાની મધ્યમાં જમીનની નીચેથી ગંદું પાણી લઈ જતી નાળી તો ખરી જ. સમાન માપની ઈંટોથી બનાવવામાં આવેલી બધી જ ઇમારતો બે માળની અને એક સરખા કદની જ હતી. એની ઉપર જો ઇમારતની ઊંચાઈ વધારવાની આવશ્યકતા હોય, તો લાકડાથી બાંધકામ કરવામાં આવ્યાં હતાં. નંદીએ શિવને કહ્યું કે ઇમારતોની અંદરની રચના રહેવાસીઓની આવશ્યકતા મુજબ અલગ અલગ રહેતી. દરેક ઇમારતોની બારીઓ અને દરવાજાઓ એવી દીવાલો પર બનાવવામાં આવ્યાં હતાં જે મુખ્ય માર્ગ પર ન હોય.

એટલે દરેક ઇમારતની મુખ્ય માર્ગ પર જે દીવાલો પડતી તે ભૂખરા, આછા વાદળી, આછા લીલા કે શ્વેત રંગથી રંગવામાં આવતી અને તેમની ઉપર કાળા રંગથી વિવિધ સૂર્યવંશી દંતકથાઓ કોતરવામાં આવી હતી. જોકે સૌથી વધુ કોઈ રંગ નજરે પડતો હોય, તો એ હતો ભૂરો રંગ, કારણ કે મેલુહાવાસીઓ આકાશના ભૂરા રંગને સૌથી પવિત્ર રંગ માનતા હતા. લીલો રંગ કુદરતની લીલોતરી સૂચવતો અને ભૂરા પછી બીજા ક્રમે એ રંગ જોવા મળતો. દરેક પ્રાકૃતિક ઘટનાનો કોઈ દૈવી અર્થ શોધવો મેલુહાવાસીઓને ગમતો અને કુદરતી રંગોમાં પણ લીલાથી વધારે ભૂરો રંગ જોવા મળતો એ તેમને અદ્‌ભુત અને દૈવી આયોજન લાગતું. આમ પણ આકાશ તો પૃથ્વીની ઉપર જ હોય.

દીવાલો પર દોરેલી દંતકથાઓમાં વારંવાર મહાન સમ્રાટ પ્રભુ રામ જોવા મળતા. તેમણે શત્રુઓ પર મેળવેલા વિજય, પરાસ્ત કરેલા અનિષ્ટ ચંદ્રવંશીઓ, તેમના જીવન અને ચાતુર્યના પ્રસંગો, ઘણી બધી દીવાલો પર વારંવાર દોરેલા કે કોતરેલા જોવા મળતા. પ્રભુ રામને અત્યંત આદરપૂર્વક સ્મરવામાં આવતા અને ઘણા મેલુહાવાસીઓ તો તેમને ભગવાનની જેમ પૂજતા પણ ખરા. એ બધા તેમને વિષ્ણુ તરીકે સંબોધતા. આ જગતના સંરક્ષક અને ઇષ્ટના સંવર્ધક ભગવાન એવો એ પ્રાચીન સંબોધનનો અર્થ થતો હતો.

શિવે નંદી પાસેથી જાણ્યું કે આ નગરના ચારથી આઠ ચોરસ ટુકડા ભેગા કરીને

અલગ અલગ વિભાગ પાડવામાં આવ્યા હતા. દરેક વિભાગમાં આગવાં બજાર, રહેણાંક અને વ્યવસાયિક વિસ્તારો, મંદિરો અને આનંદ-પ્રમોદનાં સ્થળો બનાવવામાં આવતાં. ઉત્પાદન કરવાની જગ્યા કે અન્ય કોઈ પણ પ્રદૂષણ ફેલાવતી પ્રવૃત્તિઓ છેવાડાના અને દૂરના વિભાગોમાં જ કરવામાં આવતી હતી. દેવગીરી એકદમ સરળતાથી અને કાર્યદક્ષ રીતે ચાલતું નગર હતું અને એટલે જ એ સામ્રાજ્યનું સૌથી વધુ વસતી ધરાવતું નગર પણ હતું. બે વર્ષ પહેલાં કરવામાં આવેલી વસતી-ગણતરી અનુસાર નગરની જનસંખ્યા ત્યારે બે લાખથી વધુ હતી.

શિવ અને ત્રણેય સૈનિકોને નંદી પ્રશાસન દ્વારા બનાવવામાં આવેલા એક વિશ્રામગૃહમાં લઈ ગયો. દેવગીરીમાં વેપાર અને પ્રવાસ માટે ઘણા પ્રવાસીઓ આવતા અને બધાનો સમાવેશ કરવા આવાં ઘણાં વિશ્રામગૃહો પણ બનાવવામાં આવ્યાં હતાં. તબેલાના છોકરાને પોતાના થાકેલા અશ્વોની યોગ્ય રીતે સોંપણી કરીને એ લોકો પોતાની નોંધણી કરાવવા ગયા. આ યાત્રા દરમિયાન શિવે ઘણાં વિશ્રામગૃહો જોયાં હતાં અને આ વિશ્રામગૃહ પણ એ બધાં જેવું જ હતું. મધ્યમાં આંગણ અને તેની ફરતે ઇમારતો, કક્ષોમાં પૂરતી જગ્યા અને આરામદાયક રાચરચીલું.

'પ્રભુ, હવે રાત્રિભોજનનો સમય લગભગ થઈ જ ગયો છે.' નંદીએ કહ્યું. 'હું વ્યવસ્થાપક સાથે વાત કરીને એની વ્યવસ્થા કરાવું છું. આપણે વહેલાં ભોજન લઈને પૂરતો વિશ્રામ કરી લેવો જોઈએ કારણ કે આવતીકાલે બીજો પ્રહર શરૂ થતાં જ આપણે સમ્રાટ સમક્ષ ઉપસ્થિત થવાનું છે.'

'સારો વિચાર છે.'

'ઉપરાંત, જો આપને યોગ્ય લાગે તો હું આ ત્રણેય સૈનિકોને પાછા શ્રીનગર મોકલી દઉં ?'

'એ પણ સારો વિચાર છે.' શિવે હસતાં હસતાં કહ્યું, 'નંદી, આજે તો તારામાં ફુવારાની જેમ ઉમદા વિચારો ફૂટી રહ્યા છે !'

નંદી પણ શિવની સાથે ખડખડાટ હસી પડ્યો. પોતાના પ્રભુના હાસ્યમાં નિમિત્ત બનવાનો તેને હંમેશ આનંદ થતો હતો, 'હું હમણાં જ પાછો આવ્યો, પ્રભુ.'

શિવ પથારીમાં આડા પડ્યા અને થોડીક જ ક્ષણોમાં તો તેમના માટે જે મહત્ત્વનું હતું તેના વિચારોમાં ખોવાઈ ગયા.

સમ્રાટ સાથે શક્ય બને એટલી ઝડપથી મુલાકાત પતાવી દઈશ. એમને જે જાઈતું હોય, તે આપી દઈશ અને પછી સતીની શોધમાં આ નગરમાં ફરી વળીશ.

શિવે નંદીને સતી વિશે પૂછવાનું વિચારી જાયું પણ છેવટે એમ ન કરવાનો નિર્ણય લીધો. એ જાણતા હતા કે તેમણે પહેલી મુલાકાતમાં તો સતી ઉપર કોઈ વિશેષ છાપ છોડી નહોતી. જો તેણે પોતાનું સ્પષ્ટ ઠેકાણું નથી આપ્યું, તો એનો અર્થ એમ જ થયો કે એ પોતાનાથી ખાસ પ્રભાવિત થઈ નથી. એટલે બીજા કોઈ સાથે આ વાતો કરીને શિવ પોતાની ભૂલમાં ઉમેરો નહોતા કરવા ઇચ્છતા.

સતીના મુખનું સ્મરણ થઈ આવતાં શિવના મુખ પર સ્મિત આવી ગયું. સતીને લડતી જાઈ હતી એ ચમત્કારિક ક્ષણો તેમણે યાદ કરી. એમના કબીલાના મોટાભાગના પુરુષોને એ દૃશ્ય એટલું રોમાંચક ન લાગ્યું હોત, પરંતુ શિવ માટે તો એ દૈવી દૃશ્ય હતું. સતીનો કોમળ, નાજુક દેહ જે રીતે આક્રમણ થતાં જ ઘાતકી અને આક્રમક બની ગયો હતો, તે યાદ આવતાં શિવથી નિસાસો નંખાઈ ગયો. તે જે દેહલાલિત્યથી આકર્ષાઈ ગયા હતા, તે જ ક્ષણમાત્રમાં તલવાર વીંઝવા આમથી તેમ અમળાઈ રહ્યું હતું. તલવારના પ્રત્યેક પ્રહાર સાથે

સતીના અંબોડામાંથી છૂટી ગયેલા કેશ જે રીતે હવામાં ફરફરતા હતા તે યાદ કરીને શિવે ઊંડો શ્વાસ લીધો.

કેવી અદ્ભુત નારી !



પછીના દિવસે વહેલી સવારે રાજભવન પહોંચવા માટે શિવ અને નંદીએ તામ્ર અને સ્વર્ણવિસ્તારને જાડતો પુલ ઓળંગ્યો. મેલુહા સ્થાપત્યના ચમત્કાર જેવા આ પુલની બંને બાજુ જાડી દીવાલો પણ ચણવામાં આવી હતી. એ દીવાલોમાં એવી રીતે કાણાં પાડવામાં આવ્યાં હતાં કે જેથી તેમાંથી શત્રુઓ પર તીર પણ ચલાવી શકાય અને ગરમ તેલ પણ રેડી શકાય. પુલની મધ્યમાં એક વિશાળ દરવાજા પણ બનાવવામાં આવ્યો હતો એટલે જો શત્રુ કોઈ રીતે પુલના એક છેડા સુધી પણ પહોંચી જાય તો આ દરવાજા બંધ કરીને તેમને આગળ વધતા અટકાવી શકાય તેમ હતું.

જ્યારે પુલ ઓળંગીને શિવ સ્વર્ણવિસ્તારમાં પહોંચ્યા ત્યારે એ રાજવી વિસ્તારની ભવ્યતા નહીં પરંતુ ભવ્યતાની અનુપસ્થિતિને કારણે અત્યંત આશ્ચર્ય પામ્યા. એ વિસ્તારમાં કોઈ જ સાધનસમૃદ્ધિ વર્તાતાં નહોતાં. આવા મોટા અને ભવ્ય સામ્રાજ્યના શાસક હોવા છતાં રાજવી લોકો બહુ સાદગીપૂર્વક જીવતા હોય એમ લાગતું હતું. એ રાજવી વિસ્તારની રચના પણ લગભગ અન્ય વિસ્તારો જેવી જ હતી. રાજપરિવાર કે ઉમરાવો માટે કોઈ જ વિશેષ સવલતો ઊભી કરવામાં આવી નહોતી. એ વિસ્તારની ઇમારતો પણ અનેક વિસ્તારની ઇમારતો જેવી જ હતી. એક માત્ર ભવ્ય બાંધકામ હોય તો એ જમણી બાજુ દેખાતું 'જાહેર સ્નાનાગૃહ' હતું. એ સ્નાનાગૃહની ડાબી બાજુમાં ભગવાન ઇન્દ્રનું ભવ્ય મંદિર પણ હતું. એ મંદિર કાષ્ઠનું બનાવેલું હતું અને તેનું ચણતર ઈંટોના ઊંચા ઓટલા પર કરવામાં આવ્યું હતું. એનો ઘુમ્મટ નક્કર સોનાનો બનાવેલો હતો ! એમ જણાતું હતું કે ભગવાન માટે અથવા તો સાર્વજનિક ઉપયોગ માટે બનાવેલી ઇમારતો માટે જ ભવ્યતા અનામત રાખવામાં આવી હતી.

સંભવતઃ ભગવાન રામે પણ એમ જ ઇચ્છ્યું હોત.

સમ્રાટનું રહેઠાણ અન્ય ઇમારતો કરતાં એક જ રીતે અલગ પડતું હતું. એ ઇમારત મોટી હતી, ઘણી મોટી હતી.



રાજદરબારની શિવની કલ્પનાઓથી વિપરીત, જ્યારે શિવ અને નંદી રાજવી રહેઠાણના કાર્યાલયમાં પહોંચ્યા ત્યારે સમ્રાટ દક્ષ એક સાદા રાજસિંહાસન પર બેઠા હતા. એ ભવનમાં સાવ ઓછું રાચરચીલું હતું અને તેમાં માત્ર માત્ર સમ્રાટ ઉપરાંત માત્ર બે જ વ્યક્તિઓ ઉપસ્થિત હતી : એક સ્ત્રી અને એક પુરુષ.

દક્ષે શિવને શિષ્ટ રીતે નમસ્તે કર્યા અને કહ્યું, 'હું આશા કરું છું કે આપની યાત્રા આરામદાયક રહી હશે.'

આટલા વિશાળ સામ્રાજ્યના સમ્રાટ હોવા જેટલી તેમની ઉંમર દેખાતી નહોતી. સમ્રાટ અત્યંત યુવાન લાગતા હતા. શિવ કરતાં એ થોડાક જ નીચા હતા પરંતુ બંનેનો બાંધો ઘણો અલગ પડતો હતો. શિવ એકદમ શક્તિશાળી લાગતા હતા જ્યારે સમ્રાટનું

શરીર ખાસ કસાયેલું લાગતું નહોતું. જોકે સમ્રાટ મેદસ્વી પણ નહોતા, તેમનું શરીર સરેરાશ કદનું જ હતું. એમના ઘઉંવર્ણા મુખ વિશે પણ એમ જ કહી શકાય. સરેરાશ કદનું મુખ, કાળી આંખો અને સીધું નાક. મોટાભાગનાં મેલુહાવાસી સ્ત્રીઓ અને પુરુષોની જેમ તેમના કેશ પણ લાંબા અને ખુલ્લા હતા. જોકે તેમના મસ્તક પર ગોઠવાયલો રાજમુગટ ભવ્ય હતો અને તેની મધ્યમાં રત્નો વડે સૂર્યવંશીઓનું પ્રતીક બનાવવામાં આવ્યું હતું. તેમણે શણગારેલા કાપડની ધોતી ધારણ કરેલી હતી અને તેમના જમણા ખભા પર અંગવસ્ત્ર પણ ગોઠવાયેલું હતું. દક્ષના દેખાવમાં કામ પૂરતાં આભૂષણો પણ ઉમેરો કરતાં હતાં અને તેમાં તેમના જમણા બાવડા પર બે માદળિયાં પણ દેખાતાં હતાં. જો તેમના દેખાવમાં કશુંક વિશેષ પ્રભાવક હોય, તો એ હતું તેમનું સ્મિત. એ સ્મિત અને તેમની આંખો નિર્દોષ નિષ્ઠાનું દર્પણ બની રહેતાં હતાં. સમ્રાટ દક્ષમાં તેમના રાજવીપણાનો ઘમંડ નહોતો વર્તાતો.

'હા, મહારાજ.' શિવે ઉત્તર આપ્યો. 'આપના સામ્રાજ્યમાં અદ્ભુત સુવિધાઓ છે. આપ અત્યંત અસામાન્ય સમ્રાટ છો.'

'આભાર. જોકે એનો મોટાભાગનો યશ વાસ્તવમાં તો વાસ્તવમાં મારા સામ્રાજ્યના લોકોને જ જાય છે, કારણ કે કામ તો એ લોકો જ કરે છે.'

'આપ અત્યંત નમ્ર છો, મહારાજ.'

નમ્રતાપૂર્વક સ્મિત કરીને દક્ષે પૂછ્યું, 'શું આપની સાથે હું મારા સૌથી મત્ત્વના સહાયકોનો પરિચય કરાવું ?' પછી ઉત્તરની પ્રતીક્ષા કર્યા વિના તેમણે પોતાની ડાબે ઊભેલી સ્ત્રી સામે જોઇને કહ્યું, 'આ છે મારાં વડાં પ્રધાન, કનખલા. એ શાસકીય, રાજસ્વ અને શિષ્ટાચારને લગતી તમામ બાબતો સંભાળે છે.'

કનખલાએ પણ શિવને શિષ્ટ રીતે નમસ્તે કર્યાં. તેના મસ્તકનું મુંડન કરેલું હતું અને પાછળ માત્ર એક લાંબી ચોટી રાખવામાં આવી હતી. તેના ડાબા ખભાથી કમરના જમણા હિસ્સા સુધી જતી જનોઈ દેખાતી હતી. આમ તો એ પણ મોટાભાગના મેલુહાવાસીઓની જેમ એકદમ યુવાન જ દેખાતી હતી પરંતુ તેની શ્વેત કંચુકી અને ધોતી વચ્ચે દેખાતા ભાગની એકદમ ઢીલી ત્વચા શિવની નજરમાંથી છટકી શકી નહીં. તેની ત્વચા શ્યામવર્ણી અને લીસી હતી અને તેના તમામ દેશવાસીઓની જેમ તેણે એકદમ ઓછાં આભૂષણો ધારણ કરેલાં હતાં. શિવે નોંધ્યું કે તેના જમણા બાવડા પર બાંધેલાં બે માદળિયાંમાંથી એક માદળિયું કબૂતરનું હતું. એટલે એ બ્રાહ્મણ વર્ણની હતી પરંતુ વધારે ઊંચી પસંદ કરેલી જ્ઞાતિની નહોતી. શિવે પણ નમીને તેને શિષ્ટ રીતે નમસ્તે કર્યાં.

પોતાની જમણી બાજુ ઊભેલા પુરુષને ચીંધીને સમ્રાટ દક્ષે કહ્યું, 'આ છે મારા સરસેનાપતિ પર્વતેશ્વર. એ પાયદળ, નૌકાદળ, વિશેષ દળો, સુરક્ષા દળો એવું બધું સંભાળે છે.'

પર્વતેશ્વરનો દેખાવ જોઇને શિવને થયું કે આવા માણસને લલકારતા પહેલાં બે વાર વિચારી લેવું સારું. એ શિવથી ઊંચા હતા અને તેમનું શરીર સુદૃઢ અને સ્નાયુબદ્ધ લાગતું હતું. તેમની આસપાસ તેમનો પ્રભાવ તરત જ વર્તાઈ આવતો. તેમના લાંબા, વાંકડિયા વાળને વ્યવસ્થિત રીતે ઓળવામાં આવ્યા હતા અને તેમના મુગટની નીચે એ બધા શિસ્તબદ્ધ સૈનિકની જેમ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલા દેખાતા હતા. તેમની શ્યામવર્ણી, લીસી ત્વચા પર યુદ્ધનાં ઘણાં નિશાન હતાં. સામાન્યતઃ બરછટ ક્ષત્રિયો શરીર પરના વાળને મર્દાનગીની નિશાની માનતા પણ આ ક્ષત્રિયના શરીર પર માથા અને મોઢા સિવાય ક્યાંય વાળ દેખાતો નહીં. અને જાણે તેની ખોટ પૂરવાની હોય તેમ પર્વતેશ્વરની મૂછ લાંબી અને જાડી હતી અને તેના છેડા વળીને ઉપર જતા હતા. તેમની આંખોમાંથી જ તેમનું

મજબૂત અને સત્યનિષ્ઠ ચરિત્ર દેખાઈ આવતું હતું. તેમના બાવડા પર બાંધેલા માદળિયાથી દેખાઈ આવતું હતું કે એમની પસંદ કરેલી જ્ઞાતિનું ચિહ્ન વાઘ હતું, જે ક્ષત્રિયોમાં બહુ ઊંચી પસંદ કરાયેલી જ્ઞાતિ મનાતી હતી. તેમણે શિવ સામે એકદમ ત્વરાથી થોડુંક માથું નમાવ્યું. કોઈ નમસ્તે નહીં. વધારે પડતાં નમીને વંદન પણ નહીં. શિવે જોકે ઉષ્માપૂર્ણ સ્મિત કર્યું અને તેમણે તો પર્વતેશ્વરને શિષ્ટ રીતે નમસ્તે કર્યાં જ.

'કૃપા કરીને બહાર પ્રતીક્ષા કરશો, કપ્તાન.' પર્વતેશ્વરે નંદી સામે જોઇને કહ્યું.

જોકે નંદી કંઈ પણ ઉત્તર આપે એ પહેલાં શિવે જ વચ્ચે કહ્યું, 'ક્ષમા કરશો પરંતુ જો નંદી અહીં મારી સાથે જ રહે તો યોગ્ય રહેશે. મારી માતૃભૂમિ છૂટ્યા પછી એ સતત મારી સાથે જ રહ્યો છે અને તે મારો પ્રિય અને વિશ્વાસુ મિત્ર પણ બની ગયો છે.'

'અલબત્ત, એ રહી શકે છે.' દક્ષે ઉત્તર આપ્યો.

'મહારાજ, આ ચર્ચાના સાક્ષી તરીકે કોઈ કપ્તાન હોય, એ યોગ્ય નહીં થાય.' પર્વતેશ્વરે કહ્યું, 'અને એની ફરજા વિશે એમ સ્પષ્ટતઃ લખાયું છે કે એ મહેમાનને માત્ર સમ્રાટ સમક્ષ ઉપસ્થિત જ કરી શકે છે અને રાજયની બાબતોની ચર્ચામાં એ પોતે ઉપસ્થિત રહી શકશે નહીં.'

'શાંત, પર્વતેશ્વર. આપ નિયમોને ઘણી વાર વધારે પડતા ગંભીરતાથી લો છો.' પછી શિવની સામે જોઇને દક્ષે કહ્યું, 'જા તમને વાંધો ન હોય, તો અમે તમારું ગળું જાઈ શકીએ ?'

નંદી શિવની પાછળ જઈને તેમના ગળે બાંધેલો પટ્ટો ખોલવાનો પ્રયત્ન કરવા લાગ્યો. એ પટ્ટા પર એવી રીતે મોતી ટાંકી દેવામાં આવ્યાં હતાં કે અજાણ્યાને તો એમ જ લાગે કે એ ધાર્મિક કારણોસર પહેરવામાં આવ્યો હશે. એ જોઇને દક્ષે સસ્મિત કહ્યું, 'આ સારો ઉપાય શોધ્યો છે.'

જેવો એ પટ્ટો દૂર થયો કે દક્ષ અને કનખલા બંને શિવનું ગળું નીરખવા નજીક આવી ગયાં. પર્વતેશ્વર પોતાની જગ્યાએથી ખસ્યા નહીં પરંતુ તેમણે ગળું વધારે સારી રીતે દેખાય એટલે પોતાની ડોક તો અવશ્ય નમાવી. દક્ષ અને કનખલા તો જે જાવા મળ્યું તેનાથી આશ્ચર્યચકિત થઈ ગયાં હતાં.

દક્ષે હાથ લંબાવીને હળવેથી શિવના ગળાનો સ્પર્શ કર્યો. 'આ રંગ તો અંદરથી ઉદ્ભવી રહ્યો છે. એ કંઈ બહારથી લગાવેલો રંગ નથી. સાચો રંગ છે.'

દક્ષ અને કનખલાએ એકબીજાની સામે જાયું. તેની પહોળી થયેલી આંખોમાંથી આંસુ વહેવા માંડ્યાં હતાં. કનખલાએ હાથ જાડીને વંદન કરતાં કરતાં કોઈ મંત્રોચ્ચાર શરૂ કરી દીધો હતો. દક્ષ શિવને તાકી રહ્યા અને તેમની અંદર જે ઉત્સાહ ઊભરાઈ રહ્યો હતો તેને દબાવી રાખવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. સંયમિત સ્મિત સાથે મેલુહાના સમ્રાટે કહ્યું, 'હું આશા કરું છું કે આપ મેલુહામાં આવ્યા ત્યારથી અત્યાર સુધીમાં અમે લોકોએ કોઈ પણ રીતે આપને અસુખ નહીં પહોંચાડ્યું હોય.'

દક્ષના સંયમિત પ્રતિભાવ છતાં શિવ જાઈ શકતા હતા કે પોતાના વાદળી ગળાને કારણે દક્ષ અને વડાં પ્રધાન બંને આઘાત પામ્યાં હતાં.

આ મેલુહાવાસીઓ માટે આ વાદળી ગળું આટલું મત્ત્વનું કેમ છે ?

'અરે, એમ તો જરા પણ બન્યું નથી, મહારાજ.' કહીને શિવે પોતાના ગળા ફરતે પેલો પટ્ટો બાંધવા માંડ્યો. 'વાસ્તવમાં, મને અને મારા કબીલાને જે રીતે આવકારવામાં આવ્યા છે તેનાથી અમે બધા જ ખુશ છીએ.'

'ઉત્તમ.' દક્ષે સસ્મિત કહ્યું અને નમીને વંદન કરતાં કહ્યું, 'આપ આજે વ્યવસ્થિત

વિશ્રામ કરી લો અને કાલે આપણે વિગતવાર ચર્ચા કરીશું. શું આપ અહીં રાજભવનમાં રહેશો ? એમ કહેવાય છે કે અહીંના કક્ષ થોડાક વધારે આરામદાયક હોય છે.'

'આપનો પ્રસ્તાવ બહુ જ ઉમદા છે, મહારાજ.'

દક્ષે નંદી સામે જોઇને પૂછ્યું, 'કપ્તાન, તમારું નામ શું કહ્યું તમે ?'

'નંદી, મહારાજ.'

'તમે પણ અહીં રહેવા આમંત્રિત છો. આપણા સન્માનનીય મહેમાનની પૂરતી કાળજી લેવાનું ચૂકતા નહીં. કનખલા, બધી વ્યવસ્થા કરાવી દો.'

'જી, મહારાજ.'

કનખલાએ પોતાના એક સહાયકને ઇશારો કરીને અંદર બોલાવ્યો અને એ સહાયક શિવ અને નંદીને રાજભવનની બહાર લઈ ગયો.

શિવ એ ભવનની બહાર નીકળ્યા એ પછી, દક્ષ ગોઠણભેર નીચે બેઠા અને તેમણે અત્યંત પૂજ્યભાવે શિવ ઊભા હતા તે જગ્યાએ પોતાનું માથું ટેકવ્યું. તેમણે ધીમેથી પ્રાર્થના કરી લીધી અને આંસુ ભરેલી આંખે કનખલા સામે જોયું. કનખલાની આંખોમાં જોકે અધીરાઈ અને ક્રોધ વર્તાઈ આવતો હતો.

'મને સમજાતું નથી, મહારાજ.' કનખલા બોલી, 'વાદળી રંગ તો એકદમ સાચો હતો. તો પછી આપે એમને સત્ય જણાવ્યું કેમ નહીં ?'

'તો હું બીજું શું કરી શક્યો હોત ?' આશ્ચર્ય પામેલા દક્ષે કહ્યું, 'દેવગીરીમાં આ એમનો બીજો દિવસ છે. હું એમને સીધેસીધું એમ કહી દઉં કે આપ જ અમારા તારણહાર નીલકંઠ છો ? અને આપ જ અમારી બધી સમસ્યાઓનું નિરાકરણ લાવશો ?'

'જો એમનું ગળું વાદળી રંગનું હોય, તો એ જ નીલકંઠ છે, ખરું ને ? અને જો એ જ નીલકંઠ હોય, તો એ જ આપણા તારણહાર પણ છે. એમણે પણ આ વાત તો સ્વીકારવી જ રહી.'

કંટાળી ગયેલા પર્વતેશ્વર અધવચ્ચે જ બોલી ઊઠ્યા, 'આપણે આવી વાતો કરી રહ્યાં છીએ એનો જ મને તો વિશ્વાસ નથી બેસતો. આપણે મેલુહાવાસીઓ છીએ ! આપણે સૂર્યવંશીઓ છીએ ! માનવજાતના ઇતિહાસની શ્રેષ્ઠતમ સંસ્કૃતિનું આપણે સર્જન કર્યું છે. શું આપણે બધા એમ માની લઈશું કે એક કૌશલ્યહીન, અશિક્ષિત, જંગલી માણસ આપણો તારણહાર છે ? કારણ કે એનું ગળું વાદળી રંગનું થઈ ગયું છે ?'

'દંતકથામાં તો એમ જ કહ્યું છે, પર્વતેશ્વર.' કનખલાએ ઉત્તર આપ્યો.

દક્ષે બંનેને અટકાવ્યા. 'પર્વતેશ્વર, હું એ દંતકથામાં વિશ્વાસ ધરાવું છું. મારા લોકો એ દંતકથામાં વિશ્વાસ ધરાવે છે. નીલકંઠે પ્રગટ થવા મારા શાસનનો સમય પસંદ કર્યો છે. એ સમગ્ર ભારતવર્ષને મેલુહાના આદર્શોને અનુસરતું કરી દેશે. સત્ય, ફરજ અને માનની ભૂમિ બનાવી દેશે. એમની આગેવાની આપણને આ ચંદ્રવંશી સમસ્યાનો કાયમી ઉકેલ લાવી આપવામાં સહાયરૂપ બની શકશે. એ આપણી પર જે પણ ત્રાસ વર્તાવે છે એ બધાનો અંત આવી જશે. ત્રાસવાદી આક્રમણો, સોમરસની તંગી, સરસ્વતીના પાણીમાં ઘટાડો, બધી જ સમસ્યાઓનો અંત આવી જશે.'

'તો પછી એમને જણાવવામાં આપણે કોની પ્રતીક્ષા કરી રહ્યા છીએ, મહારાજ ?' કનખલાએ પૂછ્યું. 'આપણે જેટલી વધારે પ્રતીક્ષા કરીશું, એટલો જ લોકોનો નિર્ધાર પણ નબળો બનતો જશે. હરિયુપાથી થોડેક જ દૂરના ગામમાં ત્રાસવાદીઓએ હમણાં જ હુમલો કર્યો, એ તો આપ જાણો જ છો. આપણે જેટલી નબળી પ્રતિક્રિયા આપીશું, આપણા શત્રુની હિંમત એટલી વધતી જશે, મહારાજ. આપણે પ્રભુને ત્વરાથી જાણ કરી દેવી

જોઈએ અને લોકોને તેમના પ્રાગટ્ય અંગે પણ જણાવી દેવું જોઈએ. એનાથી આપણને, આપણા લોકોને ક્રૂર શત્રુઓ સામે લડવામાં બળ મળશે.'

'હું એમને અવશ્ય જણાવીશ, પરંતુ હું તમારા કરતાં વધારે દીર્ઘદૃષ્ટિથી વિચારું છું. અત્યાર સુધી આ સામ્રાજ્યે માત્ર જુઠ્ઠા નીલકંઠોનો દુષ્પ્રભાવ જ અનુભવ્યો છે. હવે જો લોકોને એમ જાણવા મળે કે સાચા નીલકંઠનું પ્રાગટ્ય તો થઈ ગયું છે, પરંતુ તે આપણી સાથે ઊભા રહેવા તૈયાર નથી, તો એનો લોકો પર શું પ્રભાવ પડે ? એટલે આપણે સૌ પ્રથમ તો એ જાવું પડશે કે પ્રભુ આ સત્યનો સ્વીકાર કરે. એ પછી જ આપણે લોકોમાં તેમના પ્રાગટ્યની ઘોષણા કરીશું. અને મને એમ લાગે છે કે એમને સંપૂર્ણ સત્ય જણાવી દેવું એ જ એમના ગળે આ વાત ઉતારવાનો શ્રેષ્ઠ ઉપાય છે. એક વાર એ સ્વયં જાશે કે આપણે કેવા અન્યાયી આક્રમણોનો ત્રાસ ભોગવી રહ્યા છીએ, એ પછી અનિષ્ટનો નાશ કરવા એ પણ આપણી સાથે લડાઈમાં અવશ્ય જોડાઈ જશે. એમાં જો સમય લાગે, તો ભલે લાગે. આમ પણ આપણે સદીઓથી નીલકંઠની પ્રતીક્ષા કરતા આવ્યા છીએ. તો થોડાંક વધુ સપ્તાહમાં આપણો નાશ નહીં જ થઈ જાય.'



પ્રકરણ ૫
બ્રહ્માના ઉત્તરાધિકારી

શિવ રાજવી અતિથિગૃહના લીલાછમ બગીચામાં ચાલી રહ્યા હતા. કનખલાના એક કાર્યદક્ષ સહાયકની સાથે મળીને નંદી શિવનો સામાન રાજવી અતિથિગૃહમાં લાવી રહ્યો હતો. શિવ એક આરામદાયક બાંકડા પર બેઠા બેઠા લાલ અને સફેદ ગુલાબના ક્યારાઓ જોઈ રહ્યા હતા. ખુલ્લા બગીચામાં આવી રહેલી ઠંડા પવનની લહેરને કારણે શિવના મુખ પર સ્મિત આવી ગયું હતું. બપોરનો સમય હતો અને અત્યારે બગીચામાં ભાગ્યે જ કોઈ હતું. સવારે સમ્રાટ સાથે થયેલી વાતો અંગે શિવ વારંવાર વિચારે ચડી જતા હતા. દક્ષનો પ્રત્યાઘાત અત્યંત સંયમિત હતો છતાં શિવ સમજી શકતા હતા કે તેમનું વાદળી ગળું આ મેલુહાવાસીઓ માટે અત્યંત મત્ત્વનું હતું, સમ્રાટ માટે પણ. એનો અર્થ એ થયો કે નીલકંઠની દંતકથા જે હોય તે, પરંતુ તે માત્ર કાશ્મીરના નાનકડા ભાગ પૂરતી જ પ્રચલિત નહોતી. જો સમ્રાટ પોતે જ એ દંતકથાને આટલી ગંભીરતાથી લેતા હોય, તો બધા મેલુહાવાસીઓને નીલકંઠની સહાયની આવશ્યકતા હશે જ.

પરંતુ એ લોકોને સહાય શેના માટે જોઈએ છે ? એ લોકો અમારા કરતા તો ઘણા વધારે આધુનિક છે !

ઢોલ અને ઘૂંઘરુના અવાજને કારણે તેમની વિચારશૃંખલા અટકી. બગીચામાં કોઈ નૃત્યનો અભ્યાસ કરી રહ્યું હોય, એમ લાગતું હતું. અભ્યાસ કરવાની જગ્યાને બગીચાના અન્ય ભાગથી અલગ પાડવા માટે વાડ કરવામાં આવી હતી. આમ તો શિવને પોતાને પણ નૃત્યમાં અત્યંત રુચિ હતી અને અન્ય સંજોગોમાં તો એ પોતે પણ ઢોલનો અવાજ સાંભળીને નૃત્યમાં જોડાઈ ગયા હોત પરંતુ અત્યારે તેમનું મન બીજી બાબતમાં પરોવાયેલું હતું. જોકે તેમને નૃત્ય કરનારા લોકોના અમુક શબ્દો અવશ્ય સંભળાયા.

'ના દેવી, તમારે તમારી જાતને એકદમ મુક્ત કરી દેવી પડે.' શિવને કોઈ પુરુષનો અવાજ સંભળાયો. 'આ કંઈ તમારે પરાણે કરવું પડે એવું કોઈ કામ નથી. તમારે નૃત્યનો આનંદ માણવાનો છે. તમે બધાં જ પદ યાદ રાખવાનો વધારે પડતો જ પ્રયત્ન કરી રહ્યાં છો. સંગીતના તાલે તમારું શરીર આપોઆપ ઝૂમવા માંડવું જોઈએ.'

એ પછી કોઈ સ્ત્રીનો અવાજ સંભળાયો. 'દેવી, ગુરુજી સાચું જ કહી રહ્યા છે. તમે નૃત્ય તો જરા પણ ભૂલ વિના કરી રહ્યાં છો પરંતુ તેને માણી નથી રહ્યાં. તમારા મુખ પર જ દેખાય છે કે તમે અત્યંત વિચારપૂર્વક નૃત્ય કરી રહ્યાં છો. તમારે નૃત્ય માણવું જોઈએ.'

'પહેલાં હું બધાં જ પદ બરાબર શીખી લઉં. એ પછી જ હું નૃત્યને માણી શકીશ.'

છેલ્લે જે અવાજ સંભળાયો તેનાથી શિવનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં. આ તો એનો જ અવાજ હતો. સતીનો અવાજ. શિવ ત્વરાથી ઊભા થયા અને અવાજની દિશામાં ગયા.

વાડની પાછળ બનાવેલા નાનકડા મંચ પર સતી નૃત્ય કરી રહી હતી. તેણે પોતાના બંને હાથ હવામાં ઊંચા કરી રાખ્યા હતા અને તે યાંત્રિક રીતે નૃત્ય કરી રહી હતી. તે તાલ મુજબ ડાબો અને જમણો પગ વારાફરતી ઊંચો-નીચો કરી રહી હતી. પોતાની કમનીય કમરને લચકાવતી સતીએ બંને હાથ પણ કમર પર ટેકવી રાખ્યા હતા કે જેથી નૃત્યનો વિશેષ ભાવ વ્યક્ત થઈ શકે. શિવ પુનઃ સંમોહિત થઈ ગયા.

જોકે તેમને પણ એમ લાગ્યું કે સતીનું નૃત્ય હતું તો એકદમ નિયમાનુસાર પરંતુ ગુરુજીની વાત સાચી હતી. સતી યાંત્રિક રીતે નૃત્ય કરી રહી હતી અને સંગીતના તાલે નૃત્યમાં ખોવાઈ જવાની નૃત્યકારની લાક્ષણિકતા દેખાતી નહોતી. નૃત્ય દ્વારા જે વાર્તા કહેવાઈ રહી હતી તેમાં આવતા આનંદ અને ક્રોધના હાવભાવ, સતીનાં અંગોના હલનચલનમાં પ્રતિબિંબિત નહોતા થતા. અને, ઉત્કૃષ્ટ નાટ્યકારથી વિપરીત, સતી સમગ્ર મંચનો પણ યોગ્ય ઉપયોગ નહોતી કરી રહી. સતીનાં પગલાં નાનાં હતાં જેનાથી તેનું નૃત્ય મંચની મધ્યમાં જ સીમિત થઈ જતું હતું.

ગુરુજી સતીની સામે બેસીને ઢોલ વગાડી રહ્યા હતા. સતીની સાથે રહેતી કૃતિકા ગુરુજીની જમણી બાજુ બેઠી હતી. સૌ પ્રથમ ગુરુજીએ શિવને જોયા અને તેઓ ત્વરાથી ઊભા થઈ ગયા. પછી સતી અને કૃતિકાએ પણ ફરીને જોયું અને શિવને ત્યાં ઊભેલા જોઇને બંનેને ખરેખર આશ્ચર્ય થયું. સતીએ તો પોતાના આશ્ચર્ય પર નિયંત્રણ મેળવી લીધું પરંતુ કૃતિકા એમ કરી શકી નહીં અને બોલી ઊઠી, 'શિવ ?'

સતીએ પોતાની લાક્ષણિક અને સંયમિત શૈલી અનુસાર એકદમ ગંભીરતાથી પૂછ્યું, 'બધું ઠીક તો છે ને, શિવ ? મારી કોઈ સહાય જોઈએ છે ?'

'તું કેમ છે ? હું તને વારંવાર યાદ કરતો હતો. શું તું કદી પણ સ્મિત નથી કરતી ?'

શબ્દો શિવના મગજમાં દોડી રહ્યા હતા પરંતુ હોઠ પર નહોતા આવી રહ્યા. શિવ સતીને તાકી જ રહ્યા. કૃતિકા સસ્મિત જોઈ રહી કે સતી શું પ્રતિક્રિયા આપે છે. જોકે સતીએ વધારે ગંભીરતાથી પૂછ્યું, 'મારી કોઈ સહાય જોઈએ છે, શિવ ?'

'ના, ના, મારે કોઈ જ સહાય નથી જોઈતી.' અચાનક શિવ વાસ્તવમાં પાછા ફર્યા હોય એમ બોલી ઊઠ્યા. 'હું તો અહીંયાં બગીચામાં ફરતો હતો અને મને તમારા નૃત્યનો અવાજ સંભળાયો. અર્થાત્ તમારી વાતચીત સંભળાઈ. તમારા નૃત્યનો અવાજ તો એટલે દૂર સુધી સંભળાય એવો નથી. તમારું નૃત્ય એકદમ સચોટ છે. વાસ્તવમાં, એ બધું...'

કૃતિકા વચ્ચે જ બોલી ઊઠી, 'તમે નૃત્યકળાના જાણકાર લાગો છો, નહીં ?'

'ના, થોડુંઘણું જ જાણું છું.' શિવે કૃતિકાને સસ્મિત કહ્યું. પછી ત્વરાથી સતી સામે જોઇને કહ્યું, 'મને ક્ષમા કરશો સતી, પરંતુ ગુરુજી સાચું જ કહી રહ્યા છે. હું જ્યાંથી આવું છું, ત્યાંની ભાષામાં કહું તો મુદ્રાઓ અને ક્રિયાઓ તો બધી જ બરોબર છે, પરંતુ ભાવ નથી આવતો. અને ભાવ વગરનું નૃત્ય એટલે આત્મા વિનાનું શરીર. જ્યારે નૃત્યકારના ભાવ પ્રગટે છે ત્યારે તેણે કોઈ પણ પદ યાદ રાખવાની જરૂર નથી પડતી. એ પદ તમને આપોઆપ જ યાદ આવી જાય છે. અને ભાવ એવી વસ્તુ છે જે તમે શીખી શકો નહીં. જો તમે તમારા હૃદયમાં તેના માટે જગ્યા રાખો, તો તે આપોઆપ જ આવે છે.'

સતી કશું પણ બોલ્યા વિના ધીરજપૂર્વક શિવને સાંભળતી રહી. એ જંગલીને સાંભળીને સતીની ભમરો ઊંચી થઈ ગઈ હતી. એને નૃત્ય વિશે સૂર્યવંશીથી વધારે જ્ઞાન કઈ રીતે હોય ? જોકે પછી સતીએ પોતાની જાતને યાદ અપાવ્યું કે આ જ જંગલીએ તેનું જીવન બચાવ્યું હતું. એટલે તે માણસનું સન્માન કરવું તેનું કર્તવ્ય હતું.

જોકે વર્ણનું કોઈ પણ ચિહ્ન ન ધરાવનાર આ માણસ પોતાની માલકિન કરતાં પણ

નૃત્ય વિશે વધારે જાણે છે એવો દેખાવ કરી રહ્યો છે, એ જોઇને કૃતિકાને ખરેખર માઠું લાગ્યું. તેણે શિવ સામે ડોળા કાઢીને જોયું. 'આ સામ્રાજ્યની શ્રેષ્ઠ નર્તકીઓમાંની એક કરતાં પણ તમે નૃત્ય વિશે વધારે જાણો છો, એવું તમે વિચારી પણ કઈ રીતે શકો ?'

શિવને હવે સમજાયું કે તેમણે કોઈકને માઠું લાગે તેવું કંઈક કહ્યું લાગે છે. તેમણે એકદમ ગંભીરતાપૂર્વક સતી સામે જોયું. 'હું ક્ષમા માગું છું. મારે કોઈ પણ રીતે તમારું અપમાન નથી કરવું. ઘણી વાર હું શું બોલી રહ્યો છું, તેનું મને પોતાને જ ભાન નથી હોતું.'

'ના, ના.' સતીએ ઉત્તર આપ્યો. 'તમે મારું કોઈ જ અપમાન નથી કર્યું. સંભવતઃ તમે સાચું જ કહી રહ્યા છો. મારે નૃત્યનો અર્થ જેટલો સમજવો જોઈએ તેટલો કદાચ હું સમજતી નથી. જોકે મને પૂર્ણ વિશ્વાસ છે કે ગુરુજીના માર્ગદર્શન હેઠળ હું એ પણ કરી શકીશ.'

સતીને પ્રભાવિત કરવાની આ તક ઝડપી લેતાં શિવે કહ્યું, 'જો તમને યોગ્ય લાગે, તો હું નૃત્ય કરી બતાવું ? મને વિશ્વાસ છે કે તકનીકની દૃષ્ટિએ હું તમારા જેટલો પરિપૂર્ણ નથી. જોકે, નૃત્યના ભાવ મને યોગ્ય પગલાં ભરવાની દિશામાં દોરી જશે એમ મને લાગે છે.'

આ એકદમ યોગ્ય રીતે કહ્યું *!* એ હવે ના કહી શકશે નહીં *!*

સતીને આશ્ચર્ય થયું. આ વાત એકદમ અણધારી હતી. 'હંઅઅઅ. . .ઠીક છે.' તે માત્ર એટલું જ કહી શકી.

આનંદિત શિવ તરત જ મંચની મધ્યમાં જઈને ઊભા રહ્યા. તેમના શરીરના ઉપરના ભાગને ઢાંકતુ અંગવસ્ત્ર તેમણે કાઢીને એક બાજુ નાખ્યું. શિવના માંસલ દેહને જોઇને કૃતિકા ભૂલી ગઈ કે આ માણસે જ થોડીક ક્ષણો પહેલાં પોતાની માલકિનનું અપમાન કર્યું હતું. સતી જોકે એમ વિચારવા માંડી કે શિવ તેમના માંસલ દેહને નૃત્યની આવશ્યકતા અનુસાર કઈ રીતે મરોડી શકશે. શક્તિની વેદી પર સામાન્યતઃ લવચીકતાની બલી આપવામાં આવતી હોય છે.

ગુરુજીએ હળવેથી પોતાના ઢોલ પર તાલ આપતાં કહ્યું, 'તમને કેવા તાલ પર નૃત્ય કરવું ફાવશે, યુવાન ?'

શિવે નમીને વંદન કર્યાં અને કહ્યું, 'ગુરુજી, મને માત્ર એક ક્ષણ આપશો ? મારે નૃત્ય માટે તૈયારી કરવી પડશે.'

શિવ યુદ્ધમાં જેટલા પારંગત હતા, તેટલા જ નૃત્યમાં પણ હતા. પૂર્વ દિશામાં ફરીને તેમણે પોતાની આંખો બંધ કરી અને મસ્તક નમાવ્યું. પછી ગોઠણભેર બેસીને તેમણે પૂજ્યભાવે ધરતી પર પોતાનું મસ્તક ટેકવ્યું. પછી ઊભા થઈને તેમણે પોતાનો જમણો પગ થોડોક આગળ કર્યો. પછી તેમણે પોતાનો ડાબો પગ નજાકતથી જમણા પગના ગોઠણ સુધી ઊંચો કર્યો અને જમણો પગ થોડોક વાળીને પોતાના શરીરનું સમતોલન સાધ્યું. તેમના મુખ અને જમણા પગ વચ્ચે જે અંતર હતું તેની બરોબર મધ્યમાં ડાબો પગ ગોઠવાયો હતો. દર્શકોને આ ચુપકીદીમાં હવાની ઠંડી લહેરખીઓ રાહત આપતી હતી. અત્યંત આનંદિત ગુરુજી, સતી અને કૃતિકા શિવ સામે સાશ્ચર્ય જોઈ રહ્યાં. શિવ શું કરવા જઈ રહ્યા છે એ તેમને સમજાતું નહોતું પરંતુ તેમની અંગભંગિમામાંથી વહી રહેલી ઊર્જા તેઓ અનુભવી શકતાં હતાં.

શિવે પોતાના બંને હાથ વર્તુળાકારે ઊંચા કરીને પોતાના ખભાની સમાંતરે ગોઠવ્યા. તેમણે જમણા હાથમાં એક કાલ્પનિક ડમરું ધારણ કરેલું હતું. તેમનો ડાબો હાથ ખાલી હતો અને તેની જમણી હથેળી એવી રીતે આકાશ સામે તકાઈ રહી હતી જાણે તેઓ આકાશમાંથી કોઈ દૈવી ઊર્જા મેળવી રહ્યા હોય. તેઓ આવી રીતે અમુક ક્ષણો સુધી ઊભા

રહ્યા. તેમના ચમકતા મુખ પરથી લાગી રહ્યું હતું કે તેઓ પોતાની અંદર ઊંડા ઊતરી રહ્યા છે. પછી તેમનો જમણો હાથ એવી સરળતાથી આગળ વધ્યો જાણે તેનું પોતાનું જ આગવું મગજ હોય. હવે તેની ખુલ્લી હથેળી દર્શકોની સામે આશીર્વાદની મુદ્રામાં તકાયેલી હતી. એ મુદ્રા જોઇને આશ્ચર્યચકિત સતીના મનમાં પોતે સુરક્ષિત હોવાની લાગણી ઊભરાઈ આવી. પછી, પહેલાં જેટલી જ નજાકતથી શિવના ડાબા હાથની હથેળી ખભાની ઊંચાઈ પર જ રહીને જમણા હાથની હથેળી નીચે ગોઠવાઈ અને તેની આંગળી નીચીની દિશામાં તકાયેલી રહી. આ મુદ્રામાં પણ શિવ અમુક ક્ષણો સુધી ઊભા રહ્યા.

એ પછી તેમણે નૃત્ય કરવાનું શરૂ કર્યું.

સતી સાશ્ચર્ય શિવને તાકી રહી. એ પણ સતી જેવાં જ પગલાં ભરી રહ્યા હતા. તેમ છતાં આ નૃત્ય એકદમ અલગ જ હોય, એમ લાગી રહ્યું હતું. તેમના દેહના હલનચલન સાથે તેમના હાથની નજાકતભરી મુદ્રાઓ સુસંગત લાગતી હતી.

આટલું માંસલ શરીર આટલું લવચીક કઈ રીતે બની શકે ? શિવના નૃત્ય સાથે પોતાના ઢોલનો તાલ મેળવવા ગુરુજી ભારે પ્રયત્ન કરી રહ્યા હતા, પરંતુ એ આવશ્યક હોય, એમ લાગતું નહોતું કારણ કે શિવના પગના થડકારાને ઢોલનો તાલ અનુસરી રહ્યો હતો !

એ નૃત્યમાં એક સ્ત્રીની વિવિધ લાગણીઓ પ્રગટ થતી હતી. પ્રારંભમાં, પોતાના પતિ સાથે નૃત્ય કરી રહેલી સ્ત્રીના આનંદ અને કામાતુરતાની ભાવના તેમાં પ્રગટ થતી હતી. એ પછી પોતાના પતિની કપટથી કરવામાં આવેલી હત્યાથી ઉદ્ભવતો ક્રોધ અને પીડા તેમાં પ્રગટ થતાં હતાં. પોતાના કદાવર માંસલ દેહ વડે પણ શિવ પીડિત સ્ત્રીની નાજુક અને શક્તિસભર લાગણીઓ રજૂ કરી રહ્યા હતા.

શિવની આંખો ખુલ્લી હતી, પરંતુ દર્શકો અનુભવી શકતા હતા કે શિવની આંખોમાં અલગ જ દુનિયા પ્રગટેલી છે. એ પોતાના જ જગતમાં ખોવાયેલા છે. એ દર્શકો માટે નૃત્ય નથી કરી રહ્યા. એ પ્રશંસા માટે પણ નૃત્ય નથી કરી રહ્યા. એ સંગીત સાથે તાલ મિલાવવા પણ નૃત્ય નથી કરી રહ્યા. એ માત્ર પોતાના માટે જ નૃત્ય કરી રહ્યા છે. એમ જ લાગી રહ્યું હતું, જાણે કોઈ દૈવી બળ જ તેમના નૃત્યને આગળ ધપાવી રહ્યું છે. સતીને સમજાયું કે શિવ સાચું કહી રહ્યા હતા. એમણે પોતાની જાતને મુક્ત કરી દીધી અને નૃત્ય આપોઆપ જ તેમનામાં આવી ગયું હતું.

જાણે એક યુગ વીત્યો હોય, તેવો દર્શકોને અનુભવ કરાવીને શિવનું નૃત્ય અટક્યું ત્યારે શિવે પોતાની આંખો મક્કમ રીતે બંધ કરી રાખી હતી. જ્યાં સુધી તેમના શરીર પર ફેલાયેલો દૈવી ઉજાસ લુપ્ત ન થયો ત્યાં સુધી તેઓ અંતિમ મુદ્રામાં એકદમ સ્થિર ઊભા રહ્યા. તેઓ જાણે આ દુનિયામાં પાછા ફરી રહ્યા હોય, એમ લાગી રહ્યું હતું. પછી શિવે ધીરેથી પોતાની આંખો ખોલી ત્યારે સતી, કૃતિકા અને ગુરુજી ખુલ્લા મોઢે તેમની સામે તાકી રહ્યાં હતાં.

સૈ પ્રથમ ગુરુજી જ બોલી ઊઠ્યા, 'તમે કોણ છો ?'

'હું શિવ છું.'

'ના, ના, તમારા શરીરની વાત નથી. તમે કોણ છો ?'

શિવે પોતાની ભમરો સંકોચીને પુનરુચ્ચારણ કર્યું, 'હું શિવ છું.'

'ગુરુજી, શું હું એક પ્રશ્ન પૂછી શકું ?' સતીએ પૂછ્યું.

'અવશ્ય પૂછી શકે છે.'

શિવ સામે જોઇને સતીએ પૂછ્યું, 'નૃત્ય શરૂ કરતા પહેલાં તમે શું કર્યું હતું ? શું એ કોઈ તૈયારી કરતું પગલું હતું ?'

'હા, તેને નટરાજ મુદ્રા કહે છે. નૃત્યના ભગવાનની મુદ્રા.'

'નટરાજ મુદ્રા ? એનાથી શું થાય છે ?'

'તેનાથી મારી ઊર્જાનું બ્રહ્માંડની ઊર્જા સાથે સંધાન થાય છે અને તેના કારણે નૃત્ય આપોઆપ જ પ્રગટે છે.'

'મને સમજાયું નહીં.'

'વાત એમ છે કે અમે, અમારા કબીલાના લોકો, એમ માનીએ છીએ કે આ દુનિયાની તમામ વસ્તુઓ ઊર્જાની વાહક છે. આ છોડ, પ્રાણીઓ, પદાર્થો, આપણાં શરીર, એ બધાં જ ઊર્જાના વાહક છે. જોકે સૌથી મોટું ઊર્જાનું વાહક કોઈ હોય, તો એ છે આ ધરતી માતા, જેને આપણે સતત સ્પર્શતા રહીએ છીએ અને જેની પર આપણે વસીએ છીએ.'

'એને આ નૃત્ય સાથે શું લેવાદેવા છે ?'

'તમારે કંઈ પણ કરવા માટે શક્તિ જોઈએ. તમારે તમારી આસપાસમાંથી ઊર્જા મેળવવી પડે છે. એ ઊર્જા લોકોમાંથી મળે છે, પદાર્થોમાંથી મળે છે, સ્વયં ધરતી માતામાંથી મળે છે. તમારે માત્ર આદરપૂર્વક તે માંગવી પડે છે.'

'અને તમારી નટરાજ મુદ્રાને કારણે તમે ઇચ્છો એ ઊર્જા પ્રાપ્ત કરી શકો છો ?' ગુરુજીએ પૂછ્યું.

'તેનો આધાર તો હું ઊર્જા શાના માટે માંગી રહ્યો છું, તેના પર છે. નટરાજ મુદ્રાને કારણે મારામાં આવી રહેલા નૃત્ય માટે સાદર ઊર્જા માંગવામાં મને સહાય મળી રહે છે. જો મારામાં આવી રહેલા કોઈ વિચાર માટે મારે ઊર્જા જાઈતી હોય, તો મારે નીચે બેસીને પલાંઠી વાળીને ધ્યાન ધરવું પડે.'

'એમ લાગે છે કે ઊર્જા પણ તમારામાં પ્રવેશવા આતુર છે, યુવાન.' ગુરુજીએ કહ્યું 'તમે પોતે જ નૃત્યના દેવ નટરાજ છો.'

'અરે, ના !' શિવે સાશ્ચર્ય કહ્યું, 'હું નટરાજની અસીમ શક્તિઓ વહાવતું એક માધ્યમ માત્ર છું. અને એ માધ્યમ તો કોઈ પણ બની શકે છે.'

'તો પછી તમે બહુ જ કાર્યદક્ષ માધ્યમ છો એમ કહેવું પડે, યુવાન.' કહીને ગુરુજીએ સતી સામે જાયું અને કહ્યું, 'જા તારે આમના જેવા મિત્ર હોય, તો મારી શું આવશ્યકતા છે, પુત્રી. જો તારે શિવના હાથ નીચે નૃત્ય શીખવું હોય, તો તારી નૃત્યતાલીમમાંથી હું અત્યંત આદરપૂર્વક વિદાય લઈ શકીશ.'

શિવ સતી સામે આશાભરી આંખે જાઈ રહ્યા. તેમણે ધાર્યું હતું તેનાથી ઘણી વધારે સારી પરિસ્થિતિ સર્જાઈ હતી.

હા પાડી દે, હે ભગવાન !

જોકે સતી પોતાની અંદર ઊતરી ગઈ હોય, એમ લાગ્યું. શિવને પહેલી વાર એ સ્ત્રીમાં નિર્બળતાનું કોઈ ચિહ્‌ન દેખાયું. સતીએ પોતાનું મસ્તક ઝુકાવ્યું પરંતુ તેના ગર્વિષ્ઠ દેખાવમાં એ શોભતું નહોતું. તે ઝૂકેલા મસ્તકે ધીમેથી બોલી, 'હું કોઈનું અપમાન કરવા ઇચ્છતી નથી પરંતુ સંભવતઃ એ સ્તરની તાલીમ પામવાની મારી ક્ષમતા નથી એમ મને લાગે છે.'

'પરંતુ તમારામાં પૂરતાં કૌશલ્યો છે.' શિવે દલીલ કરી. 'તમારામાં એ ક્ષમતા છે. તમારામાં એટલી શક્તિ છે. તમે બહુ સરળતાથી એ સ્તર સુધી પહોંચી શકશો.'

સતીએ દૃષ્ટિ ઊંચી કરીને શિવની સામે જાયું ત્યારે તેની આંખોમાં થોડીક ભીનાશ હતી. તેમાં જે ઘેરી પીડા ઝલકતી હતી તેનાથી શિવ હત્‌પ્રભ થઈ ગયા.

આ બધું શું થઈ રહ્યું છે ?

'હું કોઈ પણ સ્તરથી ઘણી દૂર છું, શિવ.' સતી બબડી.

એટલું કહેતાં કહેતાં સતીએ પોતાની જાત ઉપર પાછું નિયંત્રણ મેળવી લીધું. તેના ચહેરા પર પૂર્વવત્ વિનમ્રતા આવી ગઈ. ચહેરા પર મહોરું પાછું ચડી ગયું. 'મારો પૂજા કરવાનો સમય થઇ ગયો છે. આપની આજ્ઞા હોય, ગુરુજી, તો મારે જવું જોઈએ.' પછી તે શિવ તરફ જોઇને બોલી. 'તમને ફરી વાર મળીને આનંદ થયો, શિવ.'

શિવ કંઈ પણ પ્રત્યુત્તર આપે તે પહેલાં સતી ત્વરાથી અવળી ફરીને જતી રહી અને કૃતિકા પણ સતીને અનુસરી.

ગુરુજી આશ્ચર્યચકિત શિવને જોઈ રહ્યા હતા. થોડાક સમય પછી તેમણે શિવને વંદન કર્યાં અને કહ્યું, 'તમારું નૃત્ય જોવા પામવું મારા જીવનનું સદ્ભાગ્ય હતું.'

પછી એ પણ જતા રહ્યા. શિવ મેલુહાવાસીઓના અકળ વર્તન વિશે વિચારે ચડી ગયા.



બીજે દિવસે મોડી સવારે શિવ અને નંદી રાજદરબારમાં પ્રવેશ્યા ત્યારે દક્ષ, પર્વતેશ્વર અને કનખલા તેમની પ્રતીક્ષા કરતાં જોવા મળ્યાં. આશ્ચર્યચકિત શિવે કહ્યું, 'હું ક્ષમા માગું છું, મહારાજ. મને એમ લાગ્યું હતું કે આપણે બીજા પ્રહરના ચોથા કલાકમાં મળવાનું છે. આશા કરું છું કે મેં આપને વધારે પ્રતીક્ષા નહીં કરાવી હોય.'

હાથ જોડીને ઊભેલા દક્ષે નમીને કહ્યું, 'ના, પ્રભુ. આપને ક્ષમા માંગવાની કોઈ જ આવશ્યકતા નથી. અમે જ વહેલા આવી ગયા હતા જેથી આપે પ્રતીક્ષા કરવી પડે નહીં. આપની પ્રતીક્ષા કરવી અમારા માટે સન્માનની વાત છે.'

દુનિયાની સૌથી ઉત્કૃષ્ટ સંસ્કૃતિના સમ્રાટ એક જંગલી માણસ પ્રત્યે આટલો પૂજ્યભાવ દર્શાવી રહ્યા હતા એ જોઇને પર્વતેશ્વરની આંખો પહોળી થઇ ગઈ. સમ્રાટે પોતાને 'પ્રભુ' કહીને સંબોધ્યો છે એ બાબતનું આશ્ચર્ય છુપાવતાં શિવે પણ દક્ષને નમીને વંદન કર્યાં અને બેઠક લીધી.

'પ્રભુ, હું આપને નીલકંઠની દંતકથા કહેવાનું શરૂ કરું એ પહેલાં આપે કોઈ પ્રશ્નો પૂછવા છે ?' દક્ષે પૂછ્યું.

શિવના મનમાં તો એ જ પ્રશ્ન ઊઠ્યો જે ઊઠવો જોઈતો હતો.

હે પવિત્ર સરોવર, મારું આ વાદળી ગળું શા માટે આટલું બધું મત્ત્વનું છે ?

જોકે શિવને એવી અંતઃસ્ફુરણા થઈ આવી કે આ પ્રશ્ન જ તેમણે પૂછવો છે, તેમ છતાં મેલુહાના સમાજને સમજ્યા વિના એ વસ્તુ કદી પણ સમજી શકાશે નહીં.

'આપને કદાચ આ પ્રશ્ન અસામાન્ય લાગે, પરંતુ શું હું આપની ઉંમર પૂછી શકું ?' શિવે પૂછ્યું.

દક્ષે કનખલા સામે પહોળી આંખે જોયું. પછી શિવ સામે આશ્ચર્યથી સ્મિત કરીને કહ્યું, 'આપ અદ્ભુત તીક્ષ્ણ બુદ્ધિ ધરાવો છો, પ્રભુ. આપે સૌથી પ્રસ્તુત પ્રશ્ન જ સૌ પ્રથમ પૂછ્યો છે.' પછી તેમના મુખ પર કોઈ કાવતરાબાજ જેવું સ્મિત આવી ગયું અને તેમણે કહ્યું, 'ગયા મહિને મને એકસો ને ચોર્યાસી વર્ષ થયાં.'

શિવ દિગ્મૂઢ થઈ ગયા. દક્ષની ઉંમર ત્રીસ વર્ષથી એક દિવસ પણ વધુ લાગતી નહોતી. વાસ્તવમાં, મેલુહામાં કોઈ વૃદ્ધ જ નહોતું લાગતું. સિવાય કે પેલા બ્રહ્માના મંદિરમાં તેમને મળેલા પેલા વૃદ્ધ પંડિત.

એટલે નંદીની ઉંમર પણ વાસ્તવમાં સો વર્ષથી વધારે જ છે.

'એવું કઈ રીતે બની શકે, મહારાજ ?' દિગ્મૂઢ શિવે પૂછ્યું. 'કયા જાદુને કારણે આ શક્ય બને છે ?'

'એમાં કોઈ જાદુ નથી, પ્રભુ.' દક્ષે કહ્યું, 'એ અમારા ઓજસ્વી વૈજ્ઞાનિકો દ્વારા બનાવવામાં આવતા સોમરસ નામના પીણાની અસર છે. સોમરસ એટલે દેવોનું પીણું. ચોક્કસ સમયના અંતરાલે સોમરસ પીવાથી મૃત્યુને તો ઘણું દૂર ધકેલી શકાય છે, પરંતુ તેના કારણે આપણે સદા યુવાન જ હોઈએ, એમ જીવી શકીએ છીએ, માનસિક અને શારીરિક, એમ બંને રીતે.'

'પરંતુ આ સોમરસ શું છે ? એ ક્યાંથી આવે છે ? તેનો આવિષ્કાર કોણે કર્યો ?'

'ઘણા પ્રશ્નો પૂછી લીધા, પ્રભુ.' દક્ષે સ્મિત કર્યું. 'એ બધાનો એક પછી એક ઉત્તર આપવાનો હું શ્રેષ્ઠ પ્રયત્ન કરીશ. સોમરસનો આવિષ્કાર હજારો વર્ષ પહેલાં ભારતના શ્રેષ્ઠતમ વૈજ્ઞાનિકોમાંના એકે કર્યો હતો. તેમનું નામ છે ભગવાન બ્રહ્મા.'

'મને લાગે છે કે દેવગીરી જતી વખતે રસ્તામાં તેમનું એક મંદિર આવે છે, જેની મેં મુલાકાત લીધી હતી. મેરુ નામની જગ્યાએ ?'

'હા, પ્રભુ. એમ કહેવાય છે કે તેઓ ત્યાં જ રહેતા હતા અને ત્યાં જ તેમણે કામ પણ કર્યું છે. તેઓ ફલપ્રદ આવિષ્કારક હતા. જોકે તેમણે ક્યારેય પણ પોતાના આવિષ્કારોના લાભ પોતાના પૂરતા સીમિત નહોતા રાખ્યા. તેઓ હંમેશાં એ વાતનું ધ્યાન રાખતા હતા કે તેમના આવિષ્કારોનો ઉપયોગ માનવજાતના કલ્યાણ માટે થાય. તેમને પ્રારંભથી જ ખ્યાલ આવી ગયો હતો કે સોમરસ જેવા શક્તિશાળી પીણાનો અનિષ્ટ લોકો દુરુપયોગ પણ કરી શકશે. એટલે જ તેમણે એ પીણાના ઉપયોગના નિયંત્રણ માટે બહુ જટિલ વ્યવસ્થા ગોઠવી હતી.'

'કેવા પ્રકારનાં નિયંત્રણ ?'

'તેમણે બધાને મુક્તપણે સોમરસ આપ્યો નહીં.' દક્ષે વાત આગળ વધારી. 'સમગ્ર દેશમાં બહુ મોટા પાયે સર્વેક્ષણ કરાવીને તેમણે અખંડ ચરિત્રના કિશોરોનો એક સમૂહ પસંદ કર્યો. તેમાં પ્રાચીન ભારતના સાત પ્રદેશોમાંથી એક એક એમ કુલ સાત કિશોરો પસંદ કરવામાં આવ્યા હતા. તેમણે કિશોરો એટલે પસંદ કર્યા હતા કે જેથી તે બધા તેમની સાથે ગુરુકુળમાં રહે અને તેઓ એ બધાના ચારિત્ર્યનું ઘડતર એવી રીતે કરી શકે કે જેથી તેઓ સાચા અર્થમાં સમાજના નિઃસ્વાર્થ સેવકો બની રહે. માત્ર એ કિશોરોને જ સોમરસ આપવામાં આવ્યો. આ કિશોરોને સોમરસને કારણે શબ્દશઃ દ્વિતીય જીવન મળ્યું હતું એટલે એ લોકો દ્વિજ તરીકે ઓળખાયા. દ્વિજ એટલે બે વાર જન્મ લેનારો જીવ. સોમરસની શક્તિ અને ભગવાન બ્રહ્માનું શિક્ષણ તેમજ તેમના આવિષ્કારોને કારણે આ સાતેય લોકોને સમાજમાં એવું પૂજ્યપદ પ્રાપ્ત થયું, જે એ પહેલાં ક્યારેય શક્ય બન્યું નહોતું. એ સાતેય કિશોરોએ અદ્‌ભુત બુદ્ધિપ્રતિભા પ્રાપ્ત કરી. પ્રાચીન ભારતમાં આવી અદ્‌ભુત બુદ્ધિપ્રતિભા ધરાવનારા લોકોને ઋષિ સંબોધન કરવામાં આવતું હતું. આ કિશોરોની સંખ્યા સાત હતી એટલે તે લોકો સપ્તઋષિ તરીકે ઓળખાયા.'

'અને આ સપ્તઋષિઓએ તેમનાં કૌશલ્યોનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે કર્યો ?'

'હા પ્રભુ. પ્રભુ બ્રહ્માએ સપ્તઋષિઓ માટે એકદમ ચુસ્ત નિયમો બનાવ્યા હતા. તેમને શાસન કે વેપાર કરવાની મંજૂરી નહોતી. તેઓ અંગત લાભ થાય એવું કોઈ પણ કામ કરી શકે નહીં. તેમણે પૂજારી, શિક્ષક, વૈદ્ય જેવાં બૌદ્ધિક કાર્યોમાં પોતાની શક્તિઓનો ઉપયોગ કરીને સમાજનું કલ્યાણ કરવાનું હતું. પોતાની સેવા માટે તેઓ કોઈ પણ પ્રકારનું વળતર સ્વીકારી શકે નહીં અને તેમણે પોતાનું જીવન દાન-ભિક્ષા પર જ વ્યતીત કરવાનું હતું.'

'આ તો સેવાના બહુ જ ચુસ્ત નિયમો કહેવાય.' શિવે હળવાશથી કહ્યું અને પર્વતેશ્વર સામે આંખ મારી.

પર્વતેશ્વરે તો કોઈ પ્રતિક્રિયા આપી નહીં, પરંતુ દક્ષ, કનખલા અને નંદી ખડખડાટ હસી પડ્યાં. શિવે વાતાયન પાસે રહેલ પ્રહર-ઘટિકા સામે જાઈ લીધું. ત્રીજા પ્રહર થવા આવ્યો હતો. સતીનો નૃત્ય કરવા આવવાનો સમય થઈ ગયો હતો.

'સપ્તઋષિઓએ પણ એ નિયમોનું ચુસ્તપણે પાલન કર્યું, પ્રભુ.' દક્ષે વાત આગળ વધારી. 'સમય જતાં અને ઉત્તરદાયિત્વ વધતાં સપ્તઋષિઓએ પોતે પણ ઘણા લોકોને પસંદ કરીને પોતાના કાર્યમાં સાંકળ્યા. નવા જાડાયેલા લોકો પણ સપ્તઋષિઓ જે નિયમો પાળતા હતા તે નિયમો પાળવાની પ્રતિજ્ઞા લેતા અને તેમને પણ સોમરસ પીવડાવવામાં આવતો. તે લોકોએ પોતાનું જીવન જ્ઞાનોપાર્જન અને સમાજકલ્યાણ માટે સમર્પિત કરી દીધું હતું અને તેના માટે તે લોકો કોઈ પણ પ્રકારના ભૌતિક લાભની અપેક્ષા રાખતા નહોતા. અને એ કારણે જ સમાજે તેમની સ્થાપના પૂજ્યપદે કરી હતી. સમય જતાં સપ્તઋષિઓ અને તેમની સાથે સંકળાયેલા લોકોને બધા બ્રહ્માના કબીલાના લોકો એટલે કે બ્રાહ્મણ તરીકે ઓળખવા લાગ્યા.'

'પરંતુ કોઈ પણ પદ્ધતિ લાંબો સમય ચાલે એટલે તેમાં જેમ બને છે એમ એમાંથી અમુક લોકોએ બ્રાહ્મણોના નિયમો પાળવા બંધ કરી દીધા, ખરું ને ?'

'એમ જ થયું, પ્રભુ.' ઉત્તર આપતાં દક્ષે માનવજાતની આ નબળાઈ માટે નિરાશાથી માથું હલાવ્યું. 'સહસ્રાબ્દીઓ વીતતી ગઈ તેમ ભગવાન બ્રહ્માએ બનાવેલા અને સપ્તઋષિઓએ આગળ વધારેલા ચુસ્ત નિયમો અમુક બ્રાહ્મણો ભૂલતા ગયા. સોમરસને કારણે તેમને મળેલી અદ્‌ભુત શક્તિઓનો તેઓ દુરુપયોગ પણ કરતા ગયા. જનસામાન્ય પર પોતાના બહોળા પ્રભાવનો ઉપયોગ કરીને અમુક બ્રાહ્મણોએ રાજ્યો જીતીને શાસન કરવાનું શરૂ કર્યું. અન્ય અમુક બ્રાહ્મણોએ ભગવાન બ્રહ્મા અને સપ્તઋષિઓના આવિષ્કારોનો દુરુપયોગ કરવો પણ શરૂ કર્યો અને તેના દ્વારા પોતાના માટે તેમણે ઘણું ધન ભેગું કર્યું.'

'અને અમુક બ્રાહ્મણોએ તો' કનખલા ભયભીત અવાજે અધવચ્ચે બોલી ઊઠી, 'સપ્તઋષિ ઉત્તરાધિકારીઓ સામે બળવો પણ કર્યો.'

'સપ્તઋષિ ઉત્તરાધિકારીઓ ?' શિવે પૂછ્યું.

'સપ્તઋષિ પરંપરા આગળ ધપાવવા પસંદ કરવામાં આવેલા લોકો.' કનખલાએ કહ્યું, 'જ્યારે કોઈ પણ સપ્તઋષિને ખ્યાલ આવે કે તેમના ભૌતિક જીવનનો અંત સમીપ છે, ત્યારે તેઓ પોતાના ગુરુકુળમાંથી કોઈ એક માણસને પોતાના ઉત્તરાધિકારી તરીકે નીમી દેતા હતા અને એ ઉત્તરાધિકારીઓને સપ્તઋષિની જેમ જ પૂજવામાં આવતા હતા.'

'એટલે સપ્તઋષિના ઉત્તરાધિકારીઓ સામે કરવામાં આવતો બળવો સપ્તઋષિ સામેનો જ બળવો કહેવાય ને ?'

'હા, પ્રભુ.' કનખલાએ ઉત્તર આપ્યો, 'અને આ ભ્રષ્ટાચારનું સૌથી વધુ ચિંતાજનક પાસું એ હતું કે એ કામ બ્રાહ્મણોમાં પણ સમડી, મોર અને હંસ જેવા ઉચ્ચ વર્ણના બ્રાહ્મણો દ્વારા કરવામાં આવતો હતો. વાસ્તવમાં, તેમના ઉચ્ચ વર્ણને કારણે તેમને તો ક્ષત્રિયો અને વૈશ્યોના હાથ નીચે પણ કામ કરવાની મંજૂરી નહોતી, કારણ કે તેના કારણે તેઓ ભૌતિક સુખાકારીઓ તરફ લલચાઈ જવાનો ભય રહેતો હતો. અને આ બધું કર્યા છતાં, તેઓ જ સૌ પ્રથમ આ બધી વસ્તુઓ તરફ લલચાયા હતા.'

'અને આપના જેવા કબૂતર જેવો વર્ણ ધરાવનારા બ્રાહ્મણો ક્ષત્રિયોના હાથ નીચે કામ

કરવા છતાં એ નિયમોને વળગી રહ્યા ?' શિવે પૂછ્યું.

'હા, પ્રભુ.' કનખલાએ ઉત્તર આપ્યો અને તેની છાતી ગર્વથી ફૂલી ગઈ.

નગરમાં ત્રીજા પ્રહરનો ઘંટનાદ થયો. શિવ સહિત, રાજદરબારમાં ઉપસ્થિત તમામ લોકોએ સમયના નવા પ્રકરણનું ટૂંકી પ્રાર્થના કરીને સ્વાગત કર્યું. શિવ મેલુહાવાસીઓની જીવનશૈલી વિશે થોડું-ઘણું શીખી ગયા હતા. એક શૂદ્રએ અંદર આવીને પ્રહર ઘટિકા પહેલાંની જેમ ગોઠવી અને તે જેવી રીતે ચૂપચાપ અંદર આવ્યો હતો, તેવી રીતે બહાર પણ નીકળી ગયો. શિવે પુનઃ એક વાર પોતાની જાતને યાદ અપાવ્યું કે સતી હવે ટૂંક સમયમાં જ પોતાના નૃત્યની તાલીમ શરૂ કરશે.

'તો કઈ ક્રાંતિને કારણે આ પરિવર્તન આવ્યું, મહારાજ ?' શિવે દક્ષને પૂછ્યું. 'તમે, પર્વતેશ્વર અને નંદી ક્ષત્રિયો છો અને તમે સોમરસનું સેવન કર્યું છે એ પણ સુસ્પષ્ટ જ છે. વાસ્તવમાં, મેં તો એમ જાયું છે કે આપના સામ્રાજ્યમાં તમામ વર્ણના લોકો યુવાન અને તંદુરસ્ત દેખાય છે. અર્થાત્ સોમરસ બધાને આપવામાં આવી રહ્યો છે. આવું પરિવર્તન તો કોઈ મોટી ક્રાંતિને કારણે જ આવ્યું હોય, બરોબર ?'

'હા, પ્રભુ. અને એ ક્રાંતિનું નામ છે ભગવાન રામ. આ જગતમાં થઈ ગયેલા સૌથી મહાન સમ્રાટ ! જય શ્રીરામ !'

'જય શ્રીરામ !' રાજદરબારમાં ઉપસ્થિત તમામે જયઘોષ કર્યો.

'તેમના નેતૃત્વ અને વિચારોને કારણે મેલુહાના સમાજમાં નાટ્યાત્મક પરિવર્તનો આવ્યાં.' દક્ષે કહ્યું. 'વાસ્તવમાં, ઇતિહાસનું વહેણ જ તદ્દન બદલાઈ ગયું, પરંતુ હું ભગવાન રામની વાત આગળ વધારું એ પહેલા શું હું એક સૂચન કરી શકું છું ?'

'કરી શકો છો, મહારાજ.'

'અત્યારે ત્રીજા પ્રહર શરૂ થઈ ગયો છે. આપણે ભોજનકક્ષમાં જઈને કંઈક ભોજન ગ્રહણ કરીએ અને પછી આપણી વાત આગળ વધારીએ તો ?'

'મને લાગે છે કે એ ઉત્તમ વિચાર છે, મહારાજ.' શિવે કહ્યું. 'પરંતુ શું મને થોડીક ક્ષણોનો અવકાશ મળી શકે ? મારે એક બીજું મત્ત્વનું કામ પણ પતાવવાનું છે. જો તમને યોગ્ય લાગે તો આપણે આ વાત કાલે આગળ વધારીશું.'

કનખલાના મુખ પર ઉદાસી છવાઈ ગઈ અને પર્વતેશ્વરના મુખ પર તિરસ્કારસૂચક સ્મિત આવી ગયું. દક્ષના મુખ પર જોકે સ્મિત યથાવત્ રહ્યું. 'આપણે કાલે પણ મળી શકીશું, પ્રભુ. શું આવતીકાલે બીજા પ્રહરના બીજા કલાકની શરૂઆતમાં મળવાનું આપને અનુકૂળ રહેશે, પ્રભુ ?'

'અવશ્ય, મહારાજ. આ અગવડ માટે હું ક્ષમા માગું છું.'

'એની આવશ્યકતા નથી, પ્રભુ.' સદાય સ્મિત કરતા રહેતા દક્ષે કહ્યું. 'શું તમારા માટે હું મારા એક રથની વ્યવસ્થા કરું ?'

'એ તો આપની કૃપાદૃષ્ટિ, મહારાજ, પરંતુ મારે જ્યાં જવું છે ત્યાં હું જાતે જ પહોંચી જઈશ. પુનઃ આપની ક્ષમા માગું છું.'

બધાંને વંદન કરીને શિવ અને નંદી ત્વરાથી બહાર નીકળી ગયા. કનખલા દક્ષ સામે આરોપસૂચક દૃષ્ટિથી જાઈ રહી. સમ્રાટે પોતાનું માથું હલાવ્યું અને હાથ વડે શાંત રહેવાનો સંકેત કરીને કહ્યું, 'ઠીક છે. આપણે કાલે મળવાનું જ છે, નથી મળવાનું ?'

'મહારાજ, આપણી પાસે સમય ખૂટી રહ્યો છે.' કનખલાએ કહ્યું. 'નીલકંઠે એમના ઉત્તરદાયિત્વનો તાત્કાલિક સ્વીકાર કરવો જ રહ્યો !'

'એમને થોડોક સમય આપ, કનખલા. આપણે કેટલી લાંબી પ્રતીક્ષા કરી છે. થોડાક

વધુ દિવસોને કારણે કશું ભાંગી પડવાનું નથી !'

પર્વતેશ્વર અચાનક ઊભા થયા અને દક્ષને વંદન કરીને બોલ્યા, 'આપની પરવાનગી હોય, મહારાજ, તો શું હું જઈ શકું છું ? કોઈ જંગલીને શિક્ષિત કરવા કરતાં ઘણા મત્ત્વનાં વ્યવહારિક કામ હજુ કરવાનાં છે.'

'તમે એમના વિશે હંમેશાં સન્માનથી જ વાત કરશો, પર્વતેશ્વર.' કનખલાએ ઘુરકાટ કર્યો. 'એ નીલકંઠ છે !'

'હું તેના વિશે સન્માનથી ત્યારે જ વાત કરીશ જ્યારે તેણે વાસ્તવમાં કંઈ સિદ્ધ કરી બતાવ્યું હશે.' પર્વતેશ્વરે ઘુરકાટ કર્યો. 'હું માત્ર સિદ્ધિઓનું જ સન્માન કરું છું, બીજા કશાયનું નહીં. એ જ ભગવાન રામે બનાવેલો મૂળભૂત નિયમ છે. માત્ર તમારું કર્મ જ મત્ત્વનું છે. તમારો જન્મ પણ નહીં. તમારું લિંગ પણ નહીં. અને તમારા ગળાનો રંગ તો તદ્દન નહીં. આપણો સમગ્ર સમાજ ગુણ આધારિત છે. કે પછી તમે એ ભૂલી ગયા છો ?'

'બહુ થયું !' દક્ષે તેમને અટકાવ્યા. 'હું નીલકંઠને સન્માન આપું છું. એનો અર્થ એ કે બધાએ નીલકંઠનું સન્માન કરવું જ રહ્યું !'



પ્રકરણ ૬
વિકર્મ - દુર્દૈવના વાહક

નંદીને કહેવામાં આવ્યું હતું તે અનુસાર તે ઉપવનમાં દૂર બેઠા બેઠા શિવની પ્રતીક્ષા કરી રહ્યો હતો અને શિવ ઉપવન અને નૃત્યના મંચને અલગ પાડતી ઝાડીઓ ઓળંગીને મંચ બાજુ ગયા હતા. મંચ ખાલી જોઇને નંદીને વિશ્વાસ થઈ ગયો હતો કે આજે પ્રભુને કોઈ મળવાનું નથી. જોકે, શિવને હજુ પણ આશા હતી અને તે આતુરતાપૂર્વક સતીની પ્રતીક્ષા કરી રહ્યા હતા. પોણો કલાક જેટલો સમય પ્રતીક્ષા કર્યા પછી શિવે સ્વીકાર્યું હતું કે આજે નૃત્ય તાલીમનો વર્ગ યોજાશે નહીં. અત્યંત નિરાશ થઈને તેઓ નંદી પાસે આવ્યા.

'કોઈને શોધવામાં હું આપની સહાય કરી શકું, પ્રભુ ?' ઉત્સાહી નંદીએ પૂછી લીધું.

'ના નંદી. રહેવા દે.'

વાતનો વિષય બદલવા નંદીએ કહ્યું, 'પ્રભુ, તમે અવશ્ય ભૂખ્યા થયા હશો. આપણે વિશ્રામગૃહ પાછા જઈને ભોજન લઈએ ?'

'ના, મારે આ નગર થોડુંક વધારે જાવું છે.' શિવે કહ્યું. તેમને એવી આશા હતી કે સતી તેમને નગરમાં જ ક્યાંક મળી જશે. 'આપણે રજત મંચ પર આવેલા કોઈ અલ્પાહાર ગૃહમાં જઈશું ?'

'અદ્‌ભુત વિચાર છે !' નંદીએ સસ્મિત કહ્યું કારણ કે રાજવી વિશ્રામગૃહમાં બ્રાહ્મણોના પ્રભાવવાળું સાદું, શાકાહારી ભોજન તેને આમ પણ ભાવતું નહીં. ક્ષત્રિય અલ્પાહારગૃહોમાં પીરસવામાં આવતી મસાલેદાર માંસાહારી વાનગીઓ તેને આમ પણ ઘણી યાદ આવી હતી.



'બોલો, શું વાત છે પર્વતેશ્વર ?' દક્ષે પૂછ્યું.

'પ્રભુ, અચાનક આવી મુલાકાત ગોઠવવા બદલ ક્ષમા, પરંતુ મને હમણાં જ એક ગંભીર સમાચાર મળ્યા છે જે મારે આપને અંગત રીતે આપવા પડે તેમ હતા.'

'તો, શું છે એ સમાચાર ?'

'શિવે સમસ્યાઓ સર્જવાની શરૂ કરી દીધી છે.'

'હવે નીલકંઠ વિરુદ્ધ કઈ વાત લાવ્યા છો ?' દક્ષે ભમરો ઊંચી કરીને કહ્યું. 'નીલકંઠ આપણને બચાવવા આવ્યા છે એ વાત તમે માની કેમ નથી શકતા ?'

'આ સમાચારને મારી શિવ અંગેના અભિપ્રાય સાથે કશો પણ સંબંધ નથી. મારે જે વાત કરવી છે, તે એક વાર સાંભળી તો લો. ચેનારધ્વજે શિવને ગઈકાલે રાજવી ઉપવનમાં

જોયા હતા.'
'ચેનારધ્વજ અહીં આવી પણ ગયો ?'
'હા, મહારાજ. પરમદિવસે આપે તેમનાં કાર્યોનું આકલન કરવાનું તો ગોઠવાયેલું જ છે.'
'ઠીક છે. તો ચેનારધ્વજે શું જાયું ?'
'એમને પણ શિવ પ્રત્યે આંધળો ભક્તિભાવ જાગ્યો છે એટલે આપણે એટલું તો માની જ શકીએ કે તેમની વાતમાં તેમના કોઈ પૂર્વગ્રહો નહીં હોય.'
'ઠીક છે. હું તમારી વાત માનું છું. તો તેણે નીલકંઠને શું કરતા જોયા ?'
'તેમણે શિવને ઉપવનમાં નૃત્ય કરતા જોયા.' પર્વતેશ્વરે ઉત્તર આપ્યો.
'તો ? શું મારી જાણ બહાર એવો પણ કોઈ નિયમ છે જેમાં નૃત્ય કરવા પર પ્રતિબંધ હોય ?'
'કૃપા કરીને મને મારી વાત પૂરી કરી લેવા દો, મહારાજ. શિવ નૃત્ય કરી રહ્યા હતા અને સતી એમના નૃત્યને અત્યંત ધ્યાનપૂર્વક નિહાળી રહ્યાં હતાં.'
દક્ષને અચાનક આખી વાતમાં રસ પડ્યો એટલે તેમણે આગળ નમીને પૂછ્યું, 'અને ?'
'સતીનું વર્તન તો એકદમ યોગ્ય જ હતું. શિવે જેવો પરિચય વધારવાનો પ્રયત્ન કર્યો કે સતી ત્યાંથી જતાં રહ્યાં, પરંતુ સતી ગયા પછી શિવ જે બબડ્યા, તે ચેનારધ્વજે સાંભળી લીધું.'
'અને એ શું બબડ્યા હતા ?'
'એ બબડ્યા હતા – હે પવિત્ર સરોવર, તેને મેળવવામાં મને સહાય કર. હું તારી પાસેથી આ સિવાય ક્યારેય કશું પણ માંગીશ નહીં !'
દક્ષને આ વાત સાંભળીને આનંદ થયો હોય, તેમ લાગ્યું. 'એટલે તમે એમ કહેવા માંગો છો કે નીલકંઠ મારી પુત્રીના પ્રેમમાં પડ્યા છે ?'
'મહારાજ, તમે આ ભૂમિના નિયમોને ભૂલી શકો નહીં.' ભયભીત પર્વતેશ્વરે કહ્યું. 'તમે જાણો જ છો કે સતી લગ્ન કરી શકે નહીં.'
'જો નીલકંઠ સતીને પરણવાનો નિર્ણય કરે, તો તેમને આ પૃથ્વી પરનો કોઈ પણ નિયમ અટકાવી શકે નહીં.'
'મહારાજ, મને ક્ષમા કરશો પરંતુ નિયમાનુસારનું શાસન જ તો આપણી સંસ્કૃતિનો પાયો છે. આપણે જે કંઈ પણ છીએ, તે તેના કારણે જ તો છીએ. એ કારણે જ તો આપણે ચંદ્રવંશીઓ કે નાગવંશીઓથી સારા છીએ. ભગવાન રામ પોતે પણ નિયમોથી પર નહોતા. તો પછી આ જંગલી માણસને આટલો મત્ત્વનો શા માટે માનવામાં આવે છે ?'
'શું તમે નથી ઇચ્છતા કે સતી સુખી થાય ?' દક્ષે પૂછ્યું, 'તેને લોકો પાર્વતી કહે છે, તેનું પણ એક કારણ છે, પર્વતેશ્વર. એ તમારી પૌત્રી પણ છે. શું તે પુનઃ સુખી થાય એમ તમે નથી ઇચ્છતા ?'
'સતીને તો હું મારી એ પુત્રી સમાન જ માનું છું, જે કદી પણ મારા ભાગ્યમાં લખાઈ નથી, મહારાજ.' પર્વતેશ્વરે કહ્યું. તેમની આંખોમાં ભાગ્યે જ દેખાતી લાગણીનો ચમકારો પણ એ સમયે દેખાયો. 'એના માટે હું કંઈ પણ કરવા તૈયાર છું, સિવાય કે નિયમભંગ.'
'તમારા અને મારા વચ્ચે એ જ તફાવત છે. સતી માટે હું કોઈ પણ નિયમનો ભંગ કરતાં નહીં અચકાઉં. એ મારી પુત્રી છે. મારું લોહી છે. તેણે પૂરતું દુઃખ ભોગવી લીધું છે. જો એને હું કોઈ પણ રીતે સુખી કરી શકું, તો હું એમ અવશ્ય કરીશ. પછી એનાં જે

પરિણામો આવે તે ખરાં !'



રજત મંચની બાજુમાં જ આવેલા મુખ્ય હાટની બાજુમાં શિવ અને નંદીએ પોતાના અશ્વો બાંધ્યા. નંદી શિવને પોતાના એક પ્રિય અલ્પાહારગૃહમાં લઈ ગયો. રંધાઈ રહેલા તાજા માંસની સુગંધથી નંદીની એ ભૂખ જાગૃત થઈ ગઈ જે પાછલા બે દિવસથી રાજવી વિશ્રામગૃહમાં તો તૃપ્ત નહોતી જ થઈ. જોકે અલ્પાહારગૃહના માલિકે શિવને પ્રવેશદ્વાર પાસે જ અટકાવી દીધા.

'શું થયું, ભાઈ ?' નંદીએ પૂછ્યું.

'હું ક્ષમા માગું છું ભાઈઓ, પરંતુ મેં અમુક વ્રત લીધેલાં છે.' પોતાના ગળા ફરતેના મણકાઓ બતાવીને અલ્પાહારગૃહના માલિકે કહ્યું. 'અને તેમાંનું એક વ્રત એ પણ છે કે હું મારા જેવું જ વ્રત પાળનારા લોકોને માંસ પીરસી શકું નહીં.'

નંદી આશ્ચર્યથી બોલી ઊઠ્યો, 'પરંતુ એવું વ્રત કોણે લીધું...'

પરંતુ શિવે તેને અધવચ્ચે જ અટકાવી દીધો અને પોતાની આંખો વડે પોતાના કંઠ ફરતે બંધાયેલી માળા સામે ઇશારે કર્યો. નંદીએ ગરદન હલાવી અને શિવની સાથે ત્યાંથી બહાર નીકળી ગયો.

'વર્ષનો આ સમય વ્રત રાખવા માટેનો હોય છે, પ્રભુ.' નંદીએ ખુલાસો કર્યો. 'આપ અહીં બાજુમાં ઊભા રહીને પ્રતીક્ષા કરશો ? પેલી જમણી બાજુની ગલીમાં પણ અમુક સારા અલ્પાહારગૃહ અને ભોજનાલયો છે. હું તપાસ કરી આવું કે એવો કોઈ માલિક છે જેણે વ્રત ન લીધું હોય ?'

શિવે માથું હલાવીને હા પાડી. નંદી ત્વરાથી જતો રહ્યો પછી શિવ એ ગલીમાં દૃષ્ટિ ફેરવવા માંડ્યા. એ વ્યસ્ત વિસ્તાર હતો અને તેમાં સુનિયોજિત રીતે હાટડીઓ અને ભોજનાલયો બનાવવામાં આવ્યા હતા. જોકે આટલા બધા લોકો અને વેપાર હોવા છતાં ત્યાં ઘોંઘાટ જરા પણ નહોતો. કોઈ પણ વેપારી બહાર આવીને પોતાની વસ્તુઓ વેચવા માટે બૂમો નહોતો પાડી રહ્યો. ગ્રાહકો ભાવતાલ કરતી વખતે પણ મૃદુ અવાજે, વિનમ્રતાથી વાત કરી રહ્યા હતા.

આ વિનમ્ર મૂર્ખાઓ અમારા પર્વત પર ભરાતા ઘોંઘાટિયા હાટમાં વેપાર જ ન કરી શકે !

શિવ મેલુહાવાસીઓની વિચિત્ર જીવનશૈલીના નિરીક્ષણમાં એટલા બધા મશગૂલ થઈ ગયા હતા કે બરાબર તેમની પાછળ નગરનો છડી પોકારનારો આવી ગયો, ત્યાં સુધી તેની ઘોષણા તરફ શિવનું ધ્યાન જ ખેંચાયું નહીં.

'વિકર્મ સ્ત્રીઓ આવી રહી છે. બધા ખસી જાવ !'

શિવે પાછળ ફરીને જોયું તો એક ઊંચો મેલુહાવાસી ક્ષત્રિય તેની સામે જોઈ રહ્યો હતો. 'તમે બાજુમાં ખસવાની કૃપા કરશો જી ? ટૂંક સમયમાં જ વિકર્મ સ્ત્રીઓ અહીંથી પ્રાર્થના કરવા માટે પસાર થશે.'

છડી પોકારનારની બોલવાની શૈલી અને રીતભાત નિઃશંકપણે વિનમ્ર હતી, પરંતુ શિવ કોઈ ભ્રમ હેઠળ હતા નહીં. છડી પોકારનારો શિવને બાજુમાં ખસવાની વિનંતી નહોતો કરી રહ્યો, એ આજ્ઞા આપી રહ્યો હતો. શિવે બાજુ ખસી જઈને એ સરઘસ પસાર થવા દીધું અને એટલી વારમાં તો નંદી પણ પાછો આવી ગયો અને તેણે શિવના હાથ પર

હળવેથી સ્પર્શ કર્યો.

'મને એક સારું ભોજનાલય મળી ગયું છે, પ્રભુ.' ઉત્સાહમાં આવી ગયેલા નંદીએ કહ્યું. 'ત્યાં મારી પ્રિય વાનગીઓ પીરસાય છે. અને હજુ એકાદ કલાક સુધી એ ખુલ્લું જ છે. ત્યાં ભરપૂર ભોજન મળી રહેશે !'

શિવ ખડખડાટ હસી પડ્યા. 'તારી ભૂખ સંતોષવા જેટલું ભોજન એક જ ભોજનાલયમાંથી મળી રહે, એ જ સૌથી મોટી નવાઈની વસ્તુ છે !'

શિવે નંદીની પીઠ પર ધબ્બો માર્યો અને નંદી પણ ખડખડાટ હસી પડ્યો.

તેઓ ભોજનાલયની ગલીની દિશામાં ચાલવા લાગ્યા ત્યારે શિવે નંદીને પૂછ્યું, 'આ વિકર્મ સ્ત્રીઓ કોણ છે ?'

'વિકર્મ લોકો, એટલે પ્રભુ.' નંદીએ ઊંડો નિસાસો નાખીને કહ્યું, 'એવો લોકો જેમને પોતાના પૂર્વજન્મોના પાપને કારણે આ જન્મમાં સજા મળી છે. એટલે તેમણે આ જન્મ ગરિમાથી જીવી લઈને આ જન્મમાં પડતાં દુઃખો સજા સ્વરૂપે સહન કરી લેવાં પડે છે. માત્ર આ એક જ રીતે તેઓ પૂર્વજન્મના પોતાનાં કર્મો ધોઈ શકે છે. વિકર્મ પુરુષોએ એક ચોક્કસ રીતે પ્રાયશ્ચિત્ત કરવાનું હોય છે અને વિકર્મ સ્ત્રીઓએ બીજી રીતે.'

'આપણે જે રસ્તેથી આવ્યા ત્યાંથી હમણાં જ વિકર્મ સ્ત્રીઓ પસાર થઈ. શું તેમની પૂજા આ પ્રાયશ્ચિત્તનો જ ભાગ છે ?' શિવે પૂછ્યું.

'હા, પ્રભુ. વિકર્મ સ્ત્રીઓએ ઘણા નિયમો પાળવા પડે છે. તેમણે પ્રત્યેક માસ શુદ્ધીકરણના દેવ, અગ્નિદેવ પાસે ક્ષમા પ્રાર્થના કરવી પડે છે અને એ માટે એક ચોક્કસ પ્રકારની પૂજા કરવાની હોય છે. તેઓ પરણી શકે નહીં, કારણ કે તેમના દુર્દૈવની અસરથી બીજાનું ભાગ્ય પણ બગડી શકે. જે કોઈ માણસ તેમનું સંબંધી ન હોય અથવા તેમના દૈનિક જીવનનો ભાગ ન હોય, તેને તે લોકો સ્પર્શી પણ શકતા નથી. બીજા પણ ઘણા નિયમો હોય છે, જેના વિશે મને પૂરતી માહિતી નથી. જો આપને રસ હોય તો વળતાં આપણે અગ્નિદેવના મંદિરના કોઈ પંડિતને મળીએ અને તે આપણને વિકર્મ લોકો વિશે બધી જ માહિતી આપી શકશે.'

'ના, એવા કોઈ પંડિતને મળવાની અત્યારે મને ઇચ્છા નથી.' શિવે સસ્મિત કહ્યું. 'એ કદાચ કોઈ મૂંઝવી નાખનારી દુર્બોધ વાતોથી મને થકવી નાખશે ! પણ મને એક વાત કહે. એવું કોણ નક્કી કરે છે કે વિકર્મ લોકોએ પૂર્વજન્મમાં પાપ કર્યાં છે ?'

'તેમનાં પોતાનાં કર્મો જ, પ્રભુ.' નંદીની આંખો એવી રીતે પહોળી થઈ ગઈ જાણે આ તો કોઈને પણ સમજાઈ જાય તેવી વાત છે. 'ઉદાહરણ તરીકે, જો કોઈ સ્ત્રીને મૃત બાળક જન્મે, તો એમ સમજી લેવાનું કે પૂર્વજન્મમાં કોઈ પાપ કર્યાં હોય, તો જ તેને આવી સજા મળી હોય. અથવા કોઈ પુરુષને અચાનક જ કોઈ રોગ લાગુ પડે અને તેને લકવો લાગુ પડી જાય, તો એમ સમજી લેવાનું કે તેને પૂર્વજન્મના પાપ સિવાય આ બ્રહ્માંડમાં આવી સજા મળી જ ન હોત.'

'મને તો આ દલીલ હાસ્યાસ્પદ લાગે છે. કોઈ સ્ત્રીએ તેની ગર્ભાવસ્થામાં યોગ્ય કાળજી ન લીધી હોય, તો પણ તેને મૃત બાળક જન્મી શકે છે. અથવા તો પછી એ કોઈ રોગ પણ હોઈ શકે. એને પૂર્વજન્મના પાપની જ સજા થઈ રહી છે એવું તો કોઈ કઈ રીતે કહી શકે ?'

નંદીને શિવના વિધાનથી આઘાત લાગ્યો અને તેને પ્રતિભાવ આપવા માટે કોઈ શબ્દો મળ્યા નહીં. એ મેલુહાવાસી હતો અને કર્મનાં ફળ જન્મોજન્મ સુધી સંચિત થાય છે, એવી માન્યતામાં તેને પૂરો ભરોસો હતો. તેણે હળવેથી કહ્યું, 'એ જ તો નિયમ છે, પ્રભુ...'

'સાચું કહું તો મને આ નિયમ એકદમ અન્યાયી લાગે છે.'

શિવ મેલુહા જીવનશૈલીની આ એકદમ મૂળભૂત વાત નથી સમજી શકતા એ વાતનો ઊંડો ખેદ નંદીના મુખ પર દેખાઈ આવ્યો. જોકે શિવનો વિરોધ કરવાને બદલે તેણે પોતાના વિચારો પોતાના મનમાં જ રાખ્યા. ગમે તે હોય, શિવ છેવટે તેના પ્રભુ હતા.

નંદીને નિરાશ થયેલો જોઇને શિવે હળવેથી તેનો ખભો થપથપાવ્યો. 'નંદી, એ તો માત્ર મારો અભિપ્રાય હતો. જો એ નિયમ તમને લોકોને યોગ્ય લાગતો હોય, તો તેની પાછળ અવશ્ય કોઈ તર્ક તો હશે જ. તમારો સમાજ અમુક વાર વિચિત્ર ભલે લાગે, પરંતુ એ સમાજમાં જ હું સૌથી વધુ પ્રમાણિક અને વિનમ્ર માણસોને મળ્યો છું.'

આ વાત સાંભળીને નંદીના મુખ પર સ્મિત પાછું આવી ગયું અને તેનું ધ્યાન પાછું તેની તાત્કાલિક સમસ્યા ઉપર એટલે કે તેની ભયાનક ભૂખ તરફ વળી ગયું. કોઈ યુદ્ધ જીતવા નીકળેલા માણસની જેમ તે ભોજનાલયમાં પ્રવેશ્યો અને શિવ પણ હસતા હસતા તેની પાછળ પ્રવેશ્યા.

થોડે દૂર મુખ્ય માર્ગ પર વિકર્મ સ્ત્રીઓનું સરઘસ ચૂપચાપ આગળ વધી રહ્યું હતું. પવિત્ર મનાતા ઘાટા વાદળી રંગનાં લાંબા અંગવસ્ત્રો હેઠે તે બધી જ સ્ત્રીઓ ઢંકાયેલી હતી. તેમનાં મુખ પ્રાયશ્ચિત્ત મુદ્રામાં નીચે નમેલા હતા અને તેમની પૂજાની થાળીઓ અગ્નિદેવ માટેના અર્ઘ્યથી ભરેલી હતી. આ દયનીય જીવન જીવતી સ્ત્રીઓ આગળ વધતી હતી ત્યારે તો સામાન્ય અવાજ ધરાવતા હાટ વિસ્તારમાં મૃત્યુવત્ શાંતિ પથરાઈ ગઈ હતી. અને એ સરઘસની મધ્યમાં, શિવના દૃષ્ટિપાતથી દૂર, મસ્તક નમાવીને, માથાથી પગ સુધી વાદળી અંગવસ્ત્રમાં ઢંકાઈને પરિત્યક્ત સતી ગરિમાપૂર્ણ ડગલાં ભરી રહી હતી.



'તો આપણે ક્યાં અટક્યા હતા, પ્રભુ ?' દક્ષે કહ્યું ત્યારે શિવ અને નંદી રાજદરબારમાં આસન ધારણ કરી રહ્યા હતા.

'ભગવાન રામ જે પરિવર્તનો લાવ્યા તે અંગે આપણે વાત કરવાના હતા, મહારાજ. અને તેમણે કઈ રીતે ભ્રષ્ટ બ્રાહ્મણોના બળવાને પરાસ્ત કર્યો હતો, તે વાત પણ આપણે કરવાની બાકી હતી.' શિવે ઉત્તર આપ્યો.

'હા, બરોબર છે.' દક્ષે કહ્યું. 'ભગવાન રામે ભ્રષ્ટ બ્રાહ્મણોને તો પરાસ્ત કર્યા જ હતા, પરંતુ તેમના મતાનુસાર સમસ્યાનાં મૂળ તો તેનાથી પણ ઊંડાં હતાં. માત્ર અમુક બ્રાહ્મણો નિયમો નહોતા પાળી રહ્યા એટલે આ સમસ્યા નહોતી સર્જાઈ. કોઈ વ્યક્તિના પ્રાકૃતિક કર્મ અને સમાજ તેની પાસે શું કરાવડાવે છે, એ બંને વસ્તુઓ વચ્ચે પણ સંઘર્ષ હતો.'

'હું સમજ્યો નહીં, મહારાજ.'

'એ હું સમજાવું છું. ભ્રષ્ટ બ્રાહ્મણોની મુખ્ય સમસ્યા શું હતી, એ તમે જાણો છો, પ્રભુ ? તેમાંના કેટલાક ક્ષત્રિય બનીને શાસન કરવા ઇચ્છતા હતા. તેમાંના અમુક વૈશ્ય બની, વેપાર કરીને વૈભવી જીવન જીવવા ઇચ્છતા હતા. જોકે, તેમના જન્મને કારણે તેઓ બ્રાહ્મણના ચોકઠામાં પુરાઈ ગયા હતા.'

'પરંતુ મને તો એમ હતું કે બ્રહ્મા ભગવાન એમ ઠરાવીને ગયા હતા કે કોઈ પણ માણસ ચોક્કસ પરીક્ષણોમાંથી પસાર થઈને જ બ્રાહ્મણ બની શકે છે.' શિવે કહ્યું.

'એ સત્ય છે, પ્રભુ. સમય જતાં પસંદગીની એ પદ્ધતિમાંથી પ્રમાણિકતા જતી રહી હતી. બ્રાહ્મણના બાળકો જ બ્રાહ્મણ બનતા હતા. ક્ષત્રિયના બાળકો ક્ષત્રિય બનતા હતા

અને એમ જ એ ચક્ર ચાલતું રહેતું હતું. પછી તો એ પરીક્ષણ પ્રક્રિયાનું અસ્તિત્વ જ સદંતર નિર્મૂળ થઈ ગયું હતું. દરેક પિતા પોતાના બાળકને પોતાની જ્ઞાતિમાં સમાવિષ્ટ કરવા માટે તમામ પ્રકારની સુવિધાઓ અને સહાય આપવા માંડ્યો. એટલે સમય જતાં એ જ્ઞાતિપ્રથા જડ બની ગઈ.'

'તો શું એનો અર્થ એવો થયો કે કોઈ માણસ બ્રાહ્મણ બનવાની ક્ષમતા ધરાવતો હોય પરંતુ જો તે શૂદ્ર માતા-પિતાના ખોળે જન્મ્યો હોય, તો તેને બ્રાહ્મણ બનવાની તક મળતી નહીં ?' શિવે પૂછ્યું.

'હા, શિવ.' પર્વતેશ્વરે પહેલી વાર શિવ સાથે વાત કરી. શિવે નોંધ્યું કે પર્વતેશ્વરે ન તો તેની ખુશામત કરી હતી કે ન તો તેને પ્રભુ કહ્યો. 'ભગવાન રામના મતાનુસાર, જે સમાજ ગુણ સિવાયના અન્ય કોઈ પણ સિદ્ધાંતને આધારે ચાલે, તે સમાજ કદી પણ સ્થિર રહી શકે નહીં. તેઓ એમ માનતા હતા કે કોઈ પણ માણસની જ્ઞાતિ માત્ર તેના કર્મોને આધારે જ નક્કી થઈ શકે, જન્મના આધારે નહીં, લિંગના આધારે નહીં. અન્ય કોઈ પણ આધારે નહીં.'

'એ તો એકદમ યોગ્ય વાત લાગે છે, પર્વતેશ્વર.' શિવે કહ્યું. 'પરંતુ વ્યવહારિક જીવનમાં એવું કઈ રીતે શક્ય બને ? જો કોઈ બાળક બ્રાહ્મણ કુટુંબમાં જન્મ્યું હોય, તો તેનો ઉછેર અને તેને મળતી સુવિધાઓ શૂદ્ર કુટુંબના બાળક કરતાં તો અલગ જ રહેવાની. એટલે એ બાળક શૂદ્રના બાળક કરતાં ઓછી ક્ષમતા ધરાવતું હોવા છતાં બ્રાહ્મણ જ બનવાનું. શું એ શૂદ્ર કુટુંબમાં જન્મેલા બાળક માટે અન્યાય નથી ? તો પછી એ પદ્ધતિમાં "ગુણ"ની વાત જ ક્યાં આવી ?'

'એ જ વાતમાં તો ભગવાન રામની બુદ્ધિપ્રતિભા દેખાઈ આવે છે, શિવ.' પર્વતેશ્વરે સ્મિત કર્યું. 'તેઓ એક શૂરવીર સેનાપતિ હતા, તેજસ્વી પ્રબંધક હતા અને પ્રમાણિક ન્યાયાધીશ તો હતા જ, પરંતુ તેમણે જે સૌથી મોટું કામ કર્યું, એ કામ એટલે એવા તંત્રની સ્થાપના કે જેમાં કોઈ પણ વ્યક્તિને તેની ક્ષમતાઓ અનુસાર જ તેનું કર્મક્ષેત્ર મળી રહે. અને એ તંત્રના કારણે જ મેલુહા આજે મેલુહા બની શક્યું છે, ઇતિહાસનું મહાનતમ રાષ્ટ્ર બની શક્યું છે.'

'જોકે તેમાં સોમરસે જે ભાગ ભજવ્યો છે, તેને તમે અવગણી ન શકો, પર્વતેશ્વર.' દક્ષે કહ્યું. 'ભગવાર રામે એવી વ્યવસ્થા પણ ઊભી કરી કે જેમાં દરેક વ્યક્તિને સોમરસ આપવામાં આવતો હતો. એ અમૃતને કારણે જ દરેક મેલુહાવાસી આ સમગ્ર બ્રહ્માંડના ચતુર લોકોમાં સમાવિષ્ટ થઈ શક્યો છે ! એ સોમરસને કારણે જ અમે લોકો આવો લગભગ પરિપૂર્ણ સમાજ રચી શક્યા છીએ.'

'ક્ષમા માગું છું, મહારાજ.' પર્વતેશ્વર સામે જાતા પહેલાં શિવે દક્ષને સંબોધીને કહ્યું. 'પરંતુ ભગવાન રામે કેવું તંત્ર સ્થાપ્યું હતું ?'

'એ તંત્ર તો એકદમ સરળ છે.' પરમેશ્વરે કહ્યું, 'આપણે આગળ વાત કરી એમ શ્રેષ્ઠ સમાજ એ જ છે જેમાં કોઈ પણ વ્યક્તિની જાતિ માત્ર તેની ક્ષમતાઓ અને કર્મના આધારે જ નક્કી થતી હોય, બીજા કોઈ પણ આધારે નહીં. ભગવાન રામે એક એવું તંત્ર રચ્યું જેમાં આ વસ્તુ વ્યવહારિક દૃષ્ટિએ શક્ય બની. મેલુહામાં જન્મતા દરેક બાળકને રાજ્ય પ્રશાસન દત્તક લઈ લે છે. અને એ વસ્તુ પદ્ધતિસર શક્ય બને, તે માટે એકદમ દક્ષિણમાં, નર્મદાથી થોડેક જ ઉપર, મૈકા નામનું વિશાળ ચિકિત્સાલયવાળું નગર બાંધવામાં આવ્યું. દરેક ગર્ભવતી સ્ત્રીએ પોતાના બાળકને જન્મ આપવા ફરજિયાત ત્યાં જવું જ પડે છે અને એ નગરની અંદર માત્ર ગર્ભવતી સ્ત્રીઓ જ પ્રવેશી શકે છે. બીજું કોઈ નહીં.'

'બીજું કોઈ જ નહીં ? એ સ્ત્રીનો પતિ કે તેનાં માતા-પિતા પણ નહીં ?' શિવે પૂછ્યું.

'ના, એ પણ નહીં. આ નિયમમાં માત્ર એક જ અપવાદ છે. આ અપવાદ ત્રણસો વર્ષ પહેલાં જ દાખલ કરવામાં આવ્યો છે. રાજવી તેમજ ઉમરાવ કુટુંબની સ્ત્રીઓના પતિઓ અને માતા-પિતા એ નગરમાં પ્રવેશી શકે છે.' એમ પર્વતેશ્વરે કહ્યું ત્યારે તેમના હાવભાવ સ્પષ્ટપણે સૂચવતા હતા કે તેઓ ભગવાન રામના તંત્રમાં કરવામાં આવેલા આ પરિવર્તન સાથે લેશમાત્ર સહમત નહોતા.

'તો પછી મૈકામાં ગર્ભવતી સ્ત્રીઓની સંભાળ કોણ રાખે છે ?'

'એ ચિકિત્સાલયમાં કામ કરનારા લોકો. એ બધા એકદમ સુશિક્ષિત હોય છે.' પર્વતેશ્વરે કહ્યું. 'એક વાર બાળકનો જન્મ થાય, પછી એ બાળકને અમુક સપ્તાહ સુધી મૈકામાં રાખવામાં આવે છે અને તેની માતા પોતાના નગરમાં પાછી ફરે છે.'

'બાળકને પોતાની સાથે લીધા વિના ?' શિવે સાશ્ચર્ય પૂછ્યું.

'હા.' પર્વતેશ્વરે એવી રીતે ઉત્તર આપ્યો જાણે આ વાતની જાણ તો દરેકને હોવી જ જોઈએ. 'એ પછી એ બાળકને મૈકાની પાસે જ મેલુહા સામ્રાજ્ય દ્વારા બનાવવામાં આવેલા વિશાળ ગુરુકુળમાં દાખલ કરવામાં આવે છે. દરેક બાળકને એક સમાન શિક્ષણનો લાભ મળે છે. તેમના ઉછેરમાં સામ્રાજ્યનાં સંસાધનોનો જ ઉપયોગ કરવામાં આવે છે.'

'શું બાળકો અને તેમનાં માતા-પિતાની નોંધ રાખવામાં આવે છે ?'

'એ તો અવશ્ય રાખવામાં આવે છે, પરંતુ એ નોંધ એકદમ ગુપ્ત રાખવામાં આવે છે અને તેને માત્ર મૈકામાં આવી નોંધ રાખનાર માણસ જ જોઈ શકે છે.'

'તેનો અર્થ એમ થયો કે ગુરુકુળ કે પછી સમગ્ર સામ્રાજ્યમાં કોઈને બાળકનો જન્મ આપનારા માતા-પિતાની માહિતી તો હોય જ નહીં.' શિવે જે સાંભળ્યું હતું તેના આધારે તર્ક કર્યો. 'એટલે પછી બ્રાહ્મણ કે શૂદ્ર, ગમે તેના ખોળે જન્મેલા તમામ બાળકોને એક સમાન રીતે રાખવામાં આવે છે ?'

'હા.' પર્વતેશ્વરે સ્મિત કર્યું. તેમને આ વ્યવસ્થા ઉપર ગર્વ હતો, તે દેખાઈ આવતું હતું. 'કિશોરાવસ્થાએ પહોંચેલા તમામ બાળકોને સોમરસ આપવામાં આવે છે. એટલે દરેક બાળકને સફળ થવા માટે એકસમાન તક આપવામાં આવે છે. પંદર વર્ષે, વયસ્ક થવાની ઉંમરે, દરેક બાળકને ફરજિયાતપણે ગહન પરીક્ષણોમાંથી પસાર થવું પડે છે. એ પરીક્ષણોના પરિણામને આધારે નક્કી કરવામાં આવે છે કે આ બાળકને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્રમાંથી કયો વર્ણ આપવો.'

એ જ સમયે કનખલા પણ બોલી, 'એ પછી એ બાળકને એક વર્ષ સુધી તેમના માટે નક્કી કરાયેલા વર્ણ અનુસાર તાલીમ આપવામાં આવે છે. તે બધા પોતાના વર્ણ અનુસાર રંગીન કમરબંધ પણ ધારણ કરે છેઃ બ્રાહ્મણો શ્વેત, ક્ષત્રિયો લાલ, વૈશ્યો લીલો અને શૂદ્રો કાળા રંગનો કમરબંધ પહેરે છે અને પોતાના વર્ણ અનુસારની શાળામાં પોતાનું બાકીનું શિક્ષણ પૂરું કરે છે.'

'એટલે આ વ્યવસ્થાને વર્ણવ્યવસ્થા કહેવામાં આવે છે.' શિવે કહ્યું, 'વર્ણ એટલે રંગ, બરાબર ?'

'હા, પ્રભુ.' કનખલાએ સ્મિત કર્યું. 'આપ બહુ જ સચોટ નિરીક્ષણો કરો છો.'

કનખલા સામે તીક્ષ્ણ દૃષ્ટિ કરીને પર્વતેશ્વરે કટાક્ષ કર્યો, 'હા, એ વાત સમજવી આમ તો બહુ જ અઘરી કહેવાય.'

પર્વતેશ્વરના કટાક્ષની અવગણના કરીને શિવે પૂછ્યું, 'એ પછી શું થાય છે ?'

'બાળકો જ્યારે સોળ વર્ષના થાય છે, ત્યારે જે માતા-પિતા બાળક મેળવવા ઇચ્છુક

હોય, તેમને તેમની જાતિ અનુસાર એ બાળકો ફાળવવામાં આવે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ બ્રાહ્મણ માતા-પિતાએ બાળક દત્તક લેવા માટે અરજી કરી હોય, તો મૈકામાંથી, પરીક્ષણોના અંતે બ્રાહ્મણ જાતિમાં મૂકવામાં આવેલું ગમે તે એક બાળક તેમને ફાળવવામાં આવે છે. એ પછી એ બાળક તેનાં પાલક માતા-પિતા સાથે તેમના જ બાળક તરીકે ઉછરે છે.'

'અને સમાજ પરિપૂર્ણ બને છે.' શિવે કહ્યું. તેઓ આ સરળ પદ્ધતિની અસરકારકતાથી અભિભૂત થઈ ગયા હતા. 'દરેક વ્યક્તિને સમાજમાં માત્ર તેની ક્ષમતાના આધારે જ સ્થાન આપવામાં આવે છે. આ પદ્ધતિની કાર્યદક્ષતા અને ઔચિત્ય અદ્ભુત છે !'

'સમય જતાં પ્રભુ,' દક્ષે કહ્યું, 'અમને જાવા મળ્યું કે ઉચ્ચ વર્ણના લોકોની વસતી વધતી ગઈ હતી. તેનો અર્થ એ થયો કે આ દુનિયામાં આગળ વધવા માટે દરેક માણસ સક્ષમ છે. દરેક બાળકને માત્ર યોગ્ય તક જ મળવી જોઈએ.'

'નિમ્ન વર્ગના લોકોમાં તો ભગવાન રામ આ કામ માટે અત્યંત પ્રિય હશે, નહીં ?' શિવે પૂછ્યું, 'રામે તેમને આગળ વધવા માટે સાચા અર્થમાં તક આપી કહેવાય.'

'હા, એ બધા રામને અત્યંત ચાહતા હતા.' પર્વતેશ્વરે જવાબ આપ્યો, 'એ બધા તો રામના સૌથી નિષ્ઠાવાન અનુયાયીઓ હતા. જય શ્રીરામ !'

'પરંતુ મને એમ પણ લાગે છે કે ઘણી માતાઓ આ પદ્ધતિથી ખુશ નહીં હોય. કોઈ સ્ત્રી બાળકને જન્મ આપીને પછી તરત જ એ બાળક ફરી ક્યારેય જાવા નહીં મળે એવી જાણ છતા ઇચ્છાપૂર્વક બીજાને સોંપી દે એવી તો હું કલ્પના પણ નથી કરી શકતો.'

'પરંતુ મૂળે તો એ કામ સમગ્ર સમાજના કલ્યાણ માટે છે.' પર્વતેશ્વરે કહ્યું. તેમને શિવની આ વાત પર ગુસ્સો આવ્યો હતો. 'અને જે પણ માતાને બાળક જાઈતું હોય, તે અરજી કરી શકે છે અને તેને તેની ક્ષમતા અને સ્વપ્ન અનુસારનું બાળક મળી પણ રહે છે. કોઈ માતા માટે તેનું બાળક તેની આશાઓ પર ખરું ન ઊતરે, તેનાથી ખરાબ શું હોઈ શકે ?'

પર્વતેશ્વરની આ વાત પર શિવને ગુસ્સો આવ્યો પરંતુ તેણે દલીલ ન કરી. 'મને એવી પણ કલ્પના આવે છે કે બ્રાહ્મણો જેવા ઉચ્ચ વર્ગના લોકોમાં ભગવાન રામ એટલા લોકપ્રિય નહીં હોય કારણ કે આ પદ્ધતિમાં તેમણે સત્તા પરની પકડ ગુમાવી હતી.'

'હા.' દક્ષે ઉમેર્યું, 'ઉચ્ચ વર્તના ઘણા લોકોએ ભગવાન રામના સુધારાઓનો વિરોધ કર્યો હતો. માત્ર બ્રાહ્મણો જ નહીં, ક્ષત્રિયો અને વૈશ્યોએ પણ વિરોધ કર્યો હતો. તેમને પરાસ્ત કરવા ભગવાન રામે ઘણી લડાઈ લડવી પડી હતી. હારેલામાંથી જે લોકો બચી ગયા, તેમને આજે આપણે ચંદ્રવંશીઓ તરીકે ઓળખીએ છીએ.'

'એટલે તમારા મતભેદો એટલા જૂના છે ?'

'હા.' દક્ષે કહ્યું, 'ચંદ્રવંશી લોકો ભ્રષ્ટ અને ધિક્કારજનક લોકો છે. તેમનામાં નૈતિક મૂલ્યોનો અભાવ છે. એ લોકો જ બધી સમસ્યાઓનું મૂળ છે. અમારામાંથી અમુક લોકો તો એમ માને છે કે ભગવાન રામે વધારે પડતી દયા દાખવી હતી. તેમણે એ બધા લોકોનો સંપૂર્ણ નાશ કરવા જેવો હતો, પરંતુ ભગવાન રામે તે બધાને ક્ષમા આપી અને જીવવા દીધા. અને હવે તો અમારે આ ચંદ્રવંશીઓને ભગવાન રામની જન્મભૂમિ અયોધ્યા પર રાજ કરતા જાવાનું અપમાન પણ વેઠવું પડ્યું છે.'

આ માહિતી અંગે શિવ કોઈ પ્રતિક્રિયા આપી શકે એ પહેલાં, નવો પ્રહર શરૂ થયાનો ઘંટનાદ થયો. ત્યાં ઉપસ્થિત તમામ લોકોએ સમયના નવા પ્રકરણને આવકારવા એક ટૂંકી

પ્રાર્થના કરી લીધી. શિવે ત્યારે જ વાતાયનની દિશામાં જોયું. તેમના ચહેરા પર કોઈ આશાનું કિરણ ઝળહળી ઊઠ્યું.

શિવના હાવભાવ જોઇને દક્ષે સ્મિત કર્યું, 'આપણે અત્યારે ભોજન લેવા માટે અટકી શકીએ છીએ, પ્રભુ, પરંતુ જો તમારે કોઈ બીજું કામ હોય, તો બાકીની વાત આપણે કાલે કરીશું.'

પર્વતેશ્વરે દક્ષ સામે જોઇને પોતાની અસહમતી દર્શાવી. તે બરાબર સમજી ગયા હતા કે મહારાજ શું કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

'એમ જ છે, મહારાજ.' શિવે સસ્મિત કહ્યું, 'શું મારા મુખ પર એટલું સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે ?'

'હા, પ્રભુ. એ જ તો આપનું હકારાત્મક પાસું છે. મેલુહામાં પ્રમાણિકતાથી વધારે મત્ત્વનું કશું જ નથી. તો આપ આપના કામે સિધાવો. આપણે કાલે સવારે ફરીથી મળીશું.'

દક્ષનો આભાર માનીને શિવ નંદી સાથે બહાર નકળી ગયા.



નૃત્યમંચને ઉપવનથી અલગ પાડતી વાડ સુધી શિવ ઉત્તેજના અને ગભરાટ અનુભવતા પહોંચ્યા. જેવો તેમણે એ દિશામાંથી આવતો ઢોલનો અવાજ સાંભળ્યો કે તરત જ તેમણે નંદીને ભોજનાલયમાં ભોજન લેવા મોકલી આપ્યો હતો. તેમણે એકલા પડવું હતું. તેમણે વાડ પાછળથી જ જોયું કે ગુરુજી અને કૃતિકાની સામે સતી અભ્યાસ કરી રહી હતી અને તેઓ ખૂબ જ આનંદિત થઈ ઊઠ્યા.

'આપને પુનઃ મળીને આનંદ થયો, શિવ.' કહેતાં ગુરુજીએ વંદન કર્યાં.

'મને પણ અત્યંત આનંદ થયો, ગુરુજી.' કહીને શિવ ગુરુજીનો ચરણસ્પર્શ કરવા નમ્યા.

સતી દૂર ચૂપચાપ ઊભી હતી અને તેની દૃષ્ટિ ધરતી પર ક્યાંક મંડાયેલી હતી. કૃતિકાએ ઉત્સાહપૂર્વક કહ્યું, 'હું તમારું નૃત્ય હજુ પણ ભૂલી શકી નથી !'

વખાણ સાંભળીને શિવના ગાલ લાલ થઈ ગયા. 'અરે, એ કંઈ એટલું અદ્‌ભુત પણ નહોતું.'

'હવે તમને વધારે વખાણ સાંભળવાની ઇચ્છા થઈ લાગે છે.' કૃતિકાએ ટીખળ કરી.

'હું એમ વિચારતો હતો કે આપણે આપણી ગઈ વખતની વાત પૂરી કરવી જોઈએ.' શિવે સતીને કહ્યું, 'મારે તમારા ગુરુ કે એવું કંઈ નથી બનવું. મારે તો માત્ર તમારું નૃત્ય જ જોવું છે.'

સતીને પુનઃ એવી જ અકળામણ થવા લાગી જે આ પહેલાંની મુલાકાતમાં પણ અનુભવાઈ હતી. શિવમાં એવું તે શું હતું જેનાથી તેને એમ લાગતું હતું કે શિવની સાથે વાત કરીને તે કોઈ નિયમભંગ કરી રહી છે ? યોગ્ય અંતર જાળવીને કોઈ પણ પુરુષ સાથે વાત કરવાની તેને પરવાનગી હતી. તો પછી તેના મનમાં આવી દોષની લાગણી કેમ થતી હતી ?

'હું મારાથી થતો પ્રયત્ન કરીશ.' સતીએ શિષ્ટાચાર કર્યો, 'મારું નૃત્ય કઈ રીતે સુધરી શકે એ અંગે આપનો અભિપ્રાય મને ઘણો ઉપયોગી થશે. આપનાં નૃત્ય કૌશલ્યોનું હું ઘણું સન્માન કરું છું.'

સન્માન ? ! કેમ સન્માન ? પ્રેમ કેમ નહીં ? !

શિવે મૃદુતાથી સ્મિત કર્યું. તેમને એવી સ્ફુરણા થઈ આવી હતી કે આ સમયે કશું જ

વધારાનું બોલવાથી વાત વણસી જશે.

સતીએ ઊંડો શ્વાસ લીધો, કમર પર પોતાના અંગવસ્ત્રનો છેડો ખોસ્યો અને નટરાજ મુદ્રામાં ઊભી રહી. શિવ મનોમન કલ્પી રહ્યા કે ધરતી માતા સતીમાં શક્તિ સીંચી રહ્યાં છે, અને તેમના મુખ પર સ્મિત આવી ગયું.

ધરતી માતાની શક્તિનો સંચાર થયો હોય, તેમ સતીએ નૃત્ય શરૂ કર્યું. અને તેના નૃત્યમાં ઘણો સુધારો દેખાતો હતો. તેના મનમાં જાતભાતની લાગણીઓ વહી રહી હતી. તકનીકની દૃષ્ટિએ તો તેનું નૃત્ય બરાબર જ હતું પરંતુ આ વખતે જે જુસ્સો પ્રગટ્યો હતો તે કારણે તેના નૃત્યનું સ્તર ઊંચુ આવી ગયું હતું. શિવને પુનઃ સ્વપ્નની દુનિયામાં ખોવાઈ જવા જેવી અનુભૂતિ થઈ. પોતાના ચપળ શરીર વડે નૃત્યની કરી રહેલી સતીએ જાણે શિવ પર કોઈ ચુંબકીય અસર ઉત્પન કરી હતી. અમુક ક્ષણો તો શિવને એમ પણ લાગ્યું કે સતી નૃત્યમાં જે પુરુષની કામના કરી રહી છે, એ પુરુષ તે પોતે જ છે. છેવટે જ્યારે સતીનું નૃત્ય પૂરું થયું ત્યારે બધા જ દર્શકો આપોઆપ તાલીઓ પાડવા માંડ્યા.

'આ તારું અત્યાર સુધીનું મેં જાયેલું શ્રેષ્ઠ નૃત્ય છે.' ગુરુજીએ સગર્વ કહ્યું.

'આભાર ગુરુજી.' સતીએ નમીને વંદન કરતાં કહ્યું. પછી તે શિવની સામે કંઈક અપેક્ષાથી જાઈ રહી.

'અદ્‌ભુત.' શિવે ઉદ્‌ગાર કર્યો. 'એકદમ અદ્‌ભુત. મેં તમને નહોતું કહ્યું કે તમારી અંદર એ નૃત્ય તો છુપાયેલું પડ્યું જ છે.'

'મને એમ લાગ્યું કે હું આક્રમણની ક્ષણને યોગ્ય રીતે રજૂ કરી શકી નહોતી.' સતીએ પોતાની વિવેચના કરતાં કહ્યું.

'તમે જરા વધારે પડતું જ વિચારી રહ્યાં છો.' શિવે સતીને આશ્વસ્ત કરતાં કહ્યું. 'એ તો એકદમ સામાન્ય ભૂલ હતી. અને એનું કારણ એ હતું કે તમે તમારી કોણીને એક વળાંક આપવાનું ભૂલી ગયાં. એના કારણે એ પછીનું પગલું જરા વિચિત્ર રીતે ભરાયું.' ઊભા થઈને શિવે કહ્યું. 'જુઓ, હું તમને બતાવું.'

શિવ ત્વરાથી સતી પાસે ગયા અને સતીના હાથને સ્પર્શીને ચોક્કસ રીતે વાળી બતાવી. સતીએ ત્વરાથી ભયના માર્યા પોતાનો હાથ પાછો ખેંચી લીધો અને ગુરુજી તેમજ કૃતિકાના મોઢામાંથી હાયકારો નીકળી ગયો. શિવને તરત જ ખ્યાલ આવી ગયો કે કંઈક ભયાનક બની ગયું છે.

'ક્ષમા કરશો.' શિવે સાચે જ પોતાનો ખેદ પ્રગટ કરતાં કહ્યું. 'હું તો માત્ર તમને એ જ બતાવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો કે તમારી કોણી ક્યાં હોવી જોઈએ.'

સતી એકદમ સ્થિર બનીને શિવ સામે તાકી રહી હતી.

એ આઘાતની પળમાંથી સૌ પ્રથમ ગુરુજી બહાર આવ્યા અને તેમને ખ્યાલ આવ્યો કે હવે શિવે શુદ્ધીકરણની વિધિ કરવી પડશે. 'આપના પંડિત પાસે જાવ, શિવ. તેમને કહો કે તમારે શુદ્ધીકરણની વિધિ કરવી પડશે. આજનો દિવસ સમાપ્ત થઈ જાય એ પહેલાં જ જજા.'

'શું ? આ શુદ્ધીકરણ શું છે ? મારે વળી તેની શું આવશ્યકતા છે ?'

'કૃપા કરીને શુદ્ધીકરણની વિધિ માટે જાવ, શિવ.' કહેતાં કહેતાં સતીની કાયમ ગર્વસભર રહેતી આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં, 'જા આપને કશું થશે, તો હું મારી જાતને કદી પણ ક્ષમા આપી શકીશ નહીં.'

'મને કશું જ નહીં થાય ! જુઓ, જો તમને સ્પર્શવાથી મેં તમારો કોઈ નિયમભંગ કર્યો હોય, તો હું ક્ષમા માગું છું. હું એવું ફરી વાર નહીં કરું. એ વાત કંઈ મત્ત્વની નથી.'

'એ વાત મત્ત્વની છે !' સતીએ ઊંચા અવાજે કહ્યું.

સતીના ઊંચા અવાજને કારણે શિવ હત્પ્રભ થઈ ગયા.

આટલી સરળ વાતને આ લોકો આટલી ગંભીર કેમ માની રહ્યા છે ?

કૃતિકા કાળજીપૂર્વક સતી પાસે આવી કે જેથી સતીનો સ્પર્શ ન થાય અને ધીમેથી બોલી, 'આપણે સ્વગૃહે પાછાં ફરવું જોઈએ, દેવી.'

'ના, ના. કૃપા કરીને અહીં જ રહો.' શિવે આજીજી કરી, 'હું હવે તમને પુનઃ સ્પર્શ નહીં કરું. હું વચન આપું છું.'

સાવ નિરાશાપૂર્વક શિવ સામે જોઇને સતી જવા માટે ફરી. કૃતિકા અને ગુરુજી પણ તેની પાછળ જ હતા. વાડ પાસે પહોંચીને સતીએ અવળા ફરીને ફરી એક વાર શિવ સામે આજીજીભરી આંખે જાયું, 'કૃપા કરીને રાત પહેલાં શુદ્ધીકરણ માટે જઈ આવજો.'

શિવ કંઈ સમજ્યા નથી અને બળવો કરવાનો વિચાર ધરાવે છે, એમ સમજાતાં ગુરુજીએ શિવને સલાહ આપી, 'એની વાત માનજો, શિવ. એ તમારા ભલા માટે જ એમ કહી રહી છે.'



'આ શું મૂર્ખામી છે !' છેવટે શિવની શાંતિનો ભંગ થયો અને તેઓ ઊંચા અવાજે બોલી પડ્યા. તેઓ રાજવી અતિથિગૃહમાં શય્યામાં સૂતા હતા. એ હજુ શુદ્ધીકરણ માટે ગયા નહોતા. એ શેની વિધિ છે એની તપાસ કરવાની પણ તેમણે પરવા કરી નહોતી.

સતીનો સ્પર્શ કરવાથી મારે શુદ્ધીકરણ કેમ કરવું પડે ? મારે તો મારા જીવનનાં બાકી તમામ વર્ષો તેને શક્ય એટલી રીતે સ્પર્શીને જ વિતાવવાં છે. તો શું મારે રોજેરોજ શુદ્ધીકરણ કરાવવું પડશે ? હાસ્યાસ્પદ વાત છે !

એ જ વખતે શિવના મનમાં એક વિચાર પ્રવેશ્યો.

શું આ બધું મારા કારણે હશે ? હું જાતિવિહીન માણસ છું એટલે તેને સ્પર્શ કરવાની મને પરવાનગી નહીં હોય ? હું પર્વત પરથી આવેલો જંગલી છું એટલે ?

'ના. એમ તો ન જ હોઈ શકે.' શિવે પોતાની જાતને કહ્યું, 'સતી એવી રીતે તો વિચારતી જ નથી. એ તો સન્નારી છે.'

પણ જો એમ જ હોય તો ? જો તેને કદાચ ખ્યાલ આવે કે હું નીલકંઠ છું, તો...



પ્રકરણ ૭
ભગવાન રામનું અધૂરું કાર્ય

'આજે સવારથી તમે કંઈક બીજા જ વિચારોમાં હોવ એમ લાગે છે, પ્રભુ. તમે ઠીક છો ને ?' ચિંતિત દક્ષે પૂછ્યું.

'શું ?' શિવે ઉપર જોઇને પૂછ્યું. 'હું ક્ષમા માગું છું, મહારાજ. હું વાસ્તવમાં અન્ય કોઈ વિચારમાં જ હતો.'

દક્ષે કનખલા સામે ચિંતિત થઈને જોઈ લીધું. તેમણે ગઈકાલે રાત્રે ભોજન સમયે સતીના મુખ પર પણ આવા જ નિરાશાના હાવભાવ જોયા હતા, પરંતુ સતીએ કંઈ કહેવાની ના પાડી હતી.

'શું આપણે આ મુલાકાત પછીથી ગોઠવવી છે ?' દક્ષે પૂછ્યું.

'ના, એમ નથી, મહારાજ. હું ઠીક જ છું. મને ક્ષમા કરશો. કૃપા કરીને આપની વાત આગળ વધારો.' શિવે કહ્યું.

'ઠીક છે.' દક્ષે કહ્યું, 'ભગવાન રામ સમાજમાં જે પરિવર્તનો લાવ્યા તેના વિશે આપણે વાત કરી રહ્યા હતા.'

'હા.' કહીને શિવે માથું હળવેથી ઝાટક્યું જેથી જતી વખતે આજીજી કરી રહેલી સતીની છબી તેમના મનમાંથી દૂર થાય.

'મૈકા પદ્ધતિ સારી રીતે ચાલી રહી હતી. અમારા સમાજનો વિકાસ થવા માંડ્યો. આમ પણ અમારી ભૂમિ આ પ્રદેશની સૌથી ધનવાન ભૂમિ જ હતી, પરંતુ પાછલાં બારસો વર્ષોમાં તો અમે બીજા બધા કરતાં ઘણા આગળ નીકળી ગયા છીએ. મેલુહા અત્યાર સુધીનું દુનિયાનું સૌથી ધનવાન અને શક્તિશાળી સામ્રાજ્ય બની ચૂક્યું છે. અમારા નાગરિકો આદર્શ જીવન જીવે છે. કોઈ પણ પ્રકારના ગુના થતા નથી. લોકો પોતાની ક્ષમતા અનુસારનું કામ કરે છે અને અયોગ્ય સામાજિક વ્યવસ્થાના કારણે તેમણે પરાણે કોઈ કામ કરવું પડે એવું બનતું નથી. અમે કોઈ પણ દેશને અમારી સાથે લડવા પ્રેરતા નથી અને અમે પણ ક્યારેય સામેથી કોઈ દેશ સાથે લડવા જતા નથી. વાસ્તવમાં, અમારો સમાજ આદર્શ સમાજ બની રહ્યો છે.'

'હા, મહારાજ.' શિવે સહમતી દર્શાવી. તે ધીમે ધીમે આ વાતમાં પુનઃ રસ લેવા માંડ્યા હતા. 'હું નથી માનતો કે ક્યારેય પરિપૂર્ણ બની શકાય છે. અને તેમાં પણ ગંતવ્યસ્થાન કરતાં ગતિ વધારે આનંદદાયક હોય છે, પરંતુ તમારો સમાજ પરિપૂર્ણ સમાજની બહુ જ સમીપ છે.'

'તમે શા માટે એમ વિચારો છો કે અમારો સમાજ પરિપૂર્ણ નથી ?' પર્વતેશ્વરે આક્રમકતાથી દલીલ કરી.

'શું આપને વાસ્તવમાં આ સમાજ પરિપૂર્ણ લાગે છે ?' શિવે વિનમ્રતાથી પૂછ્યું. 'શું મેલુહામાં દરેક વસ્તુ એવી જ છે જે ભગવાન રામ પોતે કહીને ગયા હતા ?'

પર્વતેશ્વર શાંત થઈ ગયા. તેમને ઉત્તર આપવો ગમે તેવો નહોતો, તેમ છતાં તેઓ સત્ય તો જાણતા જ હતા.

'પ્રભુ સાચું કહી રહ્યા છે, પર્વતેશ્વર.' દક્ષે કહ્યું, 'સુધારા માટે હંમેશાં અવકાશ રહે છે.'

'જોકે એટલું કીધા પછી, મહારાજ,' શિવે કહ્યું, 'હું એમ અવશ્ય ઉમેરીશ કે આપનો સમાજ અદ્‌ભુત છે. દરેક જગ્યાએ નિયમપાલન થાય છે. એટલે મને એ વાત નથી સમજાતી કે તો પછી આપ અને આપનો સમાજ ભવિષ્ય અંગે ચિંતિત શા માટે છે ? સમસ્યા શું છે ? નીલકંઠની આવશ્યકતા શા માટે ઊભી થઈ છે ? મને તો આ સમાજમાં એવી કોઈ અવ્યવસ્થા નથી દેખાતી જેના કારણે નજીકના ભવિષ્યમાં મોટું તોફાન સર્જાઈ શકે. આ કંઈ મારી માતૃભૂમિ જેવી જગ્યા નથી. ત્યાં એટલી બધી સમસ્યાઓ હતી કે ક્યાંથી શરૂઆત કરવી એ જ આપણને સમજાય નહીં !'

'પ્રભુ, નીલકંઠના પ્રાગટ્યની આવશ્યકતા એટલા માટે છે કારણ કે અમારી સામે એવી સમસ્યાઓ છે જેનો સામનો અમે કરી શકીએ તેમ નથી. અમે અમારામાં જ વ્યસ્ત રહીએ છીએ અને બીજા દેશોને તેમની રીતે જીવવા દઈએ છીએ. અમે બીજા સમાજા સાથે વેપાર અવશ્ય કરીએ છીએ પરંતુ અમે તેમના જીવનમાં કદી પણ દખલ નથી કરતા. અમે બિનઆમંત્રિત વિદેશીઓને મેલુહા સામ્રાજ્યનાં સરહદી નગરોથી વધારે અંદર પણ આવવા દેતા નથી. એટલે જ અમારી એ માંગણી કે બીજા દેશો પણ અમને અમારી રીતે જીવવા દે, આ કંઈ અયોગ્ય નથી.'

'અને સંભવતઃ એ લોકો આપ સર્વેને આપની રીતે જીવવા દેતા નથી, બરાબર મહારાજ ?'

'ના, નથી જ જીવવા દેતા.'

'કેમ ?'

'માત્ર એક જ સરળ શબ્દમાં ઉત્તર આપી શકાય છે, પ્રભુ.' દક્ષે કહ્યું, 'ઈર્ષા. તે લોકો અમારી અદ્‌ભુત જીવનશૈલીની ઈર્ષા કરે છે. અમારી કાર્યદક્ષ કુટુંબજીવનની પદ્ધતિ તો તેમની આંખોમાં કણાની જેમ ખૂંચે છે. અમે અમારા દેશમાં વસતા તમામ લોકોની સંભાળ લઈએ છીએ, એ વાત તેમને ગમતી નથી કારણ કે એ લોકો તો પોતાની પણ સંભાળ લઈ શકતા નથી. તેઓ દયનીય જીવન જીવે છે. અને તેમનું જીવનસ્તર સુધારવાના બદલે તેઓ અમને તેમના સ્તરે ઘસડી જવા માંગે છે.'

'એ વાત હું સમજી શકું છું. કૈલાસ પર્વત પર અમારા કબીલાની ઈર્ષા કરનારા ઘણા હતા, કારણ કે માનસરોવરના કિનારા પર અમારું નિયંત્રણ હતું અને માટે એ પ્રદેશની શ્રેષ્ઠ ભૂમિ પણ અમારા તાબામાં હતી, પરંતુ ઘણી વાર મને એમ પણ વિચાર આવે છે કે જો અમે ઇચ્છાપૂર્વક અમારા સદ્‌ભાગ્યમાં તેમને સહભાગી બનાવ્યા હોત, તો ઘણો બધો રક્તપાત નિવારી શકાયો હોત.'

'પરંતુ અમે તો જે ઇચ્છે તેની સાથે અમારી સાધન-સુવિધાઓ વહેંચીએ છીએ પણ ખરા, પ્રભુ. તેમ છતાં અમારા શત્રુઓ ઈર્ષાથી અંધ થઈ ગયા છે. ચંદ્રવંશીઓને સમજાયું કે અમારી ગુરુતાનું પ્રમુખ કારણ સોમરસ છે. મજાની વાત તો એ છે કે એ લોકો પણ સોમરસનું જ્ઞાન ધરાવે જ છે, પરંતુ તે લોકો અમારી જેમ તેનું મોટા પાયે ઉત્પાદન કરી શકતા નથી એટલે તે લોકોને સોમરસના મળવા જોઈએ તેટલા લાભ મળ્યા નથી.'

'આપને અટકાવવા માટે ક્ષમા માગું છું, મહારાજ, પરંતુ સોમરસનું ઉત્પાદન ક્યાં કરવામાં આવે છે ?'

'તેનું ઉત્પાદન મંદાર પર્વત નામની ગોપનીય જગ્યાએ કરવામાં આવે છે. સોમરસનું ચૂર્ણ ત્યાં બનાવવામાં આવે છે અને પછી તેને સમગ્ર મેલુહા સામ્રાજ્યમાં પહોંચાડવામાં આવે છે. અમુક ચોક્કસ મંદિરોમાં પ્રશિક્ષિત બ્રાહ્મણો પાણી અને અન્ય પદાર્થોનો ઉપયોગ કરીને ચૂર્ણમાંથી પીણું બનાવે છે અને તે પીણું જનસામાન્ય સુધી પહોંચાડવામાં આવે છે.'

'ઠીક છે.' શિવે કહ્યું.

'ચંદ્રવંશીઓ અમારા જેટલા શક્તિશાળી બની શકે એમ નથી કારણ કે તેમની પાસે પૂરતો સોમરસ નથી. ઈર્ષાના માર્યા તેમણે સોમરસનો નાશ કરવાની એક યોજના બનાવી કે જેથી અમારો પણ નાશ થઈ શકે. સોમરસની અંદર એક મત્ત્વનો પદાર્થ છે સરસ્વતી નદીનું પાણી. અન્ય કોઈ પણ સ્રોતના પાણીથી સોમરસ બનતો નથી.'

'સાચે જ ? કેમ ?'

'એ તો અમે નથી જાણતા, પ્રભુ. વૈજ્ઞાનિકો હજુ સુધી એ સમજી શક્યા નથી, પરંતુ એક વાત નક્કી છે કે માત્ર સરસ્વતીના પાણીથી જ સોમરસ બને છે. એટલે જ ચંદ્રવંશીઓએ સરસ્વતી નદીનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો કે જેથી અમને નુકસાન પહોંચાડી શકાય.'

'નદીનો નાશ ?' શિવે અત્યંત આશ્ચર્ય અનુભવતાં પૂછ્યું.

'હા, પ્રભુ !' દક્ષે કહ્યું. ચંદ્રવંશીઓના આ વિશ્વાસઘાત માટે તેમની આંખોમાં રોષની જ્વાળાઓ પ્રગટી ઊઠી. 'ઉત્તરમાં વહેતી બે નદીઓ સતલજ અને યમુનાના સંગમથી સરસ્વતી નદી બને છે. પહેલાંના સમયમાં સતલજ અને યમુના નદીનો માર્ગ તટસ્થ પ્રદેશ માનવામાં આવતો હતો અને તેમાંથી ચંદ્રવંશીઓ અને સૂર્યવંશીઓ પોતપોતાના સોમરસના ઉત્પાદન માટે પાણી મેળવતા હતા.'

'પરંતુ એ લોકોએ સરસ્વતી નદીનો નાશ કરવાનો પ્રયત્ન કઈ રીતે કર્યો, મહારાજ ?'

'તેમણે યમુના નદીનું વહેણ એ રીતે બદલી નાખ્યું કે જેથી એ નદી દક્ષિણ દિશામાં વહેવાને બદલે હવે પૂર્વ દિશામાં વહીને તેમની મુખ્ય નદી ગંગાને જઈ મળે છે.'

'એવું તમે કરી શકો ?' શિવે આશ્ચર્ય અનુભવતાં પૂછ્યું. 'આખી નદીનું વહેણ બદલી શકો ?'

'હા, એ તો શક્ય છે.' પર્વતેશ્વરે જવાબ આપ્યો.

'અમે બધા ક્રુદ્ધ હતા.' દક્ષે કહ્યું, 'તેમ છતાં અમે તેમને તેમની ભૂલ સુધારવાની એક તક આપી.'

'અને ?'

'ચંદ્રવંશીઓ પાસેથી તમે બીજી શું આશા રાખી શકો છો, પ્રભુ ?' દક્ષે ધિક્કારપૂર્વક કહ્યું. 'તે લોકોએ તો આવી ઘટનાની તેમને કોઈ માહિતી જ નથી એમ કહ્યું. તેમણે એવો દાવો કર્યો કે કોઈ નાનકડા ભૂકંપને કારણે નદીનું વહેણ તો પ્રાકૃતિક રીતે જ બદલાઈ ગયું છે. અને નદીએ પ્રાકૃતિક રીતે તેનું વહેણ બદલ્યું છે એટલે અમારે મેલુહાવાસીઓએ તો તેને ઈશ્વરની આજ્ઞા માનીને સ્વીકારવું રહ્યું !'

'અમે અલબત્ત, એમની એ વાત માની નહીં.' પર્વતેશ્વરે કહ્યું. 'મહારાજના પિતા રાજા બ્રહ્મનાયકના નેતૃત્વમાં અમે સ્વદીપ પર આક્રમણ કર્યું.'

'ચંદ્રવંશીઓની ભૂમિ ?' શિવે પૂછ્યું.

'હા, શિવ.' પર્વતેશ્વરે કહ્યું, 'અને તેમાં અમને ભવ્ય વિજય મળ્યો હતો. ચંદ્રવંશી

સેનાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. રાજા બ્રહ્મનાયકે તેમને તેમની જમીન અને શાસન રાખવા દેવાની ઉદારતા પણ દાખવી. અમે તેમની પાસેથી યુદ્ધનું કોઈ પણ પ્રકારનું વળતર કે સાલિયાણું પણ માંગ્યું નહીં. અમે તો સંધિમાં માત્ર યમુના નદી જ પાછી માંગી. એ પછી અમે યમુના નદીને તેના મૂળ વહેણમાં વહેતી કરી, જેથી સરસ્વતી નદીનું પુનઃ નિર્માણ પણ થયું.'

'શું આપ એ યુદ્ધમાં લડ્યા હતા, પર્વતેશ્વર ?'

'હા.' પર્વતેશ્વરે કહ્યું. તેમની છાતી ગર્વથી ફૂલી ગઈ હતી. 'ત્યારે તો હું એક સામાન્ય સૈનિક જ હતો, પરંતુ હું એ યુદ્ધમાં અવશ્ય લડ્યો હતો.'

દક્ષ સામે જોઇને શિવે કહ્યું, 'તો હવે શું સમસ્યા છે, મહારાજ ? તમારા શત્રુનો તો મોટો પરાજય થઈ ચૂક્યો છે. તો પછી હજુ પણ સરસ્વતી કેમ સુકાઈ રહી છે ?'

'અમને હવે એમ લાગે છે કે ચંદ્રવંશીઓ ફરીવાર કોઈ કાવતરું ઘડી રહ્યા છે. એ શું છે તેની હજુ અમને જાણ નથી. યુદ્ધ પછી બંને દેશો વચ્ચેના વિસ્તાર પર કોઈને કબજો રહેશે નહીં એમ નક્કી કરવામાં આવ્યું હતું અને હવે તો ત્યાં જંગલ થઈ ગયું છે. એ જગ્યામાં યમુના નદીનું મુખ પણ આવી ગયું. અમે તો એ સમજૂતીને વળગી રહ્યા છીએ અને અમે તો કદી પણ એ પ્રદેશમાં પગ નથી મૂક્યો, પરંતુ એમ લાગે છે કે એ લોકોએ તે સમજૂતીનો ભંગ કર્યો છે.'

'શું આપને તે અંગે પાક્કી માહિતી છે, મહારાજ ? શું એ પ્રદેશમાં તપાસ કરવામાં આવી છે ? આપના સામ્રાજ્યમાં ચંદ્રવંશીઓનો જે પ્રતિનિધિ રહે છે, તેની સાથે આ અંગે ચર્ચા કરવામાં આવી છે ?'

'શું આપ એમ સૂચવી રહ્યા છો કે અમે જુઠ્ઠું બોલી રહ્યા છીએ ?' પર્વતેશ્વરે ગુસ્સાથી પૂછ્યું, 'સાચો સૂર્યવંશી કદી પણ અસત્ય નથી ઉચ્ચારતો !'

'પર્વતેશ્વર !' દક્ષે તેમને ઊંચા અવાજે ઠપકો આપ્યો, 'પ્રભુ એવો કોઈ જ આરોપ નહોતા મૂકી રહ્યા.'

'મારી વાત સાંભળો, પર્વતેશ્વર.' શિવે વિનમ્રતાથી કહ્યું, 'મારી ભૂમિ પર જે અનાવશ્યક યુદ્ધો થતાં હતાં તેમાંથી હું એક વાત તો અવશ્ય શીખ્યો છું કે યુદ્ધ આપણો અંતિમ વિકલ્પ હોવો જોઈએ. જો બીજો કોઈ વિકલ્પ ઉપલબ્ધ હોય, તો અમુક યુવાન સૈનિકોનું જીવન બચાવી લેવામાં નુકસાન શું છે ? એ માટે અમુક માતાઓના આશીર્વાદ તો અવશ્ય મળી રહેશે.'

'આપણે લડવું નથી ! અદ્‌ભુત ! કેવા અદ્‌ભુત તારણહાર મળ્યા છે આપણને ?' પર્વતેશ્વર બબડ્યા.

'આપને કંઈ કહેવું છે પર્વતેશ્વર ?' હવે કનખલાએ ઊંચા અવાજે પૂછ્યું, 'મેં આ પહેલાં પણ આપને કહ્યું છે કે મારી ઉપસ્થિતિમાં આપ કદી પણ નીલકંઠનું અપમાન કરશો નહીં !'

'હું તમારી આજ્ઞા માનવા બંધાયેલો નથી.' પર્વતેશ્વરે સામે ઘુરકાટ કર્યો.

'બહુ થયું !' દક્ષે આજ્ઞા કરી. શિવ સામે જોઇને તેમણે કહ્યું, 'હું ક્ષમા માગું છું, પ્રભુ. આપ સત્ય કહો છો. આપણે ખાતરી કર્યા વિના સીધો જ યુદ્ધઘોષ પોકારવો જોઈએ નહીં. એટલે જ મેં અત્યાર સુધી એ માર્ગે જવાનું ટાળ્યું છે, પરંતુ તથ્યોને તો તપાસવાં જ જોઈએ. પાછલી અડધી સદીથી સરસ્વતી નદીનું પાણી તો ઘટી જ રહ્યું છે.'

'અને પાછલાં કેટલાંક વર્ષોમાં તો પરિસ્થિતિ ઘણી જ ભયાનક રહી છે.' કહીને કનખલાએ મોટાભાગના મેલુહાવાસીઓ જેને માતા માનતા હતા તે નદીના ધીમા મૃત્યુના

વિચારથી ધસી આવેલાં આંસુ ખાળ્યાં. 'સરસ્વતી હવે તો દરિયા સુધી પણ પહોંચતી નથી અને રાજસ્થાનની દક્ષિણે જ અટકી જાય છે.'

'અને સરસ્વતીના પાણી વિના સોમરસ બની શકે નહીં.' દક્ષે કહ્યું, 'ચંદ્રવંશીઓ આ વાત જાણે છે એટલે જ તેઓ સરસ્વતીને સૂકવી નાખવાનો પ્રયત્ન કરી રહ્યા છે.'

'સ્વદીપનો પ્રતિનિધિ આ અંગે શું કહે છે ? શું એને પૂછવામાં આવ્યું છે ખરું ?'

'સ્વદીપ સાથે અમારા કોઈ પણ રાજનૈતિક સંબંધો નથી, પ્રભુ.' દક્ષે કહ્યું.

'સાચે જ ? મને એમ કે અન્ય દેશોના પ્રતિનિધિઓને આપણા દેશમાં વસાવવા એ આપના તંત્રનો જ નાવીન્યસભર વિચાર હતો. તેના કારણે એ લોકોને સમજવાની તક મળે છે અને અનાવશ્યક યુદ્ધો ટાળી શકાય છે. મેસોપોટેમિયાથી રાજદ્વારી મંડળ આવી રહ્યાના સમાચાર મેં બે દિવસ પહેલાં સાંભળ્યા હતા. તો એવું જ સ્વદીપ સાથે કેમ ન યોજી શકાય ?'

'આપ એ લોકોને ઓળખતા નથી, પ્રભુ. એ લોકોનો જરા પણ વિશ્વાસ કરી શકાય તેમ નથી. સૂર્યવંશી જીવનશૈલીનો કોઈ પણ માણસ સ્વેચ્છાએ કોઈ ચંદ્રવંશી સાથે વાત કરીને પોતાનો આત્મા અશુદ્ધ કરવાનું પાપ કરે નહીં.'

શિવને ગુસ્સો તો આવ્યો પરંતુ એ કશું બોલ્યા નહીં.

'એ લોકો કેટલી હીન કક્ષાએ ઊતરી ગયા છે તે અંગે આપ કશું જ જાણતા નથી, પ્રભુ. પાછલાં કેટલાંક વર્ષોથી તો તેઓ શાપિત નાગવંશીઓનો ઉપયોગ કરીને અમારી પર ત્રાસવાદી હુમલાઓ પણ કરાવી રહ્યા છે !' કનખલાએ ધિક્કારસૂચક રીતે કહ્યું.

'ત્રાસવાદી હુમલાઓ ?'

'હા, પ્રભુ.' દક્ષે કહ્યું, 'યુદ્ધમાં પરાજય પછી તેઓ ઘણા દસક સુધી શાંત રહ્યા. અને એ યુદ્ધમાં અમને અત્યંત ભારે વિજય પ્રાપ્ત થયો હતો માટે તેઓને એટલું તો સમજાઈ ગયું છે કે એ લોકો અમને કદી પણ ખુલ્લા યુદ્ધમાં હરાવી શકશે નહીં. એટલે તેમણે એવી રીતે હુમલા કરવાનું શરૂ કર્યું જેનો વિચાર માત્ર તેમના જેવા ઘૃણાસ્પદ લોકોને જ આવી શકે છે. ત્રાસવાદી હુમલાઓ.'

'હું સમજ્યો નહીં. તે લોકો વાસ્તવમાં શું કરે છે ?'

'તેઓ હુમલાખોરોની નાનકડી ટુકડીઓ મોકલે છે અને સૈન્યજગ્યાઓ પર નહીં પરંતુ સાર્વજનિક જગ્યાઓ પર તેઓ હુમલા કરે છે. તેઓ લડી ન શકે તેવા લોકો પર જ હુમલા કરે છે, બ્રાહ્મણો, વૈશ્યો અને શૂદ્રો પર. તે લોકો મંદિર, સાર્વજનિક સ્નાનગૃહો અને એવી જગ્યાઓનો નાશ કરવાનો પ્રયત્ન કરે છે, જ્યાં લડવા માટે સૈનિકો ઉપસ્થિત હોતા નથી અને જેમના નાશથી સામ્રાજ્યનો જુસ્સો ભાંગી પડે તેમજ લોકોમાં ભયની લાગણી વ્યાપી જાય.'

'આ તો વાસ્તવમાં ઘૃણાસ્પદ કહેવાય ! મારી ભૂમિ પર વસતા એકદમ જંગલી પક્રાતિઓ પણ એવું તો ન જ કરે.' શિવે કહ્યું.

'સત્ય.' પર્વતેશ્વરે કહ્યું, 'આ ચંદ્રવંશીઓ પુરુષોની જેમ લડતા જ નથી. તે લોકો કાયરોની જેમ લડે છે !'

'તો પછી શા માટે તમે એ લોકોના દેશ પર આક્રમણ નથી કરતા ? એક ઘા અને બે કટકાથી જ કાયમી ઉકેલ આવશે.'

'અમે એમ જ કરવા ઇચ્છીએ છીએ, પ્રભુ.' દક્ષે કહ્યું. 'પરંતુ અમને વિશ્વાસ નથી કે અમે તે લોકોને પરાસ્ત કરી શકીશું.'

શિવે નોંધ્યું કે પોતાના સૈન્યના અપમાન માટે પર્વતેશ્વર મનોમન ઊકળી રહ્યા હતા.

પછી તેમણે દક્ષને કહ્યું, 'શા માટે, મહારાજ ? આપનું સૈન્ય તો પ્રશિક્ષિત અને કાર્યદક્ષ છે. મને વિશ્વાસ છે કે આપનું સૈન્ય તેમને પરાસ્ત કરી શકશે.'

'તેનાં બે કારણો છે, પ્રભુ. સૌ પ્રથમ તો એ કે અમારી સંખ્યા ઘણી ઓછી છે. સો વર્ષ પહેલાં પણ અમારી સંખ્યા ઓછી જ હતી પરંતુ એ સમયે તફાવત આટલો મોટો નહોતો. વર્તમાનમાં અમારું અનુમાન છે કે તેમની જનસંખ્યા આઠ કરોડની છે અને અમારી જનસંખ્યા એંસી લાખ જેટલી જ છે. અમારા સૈન્યની સામે તે ઘણી મોટી સેના ઊભી કરી શકે એમ છે. તેમની સંખ્યા જ એટલી છે કે તેની સામે અમારી તમામ આધુનિક તકનીકોનો છેદ ઊડી જાય છે.'

'પરંતુ આપની જનસંખ્યા આટલી ઓછી કેવી રીતે હોય ? આપના લોકો તો બસો વર્ષથી પણ વધારે વર્ષ જીવે છે ! મેલુહાની જનસંખ્યા તો ઘણી વધારે હોવી જોઈએ.'

'સામાજિક કારણો, પ્રભુ.' દક્ષે કહ્યું. 'અમારો દેશ સમૃદ્ધ છે એટલે બાળકો હોવાં એ કર્તવ્ય નહીં પરંતુ પસંદગીનો વિષય બની રહ્યો છે. મૈકામાંથી લોકો બહુ ઓછી સંખ્યામાં બાળકોને દત્તક લે છે. મોટાભાગે બધા એક કે બે બાળકો જ દત્તક લે છે જેથી તેમના ઉછેર પર પૂરતું ધ્યાન આપી શકાય. મૈકા જઈને બાળકોને જન્મ આપનાર માતાઓની સંખ્યા પણ ઘટી રહી છે. સ્વદીપમાં ગરીબ લોકો તો માત્ર કુટુંબની આવક વધારવાના હેતુથી જ બાળકો પેદા કરે રાખે છે કે જેથી તેમને મજૂરીઓ લગાડી શકાય. પરિણામસ્વરૂપ, આખો દેશ ગરીબ હોવા છતાં તેમની જનસંખ્યા વધતી રહી છે.'

'અને યુદ્ધ ટાળવાનું બીજું કારણ ?'

'બીજું કારણ તો અમારા નિયંત્રણ હેઠળ છે, પ્રભુ. અમે "રણનીતિ" અનુસાર જ યુદ્ધ કરીએ છીએ, જેમાં ચોક્કસ નીતિ-નિયમો હોય છે. ચંદ્રવંશીઓ એવા કશાયમાં વિશ્વાસ કરતા નથી. અને મને ભય છે કે અમારી એ નબળાઈનો અમારા શત્રુઓ ભરપૂર લાભ ઉઠાવી શકે તેમ છે.'

'રણનીતિ ?' શિવે પૂછ્યું.

'હા. ઉદાહરણ તરીકે, અમે કદી પણ નિઃશસ્ત્ર માણસ પર આક્રમણ કરીશું નહીં. અશ્વારોહક દળ જેવા વધુ શસ્ત્રસજ્જ લોકો માત્ર ભાલો વીંઝતા પાયદળ જેવા ઓછા શસ્ત્રસજ્જ લોકો પર આક્રમણ કરશે નહીં. તલવારબાજ કદી પણ કોઈ સૈનિકની કમર હેઠળ પ્રહાર કરશે નહીં, કારણ કે તે અનૈતિક છે. ચંદ્રવંશીઓને આવા કોઈ જ નીતિ-નિયમોની પરવા નથી. તે લોકો વિજય માટે ગમે તેની પર ગમે તે રીતે પ્રહાર કરશે.'

'ક્ષમા માગું છું, મહારાજ.' પર્વતેશ્વરે કહ્યું, 'પરંતુ એ ભેદને કારણે જ આપણે જે છીએ, તે છીએ. ભગવાન રામે કહ્યું હતું તેમ કોઈ પણ વ્યક્તિના ચારિત્ર્યનું પરીક્ષણ સારા સમયમાં નથી થતું. માત્ર કપરી પરિસ્થિતિઓમાં જ કોઈ પણ વ્યક્તિ પોતાના ધર્મને કેટલો ચુસ્તતાથી પાળે છે, તે પરખાઈ આવે છે.'

'પરંતુ, પર્વતેશ્વર,' દક્ષે નિસાસો નાખ્યો. 'આપણી પર એવા લોકો આક્રમણ નથી કરી રહ્યા જે આપણા જેટલા નૈતિક હોય. આપણી જીવનશૈલી પર જ આક્રમણ થઈ રહ્યું છે. જો આપણે કોઈ પણ રીતે આક્રમણોનો ઉત્તર નહીં આપીએ, તો આપણે હારી જઈશું.'

'પુનઃ ક્ષમા પ્રાર્થું છું, મહારાજ.' પર્વતેશ્વરે કહ્યું, 'મેં એવું તો ક્યારેય નથી કહ્યું કે આપણે વળતું આક્રમણ ન કરવું જોઈએ. હું તો એમ કરવા માટે તત્પર છું. હું તો ચંદ્રવંશીઓ સામે યુદ્ધઘોષ કરવાની પરવાનગી વારંવાર માંગતો રહ્યો છું, પરંતુ જો આપણે આપણા નીતિ-નિયમો વિના યુદ્ધ કરીએ, તો આપણી જીવનશૈલીનો સીધો જ હ્રાસ થઈ જાય. અને એ તો એમ થયું કે ચંદ્રવંશીઓ આપણી સામે લડ્યા વિના જ જીતી ગયા !'

પ્રહર બદલાતાં નગરનો ઘંટ રણક્યો એટલે વાતચીત થોભી ગઈ અને બધાએ ત્વરાથી ટૂંકી પ્રાર્થના કરી લીધી. શિવે વાતાયનની દિશામાં જોઇને વિચારી લીધું કે શું સતી આજે નૃત્યનો અભ્યાસ કરી રહી હશે ?

દક્ષે શિવ સામે અપેક્ષાથી જાયું, 'આપે ક્યાંય જવાનું છે, પ્રભુ ?'

'ના, મહારાજ.' કહીને શિવે પોતાની પીડા અને મૂંઝવણ છુપાવવાનો પ્રયત્ન કર્યો. 'અત્યારે કોઈ મારી પ્રતીક્ષા કરી રહ્યું હોય, એમ મને નથી લાગતું.'

આ સાંભળીને દક્ષની અપેક્ષાઓ તેમના સ્મિત સાથે જ વિલાઈ ગઈ. શિવે કહ્યું, 'જા આપને યોગ્ય લાગે, મહારાજ, તો આપણે વાત ચાલુ રાખીએ ? બપોરનું ભોજન આપણે થોડુંક મોડું લઈશું.'

'જેવી આપની ઇચ્છા, પ્રભુ.' દક્ષે પોતાની જાતને સંભાળી લઈને સસ્મિત કહ્યું.

'અત્યાર સુધીની વાત તો હું સમજ્યો છું, મહારાજ. આપ શા માટે અત્યારે આક્રમણ નથી કરવા ઇચ્છતા તે હું સમજી શકું છું અને મને એ પણ સમજાય છે કે તમે કોઈ ચોક્કસ આયોજન કર્યું છે જેમાં આ મારું વાદળી ગળું મત્ત્વનો ભાગ ભજવવાનું છે.'

'હા, પ્રભુ, આયોજન તો છે. એક સમ્રાટ તરીકે મને એમ લાગે છે કે અમારા કેટલાક લોકોના મનમાં યોગ્ય રીતે આ બાબતે ક્રોધ છે પરંતુ મારે કશું પણ વિચાર્યા વિના તેમની સાથે જાડાઈ ન જવું જોઈએ. તેનાથી અમારી સમસ્યાનું સમાધાન થશે નહીં. મને એમ પણ લાગે છે કે સ્વદીપના લોકો દુષ્ટ નથી. ચંદ્રવંશી શાસકો અને તેમની જીવનશૈલીને કારણે તેઓ આવા બની ગયા છે. એટલે અમારા માટે તો એક જ માર્ગ છે કે અમારે સ્વદીપવાસીઓને જ બચાવવા.'

'સ્વદીપવાસીઓને બચાવવા ?' શિવે પૂછ્યું. તેમને આ વાત સાંભળીને સાચે જ આશ્ચર્ય થયું હતું.

'હા, પ્રભુ. તેમને એવા દુષ્ટ વિચારોથી બચાવવા કે જેનાથી તેમનો આત્મા ભ્રષ્ટ થાય છે. તેમને વિશ્વાસઘાતી શાસકોથી બચાવવા. તેમને તેમના અર્થહીન અસ્તિત્વથી બચાવવા. અને અમે તેમને અમારી ઉત્કૃષ્ટ સૂર્યવંશી જીવનશૈલી શીખવીને એમ કરી શકીશું. એક વાર તેઓ અમારા જેવા બની જાય, તો પછી લડવાનું કોઈ જ કારણ રહેશે નહીં. પછી અમે ભાઈઓ જેવા બની જઈશું. આ મારા પિતા રાજા બ્રહ્મનાયકના જીવનનું અધૂરું કાર્ય છે. વાસ્તવમાં એ ભગવાન રામના જીવનનું અધૂરું કાર્ય છે.'

'એ બહુ મોટું કામ છે, મહારાજ.' શિવે કહ્યું, 'તેમાં કરુણા અને તર્ક બંને છે, પરંતુ એ બહુ જ મોટું કાર્ય છે. તેમના સૈન્ય અને ત્રાસવાદીઓનો નાશ કરવા માટે તમારે સૈનિકો જાઈશે. એ કામ સરળ નહીં હોય.'

'એ વાત સાથે હું સહમત છું. મારા સામ્રાજ્યમાં એવા ઘણા લોકો છે જે સ્વદીપ પર આક્રમણ કરવા અંગે ચિંતિત છે અને હું તો તેમની સામે એનાથી પણ મોટો પડકાર રજૂ કરી રહ્યો છું, સ્વદીપને જ બદલી નાખવાનો પડકાર. એટલે જ આ કાર્ય મારે નીલકંઠ વિના શરૂ નહોતું કરવું, પ્રભુ.'

વર્ષો પહેલાં શિવના કાકાએ જે શબ્દો ઉચ્ચાર્યા હતા, તે તેમને યાદ આવ્યા. એ જાણે કોઈ બીજા જન્મની ઘટના હોય એવું અત્યારે લાગતું હતું. તેમણે કહ્યું હતુંઃ તારા જીવનનું લક્ષ્ય આ પર્વતોથી ઘણે દૂર છે. તું તે કામ પૂરું કરીશ કે ફરી એક વાર ભાગી છૂટીશ, એ તારી ઉપર છે.

દક્ષે વાત આગળ વધારી એટલે શિવે પોતાનું ધ્યાન દક્ષની વાતો પર કેન્દ્રિત કર્યું.

'અમે જે સમસ્યાઓનો સામનો કરી રહ્યા છીએ, તેની આગાહી તો ઘણા સમય

પહેલાં કરી નાખવામાં આવી હતી, પ્રભુ.' દક્ષે કહ્યું, 'સ્વયં ભગવાન રામે જ કહ્યું હતું કે ગમે તે જીવનદર્શન હોય, તે ગમે તેટલું પરિપૂર્ણ હોય, પરંતુ તે અમુક ચોક્કસ સમય સુધી જ ચાલતું હોય છે. એ જ પ્રકૃતિનો નિયમ છે અને તેને અવગણી શકાય નહીં, પરંતુ એ દંતકથામાં એમ પણ કહ્યું છે કે જ્યારે સમસ્યાઓ એટલી વધી જાય કે તે સામાન્ય માનવની પહોંચ બહાર જતી રહે, ત્યારે નીલકંઠ પ્રગટ થશે. અને તેઓ અનિષ્ટ ચંદ્રવંશીઓનો નાશ કરીને ઇષ્ટની પુનઃ સ્થાપના કરશે. પ્રભુ, આપ જ નીલકંઠ છો. આપ જ અમારા તારણહાર છો. આપ જ ભગવાન રામના જીવનનું અધૂરું કાર્ય પૂરું કરી શકશો. આપે અમારું નેતૃત્વ સંભાળીને ચંદ્રવંશીઓને પરાસ્ત કરવામાં અમારી સહાય કરવાની છે. આપે જ સ્વદીપવાસીઓને ઇષ્ટના પક્ષે લઈ આવવાના છે. અન્યથા, મને ભય છે કે અમારો આ સુંદર દેશ, આ મેલુહાનો લગભગ પરિપૂર્ણ સમાજ, અનંત યુદ્ધોને કારણે નાશ પામશે. શું અમને સહાય કરશો, પ્રભુ ? અમારું નેતૃત્વ સ્વીકારશો ?'

શિવ મૂંઝાઈ ગયા હતા. 'પરંતુ હજુ હું સમજી શકતો નથી મહારાજ, કે મારે કરવાનું શું છે ?'

'એ હું નથી જાણતો, પ્રભુ. અમને તો માત્ર અમારા ધ્યેયની જ જાણ છે અને આપ અમને ત્યાં સુધી લઈ જશો એવી અમારી શ્રદ્ધા છે. આપણે કયા માર્ગે આગળ વધવાનું છે, તેનો નિર્ણય તો સ્વયં આપ જ કરશો.'

એ લોકો એમ ઇચ્છે છે કે હું એકલા હાથે આઠ કરોડ લોકોની જીવનશૈલીનો નાશ કરું ? શું આ બધાની મતિ ભ્રષ્ટ થઈ ગઈ છે ?

શિવે કાળજીપૂર્વક કહ્યું, 'મને તમારા લોકો અને તેમની સમસ્યાઓ માટે અત્યંત સહાનુભૂતિ છે, મહારાજ, પરંતુ એકદમ પ્રમાણિકતાથી કહું, તો મને એ નથી સમજાતું કે એક માણસથી શું થઈ શકે ?'

'જો એ એક માણસ આપ હોવ, પ્રભુ,' દક્ષે કહ્યું ત્યારે તેમની આંખો ભક્તિભાવ અને શ્રદ્ધાથી ભીની હતી, 'તો તે એક માણસ સમગ્ર બ્રહ્માંડ બદલી શકે છે.'

'મને તે અંગે આપના જેટલી શ્રદ્ધા નથી, મહારાજ.' શિવે આછા સ્મિત સાથે કહ્યું, 'હું આમાં શું કરી શકવાનો ? હું કોઈ ચમત્કારિક માણસ તો છું નહીં. હું કંઈ ચપટી વગાડીને ચંદ્રવંશીઓ પર વીજળી પાડી નહીં શકું.'

'આપની ઉપસ્થિતિ માત્રથી જ પરિવર્તન આવશે, પ્રભુ. હું તમને આખા સામ્રાજ્યમાં ભ્રમણ કરવાનું આમંત્રણ આપું છું. આપના નીલ કંઠની લોકો પર જે અસર પડે છે, તે જોઈ લેજો. એક વાર મારા લોકોમાં એટલો વિશ્વાસ ઉત્પન્ન થવો જોઈએ કે તે લોકો કરી શકશે. પછી એમને રોકનારું કોઈ નહીં હોય !'

'આપ નીલકંઠ છો, પ્રભુ.' કનખલાએ ઉમેર્યું, 'લોકોને નીલકંઠમાં શ્રદ્ધા છે. એટલે લોકોને આપનામાં પણ શ્રદ્ધા બેસશે. અમને સહાય કરશોને, પ્રભુ ?'

તું ફરી વાર ભાગી છૂટીશ ?

'પરંતુ આ ગળાનો રંગ બદલાઈ જવાથી જ હું સાચો નીલકંઠ છું એવું કઈ રીતે પુરવાર થાય છે ?' શિવે પૂછ્યું, 'કદાચ મેલુહામાં જ એવા ઘણા લોકો હશે જેમનો કંઠ આવા રંગનો હશે પણ હજુ તેમને શોધી નહીં શકાયા હોય !'

'ના, પ્રભુ.' દક્ષે કહ્યું, 'એ કોઈ મેલુહાવાસી ન હોઈ શકે. દંતકથામાં કહ્યું છે કે નીલકંઠ તો કોઈ પરદેશી જ હશે. એ સપ્ત-સિંધુમાંથી નહીં હોય. અને એ જ્યારે સોમરસ પીશે ત્યારે તેમનું ગળું વાદળી રંગનું થઈ જશે.'

શિવે કોઈ ઉત્તર આપ્યો નહીં. તેમને અચાનક સત્ય સમજાયું અને તેઓ હત્પ્રભ થઈ

ગયા.

શ્રીનગરની પહેલી રાત અને સોમરસ. એના કારણે જ મારું શરીર સ્વસ્થ થઈ ગયું હતું. એટલે જ મારામાં આટલી ઊર્જા અનુભવાય છે.

દક્ષ અને કનખલા શ્વાસ રોકીને શિવને તાકી રહ્યાં હતાં, તેમના નિર્ણયની પ્રતીક્ષા કરી રહ્યાં હતાં અને શિવ સાચો નિર્ણય લે, તેવી પ્રાર્થના પણ કરી રહ્યાં હતાં.

પણ શા માટે માત્ર મારી સાથે જ આમ બન્યું ? બધા ગણોને સોમરસ તો આપવામાં આવ્યો હતો. શું મારા કાકા સાચું કહેતા હતા ? શું વાસ્તવમાં આવું જ કંઈક મારા ભાગ્યમાં લખાયેલું છે ?

પર્વતેશ્વર શિવ સામે આંખો ઝીણી કરીને તાકી રહ્યા હતા.

એવું કંઈ મારા ભાગ્યમાં લખાયેલું હોય, તો પણ હું તેને લાયક નથી. કદાચ આ મારા પ્રાયશ્ચિત્તની તક હશે.

પરંતુ સૌ પ્રથમ...

શિવે સંયમિત વિનમ્રતાથી પૂછ્યું, 'મહારાજ, હું કોઈ ઉત્તર આપું એ પહેલા શું હું એક પ્રશ્ન પૂછી શકું છું ?'

'અવશ્ય, પ્રભુ.'

'શું આપ એમ માનો છો કે કોઈ પણ મૈત્રીસંબંધમાં પ્રમાણિકતા આવશ્યક છે ? પછી ભલેને એ મિત્રને તમારી પ્રમાણિકતાથી ખરાબ પણ લાગે ?'

'હા, એ આવશ્યક છે.' દક્ષે ઉત્તર આપ્યો. તેઓ વિચારી રહ્યા હતા કે શિવ કઈ દિશામાં આગળ વધી રહ્યા છે.

'સંપૂર્ણ પ્રમાણિકતા માત્ર વ્યક્તિગત સંબંધો જ નહીં પરંતુ સ્થાયી સમાજની મૂળભૂત આવશ્યકતા છે.' પર્વતેશ્વર પણ વચ્ચે બોલી ઊઠ્યા.

'હું પણ એ વાત સાથે સંપૂર્ણ સહમત છું.' શિવે કહ્યું, 'અને તેમ છતાં મેલુહાએ મારી સાથે પ્રમાણિકતા દાખવી નહોતી.'

કોઈ કશું બોલ્યું નહીં.

શિવે વિનમ્ર પરંતુ દૃઢ અવાજે કહ્યું, 'જ્યારે મારા કબીલાને મેલુહા આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું, ત્યારે અમને એમ સમજાયું હતું કે આપ લોકોને કામદારોની આવશ્યકતા હોવાથી વિદેશીઓને આમંત્રણો અપાઈ રહ્યાં છે. એટલે હું મારી ત્રસ્ત ધરતી છોડીને ખુશીથી અહીં આવ્યો હતો, પરંતુ હવે મને સમજાય છે કે તમે લોકો તો પદ્ધતિસર નીલકંઠને શોધી રહ્યા હતા.'

નંદી સામે જોઇને શિવે કહ્યું, 'અમને એમ નહોતું જણાવવામાં આવ્યું કે અમે જેવા અહીં આવીશું કે અમારા શરીરમાં સોમરસ નામનું પીણું દાખલ કરવામાં આવશે. એ પીણાની આવી અસરો વિશે પણ અમને કશું જણાવવામાં આવ્યું નહોતું.'

નંદીએ દોષ સ્વીકારીને આંખો નીચે ઢાળી દીધી. તેના પ્રભુને તેની પર ક્રોધિત થવાનો પૂરો અધિકાર હતો.

દક્ષ સામે જોઇને શિવે કહ્યું, 'મહારાજ, આપ જાણો જ છો કે હું કાશ્મીરમાં આવ્યો, તેની પહેલી જ રાતે, મારી જાણ બહાર મને સોમરસ આપવામાં આવ્યો હતો.'

'એવા વિશ્વાસઘાત બદલ હું સાચે જ ક્ષમા માગું છું, પ્રભુ.' દક્ષે હાથ જોડીને નીચી દૃષ્ટિ રાખીને ઉત્તર આપ્યો, 'મને આજીવન એ વાતનો સંકોચ રહેશે, પરંતુ અમારા માટે આ બહુ મત્ત્વની વાત હતી. અને સોમરસની તો દરેકના શરીર પર હકારાત્મક અસરો જ પડે છે. તેનાથી કોઈ નુકસાન નથી થતું.'

'એ હું જાણું છું. મને લાંબુ અને સ્વસ્થ જીવન મળે, તેનાથી કંઈ હું દુઃખી નથી.' શિવે બરછટ રીતે કહ્યું, 'તમે જાણો છો કે મારા કબીલાના બધા જ લોકોને એ રાત્રે સંભવતઃ સોમરસ આપવામાં આવ્યો હતો ? અને એ લોકો સંભવતઃ સોમરસના કારણે જ ગંભીર રીતે માંદા પડી ગયા હતા.'

'એ લોકો પર કોઈ જ જાખમ નહોતું, પ્રભુ.' કનખલાએ ક્ષમા પ્રાર્થતાં કહ્યું, 'અમુક લોકોના શરીરમાં પહેલેથી જ અમુક રોગ હતા. સોમરસ જ્યારે શરીરમાં પ્રવેશે છે, ત્યારે એ સીધો જ આ રોગો પર કામ શરૂ કરી દે છે અને પછી એ રોગ પુનઃ ક્યારેય શરીરમાં પ્રવેશતા નથી. એટલે શરીર મૃત્યુ સુધી તંદુરસ્ત રહે છે. આપનો કબીલો તો હવે પહેલાં કરતાં પણ વધારે તંદુરસ્ત બની ગયો છે.'

'એમાં મને જરા પણ શંકા નથી.' શિવે કહ્યું, 'પણ મારો મુદ્દો એ નથી. હું અને મારો કબીલો, બધાને સોમરસથી લાભ જ થયો છે. તેમ છતાં ભગવાન રામની ભૂમિ પર આવું છળકપટ આચરવામાં આવશે તેવી મેં આશા નહોતી રાખી. તમારે કૈલાસ પર્વત પર જ અમને સંપૂર્ણ સત્ય જણાવી દેવું જાઈતું હતું. એ પછી, તમે અમારા વતી નિર્ણય લીધો, તેના બદલે અમે બધા સમજી-વિચારીને નિર્ણય લઈ શકત. એ પછી પણ અમે સંભવતઃ મેલુહા તો આવ્યા જ હોત, પરંતુ એ અમારો નિર્ણય હોત.'

'એ છળકપટ માટે અમને ક્ષમા કરો, પ્રભુ.' દક્ષે કહ્યું ત્યારે તેમના અવાજમાં દોષનો ભાર વર્તાઈ આવતો હતો. 'એવી રીતે કામ કરવાની અમારી પદ્ધતિ જ નથી. અમે તો પ્રમાણિક હોવાનો ગર્વ લઈએ છીએ, પરંતુ એ સમયે અમારી પાસે કોઈ જ વિકલ્પ નહોતો. અમે આપની ક્ષમા પ્રાર્થીએ છીએ, પ્રભુ. આપના કબીલાના બધાની સારી રીતે કાળજી લેવામાં આવી છે. તેઓ આ પહેલાં ક્યારેય આટલા તંદુરસ્ત નહોતા. તેઓ દીર્ઘાયુ ભોગવશે અને સક્રિય પણ રહેશે.'

પર્વતેશ્વરે છેવટે પોતાની ચુપકીદી તોડી અને ઘણા દસક પહેલાં આ શોધ શરૂ થઈ ત્યારથી તેમના મનમાં જે વાત હતી, તે વાત તેઓ બોલ્યા. 'શિવ, જે કંઈ પણ થઈ ગયું એ બદલ અમે હૃદયપૂર્વક ક્ષમા પ્રાર્થીએ છીએ. આપને ક્રોધિત થવાનો પૂરતો અધિકાર છે. જુઠ્ઠું બોલવું અમારી જીવનશૈલીમાં નથી. મને એમ લાગે છે કે જે થઈ ગયું તે સાચે જ ધિક્કારજનક છે અને ભગવાન રામે પણ એને ધિક્કાર્યું જ હોત. છળકપટ તો નબળા લોકોની નિશાની છે અને તેના માટે વિપરીત સંજાગો પણ કોઈ બહાનું નથી. હું એ બદલ સાચે જ ક્ષમા માગું છું.'

શિવે પોતાની ભમરો થોડીક ઊંચી કરી.

એક માત્ર પર્વતેશ્વર જ બહાનાં બનાવવાને બદલે સાચે જ ક્ષમા માંગી રહ્યા છે. એ મહાન રાજા રામના સાચા અનુયાયી છે.

શિવે સ્મિત કર્યું.

દક્ષે રાહતનો શ્વાસ લીધો.

શિવે દક્ષ સામે જોઇને કહ્યું, 'ચાલો, ભૂતકાળને ભૂતકાળમાં જ રાખીએ, મહારાજ. મેં કહ્યું જ હતું કે આપના રાષ્ટ્રમાં પણ અમુક સુધારાઓને તો અવકાશ છે જ. એમાં હવે કોઈ સંશય રહ્યો નહીં. તેમ છતાં મેં જાયેલા સમાજામાં તે શ્રેષ્ઠ છે. અને તેના માટે લડવું જ જોઈએ, પરંતુ મારી અમુક શરતો છે.'

'અવશ્ય, પ્રભુ.' દક્ષે કહ્યું. એ શિવને પ્રસન્ન કરવા આતુર હતા.

'અત્યારે હું એમ નથી કહી રહ્યો કે તમે મારી પાસે જે કામ કરાવવા માંગો છો તે કામ હું કરી શકીશ અને હું એમ નથી કહી રહ્યો કે તે કામ હું નહીં કરી શકું. હું માત્ર એટલું જ

કહું છું કે હું મારો શ્રેષ્ઠ પ્રયત્ન કરીશ, પરંતુ હું આપના સમાજને કઈ રીતે સહાયરૂપ બની શકીશ તે કહેતા પહેલાં મારે આ સમાજમાં વધારે સમય ગાળવો પડશે. હવે હું એમ માની લઉં છું કે આજ પછી કશું જ મારાથી છુપાવવામાં નહીં આવે કે મને ગેરમાર્ગ દોરવામાં નહીં આવે.'

'અવશ્ય પ્રભુ.'

'બીજું, મેલુહાની જનસંખ્યા વધારવા તમારે હજુ પણ વસાહતીઓની તો આવશ્યકતા છે જ, પરંતુ તમારે કોઈને પણ ગેરમાર્ગે ન દોરવા જોઈએ. મને લાગે છે કે આપે એ બધાને મેલુહા વિશે સંપૂર્ણ સત્ય જણાવી દેવું જોઈએ અને પછી એ લોકોને એવો નિર્ણય લેવા દેવો જોઈએ કે તેઓ અહીં આવવા માંગે છે કે નહીં. અન્યથા તમે કોઈને અહીં વસવા માટે આમંત્રણ જ નહીં આપો. શું આ વાત આપને યોગ્ય લાગે છે ?'

'અવશ્ય, પ્રભુ.' દક્ષે કહ્યું. પછી કનખલા સામે એક વાર હકારમાં માથું હલાવીને તેમણે કહ્યું, 'આ વાત પર અમે તાત્કાલિક અમલ શરૂ કરીશું.'

'આ ઉપરાંત, મને તો હવે એમ લાગે જ છે કે હું કાશ્મીર પાછો જવાનો નથી. તો શું મારા કબીલાને, ગણોને, અહીં દેવગીરી લાવી શકાય ? એ લોકો મારી પાસે જ હોય, તે મને ગમશે.'

'અવશ્ય, પ્રભુ.' દક્ષે ત્વરાથી કનખલા સામે જોઇને કહ્યું. 'આજે જ એ સર્વને દેવગીરી લાવવાની સૂચના મોકલી દેવામાં આવશે.'

'અને, તમે લોકો જ્યાં સોમરસ બનાવો છો એ જગ્યાની પણ મારે મુલાકાત લેવી પડશે. મારે આ દૈવી પીણાને સમજવું છે. મને અંદરથી એમ થઈ રહ્યું છે કે મારે એ કામ અવશ્ય કરવું જોઈએ.'

'આપને જેમ યોગ્ય લાગે તેમ, પ્રભુ.' એમ કહેતાં દક્ષના મુખ પર છેવટે સ્મિત આવી જ ગયું. 'કનખલા આવતીકાલે જ આપને ત્યાં લઈ જશે. હું પણ મારા કુટુંબ સાથે ત્યાં આવીશ કારણ કે મારે ત્યાં ભગવાન બ્રહ્માના મંદિરમાં પૂર્વઆયોજિત પૂજામાં ભાગ લેવાનો છે. આપણે ત્યાં પણ મળી શકીશું.'

'એ સારું રહેશે.' શિવે સસ્મિત કહ્યું. પછી ઊંડો શ્વાસ લઈને તેમણે ઉમેર્યું, 'અને છેલ્લું, મને એમ લાગે છે કે તમે બધા નીલકંઠના આગમનની ઘોષણા કરવા આતુર છો.'

દક્ષ અને કનખલાએ ખચકાટસહ માથું નમાવીને હા પાડી.

'એ ઘોષણા હમણાં ન કરવાની હું તમને વિનંતી કરું છું.'

દક્ષ અને કનખલાના મુખ પર તરત જ નિરાશા વ્યાપી ગઈ. નંદીની આંખો તો હજુ ધરતી પર જ ખોડાયેલી હતી. તેણે તો આ બધી વાતોમાં પણ ધ્યાન નહોતું આપ્યું. પોતે જે છળ આચર્યું હતું, તેના ભાર હેઠળ તેનો આત્મા કચડાઈ રહ્યો હતો.

'મહારાજ, મને એવી ભયાનક લાગણી થઈ રહી છે કે જ્યારે લોકો જાણશે કે હું નીલકંઠ છું, ત્યારે મારા દરેક શબ્દ અને દરેક પગલાનું વધારે પડતું જ વિશ્લેષણ કરવામાં આવશે.' શિવે સમજાવ્યું. 'અને મને નથી લાગતું કે અત્યારે તમારા સમાજ અંગે કે પછી મારે જે કામ કરવાનું છે, તે અંગે હું કંઈ વિશેષ જાણતો હોઉં.'

'હું સમજું છું, પ્રભુ.' દક્ષે કહ્યું. તેના ચહેરા પર પાછું હળવું સ્મિત આવી ગયું હતું. 'હું આપને વચન આપું છું. માત્ર મારા અંગત માણસો, મારું કુટુંબ અને આપ પરવાનગી આપો તેટલા માણસો જ નીલકંઠના પ્રાગટ્ય વિશે જાણશે. બીજું કોઈ જ નહીં.'

'આભાર, મહારાજ, પરંતુ હું પુનઃ એક વાર કહીશ કે હું તો એક સરળ આદિવાસી છું જેનું ગળું કોઈ પીણાને કારણે અકસ્માતે જ વાદળી રંગનું થઈ ગયું છે. તમારી જે

સમસ્યા છે તેમાં મારા જેવો કોઈ એક માણસ શું કરી શકશે તે હું નથી જાણતો.'

'અને હું પણ પુનઃ એટલું જ કહીશ, પ્રભુ.' દક્ષે બાળક જેવા સ્મિત સાથે કહ્યું, 'જો એ માણસ આપ હોવ, તો આપ સમગ્ર બ્રહ્માંડ બદલી શકો તેમ છો.'



પ્રકરણ ૮
દેવોનું પીણું - સોમરસ

શિવ ચાલતાં ચાલતાં રાજવી અતિથિગૃહની દિશામાં જઈ રહ્યા હતા અને નંદી પણ ભારે પગલે તેમને અનુસરી રહ્યો હતો. તેનું માથું લજ્જાથી નમેલું હતું. 'મારે એકાંતમાં ભોજન લેવું છે.' શિવે પોતાના ખભા ઉપરથી જોઇને કહ્યું. નંદી માત્ર એટલું જ બોલી શક્યો, 'હું ક્ષમા માગું છું, પ્રભુ.'

શિવે અવળા ફરીને નંદી સામે જાયું.

'આપ સત્ય કહો છો, પ્રભુ. અમે અમારી સમસ્યાઓ અને નીલકંઠની શોધમાં એટલા મગ્ન હતા કે અમારા પગલાથી વસાહતીઓને શું અન્યાય થશે એ અંગે અમે વિચાર્યું જ નહોતું. મેં આપને ગેરમાર્ગે દોર્યા છે, પ્રભુ. હું આપની સમક્ષ જુઠ્ઠું બોલ્યો છું.'

શિવે કોઈ ઉત્તર આપ્યો નહીં. તેઓ નંદીની આંખોમાં વેધક દૃષ્ટિથી જાઈ રહ્યા.

'હું ક્ષમા માગું છું, પ્રભુ. હું આપની અપેક્ષાઓ પર ખરો નથી ઊતર્યો. આપ જે પણ શિક્ષા કરશો, તે મને સ્વીકાર્ય છે.'

શિવના હોઠ પર હળવું સ્મિત ફરકી ગયું. તેમણે નંદીનો ખભો હળવેથી થપથપાવ્યો અને એમ સૂચવ્યું કે તેમણે તેને ક્ષમા આપી દીધી છે, પરંતુ તેમની આંખોમાંથી સ્પષ્ટ સંદેશો વંચાતો હતો, 'મારી સમક્ષ પુનઃ ક્યારેય જુઠ્ઠું ન બોલતો, મારા મિત્ર.'

નંદીએ ગરદન હલાવીને હા પાડી અને હળવેથી કહ્યું, 'કદી નહીં બોલું, પ્રભુ. હું ક્ષમા માગું છું.'

'તો એ હવે ભૂલી જા, નંદી.' કહેતાં શિવનું સ્મિત બહોળું થઈ ગયું. 'એ હવે ભૂતકાળની ઘટના છે.'

તેમણે વળાંક લઈને આગળ વધવાનું ચાલુ રાખ્યું. અચાનક શિવે પોતાનું માથું હલાવીને કહ્યું, 'વિચિત્ર લોકો !'

'શું થયું, પ્રભુ ?' નંદીએ પૂછ્યું.

'કંઈ ખાસ નથી. હું તમારા સમાજની અમુક રસપ્રદ વાતો પર વિચાર કરી રહ્યો હતો.'

'રસપ્રદ વાતો, પ્રભુ ?' નંદીએ પૂછ્યું. હવે શિવ તેની સાથે વાતો કરી રહ્યા છે, એવો થોડોક આત્મવિશ્વાસ તેનામાં પાછો આવ્યો હતો.

'તમારા દેશના અમુક લોકો એમ માને છે કે માત્ર મારું ગળું વાદળી રંગનું હોવાને કારણે હું તમને અશક્ય વસ્તુઓ સિદ્ધ કરવામાં સહાયરૂપ બનીશ. અમુક લોકો એમ પણ માને છે કે મારું નામ અચાનક એટલું પવિત્ર બની ગયું છે કે એ લોકો એનું ઉચ્ચારણ પણ કરી શકતા નથી.'

નંદીએ હળવું સ્મિત કર્યું.

'બીજી બાજુ.' શિવે વાત આગળ વધારી, 'અમુક લોકો સ્પષ્ટતઃ એમ માને છે કે મારી આવશ્યકતા નથી. વાસ્તવમાં, એ લોકો તો એવું માને છે કે જો હું તેમને સ્પર્શું તો એ સ્પર્શ એટલો ભ્રષ્ટ છે મારે શુદ્ધીકરણ કરવું પડે !'

'શુદ્ધીકરણ ? એની આપને શું કરવા આવશ્યકતા હોય, પ્રભુ ?' નંદીએ સચિંત પૂછી લીધું.

શિવે કાળજીપૂર્વક શબ્દો પસંદ કરીને કહ્યું, 'હું કોઈને સ્પર્શ્યો હતો અને મને કહેવામાં આવ્યું હતું કે મારે શુદ્ધીકરણની આવશ્યકતા છે.'

'શું ? આપ કોને સ્પર્શ્યા હતા પ્રભુ ? શું એ કોઈ વિકર્મ વ્યક્તિ હતી ?' નંદીને હવે સાચે જ ચિંતા થવા માંડી હતી. 'માત્ર વિકર્મ વ્યક્તિનો સ્પર્શ થાય, તો જ તમારે શુદ્ધીકરણની આવશ્યકતા રહે છે.'

શિવના મુખનો રંગ અચાનક પલટાઈ ગયો. તેમની આંખો પરથી પડદો હટી ગયો. અચાનક જ ગઈકાલે શું બન્યું હતું, તે તેમને સમજાઈ ગયું. કેમ સ્પર્શ થતાંની સાથે જ સતી સંકોચાઈ ગઈ હતી. કેમ ગુરુજી અને કૃતિકાને આઘાત લાગ્યો હતો.

'અતિથિગૃહ પાછો ફર, નંદી. હું તને ત્યાં જ મળીશ.' કહીને શિવ રાજવી ઉપવનની દિશામાં વળી ગયા.

'પ્રભુ, શું થયું ?' નંદીએ શિવના પગલા અનુસાર પોતાની ગતિ વધારીને પૂછ્યું, 'આપે શુદ્ધીકરણ કરાવ્યું કે નહીં ?'

'અતિથિગૃહ પાછો ફર નંદી.' કહીને શિવે ગતિ વધારી, 'હું તને ત્યાં જ મળીશ.'



શિવે લગભગ એક કલાક જેટલી પ્રતીક્ષા કરી. પણ સતી ત્યાં આવી નહીં. એ બેઠક પર એકલા બેસી રહ્યા અને પેલો વિચાર જે ક્ષણે મનમાં પ્રવેશ્યો હતો, એ ક્ષણને ભાંડતા રહ્યા.

મારો સ્પર્શ સતીને ભ્રષ્ટ કરનારો લાગ્યો હશે એવો વિચાર પણ મને કઈ રીતે આવ્યો ? હું એકદમ મૂર્ખ જ છું.

પછી તેમણે મનોમન એ સમગ્ર ઘટનાની એક એક ક્ષણનું સ્મરણ કરીને તેનાં બધાં પાસાં ચકાસી જોયાં.

'જો આપને કશું થશે, તો હું મારી જાતને કદી પણ ક્ષમા આપી શકીશ નહીં.'

આ શબ્દો દ્વારા એ શું સૂચવવા માંગતી હતી ? શું તેના મનમાં મારા માટે લાગણી છે ? કે પછી તે સન્માનનીય સ્ત્રી છે અને કોઈના દુર્ભાગ્યનું કારણ બનવું તેને ગમતું નહીં હોય ? અને તેણે પોતાની જાતને બધાથી અલગ શા માટે માનવી જોઈએ ? આ આખી વિકર્મવાળી વાત જ હાસ્યાસ્પદ છે !

એ હવે નહીં આવે એમ સમજાતાં શિવ બેઠક પરથી ઊભા થયા. તેમણે એ બેઠક પર જોરથી લાત મારી અને એક સમયે તેમના એ પગનો જે અંગૂઠો સંવેદનાવિહીન હતો, તેમાં પીડા થવાથી જ તેમને એ સાજા થઈ ગયો હોવાનું સ્મરણ થયું. તેમના મુખેથી અપશબ્દો સરી પડ્યા અને તે અતિથિગૃહની દિશામાં ચાલવા લાગ્યા. એ મંચ પાસેથી પસાર થતા હતા ત્યારે તેમણે જોયું કે મંચ પર કંઈક પડ્યું હતું. તેમણે નીચા નમીને એ વસ્તુ હાથમાં લીધી. એ સતીનો મોતીઓથી બનેલો બાજુબંધ હતો. તેમણે આ બાજુબંધ સતીના જમણા હાથે જોયો હતો. એ તૂટ્યો નહોતો.

તો શું સતીઓ હાથે કરીને આ બાજુબંધ અહીં મૂકી રાખ્યો છે ?

તેમણે એ બાજુબંધને સૂંઘ્યો. તેમાંથી તડકાવાળી સાંજે પવિત્ર માનસરોવરના કિનારે આવતી હોય તેવી સુગંધ આવતી હતી. તેમણે એ બાજુબંધને મૃદુતાથી ચૂમ્યું પણ ખરું અને સસ્મિત તેને પોતાના કમરબંધ પર લગાવેલા વાટવામાં સરકાવી દીધું. મંદાર પર્વતથી પાછા આવીને તેને મળશે, એવું તેમણે નક્કી કર્યું. તેને મળવું તો પડશે જ. જો આવશ્યકતા ઊભી થશે, તો તે આ જગતના છેડા સુધી તેની પાછળ પાછળ જશે. તેને પામવા માટે તેઓ આખી દુનિયા સાથે લડી લેવા તૈયાર હતા. આ જગતમાં તેમનો ફેરો સતી વિના નિરર્થક હતો. તેમનું હૃદય આ વાત સારી રીતે જાણતું હતું. તેમનો આત્મા પણ જાણતો હતો.



'હજી કેટલું આગળ વધવાનું છે, વડાં પ્રધાન ?' ઉત્તેજિત બાળકની જેમ નંદીએ પૂછ્યું.

જ્યાં દેવોનું પીણું સોમરસ બનાવવામાં આવતો હતો તેવા દંતકથા સમાન મંદાર પર્વતની મુલાકાત કોઈ પણ મેલુહાવાસીને માટે મોટા સન્માનની વાત હતી. મોટાભાગના સૂર્યવંશીઓ મંદાર પર્વતને મેલુહા સામ્રાજ્યનો આત્મા માનતા હતા. જ્યાં સુધી એ પર્વત સલામત હતો, ત્યાં સુધી સોમરસ બનતો રહેવાનો હતો.

'દેવગીરીથી નીકળ્યાને હજુ માત્ર એક કલાક થયો છે, સરદાર.' કનખલાએ સસ્મિત કહ્યું, 'મંદાર પર્વત સુધી જવા માટે તો એક આખા દિવસની યાત્રા કરવી પડશે.'

'આ તો રથ પર ચારેબાજુ જે પડદા નાખવામાં આવ્યા છે તેના કારણે સૂર્ય દેખાતો નથી અને કેટલો સમય પસાર થયો, તેનું અનુમાન હું કરી શકતો નથી. એટલે જ મેં પૂછ્યું.'

'પ્રહર ઘટિકા તો તમારી બાજુમાં જ છે, સરદાર. અને પડદા તો તમારા પોતાના રક્ષણ માટે જ લગાવવામાં આવ્યા છે.'

શિવે કનખલા સામે સ્મિત કર્યું. તેઓ સમજી શકતા હતા કે પડદા કંઈ તેમની રક્ષા માટે નહોતા લગાવવામાં આવ્યા. એ તો મંદાર પર્વતની રક્ષા માટે, તેનું સ્થાન ગોપનીય રાખવા માટે લગાવવામાં આવ્યા હતા. બહુ ઓછા લોકોને મંદાર પર્વતના સચોટ સ્થાનની જાણકારી હતી. અરિષ્ટનેમીના નામે ઓળખાતી વિશેષ સૈનિકોની ટુકડી મંદાર પર્વત સુધીના માર્ગ અને તેના યાત્રાળુઓની સુરક્ષા કરતી હતી. મંદાર પર્વત પરના વૈજ્ઞાનિકો સિવાય માત્ર અરિષ્ટનેમી સૈનિકો કે મહારાજ દ્વારા જેને પરવાનગી આપવામાં આવી હોય, તેવા લોકો જ મંદાર પર્વત પર જઈ શકતા હતા. બીજું કોઈ ત્યાં જઈ શકતું નહીં કે તેનું સ્થાન જાણી શકતું નહીં. જો ચંદ્રવંશી ત્રાસવાદીઓએ મંદાર પર્વત પર આક્રમણ કરી નાખ્યું, તો મેલુહાનું સર્વસ્વ લૂંટાઈ જાય તેમ હતું.

'આપણે ત્યાં કોને મળીશું, કનખલા ?' શિવે પૂછ્યું.

'પ્રભુ, આપણે ત્યાં બૃહસ્પતિને મળીશું. તેઓ સામ્રાજ્યના પ્રમુખ વૈજ્ઞાનિક છે. આખા દેશ માટે સોમરસ બનાવતી ટુકડી તેમના હાથ નીચે કામ કરે છે. તે લોકો અન્ય ઘણી દિશામાં પણ સંશોધન કરતા જ રહે છે. આપના આગમનની તેમને જાણ કરવા માટે પક્ષી સાથે સંદેશો તો ક્યારનો મોકલાઈ ગયો છે. આપણે આવતીકાલે સવારે તેમને મળીશું.'

શિવે હળવેથી ગરદન હલાવીને કનખલા સામે સ્મિત કર્યું અને કહ્યું 'આભાર.'

નંદીએ પુનઃ પ્રહર ઘટિકા તરફ જોઈ લીધું અને શિવ પોતાના હાથમાં રહેલું પુસ્તક વાંચવા લાગ્યા. એ હસ્તલિખિત પુસ્તકમાં હજારો વર્ષો પહેલાં દેવો અને અસુરો વચ્ચે થયેલા ભીષણ યુદ્ધની રસપ્રદ વાત હતી. ઇષ્ટ અને અનિષ્ટ વચ્ચેના સનાતન સંઘર્ષની વાત હતી. દેવોનો દેવ, મહાદેવ ભગવાન રુદ્રની સહાયથી દેવોએ અસુરોનો નાશ કર્યો હતો અને જગતમાં પુનઃ ઇષ્ટની સ્થાપના કરી હતી.



'હું આશા કરું છું કે આપને બરોબર ઊંઘ આવી હશે, પ્રભુ.' બૃહસ્પતિના કાર્યાલયની બહાર શિવ અને નંદીને આવકારતાં કનખલાએ કહ્યું.

પ્રથમ પ્રહરના છેલ્લા કલાકની શરૂઆત થઈ ચૂકી હતી. મંદાર પર્વત પર સવાર વહેલી પડતી.

'હા, બરોબર ઊંઘ આવી હતી.' શિવે કહ્યું, 'જોકે આખી રાત મને એક લયબદ્ધ અવાજ સંભળાતો રહ્યો હતો.'

કનખલાએ સ્મિત કર્યું પરંતુ કોઈ ખુલાસો આપ્યો નહીં. તેણે મસ્તક ઝુકાવી વંદન કર્યાં અને બૃહસ્પતિના કાર્યાલયનું દ્વાર ખોલ્યું. સૌ પ્રથમ શિવ અંદર પ્રવેશ્યા અને કનખલા તેમજ નંદી તેમને અનુસર્યાં. બૃહસ્પતિના વિશાળ કાર્યાલયમાં ઘણાં ચિત્ર-વિચિત્ર સાધનો પડ્યાં હતાં અને તે બધાં સાધનોને વિવિધ ઊંચાઈના મેજ પર વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવ્યાં હતાં. જે પણ સાધન વડે કોઈ પ્રયોગ કરવામાં આવ્યો હોય તેની બાજુમાં તાડપત્ર પર કરેલી નોંધ પણ જોવા મળતી હતી. આખા ભવનનો રંગ આછો વાદળી હતો. એક ખૂણામાં આવેલા વિશાળ વાતાયનમાંથી મંદાર પર્વતની તળેટીનું અદ્‌ભુત દૃશ્ય પણ જોઈ શકાતું હતું. ભવનની મધ્યમાં ઘણી સાદી બેઠકો ચોરસ આકારે ગોઠવવામાં આવી હતી. મેલુહાની સંસ્કૃતિમાં વૈભવની જગ્યાએ સાદગીને પ્રાધાન્ય આપવામાં આવતું અને એ ભવનમાં પણ એવી જ સાદગી વ્યાપ્ત હતી.

બૃહસ્પતિ ભવનની મધ્યમાં ઊભા હતા અને તેમના હાથ વંદનની મુદ્રામાં જોડાયેલા હતા. મધ્યમ કદ, શિવથી ઘણા નીચા, ઘઉંવર્ણા, ઊંડી આંખો અને વ્યવસ્થિત સાચવવામાં આવેલી લાંબી દાઢીવાળા બૃહસ્પતિનો દેખાવ વિશેષ હતો. તેમના હાવભાવ એકદમ શાંત હતા અને મસ્તક મુંડાયેલું હતું. તેમની ચોટીથી પરખાઈ જતું હતું કે તેઓ બ્રાહ્મણ છે. તેમનું વજન થોડુંક વધારે હોય એમ લાગતું હતું. જો થોડીક નિયમિત કસરત કરવામાં આવે, તો તેમના પહોળા ખભા અને પહોળી છાતી પહેલવાન જેવો દેખાવ ઊભો કરી શકત પરંતુ બૃહસ્પતિનું શરીર તેમની બુદ્ધિનું વાહન હતું અને ક્ષત્રિય યોદ્ધાની જેમ તેમનું એકમાત્ર મંદિર નહોતું. તેમણે લાક્ષણિક શ્વેત સુતરાઉ ધોતી પહેરેલી હતી અને તેમના ખભા પર અંગવસ્ત્ર ઝૂલતું હતું. તેમણે ડાબા ખભાથી પેટની જમણી બાજુ ઊતરતી જનોઈ પણ ધારણ કરેલી હતી.

'તમે કેમ છો, કનખલા ?' બૃહસ્પતિએ પૂછ્યું, 'ઘણા સમય પછી મળવાનું થયું.'

'હા, બૃહસ્પતિજી.' કનખલાએ વંદન કરીને બૃહસ્પતિનું અભિવાદન સ્વીકાર્યું.

શિવે નોંધ્યું કે બૃહસ્પતિના હાથ પરનું બીજા માદળિયા પર હંસનું ચિત્ર હતું. બ્રાહ્મણોમાં પણ એ જાતિ બહુ ઓછા લોકોને પ્રાપ્ત થતી હતી.

'આ છે પ્રભુ શિવ.' કનખલાએ શિવ સામે જોઇને કહ્યું.

'માત્ર શિવ કહેશો, તો ચાલશે.' શિવે સસ્મિત કહ્યું અને બૃહસ્પતિને તેમણે

વિનમ્રતાથી વંદન કર્યાં.

'ઠીક છે, ત્યારે. માત્ર શિવ. અને, આપ શ્રીમાન ?' બૃહસ્પતિએ નંદી સામે જોઇને પૂછ્યું.

'આ છે કપ્તાન નંદી.' કનખલાએ ઉત્તર આપ્યો. 'પ્રભુ શિવના સહાયક.'

'આપને મળીને આનંદ થયો, કપ્તાન.' કહીને બૃહસ્પતિએ શિવ સામે જોયું. 'મારી વાત અસભ્ય લાગે તો ક્ષમા કરજો, શિવ, પરંતુ શું હું આપનો નીલ કંઠ જોઈ શકું ?'

શિવે મસ્તક હલાવીને હા પાડી. તેમણે પોતાના ગળા ફરતે બાંધેલો પટ્ટો છોડ્યો અને તેમનું ગળું નજીકથી જોવા માટે બૃહસ્પતિ તેમની પાસે આવ્યા. શિવના ગળામાંથી ફૂટતો વાદળી રંગ જોઇને તેમનું સ્મિત અદૃશ્ય થઈ ગયું. થોડીક ક્ષણો બૃહસ્પતિ અવાક જ ઊભા રહ્યા. થોડી વાર પછી તેમણે કનખલા સામે જોયું. 'આ કોઈ છળકપટ નથી. રંગ સાચે જ અંદરથી પ્રગટ થાય છે. એ શક્ય કઈ રીતે બને ? એનો અર્થ એ થયો કે…'

'હા.' કનખલાએ મૃદુતાથી કહ્યું. તેના અવાજમાં અંતઃકરણનો આનંદ સ્ફુટ થતો હતો. 'એનો અર્થ એ થયો કે નીલકંઠ આવી ગયા છે. આપણા તારણહાર આવી ગયા છે.'

'એ વિશે તો હું કશું નથી જાણતો.' મૂંઝાયેલા શિવે કહ્યું અને પોતાના ગળા ફરતે તેમણે પટ્ટો પાછો બાંધી દીધો. 'પરંતુ આપના અદ્ભુત દેશને મદદ કરવા માટે હું મારો શ્રેષ્ઠ પ્રયત્ન કરીશ. એટલે જ તો હું આપની પાસે આવ્યો છું. મને અંદરથી એમ લાગી રહ્યું છે કે મારા માટે સોમરસ વિશે જાણવું અત્યંત મત્ત્વનું છે.'

બૃહસ્પતિ હજુ પણ આશ્ચર્યચકિત જ હતા. તેમણે શિવને નીરખવાનું ચાલુ રાખ્યું પરંતુ તેમનું ધ્યાન બીજે ક્યાંય હોય, એમ લાગતું હતું. એમ લાગતું હતું કે સાચા નીલકંઠના આગમનની શું અસર પડશે એ વિશે તેઓ વિચાર કરી રહ્યા હતા.

'બૃહસ્પતિ…' બોલીને કનખલાએ પ્રમુખ વૈજ્ઞાનિકને વર્તમાનમાં પાછા ખેંચવાનો પ્રયત્ન કર્યો.

'હા !'

'શું આપ મને કહી શકશો કે સોમરસ કઈ રીતે કામ કરે છે, બૃહસ્પતિ ?' શિવે પુનઃ પૂછ્યું.

'અવશ્ય.' કહેતાં કહેતાં બૃહસ્પતિ વર્તમાનમાં પાછા ફર્યા અને તેમની આંખો સામે ઊભેલા લોકો પર સ્થિર થઈ. નંદીની સામે જોઇને તેમણે પૂછ્યું, 'આ કપ્તાનની સામે વાત કરવામાં કશો વાંધો તો નથી ને ?'

'આ મેલુહાના સમગ્ર સાહસ દરમિયાન નંદી મારો મિત્ર બની રહ્યો છે.' શિવે કહ્યું, 'જો તે અહીંયાં રહે તો આપને વાંધો નહીં હોય, તેવી હું આશા કરું છું.'

હજુ પ્રભુ તેને આટલો બધો વિશ્વાસ કરે છે એમ સમજાતાં નંદીનું હૃદય ફરીથી ભાવથી ઊભરાઈ ગયું. તેણે પુનઃ એક વાર મનોમન પ્રતિજ્ઞા કરી લીધી કે તે મૃત્યુ પામશે પરંતુ પ્રભુ સમક્ષ ક્યારેય અસત્ય બોલશે નહીં.

'આપ કહો એમ, શિવ.' બૃહસ્પતિએ ઉષ્માપૂર્ણ સ્મિત સાથે કહ્યું.

શિવે નોંધ્યું કે પોતે નીલકંઠ છે એવો વિશ્વાસ બેઠા પછી પણ બૃહસ્પતિ વધારે પડતો ભક્તિભાવ કે પૂજ્યભાવ દર્શાવવા નહોતા માંડ્યા. પર્વતેશ્વરની જેમ જ, તેઓ પણ શિવને 'પ્રભુ' કહીને નહીં પરંતુ નામથી જ સંબોધતા હતા. જોકે, શિવને એમ પણ અનુભવાયું હતું કે પર્વતેશ્વરનો અભિગમ તો અવિશ્વાસને કારણે એવો હતો, જ્યારે બૃહસ્પતિનો આવો અભિગમ તો તેમનું સૌજન્ય જ હતું.

'આભાર.' શિવે સસ્મિત કહ્યું, 'તો, આ સોમરસ કઈ રીતે કામ કરે છે ?'

— ⅄ⵙ⋃⍋⊛ —

રાજવી કાફલો ધીમે ધીમે મંદાર પર્વતની દિશામાં આગળ વધી રહ્યો હતો. પાંચ રાજવી રથની આગળ એકસો સાઇઠ અસવારોનું અશ્વદળ ચાર ચારની જાડી બનાવીને શિસ્તબદ્ધ રીતે આગળ વધતું હતું. એવી જ રીતે બીજા એકસો સાઇઠ અસવારો પાંચ રથની પાછળ પણ ગોઠવાયેલા હતા. રથની જમણી અને ડાબી બાજુ પણ ચાલીસ ચાલીસ સવારો ચોક્કસ રીતે ગોઠવાયેલા હતા. દરેક રથમાં પણ બહારની બાજુ દસ સૈનિકો અને પાંચ દાસીઓ ગોઠવાયેલી હતી. એ સૈનિકો હતા અરિષ્ટનેમી સૈનિકો, જેમને ભારતવર્ષના સૌથી ભયાનક સૈનિકો માનવામાં આવતા હતા.

પાંચેય રથ નક્કર લાકડાના બનેલા હતા. તેમાં કોઈ બારી કે ફાટ રાખવામાં આવી નહોતી. માત્ર છત પર હવા-ઉજાસ માટે નાનકડી ફાટ હતી. સારથિની પાછળના ભાગમાં એક નાનકડી જાળી બેસાડેલી હતી, જ્યાંથી પણ હવા-ઉજાસ અંદર પહોંચી શકતાં હતાં. આક્રમણ થાય તો એ જાળી પરનો દરવાજા તરત જ વાસી શકાય તેમ હતો. દરેક રથનું કદ અને દેખાવ એકસમાન જ હતો એટલે તેમાંથી કયા રથમાં રાજપરિવાર સવાર થયેલો છે, તે જાણવું અશક્ય હતું. જો કોઈ માણસ પાસે દિવ્ય દૃષ્ટિ હોય કે જેની મદદથી તે પદાર્થની આરપાર જાઈ શકે તેમ હોય, તો તેને ખ્યાલ આવત કે પહેલો, ત્રીજા અને ચોથો રથ ખાલી હતા. બીજા રથમાં રાજપરિવાર સવાર હતોઃ દક્ષ, તેમની પત્ની વારિણી અને તેમની પુત્રી સતી. છેલ્લા રથમાં પર્વતેશ્વર અને તેમના કેટલાક મત્ત્વના કમાનો હતા.

'પિતાજી, મને એ નથી સમજાતું કે શા માટે તમે મને કાયમ પૂજામાં લઈ જવાનો આગ્રહ રાખો છો ? મુખ્ય પૂજામાં તો મને ઉપસ્થિત રહેવાની પણ પરવાનગી નથી.' સતીએ કહ્યું.

'મેં તને આ વાત ઘણી વાર કહી છે.' દક્ષે સસ્મિત કહ્યું અને સતીના હાથને પ્રેમથી પસવાર્યો. 'તારું મુખ જોયા વિના મારી કોઈ પણ પૂજા પૂરી નથી થતી. મને કોઈ નિયમોની પરવા નથી.'

'પિતાજી !' સતીએ શરમાળ સ્મિત કર્યું અને ધીમેથી પોતાનો હાથ ધ્રુજાવ્યો. તે જાણતી હતી કે તેના પિતા જે રીતે નિયમનું અપમાન કરી રહ્યા છે, તે અયોગ્ય છે.

સતીની માતા વારિણી દક્ષને સસ્મિત જાઈ રહી હતી. પછી તેણે સતી સામે જાયું અને પોતાના હાથમાં રહેલું પુસ્તક તે વાંચવા માંડી.

આ રાજવી કાફલાથી થોડેક દૂર, ગાઢ વનમાં પચાસ સૈનિકોની એક નાનકડી ટુકડી ચૂપચાપ આગળ વધી રહી હતી. એ સૈનિકોએ પોતાની છાતી પર ચામડાનું હળવું કવચ બાંધેલું હતું અને ધોતીને સૈન્ય રીતભાતથી જ બાંધેલી હતી કે જેથી હલનચલનમાં સરળતા રહે. એ દરેકની પાસે બે તલવારો, લાંબુ ચાકુ તેમજ ધાતુ અને ચામડાની બનાવેલી ઢાલ હતી. એ ઢાલ તેમની પીઠ પર લટકતી હતી. તેમના જૂતામાં પણ ત્રણ નાની છરીઓ છુપાવવામાં આવી હતી. એ ટુકડીની આરંભે બે માણસો ચાલી રહ્યા હતા. તેમાં એક યુવાન હતો જેનું મુખ યુદ્ધના ઘાવથી શોભી રહ્યું હતું. તેણે કાળી પાઘડી પહેરેલી હતી જેથી જણાઈ આવતું હતું કે તે આ ટુકડીનો કમાન હતો. તેનું ચામડાનું કવચ થોડુંક ઢીલું બંધાયેલું હતું અને તેમાંથી એક સોનાનો દોરો અને માદળિયું બહાર આવી ગયાં હતાં. માદળિયું બીજના ચંદ્ર આકારનું હતું, જે ચંદ્રવંશીઓનું પ્રતીક હતું.

તેની બાજુમાં ચાલી રહેલો માણસ એકદમ કદાવર હતો અને તેણે માથાથી પગ સુધી આવે એવો મોટો ડગલો પહેરેલો હતો. એ ડગલા સાથે એક મોટો ટોપો સીવેલો હતો

જેનાથી તેનું માથું ઢંકાઈ જતું હતું અને તેના મુખ પર કાળું મહોરું પણ લગાવેલું હતું. એ માણસના લાંબા, માંસલ હાથ તેમજ બદામ આકારની ભાવવિહીન આંખો સિવાય કશું પણ દેખાતું નહોતું. તેના જમણા કાંડા પર એક બાજુબંધ બાંધેલો હતો જેની પર સર્પોથી બનેલા ઓમ્‌નું ચિહ્‌ન ગૂંથાયેલું હતું. કપ્તાન સામે જોયા વિના એ ડગલા પાછળ રહેલી વ્યક્તિએ કહ્યું, 'વિશ્વધુમન, તારું માદળિયું દેખાય છે. તેને અંદર મૂકીને તારું કવચ જોરથી બાંધી લે.'

વિશ્વધુમને સંકોચ અનુભવતાં એ સૂચનાનું પાલન કર્યું અને કવચની બંને બાજુની દોરીઓ ખેંચીને તેણે કવચને પણ સરખું બાંધ્યું.

'પ્રભુ, ક્ષમા માગું છું.' વિશ્વધુમને કહ્યું, 'આપણે આગળ જઈને ચોકસાઈ કરવી જોઈએ કે આ મંદાર પર્વતનો જ માર્ગ છે. એક વાર એ ચોકસાઈ થઈ જાય, તો આપણને વિશ્વાસ થઈ જશે કે આપણો બાતમીદાર સાચો છે. એ પછી તો આપણે પાછા આવીને તેણીનું અપહરણ કરી શકીશું એવો મને વિશ્વાસ છે. અને આમ પણ આપણી સંખ્યા ઘણી ઓછી છે. અત્યારે આપણે કશું પણ કરી શકીએ તેમ નથી.'

ડગલાવાળા માણસે શાંતિથી ઉત્તર આપ્યો, 'વિશ્વધુમન, શું મેં અત્યારે આક્રમણનો આદેશ આપ્યો છે ? તો પછી આપણી સંખ્યા ઓછી હોવાનો પ્રશ્ન જ ક્યાં છે ? અને આપણે મંદાર પર્વતની દિશામાં જ આગળ વધી રહ્યા છીએ. એમાં થોડાંક કલાક મોડું થવાથી કંઈ આકાશ ભાંગી નથી પડવાનું. અત્યારે તો આપણે માત્ર અનુસરણ જ કરીશું.'

વિશ્વધુમને ગળા હેઠળ થૂંક ઉતાર્યું. પોતાના પ્રભુના વિચારોનો વિરોધ કરવો તેના માટે સૌથી વધુ ઘૃણાસ્પદ કાર્ય હતું. પ્રભુએ જ તો એવો વિરલ સૂર્યવંશી શોધી કાઢ્યો હતો જે તેમના કામમાં સહાયરૂપ થવા ઇચ્છતો હતો. એના પ્રતાપે જ એ લોકો મેલુહા સામ્રાજ્યના સૌથી મત્ત્વના સ્થાન પર આક્રમણ કરીને તેનો નાશ કરી શકે તેમ હતા. તેણે મૃદુતાથી કહ્યું, 'પરંતુ પ્રભુ, મહારાણીને મોડું થાય એ ગમતું નથી. ઘણા લોકો અંદર અંદર એમ વાતો કરવા લાગ્યા છે કે આપણું ધ્યાન હવે ભટકી ગયું છે.'

ડગલાવાળી વ્યક્તિએ અચાનક તેની સામે જોયું. તેના શરીરમાંથી ક્રોધ પ્રગટતો હોય તેમ લાગતું હતું પરંતુ તેનો અવાજ સંયમિત હતો. 'મારું ધ્યાન ક્યાંય ભટકી રહ્યું નથી. તારે જવું હોય, તો તું જઈ શકે છે. તને તારું ધન મળી જશે. જો મારે આ કામ એકલા હાથે કરવું પડ્યું તો હું એકલા હાથે પણ કરી લઈશ.'

પોતાના આગેવાનની વાતોમાં ભાગ્યે જ લાગણીઓ વર્તાતી એટલે આ વાત સાંભળીને વિશ્વધુમનને આઘાત લાગ્યો અને તેણે ત્વરાથી ક્ષમા માંગી લીધી. 'ના, પ્રભુ. હું એમ નહોતો કહેવા માંગતો. હું ક્ષમા માગું છું. આપ મને મુક્ત કરો ત્યાં સુધી હું આપની સાથે જ રહેવાનો છું. આપ સત્ય કહો છો. આપણે સદીઓ સુધી પ્રતીક્ષા કરી છે એટલે થોડાક કલાકમાં કશું જ થઈ જવાનું નથી.'

એ ટુકડી ચૂપચાપ રાજવી કાફલાને અનુસરતી રહી.



'વિભાવના સ્તરે તો સોમરસનું કાર્ય એકદમ સરળ છે.' બૃહસ્પતિએ કહ્યું, 'પરંતુ એ વિભાવનાને વાસ્તવિકતાનું રૂપ આપવું જ અશક્ય જેવું કાર્ય હતું. એ જ તો ભગવાન બ્રહ્માની અલૌકિક બુદ્ધિનો પ્રભાવ છે. જય શ્રી બ્રહ્મા !'

'જય શ્રી બ્રહ્મા !' શિવ, કનખલા અને નંદીએ પણ પડઘો પાડ્યો.

'આ પીણાને કારણે કઈ રીતે ઉંમરનો વધારો નાટ્યાત્મક રીતે ઘટી જાય છે એ સમજતા પહેલાં, આપણે એ સમજવું પડે કે આપણને કોણ જિવાડે છે.' બૃહસ્પતિએ કહ્યું, 'તે એવી મૂળભૂત વસ્તુ છે જેના વિના આપણે જીવી શકીએ નહીં.'

બૃહસ્પતિ સવિસ્તર સમજાવશે એ આશાએ શિવ તેમની સામે જોઈ રહ્યા.

'અને એ મૂળભૂત વસ્તુ છે ઊર્જા.' બૃહસ્પતિએ સમજાવ્યું. 'આપણે જ્યારે હરીએ-ફરીએ, વાતો કે વિચાર કરીએ કે એવી કોઈ પણ ક્રિયા કરીએ જેના કારણે આપણે જીવંત છીએ એમ કહેવાય, ત્યારે આપણે ઊર્જાનો ઉપયોગ કરીએ છીએ.'

'અમારા લોકોમાં પણ એવી જ માન્યતા છે.' શિવે કહ્યું, 'અમે લોકો જોકે તેને શક્તિ કહીએ છીએ.'

'શક્તિ ?' બૃહસ્પતિએ સાશ્ચર્ય કહ્યું. 'રસપ્રદ છે. ઊર્જા માટે એ શબ્દ ઘણી સદીઓથી વપરાતો નથી. ભારતમાં વસતા તમામ લોકોના પૂર્વજ પાંડ્ય લોકો ઊર્જા માટે એ શબ્દ વાપરતા હતા. આપનો કબીલો ક્યાંથી આવ્યો છે, એ આપ જાણો છો ? કબીલાની વંશ રેખા ?'

'મને તો બહુ જાણ નથી પરંતુ અમારા કબીલામાં એક ડોસીમા છે જે એવો દાવો કરે છે કે તેમને અમારા કબીલાના ઇતિહાસની બધી વાતોની જાણ છે. એ જ્યારે દેવગીરી આવી પહોંચે, ત્યારે આપણે કદાચ તેને પૂછીશું.'

'સંભવતઃ એમ કરવું જોઈએ !' બૃહસ્પતિએ સસ્મિત કહ્યું. 'જોકે મૂળ વાત પર આવીએ તો, આપણે એટલું અવશ્ય જાણીએ છીએ કે ઊર્જા વિના આપણું શરીર કશું જ કરી શકતું નથી. હવે આ ઊર્જા ક્યાંથી આવે છે ?'

'આપણે જે ભોજન લઈએ તેમાંથી ?' નંદીએ ધીમેથી સૂચવ્યું. મત્ત્વના લોકો સામે વાત કરવાનો આત્મવિશ્વાસ ધીમે-ધીમે તેનામાં વિકસી રહ્યો હતો.

'એકદમ સાચું. આપણે જે ભોજન લઈએ છીએ તેમાં ઊર્જા સંચિત હોય છે, જેને આપણું શરીર મુક્ત કરતું હોય છે. એટલે જ આપણે જ્યારે ભોજન નથી લેતા ત્યારે નબળાઈ અનુભવીએ છીએ. જોકે, માત્ર ભોજન લેવાથી જ ઊર્જા પ્રાપ્ત નથી થતી. શરીરની અંદર એવું કશુંક છે જેણે એ ઊર્જા મુક્ત કરવી પડે છે જેથી આપણે તેનો ઉપયોગ કરી શકીએ.'

'સત્ય.' શિવે સહમતિ દર્શાવી.

'ભોજનનું ઊર્જામાં રૂપાંતર કરે છે એ વાયુ જે આપણે શ્વાસ વાટે અંદર લઈએ છીએ.' બૃહસ્પતિએ કહ્યું, 'હવામાં વિવિધ વાયુઓ રહેલા છે. આમાંનો એક વાયુ છે પ્રાણવાયુ જે ભોજન સાથે પ્રક્રિયા કરીને ઊર્જા મુક્ત કરે છે. જો આપણે પ્રાણવાયુ ન મેળવી શકીએ, તો આપણા શરીરમાં ઊર્જાની ખોટ પડે અને આપણે મૃત્યુ પામીએ છીએ.'

'પરંતુ આ તો એ પ્રક્રિયા છે, જે આપણને જીવંત રાખે છે.' શિવે કહ્યું, 'સોમરસને તેની સાથે શું સંબંધ હોઈ શકે ? એ પીણું તો આપણને વૃદ્ધ કરતા ઘટક પર કામ કરે છે ને કે જેથી આપણે નબળા પડીને મૃત્યુ ન પામીએ ?'

બૃહસ્પતિએ સ્મિત કર્યું. 'મેં આપને જે જણાવ્યું તેનો આપણી વધતી ઉંમર સાથે પણ સંબંધ છે. કારણ કે એમ લાગે છે કે પ્રકૃતિમાં પણ વિનોદવૃત્તિ હશે. જે વસ્તુ આપણને જીવંત રાખે છે, તેનાથી જ વૃદ્ધત્વ અને છેવટે મૃત્યુ આવે છે. પ્રાણવાયુ જ્યારે આપણા ભોજન સાથે ઊર્જા મુક્ત કરવા માટે પ્રક્રિયા કરે છે, ત્યારે તેમાંથી અમુક અણુઓ પણ મુક્ત થાય છે. આ અણુઓ ઝેરી હોય છે. જ્યારે આપણે કોઈ ફળ ખુલ્લામાં મૂકી રાખીએ અને તે બગડી જાય ત્યારે એનું કારણ આ ઝેરી અણુઓ જ હોય છે. એ જ રીતે ધાતુને

પણ કાટ લાગી જતો હોય છે. આપણે જે નવી લોખંડ નામની ધાતુ શોધી, તેને તો વધારે પડતો કાટ લાગી જતો હોય છે. આપણે જ્યારે શરીરમાં પ્રાણવાયુ દાખલ કરીએ ત્યારે પણ એમ જ બનતું હોય છે. પ્રાણવાયુને કારણે આહારમાંથી ઊર્જા તો મુક્ત થતી જ હોય છે પરંતુ સાથે સાથે પેલા ઝેરી અણુઓ પણ મુક્ત થતા હોય છે, જે શરીરની અંદર જ પ્રક્રિયા કરવી શરૂ કરી દેતા હોય છે. એટલે, એક રીતે કહીએ તો, આપણા શરીરને અંદરથી કાટ લાગવો શરૂ થઈ જાય છે, જેનાથી આપણે વૃદ્ધ થઈએ છીએ અને છેવટે મૃત્યુ પામીએ છીએ.'

'હે અગ્નિ દેવ !' નંદીએ ઉદ્ગાર કાઢ્યો. 'આપણને જીવન આપનારી વસ્તુ જ ધીમે-ધીમે આપણને મૃત્યુ તરફ પણ લઈ જાય છે ?'

'હા.' બૃહસ્પતિએ કહ્યું, 'એના વિશે વિચારી જુઓ. આપણું શરીર એવી તમામ બાહ્ય વસ્તુઓનો સંગ્રહ કરે છે જેની તેને આવશ્યકતા રહે છે. તે એટલી ઊર્જાનો સંગ્રહ અવશ્ય કરે છે કે જેથી આપણે ભોજન વિના પણ અમુક દિવસ સુધી જીવી શકીએ. તે એટલા પાણીનો પણ સંગ્રહ કરે છે કે તે ન મળે તો આપણે તાત્કાલિક મૃત્યુ ન પામીએ. આ બધું તાર્કિક લાગે છે, નહીં ? જો આપણા શરીરને કોઈ વસ્તુની આવશ્યકતા રહેતી હોય, તો તે અછતના સમય માટે તેનો સંગ્રહ પણ કરી રાખે, બરોબર ને ?'

'હા, બરાબર.' શિવે સહમતિ દર્શાવી.

'બીજી બાજું, આપણું શરીર એ પ્રાણવાયુનો પૂરતો સંગ્રહ નથી કરતું જે જીવવા માટે સૌથી મત્ત્વનો છે. એ માત્ર અમુક ક્ષણો ચાલે તેટલો જ પ્રાણવાયુ સંગ્રહી શકે છે. આ વાત જરા પણ સમજાય એવી નથી. તેનો માત્ર એક જ ખુલાસો છે અને તે એ કે આપણું શરીર સમજે છે કે પ્રાણવાયુ અમૃત હોવાની સાથે-સાથે ઝેર પણ છે. એટલે તેનો સંગ્રહ પ્રાણઘાતક બની શકે છે.'

'તો પછી, ભગવાન બ્રહ્માએ શું કર્યું ?' શિવે પૂછ્યું.

'ઘણા બધા સંશોધનને અંતે, ભગવાન બ્રહ્માએ સોમરસનો આવિષ્કાર કર્યો. સોમરસ પીવામાં આવે ત્યારે તે પેલા ઝેરી અણુઓને શોષી લઈને પરસેવા કે મૂત્રસ્વરૂપે શરીરની બહાર મુક્ત કરી દે છે. સોમરસના કારણે શરીરમાં કોઈ પણ ઝેરી અણુઓ બચતા નથી.'

'એટલે જ જ્યારે કોઈ પણ વ્યક્તિ પ્રથમ વાર સોમરસ પીવે, ત્યારે તેનો પરસેવો ઝેરી હોય છે ?'

'હા. પ્રથમવાર સોમરસ પીધા પછીનો પરસેવો વિશેષ માત્રામાં ઝેરી હોય છે. જોકે, સાથે સાથે એ પણ સ્મરણમાં રહે કે વર્ષો સુધી સોમરસ પીધા પછી પણ દરેક વખતે સોમરસ પીધા પછી જે પરસેવો કે મૂત્ર મુક્ત થાય છે, તે ઝેરી તો હોય જ છે. એટલે તમારે તેને શરીરમાંથી મુક્ત થાય ત્યારે બીજા કોઈને નુકસાન ન પહોંચાડે તેનું પણ ધ્યાન રાખવું આવશ્યક છે.'

'એટલે મેલુહાવાસીઓને સ્વચ્છતાનું વળગણ છે ?'

'હા. એટલે જ પ્રત્યેક મેલુહાવાસીને નાની ઉંમરથી જ બે વસ્તુઓ શીખવાડવામાં આવે છે - પાણી અને સ્વચ્છતા. સોમરસ ઝેરી અણુઓ શોષીને જે પદાર્થ તૈયાર કરે છે તેને બહાર કાઢવાનું શ્રેષ્ઠ માધ્યમ પાણી છે. મેલુહાવાસીઓને સતત વધારે માત્રામાં પાણી પીતા રહેવાનું શીખવવામાં આવે છે. અને જે પણ વસ્તુને ધોઈ શકાય, તે વસ્તુને ધોવી જોઈએ ! મેલુહાવાસીઓ દિવસમાં ઓછામાં ઓછું બે વાર સ્નાન કરે છે. મળ-મૂત્રનો ત્યાગ ચોક્કસ ઓરડીઓમાં જ કરવામાં આવે છે અને બધો કચરો નળીઓ વાટે નગરની બહાર લઈ જવામાં આવે છે.'

'સ્વચ્છતાનાં અતિચુસ્ત ધોરણો !' શિવે સસ્મિત કહ્યું કારણ કે તેમને કશ્મીરનો પોતાનો પ્રથમ દિવસ અને આયુર્વતીના કડક શબ્દોનું સ્મરણ થઈ આવ્યું હતું. 'સોમરસનું ઉત્પાદન કઈ રીતે કરવામાં આવે છે ?'

'સોમરસના ઉત્પાદનમાં પણ કંઈ ઓછી મુશ્કેલીઓ પડતી નથી. તેમાં એવા વિવિધ ત્ત્વોની આવશ્યકતા રહે છે જે સુલભ હોતાં નથી. ઉદાહરણ તરીકે, સંજીવની વૃક્ષ. રાજ્યએ વિશાળકાળ મેદાનોમાં આ વૃક્ષોનું વાવેતર કરવું પડે છે. ઉત્પાદનની પ્રક્રિયામાં વિપુલ માત્રામાં ગરમી પણ ઉત્પન્ન થાય છે. એટલે એ મિશ્રણને સ્થાયી રાખવા માટે વિપુલ માત્રામાં પાણી પણ વાપરવું પડે છે. ઉપરાંત, સંજીવની વૃક્ષના ચૂરાને પ્રક્રિયા શરૂ કરતા પહેલાં સરસ્વતી નદીના પાણીમાં ભેળવવો પડે છે. અન્ય સ્રોતનું પાણી કામ આવતું નથી.'

'તો મને જે અવાજ સતત સંભળાઈ રહ્યો છે તે આ ચૂરા અને પાણીને ભેળવનારાં યંત્રોનો છે ?'

'એનો જ અવાજ છે. આ પર્વતના તળિયે એક વિશાળ ગુફામાં એવું વિશાળ યંત્ર છે. ભુલભુલામણી જેવી નહેરોના માધ્યમથી સરસ્વતી નદીનું પાણી અહીં સુધી લાવવામાં આવે છે. તેને જે વિશાળ હોજમાં ભેગું કરવામાં આવે છે, તેને તો અમે પ્રેમથી સાગર જ કહીએ છીએ !'

'સાગર ? પાણીના સંગ્રહને તમે લોકો સાગર કહો છો ?' આશ્ચર્યચકિત શિવે પૂછ્યું, કારણ કે તેમણે અનંત સાગર વિશે ઘણી વાતો સાંભળી હતી.

'એ તો રૂપક માત્ર છે.' બૃહસ્પતિએ સસ્મિત કહ્યું, 'પરંતુ જો તમે એ હોજ જુઓ, તો તમને પણ એમ જ લાગશે કે અમે કંઈ વધારે અતિશયોક્તિ નથી કરી રહ્યા !'

'મને એ સમગ્ર પ્રક્રિયા જાવી અવશ્ય ગમશે. ગઈકાલે અમે અહીં પહોંચ્યા ત્યારે બહુ મોડું થઈ ગયું હતું એટલે મેં પર્વતનો મોટોભાગનો હિસ્સો જાયો જ નથી.'

'બપોરના ભોજન પછી હું આપને બધે લઈ જઈશ.' બૃહસ્પતિએ કહ્યું.

શિવે ઉત્તરમાં સ્મિત કર્યું. એ કંઈક કહેવા જતા હતા પરંતુ કનખલા અને નંદી સામે જોઇને તેમણે સમયસર પોતાની જાતને રોકી લીધી.

બૃહસ્પતિએ આ ખચકાટ નોંધ્યો. તેમને એમ લાગ્યું કે શિવ તેમને કંઈક પૂછવા માંગતા હતા પરંતુ કનખલા અને નંદી સામે નહીં. બૃહસ્પતિએ તે બંનેની સામે જોઇને કહ્યું, 'મને લાગે છે કે શિવ મને કંઈક પૂછવા માંગે છે. શું તમે બંને બહાર પ્રતીક્ષા કરશો ?'

બૃહસ્પતિનો પ્રભાવ જ એવો હતો કે તેમના શબ્દોને આપોઆપ માન અપાઈ જતું હતું એટલે કનખલા તરત જ ઊભી થઈને વંદન કરીને બહાર જવા લાગી અને નંદી પણ તેમને અનુસર્યો. બૃહસ્પતિએ શિવ સામે જોઇને સ્મિત કર્યું, 'તમે વાસ્તવમાં જે પ્રશ્ન પૂછવા આવ્યા છો, એ પ્રશ્ન હવે પૂછી શકો છો.'



પ્રકરણ ૯
પ્રણય અને પરિણામો

'મારે આપને તેમની સામે પ્રશ્નો નહોતા પૂછવા. તેમની શ્રદ્ધા વધારે પડતી જ છે.' શિવે સસ્મિત કહ્યું. તેમને બૃહસ્પતિ ગમવા માંડ્યા હતા. તેને એવા માણસની સાથે રહેવું ગમતું જે તેને તેનો સમોવડિયો જ ગણતો હોય.

બૃહસ્પતિએ મસ્તક હલાવી કહ્યું, 'હું સમજું છું, મારા મિત્ર. આપને શું પૂછવું છે ?'

'હું જ શા માટે ?' શિવે પૂછ્યું. 'સોમરસનો મારા પર જ આવો વિચિત્ર પ્રભાવ શા માટે પડ્યો ? મારું ગળું ભલે વાદળી થઈ ગયું હોય પરંતુ હું સૂર્યવંશીઓનો તારણહાર કઈ રીતે બનીશ તેની મને જરા પણ જાણ નથી. મહારાજ મને એમ કહે છે કે હું ભગવાન રામનું અધૂરું કાર્ય પૂરું કરીશ અને ચંદ્રવંશીઓનો નાશ કરીશ.'

'મહારાજે એમ કહ્યું ?' બૃહસ્પતિએ પૂછ્યું. તેમની આંખો આશ્ચર્યથી વિસ્ફારિત થઈ ગઈ હતી. 'મહારાજ ક્યારેક બહુ કંટાળો લાવી દેતા હોય છે, પરંતુ એટલું કહેવું પૂરતું રહેશે કે મહારાજે આપને કહ્યું તે સંપૂર્ણ સત્ય નથી. દંતકથામાં એમ નથી કહેવામાં આવ્યું કે નીલકંઠ સૂર્યવંશીઓના તારણહાર બની રહેશે. દંતકથામાં બે વાતો આવે છે. પ્રથમ તો એ કે નીલકંઠ સપ્તસિંધુમાંથી નહીં હોય. અને બીજું એ કે નીલકંઠ "અનિષ્ટના સંહારક" હશે. એટલે મેલુહાવાસીઓ એમ માને છે કે નીલકંઠ ચંદ્રવંશીઓનો નાશ કરશે કારણ કે એ લોકો જ અનિષ્ટ છે, પરંતુ ચંદ્રવંશીઓનો નાશ કરવાથી સૂર્યવંશીઓ બચી જશે, એવો અર્થ નથી થતો ! ચંદ્રવંશીઓ સિવાય પણ એવી ઘણી સમસ્યાઓ છે, જેનું નિરાકરણ લાવવું આવશ્યક છે.'

'કેવી સમસ્યાઓ ? જેમ કે નાગવંશીઓ ?'

બૃહસ્પતિ એક ક્ષણ માટે ખચકાયા હોય એમ લાગ્યું. પછી તેમણે કાળજીપૂર્વક ઉત્તર આપ્યો. 'ઘણી સમસ્યાઓ છે. તેના ઉકેલ લાવવા માટે અમે મહેનત કરી રહ્યા છીએ, પરંતુ આપનો પ્રશ્ન એ છે કે સોમરસની આવી અસર આપની પર શા માટે પડી ?'

'હા, એવું કેમ થયું ? શા માટે મારું ગળું વાદળી બની ગયું ? મારા શરીરની આયુ વધતી રોકવા ઉપરાંત સોમરસને કારણે મારું ખભાનું ખસી ગયેલું હાડકું પણ ગોઠવાઈ ગયું અને હિમડંખથી નકામો બની ગયેલો પગનો અંગૂઠો પણ પાછો કામ કરવા માંડ્યો.'

'એટલે એનાથી કોઈ ઘાવ પણ ભરાઈ ગયો ?' અત્યંત આશ્ચર્ય અનુભવતાં બૃહસ્પતિએ પૂછ્યું. 'એ તો અશક્ય છે ! સોમરસથી તો માત્ર રોગ થતાં અટકે છે અને વૃદ્ધત્વ આવતું અટકે છે. એનાથી ઘાવ સાજા નથી થતા.'

'પરંતુ મારા કિસ્સામાં તો એમ જ બન્યું છે.'

બૃહસ્પતિએ થોડીક ક્ષણો વિચાર કર્યો. 'એનો કોઈ ચોક્કસ ઉત્તર શોધવા માટે તો

આપણે પ્રયોગો કરવા પડશે. જોકે અત્યારે તો માત્ર મને એક જ ખુલાસો સૂઝે છે. મને એમ જણાવવામાં આવ્યું છે કે આપ હિમાલયની પણ પેલે પારના પર્વતો પરથી આવો છો, બરોબર ?'

શિવે મસ્તક હલાવીને હા પાડી.

'આપણે પર્વતો પર જેમ જેમ ઉપર જતા જઈએ, તેમ તેમ હવા પાતળી થતી જાય છે. એનો અર્થ એ કે આપનું શરીર ઓછા પ્રાણવાયુ વડે કામ ચલાવવા ટેવાયેલું છે એટલે શરીરમાં એટલા ઝેરી અણુઓ પણ ઓછા મુક્ત થાય છે. એટલે સંભવતઃ સોમરસની આપના શરીર પર વધારે અસર પડી હશે.'

'એ પણ એક કારણ હોઈ શકે.' શિવે સહમતી દર્શાવી. 'પરંતુ જો એમ જ હોય, તો મારા કબીલાના બધા જ લોકોનું ગળું પણ ઠંડું અને વાદળી થઈ જવું જોઈએ. માત્ર હું જ શા માટે ?'

'સરસ મુદ્દો છે.' બૃહસ્પતિએ સ્વીકાર્યું, 'પરંતુ મને એક વાત જણાવો. શું આપના કબીલાના લોકોના પણ કોઈ ઘાવ ભરાયા હોય, એવો અનુભવ થયો છે ?'

'હા, એમ બન્યું છે.'

'તો પછી એમ માનવું રહ્યું કે તમે જે પાતળી હવામાં રહ્યા છો, તેણે આમાં અવશ્ય ભાગ ભજવ્યો હશે, પરંતુ તમારા સમગ્ર કબીલાનું ગળું વાદળી નથી થયું, એટલે "પાતળી હવા"નો તર્ક આંશિક ખુલાસો જ હોઈ શકે. અમારે એ અંગે વધારે સંશોધન કરવું જ રહ્યું. મને વિશ્વાસ છે કે આ વાદળી ગળા માટે અવશ્ય કોઈ વૈજ્ઞાનિક ખુલાસો હશે.'

શિવની વેધક દૃષ્ટિ કહી આપતી હતી કે તેમણે બૃહસ્પતિના અંતિમ વિધાનનો સૂચિતાર્થ સમજી લીધો હતો. 'આપ નીલકંઠની દંતકથામાં નથી માનતા, બરોબર ?'

બૃહસ્પતિએ શિવ સામે અસ્પષ્ટ સ્મિત કર્યું. તેમને શિવ ગમવા માંડ્યા હતા અને તે કોઈ પણ રીતે તેમનું અપમાન કરવા નહોતા ઇચ્છતા, પરંતુ તે અસત્ય પણ ઉચ્ચારવા નહોતા માંગતા. 'હું તો વિજ્ઞાનમાં માનું છું. તેમાં દરેક વસ્તુ પાછળનો તર્ક અને દરેક સમસ્યાનો ઉકેલ હોય છે. અને જો કોઈ વસ્તુ ચમત્કારિક લાગતી હોય, તો તેનું કારણ માત્ર એટલું જ કે તેનું વૈજ્ઞાનિક કારણ હજુ સુધી શોધી શકાયું નથી.'

'તો પછી પોતાની સમસ્યાઓના ઉકેલ માટે મેલુહાવાસીઓ વિજ્ઞાનનો આધાર કેમ નથી લેતા ?'

'એની મને ચોક્કસ જાણ નથી.' બૃહસ્પતિએ વિચારપૂર્વક કહ્યું. 'સંભવતઃ વિજ્ઞાન સક્ષમ પરંતુ નિર્દયી સ્વામી છે. નીલકંઠની જેમ એ તમારી સમસ્યાઓનું સમાધાન નહીં શોધે. એ તો માત્ર તમને તમારું યુદ્ધ લડવા માટેના શસ્ત્રો જ આપી શકશે. મોટા ભાગના લોકોને પોતાની સમસ્યાઓનો ઉકેલ જાતે શોધવાને બદલે કોઈ તારણહારની પ્રતીક્ષા કરવી વધુ સરળ લાગે છે.'

'તો આપના અભિપ્રાય અનુસાર નીલકંઠે મેલુહામાં શું ભાગ ભજવવાનો છે ?'

બૃહસ્પતિએ શિવ સામે સહાનુભૂતિપૂર્વક જાયું. 'મને એવું વિચારવું ગમશે કે પોતાની સમસ્યાઓનો ભાર બીજા પર નાખીને બીજું કોઈ એ સમસ્યાઓનો ઉકેલ લાવશે તેવી આશા રાખવાને બદલે સાચો સૂર્યવંશી પોતાની સમસ્યાઓ સામે જાતે જ લડે. પોતાની તમામ ક્ષમતાઓ અને શક્તિ વાપરીને આગળ વધતા જવું એ સાચા સૂર્યવંશીનું કર્તવ્ય છે. નીલકંઠના આગમનથી સૂર્યવંશીઓના પ્રયત્નો બમણા થઈ જવા જોઈએ, કારણ કે હવે નક્કી થઈ ગયું છે કે અનિષ્ટ સામેના યુદ્ધનો સમય પાસે આવી ગયો છે.'

શિવે મસ્તક હલાવીને હા પાડી.

‘શું આપને એમ લાગે છે કે શ્રદ્ધાના ભારને કારણે આ અનિચ્છનીય ઉત્તરદાયિત્વ અપના માટે વધારે પડતું ભારે બની જશે ?’ બૃહસ્પતિએ પૂછ્યું.

‘ના, મને એ વાતની ચિંતા નથી.’ શિવે ઉત્તર આપ્યો. ‘આ એક અદ્‌ભુત દેશ છે અને તેની સહાય કરવા માટે હું મારાથી થઈ શકશે એ બધું જ કરીશ, પરંતુ જો તમારા દેશવાસીઓ પોતાના રક્ષણ માટે મારો આધાર રાખવા માંડે અને હું તેમનું રક્ષણ ન કરી શકું તો ? અત્યારે તો મને એમ નથી લાગતું કે મારી પાસે જે આશાઓ રાખવામાં આવે છે તે બધું હું કરી શકીશ. તો પછી હું કોઈ પણ વચન કઈ રીતે આપી શકું ?’

બૃહસ્પતિએ સ્મિત કર્યું. તેમના મતાનુસાર જે માણસ પોતાના શબ્દોને ગંભીરતાથી લેતો હોય, તે અવશ્ય સન્માનનીય માનવો રહ્યો.

‘આપ ઉમદા માનવ લાગો છો, શિવ. આવનારા દિવસોમાં આપની પર સંભવતઃ ઘણું જ દબાણ રહેશે. કાળજી રાખજો, મારા મિત્ર. આ વાદળી ગળું અને તેને કારણે ઉત્પન્ન થતી શ્રદ્ધાને કારણે, આપના નિર્ણયોની અસર સમગ્ર સામ્રાજ્ય ઉપર પડશે. એક વાતનું સ્મરણ અવશ્ય રાખજો, કોઈ માનવનાં કાર્યો દંતકથાને લાયક છે કે નહીં તે ઇતિહાસ નક્કી કરે છે, કોઈ ભવિષ્ય ભાખનારા નહીં.’

શિવે સ્મિત કર્યું. છેવટે પોતાની પરિસ્થિતિ સમજનારો એક માણસ મળ્યો તેનો શિવને આનંદ થયો. વધારે મત્ત્વની વાત તો એ હતી કે એ માણસ કોઈ સલાહ-સૂચન આપવા પણ તૈયાર હતો.



મોડી સાંજનો સમય હતો. બૃહસ્પતિ સાથે મંદાર પર્વતની વ્યવસ્થિત મુલાકાત લીધા પછી, શિવ પોતાની શય્યામાં પડ્યા પડ્યા પુસ્તક વાંચી રહ્યા હતા. બાજુના મેજ પર ફૂંકાયેલી ચલમ પડી હતી.

તેઓ ‘અસુરો સામેનું ધર્મયુદ્ધ’ પુસ્તક વાંચી રહ્યા હતા અને તેનાં અમુક પાસાં તેમને યોગ્ય નહોતાં લાગી રહ્યાં. અસુરો રાક્ષસ હતા, તેઓ રાક્ષસની જેમ જ વર્તે અને કોઈ રોગીની જેમ દેવોને ઘૃણા કરે તેવી આશા રાખવામાં આવતી હતી. તેઓ હંમેશાં દેવોનાં નગરો પર આક્રમણો કરીને તેમને અસુરોની જીવનશૈલી અપનાવી લેવાનું દબાણ કરતા રહેતા હતા. એ બાબતમાં શિવને જરા પણ આશ્ચર્ય થતું નહોતું. તેમને આશ્ચર્ય એ વાતે થતું હતું કે વિજય માટે દેવોએ ઘણી વાર અનૈતિક રસ્તાઓ અપનાવ્યા હતા. ભગવાન રુદ્ર અંગત રીતે અવશ્ય મહાન માનવ હતા પરંતુ એમણે પણ સમાજના કલ્યાણ માટે આવી બાબતોની અવગણના કરી હતી.

અતિથિગૃહની બહાર કંઈક કોલાહલ શિવને સંભળાયો. તેમણે પ્રથમ માળે રહેલા પોતાના કક્ષના ઝરૂખામાંથી નીચે જાયું તો તેમને ખ્યાલ આવ્યો કે રાજવી કાફલો હમણાં જ આવી પહોંચ્યો છે. અરિષ્ટનેમી સૈનિકો પારંપરિક સલામી માટે ત્વરાથી કતારબદ્ધ ગોઠવાઈ ગયા. થોડેક દૂર, બીજા ક્રમના રથમાંથી અમુક લોકો ઊતરી રહ્યા હોય, તેમ દેખાતું હતું. એ રાજકુટુંબ જ હશે એમ શિવને લાગ્યું પરંતુ તેમની આસપાસ સેવકો કે અરિષ્ટનેમીના પક્ષે પણ કોઈ ભપકો દેખાતો નહોતો. શિવને લાગ્યું કે તેનું કારણ તો મેલુહાવાસીઓનું સમાનતાની ભાવનાનું વળગણ જ હશે.

જોકે, શિવે પાંચમા રથમાંથી ઊતરી રહેલા પર્વતેશ્વરને જોયા ત્યારે આ સમાનતાવાળો વિચાર તેમને અયોગ્ય લાગ્યો. અહીંયાં તો અરિષ્ટનેમીઓ ઉત્તેજનામાં હોય, તેમ તેમને

લાગ્યું. વરિષ્ઠ કપ્તાને આગળ વધીને મેલુહાના સૈન્યની શૈલીમાં, પગ ઠોકીને સાવધાનની મુદ્રામાં ઊભા રહીને જમણા હાથમી મુઠ્ઠીને જોશથી છાતીના ડાબા ભાગ પર મારીને, પર્વતેશ્વરને સલામી આપી. એ પછી સેનાપતિને નમીને વંદન કરવામાં આવ્યા. પાછળ રહેલા સૈનિકોએ પણ પોતાના કપ્તાનની નકલ કરી. પર્વતેશ્વરે પણ શિષ્ટાચાર અનુસાર વળતી સલામી આપી અને થોડુંક મસ્તક ઝુકાવીને વંદન કર્યાં. પછી તેઓ પોતાના સૈનિકોને તાકી રહ્યા, ચકાસી રહ્યા અને કપ્તાન બે ડગલાં પાછળ હઠી ગયો.

શિવને એવી લાગણી થઈ કે પર્વતેશ્વર માટે આટલું માન તેમના પદને કારણે નહોતું. એ માન સ્વયં એ માણસ માટે જ હતું. પર્વતેશ્વરની ખ્યાતિ બહાદુર યોદ્ધાની હતી, સૈનિકોના સેનાપતિની હતી અને એવા માણસ તરીકેની હતી જે હંમેશાં સત્યને વળગી રહેતા હતા. સેનાપતિનું ધ્યાન જે પણ અરિષ્ટનેમી પર પડતું તે નમીને પર્વતેશ્વરને વંદન કરતો અને તેની આંખોમાં શિવને એ માન દેખાઈ આવતું.

થોડીક વાર પછી શિવને પોતાના બારણા પર હળવો ટકોરો સંભળાયો. બહાર કોણ હશે તેની શિવને ધારણા કરવી પડી નહીં. હળવેથી નિસાસો નાખીને તેમણે દરવાજા ખોલ્યો.

દક્ષના મુખ પર કાયમ રહેતું સ્મિત અદૃશ્ય થઈ ગયું, કારણ કે ગાંજાની વાસ તેમની નાસિકાઓ પર આક્રમણ કરી રહી હતી. સમ્રાટની જમણી બાજુ ઊભેલી કનખલા પણ એમ જ મૂંઝાયેલી લાગતી હતી.

'આ શેની વાસ આવે છે ?' દક્ષે ડાબી બાજુ ઊભેલા બૃહસ્પતિને પૂછ્યું. 'તમારે પ્રભુનો કક્ષ બદલી નાખવો જોઈએ. તેમને આવી વાસમાં તમે કઈ રીતે રાખી શકો ?'

'મને એમ લાગે છે કે શિવને આ વાસ ગમતી લાગે છે, મહારાજ.' બૃહસ્પતિએ કહ્યું.

'આ સુગંધ તો મારી સાથે જ હોય છે, મહારાજ.' શિવે કહ્યું. 'એ મને ગમે છે.'

દક્ષ આશ્ચર્યચકિત હતા. તેમના મુખ પર તેમની જુગુપ્સા સ્પષ્ટ દેખાઈ આવતી હતી. જોકે તેમણે ત્વરાથી પોતાની જાતને સંભાળી લીધી. ગમે તે હોય, પ્રભુને આ વાસ ગમતી હતી. 'આપને ખલેલ પહોંચાડવા બદલ ક્ષમા, પ્રભુ.' દક્ષે મુખ પર સ્મિત સજાવીને કહ્યું. 'મને થયું કે હું આપને જણાવી દઉં કે હું અને મારું કુટુંબ અતિથિગૃહમાં પહોંચી ગયા છીએ.'

'મને માહિતી આપવા બદલ આભાર, મહારાજ.' શિવે પણ શિષ્ટાચાર દાખવ્યો.

'હું અને મારું કુટુંબ એવી અપેક્ષા રાખીએ છીએ કે આવતી કાલે સવારે અમને આપની સાથે અલ્પાહાર લેવાનું સન્માન મળશે, પ્રભુ.'

'એ સન્માન તો મારું છે, મહારાજ.'

'અદ્ભુત. અદ્ભુત.' દક્ષની છાતી ગર્વથી ફૂલી ગઈ. એ પછી તેમણે એ પ્રશ્ન પૂછી લીધો જે ક્યારનો તેમના મગજમાં રમતો હતો. 'આપ સોમરસ અંગે શું વિચારો છો, પ્રભુ ? શું એ વાસ્તવમાં દેવોનું પીણું નથી ?'

'હા, મહારાજ. એ સાચે જ ચમત્કારિક પીણું હોય, એમ લાગે છે.'

'એ તો અમારી સંસ્કૃતિનો પાયો છે.' દક્ષે કહ્યું, 'એક વાર આપ અમારી ભૂમિમાં બધે ફરી લેશો, એ પછી અમારી જીવનશૈલી કેટલી અદ્ભુત છે એ આપને સમજાશે. મને વિશ્વાસ છે કે એ પછી આપના હૃદયમાં આપોઆપ જ આ જીવનશૈલીને બચાવવા શું કરવું, તે ઊગી નીકળશે.'

'મહારાજ, હું આપના દેશ વિશે અત્યારથી જ અત્યંત ઊંચો અભિપ્રાય ધરાવું છું. આ દેશ સાચે જ મહાન છે અને આ દેશના તમામ લોકોને સારી રીતે રાખવામાં આવે છે. આ

જીવનશૈલી બચાવવા જેવી છે, એમાં મને જરા પણ સંશય નથી. જોકે મને એ વાતની જાણ નથી કે તે માટે હું શું કરી શકું. આપની સંસ્કૃતિ તો ઘણી આધુનિક છે અને હું તો માત્ર એક સરળ આદિવાસી છું.'

'શ્રદ્ધા અત્યંત શક્તિશાળી શસ્ત્ર છે, પ્રભુ.' દક્ષે કહ્યું. તેમના હાથ વંદનની મુદ્રામાં જોડાયેલા હતા. 'આપે માત્ર સ્વમાં એટલો જ વિશ્વાસ રાખવાનો છે જેટલો અમને આપની પર છે. મને વિશ્વાસ છે કે આપ અમારા દેશમાં થોડાક વધુ દિવસ ગાળશો અને આપની ઉપસ્થિતિની લોકો પર અસર પડતી જાશો, એ પછી આપને સમજાશે કે આપ શું કરી શકો તેમ છો.'

દક્ષના બાળક જેવા વિશ્વાસની સામે દલીલ કરવાનું શિવે માંડી વાળ્યું.

શિવના બચાવમાં ઊતરતા પહેલાં બૃહસ્પતિએ શિવની સામે આંખ મારી લીધી. 'મહારાજ, મને તો શિવ થાકેલા જણાય છે. આજનો દિવસ આમ પણ ઘણો વ્યસ્ત રહ્યો છે. આપણે તેમને અત્યારે આરામ કરવા દઈએ અને આ ચર્ચા કાલે કરીએ તો ?'

દક્ષે સ્મિત કર્યું, 'તમે સાચું કહો છો, બૃહસ્પતિ. આપને મુશ્કેલીમાં મૂકવા બદલ ક્ષમા, પ્રભુ. આવતી કાલે સવારે અલ્પાહાર માટે મળીશું. શુભ રાત્રિ.'

'શુભ રાત્રિ.' શિવે પણ કહ્યું.



સતી શાંતિથી પ્રતીક્ષા કરી રહી હતી અને દક્ષ વારે વારે પ્રહર ઘટિકા સામે જોઈ રહ્યા હતા. દક્ષની ડાબી બાજુ કનખલા, બૃહસ્પતિ અને પર્વતેશ્વર બેઠા હતા. તેમની જમણી બાજુની એક બેઠક ખાલી હતી. 'નીલકંઠ' માટે, એમ સતીએ વિચાર્યું. એ ખાલી બેઠકની બાજુમાં સતી બેઠી હતી અને તેની જમણી બાજુ સતીના માતા વારિણી બેઠી હતી. દક્ષે બહુ મહેનત કરીને આ બેઠક-વ્યવસ્થા ગોઠવી હતી.

સતીએ બધી ગોઠવણ જોઈ લીધી. સામાન્યતઃ મેલુહાવાસીઓ જમીન પર આસનિયાં પાથરીને બાજઠ પર ભોજન લેવાનું પસંદ કરતા હતા પરંતુ આજે મેજ અને ખુરશીઓની ગોઠવણ કરવામાં આવી હતી. પ્રિય કેળપર્ણોના સ્થાને સોનાની થાળીઓ ગોઠવવામાં આવી હતી. સ્વાદ વધારતી કુલડીઓનું સ્થાન ચાંદીના પ્યાલાએ લીધું હતું. સતીને એમ લાગ્યું હતું કે તેના પિતાએ આ અલ્પાહારની ગોઠવણમાં જરા વધારે પડતો જ ઉત્સાહ દર્શાવી દીધો હતો. આ પહેલાં પણ તેણે પોતાના પિતાને અમુક કહેવાતા નીલકંઠો પર આમ જ આશાઓ રાખતા જોયા હતા. અને એ બધા ચમત્કારી પુરુષો છેવટે જુઠ્ઠા નીકળ્યા હતા. તેના પિતાનું પુનઃ ભ્રમનિરસન ન થાય, તેવી તેણે આશા રાખી હતી.

એ સમયે જ શિવ અને નંદીના આગમનની છડી પોકારવામાં આવી હતી. દક્ષ પૂજ્યભાવે હાથ જોડીને પ્રભુને આવકારવા ઊભા થઈ ગયા અને પર્વતેશ્વરે પોતાના સમ્રાટના આવા ગુલામ જેવા વર્તનને પહોળી આંખે જોયે રાખ્યું. એ જ સમયે સતીથી એક પ્યાલો નીચે પડી ગયો અને તેને લેવા સતી નીચે નમી.

'પ્રભુ,' દક્ષે મેજ ફરતે ઊભેલા લોકો વતી કહ્યું, 'કનખલા, બૃહસ્પતિ અને પર્વતેશ્વરથી તો આપ પરિચિત છો જ. છેક જમણે મારી પત્ની વારિણી છે.'

વારિણીએ વંદન કર્યાં એટલે શિવે પણ સામે નમીને વંદન કર્યાં.

'અને તેની બાજુમાં છે' દક્ષ એટલું બોલ્યા એ જ સમયે સતી નીચે પડેલો પ્યાલો હાથમાં લઈને ઊભી થઈ, 'મારી પુત્રી, રાજકુમારી સતી.'

શિવ પોતાના જીવનને આમ પોતાની સામે જ જોઇને અવાક બની ગયા. તેમનું હૃદય અત્યંત ગતિપૂર્વક ધબકવા લાગ્યું. તેઓ સોગંદપૂર્વક કહી શકે તેમ હતા કે તેમને અત્યારે આ દુનિયામાં જે સૌથી પ્રિય સુગંધ હતી, તે આવી રહી હતીઃ સૂર્યાસ્ત સમયની પવિત્ર માનસરોવરની સુગંધ. અને તે પહેલાંની જેમ જ અભિભૂત થઈ ગયા હતા.

ભોજનકક્ષમાં અકળાવનારી શાંતિ છવાઈ ગઈ હતી. માત્ર સતીના હાથમાંથી ફરી વાર નીચે પડી ગયેલા પેલા બિચારા પ્યાલાનો રણકાર જ સંભળાઈ રહ્યો હતો. રગડી રહેલા પ્યાલાના રણકારથી સતીની દૃષ્ટિ એ દિશામાં ખેંચાઈ. બહુ પ્રયત્નપૂર્વક તેણે પોતાના મુખ પર આઘાતના હાવભાવ આવતા રોક્યા હતા. તે એટલી જોરથી હાંફી રહી હતી જાણે કે હમણાં જ શિવ સાથે તેણે નૃત્ય કર્યું હોય. જોકે તે એ નહોતી સમજી શકતી કે તેનો આત્મા તો અત્યારે શિવ સાથે નૃત્ય કરી જ રહ્યો હતો.

દક્ષ આ હત્પ્રભ યુગલને આનંદથી જોઈ રહ્યા હતા. તેમના મુખ પર એવા દિગ્દર્શકના ભાવ હતા જેણે પોતાના નાટકને સુંદર રીતે ભજવાયેલું જોયું હોય. શિવની બરોબર પાછળ ઊભા રહેલા નંદીએ સતીના હાવભાવ જોયા. અચાનક જ તેને બધું સમજાઈ ગયું. નૃત્યનો અભ્યાસ, વિકર્મનો સ્પર્શ, શુદ્ધીકરણની વિધિ અને પ્રભુનો પ્રકોપ. તેના મનનો એક હિસ્સો ભયભીત થઈ ઊઠ્યો, તો બીજા હિસ્સાએ એ વાત સ્વીકારી લીધી. જો તેના પ્રભુ આમ જ ઇચ્છતા હોય, તો તે તેમને પોતાથી થાય એ બધી જ સહાય કરશે. બૃહસ્પતિ ભાવવિહીન મુખે એ બંનેની સામે જોઈ રહ્યા અને આ અણધારી પરિસ્થિતિની શું અસર પડશે, તે વિચારી રહ્યા. પર્વતેશ્વર આ ઘટનાને પ્રગટ ઘૃણા સાથે જોઈ રહ્યા. જે બની રહ્યું હતું તે અયોગ્ય, અનૈતિક અને નિયમોની વિરુદ્ધ હતું.

'પ્રભુ.' પોતાની જમણી બાજુની ખાલી બેઠક સામે આંગળી ચીંધીને દક્ષે કહ્યું. 'કૃપા કરીને આપનું સ્થાન ગ્રહણ કરો, તો આપણે આગળ વધી શકીએ.'

શિવે કોઈ પ્રતિક્રિયા આપી નહીં. તેમને દક્ષના શબ્દો સંભળાયા નહોતા. તેઓ એ જગતમાં ખોવાયેલા હતા જેમાં માત્ર સતીના ભારે શ્વાસનું મધુર સંગીત જ વ્યાપ્ત હતું. અને એ ધૂન પર તેઓ પોતાના આવનારા સાત જન્મો સુધી નૃત્ય કરી શકે એમ હતા.

'પ્રભુ.' આ વખતે દક્ષે જરા ઊંચા અવાજે કહ્યું.

છેવટે શિવું ધ્યાન વિચલિત થયું અને તેમણે દક્ષ સામે એવી રીતે દૃષ્ટિ કરી જાણે તેઓ બીજા જગતમાંથી પાછા ફર્યા હોય.

'કૃપા કરીને સ્થાન ગ્રહણ કરો, પ્રભુ.' દક્ષે કહ્યું.

'અવશ્ય, મહારાજ.' કહીને શિવે સંકોચથી પોતાની દૃષ્ટિ પ્રયત્નપૂર્વક બીજી દિશામાં ફેરવી.

શિવે બેઠક લીધી પછી ભોજન લાવવામાં આવ્યું. મેલુહાવાસીઓ જે સરળ વાનગી સવારમાં લેવાનું પસંદ કરતા હતા, તે પીરસવામાં આવી. ચોખાના લોટને પલાળીને આથો લાવવામાં આવતો હતો. પછી એ ખીરાને કેળના પાંદડામાં લપેટીને નળાકાર પાત્રમાં વરાળથી બાફવામાં આવતી હતી. તેને કેળના પાંદડામાં લપેટાયેલી અવસ્થામાં જ પીરસવામાં આવતી હતી અને તેની સાથે તુવેરનો મસાલેદાર સંભાર પણ સ્વાદ માટે પીરસવામાં આવતો હતો. એ વાનગીને ઈડલી કહેવામાં આવતી હતી.

'આપ જ નીલકંઠ છો ?' સતીએ પોતાના શ્વાસ કાબૂ હેઠળ લઈને ધીમા અવાજે શિવને કહ્યું.

'એમ જ લાગે છે.' શિવે રમતિયાળ અવાજે કહ્યું, 'પ્રભાવિત ?'

સતીએ પોતાની ભમરો ઊંચી કરીને તિરસ્કારસૂચક હાવભાવથી એ પ્રશ્નનો અશબ્દ

ઉત્તર આપ્યો. તેના મુખ પર પાછું મહોરું લાગી ગયું હતું. 'મારે શા માટે પ્રભાવિત થવું જોઈએ ?'

શું ? !

'પ્રભુ.' દક્ષે કહ્યું.

'હા, મહારાજ.' શિવે દક્ષ સામે જોઇને કહ્યું.

'હું વિચારતો હતો કે' દક્ષે કહ્યું, 'આજ સાંજ સુધીમાં અમારી પૂજા સમાપ્ત થઈ જશે. જોકે મારે તો બીજા બે દિવસ અહીં બૃહસ્પતિ સાથે અમુક ચર્ચા-વિચારણા કરવા રહેવું પડશે. એ સમયગાળામાં અહીં સતી અને વારિણી કંટાળે, તેનો કોઈ અર્થ નથી.'

'આભાર, મહારાજ.' બૃહસ્પતિએ સસ્મિત કહ્યું, 'મંદાર પર્વતમાં રાજ પરિવારને જે રસ છે, તેની માહિતી મળતાં મને અત્યંત આનંદ થયો છે.'

બધાં જ ખડખડાટ હસી પડ્યાં. દક્ષ પણ ખેલદિલીથી હસી પડ્યા.

'હું શું કહેવા માંગું છું, એ તમે સારી રીતે સમજા છો બૃહસ્પતિ !' દક્ષે કહ્યું. શિવ સામે જોઇને તેમણે વાતનું સંધાન કર્યું, 'મને જે વાત કરવામાં આવી છે એ મુજબ, પ્રભુ, આપ પણ આવતીકાલે સવારે જ દેવગીરી જવાનું વિચારી રહ્યા છો. જો વારિણી અને સતી પણ આપની સાથે જ જઈ શકે, તો ઉત્તમ થશે. બાકીના બધા બે દિવસ પછી આવીશું.'

સતીએ આશ્ચર્ય અનુભવીને પોતાના પિતા સામે જાયું. તેને સ્પષ્ટ તો સમજાયું નહીં કે શા માટે, પરંતુ તેની અંદરથી એમ અવાજ આવ્યો કે તેણે આ આયોજન સાથે સહમત થવું જોઈએ નહીં. જોકે તેની અંદરથી એવો બીજો અવાજ પણ ઊઠ્યો કે તેણે ડરવાનું કોઈ જ કારણ નથી. વિકર્મ તરીકે તેણે વિતાવેલા પંચ્યાસી વર્ષમાં તેણે કદી પણ નિયમભંગ કર્યો નહોતો. શું સાચું અને શું ખોટું તે સમજવાનું અને તે મુજબ વર્તવાનું આત્મનિયંત્રણ તેનામાં હતું.

શિવમાં જોકે એવો કોઈ મનસ્તાપ નહોતો. એકદમ આનંદ સાથે તેમણે કહ્યું, 'મને લાગે છે કે આ તો ઉત્તમ વિચાર છે, મહારાજ. નંદી અને હું બંને સન્નારીઓ સાથે દેવગીરી સુધી યાત્રા કરી શકીશું.'

'તો પછી એ નક્કી.' સંતુષ્ટ દક્ષે કહ્યું. પર્વતેશ્વર સામે જોઇને તેમણે કહ્યું, 'પર્વતેશ્વર, વળતી યાત્રા માટે કૃપા કરીને અરિષ્ટનેમી સૈનિકોને બે ભાગમાં વહેંચી દેશો.'

'પ્રભુ, હું નથી માનતો કે એ યોગ્ય રહેશે.' પર્વતેશ્વરે કહ્યું. 'અરિષ્ટનેમીઓનો મોટો હિસ્સો તો હજુ દેવગીરીમાં જ હેરફેરની તૈયારીઓ કરી રહ્યો છે. અને મંદાર પર્વતની કાયમી રક્ષક ટુકડીમાં પણ કોઈ સંજાગોમાં ઘટાડો કરી શકાય એમ નથી. એટલે બે કાફલા માટે આપણી પાસે પૂરતા સૈનિકો નથી. આપણે બધા પરમદિવસે એક સાથે જ કૂચ કરીએ તે વધારે ઇચ્છનીય છે.'

'મને વિશ્વાસ છે કે કોઈ જ સમસ્યા નહીં થાય.' દક્ષે કહ્યું. 'અને શું તમે જ એમ નથી કહેતા કે દરેક અરિષ્ટનેમી સૈનિક પચાસ શત્રુ સૈનિક સમાન છે ? તો મેં કહ્યું એમ જ કરો. પ્રભુ નીલકંઠ, વારિણી અને સતી આવતી કાલે સવારે પ્રસ્થાન કરશે. કૃપા કરીને એ અનુસાર બધી વ્યવસ્થા કરો.'

પર્વતેશ્વર ખોટું થઈ રહ્યાની લાગણી અનુભવતા પોતાના વિચારોમાં ખોવાઈ ગયા અને શિવ તથા સતીએ એકબીજાની સાથે ધીમા અવાજે વાતો કરવા માંડી.

'આપ શુદ્ધીકરણ માટે ગયા હતા ને ?' સતીએ ગંભીરતાથી પૂછ્યું.

'હા.' શિવે કહ્યું. એ અસત્ય નહોતા કહી રહ્યા. તેઓ દેવગીરીમાં છેલ્લી રાત્રે શુદ્ધીકરણની વિધિ માટે ગયા હતા. તેમને એની આવશ્યકતા હોય, એમ નહોતું લાગતું.

જોકે તેમને વિશ્વાસ હતો કે સતી તેમને મળે ત્યારે અવશ્ય આ પ્રશ્ન પૂછવાની હતી. અને તેઓ સતી સામે અસત્ય ઉચ્ચારવા નહોતા માંગતા.

'જોકે મને તો આ શુદ્ધીકરણની આખી વાત જ અસંગત લાગે છે.' શિવે ધીમેથી કહ્યું, 'વાસ્તવમાં, વિકર્મવાળી આખી વાત જ હાસ્યાસ્પદ લાગે છે. મેલુહામાં જે થોડીક અયોગ્ય અને બદલવા લાયક વસ્તુ છે, તેમાંની એક વસ્તુ છે આ વિકર્મની પ્રથા.'

સતીએ અચાનક શિવના મુખ સામે જોયું. જોકે તેના પોતાના મુખ પર કોઈ હાવભાવ નહોતા. શિવ તેની આંખોમાં તાકી રહ્યા. તેમણે સતીના વિચારો વાંચવાનો પ્રયત્ન કર્યો પરંતુ એ સફળ થયા નહીં.



બીજા દિવસે દ્વિતીય પ્રહરના પ્રારંભે શિવ, વારિણી, સતી, નંદી અને સો અરિષ્ટનેમી સૈનિકો દેવગિરી જવા નીકળ્યાં. દક્ષ, પર્વતેશ્વર અને કનખલા તેમને વળાવવા અતિથિગૃહની બહાર ઊભાં હતાં. બૃહસ્પતિ કોઈ પૂર્વઆયોજિત પ્રયોગને કારણે ઉપસ્થિત રહી શકે તેમ નહોતા.

સમ્રાટને લઈ જનારા કાફલા માટે ઓછામાં ઓછા ચાર રથ રાખવા એવો નિયમ ચુસ્ત રીતે પાળવામાં આવતો હતો. રાજવી કાફલો પાંચ રથમાં આવ્યો હતો એટલે શિવના કાફલા માટે માત્ર એક જ રથ ફાળવી શકાયો. રાજ પરિવારના સભ્યો આવી રીતે માત્ર એક જ રથમાં યાત્રા કરી રહ્યા હતા તે પર્વતેશ્વરને ગમ્યું નહોતું પરંતુ તેમના વિરોધની દક્ષે અવગણના કરી હતી.

રથની અંદરની એક આરામદાયક બેઠકમાં બેઠેલી સતીએ નોંધ્યું કે શિવે પોતાના ગળા પર પુનઃ પટ્ટો બાંધી લીધો હતો. 'આપ ગળાને શા માટે હંમેશાં ઢાંકી રાખો છો ?'

'ગળાના વાદળી રંગને કારણે લોકોનું જે ધ્યાન ખેંચાય છે, તે મને ગમતું નથી.' શિવે ઉત્તર આપ્યો.

'પરંતુ આપે તેનાથી ટેવાઈ જવું પડશે. આ નીલકંઠ કંઈ અદૃશ્ય નહીં થઈ જાય.'

'સત્ય.' શિવે સસ્મિત ઉત્તર આપ્યો. 'પરંતુ હું ટેવાઈ જઉં ત્યાં સુધી તો આ પટ્ટો જ મારી ઢાલ બની રહેશે.'

કાફલો ગયો એટલે પર્વતેશ્વર અને કનખલા દક્ષ પાસે આવ્યા.

'આપને આ માણસમાં આટલી શ્રદ્ધા કેમ છે, મહારાજ ?' પર્વતેશ્વરે દક્ષને પૂછ્યું, 'તેમણે આદર પ્રાપ્ત કરવા જેવું કશું જ કર્યું નથી. તેમણે કોઈ પ્રશિક્ષણ પણ નથી લીધું તો તે આપણને કઈ રીતે વિજય અપાવશે ? નીલકંઠની વિભાવના જ આપણા મેલુહાના નિયમોની વિરુદ્ધ છે. મેલુહામાં કોઈ પણ વ્યક્તિને તેની ક્ષમતા અનુસાર જ કામ સોંપાય છે અને તેને પ્રશિક્ષણ પણ આપવામાં આવે છે.'

'આપણે હવે યુદ્ધના સમયમાં જીવી રહ્યા છીએ, પર્વતેશ્વર.' દક્ષે ઉત્તર આપ્યો. 'આ જાહેર યુદ્ધ નથી, પરંતુ યુદ્ધ તો છે જ. દર બીજા સપ્તાહે આપણી પર ત્રાસવાદીઓનું આક્રમણ થાય છે. આ કાયર ચંદ્રવંશીઓ તો સામે આવીને આક્રમણ પણ નથી કરતા એટલે આપણે તેમની સામે લડી પણ નથી શકતા. અને તેમના પ્રદેશ પર આક્રમણ કરવા માટે આપણું સૈન્ય ઘણું નાનું છે. આપણા "નિયમો" કામ કરી રહ્યા હોય એમ લાગતું નથી. આપણને કોઈ ચમત્કારની આવશ્યકતા છે. અને ચમત્કારનો પ્રથમ નિયમ એ છે કે તાર્કિક નિયમો ભૂલી જવા પડે અને શ્રદ્ધા રાખવી પડે. મને નીલકંઠમાં શ્રદ્ધા છે. મારા લોકોને પણ

નીલકંઠમાં શ્રદ્ધા છે.'

'પરંતુ શિવને જ પોતાની જાતમાં શ્રદ્ધા નથી. જો એ પોતે જ આપણા તારણહાર બનવા ન ઇચ્છતા હોય, તો આપણે તેમને પરાણે આપણા તારણહાર કઈ રીતે બનાવી શકીએ ?'

'સતી તેમાં પરિવર્તન લાવશે.'

'મહારાજ, આપ પોતાની પુત્રીને જ પ્રલોભન તરીકે વાપરશો ?' ભયભીત પર્વતેશ્વરે પૂછ્યું, 'અને શું આપને એવો તારણહાર જોઈએ છે જે માત્ર વાસના માટે આપણો તારણહાર બને ? !'

'એ વાસના નથી !' દક્ષે ઊંચા અવાજે કહ્યું.

પર્વતેશ્વર અને કનખલા ચૂપ જ રહ્યાં. તેમને દક્ષની પ્રતિક્રિયાથી આઘાત લાગ્યો હતો.

'તમને શું લાગે છે, હું કેવા પ્રકારનો પિતા છું ?' દક્ષે પૂછ્યું. 'તમને લોકોને એમ લાગે છે કે હું મારી પુત્રીનો ઉપયોગ કરીશ ? તેને કદાચ પ્રભુ સાથે સુખ અને આનંદ મળશે. તેણે અત્યાર સુધી ઘણું દુઃખ ભોગવી લીધું છે. મારે હવે તેને આનંદમાં જાવી છે. અને જો એમ કરતાં કરતાં, મારા દેશને પણ સહાય થાય, તો એમાં ખોટું શું છે ?'

પર્વતેશ્વર કંઈક કહેવા જતા હતા પરંતુ તેમણે પોતાની જાતને રોકી લીધી.

'આપણે ચંદ્રવંશી આદર્શોને સમાપ્ત કરવા જ રહ્યા.' દક્ષે કહ્યું. 'અને તેવું આપણે ત્યારે જ કરી શકીશું જ્યારે આપણે આપણી જીવનશૈલીના લાભ સ્વદીપના લોકો સુધી પહોંચાડી શકીશું. સ્વદીપના સામાન્ય લોકો તો આપણો આભાર માનશે પરંતુ ચંદ્રવંશી શાસકો આપણને અટકાવવા માટે તમામ પ્રયત્નો કરશે. તેઓ કદાચ આપણા માર્ગમાં અવરોધ ઊભા કરી શકશે પરંતુ તેઓ એવા લોકોને અટકાવી નહીં શકે જેમના આગેવાન સ્વયં નીલકંઠ હોય. અને જો સતી નીલકંઠની સાથે હોય, તો નીલકંઠ ચંદ્રવંશીઓની સામે આપણું નેતૃત્વ સ્વીકારવા માટે કદી પણ ના પાડશે નહીં.'

'પરંતુ, મહારાજ, શું આપને એમ લાગે છે કે પ્રભુ માત્ર એટલા માટે જ આપણા પક્ષે આવશે કારણ કે તેઓ આપની પુત્રીના પ્રેમમાં હોય ?' કનખલાએ પૂછ્યું.

'તમે મારો મૂળ મુદ્દો જ નથી સમજ્યા. પ્રભુને આપણા પક્ષે રહેવા માટે સમજાવવા પડે તેમ નથી.' દક્ષે કહ્યું. 'એ તો આપણા જ પક્ષે છે. આપણી સંસ્કૃતિ મહાન છે. કદાચ પરિપૂર્ણ નથી, પરંતુ મહાન તો છે જ. કોઈ અંધ જ એ વાતનો અસ્વીકાર કરશે. નીલકંઠને માત્ર પ્રેરણાની જ આવશ્યકતા છે અને એવા વિશ્વાસની આવશ્યકતા છે કે તે આપણું નેતૃત્વ કરી શકશે. એ સતીની સમીપ આવશે ત્યારે તેમનામાં એવો આત્મવિશ્વાસ પ્રગટશે.'

'અને એવું કઈ રીતે બનશે, મહારાજ ?' પર્વતેશ્વરે થોડાક ગુસ્સા સાથે પૂછ્યું.

'તમે જાણો છો કે એક પુરુષના જીવનમાં સૌથી મોટું પ્રેરણાબળ કયું હોય છે ?' દક્ષે પૂછ્યું.

કનખલા અને દક્ષ પર્વતેશ્વર સામે મૂંઝાઈને જાઈ રહ્યા.

'એ પ્રેરણાબળ હોય છે પોતે જેને પ્રેમ કરે છે તેને પ્રભાવિત કરવાની ઝંખના.' દક્ષે ખુલાસો કર્યો, 'મારી સામે જુઓ. મેં હંમેશાં મારા પિતાને અત્યંત પ્રેમ કર્યો છે. આજે પણ તેમને પ્રભાવિત કરવાની ઝંખના જ મને પ્રેરતિ રહે છે. તેમના મૃત્યુ પછી પણ હું તેમને ગર્વ થાય એવું જ કામ કરવા ઇચ્છું છું. એના કારણે જ હું એવો રાજા બનીશ જે સમગ્ર ભારતમાં સૂર્યવંશી જીવનશૈલીને પુનઃ સ્થાપિત કરશે. જ્યારે નીલકંઠમાં કંઈક એવું કરવાની પ્રબળ ઝંખના પ્રગટ થશે કે જેથી સતીને તેમની પર સદાય ગર્વ થાય, ત્યારે તે પોતાનું યુગકર્મ કરવા માટે પ્રેરાશે.'

પર્વતેશ્વરને ગુસ્સો તો આવ્યો, કારણ કે તેઓ આ તર્ક સાથે સહમત નહોતા પરંતુ તેમને ચૂપ રહેવું જ યોગ્ય લાગ્યું.

'પરંતુ જો સતીને કંઈક અલગ ઝંખના હશે, તો ?' કનખલાએ પૂછ્યું, 'જેમ કે એક એવો પતિ જે બધો જ સમય તેની સાથે વિતાવે.'

'હું મારી પુત્રીને સારી રીતે ઓળખું છું.' દક્ષે આત્મવિશ્વાસથી ઉત્તર આપ્યો. 'તેને પ્રભાવિત કરવા શું કરવું પડે તે પણ હું જાણું છું.'

'આ રસપ્રદ દૃષ્ટિકોણ છે, મહારાજ.' કનખલાએ સસ્મિત કહ્યું, 'માત્ર જિજ્ઞાસાવશ જ પૂછું છું કે સ્ત્રીના જીવનનું સૌથી પ્રભાવક બળ કયું હોય છે ?'

દક્ષ ખડખડાટ હસી પડ્યા. 'આવું તમારે કેમ પૂછવું પડ્યું ? શું તમને જાણ નથી ?'

'મારા જીવનનું સૌથી મોટું પ્રેરણાબળ તો મારાં સાસુમા જાગે તે પહેલાં જ ઘરની બહાર નીકળી જવાની ઝંખના છે !'

દક્ષ અને કનખલા ખડખડાટ હસી પડ્યાં.

પર્વતેશ્વરને તેમાં કશું રમૂજી લાગ્યું નહીં. 'મને ક્ષમા કરશો, પરંતુ સાસુમા વિશે આમ ન બોલવું જોઈએ.'

'શાંત પર્વતેશ્વર, શાંત.' કનખલાએ કહ્યું, 'તમે દરેક વસ્તુને અત્યંત ગંભીરતાથી લો છો.'

'મને લાગે છે કે,' દક્ષે સસ્મિત કહ્યું, 'એક સ્ત્રીના જીવનનું સૌથી મોટું પ્રેરકબળ છે તેની એવી ઝંખના કે તે જેવી છે તેવી સ્વીકારીને તેને પ્રેમ અને પ્રશંસા અર્પવામાં આવે.'

કનખલાએ સ્મિત કરીને સહમતી દર્શાવી. તેના સમ્રાટ માનવીય લાગણીઓ સમજવામાં સાચે જ કુશળ હતા.



પ્રકરણ ૧૦
નાગવંશીનું પુનરાગમન

મંદાર પર્વતમાંથી કાળજીપૂર્વક બનાવવામાં આવેલા છૂપા માર્ગેથી કાફલો બહાર આવ્યો ત્યારે વારિણીએ એક ક્ષણ માટે કાફલો અટકાવવાની વિનંતી કરી. વારિણી, સતી, શિવ અને નંદીએ મંદાર પર્વત સામે ઘૂંટણિયે પડીને સતત કૃપા વરસાવવા બદલ તેનો આભાર માન્યો. ડરામણી મૂછો અને દાઢીવાળો સાઇઠેક વર્ષનો અરિષ્ટનેમી ભાબ્રવ્ય એકદમ સાવચેતીપૂર્વક તેમની રક્ષા કરી રહ્યો હતો.

થોડાક સમય પછી, ભાબ્રવ્યએ વારિણી પાસે આવીને પોતાની અધીરાઈ છુપાવ્યા વિના કહ્યું, 'મહારાણી, હવે રથમાં બેસવાનો સમય થઈ ગયો છે.'

વારિણીએ તેની સામે જોઇને મસ્તક હલાવ્યું અને ઊભી થઈ. સતી, શિવ અને નંદી પણ તેમને અનુસર્યાં.



'એ જ છે.' વિશ્વધુમને આંખેથી દૂરદર્શી ભૂંગળી હટાવીને પોતાના સ્વામી સામે જોઇને કહ્યું.

એ ટુકડી કાફલાથી સલામત અંતરે છુપાયેલી હતી. ગાઢ વૃક્ષો પાછળ તેઓ સારી રીતે છુપાઈ શકે તેમ હતા.

'હા.' ડગલા અને મહોરા પાછળ છુપાયેલી વ્યક્તિએ કહ્યું અને તે થોડી વાર સુધી શિવના માંસલ દેહને તાકી રહ્યો. દૂરદર્શી ભૂંગળી વિના પણ તેને ખાતરી થઇ ગઇ હતી કે આ એ જ માણસ છે જે થોડાક સપ્તાહ પહેલાં બ્રહ્મા મંદિરે તેની સામે લડ્યો હતો. 'પેલો માણસ કોણ છે ?'

'એ હું નથી જાણતો, પ્રભુ.'

'એનું ખાસ ધ્યાન રાખજો. એણે જ ગઈ વખતનો હુમલો અસફળ બનાવ્યો હતો.'

વિશ્વધુમન એમ કહેવા ઇચ્છતો હતો કે ગઈ વખતનો હુમલો એટલે નિષ્ફળ ગયો હતો કારણ કે તે પૂર્વઆયોજિત નહોતો. એ જાતિ વિનાના માણસની ઉપસ્થિતિને તેની સાથે ખાસ લેવાદેવા નહોતી. તાજેતરમાં તેના સ્વામીએ જે અતાર્કિક નિર્ણયો લીધા હતા તે વિશ્વધુમન સમજી શકતો નહોતો. સ્વામી ક્યારેય આમ વર્તતા નહીં. સંભવતઃ તેમના અંતિમ ધ્યેયની આટલા પાસે આવી ગયા હોવાને કારણે તેમને સ્પષ્ટ દેખાતું નહીં હોય. જોકે વિશ્વધુમને આ વિચારો પોતાના સુધી જ સીમિત રાખ્યા. 'તેમની પર આક્રમણ કરતા પહેલાં એકાદ કલાક તેમની પાછળ પાછળ જઈએ, સ્વામી. એટલે વળાવિયા અરિષ્ટનેમી સૈનિકો

અને તેમની વચ્ચે ઘણું અંતર પણ પડી જશે. આપણે ત્વરાથી આ કામ પતાવીને આપણી મહારાણીને જણાવી શકીશું કે આપણો બાતમીદાર સાચો છે.'

'ના, એ માટે આપણે હજુ થોડીક વધારે પ્રતીક્ષા કરીશું જેથી એ લોકો મંદાર પર્વતથી અડધા દિવસ જેટલા અંતરે પહોંચી જાય. તેમના નવા રથમાં એવી ગોઠવણ છે કે તેઓ આપાતકાલીન સમયે મદદ માટે ત્વરિત સંદેશો પાઠવી શકે છે. એટલે તેમને સહાય આવી પહોંચે તે પહેલાં આપણું કામ પૂરું થઈ જાય એમ કરવું પડશે.'

'હા, પ્રભુ.' વિશ્વધુમનને એ જોઇને આનંદ થયો હતો કે તેના સ્વામીનાં રણનીતિને લગતાં કૌશલ્યો તો હજુ સલામત જ હતાં.

'અને, એટલું સ્મરણમાં રહે કે આ કામ બને તેટલી ત્વરાથી થાય એમ હું ઇચ્છું છું.' ડગલા પાછળ રહેલા માણસે કહ્યું. 'આપણે જેટલો વધારે સમય લઈશું, તેટલા વધારે લોકો ઘાયલ થશે.'

'હા, પ્રભુ.'



ત્રીજા પ્રહરના પ્રારંભે કાફલો બપોરનું ભોજન લેવા અટક્યો. ત્યાં વૃક્ષો કાપીને એટલી જગ્યા કરવામાં આવી હતી કે જેથી અચાનક આક્રમણ કરી શકાય નહીં. મહારાણીની દાસીઓએ ત્વરાથી સાથે લાવેલું ભોજન છોડવા માંડ્યું અને એ ખુલ્લી જગ્યાની મધ્યમાં તાપણું કરીને તેને ગરમ કરવાની શરૂઆત કરી. રાજ પરિવારના સભ્યો અને શિવ કાફલાની આરંભમાં દેવગીરીની દિશામાં બેઠા હતા. ભાબ્રવ્ય પાછળની બાજુ ઊંચાણવાળી જગ્યાએ ઊભો ઊભો ચોમેર બાજનજર રાખી રહ્યો હતો. રાજપરિવાર ઉપરાંત અડધા અરિષ્ટનેમી સૈનિકો પણ બેસીને જમી રહ્યા હતા અને અડધા સૈનિકો ચોકી કરી રહ્યા હતા.

શિવ બીજી વાર ભાત લેવા જતા હતા કે તેમને રસ્તાની બીજી બાજુથી કોઈ ડાળખી કચડાવાનો અવાજ સંભળાયો. તેમણે અટકી જઈને અન્ય અવાજ સાંભળવાનો પ્રયત્ન કર્યો, પરંતુ બીજો અવાજ આવ્યો નહીં. તેમને સ્ફુરણા તો એવી થઈ કે આ કોઈ વન્ય પશુ હોવું જોઈએ, જેને પોતાની ભૂલ સમજાઈ હશે એટલે તે શાંત થઈ ગયું હશે. સતીએ અવાજ સાંભળ્યો છે કે નહીં એ જાવા શિવે તેની સામે પણ જાઈ લીધું. એ પણ અવાજની દિશામાં ઝીણી આંખે જાઈ રહી હતી. પછી તૂટેલી ડાખળી પરથી હળવેથી કોઈએ પગ ઉપાડ્યો હોય, એવો અવાજ સંભળાયો. જો ધ્યાન આપીને ન સાંભળીએ, તો એ અવાજ સંભળાય એમ પણ નહોતો.

શિવે તરત જ હાથમાં રહેલી થાળી નીચે મૂકીને પોતાની તલવાર ખેંચી કાઢી અને પીઠ પર ઢાલ બાંધી. ભાબ્રવ્યએ શિવને જોયા અને તેણે પણ પોતાની તલવાર ખેંચી કાઢી. તેણે પોતાના માણસોને પણ ઇશારાથી એમ કરવાની આજ્ઞા આપી દીધી. ક્ષણ માત્રમાં તો અરિષ્ટનેમી સૈનિકો તલવાર કાઢીને લડાઈ માટે તૈયાર થઈ ગયા હતા. સતી અને નંદી પણ લડાઈ માટેની પારંપરિક મુદ્રામાં આવી ગયાં હતાં.

સતીએ વારિણી સામે જોયા વિના કહ્યું, 'મા, કૃપા કરીને રથમાં બેસી જો અને અંદરથી રથને વાસી દેજે. દાસીઓને પણ તારી સાથે અંદર લઈ જા. પણ પહેલાં એ લોકો પાસે રથમાંથી અશ્વો મુક્ત કરાવી દેજે. આપણે ભાગીશું નહીં અને શત્રુઓ તારું અપહરણ કરી જાય, એમ પણ થવા દેવું નથી.'

'મારી સાથે તું પણ આવી જા, સતી.' વારિણીએ સતીને આજીજી કરી. એ દરમિયાન

દાસીઓ રથ સાથે બંધાયેલા અશ્વો છોડવા દોડી ગઈ હતી.

'ના, હું તો અહીંયાં જ રોકાવાની છું. તું ઉતાવળ કર. આપણી પાસે વધારે સમય નથી.'

વારિણી પોતાની દાસીઓ સાથે દોડીને રથમાં બેસી ગઈ અને રથને અંદરથી વાસી દીધો.

પાછળ ઊભેલા ભાબ્રવ્યએ પોતાના સહાયકને કહ્યું, 'હું આ લોકોની રણનીતિ સારી રીતે જાણું છું. મેં આ કાયરોને દક્ષિણી સરહદ પાસે જોયા છે. તે લોકો પહેલાં તો એક આત્મઘાતી ટુકડી મોકલશે, પછી પાછા હટી જવાનો દેખાવ કરશે અને એવી રીતે આપણને ચારેબાજુથી ઘેરી લેવાનો પ્રયત્ન કરશે. આજે આપણને કેટલું નુકસાન થશે, તેની મને પરવા નથી. આજે આપણે એ દરેક હરામખોરનો પીછો કરીને એકે-એકને વીણી વીણીને મારીશું. આજે એ લોકો અરિષ્ટનેમી સામે પડ્યા છે. એ લોકોને આ ભૂલ ભારે પડશે.'

દરમિયાન, શિવે સતીને કહ્યું, 'મને એમ લાગે છે કે એ લોકો કોઈ મત્ત્વની વ્યક્તિને જ નિશાન બનાવશે. અને રાજપરિવારથી વધારે મત્ત્વનું અહીંયાં કોઈ જ નથી. શું તમારે પણ રથમાં જવું ન જોઈએ ?'

સતીએ આશ્ચર્યથી શિવ સામે જાયું. પહેલાં તેના મુખ પર પીડાના હાવભાવ આવ્યા અને પછી ક્રોધના. 'હું લડવાની છું...'

આને શું થયું છે ? મેં જે કહ્યું તે તદ્દન તાર્કિક છે. શત્રુનો મુખ્ય ધ્યેય પૂરો થવા દેવામાં જ મુશ્કેલીઓ ઊભી કરો તો એ લોકો યુદ્ધ અવશ્ય હારશે.

શિવે આ વિચારોને મગજની બહાર ધકેલી દીધા કે જેથી તે સામેના માર્ગ પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી શકે. આખો કાફલો એકદમ ધ્યાનપૂર્વક શત્રુઓની હલનચલન સાંભળવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. એ લોકો અણધાર્યા આક્રમણ માટે તૈયાર થઈ ગયા હતા. હવે શત્રુએ પ્રથમ પગલું ભરવાનું હતું. એ લોકો થોડી વાર પછી એમ વિચારવા લાગ્યા કે કદાચ તેમને ભ્રમ થયો હશે, ત્યારે જ રસ્તાની બીજી બાજુથી, એટલે કે મંદાર પર્વતની દિશામાંથી, શંખનાદ સંભળાયો. શિવે પાછળ જાયું પણ તેઓ પોતાના સ્થાનેથી હલ્યા નહીં. જે કોઈ પણ શંખનાદ કરી રહ્યું હતું, તે ગતિથી તેમની દિશામાં જ આવી રહ્યું હતું.

શિવને એ અવાજ ન ઓળખાયો. જોકે દક્ષિણ બાજુ રહેલા અરિષ્ટનેમી એ અવાજને બરોબર ઓળખી ગયા. એ નાગધ્વનિ શંખનો અવાજ હતો. નાગવંશીઓના આક્રમણ સમયે તે શંખ ફૂંકવામાં આવતો !

અરિષ્ટનેમી સૈનિકો લડવા માટે આતુર હતા તેમ છતાં ભાબ્રવ્ય પોતાની તાલીમ નહોતો ભૂલ્યો. તેણે પોતાના સહાયકને ઇશારો કર્યો એટલે તે સૈનિકે દોડી જઈને રથની નીચે બાંધેલું એક લાલ ખોખું બહાર કાઢ્યું. તેને લાત મારીને ખોલી નાખ્યું અને તેની બાજુમાં રહેલી એક કળ તેણે દબાવી. એ ખોખામાંથી એક પચ્ચીસ હાથ જેટલી લાંબી નળી ઉપરની દિશામાં ખૂલી. એ નળીને કારણે જે ધૂમ્રસેર છોડવામાં આવે, તે વનરાઈમાં વિખરાઈ જવાને બદલે સીધી ઉપરની દિશામાં જઈ શકે તેમ હતી જેથી દેવગીરી અને મંદાર પર્વત, બંને જગ્યાએ સહાય માટેનો સંદેશો પહોંચી જાય. પછી સૈનિકે તાપણામાંથી એક સળગતી ડાળખી લીધી અને તેનાથી ખોખામાં એક બાજુ આગ લગાડી. એટલે એ નળાકારમાંથી લાલ રંગનો ધુમાડો દેખાવા માંડ્યો, જે ભયાનક જાખમનો સૂચક હતો. સહાય કરનારા છ કલાક દૂર હતા. જો એ લોકો ત્વરાથી આવે, તો પણ તેમને ચાર કલાક

તો અવશ્ય લાગવાના હતા. આ યુદ્ધ તેટલું લાંબુ ચલાવવાનો ભાભ્રવ્યનો ઇરાદો નહોતો. એ તો બધા જ નાગવંશી અને ચંદ્રવંશીઓને ટૂંક સમયમાં મારી નાખવા માંગતો હતો.

સૌ પ્રથમ આક્રમણ મંદાર પર્વત જતા રસ્તાની દિશામાંથી થયું. દસ ચંદ્રવંશીઓની નાનકડી ટુકડીએ અરિષ્ટનેમીઓ પર આક્રમણ કર્યું. એક સૈનિક નાગવંશી શંખ જારશોરથી વગાડી રહ્યો હતો. બીજો એક સૈનિક માથાથી પગ સુધી ડગલા અને મહોરા વડે ઢંકાયેલો હતો. માત્ર તેની આંખો જ દેખાતી હતી. એ નાગવંશી પોતે જ હતો !

શિવ જરા પણ હલ્યા નહીં. તેઓ જાઈ શકતા હતા કે કાફલાના બીજા છેડે યુદ્ધ થઈ રહ્યું હતું. ત્યાં માત્ર દસ જ ચંદ્રવંશીઓ હતા. અરિષ્ટનેમીઓને કોઈ સહાયની આવશ્યકતા નહોતી. તેમણે સતી અને નંદીને પણ પોતાના સ્થાને જ ઊભા રહેવાનો ઇશારો કર્યો. સતીએ પણ સહમતી દર્શાવી કારણ કે તેને પોતે પણ આ આક્રમણ કોઈ યુક્તિ જ લાગતી હતી.

એ લડાઈ ટૂંકી અને ભયાનક હતી. ચંદ્રવંશી સૈનિકો બહાદુરીથી લડ્યા પરંતુ તેમની સંખ્યા બહુ જ ઓછી હતી. ભાભ્રવ્યએ આશા કરી હતી તેમ, એ લોકો ઝડપથી પાછા જવા લાગ્યા.

'એમની પાછળ જાવ.' ભાભ્રવ્યએ બૂમ પાડી. 'એક એકને મારી નાખો.'

પાછળ હઠી રહેલા ચંદ્રવંશીઓની પાછળ અરિષ્ટનેમી સૈનિકો પોતાના કમાન સાથે દોડ્યા. તેમાંના મોટાભાગનાએ શિવની બૂમ સાંભળી નહીં, 'ના ! અહીં જ રહો. તેમની પાછળ જશો નહીં.'

જ્યાં સુધીમાં અમુક અરિષ્ટનેમીઓને શિવની આજ્ઞા સંભળાઈ, ત્યાં સુધીમાં મોટાભાગના સૈનિકો તો ચંદ્રવંશીઓની પાછળ દોડી ગયા હતા. એ જગ્યાએ શિવની સાથે સતી, નંદી અને માત્ર પચ્ચીસ જ સૈનિકો વધ્યા હતા. શિવે પાછળ ફરીને દેવગીરી જતા માર્ગ સામે જાયું. એ દિશામાંથી જ ડાળખી તૂટવાનો અવાજ સંભળાયો હતો.

અરિષ્ટનેમીઓએ શિવ સામે જોઇને મસ્તક હલાવ્યું. એ લોકો તો યુદ્ધ માટે જ ઘડાયા હતા. તેમને તો હંમેશાં એવો જ આગેવાન ગમતો જે ગમે તેવી પરિસ્થિતિમાં શાંત રહી શકે અને પોતે શું કરી રહ્યો છે, તે બરાબર જાણતો હોય. તેઓ શિવની આજ્ઞા મુજબ ચોક્કસ રીતે ગોઠવાઈ ગયા અને પ્રતીક્ષા કરવા લાગ્યા.

એ પછી સાચું આક્રમણ શરૂ થયું. વૃક્ષો પાછળથી પેલા ડગલા હેઠળ ઢંકાયેલા નાગવંશીની આગેવાનીમાં ચાલીસ જેટલા ચંદ્રવંશી સૈનિકો ધીમે ધીમે ચાલતા સૂર્યવંશી કાફલા સમક્ષ પ્રગટ થયા. હવે અરિષ્ટનેમીઓની સંખ્યા ઓછી હતી પરંતુ તેઓ પોતાની જગ્યાએથી હલ્યા નહીં અને શત્રુ તેમની પાસે આવે તેની પ્રતીક્ષા કરવા લાગ્યા.

'રાજકુમારી અમને આપી દો તો અમે જતા રહીશું.' ડગલામાં છુપાયેલા નાગવંશીએ કહ્યું, 'અમને અનાવશ્યક રક્તપાતમાં કોઈ જ રસ નથી.'

આ તો બ્રહ્મા મંદિરવાળો જ વિદૂષક છે. એનો પોશાક વિચિત્ર છે પણ એ લડે છે સારું.

'અમને પણ રક્તપાત પસંદ નથી.' શિવે કહ્યું, 'શાંતિપૂર્વક જતા રહેશો, તો અમે કોઈને નહીં મારીએ, એ અમારું વચન છે.'

'મૃત્યુ તો તારી સામે ઊભું છે, જંગલી.' નાગવંશીએ અવાજ કરતાં પણ પોતાના શરીરથી વધારે ક્રોધ દર્શાવ્યો. તેનો અવાજ તો ભયાનક રીતે શાંત હતો.

શિવે નોંધ્યું કે ભૂખરી પાઘડી પહેરેલો અધિકારી નાગવંશી સામે અધીરાઈથી જાઈ રહ્યો હતો. એ આક્રમણ કરીને આ યુદ્ધ પૂરું કરવા આતુર જણાતો હતો.

અધિકારીઓની અંદરની હુંસાતુસી ?

'મારી સામે તો મૂર્ખ વિદૂષક મહોરું પહેરીને ઊભો હોય, એમ લાગે છે. અને થોડીક વારમાં તો એ મહોરું તારા ગળા હેઠળ ઉતારી દઈશ. અને તારા મૂર્ખ કપ્તાનને પણ સમજાવ કે તેણે રણનીતિ જાહેર ન કરી દેવાય.'

નાગવંશી શાંત જ રહ્યો. તેણે વિશ્વધુમન સામે જાયું પણ નહીં.

હે ભગવાન ! આ માણસ તો કુશળ લાગે છે.

'આ છેલ્લી ચેતવણી છે, જંગલી.' નાગવંશીએ કહ્યું. 'રાજકુમારી અમને સોંપી દે.'

સતીને અચાનક કંઈક વિચાર આવ્યો એટલે તેણે રથની સામે જાયું અને બૂમ પાડી, 'મા ! આગળ પડેલો નવો શંખ લઈને ફૂંકવા માંડ. અત્યારે જ !'

રથમાંથી શંખનાદ થવા માંડ્યો. ભાભ્રવ્ય અને તેના સૈનિકોને બોલાવવા માટે એ શંખનાદ થયો હતો. નાગવંશીને સમજાયું કે તેને જે લાભ મળવો જાઈતો હતો, તે તેણે ગુમાવ્યો હતો. હવે તેની પાસે આ સાહસ પાર પાડવા માટે બહુ જ ઓછો સમય હતો. બીજા સૂર્યવંશીઓ હમણાં જ આવી પહોંચશે. 'આક્રમણ !'

અરિષ્ટનેમી સૈનિકો પોતાની જગ્યાએથી હલ્યા નહીં.

'સ્થિર રહેજા.' શિવે બૂમ પાડી. 'એમને તમારી પાસે આવવા દો. તમારે માત્ર સમય જ સાચવી લેવાનો છે. રાજકુમારીને સલામત રાખો. આપણા મિત્રો હમણાં જ આવી પહોંચશે.'

ચંદ્રવંશીઓ પાસે આવ્યા એટલે સતીએ અચાનક આગળ વધીને નાગવંશી પર આક્રમણ કર્યું. સતીના આક્રમણને કારણે ચંદ્રવંશીઓની ગતિ ધીમી પડી. અરિષ્ટનેમીઓ પાસે હવે કોઈ વિકલ્પ હતો નહીં. તેઓ પણ ચંદ્રવંશી ઉપર ભયાનક વાઘની જેમ તૂટી પડ્યા.

વિશ્વધુમન સતીની બહુ જ પાસે આવી ગયો હતો એટલે શિવ સતીની જમણી બાજુ સરક્યા. વિશ્વધુમને શિવને પોતાના માર્ગમાંથી દૂર કરવા તલવાર વીંઝી પરંતુ શિવની ગતિને કારણે તેનું સમતોલન ખોરવાઈ ગયું. એટલે શિવ સરળતાથી વિશ્વધુમનના પ્રહારને ખાળી શક્યા અને તેમણે પોતાની ઢાલથી તેને પાછો ધકેલી દીધો. એ દરમિયાન નંદી સતીની ડાબી બાજુ ધસી ગયો જેથી એ બાજુથી કોઈ પણ ચંદ્રવંશીનું આક્રમણ ટાળી શકાય.

એ દરમિયાન સતી તો નાગવંશી પર એક પછી એક ભયાનક પ્રહાર કરે જતી હતી. બીજી બાજુ, નાગવંશી જાણે કે નિર્ણય કરીને આવ્યો હતો કે તે સતીના પ્રહાર માત્ર રોકશે જ, સામે પ્રહાર નહીં કરે. નાગવંશી સતીને કોઈ પણ જાતની ઈજા પહોંચાડ્યા વિના જીવંત જ લઈ જવા ઇચ્છતો હતો.

શિવે વિશ્વધુમનને ધક્કો માર્યો એટલે તેનો એક ખભો શિવની સામે ખુલ્લો પડી ગયો અને શિવે તેની પર ભયાનક પ્રહાર કર્યો, પરંતુ વિશ્વધુમને હસતાં હસતાં ઢાલ ઊંચી કરીને તે પ્રહાર ખાળી બતાવ્યો. એ સાથે જ તેણે પોતાની તલવાર શિવના ધડ પર વીંઝી અને શિવે પોતાનું રક્ષણ કરવા ઢાલ ઊંચી કરી, પરંતુ તેઓ પૂરતી ઝડપ દાખવી શક્યા નહીં. વિશ્વધુમન શિવની છાતી પર ચીરો પાડી શક્યો. શિવે એક ડગલું પાછળ હટી જઈને જમણી બાજુ કૂદીને ઘાતકી રીતે તલવાર વિશ્વધુમન પર વીંઝી. વિશ્વધુમને પોતાની ઢાલ તો ઊંચી કરી લીધી પરંતુ શિવના આવા બિનપારંપરિક પ્રહારથી તે આશ્ચર્યમાં મુકાઈ ગયો. તેને સમજાઈ ગયું કે શિવ કુશળ તલવારબાજ છે, એટલે તે એક ડગલું પાછળ હઠી ગયો. આ દ્વંદ્વ ભયાનક અને લાંબુ બનવાનું હતું.

એક ચંદ્રવંશીએ રણનીતિની વિરુદ્ધ જઈને નંદીની કમરની નીચે, સાથળ પર પ્રહાર

કર્યો હતો. પછી નંદીએ તેને મારી નાખ્યો. તેના ઘાવમાંથી લોહી વહી રહ્યું હતું તેમ છતાં તે તેની ડાબી બાજુથી પ્રહાર કરી રહેલા એક સૈનિક સાથે લડી રહ્યો હતો. ચંદ્રવંશીએ પોતાની ઢાલ વડે નંદીના ઘાયલ પગ પર પ્રહાર કર્યો એટલે નંદી નીચે પડી ગયો. ચંદ્રવંશીને એમ લાગ્યું કે તે જીતી ગયો છે. તેણે બંને હાથમાં તલવાર પકડી અને તે નંદીના પેટમાં એ તલવાર ઉતારવા જ જતો હતો કે અચાનક જ તેની પર પાછળથી પ્રહાર થયો હોય, તેમ તે નમી પડ્યો. એ પડ્યો એ સમયે નંદીએ જોયું કે તેની ગરદનમાં એક ચાકુ ખૂંપેલું હતું. નંદીએ ઉપર જોયું, તો શિવનો ડાબો હાથ ચાકુનો પ્રહાર કરીને નીચે આવી રહ્યો હતો. જમણા હાથે શિવે પોતાની તલવાર ઊંચી કરીને વિશ્વધ્યુમનની તલવારનો ભારે પ્રહાર રોક્યો. નંદી ઊભો થયો એટલે શિવે પોતાની ઢાલ આગળ ખેંચી લીધી.

નાગવંશીને સમજાઈ ગયું હતું કે સમય ખૂટી રહ્યો છે. બીજા અરિષ્ટનેમીઓ થોડીક જ વારમાં પાછા ફરશે. તેણે સતીની પાછળ જવાનો પ્રયત્ન કર્યો કે જેથી તે સતીના મસ્તકના પાછળના ભાગે પ્રહાર કરીને તેને બેભાન કરી શકે પરંતુ સતી બહુ જ ચપળ હતી. તેણે ડાબે ખસીને નાગવંશીની એ ચાલ નિષ્ફળ બનાવી દીધી. પોતાના ડાબા હાથ વડે સતીએ અંગવસ્ત્રમાં ભરાવેલું ચાકુ ખેંચી કાઢ્યું અને તેના વડે તેણે નાગવંશીના વિશાળ પેટ પર ઊંડો ચીરો પાડ્યો. છરીએ ડગલો તો ચીરી નાખ્યો પણ ઢાલને કારણે નાગવંશી ઘાયલ થયો નહીં.

એ જ સમયે ભાબ્રવ્ય અને અરિષ્ટનેમી સૈનિકો ગર્જના કરતા પોતાના સાથીઓ સાથે જોડાઈ ગયા. હવે પોતાની સંખ્યા ઓછી થઈ ગઈ છે એમ સમજાતાં નાગવંશી પાસે કોઈ વિકલ્પ રહ્યો નહીં. તેણે પોતાના સૈનિકોને પાછો ફરવાનો આદેશ આપ્યો. શિવે ફરી એક વાર ભાબ્રવ્યને ચંદ્રવંશીઓની પાછળ જતાં અટકાવ્યો.

'એ લોકોને જવા દે, શૂરવીર ભાબ્રવ્ય.' શિવે કહ્યું, 'એ માટે આપણને બીજી તક મળી રહેશે. અત્યારે, આપણું મુખ્ય ધ્યેય રાજપરિવારની રક્ષા કરવાનું છે.'

ભાબ્રવ્યએ શિવ સામે પ્રશંસાપૂર્વક જોયું. તે શિવના નીલ કંઠ વિશે તો જાણતો પણ નહોતો પરંતુ આ વિદેશી માણસ જે રીતે લડ્યો હતો, તે સાચે જ પ્રશંસનીય હતું. તેણે વિનમ્રતાથી કહ્યું, 'તમે સાચું કહો છો, વિદેશી.'

ભાબ્રવ્યએ અરિષ્ટનેમીઓનો ચુસ્ત ઘેરો બનાવ્યો અને ઘાયલોને એ ઘેરાની અંદરની બાજુએ રાખ્યા. મૃતદેહોનો સ્પર્શ કરવામાં આવ્યો નહીં. ઓછામાં ઓછા ત્રણ અરિષ્ટનેમી તેમજ નવ ચંદ્રવંશી સૈનિકના મૃતદેહો એ જગ્યાએ પડ્યા હતા. છેલ્લા ચંદ્રવંશીએ આત્મહત્યા કરી હતી કારણ કે તે એટલો ઘાયલ હતો, કે તે ભાગી શકે તેમ નહોતો. શત્રુના હાથે પકડાઈ જઈને રહસ્યો છતાં કરવાને બદલે સર્જનહારને મળવું વધારે યોગ્ય રહેશે એમ તેને લાગ્યું હશું. ભાબ્રવ્યએ પોતાના સૈનિકોને નીચા નમેલા રહીને ઢાલ ઉપર રાખવા કહ્યું હતું જેથી તીરના વરસાદથી બચી શકાય. અને એવી જ રીતે ઊભા રહીને તેમણે બચાવ કરવા આવનારા દળની પ્રતીક્ષા કરી.



હે ભગવાન.' ચિંતિત દક્ષે સતીને છાતીએ વળગાડી.

બચાવદળ ચોથા પ્રહરના બીજા કલાક સુધીમાં આવી પહોંચ્યું હતું. પર્વતેશ્વરે ચેતવણી આપી હતી કે ઘણું જોખમ હશે તેમ છતાં દક્ષ, બૃહસ્પતિ અને કનખલા પણ બચાવદળ સાથે આવ્યાં હતાં. સતીને પોતાના બાહુપાશમાંથી મુક્ત કરીને, દક્ષે આંસુ

વહાવતાં ધીમેથી કહ્યું, 'તું ઘાયલ તો નથી થઈને, થઈ છે ?'

'હું તો એકદમ ઠીક છું, પિતાજી.' સતીએ કહ્યું. 'થોડાક ચીરા પડ્યા હશે. કંઈ ગંભીર નથી.'

'તે અત્યંત બહાદુરીથી લડી હતી.' વારિણીએ સગર્વ કહ્યું.

'મને લાગે છે કે એ તો માતાનો પ્રેમ બોલી રહ્યો છે.' સતીએ કહ્યું અને તેના મુખ પર ગંભીરતા છવાઈ ગઈ. શિવ સામે જોઇને તેણે કહ્યું, 'આજે તો શિવે જ બધાને બચાવી લીધા, પિતાજી. તેમણે જ ચંદ્રવંશીઓની યોજના પારખી લીધી અને મત્ત્વની ક્ષણે તેમણે જ બધાની આગેવાની લીધી હતી. એમના કારણે જ આપણે શત્રુઓને પરાસ્ત કરી શક્યા.'

'ઓહ, સતી તો બહુ ઉદારતા બતાવી રહ્યાં છે.' શિવે કહ્યું.

છેવટે એ પ્રભાવિત થઈ ખરી *! !*

'એ જરા પણ ઉદારતા નથી દાખવી રહ્યાં, પ્રભુ.' કૃતજ્ઞ દક્ષે કહ્યું, 'આપે તો આપના ચમત્કાર બતાવવા શરૂ પણ કરી દીધા. આપણે એક ત્રાસવાદી આક્રમણ ખાળી બતાવ્યું. આપ જાણતા નથી કે આ વાત અમારા માટે કેટલી મત્ત્વની છે !'

'પરંતુ આ ત્રાસવાદી આક્રમણ નહોતું, મહારાજ.' શિવે કહ્યું. 'આ તો રાજકુમારીના અપહરણનો પ્રયાસ હતો.'

'અપહરણ ?' દક્ષે પૂછ્યું.

'પેલો ડગલાવાળો તો રાજકુમારીને અવશ્ય જીવંત અને ઈજામુક્ત જ રાખવા ઇચ્છતો હતો.'

'કયો ડગલાવાળો ? !' દક્ષે સચેત બની જઈને પૂછ્યું.

'એ નાગવંશી હતો, મહારાજ.' દક્ષના મુખ પર છવાયેલો ભય જોઇને શિવને આશ્ચર્ય થયું હતું. 'મેં એ માણસને લડતાં જાયો છે. એ સારો યોદ્ધો છે. તેની હલનચલન થોડીક ધીમી અવશ્ય છે પરંતુ તે કુશળ યોદ્ધો છે, પરંતુ સતી સામે લડતી વખતે તે સતીને ઈજામુક્ત રાખવા માટે બનતા બધા જ પ્રયત્નો કરી રહ્યો હતો.'

દક્ષનું મુખ રૂની પૂણી જેવું સફેદ થઈ ગયું. વારિણી પોતાના પતિ સામે ભય અને ક્રોધથી જાઈ રહી. તેમના બંનેના હાવભાવ જોઇને શિવને કશું અયોગ્ય તો લાગ્યું, તેમને લાગ્યું જાણે આ તેમની કૌટુંબિક બાબત હોય અને તે ખલેલ પહોંચાડી રહ્યા હોય.

'પિતાજી !' ચિંતિત સતી બોલી ઊઠી, 'તમે ઠીક તો છો ને ?'

દક્ષે કોઈ ઉત્તર ન આપ્યો એટલે શિવે સતી સામે જોઇને કહ્યું, 'તમે તમારા પરિવાર સાથે એકાંતમાં વાત કરશો, તો વધારે યોગ્ય રહેશે. જો તમને વાંધો ન હોય, તો હું નંદી અને અન્ય સૈનિકોને મળતો આવું.'



પર્વતેશ્વર તેમના સૈનિકો સાથે વાતો કરતા કરતા તેમની વચ્ચે ફરી રહ્યા હતા અને ઘવાયેલાઓને સારવાર મળે તેનું ધ્યાન રાખી રહ્યા હતા. ભાબ્રવ્ય તેમનાથી બે ડગલાં પાછળ ચાલી રહ્યો હતો. નંદીનું રક્ષણ કરતી વખતે શિવે જે ચંદ્રવંશીને માર્યો હતો, તેની પાસે સેનાપતિ આવ્યા. પછી તેમણે ગુસ્સાથી ગર્જના કરી, 'આ માણસની પીઠમાં ચાકુ ભોંકવામાં આવ્યું છે !'

'હા, સ્વામી.' ભાબ્રવ્યએ મસ્તક નમાવીને કહ્યું.

'એ કામ કોણે કર્યું છે ? રણનીતિના પવિત્ર નિયમોનો ભંગ કોણે કર્યો છે ?'

'મને લાગે છે કે એ પેલા વિદેશીએ કર્યો છે, સ્વામી, પરંતુ મને એમ સાંભળવા મળ્યું હતું કે કપ્તાન નંદી પર ચંદ્રવંશીએ આક્રમણ કર્યું હતું અને તેમને બચાવવા જતાં વિદેશીએ એમ કર્યું હતું. અને એ ચંદ્રવંશીએ કપ્તાન નંદીની કમર નીચે પ્રહાર કર્યો હતો એટલે એ પોતે જ રણનીતિના પવિત્ર નિયમોનું પાલન નહોતો કરી રહ્યો.'

પર્વતેશ્વરે ભાભ્રવ્ય સામે એટલા ક્રોધથી જોયું કે ભાભ્રવ્ય ધ્રૂજી ઊઠ્યો. 'નિયમ એટલે નિયમ.' પર્વતેશ્વર ગરજ્યા, 'તમારો શત્રુ તેની અવગણના કરે, તો પણ તમારે તો તેનું પાલન કરવું જ રહ્યું.'

'હા, સ્વામી.'

'જાવ, મૃતલોકોની વિધિસર અંતિમક્રિયા કરાવો. ચંદ્રવંશીઓની પણ.'

'સ્વામી !' આશ્ચર્યચકિત ભાભ્રવ્યએ પૂછ્યું, 'પરંતુ એ લોકો તો ત્રાસવાદીઓ છે.'

'એ ત્રાસવાદીઓ હશે પરંતુ આપણે સૂર્યવંશીઓ છીએ. આપણે ભગવાન રામના અનુયાયીઓ છીએ. આપણે શત્રુ સામે પણ વિવેક નથી છોડતા.

ચંદ્રવંશીઓની અંતિમક્રિયા વિધિસર કરવામાં આવશે. સમજ્યા ?'

'હા, સ્વામી.'



'તું પેલા વિદેશીને "પ્રભુ" કેમ કહે છે ?' નંદીની બાજુમાં પડેલા એક ઘાયલ અરિષ્ટનેમીએ પૂછ્યું.

નંદી અને અન્ય ઘાયલ સૈનિકો સાથે અડધો કલાક વિતાવીને શિવ હમણાં જ ગયા હતા. જો અત્યારે ઘાયલોની સ્થિતિ ચકાસવામાં આવે, તો તેઓ થોડાક જ કલાકો પહેલાં યુદ્ધ લડ્યા હશે તેમ માની શકાય નહીં. એ બધા એકબીજા સાથે આનંદપૂર્વક વાતો કરી રહ્યા હતા. અમુક સૈનિકો બીજા સૈનિકોને એમ કહીને ચીડવી પણ રહ્યા હતા કે એ લોકો કઈ રીતે યુદ્ધની શરૂઆતમાં જ મૂર્ખ બની ગયા હતા. ક્ષત્રિયોની માન્યતા અનુસાર, મૃત્યુના ખોળામાં ખડખડાટ હસે એ જ પુરુષ કહેવાય.

'કારણ કે એ મારા પ્રભુ જ છે.' નંદીએ સરળતાથી ઉત્તર આપ્યો.

'પરંતુ એ તો વિદેશી છે. જાતિવિહીન વિદેશી.' અરિષ્ટનેમીએ કહ્યું, 'એ વીર યોદ્ધા છે તેમાં કોઈ સંશય નથી, પરંતુ મેલુહામાં પણ ઘણા વીર યોદ્ધાઓ છે જ. તો એ શા કારણે આટલા વિશેષ છે ? અને એ રાજપરિવાર સાથે આટલો બધો સમય શા માટે વિતાવે છે ?'

'તેનો ઉત્તર હું આપી શકું એમ નથી, મિત્ર. યોગ્ય સમયે તને એ બધું જ જાણવા મળશે.'

અરિષ્ટનેમી નંદી સામે ગૂંચવાઈને જોઈ રહ્યો. પછી તેણે પોતાનું મસ્તક હલાવીને સ્મિત કર્યું. એ સૈનિક હતો. એ માત્ર વર્તમાનમાં જ જીવનારો માણસ હતો. અઘરા પ્રશ્નો તેના મગજમાં વધારે સમય ટકતા નહીં. 'ગમે તે હોય, મારે તને એટલું તો અવશ્ય કહેવું પડશે કે તું પણ વીર છે, મિત્ર. તું ઘાયલ થયો હોવા છતાં લડતો હતો, એ મેં જોયું હતું. તને શરણાગતિ શબ્દના અર્થની જાણ હોય એમ લાગતું નથી. તારા જેવો મારો ભ્રાતા હોય, તો મને અવશ્ય ગર્વ થાય.'

અરિષ્ટનેમીના મોઢેથી નીકળેલું આ વાક્ય બહુ જ મત્ત્વનું હતું. મેલુહા સૈન્યમાં કપ્તાનના પદ સુધીના દરેક સૈનિકને પોતાના સમકક્ષ સૈનિકને પોતાના ભ્રાતા બનાવવાનો

અધિકાર હતો. એ બંને ભ્રાતા સગા ભાઈની જેમ સાથે લડે અને હંમેશાં એકબીજાનું ધ્યાન રાખતા રહે. તેઓ એકબીજા માટે આખી દુનિયા સામે લડી લે, કદી પણ એક જ સ્ત્રીને પ્રેમ ન કરે અને ગમે તેટલું કડવું લાગે તેમ છતાં એકબીજાને હંમેશાં સત્ય જ કહે.

અરિષ્ટનેમી સૈનિકો તો સામ્રાજ્યના વિશેષ સૈનિકો હતા. કોઈ પણ અરિષ્ટનેમી માત્ર બીજા અરિષ્ટનેમીને જ પોતાનો ભ્રાતા ઘોષિત કરતો. નંદી જાણતો હતો કે તે કદી પણ અરિષ્ટનેમીનો ભ્રાતા બની શકવાનો નથી, પરંતુ એક અરિષ્ટનેમીના મુખમાંથી એવો પ્રસ્તાવ સાંભળવાનું સન્માન પ્રાપ્ત થયું, એ વાતથી પણ નંદીની આંખો ભીંજાઈ ગઈ.

'હવે રડવાનું શરૂ ન કરીશ.' અરિષ્ટનેમીએ હસતાં હસતાં કહ્યું અને આનંદથી પોતાનું નાક મચકોડ્યું.

નંદી ખડખડાટ હસી પડ્યો અને તેણે અરિષ્ટનેમીના હાથ પર હળવી ટપલી મારી.

'તારું નામ શું છે, મિત્ર ?' નંદીએ પૂછ્યું.

'કૌસ્તવ.' અરિષ્ટનેમીએ ઉત્તર આપ્યો. 'એક દિવસ આપણે સાથે મુખ્ય ચંદ્રવંશી સેના સામે પણ લડીશું, મિત્ર. અને ભગવાન રામની કૃપાથી, આપણે એ દરેક હરામખોરને મારી નાખીશું !'

'અગ્નિદેવની કૃપાથી આપણે એમ જ કરીશું !'



'એ નાગવંશીનું મગજ તમે વાંચી બતાવ્યું એ રસપ્રદ વાત છે.' શિવે પોતાના ધડ પર પડેલા ઘાવને સાફ કરાવીને તેનો ઉપચાર કરાવી રહ્યા હતા, તે સમયે બૃહસ્પતિએ કહ્યું.

શિવે એવો આગ્રહ રાખ્યો હતો કે દરેક ઘાયલ સૈનિકને સારવાર મળી જાય એ પછી જ તેમના ઘાવની સારવાર કરવામાં આવે.

'એમ કેમ બન્યું એ તો હું સમજાવી શકું તેમ નથી.' શિવે કહ્યું, 'એ નાગવંશી કઈ રીતે વિચારતો હશે, એ મને તો વંચાઈ જતું હતું.'

'એ હું સમજાવી શકીશ !'

'સાચે જ ? શું ?'

'તેનો ખુલાસો એ છે કે તમે એ સર્વશક્તિમાન "ન" છો જેનું નામ બોલી શકાય તેમ નથી !' બૃહસ્પતિએ પોતાની આંખો પહોળી કરીને પ્રાચીન સમયના જાદુગરની જેમ હાથ ઊંચાનીંચા કરીને કહ્યું.

એ બંને ખડખડાટ હસવા લાગ્યા અને શિવ એ દરમિયાન પાછળ નમ્યા. સૈન્યના વૈદ્યે શિવ સામે કડક નજરે જોયું એટલે શિવે તરત જ ચૂપ થઈ જઈને વૈદ્યને પોતાનું કામ કરવા દીધું. આયુર્વેદિક મલમ લગાવીને, તેની પર લીમડાનું પાંદડું લગાવીને વૈદ્યે તેની પર સુતરાઉ પાટો બાંધી દીધો.

'તમારે એ પાટો દર બીજા દિવસે બદલાવવો પડશે, વિદેશી.' વૈદ્યે કહ્યું, 'નીલગીરીના રાજવૈદ્ય એ કરી શકશે. અને એક સપ્તાહ સુધી આ ભાગને પલળવા દેતા નહીં. આ સમયમાં તમે સ્નાન નહીં કરી શકો, એટલે સોમરસ પણ લેતા નહીં.'

'અરે એમને કોઈ સોમરસની આવશ્યકતા નથી.' બૃહસ્પતિએ ટીખળ કર્યું. 'એનાથી તેમને થઈ શકે એટલું બધું જ નુકસાન થઈ ચૂક્યું છે.'

શિવ અને બૃહસ્પતિ પુનઃ ખડખડાટ હસવા માંડ્યા અને વૈદ્ય કંટાળીને માથું હલાવતા જતા રહ્યા.

'પણ ગંભીરતાથી કહું તો,' બૃહસ્પતિએ શાંત પડતાં કહ્યું, 'એ લોકોએ તમારી પર આક્રમણ શા માટે કર્યું ? તમે તો કોઈને હાનિ પહોંચાડી નથી.'

'મને નથી લાગતું કે એ આક્રમણ મારી પર હતું. એ આક્રમણ તો સતી માટે થયું હતું.'

'સતી ! શા માટે સતી ? એ તો એનાથી પણ વધારે આશ્ચર્યકારક વાત છે.'

'સંભવતઃ એ માત્ર સતી માટે જ નહોતું.' શિવે કહ્યું, 'મને લાગે છે કે એ લોકોનું લક્ષ્ય હતું રાજપરિવાર. મુખ્ય લક્ષ્ય તો સંભવતઃ સ્વયં મહારાજ જ હતા. એ ઉપસ્થિત નહોતા એટલે તેઓએ સતી પર આક્રમણ કર્યું. મને એમ લાગે છે કે તેઓ રાજપરિવારના કોઈ સભ્યનું અપહરણ કરીને તેનો ઉપયોગ કરવા ઇચ્છતા હતા.'

બૃહસ્પતિએ કોઈ ઉત્તર આપ્યો નહીં. તેઓ ચિંતિત જણાતા હતા. બંને હાથ જાડીને તેને પોતાના મુખ પાસે લાવીને તેઓ ઊંડા વિચારમાં ગરકાવ થઈને અનંતમાં તાકી રહ્યા. શિવે પોતાના વાટવામાં હાથ નાખીને ચલમ બહાર કાઢી અને તેમાં ગાંજા ભરતા પહેલાં તેને બરોબર સાફ પણ કરી. બૃહસ્પતિએ પોતાના મિત્રની આ ક્રિયા જાઈ અને તેમને તે ગમી નહીં.

'મેં પહેલાં તમને કદી પણ આ વાત કહી નથી અને અત્યારે પણ આમ તો ન જ કહેવી જોઈએ...કારણ કે તમે આમ તો સ્વતંત્ર માનવ જ છો.' બૃહસ્પતિએ કહ્યું, 'પરંતુ હું તમને મારા મિત્ર માનું છું. એટલે આપને સત્ય જણાવવું મારું કર્તવ્ય છે. મેં કરચપમાં ગાંજાની લતવાળા અમુક ઇજિપ્તના વેપારીઓ જોયા છે. એ આપના માટે સારી લત નથી.'

'તમે ખોટું કહો છો, મિત્ર.' શિવે બહોળા સ્મિત સાથે કહ્યું, 'આ તો દુનિયાની સર્વશ્રેષ્ઠ આદત છે.'

'તમે કદાચ નહીં જાણતા હોવ, શિવ, પરંતુ આ વસ્તુની ઘણી આડઅસરો હોય છે. સૌથી ખરાબ વાત તો એ છે કે એ તમારી સ્મૃતિને નબળી બનાવે છે અને ભૂતકાળની કોઈ વાતનું સ્મરણ કરવાની શક્તિ પણ તેનાથી ઘટી જવા પામે છે.'

શિવનું મુખ અચાનક જ તેમના સ્વભાવથી વિપરીત ગંભીર બની ગયું. તેઓ બૃહસ્પતિ સામે ગંભીર હાવભાવથી તાકી રહ્યા. 'એટલે જ એ સર્વશ્રેષ્ઠ છે, મિત્ર. આ ગાંજા ફૂંકતો એવો કોઈ મૂર્ખ નહીં હોય, જેને ભૂતકાળ ભૂલી જવાનો ભય લાગતો હોય.'

શિવે ચલમ સળગાવી, ઊંડો દમ ભર્યો અને કહ્યું, 'એમને નહીં ભૂલવાનો ભય હોય છે.'

બૃહસ્પતિ શિવને જાઈ રહ્યા અને વિચારવા લાગ્યા કે તેમના મિત્રનો ભૂતકાળ એવો તે કેવો ભયાનક હશે કે તેને ભુલાવવા તેમને ગાંજાની ટેવ પડી ગઈ હશે ?



પ્રકરણ ૧૧
નીલકંઠનું આગમન

આખી રાત એ મેદાનની બાજુમાં અસ્થાયી છાવણીમાં ગાળીને રાજવી કાફલાએ બીજે દિવસે સવારે દેવગીરી તરફ પ્રયાણ શરૂ કર્યું કારણ કે આવા સંજાગોમાં રાત્રે યાત્રા કરવી યોગ્ય નહોતી. નંદી સહિતના તમામ ઘવાયેલા સૈનિકોને પહેલા, બીજા, ત્રીજા અને પાંચમા રથમાં બેસાડવામાં આવ્યા હતા. રાજપરિવાર અને શિવ ચોથા રથમાં હતા. ગઈકાલના યુદ્ધમાં લડેલા તમામ સૈનિકોને અશ્વારોહણનું સન્માન આપવામાં આવ્યું હતું કે જેથી તેઓ થોડીક રાહત અનુભવી શકે. ત્રણ મૃત અરિષ્ટનેમી સૈનિકોના માનમાં બાકી બધા ચાલી રહ્યા હતા, જેમાં બૃહસ્પતિ અને કનખલા પણ આવી ગયાં. પર્વતેશ્વર, ભાબ્રવ્ય અને અન્ય બે સૈનિકો લાકડાની પાલખી ઊંચકીને આગળ વધી રહ્યા હતા જેમાં ત્રણેય શહીદોના અસ્થિકુંભને રાખવામાં આવ્યા હતા. એ અસ્થિકુંભ જે તે સૈનિકના પરિવારને આપવાનો હતો કે જેથી તેનું વિધિસર સરસ્વતી નદીમાં વિસર્જન કરી શકાય. શિવ, સતી અને નંદી પણ ચાલવા ઇચ્છતાં હતાં પરંતુ વૈદ્યે એમ કહ્યું હતું કે એ લોકો ચાલવા જેવી પરિસ્થિતિમાં નથી.

પોતાના સૈનિકોની શૂરવીતાને કારણે પર્વતેશ્વર ગર્વથી મસ્તક ઊંચું કરીને ચાલી રહ્યા હતા. તેમને તે છોકરાઓ કહેતા અને તેમના છોકરાઓએ આજે બતાવી દીધું હતું કે એ બધાને સ્વયં ભગવાન બ્રહ્માએ જ ઘડ્યા હતા. પોતે લડવા માટે ત્યાં ઉપસ્થિત નહોતો એ બદલ તેણે કેટલીય વાર પોતાની જાતને ભાંડી હતી. પોતાની માનેલી પુત્રી સતી જ્યારે જાખમમાં હતી ત્યારે તેની રક્ષા કરવા તે ઉપસ્થિત નહોતો તે બદલ તેમણે પોતાની જાતને વારંવાર ધિક્કારી હતી. કાયર ચંદ્રવંશીઓનો નાશ કરવાનો દિવસ સમીપ આવે અને તેમાં તે ભાગ લઈ શકે તે માટે તે મનોમન પ્રાર્થના પણ કરતા હતા. તેમણે મનોમન એમ પણ પ્રતિજ્ઞા લીધી હતી કે આવતા છ માસ સુધી તેમને જે પણ ધનરાશિ મળશે, તે બધી જ તે આ શહીદ સૈનિકોના ઘરે અજ્ઞાત દાન સ્વરૂપે પહોંચતી કરશે.

'એ લોકો આટલા નીચા પડશે એવું મેં નહોતું ધાર્યું !' દક્ષે ધિક્કારપૂર્વક કહ્યું.

રથમાં આરામથી સૂઈ ગયેલા સતી અને શિવ દક્ષના અવાજથી જાગી ગયા. વારિણીએ પણ પોતે જે પુસ્તક વાંચતી હતી તેમાંથી દૃષ્ટિ ઊંચી કરીને દક્ષ સામે ધ્યાનથી જાયું.

'કોણ, મહારાજ ?' શિવે ઊંઘરેટા અવાજે પૂછ્યું.

'દિલીપ ! માનવજાતનું કલંક !' દક્ષે પોતાનો ધિક્કાર છુપાવવાનો લેશમાત્ર પ્રયત્ન કર્યા વિના કહ્યું.

વારિણી તેના પતિને તાકી રહી. પછી તેણે હાથ લાંબો કરીને સતીનો હાથ પકડ્યો

અને તેને પોતાના હોઠ સુધી લઈ જઈને તેની પર હળવેથી ચુંબન કર્યું. પછી તેણે સતીના હાથ પર રક્ષણાત્મક રીતે પોતાનો બીજો હાથ પણ મૂકી દીધો. સતીએ વહાલથી તેની માતા સામે જાયું અને તેના ખભા પર માથું ઢાળી દીધું.

'દિલીપ કોણ છે, મહારાજ ?' શિવે પૂછ્યું.

'એ સ્વદીપનો સમ્રાટ છે.' દક્ષે ઉત્તર આપ્યો, 'બધા જ જાણે છે કે સતી તો મારી આંખનું અમી છે. અને મને દબાવવા માટે એ લોકો સતીનું અપહરણ કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા !'

શિવ દક્ષ સામે સહાનુભૂતિથી જાઈ રહ્યા. ચંદ્રવંશીઓના આ છેલ્લા આક્રમણ માટે દક્ષનો ક્રોધ તેઓ સમજી શકતા હતા.

'અને આવા અતિ અધમ કામ માટે પાછા નાગવંશીનો ઉપયોગ કરવાના સ્તર સુધી ઊતરી જવું.' ક્રુદ્ધ દક્ષે કહ્યું, 'એ જ બતાવે છે કે આ ચંદ્રવંશીઓ કેટલા નીચા જઈ શકે છે !'

'નાગવંશીનો ઉપયોગ કરવામાં આવ્યો હોય એ બાબતે મને વિશ્વાસ નથી, મહારાજ.' શિવે હળવેથી કહ્યું, 'એમ લાગતું હતું કે નાગવંશી તો તેમનું નેતૃત્વ કરી રહ્યો હતો.'

જોકે શિવની આ વાત પર વિચારવા જેટલા સ્વસ્થ દક્ષ નહોતા. 'નાગવંશી કદાચ આ ટુકડીનો કમાન હોય, પ્રભુ, પરંતુ છેવટે તો એ ચંદ્રવંશીઓના તાબા હેઠળ જ કહેવાય ને ? કોઈ નાગવંશી સર્વોપરી આગેવાન તો હોઈ જ ન શકે. પૂર્વજન્મમાં કરેલાં ભયાનક દુષ્કૃત્યોની સજા સ્વરૂપે આ જન્મે વિકૃતિઓ અને રોગો સાથે જન્મેલ લોકો એટલે નાગવંશીઓ. એ શાપિત લોકો હોય છે. એટલે તો એ લોકો પોતાનો ચહેરો પણ કોઈને બતાવી નથી શકતા, પરંતુ એ લોકોમાં અદ્‌ભુત શક્તિ અને કૌશલ્યો હોય છે. તેમની ઉપસ્થિતિ માત્રથી મેલુહાવાસીઓના મનમાં ભય વ્યાપી જાય છે. મોટાભાગના સ્વદીપવાસીઓ પણ તેમનાથી ભયભીત જ રહે છે. અને આ ચંદ્રવંશીઓ તો એટલી અધમ કક્ષાએ જઈ પહોંચ્યા છે કે તેઓ આવા વિકૃત રાક્ષસો સાથે પણ ભાગીદારી કરી લે છે. તે લોકો અમને એટલા ધિક્કારે છે કે નાગવંશીઓ સાથે ભાગીદારી કરીને એ લોકો કેવું મહાપાતક આચરી રહ્યા છે, એ તેમને દેખાતું જ નથી.'

શિવ, સતી અને વારિણી કશું પણ બોલ્યા વિના દક્ષને સાંભળતાં રહ્યા.

શિવ સામે જોઈને દક્ષે કહ્યું, 'હવે આપને સમજાય છે કે આપણે કેવા અધમ લોકોનો સામનો કરવાનો છે, પ્રભુ ? એ લોકો કોઈ નીતિ-નિયમો કે માન-સન્માનમાં વિશ્વાસ ધરાવતા નથી. અને એક સૂર્યવંશીની સામે એવા દસ ચંદ્રવંશી છે. અમારે આપની સહાયની આવશ્યકતા છે, પ્રભુ. માત્ર મારા લોકોને જ નહીં મારા પરિવારને પણ આપની સહાયની આવશ્યકતા છે. અમારા બધાના જીવ જાખમમાં છે.'

'મહારાજ, આપની સહાય માટે મારાથી થઈ શકે એ બધું જ હું કરીશ.' શિવે કહ્યું, 'પરંતુ હું કંઈ સેનાપતિ નથી. હું ચંદ્રવંશી સેના સામે કોઈ સેનાનું નેતૃત્વ નહીં લઈ શકું. હું તો એક સામાન્ય આદિવાસી કબીલાનો આગેવાન છું. અને એક માણસથી શું થઈ શકે ?'

'આપના પ્રાગટ્યની વાત હું મારા દરબારીઓ અને લોકો સમક્ષ કરી શકું, તો પણ ઘણું છે, પ્રભુ.' દક્ષે વિનંતી કરી. 'થોડાંક સપ્તાહ આ સામ્રાજ્યમાં ફરવામાં વિતાવો. આપની ઉપસ્થિતિ માત્રથી લોકોનું મનોબળ બહુ વધી જશે. ગઈકાલે જ આપે જે કર્યું હતું, તે વિચારો. અમે આપને કારણે, આપની સમયસૂચકતાને કારણે એક ત્રાસવાદી આક્રમણને ખાળી શક્યા. કૃપા કરીને આપના આગમનની વાત મને જાહેર કરવા દો. હું માત્ર એટલું જ માગું છું.'

શિવ દક્ષના આતુર મુખને મૂંઝવણથી જાઈ રહ્યા. સતી અને વારિણી પોતાની સામે જ જાઈ રહ્યાં છે, એ પણ તેમને ખ્યાલ આવ્યો. ખાસ કરીને સતીની દૃષ્ટિ તેમની પર જ મંડાયેલી હતી.

આ હું શેમાં ઊતરી રહ્યો છું ?

'ઠીક છે.' શિવે એ વાત સ્વીકારી લીધી.

દક્ષે ઊભા થઈને શિવને કૃતજ્ઞતાપૂર્વક ભેટી પડ્યા.

'આભાર, પ્રભુ !' દક્ષે કહ્યું. શિવે ઊંડો શ્વાસ લઈને પોતાની જાતને દક્ષની પકડમાંથી છોડાવી. 'આવતીકાલે સવારે જ રાજદરબારમાં હું આપના આગમનની ઘોષણા કરીશ. પછી ત્રણેક સપ્તાહમાં આપ સામ્રાજ્યની યાત્રા માટે નીકળી શકશો. હું પોતે જ બધી વ્યવસ્થા કરીશ. આપની સુરક્ષા માટે આપની સાથે પૂરતી માત્રામાં સૈનિકો પણ ફરશે. પર્વતેશ્વર અને સતી પણ આપની સાથે જ રહેશે.'

'ના !' વારિણીએ એવી કર્કશતાથી વિરોધ નોંધાવ્યો જેવો આ પહેલા સતીએ કદી પણ વારિણીના મોઢેથી સાંભળ્યો નહોતો. 'સતી ક્યાંય જવાની નથી. હું તમને આપણી પુત્રીનું જીવન કોઈ પણ રીતે જાખમમાં નહીં મૂકવા દઉં. એ મારી સાથે દેવગીરીમાં જ રહેશે.'

'વારિણી, આવી મૂર્ખતાપૂર્ણ વાત ન કરીશ.' દક્ષે શાંતિથી કહ્યું, 'શું તને સાચે જ એમ લાગે છે કે પ્રભુ નીલકંઠ સ્વયં ઉપસ્થિત હશે, તો પણ સતી જાખમમાં રહેશે ? એ પ્રભુ સાથે તો સૌથી સલામત રહેશે.'

'એ ક્યાંય જવાની નથી. એ નક્કી જ છે !' સતીનો હાથ મક્કમ રીતે પકડીને વારિણીએ દૃઢતાથી કહું.

વારિણીની અવગણના કરીને દક્ષે શિવ સામે જાયું. 'આપ ચિંતા ન કરતા, પ્રભુ. હું બધી જ વ્યવસ્થા કરીશ. પર્વતેશ્વર અને સતી આપની સાથે જ બધે ફરશે. આપે ક્યારેક સતીને અટકાવવી પડશે, એટલું જ.'

શિવની આંખો પહોળી થઈ ગઈ. સતીને પણ...

દક્ષે પ્રેમાળ સ્મિત સાથે કહ્યું, 'મારી વહાલી પુત્રી ક્યારેક વધારે પડતી જ વીરાંગના બની જાય છે. એક વાર એ જ્યારે સાવ બાળક હતી ત્યારે જંગલી શ્વાનના ટોળાથી એક વૃદ્ધાને બચાવવા માટે એકલા હાથે માત્ર એક તલવાર લઈને કૂદી પડી હતી. એણે લગભગ આત્મહત્યા કરી જ લીધી હતી. એ મારા જીવનના સૌથી ખરાબ દિવસોમાંનો એક દિવસ હતો. મને લાગે છે કે વારિણીને પણ એટલે જ સતીની ચિંતા રહે છે.'

શિવે સતી સામે જાયું. સતીના મુખ પર કોઈ જ હાવભાવ નહોતા.

'એટલે જ.' દક્ષે કહ્યું, 'મારે એમ કહેવું પડ્યું કે આપે ક્યારેક સતીને અટકાવવી પડશે. એ પછી કોઈ જ સમસ્યા નહીં રહે.'

શિવ સતીની સામે જાઈ રહ્યા. તેમને સતી માટે પ્રેમની સાથે અનહદ સન્માનની પણ લાગણી થઈ આવી.

તેણે એ કર્યું છે જે હું નહોતો કરી શક્યો.



બીજે દિવસે સવારે શિવ મેલુહાના રાજદરબારમાં દક્ષની બાજુમાં જ બેઠા હતા. એ રાજદરબારની ભવ્યતાથી તેમની આંખો અંજાઈ ગઈ હતી. આ એક જાહેર ઉપયોગની

ઇમારત હતી એટલે મેલુહાના અંગત જીવનની સાદગી અહીંયાં રાખવામાં આવી નહોતી. નગરના જાહેર સ્નાનાગારની બાજુમાં જ રાજદરબાર બાંધવામાં આવ્યો હતો. રાજદરબારનો મંચ તો સામાન્ય ચૂનાની ઈંટોથી જ બનાવવામાં આવ્યો હતો, પરંતુ ઉપરનું આખું માળખું અને ભોંય તો સાગના લાકડામાંથી બનાવવામાં આવ્યાં હતાં. મંચ પર મોટાં કાણાં પાડીને તેમાં લાકડાના કદાવર સ્તંભ રોપવામાં આવ્યા હતા. એ સ્તંભો પર અપ્સરાઓ, દેવો અને ઋષિઓની આકૃતિઓનું બારીક કોતરકામ કરવામાં આવ્યું હતું. એ સ્તંભો પર સોના અને ચાંદીથી મઢેલી લાકડાની છત હતી. પવિત્ર વાદળી રંગ અને રાજવી લાલ રંગની ધજાઓ છત પર લટકાવવામાં આવી હતી. દીવાલોની તસુએ તસુ જગ્યા પર ભગવાન રામના જીવનના વિવિધ પ્રસંગોનાં ચિત્રો દોરવામાં આવ્યાં હતાં. જોકે આ રાજદરબારના ભવ્ય સ્થાપત્યને પ્રશંસવાનો સમય શિવને મળ્યો નહોતો. દક્ષના ભાષણમાં જ તેમની અપેક્ષાઓ વ્યક્ત થઈ જતી હતી અને તેના કારણે શિવને મૂંઝવણ પણ થઈ રહી હતી.

'તમારામાંથી ઘણાએ સાંભળ્યું જ હશે.' દક્ષે ઘોષણા કરી, 'કે ગઈ કાલે ફરી એક વાર ત્રાસવાદી આક્રમણ થયું હતું. મંદાર પર્વતથી દેવગીરી આવવાના માર્ગે ચંદ્રવંશીઓએ રાજપરિવાર પર આક્રમણ કર્યું હતું.'

સમગ્ર રાજદરબારમાં ગણગણાટ થઈ ગયો. બધાના મનમાં એક જ પ્રશ્ન રમી રહ્યો તો કે ચંદ્રવંશીઓને મંદાર પર્વતનો માર્ગ કઈ રીતે જાણવા મળ્યો. એ દરમિયાન શિવે જોકે પોતાની જાતને યાદ અપાવે રાખ્યું કે આ ત્રાસવાદી આક્રમણ નહોતું. એ અપહરણ કરવાનો પ્રયત્ન હતો.

'ચંદ્રવંશીઓએ આ આયોજન બહુ વિચારીને કર્યું હતું.' દક્ષે કહ્યું અને રાજદરબારનો ગણગણાટ બંધ પડી ગયો.

કુશળ સ્થપતિઓએ એવી રીતે રાજદરબારની રચના કરી હતી કે જેથી રાજ સિંહાસન પરથી ઉદ્‌ભવતો અવાજ સમગ્ર રાજદરબારમાં સ્પષ્ટ સંભળાતો હતો. 'પરંતુ આપણે તેમને મારી ભગાડ્યા છે. પાછલા ઘણા દસકોમાં પહેલી વાર એવું બન્યું છે કે આપણે કોઈ આતંકવાદી આક્રમણ ખાળી બતાવ્યું છે.'

આ ઘોષણા સાથે રાજદરબારમાં જયઘોષ થવા માંડ્યો. સૂર્યવંશીઓએ આ પહેલા ચંદ્રવંશીઓને ખુલ્લા યુદ્ધમાં અવશ્ય હરાવ્યા હતા, પરંતુ આજ સુધી તેઓ ત્રાસવાદી આક્રમણનો કોઈ ઉકેલ નહોતા શોધી શક્યા. તેનું કારણ તો એ જ હતું કે સામાન્યતઃ ત્રાસવાદીઓ સૈન્યની ઉપસ્થિતિ ન હોય તેવી જગ્યાઓ પર અણધાર્યું આક્રમણ કરતા હતા અને સૂર્યવંશી સૈનિકો ત્યાં આવે એ પહેલા તો એ લોકો ભાગી છૂટતા હતા.

ટોળાનો જયઘોષ બંધ કરાવવા હાથ ઊંચો કરીને દક્ષે કહ્યું, 'આપણે તેમને પરાસ્ત કરી શક્યા, કારણ કે સત્યના વિજયનો સમય છેવટે આવી પહોંચ્યો છે ! આપણે તેમને પરાસ્ત કરી શક્યા, કારણ કે ભગવાન મનુએ ભાખેલા દેવદૂતે આપણું નેતૃત્વ કર્યું હતું ! આપણે તેમને પરાસ્ત કરી શક્યા, કારણ કે ન્યાયનો સમય હવે થઈ ગયો છે !'

હવે ગણગણાટ વધી ગયો. શું નીલકંઠ છેવટે પ્રગટ થઈ ચૂક્યા હતા ? બધાએ એવી અફવાઓ તો સાંભળી જ હતી, પરંતુ કોઈએ એ વાત માની નહોતી. ભૂતકાળમાં આવી રીતે ઘણી ખોટી ઘોષણાઓ થઈ ચૂકી હતી.

દક્ષે હાથ ઊંચો કર્યો. લોકોની ઉત્કંઠા જાગ્રત થાય એટલો સમય તેમણે પ્રતીક્ષા કરી. પછી હર્ષોલ્લાસપૂર્વક ઘોષણા કરી, 'હા ! એ અફવાઓ સાચી છે. આપણા તારણહાર પ્રગટ થઈ ચૂક્યા છે ! નીલકંઠનું આગમન થઈ ચૂક્યું છે !'

શિવનો ગળાપટ્ટો ખોલીને તેમને રાજવી મંચ પર રજૂ કરવામાં આવ્યા. મેલુહાના ઉમરાવો તેમની ફરતે વીંટળાઈ વળ્યા. તેમના શબ્દો શિવને સંભળાતા હતા.

'અમે આ વાત સાંભળી હતી, પ્રભુ, પરંતુ અમે એ માનવા તૈયાર નહોતા.'

'હવે અમારે કોઈનો ભય રાખવાની આવશ્યકતા નથી, પ્રભુ. હવે અનિષ્ટના દિવસો ગણાઈ રહ્યા છે.'

'આપ ક્યાંથી આવો છો, પ્રભુ ?'

'કૈલાસ પર્વત ? એ ક્યાં આવ્યો પ્રભુ ? શું હું ત્યાં યાત્રા માટે જઈ શકું ?'

વારંવાર એકના એક પ્રશ્નોના ઉત્તર આપીને તેમજ લોકોની આંધળી શ્રદ્ધા જોઇને શિવને મનોમન પીડા થતી હતી. જેવો તેમને મોકો મળ્યો કે તેમણે દક્ષ પાસે રાજદરબારની બહાર જવાની પરવાનગી માગી લીધી.



અમુક કલાકો પછી શિવ શાંતિથી પોતાના ભવનમાં બેઠા બેઠા રાજદરબારમાં જે બની ગયું તેની પર વિચાર કરી રહ્યા હતા.

તેમના ગળા ફરતે ફરી વાર પેલો પટ્ટો બંધાઈ ગયો હતો.

'હે પવિત્ર માનસરોવર, શું હું સાચે જ આ લોકોને તેમની સમસ્યામાંથી મુક્ત કરી શકીશ ?'

'શું કહ્યું પ્રભુ ?' થોડેક દૂર ધીરજથી બેઠેલા નંદીએ પૂછ્યું.

'તમે લોકો મારી પર જે વિશ્વાસ મૂકી રહ્યા છો તેના કારણે મારી ચિંતા વધી ગઈ છે.' શિવે નંદીને સંભળાય તેમ કહ્યું, 'જા એક સામે એકની લડાઈ હોત, તો તમારા લોકોની રક્ષા કરવા હું કોઈની પણ સાથે લડી લેત, પરંતુ હું કોઈ આગેવાન નથી. અને હું "અનિષ્ટનો સંહારક" તો અવશ્ય નથી.'

'મને વિશ્વાસ છે કે આપ અમને કોઈ પણ શત્રુ સામે વિજય અપાવી શકશો, પ્રભુ. આપે તેમને દેવગીરી આવવાના માર્ગે તો પરાસ્ત કર્યા જ છે.'

'એ કંઈ સાચા અર્થમાં વિજય નહોતો.' શિવે એ દલીલ નકારતાં કહ્યું, 'એ એક નાનકડી ટુકડી હતી અને તેમનું લક્ષ્ય કોઈને મારવાનું નહીં પરંતુ અપહરણ કરવાનું હતું. જો આપણી સમક્ષ વિશાળ અને સુગઠિત સૈન્ય હોય, જે બધાને મારવા જ આવ્યા હોય, તો પરિસ્થિતિ આખી અલગ જ થઈ જાય છે. મને એમ લાગે છે કે મેલુહાના શત્રુઓ દુર્ઘર્ષ અને નિર્દયી છે. એટલે કોઈ એક વ્યક્તિ પર શ્રદ્ધા રાખવાથી કોઈ ઉકેલ નહીં મળે. તમારે લોકોએ બદલાતા સમયની સાથે બદલાવું જોઈએ. આવા નિર્દયી શત્રુની સામે તમારા નિર્દોષ નિયમો સંભવતઃ તમને નિઃસહાય બનાવી દેશે. એક નવા તંત્રની આવશ્યકતા છે, અને હું કંઈ ચમત્કાર કરી શકું એવો ભગવાન નથી.'

'આપ સાચું કહો છો, પ્રભુ.' નંદીએ એક સરળ માણસની જેમ કહ્યું. એ નસીબદાર હતો કે તેને વધારે વિચારો કરવા પડતા નહોતા. તેણે કહ્યું, 'એક નવા તંત્રની આવશ્યકતા છે અને એ નવું તંત્ર કેવું હોવું જોઈએ તેની મને જરા પણ જાણ નથી, પરંતુ હું એક વસ્તુ અવશ્ય સમજું છું. એકાદ હજાર વર્ષથી પણ વધારે સમય પહેલાં અમે આવી જ મુશ્કેલીમાં હતા. એ સમયે ભગવાન રામે પ્રગટ થઈને અમને નવી જીવનશૈલી શીખવી. મને વિશ્વાસ છે કે આપ પણ અમને બધાને એવી જ રીતે કોઈ નવી દિશામાં લઈ જશો.'

'હું કંઈ ભગવાન રામ નથી, નંદી !'

આ મૂર્ખ મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામ સાથે મારી સરખામણી પણ કઈ રીતે કરી શકે ?

'આપ તો ભગવાન રામથી પણ વિશેષ છો, પ્રભુ.' નંદીએ કહ્યું.

'આવી મૂર્ખામીપૂર્ણ વાતો ન કર, નંદી ! ભગવાન રામ સાથે સરખામણી થાય એવું તો મેં શું કર્યું છે ? તો તેમનાથી વિશેષ તો કઈ રીતે થઈ શકું ?'

'પરંતુ આપ અવશ્ય એવાં પરાક્રમો કરશો જેનાથી આપને ભગવાન રામથી પણ વિશેષ માનવામાં આવશે.'

'તું ચૂપ જ રહે તો સારું !'



સમગ્ર સામ્રાજ્યની શિવની યાત્રાની તૈયારીઓ પૂરજાશમાં ચાલી રહી હતી. તેમ છતાં શિવને દરરોજ બપોરે સતીના નૃત્ય અભ્યાસમાં જવાનો સમય મળી રહેતો. તેઓ ધીમે-ધીમે મૈત્રી કેળવી રહ્યા હતા. જોકે શિવને ચિંતા એ વાતની હતી કે સતી તેમના પ્રત્યે પૂરતો આદર દર્શાવતી પરંતુ શિવને કદી પણ સતીની લાગણી કે હાવભાવમાં કોઈ નરમાશ વર્તાઈ નહોતી.

દરમિયાન, શિવના કબીલાને દેવગીરી લાવી દેવામાં આવ્યો હતો અને એ લોકોને આરામદાયક રહેઠાણો તેમજ યોગ્ય કામ સોંપવામાં આવ્યાં હતાં. ભદ્ર જોકે ગણો સાથે નહોતો રહેતો. તેને નીલકંઠ સાથે આ યાત્રામાં લઈ જવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

'વીરભદ્ર ! તને આ નામ ક્યારથી મળ્યું ?' કાશ્મીરમાં છૂટા પડ્યા પછી શિવ અને ભદ્ર પહેલી વાર મળ્યા ત્યારે શિવે પૂછ્યું.

'આમ તો સાવ મૂર્ખ જેવું જ કારણ છે.' ભદ્રએ સસ્મિત કહ્યું. તેની ખૂંધ તો ચમત્કારિક સોમરસને કારણે બિલકુલ અદૃશ્ય થઈ ગઈ હતી. 'અહીંયાં આવતા હતા તે દરમિયાન અમારા કાફલાના આગેવાનને મેં એક વાઘથી બચાવ્યો હતો. એટલે એણે મને ભદ્રમાંથી વીરભદ્ર બનાવી દીધો.'

'તું વાઘ સામે એકલા હાથે લડ્યો ?' પ્રભાવિત થયેલા શિવે પૂછ્યું.

ભદ્રએ જરા મૂંઝાતાં મૂંઝાતાં માથું હલાવીને હા પાડી.

'તો પછી તને વીરભદ્ર કહેવડાવાનો અધિકાર છે !'

'તું કહે એમ !' ભદ્રએ સસ્મિત કહ્યું. પછી તે અચાનક ગંભીર બની ગયો. 'આ "અનિષ્ટનો સંહારક"...તને આ નામ ઠીક લાગે છે ? તું માત્ર તારા ભૂતકાળને કારણે જ આ બધું સ્વીકારી લે છે, એવું તો નથી ને ?'

'અત્યારે તો હું ઘટનાઓના પ્રવાહ સાથે જઈ રહ્યો છું, મારા મિત્ર. મને અંદરથી એમ થાય છે કે મેં ગમે તેવી ભૂલો કરી હશે પરંતુ હું આ લોકોને સહાય કરી શકીશ. આ મેલુહાવાસીઓ એકદમ ગાંડા છે એમાં જરા પણ સંશય નથી. અને એ લોકો મારી પાસેથી જે અપેક્ષા રાખે છે, એ બધું હું કંઈ કરી શકવાનો નથી, પરંતુ મને એમ લાગે છે કે હું આ પરિસ્થિતિમાં થોડું-ઘણું પણ કરી શકું, તો મારા ભૂતકાળની ભૂલો અચૂક ધોવાઈ જશે.'

'જા તને આમાં વિશ્વાસ હોય, તો મને પણ છે. હું તારી પાછળ પાછળ ગમે ત્યાં આવવા તૈયાર છું.'

'મારી પાછળ પાછળ ન આવીશ. મારી સાથે ચાલ !'

વીરભદ્ર હસીને તેના મિત્રને ભેટી પડ્યો, 'તું મને બહુ યાદ આવતો હતો શિવ.'

'મને પણ તું બહુ જ યાદ આવતો હતો.'

'ચાલ બપોરે ઉપવનમાં મળીએ. આ વખતે મને સરસ ગાંજા મળ્યો છે.'

'ઓહ ! તો તો મળવું જ પડશે.'

બૃહસ્પતિએ પણ શિવ સાથે યાત્રા કરવાની પરવાનગી મેળવી હતી. તેમણે એવો ખુલાસો આપ્યો હતો કે એક અતિમત્ત્વના પ્રયોગ માટે એક વિરલ રસાયણ મેસોપોટેમિયાથી વહાણ દ્વારા કરચપ નગરના બંદરે આવવાનું છે. તેમની ટુકડીઓએ રસાયણ ચકાસીને સ્વીકારવાનું છે. એટલે શિવ સાથે યાત્રા કરતાં કરતાં એ કામ પતી જાય તો સારું થશે. દક્ષે કહ્યું કે જો પ્રભુ શિવને કોઈ વાંધો ન હોય, તો તેમને પણ કોઈ વાંધો નથી. અને શિવે તો આ સૂચનને ઉત્સાહથી વધાવી લીધું હતું.

રાજદરબારમાં નીલકંઠના આગમનની ઉદ્‌ઘોષણા થઈ તેનાં ત્રણ સપ્તાહ પછી આ સામ્રાજ્યની યાત્રા શરૂ કરવા માટેનો દિવસ આવી પહોંચ્યો હતો. એ દિવસે સવારે દક્ષ શિવના ભવનમાં ગયા.

'આપ મને બોલાવી શક્યા હોત, મહારાજ.' શિવે વંદન કરતાં કહ્યું, 'આપે અહીં આવવાનું કષ્ટ લેવાની આવશ્યકતા નહોતી.'

'આપના ભવન સુધી આવવું તો મારા માટે બહુમાન છે, પ્રભુ.' દક્ષે સસ્મિત નમીને વંદન કરતાં કહ્યું, 'મને એમ થયું કે આપના કાફલા સાથે જે વૈદ્ય યાત્રા કરવાના છે, તેનો પરિચય હું આપને કરાવી દઉં. તે ગઈકાલે રાત્રે જ કાશ્મીરથી આવી પહોંચ્યા છે.'

દક્ષે બાજુમાં ખસી જઈને વૈદ્યને ભવનમાં પ્રવેશવાનો ઇશારો કર્યો.

'આયુર્વતી !' શિવે કહ્યું, તેમના મુખ પર સ્મિત આવી ગયું હતું. 'તમને પુનઃ મળીને આનંદ થયો !'

'આનંદ તો મને થયો છે, પ્રભુ.' આયુર્વતીએ ઉત્સાહપૂર્વક કહ્યું અને તે શિવનો ચરણસ્પર્શ કરવા નમી.

શિવે તરત જ એક ડગલું પાછળ હઠી જઈને તેમ ન થવા દીધું. 'મેં તમને આ પહેલાં પણ કહ્યું છે, આયુર્વતી.' શિવે કહ્યું, 'તમે તો જીવનદાતા છો. કૃપા કરીને મારા ચરણસ્પર્શ જેવી ચેષ્ટા કરીને મને મૂંઝવણમાં ન મૂકશો.'

'આપ તો નીલકંઠ છો, પ્રભુ. અનિષ્ટના સંહારક.' આયુર્વતીએ પૂજ્યભાવે કહ્યું, 'તો મને આપના આશીર્વાદનો લાભ આપવાનું કઈ રીતે નકારી શકો, પ્રભુ ?'

શિવે નિરાશાથી મસ્તક હલાવ્યું અને આયુર્વતીને પોતાના ચરણસ્પર્શ કરવા દીધા. તેમણે હળવેથી આયુર્વતીના માથાનો સ્પર્શ કરીને તેને આશીર્વાદ આપ્યા.

થોડાક કલાકો પછી શિવ, સતી, પર્વતેશ્વર, બૃહસ્પતિ, આયુર્વતી, કૃતિકા, નંદી અને વીરભદ્ર કાફલા સાથે યાત્રા માટે નીકળ્યાં. તેમની સલામતી અને સવલત માટે પંદરસો સૈનિકો, પચ્ચીસ દાસીઓ અને પચાસ સહાયકો પણ આ કાફલામાં સામેલ હતાં. બિઆસ નદી પર આવેલા કોટદ્વાર સુધી તેઓ જમીનના માર્ગે જ જશે એમ તેમણે નક્કી કર્યું હતું. ત્યાંથી તેઓ કરચપ બંદર સુધી જવા માટે વહાણનો ઉપયોગ કરવાના હતા. ત્યાંથી પછી તેઓ પૂર્વ દિશામાં આગળ વધીને લોથલ બંદરે જવાનાં હતાં. ત્યાંથી પાછાં જમીનમાર્ગે આગળ વધીને ઉત્તરમાં સરસ્વતીના મુખત્રિકોણના પ્રદેશમાં જવાનાં હતા અને પછી પુનઃ વહાણો વાટે દેવગીરી પાછાં ફરવાનાં હતાં.



પ્રકરણ ૧૨
મેલુહા સામ્રાજ્યની યાત્રા

'મનુ કોણ હતા ?' શિવે પૂછ્યું, 'મેં ઘણી વાર સાંભળ્યું છે તેં તેમના માટે "પિતા" સંબોધન સાંભળ્યું છે.'

દેવગીરીથી જમીનમાર્ગે કોટદ્વાર જવા નીકળ્યાને થોડાક દિવસો વીતી ગયા હતા. એ કાફલાની મધ્યમાં એક સમાન સાત રથ હતા, એવા જ રથ કે જે મંદાર પર્વત જવા માટે પણ વપરાયા હતા. તેમાંથી પાંચ રથ ખાલી હતા. શિવ, સતી, બૃહસ્પતિ અને કૃતિકા બીજા રથમાં હતા. પર્વતેશ્વર, આયુર્વતી અને અન્ય મત્ત્વના કપ્તાનો સાથે પાંચમા રથમાં હતા. સેનાપતિની ઉપસ્થિતિનો અર્થ એ થતો હતો કે તમામ નિયમોનું એકદમ ચુસ્તતાથી પાલન કરવામાં આવતું હતું. એટલે જ, નંદીનું પદ એટલું ઊંચું ન હોવાને કારણે તે રથમાં બેસી શકે તેમ નહોતો. માટે તે કાફલાના અન્ય માણસો સાથે અશ્વ પર સવારી કરી રહ્યો હતો. વીરભદ્રને નંદીની ટુકડીના સૈનિક તરીકે કાફલામાં સમાવવામાં આવ્યો હતો. બધી ટુકડીઓ પોતાની કપ્તાનોની આગોવાનીમાં ચોક્કસ સંરક્ષણાત્મક ક્રમમાં ગોઠવાઈને જ કૂચ કરતી હતી.

શિવનો પ્રશ્ન સાંભળીને બૃહસ્પતિ અને સતીએ એક સાથે જ ઉત્તર આપવાનું શરૂ કર્યું.

'ભગવાન મનુ...'

પછી એ બંને બોલતાં અટકી ગયાં.

'આપના પછી હું કહીશ, બૃહસ્પતિજી.' સતીએ કહ્યું.

'ના, ના.' બૃહસ્પતિએ ઉષ્માપૂર્ણ સ્મિત સાથે કહ્યું, 'તમે જ એ વાત શિવને કહો.'

બૃહસ્પતિ જાણતા હતા કે શિવને કોનો અવાજ સાંભળવો વધારે ગમશે.

'અરે બૃહસ્પતિજી, હું આપની ઉપરવટ કઈ રીતે જઈ શકું ? એ તો એકદમ અયોગ્ય લેખાશે.'

'કોઈ મને ઉત્તર આપશે કે પછી તમે બંને આખો દિવસ શિષ્ટાચારની જ ચર્ચા કરે રાખશો ?' શિવે પૂછ્યું.

'ઠીક છે, ઠીક છે.' બૃહસ્પતિ ખડખડાટ હસ્યા, 'હવે આખું શરીર નીલવર્ણું કરવાની આવશ્યકતા નથી.'

'આ તો મજા પડી ગઈ, બૃહસ્પતિ.' શિવે સસ્મિત કહ્યું, 'તમે આમ જ ટીખળ કરતા રહો તો કોઈ સો વર્ષે એકાદ વાર તો હસી લેશે.'

બૃહસ્પતિ અને શિવ ખડખડાટ હસ્યા અને વાતચીત જે અયોગ્ય પાટે ચડી રહી હતી તેનાથી સતીને આશ્ચર્ય થયું, પરંતુ જો પૂજ્ય વૈજ્ઞાનિકને આ વિશે કોઈ વાંધો ન હોય, તો

પછી તેણે પોતે કોઈ ટિપ્પણી ન કરવી જોઈએ, એમ સતીએ વિચાર્યું. અને તે શિવને તો આમ પણ કઈ રીતે ઠપકો આપી શકે ? તેને એમ કરવાની અનુમતિ નહોતી કારણે કે શિવે તેના જીવનની રક્ષા કરી હતી, બે વાર.

'ભગવાન મનુ પિતા કહેવાય છે, એ આપે સાચું કહ્યું.' બૃહસ્પતિએ કહ્યું, 'તેમને બધા ભારતની સંસ્કૃતિના પિતા માને છે.'

'સ્વદીપના લોકો પણ ?' શિવે સાશ્ચર્ય પૂછ્યું.

'હા, અમને જાણ છે ત્યાં સુધી એ લોકો પણ એમ જ માને છે. ગમે તેમ, ભગવાન મનુ આમ પણ સાડા આઠ હજાર વર્ષથી પણ વધારે સમય પહેલાં થઈ ગયા. એ દક્ષિણ ભારતના રાજકુમાર હતા. એ ભૂમિ નર્મદાની દક્ષિણ બાજુ આવેલી છે. ત્યાં ધરતી પૂરી થઈ જાય છે અને મહાસાગરની શરૂઆત થાય છે. એ ભૂમિને સંગમતમિલ કહેવામાં આવે છે.'

'સંગમતમિલ ?'

'હા, એક સમયે સંગમતમિલ દુનિયાનું સૌથી ધનવાન અને સૌથી શક્તિશાળી સામ્રાજ્ય હતું. ભગવાન મનુ પાંડ્ય વંશના હતા અને એ ભૂમિ પર કેટલીય પેઢીઓથી પાંડ્યવંશનું જ શાસન હતું. જોકે ભગવાન મનુ જે લખીને ગયા છે, તે અનુસાર એમ સમજાય છે કે ભગવાન મનુના સમય સુધીમાં એ વંશના રાજાઓ પોતાના નીતિ-નિયમો ભૂલી ચૂક્યા હતા. પોતાનાં કર્તવ્યોનું વહન કરવામાં અને આધ્યાત્મિક જીવન જીવવામાં અગ્રેસર થવાને બદલે તેઓ પોતાની સંપત્તિના મદમાં ભ્રષ્ટ જીવન જીવી રહ્યા હતા. એ પછી એક ભયંકર આપદા આવી પડી. મહાસાગરના પાણીનું સ્તર ઊંચકાયું અને તેમની સમગ્ર સંસ્કૃતિ નાશ પામી.'

'હે ભગવાન !' શિવથી બોલાઈ ગયું.

'ભગવાન મનુએ આ દિવસનું પૂર્વાનુમાન કર્યું હતું એટલે તેઓ તો તેના માટે તૈયાર જ હતા. તેઓ માનતા હતા કે તેમનો દેશ ભ્રષ્ટ થઈ ગયો હતો એટલે તેના નાશ માટે ભગવાને જ આ ભયંકર આપત્તિ સર્જી હતી. એ અફર આફતથી બચવા માટે તેઓ વહાણોના એક બેડામાં પોતાના અનુયાયીઓ સાથે ઉત્તર દિશામાં ઊંચાણવાળા વિસ્તારમાં જતા રહ્યા હતા. વર્તમાન મેલુહા સામ્રાજ્યમાં પશ્ચિમ દિશામાં આવેલા પર્વતોમાં મહેરગઢ નામની જગ્યા છે, ત્યાં ભગવાન મનુએ પોતાની પ્રથમ છાવણી સ્થાપી હતી એમ અમે માનીએ છીએ. તેઓ નૈતિક અને ન્યાયી સમાજનું સર્જન કરવા ઇચ્છતા હતા એટલે તેઓ પોતાના રાજકુમાર પદનો ત્યાગ કરીને ઋષિ બની ગયા હતા. આજે પણ ઋષિઓ પંડિત તરીકે ઓળખાય છે તેનું કારણ ભગવાન મનુનો પાંડ્ય વંશ છે. પંડિત શબ્દ તેના પરથી જ ઊતરી આવ્યો છે.'

'રસપ્રદ વાત છે. તો ભગવાન મનુના અનુયાયીઓની ટુકડીમાંથી આજના વિશાળ ભારતનું સર્જન કેવી રીતે થયું ?'

'તેઓ મહેરગઢ આવ્યા એ પછીનાં વર્ષો તો બહુ ખરાબ રીતે વીત્યાં હતાં. પ્રત્યેક વર્ષે ચોમાસા પછી પૂર આવતાં અને દરિયાની ભરતી વધુ ને વધુ આગળ વધતી જતી હતી, પરંતુ ઘણાં વર્ષો અને ભગવાન મનુની પ્રાર્થનાઓના પ્રતાપે ઈશ્વરનો કોપ શાંત થયો હતો અને પાણી આગળ વધતાં અટકી ગયાં હતાં. જોકે મહાસાગર કદી પોતાના મૂળ સ્થાન સુધી પાછો ગયો નહીં.'

'તો એનો અર્થ એ થયો કે દક્ષિણમાં હજુ પણ દરિયા નીચે સંગમતમિલ સંસ્કૃતિનાં નગરો છુપાયેલાં છે ?'

'અમે એમ જ માનીએ છીએ.' બૃહસ્પતિએ કહ્યું, 'એક વાર મહાસાગર આગળ

વધતાં અટકી ગયો એ પછી, ભગવાન મનુ અને તેમના અનુયાયીઓ પર્વતો પરથી નીચે આવ્યા. સિંધુ નામના નાનકડા ઝરણાને ધસમસતી નદી બનેલી જોઇને તે બધાને અત્યંત આશ્ચર્ય થયું હતું. ઉત્તર ભારતની અન્ય ઘણી નાની-નાની નદીઓમાં પણ એમ જ બન્યું હતું, જેથી છ મોટી નદીઓનું પણ સર્જન થયું હતું - સિંધુ, સરસ્વતી, યમુના, ગંગા, સરયૂ અને બ્રહ્મપુત્રા. ભગવાન મનુએ કહ્યું હતું કે ભગવાનના કોપથી તાપમાન વધ્યુ હતું એટલે ઉત્તરમાં આ નદીઓ વહેવી શરૂ થઈ હતી. વધેલા તાપમાનને કારણે હિમાલયમાં રહેલો હિમ ઓગળ્યો હતો અને તેમાંથી આ નદીઓનું સર્જન થયું હતું.'

'હંઅઅઅ...'

'આ નદીઓના કાંઠે જ પહેલાં ગામ અને પછી નગરો વસ્યાં હતાં. એટલે એમ કહી શકાય કે સંગમતમિલ સંસ્કૃતિના વિનાશમાંથી અમારી સાત નદીઓવાળી સપ્તસિંધુ સંસ્કૃતિનું સર્જન થયું હતું.'

'સાત ? પરંતુ તમે તો હમણાં જ કહ્યું કે ઉત્તર ભારતમાં છ નદીઓનું સર્જન થયું હતું.'

'હા, એ સાચું છે. સાતમી નદીનું અસ્તિત્વ તો એ પહેલાંથી હતું. એ નદી એટલે નર્મદા અને તે અમારી સંસ્કૃતિની દક્ષિણી સરહદ બની રહી. ભગવાન મનુએ નર્મદા ઓળંગીને દક્ષિણે જવાની સ્પષ્ટ મનાઈ ફરમાવી હતી. જો કોઈ નર્મદા ઓળંગે, તો તે અહીં પાછું ફરી શકે નહીં, એવો પણ નિયમ બનાવવામાં આવ્યો. અમે આ નિયમ ચુસ્તપણે પાળીએ છીએ અને ચંદ્રવંશીઓ પણ પાળે છે, એમ અમારું માનવું છે.'

'તો ભગવાન મનુએ કયા કયા નિયમો આપ્યા છે ?'

'એવા ઘણા બધા નિયમો છે. તે બધાને મનુસ્મૃતિ નામના દળદાર ગ્રંથમાં લખી રાખવામાં આવ્યા છે. આપને એ આખો ગ્રંથ સાંભળવો ગમશે ?'

'સાચે જ લલચાવનારો પ્રસ્તાવ છે.' શિવે સસ્મિત કહ્યું, 'પરંતુ મને લાગે છે કે હું એ સ્વીકારીશ નહીં.'

'પ્રભુ પરવાનગી આપે તો આપણે ભગવાન મનુએ સમાજને જે માર્ગદર્શન આપ્યું છે તેની ચર્ચા બપોરનું ભોજન લેતાં લેતાં કરીએ.' કૃતિકાએ સૂચન કર્યું.



નીલકંઠનો કાફલો જે માર્ગે આગળ વધી રહ્યો હતો, તેનાથી થોડેક દૂર બિઆસ નદીની સમાંતરે ચાલીસ માણસોની એક ટુકડી ચુપકીદીથી તેમને અનુસરી રહી હતી. તેમાંથી દરેક બીજા માણસના માથે એક નાનકડી હોડી મૂકેલી હતી. આ પ્રદેશની એ લાક્ષણિકતા હતી. સ્થાનિક લોકો વાંસ, નેતર અને દોરડાં વડે એટલી નાનકડી અને હળવી હોડીઓ બનાવી લેતા હતા જે કોઈ પણ માણસ માથે ઊંચકીને લઇ જઈ શકે. દરેક હોડીમાં બે માણસ સલામતીપૂર્વક સવાર થઈ શકતા અને ગતિપૂર્વક પાણીમાં આગળ વધી શકતા. ટુકડીની આગળ એક ગર્વિષ્ઠ યુવાન હતો, જેના મુખ પર યુદ્ધના ઘાવના ઘાવ દેખાતા હતા અને તેના માથા પર ભૂખરી પાઘડી બંધાયેલી હતી. તેની આગળ એક ડગલો પહેરેલો માણસ ચાલી રહ્યો હતો. તેનું મસ્તક ઝૂકેલું હતું અને તે દરેક પગલું વિચારપૂર્વક ભરતો હોય તેમ ઊંડા વિચારોમાં ડૂબેલો હતો. તેને શ્વાસ લેવામાં મુશ્કેલી થઈ રહી હતી. તેણે હાથ ઊંચો કરીને મહોરા હેઠળ ઢંકાયેલા કપાળ પર ખંજવાળ્યું. તેના જમણા કાંડા પર ચામડાનો પાતળો પટ્ટો બાંધેલો હતો અને તેની પર સર્પથી બનેલો ઓમ્ દેખાતો હતો.

'વિશ્વધુમન.' ડગલાવાળા વ્યક્તિએ કહ્યું, 'આપણે અહીંથી નદીમાં ઊતરીએ. જ્યારે પણ કોઈ વસતીવાળો વિસ્તાર આવે, ત્યારે આપણે નદીથી દૂર થઈ જઈશું જેથી કોઈનું ધ્યાન પડે નહીં. આપણે બે મહિનામાં કરચપ પહોંચવું પડશે.'

'કરચપ, પ્રભુ ?' વિશ્વધુમને આશ્ચર્ય થયું. 'મને તો એમ હતું કે આપણે લોથલની પાસે મહારાણી સાથે ગોપનીય મુલાકાત કરવાની છે.'

'ના.' ડગલાવાળા નાગવંશીએ જવાબ આપ્યો, 'આપણે મહારાણીને કરચપમાં જ મળીશું.'

'હા, પ્રભુ.' વિશ્વધુમને ઉત્તર આપ્યો અને તેણે કોટદ્વારના માર્ગ સામે જોઈ લીધું. તે જાણતો હતું કે તેના સ્વામીને પુનઃ એક વાર રાજકુમારીનું અપહરણ કરવાનો પ્રયત્ન કરવો ગમત. જોકે તે એ પણ જાણતો હતો કે અત્યારે તો એ કાફલામાં એટલા સૈનિકો હતા કે એમ કરવું મૂર્ખામી જ બની રહેત. ગમે તે હોય, તે લોકો પોતાના મુખ્ય ધ્યેય માટે આમ પણ નિયત સમયથી મોડા જ હતા. તેમણે મહારાણીને બને તેટલી ત્વરાથી મળવું આવશ્યક હતું.

એક સૈનિક સામે જોઇને વિશ્વધુમને આદેશ આપ્યા, 'શ્રીક્તા, તારી હોડી નદીમાં ઉતાર અને મને હલેસાં આપ. યાત્રાના આ તબક્કામાં હું સ્વામીને આગળ લઈ જઈશ.'

શ્રીક્તાએ સૂચનાનું પાલન કર્યું. વિશ્વધુમન અને નાગવંશી એ ટુકડીમાંથી નદીમાં સર્વ પ્રથમ ઊતર્યા. ટુકડીના અન્ય માણસો હોડીઓ નદીમાં ઉતારે ત્યાં સુધીમાં તો વિશ્વધુમને હલેસાં મારવાં પણ શરૂ કરી દીધાં હતાં. નદીમાં આગળ જતાં નાગવંશીએ જોયું કે બે સ્ત્રીઓ એક હોડીમાં બેદરકારીથી હસી રહી હતી. એક સ્ત્રી હોડીમાંથી વાંકી વળીને બીજી સ્ત્રી પર પાણીની છાલકો મારી રહી હતી અને બીજી સ્ત્રી તેનાથી બચવાનો નિરર્થક પ્રયત્ન કરી રહી હતી. તેમની આ બાળક જેવી રમતને કારણે આખી હોડી હાલકડોલક થઈ રહી હતી. નાગવંશીએ જોયું કે નદીના બીજા કાંઠેથી પાણીમાં ઊતરેલા મગરને બેમાંથી એક પણ સ્ત્રીએ જોયો નહોતો. મગરને તો એ સ્વાદિષ્ટ ભોજન લાગ્યું હશે એટલે તે ત્વરાથી એ બંને સ્ત્રીઓની દિશામાં તરી રહ્યો હતો.

'તમારી પાછળ જુઓ !' નાગવંશીએ બૂમ પાડી અને તેણે વિશ્વધુમનને એ દિશામાં ત્વરાથી આગળ વધવાનું કહ્યું.

એ સ્ત્રીઓને આટલે દૂરથી કશું સંભળાયું નહીં. જોકે તેમને એટલું અવશ્ય દેખાયું કે બે પુરુષો બહુ ત્વરાથી તેમની દિશામાં હોડી હંકારી રહ્યા હતા. અને એ બેમાંથી એક પુરુષ એકદમ કદાવર હતો તેમજ પગથી માથા સુધી ડગલામાં ઢંકાયેલો હતો અને તેનું મુખ પણ એક મહોરા પાછળ છુપાયેલું હતું. એ માણસ ભયાનક ઇશારા કરી રહ્યો હતો. એ બંનેની પાછળ બીજી પણ ઘણી બધી હોડીઓ આવી રહી હતી. એ સ્ત્રીઓ આટલા દૃશ્યથી જ ચેતી ગઈ. તેમને એમ લાગ્યું કે આ પુરુષો કોઈ અનિષ્ટ હેતુ માટે તેમની પાછળ પડ્યા છે એટલે તેમણે બધું જ જોર લગાવીને પોતાની હોડીને તેમનાથી દૂર સરકાવી, પરંતુ તે સીધી જ મગરના માર્ગમાં જઈ રહી હતી.

'ના !' નાગવંશીએ બૂમ પાડી.

તેણે વિશ્વધુમનના હાથમાંથી હલેસું લીધું અને પોતાના શક્તિશાળી હાથ વડે તે પોતે પણ હલેસાં મારવા લાગ્યો. તેના કારણે બંને હોડીઓ વચ્ચેનું અંતર ઘટતું જતું હતું, પરંતુ તે લોકો પૂરતી ઝડપ કરી શકતા નહોતા. હોડીની પાસે પહોંચીને મગરે પાણીમાં ડૂબકી મારી અને હોડીની નીચે જઈને હોડીને ધ્રુજાવવા માંડ્યો. એ નાનકડી હોડી ઊથલી ગઈ અને બંને સ્ત્રીઓ નદીમાં જઈ પડી.

બંને સ્ત્રીઓ બૂમો પાડવા માંડી અને તરતી રહેવા માટે ભરચક પ્રયત્નો કરવા લાગી. મગર તો તરતો તરતો થોડોક આગળ વધી ગયો હતો. તે પાછો ફરીને સ્ત્રીઓની દિશામાં તરવા લાગ્યો. એ જે થોડીક ક્ષણોનું અંતર પડ્યું તે આ સ્ત્રીઓ માટે મત્ત્વનું સાબિત થયું. નાગવંશીની હોડી એ મગર અને સ્ત્રીઓની વચ્ચે આવી ગઈ. વિશ્વધુમન સામે જોઇને નાગવંશીએ આદેશ આપ્યો, 'એ સ્ત્રીઓને બચાવ.'

વિશ્વધુમન કંઇ પણ પ્રતિભાવ આપી શકે એ પહેલા નાગવંશી પોતાના ડગલો બાજુમાં નાખીને નદીમાં કૂદી પડ્યો. એક ચાકુ પોતાના દાંત વચ્ચે દબાવીને તે આગળ વધી રહેલા મગરની દિશામાં ગયો. એ દરમિયાન વિશ્વધુમને એક સ્ત્રીને તો તેમની હોડીમાં પાછી ચડાવી દીધી હતી. તે સ્ત્રી તો બેભાન પણ થઈ ચૂકી હતી. બીજી સ્ત્રી સામે જોઇને તેણે કહ્યું, 'હું હમણા જ આવું છું.'

વિશ્વધુમને દિશા બદલી અને કાંઠા તરફ ગયો. માર્ગમાં તેને અમુક સૈનિકો દેખાયા. 'ત્વરાથી આગળ જાવ. સ્વામીનો જીવ જાખમમાં છે.'

બીજા સૈનિકો નાગવંશીની દિશામાં આગળ વધી ગયા. પાણીની નીચે ચાલી રહેલા યુદ્ધને કારણે પાણી રક્તવર્ણું થઈ રહ્યું હતું. સૈનિકોએ મનોમન વરુણદેવને પ્રાર્થના કરી લીધી અને એ રક્ત તેમના સ્વામીનું ન હોય, તેવી આશા કરવા માંડ્યા.

એક સૈનિક પોતાની તલવાર સાથે પાણીમાં કૂદવા જ જતો હતો કે રક્તથી લથપથ નાગવંશી સપાટી પર દેખાયો. એ રક્ત જોકે મગરનું હતું. પછી એ ગતિપૂર્વક બીજી સ્ત્રી સુધી તરીને ગયો. એ સ્ત્રી પણ બેભાન થવામાં જ હતી. નાગવંશીએ તેને યોગ્ય સમયે પાણીની બહાર ખેંચી કાઢી. એ દરમિયાન બે સૈનિકો પણ પોતાની હોડીમાંથી કૂદ્યા હતા.

'સ્વામી, કૃપા કરીને હોડીમાં સવાર થાવ.' એક સૈનિકે કહ્યું, 'અમે આમને કાંઠા સુધી તરીને લઈ જઈશું.'

'પહેલાં આ સ્ત્રીને સહાય કરો.' નાગવંશીએ કહ્યું.

સૈનિકોએ એ બેભાન સ્ત્રીને હોડીમાં ચડાવી. પછી નાગવંશી કાળજીપૂર્વક એ હોડીમાં સવાર થયો અને હોડીને કાંઠાની દિશામાં આગળ વધારી. એ કાંઠા સુધી પહોંચ્યો ત્યાં સુધીમાં વિશ્વધુમને પહેલી સ્ત્રીને ભાનમાં લાવી દીધી હતી. ત્વરિત ઘટનાક્રમને કારણે એ સ્ત્રી શું થયું તે બરાબર સમજી જ નહોતી.

'તું ઠીક છે ?' વિશ્વધુમને એ સ્ત્રીને પૂછ્યું.

ઉત્તર આપવાને બદલે એ સ્ત્રીએ વિશ્વધુમનની પાછળ જાયું અને ચીસ પાડી. વિશ્વધુમને પાછળ ફરીને જાયું. નાગવંશી કાંઠે ઊતરીને બીજી બેભાન સ્ત્રીના શરીરને ઊંચકીને તેમની દિશામાં આવી રહ્યો હતો. તેનાં ભીનાં વસ્ત્રો તેના કદાવર શરીર પર ચોંટી ગયાં હતાં. પેલી હમણાં જ ભાનમાં આવેલી સ્ત્રીને એમ લાગ્યું કે નાગવંશીના શરીર પર પડેલું રક્ત તેની સહેલીનું છે.

'તેં શું કરી નાખ્યું, જાનવર ?' એ સ્ત્રીએ ચીસ પાડી.

નાગવંશી આશ્ચર્યથી તેની સામે જાઈ રહ્યો પરંતુ તે કંઈ બોલ્યો નહીં. તેણે હળવેથી બેભાન સ્ત્રીને જમીન પર સુવડાવી. એમ કરતાં કરતાં તેના મુખ પરનું મહોરું નીકળી ગયું. વિશ્વધુમન પાસે રહેલી સ્ત્રી નાગવંશીનું મુખ જોઇને ભયથી છળી ઊઠી.

'નાગવંશી !' તેણે ફરી ચીસ પાડી.

વિશ્વધુમન કંઇ પણ કરી શકે તે પહેલા તે ઊભી થઈ અને કૂદતી કૂદતી ચીસો પાડતી ભાગી છૂટી. 'બચાવો ! બચાવો ! આ નાગવંશી મારી સહેલીને ખાઈ રહ્યો છે !'

નાગવંશી એ ભાગતી સ્ત્રીને પીડાભરી દૃષ્ટિથી જાઈ રહ્યો. તેણે પોતાના મનને ઠેસ ન

પહોંચે તેથી આંખો બંધ કરી લીધી અને માથું ઝાટક્યું. દરમિયાન વિશ્વધુમને પણ ઘણાં વર્ષો પછી પોતાના સ્વામીનું મુખ જોયું. તેણે તરત જ પોતાની આંખો ઝુકાવી દીધી તેમ છતાં તેને પોતાના સ્વામીના મુખ પર પીડા અને દુઃખની લાગણી તો દેખાઈ જ. ક્રુદ્ધ વિશ્વધુમને પોતાની તલવાર ખેંચી કાઢી અને તેણે જે સ્ત્રીને હમણાં જ બચાવી હતી તેને મારી નાખવાની ઘોષણા કરી.

'ના, વિશ્વધુમન.' નાગવંશીએ આદેશ આપ્યો. પોતાનું મહોરું પાછું લગાવીને તેણે બીજા સૈનિકોની દિશામાં જોઇને કહ્યું, 'આ સ્ત્રીને ભાનમાં લાવો.'

'સ્વામી,' વિશ્વધુમને દલીલ કરી. 'તેની સહેલી બીજા લોકોને અહીં લઈ આવશે. આ સ્ત્રીને અહીં જ રહેવા દઈને આપણે જતા રહેવું જોઈએ.'

'ના.'

'પરંતુ સ્વામી, હવે ગમે ત્યારે કોઈ આવી ચડશે. આપણે જવું જ રહ્યું.'

'આ સ્ત્રીને ભાનમાં ન લાવી દઈએ, ત્યાં સુધી નહીં.' નાગવંશીએ પોતાના કાયમી શાંત અવાજે કહ્યું.



રાજવી કાફલાના મુખ્ય સભ્યો તેમજ નંદી અને વીરભદ્ર અતિથિગૃહના આંગણમાં એક સાથે બપોરનું ભોજન લઈ રહ્યા હતા. અડધા સૈનિકો પણ ભોજન લેવા નીચે બેઠા હતા. આવી બળબળતી બપોરે આગળ વધવા માટે તેમને ઘણી શક્તિની આવશ્યકતા રહેતી. પર્વતેશ્વર અંદર ભોજનની વ્યવસ્થા ચકાસવા આવ્યા હતા. તેમને સતીની સવિશેષ ચિંતા હતી. જોકે તેમણે આ બધાની સાથે ભોજન લેવાની ના પાડી હતી. એ પોતાના બાકી સૈનિકો સાથે ભોજન લેવાના હતા.

સૈનિકોના એક બાજુના ઘેરામાંથી મોટો અવાજ શિવને સંભળાયો. શું થયું છે તે જોવ શિવ ઊભા થયા અને બૃહસ્પતિ, નંદી તેમજ વીરભદ્રને બેઠા રહેવાનો તેમણે ઇશારો પણ કર્યો. પર્વતેશ્વરે પણ એ અવાજ સાંભળ્યો હતો અને તેઓ પણ એ દિશામાં જ આગળ વધી રહ્યા હતા.

'કૃપા કરીને એને બચાવી લો !' એક સ્ત્રી ચીસો પાડતી હતી. 'એક નાગવંશી એને જીવતી જ ખાઈ રહ્યો છે !'

'હું ક્ષમા માગું છું.' કપ્તાને કહ્યું, 'પરંતુ અમને અહીંથી નહીં ખસવાનો કડક આદેશ છે. અમે કોઈ પણ સંજોગોમાં આ અતિથિગૃહથી દૂર જઈ શકીએ નહીં.'

'શું થયું છે ?' પર્વતેશ્વરે પૂછ્યું.

કપ્તાને આશ્ચર્યથી પાછળ ફરીને જોયું, સલામ કરી અને નીચા નમીને કહ્યું, 'સેનાપતિ, આ સ્ત્રીનો એવો દાવો છે કે એક નાગવંશીએ તેની સહેલી પર આક્રમણ કર્યું છે અને તે સહાય માંગી રહી છે.'

પર્વતેશ્વરે એ સ્ત્રીને બરોબર નાણી જોઈ. નાગવંશીની પાછળ જઈને તેને મારવાથી વધારે ગમતું કાર્ય પર્વતેશ્વર માટે એક પણ નહોતું, પરંતુ તેમને એકદમ સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો હતો. તે નીલકંઠ અને સતીને છોડીને ક્યાંય પણ જઈ શકે તેમ નહોતા. તે બંનેનું રક્ષણ કરવું એ આ સૈનિકોની ટુકડીનું એકમાત્ર લક્ષ્ય હતું, પરંતુ છેવટે તો તે એક ક્ષત્રિય હતો. અને જો તે કોઈ અબળાની સહાય માટે લડી ન શકે, તો એ વળી કેવો ક્ષત્રિય ? તેની પર મૂકવામાં આવેલ પાબંદીઓ અંગે પર્વતેશ્વર કંઈક બોલવા જ જતો હતો કે એ

સમયે શિવ ત્યાં આવ્યા.

'શું થયું છે ?' શિવે પૂછ્યું.

'સ્વામી.' કમ્રાન તો અભિભૂત થઈ ઊઠ્યો હતો. તે નીલકંઠ સાથે વાત કરી રહ્યો હતો એ વાત જ તેના માટે આશ્ચર્યજનક હતી. 'આ સ્ત્રીનો એવો દાવો છે કે એક નાગવંશીએ તેની સહેલી પર આક્રમણ કર્યું છે.' પછી તેણે ઊંડો શ્વાસ લઈને કહ્યું, 'અમને એમ લાગે છે કે આ કોઈ છટકું હોઈ શકે છે. ચંદ્રવંશીઓએ મંદાર પર્વતના માર્ગે કેવી છેતરપિંડી કરી હતી તે અમે સાંભળ્યું જ હતું.'

શિવને અંદરથી અવાજ સંભળાયો. પાછો જો ! તેને મદદ કર !

પોતાની તલવાર ખેંચી કાઢીને તેમણે એ સ્ત્રીને કહ્યું, 'મને ત્યાં સુધી લઈ જા.'

પર્વતેશ્વર શિવ સામે આદરપૂર્વક જોઈ રહ્યા. બહુ થોડોક આદર જન્મ્યો હતો, પરંતુ આદર જન્મવાનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. તેમણે પોતે પણ તલવાર ખેંચી કાઢી અને કમ્રાનને કહ્યું, 'તારી ટુકડી સાથે અમારી સાથે આવ. કમ્રાન વ્રક, તમારા સૈનિકોને કોઈ પણ અણધાર્યા આક્રમણ માટે સાવચેત કરી દો. આપણી રાજકુમારીની સલામતી સૌથી મત્ત્વની છે.'

શિવ અને પર્વતેશ્વર પેલી સ્ત્રીની પાછળ દોડી ગયા. એ એકદમ સરળતાથી રસ્તાઓ બદલીને આગળ વધી રહી હતી એટલે તે સ્થાનિક જ હતી, એમ જણાતું હતું. ત્રીસ સૈનિકોની ટુકડી સાથે કમ્રાન તે બંનેને અનુસરી રહ્યો હતો. અડધો કલાક જેટલું દોડ્યા પછી એ લોકો નદીકાંઠે પહોંચ્યા જ્યાં એક મૂંઝાયેલી સ્ત્રી બેઠી હતી. ઊંડા શ્વાસ લઈને તે નદીમાં દૂર કોઈ કાલ્પનિક દૃશ્ય જોઈ રહી હોય, એમ લાગતું હતું. તેનાં વસ્ત્રો પર બધે જ રક્ત લાગેલું દેખાતું હતું પરંતુ તે ક્યાંયથી પણ ઘવાઈ નહોતી. નદીમાંથી બહાર આવતાં અને પાછાં નદીમાં જતાં ઘણાં પગલાં દેખાઈ રહ્યાં હતાં.

કમ્રાન તેમને ત્યાં દોરી લાવનારી સ્ત્રી સામે સંશયભરી દૃષ્ટિથી જોઈ રહ્યો. પોતાના સૈનિકો સામે જોઇને તેણે આદેશ આપ્યો, 'સેનાપતિ અને નીલકંઠની ફરતે ઘેરો બનાવો. આ કોઈ છટકું હોઈ શકે છે.'

'એ નાગવંશી આને જીવતો ખાઈ રહ્યો હતો, હું કહું છું ને.' એ સ્ત્રીએ તીણા અવાજે કહ્યું. પોતાની સહેલીને જીવંત અને જરા પણ ઘાયલ ન થયેલી જોઇને તેને સાચે જ આશ્ચર્ય થયું હતું.

'ના, એમ નથી બન્યું.' શિવે શાંતિથી કહ્યું, 'નદીમાં તરી રહેલી મગરની લાશ બતાવીને શિવે કહ્યું. કાગડાઓનું ટોળું એની પર બેઠું હતું અને પોતાના હિસ્સા માટે કાગારોળ મચાવી રહ્યું હતું. 'કોઈકે તેને મગરથી બચાવી છે.'

'એ જે પણ હોય તે અત્યારે નદીના સામા કાંઠે હશે, પ્રભુ.' કમ્રાને નદીકાંઠે પડેલાં પગલાંઓ જોતાં કહ્યું.

'આ સ્ત્રીનું જીવન બચાવવા કોઈ નાગવંશી પોતાનો જીવ શા માટે જોખમમાં મૂકે ?' શિવે પૂછ્યું.

પર્વતેશ્વરને પણ એ જ આશ્ચર્ય થતું હતું. અત્યાર સુધી તેમણે લોહીતરસ્યા નાગવંશીઓ જ જોયા હતા અને આ તેનાથી કંઈક અલગ લાગતું હતું.

'પ્રભુ, સ્વામી.' કમ્રાને શિવ અને પર્વતેશ્વરને ઉદ્દેશીને કહ્યું, 'આ સ્ત્રી સલામત લાગે છે. તો આપણે બધાએ અહીંયાં હવે ન રોકાવું જોઈએ. જો આપની પરવાનગી હોય, તો હું આ સ્ત્રીઓને તેમના ગામ સુધી મૂકી આવીશ અને કાફલાને કોટદ્વાર મળીશ. આપ અતિથિગૃહમાં જઈને આરામ કરી શકો છો.'

‘ઠીક છે.’ પર્વતેશ્વરે કહ્યું. ‘તારી સાથે ચાર સૈનિકો લઈ જજે.’

શિવ અને પર્વતેશ્વર અતિથિગૃહની દિશામાં ચાલવા લાગ્યા. બંને આ અણધારી ઘટનાથી ગૂંચવાઈ ગયા હતા.



મોડી સાંજ થઈ ગઈ હતી. શિવ, બૃહસ્પતિ, નંદી અને વીરભદ્ર તાપણા ફરતે બેઠા હતા. શિવે જોયું કે સતી અતિથિગૃહની પાસે જ આયુર્વતી અને કૃતિકા સાથે બેઠી હતી. એ લોકો કોઈ ગંભીર ચર્ચામાં ડૂબેલાં હોય એમ લાગતું હતું. પર્વતેશ્વર હંમેશની જેમ પોતાના સૈનિકોમાં ઘૂમી રહ્યા હતા અને છાવણીની સલામતી તેમજ પોતાના સૈનિકોની સલામતીને અંગત રીતે ચકાસી રહ્યા હતા.

‘આ તૈયાર છે, શિવ.’ વીરભદ્રએ ચલમ નીલકંઠના હાથમાં મૂકતાં કહ્યું.

શિવે ચલમ હોઠે લગાવીને ઊંડો શ્વાસ લીધો. તેમના સ્નાયુઓ સુસ્ત થયા હોય એમ લાગ્યું. હજુ વધારે આરામની આવશ્યકતા છે એમ લાગતાં તેમણે ફરી વાર ચલમમાંથી ઊંડો દમ ભર્યો અને પછી તેને પોતાના મિત્રના હાથમાં મૂકી. વીરભદ્રએ ચલમ બૃહસ્પતિ અને નંદીને પણ આપવા ઇચ્છી પરંતુ એ બંનેએ ના પાડી દીધી. શિવ ચોરીછૂપીથી વારે વારે સતીને જોઈ રહ્યા હતા એ બૃહસ્પતિએ નોંધ્યું. તેમણે સ્મિત કરીને મસ્તક હલાવ્યું.

‘શું ?’ શિવે બૃહસ્પતિને મસ્તક હલાવતાં જોયા એટલે પૂછ્યું.

‘હું આપની ઝંખના સમજી શકું છું, મિત્ર.’ બૃહસ્પતિએ હળવેથી કહ્યું, ‘પરંતુ આપ જે ઝંખી રહ્યા છો, તે અશક્ય છે. લગભગ અશક્ય.’

‘આટલું કીમતી હોય, તે પામવું સરળ તો ન જ હોય, ખરું ને ?’

બૃહસ્પતિએ સ્મિત કરીને શિવનો હાથ થપથપાવ્યો.

વીરભદ્ર જાણતો હતો કે તેના મિત્રને શું જોઈએ છે. સંગીત અને નૃત્ય. એ બંનેથી શિવ હંમેશાં આનંદ અનુભવતા. ‘શું આ નકામા દેશામાં કોઈ નાચતું-ગાતું જ નથી ?’

‘શાંત વીરભદ્ર.’ પોતાના હાથ નીચે કામ કરતા માણસ સાથે જે અવાજે વાત કરવી જોઈએ, તે અવાજે નંદી બોલ્યો, ‘સૌ પ્રથમ તો આ દેશ નકામો નથી. એ દુનિયાનો મહાનતમ દેશ છે !’

વીરભદ્રએ આનંદપૂર્વક હાથ જોડીને ક્ષમા માંગવાનું નાટક કર્યું.

‘બીજું,’ નંદીએ વાત ચાલુ રાખી, ‘અમે કોઈ પ્રસંગ કે તહેવારમાં જ નૃત્ય કરીએ છીએ. જેમ કે હોળી કે કોઈ સાર્વજનિક પ્રસંગ.’

‘પરંતુ નૃત્યનો સૌથી વધુ આનંદ તો ત્યારે જ આવે છે જ્યારે તમે કોઈ પણ કારણ વિના નાચો છો, કપ્તાન.’ વીરભદ્રએ કહ્યું.

‘એ વાત સાથે હું સહમત થઉં છું.’ શિવે કહ્યું.

નંદી તરત જ ચૂપ થઈ ગયો.

પછી કોઈ પણ જાતની ચેતવણી આપ્યા વિના વીરભદ્ર પોતાના પ્રદેશનું એક લોકગીત ગાવા માંડ્યો. શિવે પોતાના મિત્ર સામે સ્મિત કર્યું કારણ કે વીરભદ્ર શિવનું પ્રિય ગીત ગાઈ રહ્યો હતો. ગાતાં ગાતાં જ વીરભદ્રએ ધીમે-ધીમે નૃત્ય શરૂ કર્યું. શિવ પણ તેની સાથે જોડાઈ ગયા. ગાંજા અને નૃત્યથી શિવનો મિજાજ બદલાઈ ગયો હતો.

બૃહસ્પતિ પહેલાં શિવને આઘાતથી તાકી રહ્યા અને પછી આનંદથી. તેમણે એ બંનેના નૃત્યમાં છ પગલાંની એક ચોક્કસ ગોઠવણ નોંધી. બંને એકદમ તાલબદ્ધ નૃત્ય કરી રહ્યા

હતા. શિવે હાથ લંબાવીને બૃહસ્પતિ અને નંદીને પણ નૃત્ય માટે ખેંચ્યા. તેઓ નૃત્યમાં જોડાયા પરંતુ શરૂઆતમાં તો તેઓ ખચકાટ અનુભવતા રહ્યા. જોકે થોડીક જ વારમાં બૃહસ્પતિ તો મન મૂકીને નૃત્ય કરવા માંડ્યા. પછી ચારેય જણા તાપણા ફરતે નાચવા અને ગાવા લાગ્યા અને તેમનો અવાજ વધતો ગયો અને નૃત્ય વધુ જીવંત બનતું ગયું.

શિવ અચાનક ત્યાંથી સતીની દિશામાં ગયા. 'મારી સાથે નૃત્ય કરો.'

દિગ્મૂઢ થઈ ગયેલી સતીને માથું હલાવી ના પાડી.

'અરે ચલો હવે ! જો તમારા ગુરુજી અને હું જાતા હોઈએ ત્યારે તમે નૃત્ય કરી શકો, તો અત્યારે કેમ નહીં ?'

'એ તો જ્ઞાનની ઉપાસના માટે કરતી હતી !' સતીએ કહ્યું.

'એટલે ? બધાએ માત્ર જ્ઞાન ઉપાસના માટે જ નૃત્ય કરવું જોઈએ ?'

'મેં એવું નથી કહ્યું.'

'ઠીક છે. તમને યોગ્ય લાગે તેમ કરો.' શિવે નિરાશ થઈને કહ્યું. 'આયુર્વતી, તમે આવો.'

આશ્ચર્યમાં ગરકાવ આયુર્વતીને શું પ્રતિક્રિયા આપવી તે સમજાયું નહીં. તે કોઈ નિર્ણય લે એ પહેલા શિવે તેનો હાથ પકડીને તેને બધા સાથે જોડી દીધી. એવી જ રીતે વીરભદ્ર કૃતિકાને લઇ આવ્યો. આખું ટોળું મોટા અવાજે નાચવા-ગાવા લાગ્યું. શિવ અવળા ફર્યા ત્યારે સતી અતિથિગૃહમાં જતી રહી. શિવે જ્યારે સતીની અનુપસ્થિતિની નોંધ લીધી ત્યારે તેમને વધારે ક્રોધ આવ્યો.

હે ભગવાન !

તેમણે પાછું નૃત્યમાં મન પરોવવાનો પ્રયત્ન કર્યો. તેમના મનમાં પીડા અને આનંદના ભાવ એક સાથે રમી રહ્યા હતા. થોડી વાર પછી તેમણે પુનઃ સતી બેઠી હતી તે દિશામાં જોઈ લીધું.

પેલા પડદા પાછળ કોણ છે ?

એ જ સમયે વીરભદ્ર શિવને બીજા ગીત માટે ખેંચી ગયો. એટલે થોડીક વાર પછી શિવ પાછા એ પડદાની દિશામાં જોઈ શક્યા. તેમને પડદા પાછળ ઊભેલી સતીનો આકાર દેખાયો. તેમને લાગ્યું કે સતી તેમને જોઈ રહી હતી, માત્ર તેમને.

ઓહ !

આશ્ચર્ય અને આનંદ અનુભવતા શિવમાં પુનઃ ઊર્જાનો સંચાર થયો અને તે નૃત્ય કરવા લાગ્યા. તેમણે સતીને પ્રભાવિત કરવાની હતી !



પ્રકરણ ૧૩
અંધના આશીર્વાદ

નીલકંઠનું સ્વાગત કરવા માટે મેલુહાને નવોઢાની જેમ શણગારવામાં આવ્યું હતું. જાણે દિવાળી હોય, તેમ કિલ્લા ફરતે મશાલો પ્રગટાવવામાં આવી હતી. સૂર્યવંશીઓના પ્રતીક સૂર્યવાળી લાલ અને વાદળી ધજાઓ પણ કિલ્લાની દીવાલો પર લગાવવામાં આવી હતી. શિષ્ટાચાર છોડીને, આ વિરલ પ્રસંગે કોટદ્વારનો રાજ્યપાલ નગરની બહાર નીલકંઠનું સ્વાગત કરવા ઊભો હતો. સ્થાનિક દરબારમાં નીલકંઠે કોટદ્વારના ઉમરાવોને દર્શન આપી દીધાં એ પછી સામાન્ય લોકો નીલકંઠનાં દર્શન કરી શકે એ માટે બીજે દિવસે એક સાર્વજનિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એ કાર્યક્રમમાં પાંસઠ હજાર લોકો, એટલે કે કોટદ્વારમાં રહેતા તમામ લોકો આવ્યા હતા. આટલી મોટી સંખ્યામાં લોકો આવશે જ, તેવી ધારણા

બાંધીને આ સાર્વજનિક કાર્યક્રમ નગરના મંચની બહારની બાજુ જ યોજવામાં આવ્યો હતો કે જેથી બધા લોકોને સમાવી શકાય.

શિવે આપેલા ભાષણથી કોટદ્વાર નિવાસીઓને એવી ખાતરી થઇ ચૂકી હતી કે મેલુહાની સમસ્યાના દિવસો હવે પૂરા થવામાં છે. એ લોકો પર જે દેખીતી અસર પડી હતી તેનાથી શિવની પણ આંખો ખૂલી ગઈ હતી. એ પોતાના શબ્દો અત્યંત કાળજીપૂર્વક પસંદ કરતા હતા અને કહેતા હતા કે મેલુહાના લોકોની સહાય કરવા માટે એ પોતાનાથી શક્ય બધું જ કરી છૂટશે પરંતુ લોકો તો તેને પોતાની રીતે જ સમજતા હતા.

'હવે શાપિત ચંદ્રવંશીઓના દિવસો પૂરા થઈ ગયા છે.' એક માણસ બોલ્યો.

'હવે આપણે કશી જ ચિંતા કરવા જેવું નથી. નીલકંઠ જ બધું સંભાળી લેશે.' એક સ્ત્રી બોલી.

વક્તાના મંચ પર બૃહસ્પતિ અને સતી સાથે બેઠેલા પર્વતેશ્વર લોકોની આ પ્રતિક્રિયાથી ભારે દુઃખ અનુભવતાં હતાં. મુખ્ય વૈજ્ઞાનિક સામે જોઇને તેમણે કહ્યું, 'આપણો સમગ્ર સમાજ નિયમપાલનના આધારે જ ચાલે છે અને આપણે કોઈનું આંધળું અનુસરણ કરવું જોઈએ નહીં. આપણે આપણી સમસ્યાઓનું સમાધાન જાતે જ લાવવાનું છે અને કોઈ એક માણસ ચમત્કાર કરીને બધું ઠીક કરી દેશે એવી અપેક્ષા આપણે રાખવી જોઈએ નહીં. આવી આંધળી શ્રદ્ધા ઉત્પન્ન થાય, એવું તો આ માણસે શું કર્યું છે ?'

'પર્વતેશ્વર.' બૃહસ્પતિએ વિનમ્રતાથી કહ્યું. તેઓ પર્વતેશ્વરનો અત્યંત આદર કરતા હતા. 'મને લાગે છે કે શિવ સારો માનવ છે. મને એમ પણ લાગે છે કે તે આ સમાજની એટલી ચિંતા અવશ્ય કરે છે કે તેના માટે કશુંક કરી છૂટશે. અને સારા ઇરાદા જ સત્કૃત્યોની દિશામાં પ્રથમ પગલું નથી ગણાતું ?'

પર્વતેશ્વર સંપૂર્ણતઃ સહમત થયા નહીં. તેમને કદી પણ નીલકંઠની દંતકથામાં શ્રદ્ધા નહોતી. તેઓ એમ જ માનતા હતા કે આ જીવનમાં દરેક સ્ત્રી કે પુરુષે પોતાનું પદ પ્રશિક્ષણ અને મહેનતથી પામવું જોઈએ. એનું ગળુ વાદળી રંગનું થઈ ગયું છે એટલે તેને કોઈ પદ આપી ન દેવું જોઈએ. 'હા, એ કદાચ સત્ય હશે, પરંતુ માત્ર ઇરાદાઓ જ પૂરતા નથી. તેમને પૂરા કરવાની ક્ષમતા પણ આવશ્યક છે. અને અત્યારે આપણે એક અપ્રશિક્ષિત માણસને મંચ પર બેસાડીને એવી રીતે વર્તી રહ્યા છીએ જાણે તે જ આપણો તારણહાર હોય. એ આપણને વિનાશની દિશામાં દોરી જાય, તો પણ કોને ખબર ? આપણે માત્ર શ્રદ્ધાના આધારે જ આમ વર્તી રહ્યા છીએ. તેની પાછળ કોઈ તર્ક, નિયમ કે અનુભવસિદ્ધ સત્ય નથી.'

'મુશ્કેલ પરિસ્થિતિમાં ક્યારેક થોડીક શ્રદ્ધા પણ આવશ્યક હોય છે. હંમેશાં તર્ક ચાલતો નથી. આપણને પણ સંભવતઃ અત્યારે તો કોઈ ચમત્કારની જ આવશ્યકતા છે.'

'તમે ચમત્કારની વાતો કરો છો ? એક વૈજ્ઞાનિક ?'

'વૈજ્ઞાનિક ચમત્કારો પણ થઈ શકે છે, પર્વતેશ્વર.' બૃહસ્પતિએ સસ્મિત કહ્યું.

શિવ મંચ પરથી નીચે ઊતરવા જતા હતા એટલે પર્વતેશ્વરનું ધ્યાન એ બાજુ હતું. એ નીચે ઊતર્યા એટલે હજારો લોકો તેમના હાથને સ્પર્શવા ઇચ્છતા હતા. નંદી અને વીરભદ્રની આગેવાનીમાં ગોઠવાયેલા સૈનિકો લોકોને ખાળી રહ્યા હતા. એ મેદનીમાં એક અંધ માણસ પણ હતો જે આ ટોળામાં કચડાઈ જશે એમ લાગતું હતું.

'નંદી, પેલા માણસને અહીં આવવા દે.' શિવે કહ્યું.

નંદી અને વીરભદ્રએ દોરડું નીચું કરીને તે માણસને શિવ પાસે આવવા દીધો.

બીજા એક માણસે બૂમ પાડી. 'હું તેમનો પુત્ર છું. તેમને રસ્તો બતાવવા મારે પણ આવવું જ પડશે.'

'એને પણ અંદર આવવા દો.' શિવે કહ્યું.

પુત્રએ અંદર દોડી જઈને પોતાના પિતાનો હાથ પકડી લીધો. પોતાના પુત્રના હાથ વિના ક્યાંક ખોવાઈ ગયાનો અનુભવ કરતા વૃદ્ધ માણસના મુખ પર પુત્રના હાથના પરિચિત સ્પર્શને કારણે બહોળું સ્મિત આવી ગયું. તેને શિવની પાસે લઈ જવામાં આવ્યો અને તેનો પુત્ર બોલ્યો, 'પિતાજી, નીલકંઠ આપની સામે જ ઊભા છે. એમની ઉપસ્થિતિ આપ અનુભવી શકો છો ?'

એ માણસની આંખમાંથી બોર જેવડાં આંસુ પડવા માંડ્યાં. વિચાર્યા વિના જ તેણે નમીને શિવનો ચરણસ્પર્શ કરવાનો પ્રયત્ન કર્યો. તેના પુત્રએ આઘાતથી ચીસ પાડીને તેને પાછો ખેંચ્યો.

'પિતાજી !' પુત્રએ પિતાને ઠપકો આપ્યો.

અત્યાર સુધી એ પુત્ર તેના પિતા સાથે પ્રેમપૂર્વક વર્તી રહ્યો હતો એટલે તેના અવાજમાં આવેલી કર્કશતાથી શિવને આશ્ચર્ય થયું. 'શું થયું ?'

'મને ક્ષમા કરજો, પ્રભુ.' પુત્રએ શિવને કહ્યું. 'પિતાજી એવું કરવા નહોતા ઇચ્છતા, પરંતુ આપની ઉપસ્થિતિથી એ ભાન ભૂલ્યા છે.'

'મને ક્ષમા કરો, પ્રભુ.' અંધ માણસે પણ કહ્યું. તેનાં આંસુઓની ગતિ વધી ગઈ હતી.

'શાના માટે ?' શિવે પૂછ્યું.

'તે વિકર્મ છે, પ્રભુ.' પુત્રએ કહ્યું. 'એક રોગને કારણે વીસ વર્ષ પહેલા અંધ થયા ત્યારથી તેઓ વિકર્મ છે. એમણે આપનો સ્પર્શ કરવાનો પ્રયત્ન કરવા જેવો નહોતો.'

શિવની પાસે ઊભેલી સતીએ આ આખો પ્રસંગ જાયો હતો. તેને એ અંધ માણસ

પ્રત્યે સહાનુભૂતિ થઈ આવી. પોતાનો સ્પર્શ પણ અશુદ્ધ માનવામાં આવે, ત્યારે કેવી પીડા થતી હોય છે, તે વાત તે સારી રીતે સમજતી હતી, પરંતુ એ માણસે જે કરવાનો પ્રયત્ન કર્યો, તે નિયમ વિરુદ્ધની વાત હતી.

'હું ક્ષમા માગું છું, પ્રભુ.' એ અંધ માણસે ફરી કહ્યું. 'પરંતુ આપ મારી પરના ક્રોધને કારણે આ દેશનું રક્ષણ કરવાનું છોડી ન દેતા. પરમાત્માએ સર્જેલી આ મહાનતમ ભૂમિ છે. તેને દુષ્ટ ચંદ્રવંશીઓથી બચાવી લો. અમને બચાવી લો, પ્રભુ.'

અંધ માણસે હાથ જોડી રાખીને રડવાનું ચાલુ રાખ્યું. એ અંધ માણસની ગરિમાપૂર્ણ વાતો શિવના હૃદયને સ્પર્શી ગઈ હતી.

આ દેશે તેને અન્યાય કર્યો છે તેમ છતાં તે આ દેશને ચાહે છે.

કેમ ? વધારે આશ્ચર્યની વાત તો એ છે કે તેને એવો વિચાર પણ નથી આવતો કે તેની સાથે અન્યાય થઈ રહ્યો છે.

શિવને વિચાર આવ્યો કે તે એવા માણસને જોઈ રહ્યા હતા જેની સાથે ભાગ્યએ જ બહુ મોટો અન્યાય કર્યો હતો. તેમની આંખો પણ ભીની થઈ ગઈ.

હું આ મૂર્ખામી બંધ કરાવીશ.

શિવ આગળ વધીને નમ્યા. તેમણે નમીને વિકર્મ મનાતા અંધ માણસનો ચરણસ્પર્શ કર્યો એ જોઇને અંધ માણસનો પુત્ર તો એકદમ દિગ્મૂઢ થઈ ગયો. અંધ માણસને એક ક્ષણ તો શું થયું છે તે સમજાયું નહીં, પરંતુ નીલકંઠે શું કર્યું છે એ સમજાતાં તેનું મોઢું આઘાતથી ખૂલી ગયું અને તેની પર તેણે પોતાના બંને હાથ મૂકી દીધા.

શિવ સીધા થઈને અંધ માણસની સામે ઊભા રહ્યા. 'મને આશીર્વાદ આપો જેથી તમારા જેવા દેશભક્ત માટે લડવાની મને શક્તિ મળી રહે.'

અંધ માણસ તો હજુ દિગ્મૂઢ અવસ્થામાં જ હતો. આશ્ચર્યથી તેનાં આંસુ સુકાઈ ગયાં હતાં. એ બેભાન થઈને ઢળી પડવાનો હતો ત્યારે જ શિવે આગળ વધીને તેને નીચે પડતો અટકાવવા પકડી લીધો. અંધ માણસે માંડ માંડ શક્તિ ભેગી કરીને કહ્યું, 'વિજયી ભવ.'

અંધ માણસના પુત્રએ શિવ પાસેથી પોતાના પિતાનો હવાલો સંભાળી લીધો. નીલકંઠે જે કર્યું હતું તેનાથી સમગ્ર મેદની સ્તબ્ધ થઈ ગઈ હતી. વિકર્મના સ્પર્શની ગંભીરતા તો ભૂલી જ જાવ, નીલકંઠે તો વિકર્મના આશીર્વાદ માંગ્યા હતા. શિવે પર્વતેશ્વરનું ક્રુદ્ધ મુખ જોયું. શિવે નિયમભંગ કર્યો હતો. એકદમ સાર્વજનિક રીતે ભંગ કર્યો હતો. સતી તેની પાસે જ ઊભી હતી. તેનું મુખ, આંખો, સમગ્ર દેખાવ જ હાવભાવ વિહીન હતો.

એ માણસ પોતાને શું માને છે ?



શિવ જેવા એકલા પડ્યા કે બૃહસ્પતિ અને સતી તેમના ભવનમાં દોડી ગયાં. આ દુનિયામાં પોતાને જે બે વ્યક્તિઓ અતિપ્રિય હતી તેમને જોઇને શિવના મુખ પર આવેલું સ્મિત સતીનો અવાજ સાંભળીને વિલાઈ ગયું. 'આપે તરત જ શુદ્ધીકરણ કરાવવું જોઈએ.'

શિવે સતી સામે જોઇને એકદમ સરળતાથી કહ્યું, 'ના.'

'ના ? આપ કહેવા શું માંગો છો ?'

'મેં કહ્યું ના. હું એમ નથી કરવાનો.' શિવે પોતાનો નકાર ભારપૂર્વક રજૂ કર્યો.

'શિવ.' બૃહસ્પતિએ શાંતિથી કહ્યું. 'આ કંઈ હસવાની વાત નથી. હું આ વાતમાં સતી સાથે સહમત છું. રાજ્યપાલ પણ આપની સલામતી માટે ચિંતિત છે. તેમણે એક પંડિતની

વ્યવસ્થા કરી છે. એ પંડિત અત્યારે બહાર જ ઊભા છે. અત્યારે જ એ વિધિ કરાવી લો.'

'પરંતુ મેં એમ કહ્યું કે હું એવું કશું જ કરવાનો નથી.'

'શિવ.' સતીએ પોતાના સામાન્ય અવાજમાં જ કહ્યું, 'હું આપનો અત્યંત આદર કરું છું. આપની બહાદુરી. આપની બુદ્ધિ. આપની ક્ષમતા, પરંતુ એનો અર્થ એ નથી કે આપ નિયમથી પર છો. આપે એક વિકર્મનો સ્પર્શ કર્યો છે. આપે શુદ્ધીકરણ કરાવવું જ રહ્યું. એ જ નિયમ છે.'

'જો એ બિચારા અંધ માણસને મેં કરેલો સ્પર્શ નિયમ વિરુદ્ધ હોય, તો એ નિયમ ખોટો છે !'

શિવના આ અભિગમથી હવે સતી સ્તબ્ધ થઈ ગઈ હતી.

'શિવ, મારી વાત સાંભળો.' બૃહસ્પતિએ દલીલ કરી. 'શુદ્ધીકરણ ન કરાવવાથી આપને નુકસાન થઈ શકે છે. આપે તો ઘણાં મહાન કાર્યો કરવાનાં છે. આપ ભારતના ભવિષ્ય માટે અત્યંત મત્ત્વના છો. દુરાગ્રહને કારણે પોતાની જાત જાખમમાં મૂકવાની કોઈ જ આવશ્યકતા નથી.'

'આ કોઈ દુરાગ્રહ નથી. જેની સાથે અન્યાય થયો હોય, જેનો સામાજિક બહિષ્કાર કરવામાં આવ્યો હોય, જેની સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હોય તેમ છતાં જે માણસ પોતાના દેશને ચાહતો હોય, તેના સ્પર્શથી મને કઈ રીતે નુકસાન થાય એ આપ જ મને પ્રમાણિકતાથી કહો.'

'એ સંભવતઃ સારો માણસ જ હશે, શિવ, પરંતુ તેના પૂર્વજન્મના પાપથી આપની પણ દુર્ગતિ થઈ શકે છે.' બૃહસ્પતિએ કહ્યું.

'તો પછી ભલે એમ જ થાય ! જો એ માણસના મન પરનો ભાર જરા પણ હળવો થયો હશે, તો મને સાચે જ આશીર્વાદ મળ્યા ગણાશે.'

'આપ શું કહી રહ્યા છો, શિવ ?' સતીએ પૂછ્યું, 'બીજા કોઈના પાપનો ભાર તમારે શું કરવા વેંઢારવો પડે ?'

'સૌ પ્રથમ તો એ કે તેને તેના પૂર્વજન્મના પાપની શિક્ષા થઈ હશે, એવી મૂર્ખામીપૂર્ણ વાત જ હું માનવા તૈયાર નથી. તેને માત્ર એક રોગ થયો હતો, એકદમ સીધી અને સરળ વાત છે. બીજું, જો મારે કોઈના કહેવાતા પાપનો ભાર વેંઢારવો હોય, તો એની બીજા કોઈને શું પરવા હોય ?'

'અમને પરવા છે કારણ કે અમે આપની દરકાર કરીએ છીએ !' બૃહસ્પતિએ કહ્યું.

'સતી.' શિવે કહ્યું, 'હવે તું એમ ન કહેતી કે તું પણ આવી નકામી વાતોમાં વિશ્વાસ ધરાવે છે.'

'આ નકામી વાત નથી.'

'જા, તું એમ નથી ઇચ્છતી કે હું તારા માટે લડું ? આ સમાજે તારી સાથે જે અન્યાય કર્યો છે, તેને દૂર કરું ?' શિવના હૃદયમાંથી અવાજ નીકળી રહ્યો હતો.

'એટલે આ બધું મારા માટે છે ? મારા માટે ?' સતીએ ક્રોધપૂર્વક પૂછ્યું.

'ના.' કહીને શિવે તરત જ ઉમેર્યું. 'સાચું કહું, તો હા. આ તારા માટે પણ છે. આ મુદ્દો વિકર્મ પ્રથા અને તેના લીધે વિકર્મોએ સહન કરવા પડતા અન્યાયને લગતો છે. એ લોકો જે બહિષ્કૃત જીવન જીવી રહ્યા છે, તેમાંથી મારે તેમને ઉગારવા છે.'

'આપના રક્ષણની મને કોઈ જ આવશ્યકતા નથી ! મને કોઈ જ બચાવી શકે તેમ નથી !' સતીએ ઊંચા અવાજે કહ્યું અને તે ભવનની બહાર નીકળી ગઈ.

શિવ ગુસ્સામાં તેને બહાર જતી જાઈ રહ્યા. 'આ સ્ત્રીને એવું તે શું થયું છે ?'

'એ સાચું કહે છે, શિવ.' બૃહસ્પતિએ સલાહ આપી, 'એવો પ્રયત્ન કરતા નહીં.'

'એટલે આ વિકર્મ પ્રથાથી આપ સહમત છો ? તમારા હૃદયથી ઉત્તર આપજા, બૃહસ્પતિ. શું આપને નથી લાગતું કે આ અન્યાય છે ?'

'હું એમ નહોતો કહી રહ્યો. હું તો સતીની વાત કરી રહ્યો હતો.'

શિવ બૃહસ્પતિ સામે વેધક દૃષ્ટિથી જાઈ રહ્યા. તેમનું મગજ, શરીર અને આત્મા કહી રહ્યો હતો કે તેમણે સતીની પાછળ જવું જોઈએ, કારણ કે સતી વિના તેમનું જીવન નિરર્થક હતું. તેમના આત્માનું અસ્તિત્વ સતી વિના અપૂર્ણ જ રહેવાનું હતું.

'એ પ્રયત્ન ના કરતા, મારા મિત્ર.' બૃહસ્પતિએ ફરી એક વાર કહ્યું.



કોટદ્વારથી કાફલો નદીમાર્ગે નીકળ્યો ત્યારે તેમાં એક રાજવી વહાણ હતું અને તેના જેટલા જ મોટા અને રાજવી કાફલાને અનુરૂપ અન્ય બે વહાણો તેને અનુસરી રહ્યાં હતાં. મેલુહાની સુરક્ષા પ્રણાલી અનુસાર વધારાનાં બે વહાણ તો એટલે જ રાખવામાં આવ્યાં હતાં કે જેથી આક્રમણ કરનાર ગૂંચવાઈ જાય કે કયા વહાણ પર રાજપરિવાર હશે. સમગ્ર રાજપરિવાર બીજા વહાણમાં હતો. ત્રણેય વહાણોનું સુકાન સૈનિકોએ સંભાળ્યું હતું. ઉપરાંત, પાંચ નાનકડી હોડીઓ રાજવી કાફલાની બંને બાજુ હંકારી રહી હતી જેથી એ દિશામાંથી પણ કોઈ આક્રમણ થાય તો રક્ષણ થઈ શકે.

'ચોમાસું ન હોય, ત્યારે યાત્રા માટે નદીઓનો માર્ગ શ્રેષ્ઠ બની રહે છે, પ્રભુ.' આયુર્વતીએ કહ્યું. 'આમ તો મેલુહામાં દરેક મત્ત્વનાં નગરોને જાડતા રસ્તાઓ બહુ સારા છે, તેમ છતાં ગતિ અને સલામતીની દૃષ્ટિએ એ રસ્તાઓ આ જળમાર્ગોની હરોળમાં આવી શકે નહીં.'

શિવે આયુર્વતી સામે વિનમ્ર સ્મિત કર્યું. એ અત્યારે વધારે વાત કરવાની ઇચ્છા નહોતા ધરાવતા. પેલા દિવસે શિવે કોટદ્વારમાં શુદ્ધીકરણની ના પાડી એ પછી સતી શિવ સાથે બોલી નહોતી.

રાજવી વહાણો માર્ગમાં પડતાં ઘણાં મોટાં નગરો આગળ રોકાતાં હતાં. બધે લગભગ એક સમાન જ કાર્યક્રમ રહેતો. નીલકંઠના આગમનને કારણે પ્રત્યેક નગરમાં અત્યંત ઉલ્લાસમય વાતાવરણ સર્જાઈ જતું હતું.

મેલુહામાં આ પ્રકારની પ્રતિક્રિયા એકદમ અસ્વાભાવિક હતી. જોકે નીલકંઠ પણ મેલુહામાં રોજ ક્યાં આવતા હતા ?

'કેમ ?' ઘણા દિવસ સુધી પોતાના મનને મૂંઝવતા પ્રશ્ન અંગે મૌન રહ્યા પછી શિવે બૃહસ્પતિને પૂછ્યું.

'શું કેમ ?'

'હું શું પૂછી રહ્યો છું એ તમે સારી રીતે જાણો છો, બૃહસ્પતિ.' શિવે આંખો ઝીણી કરીને કહ્યું.

'એ સાચે જ એમ માને છે કે એ વિકર્મ બનવાને જ લાયક છે.' બૃહસ્પતિએ ઉદાસ સ્મિત સાથે ઉત્તર આપ્યો.

'કેમ ?'

'સંભવતઃ એ જે રીતે વિકર્મ બની હતી, તેના કારણે.'

'અને એ કઈ રીતે બન્યું હતું ?'

'એ ઘટના સતીના લગ્નજીવનમાં બની હતી.'

'શું ? સતી પરિણીત હતી ? !'

'હા. એ લગભગ નેવું વર્ષ પહેલાંની વાત છે. સામ્રાજ્યના જ એક ઉમરાવ કુટુંબ સાથે રાજકીય ગણતરીથી આ સંબંધ બાંધવામાં આવ્યો હતો. તેના પતિનું નામ ચંદનધ્વજ હતું. પછી તે ગર્ભવતી થઈ અને બાળકને જન્મ આપવા મૈકા ગઈ. ચોમાસાની ઋતુ હતી. દુર્ભાગ્યે મૃત બાળક આવ્યું હતું.'

'હે ભગવાન !' સતીને કેટલી પીડા થઈ હશે તે વિચારથી શિવ બોલી ઊઠ્યા.

'જોકે માત્ર એટલેથી જ વાત નહોતી પતી. એ જ દિવસે, તેનો પતિ બાળકના જન્મ માટે પ્રાર્થના કરવા નર્મદાકાંઠે ગયો હતો, તે પણ અકસ્માતે ડૂબી ગયો હતો. એ શાપિત દિવસે તેનું આખું જીવન જ નાશ પામ્યું હતું, એમ કહી શકાય.'

આ સાંભળીને શિવને એટલો આઘાત લાગ્યો કે તે કોઈ પ્રતિક્રિયા આપી શક્યા નહીં. તે માત્ર બૃહસ્પતિ સામે જોઈ રહ્યા.

'તે વિધવા થઈ અને તે દિવસે જ તેને વિકર્મ પણ ઘોષિત કરવામાં આવી હતી.'

'પરંતુ તેના પતિના મૃત્યુને તેની ભૂલ કઈ રીતે ગણી શકાય ?' શિવે દલીલ કરી. 'એ તો એકદમ મૂર્ખામીપૂર્ણ વાત છે.'

'તેને તેના પતિના મૃત્યુ માટે વિકર્મ ઘોષિત નહોતી કરવામાં આવી. તેના ખોળે મૃત બાળક આવ્યું, એ તેનું કારણ હતું.'

'પરંતુ એમ થવાનાં તો ઘણાં કારણ હોઈ શકે. સ્થાનિક વૈદ્યોથી ભૂલ થઈ હોય એમ પણ બને.'

'એવું મેલુહામાં નથી બનતું, શિવ.' બૃહસ્પતિએ શાંતિથી કહ્યું. 'કોઈ પણ સ્ત્રીને વિકર્મ ઘોષિત કરવાનાં સૌથી અનિષ્ટ કારણોમાંનું એક કારણ મૃત બાળક છે. જો કોઈ નાગવંશી બાળકને જન્મ આપે, તો એ ઘટનાને જ મૃત બાળકથી વધારે અનિષ્ટ માનવામાં આવે છે. એવું ન બન્યું એ માટે ભગવાનનો આભાર. કારણ કે જો એમ થયું હોત, તો તેને સમાજમાંથી સંપૂર્ણ રીતે બહિષ્કૃત જ કરવામાં આવી હોત.'

'આ વસ્તુ તો બદલાવી જ હોઈએ. વિકર્મની વિભાવના જ અન્યાયી છે.'

બૃહસ્પતિએ પોતાના મિત્ર સામે વેધક દૃષ્ટિથી જોયું. 'આપ કદાચ વિકર્મોને તો બચાવી લેશો, શિવ, પરંતુ એવી સ્ત્રીને કઈ રીતે બચાવશો જે પોતે જ બચવા નથી ઇચ્છતી ? તે સાચે જ એમ માને છે કે તેને આ શિક્ષા મળવી જોઈએ.'

'કેમ ? તે કંઈ મેલુહાની એવી પ્રથમ સ્ત્રી નથી કે જેણે મૃત બાળકને જન્મ આપ્યો હોય. તેના પહેલાં પણ એવી ઘણી સ્ત્રીઓ હશે જ. અને તેના પછી પણ આ પીડા ઘણી સ્ત્રીઓએ ભોગવી હશે.'

'રાજપરિવારમાં મૃત બાળકને જન્મ આપનારી તે સૌ પ્રથમ સ્ત્રી હતી. તેના દુર્ભાગ્યને કારણે તો મહારાજે પણ શરમમાં મુકાવું પડ્યું હતું. તેના કારણે તેની વંશરેખા પર પણ પ્રશ્નો ઉદ્ભવ્યા હતા.'

'તેમાં એની વંશરેખા સામે વળી શું પ્રશ્ન ઉદ્ભવે ? સતી કંઈ મહારાજે જ જન્મ આપેલી પુત્રી છે, એવું તો નથી. એને પણ મૈકામાંથી જ દત્તક લેવામાં આવી હશે, બરોબર ?'

'ના, મારા મિત્ર. લગભગ અઢીસો વર્ષો પહેલાં એ નિયમમાંથી રાજપરિવાર અને ઉમરાવોને મુક્તિ આપવામાં આવી હતી. એમ કહેવાયું હતું કે "રાષ્ટ્રનાં હિતોને ધ્યાનમાં રાખીને" રાજપરિવાર અને ઉમરાવો પોતાના જન્મ આપેલા બાળકો રાખી શકશે. જો

બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યોમાં ચોક્કસ જાતિથી ઉપરના અને અમુક વિશેષ કામ કરનારા નેવું પ્રતિશતથી વધારે લોકો મત આપે, તો અમુક નિયમોમાં પરિવર્તન કરી શકાય છે. અને આવી સર્વસંમતિના પ્રસંગો વિરલ રહ્યા છે. આ પ્રસંગ તેમાંનો એક હતો. માત્ર એક જ માણસે આ પરિવર્તનનો વિરોધ કર્યો હતો.'

'કોણે ?'

'પર્વતેશ્વરના દાદા સત્યધ્વજે. આ નિયમમાં પરિવર્તન કરવામાં આવ્યું એ પછી પણ તેમના કુટુંબે એવી પ્રતિજ્ઞા લીધી હતી કે તેઓ પોતાના ખોળે જન્મેલા કોઈ પણ બાળકને પોતાના પરિવારમાં રાખશે નહીં. પર્વતેશ્વર એ પ્રતિજ્ઞાનું પાલન આજે પણ કરે છે.'

'પરંતુ જો જન્મને લગતા આ નિયમમાં પરિવર્તન થઈ શકે,' શિવે પોતાનો વિચાર રજૂ કર્યો. 'તો પછી વિકર્મવાળા નિયમમાં શા માટે પરિવર્તન ન થઈ શકે ?'

'કારણ કે ઉમરાવ કુટુંબોને આ સમસ્યા ભાગ્યે જ સ્પર્શે છે. આ કડવું સત્ય છે.'

'પરંતુ આ વાત તો ભગવાન રામ જે શીખવીને ગયા છે, તેનાથી તદ્દન વિપરીત જ છે !'

'પરંતુ ભગવાન રામ જ કહીને ગયા છે કે વિકર્મની વિભાવના યોગ્ય છે. શું આપે એ અંગે કોઈ પ્રશ્ન નથી ઉઠાવવો ?'

શિવ બૃહસ્પતિ સામે કશું જ બોલ્યા વિના જોઈ રહ્યા. પછી તેમણે નદી પર દૃષ્ટિ ઠેરવી.

'ભગવાન રામના નિયમો સામે પ્રશ્ન ઉઠાવવામાં કશું જ ખોટું નથી, મારા મિત્ર.' બૃહસ્પતિએ કહ્યું, 'અમુક સમયે તો સ્વયં ભગવાન રામે જ પોતાની વિચારધારાથી અલગ અને ઉત્કૃષ્ટ તર્ક સ્વીકાર્યા છે. મુદ્દો એ છે કે તમે નિયમમાં પરિવર્તન કયા હેતુથી ઇચ્છો છો. શું તમને સાચે જ એમ લાગે છે કે આ નિયમ અન્યાયી છે ? કે પછી આપને સતીનું આકર્ષણ છે અને આ નિયમ તમારા માર્ગમાં અંતરાય ઊભો કરી રહ્યો છે, એટલે ?'

'મને સાચે જ એમ લાગે છે કે આ વિકર્મની પ્રથા અન્યાયી છે. મેં જે ક્ષણે તેના વિશે જાણ્યું, ત્યારથી જ મને એમ લાગી રહ્યું છે. સતી વિકર્મ છે, એ જાણ્યા પહેલાંથી હું આ પ્રથાને અન્યાયી માનું છું.'

'પરંતુ સતી એમ નથી માનતી કે આ નિયમ અન્યાયી છે.'

'તે ઉમદા સ્ત્રી છે. તેની સાથે આવું ન થવું જોઈએ.'

'તે માત્ર ઉમદા સ્ત્રી નથી. મેં જીવનમાં જોયેલી સૌથી ઉત્કૃષ્ટ સ્ત્રીઓમાંની એક છે સતી. તે સુંદર, પ્રમાણિક, સ્પષ્ટવક્તા, વીરાંગના અને બુદ્ધિશાળી છે. કોઈ પુરુષને સ્ત્રીમાં જે ગુણો જોઈતા હોય, તે બધા જ ગુણો તેનામાં છે, પરંતુ આપ પણ કોઈ સામાન્ય પુરુષ નથી. આપ પણ નીલકંઠ છો.'

શિવે અવળા ફરીને વહાણના કઠેડા પર પોતાના હાથ ટેકવ્યા. તેમનું વહાણ પાણી પર સરકતું રહ્યું અને તેઓ નદીકિનારે ઊગેલાં ગાઢ જંગલો સામે જોઈ રહ્યા. ઠંડી હવાની લહેરખી તેમની લટોને રમાડતી રહી.

'મેં આ પહેલાં પણ આપને કહ્યું છે, મિત્ર.' બૃહસ્પતિએ કહ્યું. 'આ દુર્ભાગી વાદળી ગળાને કારણે, આપ જે પણ નિર્ણય લેશો તેની વ્યાપક અસર પડશે. એટલે જ તમારે કોઈ પણ પગલું ભરતા પહેલાં ઘણો વિચાર કરવો પડશે.'

— ⁂ —

મોડી રાત થઈ ગઈ હતી. સિંધુ નદીના કાંઠે વસેલા સજ્જનગઢ નામના નગરેથી વહાણો હમણાં જ ઊપડ્યાં હતાં. નીલકંઠના આગમનથી અન્ય તમામ નગરોની જેમ સજ્જનગઢમાં પણ ઉલ્લાસનું વાતાવરણ સર્જાઈ ગયું હતું. તેમની સંસ્કૃતિના તારણહાર છેવટે પ્રગટ્યા હતા.

જોકે તેમના તારણહાર અત્યારે તો પોતે જ ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યા હતા. પાછલા કેટલાક સપ્તાહથી સતી શિવથી અળગી જ રહી હતી. શિવને સતત એકલા પડી ગયાની લાગણી થઈ રહી હતી અને તેમને એ વાત અત્યંત પીડી રહી હતી.

કાફલાનું આગામી ગંતવ્યસ્થાન હતું પ્રખ્યાત મોહન-જા-દરો એટલે કે મોહનનું મંચ. સિંધુ નદીને કાંઠે વસેલું આ નગર મહાન ત્ત્વચિંતક ભગવાન મોહનને સમર્પિત હતું. હજારો વર્ષો પહેલાં ભગવાન મોહન એ ક્ષેત્રમાં જ વસતા હતા. એક વાર મોહન-જા-દરોના લોકોને મળ્યા પછી શિવે ભગવાન મોહનના મંદિરે જવાની ઇચ્છા પ્રગટ કરી હતી. આ મંદિર મુખ્ય નગરની બહાર આવેલું હતું. મોહન-જા-દરોના રાજ્પાલે ભવ્ય સરઘસ કાઢીને શિવને એ મંદિરમાં લઈ જવાનો પ્રસ્તાવ રજૂ કર્યો, પરંતુ શિવે એવો આગ્રહ રાખ્યો કે તેઓ એકલા જ મંદિરે જવા ઇચ્છતા હતા. તેમને એ મંદિરનું ખેંચાણ થતું હતું. તેમને એમ લાગતું હતું કે તેમના પીડિત હૃદયને ત્યાંથી કોઈ ઉપાય મળી આવશે.

એ મંદિર આમ તો એકદમ સાદું જ હતું, ભગવાન મોહનની જેમ જ. આ નાનકડી, સાદગીપૂર્ણ જગ્યાએ જ તેઓ જન્મ્યા હતા, તેમ મનાતું હતું. એ મંદિરની ફરતે જે વિશાળ જગ્યા હતી તેની ફરતે કોટ બનેલો હતો અને ચારેય દિશામાંથી તેમાં પ્રવેશવા માટે ચાર ભવ્ય દ્વાર બનાવવામાં આવ્યાં હતાં, જે કદાચ આ જગ્યાની ભવ્યતાની એકમાત્ર નિશાની હતી. શિવે સૂચના આપી હતી તે અનુસાર નંદી અને વીરભદ્ર પોતાની ટુકડી સાથે મંદિરની બહાર જ ઊભા રહ્યા હતા.

શિવે પોતાના ગળા પર પટ્ટો બાંધી દીધો હતો જેથી તેમને રાહત અનુભવાતી હતી. ઘણા સમય પછી તેમના મનમાં શાંતિ અનુભવાઈ રહી હતી અને તેઓ ધીમે-ધીમે મંદિરનાં પગથિયાં ચડી રહ્યા હતા. તેમણે દ્વાર પાસે લટકાવેલો ઘંટ વગાડ્યો અને એક સ્તંભને ટેકે બેસીને આંખો બંધ કરીને તેઓ ઊંડા વિચારમાં ઊતરી ગયા. અચાનક તેમને એક પરિચિત અવાજ સંભળાયો. ‘કેમ છે, મિત્ર ?’



પ્રકરણ ૧૪
મોહન-જા-દરોનો પંડિત

શિવે આંખો ખોલી તો તેમને એવો જ પંડિત દેખાયો જેને તેઓ આ પહેલાં બ્રહ્મા મંદિરે મળ્યા હતા. જોકે એ ઘટના અત્યારે તો પૂર્વજન્મની હોય એમ લાગતું હતું. અદ્દલ એ પંડિત જેવી જ લાંબી, શ્વેત દાઢી અને વાળ. તેણે એક કેસરી ધોતી અને અંગવસ્ત્ર પહેર્યું હતું. તેના મુખ પર શાંતિ અને આવકારદાયક સ્મિત છવાયેલું હતું. જો આ પંડિતની ઊંચાઈ થોડીક વધારે ન હોત, તો શિવે તેને બ્રહ્માના મંદિરે મળેલો પંડિત જ માની લીધો હોત.

'કેમ છે, મિત્ર ?' પંડિતે નીચે બેસતાં ફરી વાર પૂછ્યું.

'હું ઠીક છું, પંડિતજી.' શિવે સાદર કહ્યું. શિવને સમજાયું નહીં કે કેમ પરંતુ પોતાની શાંતિમાં પડેલી આ ખલેલ તેમને ગમી. તેમને એમ જ લાગ્યું કે આ પંડિતને મળવાનું હશે એટલે જ તેમને આ મંદિરનું ખેંચાણ થતું હશે. 'શું મેલુહાના બધા જ પંડિતો એકસમાન દેખાતા હોય છે ?'

પંડિતે ઉષ્માપૂર્ણ સ્મિત કર્યું. 'બધા પંડિતો નહીં. માત્ર અમે.'

'અને આ "અમે" એટલે કોણ, પંડિતજી ?'

'હવે પછી તું અમારામાંથી કોઈને મળે, ત્યારે હું તને કહીશ.' પંડિતે ગર્ભિત ઇશારો કર્યો. 'એ અમારું વચન છે.'

'અત્યારે જ શા માટે નહીં ?'

'અત્યારે અમારી ઓળખ મત્ત્વની નથી.' પંડિતે સસ્મિત કહ્યું. 'મત્ત્વની વાત તો એ છે કે તારું મન અત્યારે કશાકથી પીડિત છે. તારે એ અંગે વાત કરવી છે ?'

શિવે ઊંડો શ્વાસ લીધો. તેમને એમ સ્ફુરણા થઈ આવી કે તેઓ આ માણસ પર વિશ્વાસ મૂકી શકે છે.

'મારે મેલુહા માટે આ કામ કરવાનું છે.'

'હું જાણું છું. જોકે હું "નીકલંઠ"ના પાત્રને કોઈ કામ નહીં કહું. તેણે એનાથી ઘણું વધારે કરવાનું છે.' શિવના ગળા સામે જોઇને પંડિતે કહ્યું, 'સુતરાઉ કપડાના લીરાથી કંઈ દૈવી તેજ ઢંકાતું હશે ?'

શિવે પંડિત સામે સ્મિત કર્યું. 'આમ તો મેલુહા અદ્ભુત સમાજ લાગે છે. અને તેને અનિષ્ટથી બચાવવા મારાથી થાય એ બધું હું કરવા તૈયાર છું.'

'તો પછી સમસ્યા શું છે ?'

'મને આ પરિપૂર્ણ દેખાતા સમાજમાં અમુક ભયંકર અન્યાય થતા હોય એમ લાગે છે. અને એ વાતો મેલુહાના આદર્શોથી વિપરીત જણાય છે.'

'તું શેની વાત કરી રહ્યો છે ?' પંડિતે પૂછ્યું.

'ઉદાહરણ તરીકે, આ વિકર્મ પ્રથા અને વિકર્મો સાથે થતો વ્યવહાર.'

'એ શા માટે અન્યાયી છે ?'

'એ લોકોએ પૂર્વજન્મમાં કોઈ પાપ કર્યાં હશે એવું કોઈ વિશ્વાસપૂર્વક કઈ રીતે કહી શકે ? અને એ કારણે જ તેઓ વર્તમાનમાં પીડાઈ રહ્યા છે, એનું કોઈ પ્રમાણ ખરું ? એ સંભવતઃ દુર્ભાગ્યની જ વાત હોય. કે પછી પ્રાકૃતિક ક્રમમાં એ કોઈની પણ સાથે બની શકે, એમ બન્યું હોય.'

'તું સાચું કહે છે. એમ હોઈ શકે છે, પરંતુ તને એમ લાગે છે કે વિકર્મનું ભાગ્ય એ તેનો વ્યક્તિગત વિષય છે ?'

'નથી ?'

'ના, એ તેની વ્યક્તિગત બાબત નથી.' પંડિતે સમજાવ્યું. 'તેમાં સમગ્ર સમાજના હિતની વાત છે. વિકર્મ લોકો પોતાના દુર્ભાગ્યને સ્વીકારી લે, તે વાત મેલુહા સમાજની સ્થિરતા માટે અત્યંત આવશ્યક છે.'

શિવની આંખો પહોળી થઈ ગઈ.

'નીલકંઠ, દરેક સમાજને સફળ બનવા માટે પરિવર્તનના અવકાશવાળી સ્થિરતા આવશ્યક છે. પરિવર્તનનો અવકાશ શા માટે જોઈએ ? કારણ કે દરેક વ્યક્તિનાં સપનાં અને ક્ષમતાઓ અલગ અલગ હોય છે. કોઈ યોદ્ધાના પુત્રમાં અદ્‌ભુત વેપારી બનવાની ક્ષમતા હોઈ શકે. ત્યારે સમાજમાં એટલા પરિવર્તનને અવકાશ હોવો જોઈએ કે જેથી એ પુત્ર પોતાના પિતાના કામથી અલગ કામ કરી શકે. તો જ સમાજમાં પરિવર્તન આવી શકે છે. તો જ સમાજના દરેક સભ્યને પોતાના સ્વત્વને પામવાની અને પોતાની ક્ષમતા અનુસાર વિકસવાની તક મળી શકે છે. અને જો દરેક વ્યક્તિ પોતાની ક્ષમતા અનુસાર વિકસી શકે, તો જ સમાજ પણ પોતાની ક્ષમતા અનુસાર વિકસી શકે છે.'

'એ વાત સાથે હું સહમત છું.'

પરંતુ તેને વિકર્મ સાથે શું લાગેવળગે છે ?

'એ પ્રશ્નનો ઉત્તર હું થોડીક વારમાં આપીશ. થોડીક ધીરજ રાખ.' પંડિતે કહ્યું. 'જો આપણે એમ માનતા હોઈએ કે પરિવર્તનનો અવકાશ સમાજની સ્થિરતા માટે આવશ્યક છે, તો એ વિચારને અમલમાં લાવવા માટે બનાવવામાં આવેલી પદ્ધતિ એટલે મૈકા પદ્ધતિ. તેમાં કોઈ પણ બાળકને પોતાને જન્મ આપનાર માતા-પિતાના કામ અંગે જાણ જ નથી હોતી. એટલે તેની કુદરતી ક્ષમતાઓ અનુસાર તેને જે પણ કાર્ય કરવું હોય, તે કાર્ય તે મુક્ત રીતે કરી શકે છે.'

'હું સહમત છું. મૈકા પદ્ધતિ અત્યંત ન્યાયી લાગે છે. એ પદ્ધતિ અનુસાર કોઈ વ્યક્તિ જે સિદ્ધ કરે છે કે નથી કરી શકતો, તેના માટે તે માત્ર અને માત્ર પોતાની જાતને જ દોષ આપી શકે છે, બીજા કોઈને નહીં, પરંતુ આ તો પરિવર્તનના અવકાશની વાત થઈ. સ્થિરતાનું શું ?'

'સ્થિરતાને કારણે માણસને વિકલ્પનું સ્વાતંત્ર્ય મળે છે, મારા મિત્ર. લોકો એવા સમાજમાં જ પોતાનાં સપનાંઓ પાછળ ભાગી શકે છે જ્યાં અસ્તિત્વ ટકાવી રાખવા દૈનિક સંઘર્ષ કરવો પડતો નથી. સલામતી અને સ્થિરતા વિનાના સમાજમાં કોઈ બૌદ્ધિક કે વેપારી, કલાકાર કે પ્રતિભા ઉદ્‌ભવી શકે નહીં. ત્યાં માણસે સતત લડવા કે ભાગી છૂટવા માટે તૈયાર રહેવું પડે છે. તેનું અસ્તિત્વ પ્રાણી જેવું જ બની રહે છે. પછી કોઈ વિચારો પોષવાનો કે સ્વપ્નાંઓ સાકાર કરવાનો વૈભવ કોઈની પાસે હોતો નથી. સમાજો સ્થપાયા એ પહેલાં માણસો એવું જ જીવન જીવતા હતા. સંસ્કૃતિ અત્યંત નાજુક વસ્તુ છે. જો થોડાક

દસક સુધી સતત અંધાધૂંધી ફેલાયેલી રહે તો આપણે માનવતા ભૂલી જઈને પ્રાણીઓની જેમ જ જીવવા માંડીશું. આપણી મૂળભૂત વૃત્તિ બહુ ત્વરાથી આપણી પર સવાર થઈ જાય છે. આપણે બહુ ત્વરાથી આપણા ભાવાવેશ અને નીતિ-નિયમો વિસારે પાડી દઈએ છીએ.'

'હું સમજું છું. મારી માતૃભૂમિમાં વસતા કબીલાઓ પ્રાણીઓ સમાન જ જીવન જીવતા હતા. અને તેમને સારું જીવન જીવવાની કોઈ ઇચ્છા પણ નહોતી થતી.'

'તેમને એવી જાણ જ નહોતી કે સારું જીવન પણ શક્ય છે, નીલકંઠ. સતત સંઘર્ષમય જીવન જીવતા રહેવાથી એમ જ બને છે. તેના કારણે આપણે માનવતાનાં સુંદર પાસાંઓ ભૂલી જઈએ છીએ. એટલે જ સમાજે સ્થિર રહેવું પડે છે કે જેથી અસ્તિત્વ માટે સંઘર્ષ ન કરવો પડે.'

'ઠીક છે, પરંતુ લોકોને પોતાની ક્ષમતા અનુસાર જીવન જીવવા દેવામાં આવે ત્યારે અસ્થિરતા શા માટે ઉત્પન્ન થાય છે ? વાસ્તવમાં તો એના કારણે લોકો વધુ ખુશ થવા જોઈએ અને સમાજ વધારે સ્થિર બનવો જોઈએ.'

'સત્ય પરંતુ આંશિક સત્ય. લોકોના જીવનમાં હકારાત્મક પરિવર્તન આવે ત્યારે લોકો અવશ્ય ખુશ થતા હોય છે, પરંતુ બે પ્રકારની પરિસ્થિતિઓમાં પરિવર્તનથી અંધાધૂંધી પણ ફેલાઈ જતી હોય છે. પ્રથમ તો લોકો એવું પરિવર્તન આવતું જુવે જેને કોઈ બીજા દ્વારા લાદવામાં આવ્યું હોય અને પરિસ્થિતિઓ તેમની સમજ બહાર હોય. આવા પરિવર્તનનો તેમને મૃત્યુ જેટલો જ ભય લાગતો હોય છે. એટલે જ્યારે બહુ ત્વરાથી પરિવર્તન આવે છે ત્યારે લોકો તેનો વિરોધ કરે છે.'

'હા, અન્ય કોઈ દ્વારા કરવામાં આવેલું પરિવર્તન સ્વીકારવું અઘરું પડી રહે છે.'

'અને વધારે પડતા ગતિશીલ પરિવર્તનને કારણે પણ અસ્થિરતા આવે છે. એ જ વસ્તુ તો ભગવાન રામ દ્વારા રજૂ કરવામાં આવેલી જીવનશૈલીનો પાયાનો પથ્થર છે. તેમાં એવા નિયમો છે જેને કારણે સમાજમાં ધીમે-ધીમે પરિવર્તન આવે છે અને સમાજ સ્થિર રહી શકે છે. અને એ સમાજમાં વસતા લોકોને પોતાના સ્વપ્ન અનુસાર જીવવાનો અવકાશ પણ મળી રહે છે. એટલે જ તેમણે સ્થિરતા અને પરિવર્તનના અવકાશ વચ્ચે આદર્શ સમતોલન જાળવ્યું છે.'

'આપે એવી બે પરિસ્થિતિનો ઉલ્લેખ કર્યો હતો જેના કારણે અંધાધૂંધી ફેલાઈ શકે છે...'

'બીજી પરિસ્થિતિ એટલે એવી પરિસ્થિતિ જેમાં પોતાના નિયંત્રણ બહારનાં કારણોને લીધે લોકો પોતાના જીવનમાં પોતાની ઇચ્છા અનુસાર પરિવર્તન નથી કરી શકતા. ઉદાહરણ તરીકે એક અદ્ભુત યોદ્ધો કોઈ રોગને કારણે પોતાના હાથ અને આંખોના સંકલનની ક્ષમતા ગુમાવી દે છે. તે હજુ પણ યોદ્ધો તો છે જ પરંતુ અદ્ભુત યોદ્ધો નથી. એવા સંજોગોમાં એવી ઘણી શક્યતા રહેલી છે કે તે એમ માની લે કે તેની સાથે અન્યાય થયો છે

અને તે નિરાશ થઈ જાય. તે પોતાના વૈદ્ય કે પોતાના સમાજ પર દોષારોપણ કરે એમ પણ બને. અને સમાજમાં આવા લોકોની સંખ્યા વધી જાય, તો પણ સમાજ માટે જાખમ ઊભું થઈ શકે છે.'

શિવે આંખોથી અસંમતિ દર્શાવી. તેમને આ તર્ક રુચ્યો નહોતો, પરંતુ તેઓ એ પણ જાણતા હતા કે વર્ષો પહેલાં તેમના કાકાએ પક્રાતિઓ સમક્ષ શાંતિ પ્રસ્તાવ મૂક્યો હતો. તેમનો આગેવાન રોગિષ્ઠ હતો, તેણે ભૂતકાળમાં ગણોને પરાસ્ત કરવાની વિરલ સિદ્ધિ મેળવી હતી અને શાંતિ પ્રસ્તાવના સમયે પણ તે ભૂતકાળની સિદ્ધિનું પુનરાવર્તન કરીને

પોતાના જીવનનો અંતિમ પડાવ ગર્વસભર બનાવવા ઇચ્છતો હતો. માત્ર આ એક જ કારણસર તેણે શાંતિ પ્રસ્તાવનો સ્વીકાર નહોતો કર્યો એ પણ શિવ જાણતા હતા.

'એવા લોકોના સામૂહિક ક્રોધને કારણે અસ્થિરતા અને હિંસા પણ ફેલાઈ શકે છે.' પંડિતે કહ્યું, 'ભગવાન રામ આ વાત સમજ્યા હતા. એટલે જ તેમણે વિકર્મની વિભાવના ઘડી હતી. જો તમે કોઈ પણ વ્યક્તિને એમ માનતો કરી દો કે આ જન્મનું તેનું દુર્ભાગ્ય તેના પૂર્વજન્મનાં પાપોનું ફળ છે, તો એ પોતાની જાતને ભાગ્યના આધારે છોડી દેશે અને સમાજ પર દોષારોપણ કરશે નહીં.'

'પરંતુ વિકર્મનો સામાજિક બહિષ્કાર કરવાથી સમાજ સ્થિર રહેશે એ વાત સાથે હું સહમત નથી. તેના કારણે છેવટે તો દબાયેલા ક્રોધની માત્રા જ વધી જવા પામે છે.'

'પરંતુ તેમનો સામાજિક બહિષ્કાર ક્યાં કરવામાં આવે છે ? તેમના જીવનનો નિભાવખર્ચ તો રાજા જ ઉઠાવે છે. તેઓ પોતાના કુટુંબના સભ્ય સાથે રહી જ શકે છે. જ્યારે પણ શક્ય હોય, ત્યારે તેમને તેમની પસંદગીના ક્ષેત્રમાં નિપુણતા મેળવવાની પણ છૂટ હોય છે. તેઓ સ્વરક્ષણ કરવા માટે લડી પણ શકે છે. જોકે તેઓ અન્ય લોકો પર પ્રભાવ પાડી શકે તેવું કોઈ પદ ધારણ નથી કરી શકતા. અને આ પદ્ધતિથી પાછલાં એક હજાર વર્ષથી તો એકદમ યોગ્ય રીતે કામ કરી રહી છે. શું તું જાણે છે કે ભગવાન રામે આ સમાજનું સર્જન કર્યું તે પહેલાં ભારતમાં બળવા થવા કેટલી સામાન્ય ઘટના હતી ? અને મોટાભાગે બળવાનો આગેવાન એવો કોઈ દીર્ઘદૃષ્ટિવાળો માણસ નહોતો રહેતો જે એમ માનતો હોય કે તે સામાન્ય લોકો માટે વધારે સારી જીવનશૈલીનું સર્જન કરી શકશે. તેમનો આગેવાન એવો જ કોઈ માણસ બનતો હતો જે પોતાની પરિસ્થિતિથી અસંતુષ્ટ હોય – વિકર્મ જેવો જ કોઈ માણસ. આવા બળવાઓને કારણે અંધાધૂંધી ફેલાતી અને સ્થિરતા સ્થપાતાં દશકો લાગી જતા હતા.'

'એટલે આપ એમ સૂચવી રહ્યા છો કે જે પોતાના જીવનથી અસંતુષ્ટ હોય, તેણે પોતાના તમામ પ્રયત્નો છોડીને વિકર્મ બની જવું જોઈએ ?' શિવે કહ્યું, 'કેમ ?'

'સમાજના કલ્યાણ માટે.'

શિવને આઘાત લાગ્યો. તેમણે જે સાંભળ્યું તેની પર તેમને વિશ્વાસ નહોતો થઈ રહ્યો. તેમને આ દલીલો જરા પણ ગમી નહોતી. 'હું ક્ષમા માગું છું પરંતુ મને લાગે છે કે આ તદ્દન અન્યાયી પદ્ધતિ છે. મેં એમ સાંભળ્યું છે કે મેલુહામાં દર વીસમો માણસ વિકર્મ હોય છે. શું તમે આટલા બધા લોકોને કાયમ માટે બહિષ્કૃત રાખી શકશો ? આ પદ્ધતિ તો અવશ્ય બદલાવી જોઈએ.'

'તું એ બદલાવ કરી શકે છે. તું નીલકંઠ છે, પરંતુ સ્મરણ રહે કે કોઈ પણ તંત્ર પરિપૂર્ણ નથી હોતું. ભગવાન રામના સમયમાં મંથરા નામની એક સ્ત્રીએ એવા ઘટનાચક્રની શરૂઆત કરી હતી જેના પરિણામે લાખો લોકોએ પોતાનો જીવ ગુમાવવો પડ્યો હતો. તેને પોતાની શારીરિક ખામીને લીધે ઘણું બધું સહન કરવું પડ્યું હતું. પછી ભાગ્યના ચકરાવાને કારણે તે એવા પદે પહોંચી શકી હતી જ્યાંથી તે એક રાણી પર સીધો જ પ્રભાવ પાડી શકતી હતી અને આમ સમગ્ર સામ્રાજ્ય પર તે સીધો પ્રભાવ પાડી શકતી હતી. પરિણામે, દુર્ભાગ્યનો ભોગ બનેલી એક વ્યક્તિને કારણે લાખો લોકોનો વિનાશ થયો હતો. જો એ વ્યક્તિને વિકર્મ ઘોષિત કરવામાં આવી હોત, તો સમાજને લાભ થાત કે નહીં ? ઉત્તરો ક્યારેય સરળ નથી હોતા. આટલું કહ્યા પછી હું અવશ્ય ઉમેરીશ કે તું સાચો પણ હોઈ શકે છે. હવે કદાચ વિકર્મોની સંખ્યા એટલી વધી ગઈ હોય કે ત્યાંથી જ જ્વાળામુખી ફાટે અને સમાજમાં અંધાધૂંધી ફેલાય એમ પણ બને. શું મારી પાસે આ સમસ્યાનું કોઈ સમાધાન છે

? ના. સંભવતઃ તું જ એ સમાધાન શોધી શકીશ.'

શિવે બીજી દિશામાં જોયું. તેમને હૃદયના ઊંડાણથી એમ જ થતું હતું કે વિકર્મ પ્રથા અન્યાયી છે.

'શું તને બધા જ વિકર્મોની ચિંતા છે, ઓ નીલકંઠ ?' પંડિતે પૂછ્યું, 'કે માત્ર એક જ વિકર્મની ચિંતા છે ?'



'પ્રભુ અંદર શું કરી રહ્યા છે ?' નંદીએ પૂછ્યું, 'તેમને અંદર ગયે ઘણો સમય વીતી ગયો.'

'મને ક્યાંથી જાણ હોય.' વીરભદ્રએ કહ્યું, 'હું તો માત્ર એટલું જ જાણું છું કે જો શિવ એમ કહે કે તેણે કોઈ કામ કરવું જ પડશે, તો હું એની વાત માની લઉં છું.'

'તું પ્રભુને એમના નામથી શા માટે સંબોધે છે ?'

'કારણ કે એટલા માટે જ તેનું નામ પાડવામાં આવ્યું હતું.'

નંદીએ આ સરળ ઉત્તર સાંભળીને સ્મિત કર્યું અને મંદિરની દિશામાં જાવા લાગ્યો.

'મને કહો કપ્તાન.' વીરભદ્રએ નંદીની પાસે આવીને કહ્યું, 'શું કૃતિકા કોઈની થઈ ચૂકી છે ?'

'કોઈની થઈ ચૂકી છે ?'

'અર્થાત્' વીરભદ્રએ પૂછ્યું, 'શું એ સુલભ છે કે નહીં ?'

'સુલભ ?'

'હું શું પૂછવા માગું છું એ તમે સારી રીતે સમજા જ છો.' વીરભદ્રનું મુખ લાલઘૂમ થઈ ગયું હતું.

'તે એક વિધવા છે.' નંદીએ કહ્યું, 'તેનો પતિ પંદર વર્ષ પહેલાં મૃત્યુ પામ્યો હતો.'

'અરે, એ તો બહુ ખરાબ કહેવાય !'

'હા, ખરાબ જ કહેવાય.' નંદીએ કહ્યું, 'પરંતુ તારા પ્રશ્નનો ઉત્તર આપું, તો અત્યારે તો તે "કોઈની થઈ ચૂકી" નથી.'



'દેવી, હું કંઈક કહું ?' કૃતિકાએ પૂછ્યું.

સતીએ અતિથિગૃહના વાતાયનની દિશામાંથી પહોળી આંખે કૃતિકા સામે જોયું, 'મેં ક્યારેય તને તારા મનની વાત કહેતાં રોકી છે ? એક સાચો સૂર્યવંશી હંમેશાં પોતાના મનની વાત હોઠ પર લાવે જ છે.'

'મને એમ લાગે છે.' કૃતિકાએ કહ્યું, 'કે ક્યારેક નિયંત્રણ ગુમાવી દેવું પણ અયોગ્ય નથી હોતું.'

સતીની આંખો વધારે પહોળી થઈ ગઈ.

પોતાની હિંમત સમાપ્ત થઈ જાય એ પહેલાં કૃતિકાએ કહી નાખ્યું. 'તેઓ નીલકંઠ છે એમ ભૂલી જાવ, દેવી. એક પુરુષ તરીકે તેઓ મેં જોયેલા સૌથી ઉમદા પુરુષ છે. તેઓ બુદ્ધિશાળી અને શૂરવીર છે, ટીખળખોર અને દયાળુ પણ છે, અને તમારાં પગલાંની પૂજા કરે છે. એ શું કંઈ ખરાબ કહેવાય ?'

સતી કૃતિકા સામે જોઈ રહી. તેને સમજાતું નહોતું કે આવું બોલવા માટે તે કૃતિકા ઉપર ગુસ્સે છે કે પછી આવું જ અનુભવવા માટે પોતાની ઉપર ગુસ્સે છે.

કૃતિકાએ ઉમેર્યું, 'શક્ય છે કે કોઈ વાર નિયમભંગ કરવાથી પણ સુખ મળતું હોય.'

'હું સૂર્યવંશી છું.' સતીએ કહ્યું પરંતુ તેનો અવાજ ધીમો પડી ગયો હતો. 'આપણે માત્ર નિયમોના આધારે જ જીવીએ છીએ. અને મારે વળી સુખનું શું કરવું છે ? આવું ફરી ક્યારેય મારી સામે બોલવાની હિંમત જ ન કરતી.'



'હા, એક ખાસ વિકર્મ છે.' શિવે સ્વીકાર્યું, 'પરંતુ માત્ર એના કારણે જ વિકર્મ પ્રથા અન્યાયી છે, એમ મને નથી લાગતું.'

'એ હું જાણું છું.' પંડિતે કહ્યું, 'પરંતુ હું એ પણ જાણું છું કે અત્યારે તારું મન એ એક વિકર્મ સાથેના તારા સંબંધોને કારણે જ ચકડોળે ચડ્યું છે. તું એમ નથી ઇચ્છતો કે તે એમ માની લે કે તું આ નિયમ માત્ર તેને પામવા જ બદલવા ઇચ્છે છે. પછી ભલેને નિયમ તને સાચે જ અન્યાયી લાગતો હોય, કારણ કે જો સતી એમ જ માનતી હોય, તો તે કદી પણ તારી પાસે આવશે નહીં.'

'તમને તેના નામની જાણ કઈ રીતે થઈ ?' શિવ દિગ્મૂઢ થઈ ગયા.

'અમે ઘણી વાતો જાણતા હોઈએ છીએ, મારા મિત્ર.'

'મારું સમગ્ર જીવન જ તેના વિના તો નિરર્થક છે.'

'હું જાણું છું.' પંડિતે સસ્મિત કહ્યું, 'હું તને કદાચ સહાય કરી શકીશ.'

શિવની આંખો ફરી એક વાર પહોળી થઈ ગઈ. આ તદ્દન અનપેક્ષિત વાત હતી.

'તું એમ જ ઇચ્છે છે ને કે તે તારા પ્રેમનો પડઘો પાડે, પરંતુ તું તેને સમજતો જ ન હોય, ત્યારે એવું કઈ રીતે શક્ય બનશે ?'

'મને લાગે છે કે હું તેને સમજું છું. હું તેને પ્રેમ કરું છું.'

'હા, તું તેને પ્રેમ અવશ્ય કરે છે પરંતુ તું તેને સમજતો નથી. તેને શું જોઈએ છે, તે તું જાણતો જ નથી.'

શિવ ચૂપ જ રહ્યા. તે જાણતા હતા કે પંડિત સાચું કહી રહ્યા છે. તેઓ સતી વિશે સંપૂર્ણતઃ મૂંઝાયેલા હતા.

'તેને શું જોઈએ છે તેની એક ધારણા કર.' પંડિતે કહ્યું, 'મેં પેલી પરિવર્તનની વાત કહી તેના આધારે ધારણા કર.'

'શું ?' શિવ હવે ચકિત થઈ ગયા હતા.

'અરે એના કારણે જ તો સમાજનું પોત રચાય છે.'

'મને ક્ષમા કરશો, પરંતુ તેને અને સતીને શું સંબંધ છે ?'

'થોડીક વાર મને સાંભળી લે, નીલકંઠ.' પંડિતે કહ્યું, 'તને એટલી તો જાણ હશે જ કે તેં જે વસ્ત્ર પહેર્યું છે, તેના કાપડમાં સૂતરના તાણા-વાણા ગૂંથવામાં આવ્યા છે, બરોબર ?'

'હા.' શિવે ઉત્તર આપ્યો.

'એવી જ રીતે, વ્યવહારોના તાણા-વાણા એકબીજા સાથે ગૂંથાઈને સમાજ રચાય છે. એને જ સંસ્કૃતિ કહેવાય છે. અને જો કોઈ એક વ્યક્તિની વાત કરીએ તો તેનાથી તેનું ચારિત્ર્ય ઘડાય છે.'

શિવે માથું હલાવીને સહમતી દર્શાવી.

'જા તમારે કોઈ વસ્ત્રની ગુણવત્તા ચકાસવી હોય, તો તમારે તેની ગૂંથણી ચકાસવી પડે. એવી જ રીતે, જો તમારે કોઈ વ્યક્તિનું ચારિત્ર્ય સમજવું હોય, તો તેના આંતરવૈયક્તિક વર્તન કે તેના વ્યવહારને ચકાસવો પડે.'

'ઠીક છે.' પંડિતના શબ્દો ધીમે ધીમે સમજતાં શિવે કહ્યું, 'પરંતુ વ્યવહારો તો...'

'હું સમજાવું છું.' પંડિતે તેમને બોલતા અટકાવ્યા, 'વ્યવહારો એટલે બે વ્યક્તિઓની અરસપરસની પ્રતિક્રિયાઓ. એ માલસામાન વેચવાને લગતી હોઈ શકે, જેમ કે શૂદ્ર ખેડૂત ધન માટે વૈશ્યને અનાજ વેચે છે, પરંતુ તે ભૌતિક વસ્તુ જ હોય, તેવું આવશ્યક નથી. જેમ કે કોઈ ક્ષત્રિય સત્તા મેળવવાના અંતિમ ધ્યેય સાથે સમાજને રક્ષણ પૂરું પાડતો હોય.'

શિવે સહમતી દર્શાવી, 'અર્થાત્, વ્યવહાર એટલે લેવું અને આપવું.'

'એકદમ બરોબર. આ તર્ક અનુસાર, જો તમારે કોઈ પાસેથી કશુંક મેળવવું હોય, તો તમારે એ વ્યક્તિને જે જોઈએ છે, તે આપવું રહ્યું.'

'તો સતીને શું જોઈએ છે ?' શિવે પૂછ્યું.

'સતીના વ્યવહારો સમજવાનો પ્રયત્ન કર. તને શું લાગે છે, તેને શું જોઈતું હશે ?'

'હું નથી જાણતો. એ મને કાયમ મૂંઝવી દે છે.'

'ના, એવું નથી. તેના વ્યવહારોમાં ચોક્કસ એકસૂત્રતા છે. વિચાર. તે કદાચ આ સમાજની સૌથી વિખ્યાત વિકર્મ છે. તે ઇચ્છે તો બળવો કરવાની શક્તિ પણ તે ધરાવે છે. તેનો સ્વભાવ પણ એવો જ છે, કારણ કે તે કદી પણ લડાઈમાંથી પાછી પાની નથી કરતી. તેમ છતાં તે વિકર્મ પ્રથા સામે કદી પણ લડી નથી. જોકે તે અન્ય વિકર્મોની જેમ અદૃશ્ય જીવન પણ નથી જીવતી. તે નિયમોનું પાલન કરે છે અને ક્યારેય તે અંગે કકળાટ કે ફરિયાદ નથી કરતી. જીવન તેની સાથે ગમે તેટલો અન્યાય કરે, તેમ છતાં તેનો વ્યવહાર ગરિમાપૂર્ણ જ રહે છે. કેમ ?'

'કારણ કે તે નિયમપાલન કરનાર વ્યક્તિ છે ?'

'એ તો નિઃશંક છે, પરંતુ એ કારણ નથી. સ્મરણ રહે કે વ્યવહારમાં તમારે કંઈક જોઈએ છે એટલે તમે કંઈક આપો છો. તેણે કોઈના પર દોષારોપણ કર્યા વિના અન્યાયી નિયમને સ્વીકારી લીધો છે. અને વધારે મહત્ત્વની વાત તો એ છે કે એ કર્યા પછી પણ શક્ય હોય ત્યારે તે પોતાની ક્ષમતાઓનો ઉપયોગ સમાજના ઉત્કર્ષ માટે કરતી જ રહે છે. જો કોઈ એક વ્યક્તિ પોતાના સમાજ સાથેના વ્યવહારમાં આ બધું આપતી હોય, તો તેને જોઈતું શું હોય ?'

'સન્માન.' શિવે ઉત્તર આપ્યો.

'બરોબર !' પંડિત આનંદિત થઈ ગયો, 'અને તું એવી વ્યક્તિનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરે, ત્યારે એ વ્યક્તિનું શું થાય ?'

'અપમાન.'

'એકદમ બરાબર ! તારી પ્રકૃતિ જ એવી છે કે તું માત્ર એનું જ નહીં પરંતુ કોઈ પણ સારા માણસનું રક્ષણ કરવા પ્રેરાય છે. હવે સતીની પાસે હોય ત્યારે એ લાગણીઓને કાબૂમાં રાખજે. તેનું સન્માન કરજે. એ પછી તેને પણ તારું અદ્ભુત ખેંચાણ અનુભવાશે. તેને પ્રેમ કરનારા લોકો તેને બધું જ આપી દે છે પરંતુ તેને જે નથી મળતું તેની જ તેને સૌથી વધુ ઝંખના રહે છે અને તે છે સન્માન.'

શિવે પંડિત સામે કૃતજ્ઞ બનીને સ્મિત કર્યું. તેમને ઉત્તર મળી ગયો હતો.

સન્માન.

— ⅄OIJ↑⊗ —

બે સપ્તાહ પછી નીલકંઠનો કાફલો સિંધુ નદી અને પશ્ચિમી સાગરના સંગમસ્થાન પર વસેલા કરચપ બંદરે આવી પહોંચ્યો. તે બહુ વિશાળ નગર હતું અને તેની સ્થાપના જે મંચ પર થઈ હતી તેનાથી તે ઘણી વધારે જગ્યામાં વિસ્તર્યું હતું. એટલે પચાસ વર્ષ પહેલાં મંચથી પણ ઘણા વિશાળ એવા દ્વિતીય મંચ પર તેનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. આ દ્વિતીય મંચ પર કરચપના ઉમરાવો રહેતા હતા. ઝૂલેશ્વર નામનો એક ઠીંગણા કદનો વૈશ્ય તેનો રાજ્યપાલ હતો અને તેણે પણ નગરની બહાર જઈને નીલકંઠને આવકારવાની નવી પરંપરાનું અનુસરણ કર્યું હતું.

લગભગ એક લાખ નાગરિકોની જનસંખ્યા ધરાવતું કરચપ નગર મૂળે વેપારીઓનું નગર હતું. એટલે જ સમ્રાટ દક્ષના પિતા બ્રહ્મનાયકે સો વર્ષ પહેલાં દીર્ઘદૃષ્ટિ વાપરીને વૈશ્યને રાજ્યપાલના પદે સ્થાપ્યો હતો. ઝૂલેશ્વરે આ નગરનું શાસન ઉત્તમ રીતે ચલાવ્યું હતું અને તે નગરનો અદ્‌ભુત વિકાસ થયો હતો. તેને અત્યાર સુધીનો કરચપનો સૌથી ચતુર અને કાર્યદક્ષ રાજ્યપાલ માનવામાં આવતો હતો. કરચપ લોથલ કરતાં ક્યારનુંય આગળ નીકળી ગયું હતું અને તે મેલુહાના વાણિજ્યનું મત્ત્વનું કેન્દ્ર બની ગયું હતું. આ નગરમાં મેસોપોટેમિયા અને ઇજિપ્ત જેવા દેશના લોકોને પ્રવેશ આપવામાં આવતો હતો પરંતુ જો તેમને રાજાની પરવાનગી ન હોય, તો તેમને ત્યાંથી આગળ વધવા દેવામાં આવતા નહીં.

ઝૂલેશ્વર નીલકંઠને કરચપના પ્રથમ દિવસે જ પશ્ચિમી મહાસાગરની સહેલ કરવા લઈ ગયો. શિવે આ પહેલાં ક્યારેય દરિયો જાયો નહોતો અને અનંત જળરાશિ જોઇને તેમને અત્યંત આશ્ચર્ય થયું હતું. તેમણે બંદર પર ઘણા કલાકો વિતાવ્યા અને એ દરમિયાન ઝૂલેશ્વરે બંદરની પાસે જ બનતાં વિવિધ પ્રકારનાં વહાણો અને હોડીઓની વાત કરે રાખી. મેસોપોટેમિયાના વેપારીઓ દ્વારા મોકલવામાં આવેલી વસ્તુઓની ચકાસણી કરવા માટે બૃહસ્પતિ પણ તેમની સાથે બંદરે ગયા હતા.

રાત્રે રાજ્યપાલે ભવ્ય ભોજનની વ્યવસ્થા કરી હતી અને એ દરમિયાન જ તેમણે ઘોષણા કરી હતી કે આવતી કાલે નીલકંઠના માનમાં એક યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે, જેની વિધિ પ્રભુ વરુણ અને જાડકા અશ્વિનીકુમાર ભાઈઓ કરશે. અશ્વિનીકુમાર ભાઈઓ બહુ અનુભવી ખલાસીઓ હતા અને તેઓ દરિયાઈ માર્ગે જ મેલુહાથી મેસોપોટેમિયા અને ત્યાંથી પણ ઘણા આગળ જઈ આવ્યા હતા. તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલા નકશાઓ, તેમની વાતો અને માર્ગદર્શન ખલાસીઓથી ભરપૂર આ નગરમાં પ્રરણાસ્રોત બની રહ્યા હતા.

રાત્રિભોજન બાદ સતી અને કૃતિકાને જે ભવનમાં રાખવામાં આવ્યાં હતાં તેની મુલાકાત શિવે લીધી.

'હું એમ વિચારતો હતો કે.' શિવે કાળજીપૂર્વક કહ્યું કારણ કે હવે સતી તેમની સાથે માત્ર શિષ્ટાચારભર્યું જ વર્તન કરતી હતી. 'આવતીકાલે તમે યજ્ઞમાં આવશો ?'

'મને ક્ષમા કરશો, પ્રભુ નીલકંઠ.' સતીએ વિવેકી રીતે કહ્યું. 'પરંતુ મારા માટે યજ્ઞની વિધિમાં ઉપસ્થિત રહેવાનું શક્ય બનશે નહીં. મને આવા યજ્ઞોમાં ઉપસ્થિત રહેવાની અનુમતિ જ નથી.'

શિવ એમ બોલવા જ જતા હતા કે જો સતી નીલકંઠની સાથે હશે, તો તેની ઉપસ્થિતિ અંગે કોઈ પ્રશ્ન ઉઠાવશે નહીં પરંતુ તેમણે પોતાની જાતને રોકી લીધી. 'તો પછી આવતીકાલે નૃત્યનો અભ્યાસ કરીશું ? છેલ્લે આપણે અભ્યાસ ક્યારે કર્યો હતો, તેનું પણ

હવે મને સ્મરણ નથી.'

'એ ઉત્તમ વિચાર છે. મને પણ આપનાં સૂચનોનો ઘણા સમયથી લાભ મળ્યો નથી.' સતીએ કહ્યું.

શિવે સતી સામે મસ્તક હલાવ્યું પરંતુ તેમના સંબંધોમાંથી અદૃશ્ય થઈ ગયેલી ઉષ્મા તેમને કઠતી હતી. તેઓ તેમની વિદાય લઈને બહાર જવા અવળા ફર્યા.

એ સમયે કૃતિકા પોતાનું મસ્તક હલાવતી સતીને તાકી રહી હતી.



પ્રકરણ ૧૫
અગ્નિપરીક્ષા

અણીદાર પથ્થરોથી બચતો બચતો એ છોકરો પોતાના ચામડાના કોટમાં લપાતો-છુપાતો ઘેટાં-બકરાંએ પાડેલી પગદંડી ઉપર દોડ્યો. ગાઢ જંગલ એ નાનકડી પગદંડી પર નમી રહ્યું હતું. એ સાંકડી પગદંડીની બંને બાજુ જે ગાઢ વનરાજી હતી તેની બીજી બાજુ શું ચાલી રહ્યું છે તે જાવું અશક્ય હતું. એ છોકરાને વિશ્વાસ હતો કે એ વનરાજીમાં ભયાનક રાક્ષસો છુપાયેલા હતા અને જો એ જરા પણ ધીમો પડશે તો એ રાક્ષસો તેની પર કૂદી પડશે. તેના ગામે પહોંચતાં તો હજુ થોડાક કલાકો લાગે તેમ હતા. સૂર્ય બહુ ગતિથી પર્વતો પાછળ અસ્ત થઈ રહ્યો હતો. એ જ્યારે તોફાન કરતો ત્યારે તેની મા અને દાદી કાયમ કહેતાં કે અંધારામાં રાક્ષસો બહાર આવે છે. તેની સાથે કોઈ મોટું હોત તો તેને ધરપત રહેત, કારણ કે રાક્ષસો કદી પણ મોટા લોકોને પજવતા નહીં.

તેને કોઈના કણસવાનો અવાજ સંભળાયો અને તેનું હૃદય એક ધબકારો ચૂકી ગયું. તેણે તરત જ પોતાની તલવાર ખેંચી, કારણ કે તેને એમ લાગ્યું કે ગમે ત્યારે પાછળથી આક્રમણ થશે. તેના મિત્રોએ જંગલમાં રહેતા રાક્ષસો વિશે ઘણી વાતો સાંભળી હતી. એ કાયર રાક્ષસો કદી પણ આગળથી હુમલો કરતા નહીં.

અવાજ કઈ દિશામાંથી આવ્યો એ નક્કી કરવા તે એકદમ સ્થિર બનીને ઊભો રહ્યો. એ વિચિત્ર પણ લયબદ્ધ અવાજ હતો અને તે અવાજ પરિચિત પણ લાગતો હતો. તેને એમ લાગતું હતું કે તેણે આ અવાજ આ પહેલાં સાંભળ્યો છે. હવે એ કણસાટની સાથે-સાથે કોઈ પુરુષના ઘુરકાટનો અવાજ પણ સંભળાતો હતો. આ કોઈ રાક્ષસ નહોતો ! છોકરાના શરીરમાં ધ્રુજારી આવી ગઈ. તેના મિત્રો ધીમા અવાજે હસતાં હસતાં એવી વાતો કરતા પરંતુ તેણે એ વસ્તુ કદી પોતાની આંખોથી જાઈ નહોતી. તેને એ જાવાની આજે તક મળી હતી !

પોતાની તલવાર નીચે કરીને તે અવાજ આવતો હતો એ દિશામાં સરક્યો. અવાજ જ્યાંથી આવતો હતો તે જગ્યાએ પહોંચવા માટે તેને બહુ દૂર સુધી ન જવું પડ્યું. તે અવાજ પાસેની જ એક નાનકડી ખુલ્લી જગ્યામાંથી આવતો હતો. તે એક થડ પાછળ છુપાઈને જાવા લાગ્યો.

ત્યાં એક યુગલ હતું. એ લોકોને ઉતાવળ હોય એમ લાગતું હતું. તેમણે સરખી રીતે પોતાનાં વસ્ત્રો પણ ઉતાર્યાં નહોતાં. પુરુષના શરીરે રીંછ જેટલા વાળ ઊગેલા હતા. એ છોકરો જ્યાં ઊભો હતો ત્યાંથી તેને એ માણસની માત્ર પીઠ જ દેખાતી હતી. સ્ત્રી જોકે તેને બરોબર આગળથી દેખાતી હતી. એ અત્યંત સુંદર હતી ! તેના કેશ લાંબા અને ગાઢ હતા. થોડાક ફાટી ગયેલા ઉપવસ્ત્રમાંથી તેનું એક સ્તન અડધું-પડધું દેખાતું હતું અને ત્યાં

સંભોગની ઉત્તેજનાને કારણે પડેલા ઉઝરડા પણ દેખાતા હતા. તેનો ચણિયો ફાટી ગયો હતો અને તેના લાંબા, પાતળા પગ પણ દેખાતા હતા. એ છોકરો આ દૃશ્ય જોઇને અત્યંત ઉત્તેજિત થઈ ઊઠ્યો. એ તેના પાક્કા મિત્ર ભદ્રને આ વાત કરવા માટે તલપાપડ થઈ ઊઠ્યો !

તે આનંદથી આ દૃશ્ય જાઈ રહ્યો હતો પણ તેનો અજંપો વધતો જતો હતો. કશુંક બરોબર નહોતું લાગતું. પુરુષ અત્યંત ઉત્તેજિત હતો જ્યારે સ્ત્રી જરા પણ હલનચલન વિના, મૃત પડી રહી હતી. તેના હાથ નીચેની દિશામાં ઝૂલતા હતા. તેનું મોઢું મક્કમ રીતે ભિડાયેલું હતું. એ સ્ત્રી ઉત્તેજનાપૂર્વક પોતાના પ્રેમીને પ્રોત્સાહિત કરી રહી હોય, એમ પણ નહોતું. શું એની આંખોમાંથી ઉત્તેજનાને કારણે આંસુ વહી રહ્યાં હતાં ? કે પછી તેની પર બળાત્કાર થઈ રહ્યો હતો ? પરંતુ એવું તો કઈ રીતે થઈ શકે ? એ પુરુષનું ચાકુ સ્ત્રીનો હાથ પહોંચે એટલું જ પાસે પડ્યું હતું. જો એ સ્ત્રીએ ઇચ્છ્યું હોત, તો તે ચાકુ ઉપાડીને આ પુરુષને મારી શકી હોત.

એ છોકરાએ પોતાનું માથું હલાવ્યું. તેણે પોતાના અંતરાત્માને સમજાવવાનો પ્રયત્ન કર્યો. 'માત્ર ચૂપ રહે અને જાઈ લે.'

એ પછી એ ક્ષણ આવી જે તેને આખું જીવન ડારતી રહેવાની હતી. એ સ્ત્રીએ અચાનક તે છોકરાને જાયો.

'બચાવ !' એ સ્ત્રીએ બૂમ પાડી, 'મને બચાવ !'

છોકરો આશ્ચર્યચકિત થઈને બે ડગલાં પાછળ પડી ગયો અને તેના હાથમાંથી તલવાર પણ નીચે પડી ગઈ. પેલા રીંછ જેવા પુરુષે પાછળ ફરીને જાયું કે આ સ્ત્રી કોની પાસે સહાય માંગી રહી છે ? એ છોકરાએ ઝડપથી પોતાની તલવાર ઉપાડી અને તે ભાગી છૂટ્યો. તેના પગના અંગૂઠામાં હિમડંખ થયો હતો, તેની પીડા પણ તેને એ સમયે યાદ આવી નહીં. પેલો પુરુષ તેની પાછળ પડશે એવા વિચારમાત્રથી તે થથરી જતો હતો. તેને એ માણસના શ્વાસનો ભારે સુસવાટો સંભળાતો હતો.

એ છોકરો કૂદીને પેલી નાનકડી પગદંડી પર આવ્યો અને પોતાના ગામની દિશામાં દોડ્યો. તેને હજુ એ પુરુષનો ઘુરકાટ સંભળાતો હતો. દરેક ક્ષણે એ અવાજ પાસે આવી રહ્યો હતો. છોકરો અચાનક ડાબે વળ્યો, અવળો ફર્યો અને તેણે તલવાર વીંઝી.

પરંતુ પાછળ કોઈ નહોતું. પાછળ કોઈ શ્વાસના સુસવાટા નહોતું બોલાવી રહ્યું. માત્ર પેલી સ્ત્રીનો સહાય માટેનો આર્તનાદ જ સંભળાઈ રહ્યો હતો.

'બચાવ ! મને બચાવ !'

એ છોકરાએ પાછળ જાયું. બિચારી નિઃસહાય સ્ત્રી.

'પાછો જો ! એને સહાય કર !' તેનો અંતરાત્મા બોલી ઊઠ્યો.

એક ક્ષણ માટે એ ખચકાયો. પછી તે પાછો પોતાની ગામની દિશામાં દોડવા માંડ્યો.

ના ! પાછો ફર ! તેને સહાય કર !

શિવ પરસેવે રેબઝેબ થઈને ઊઠી ગયા. તેમનું હૃદય ભારે ગતિથી ધબકી રહ્યું હતું. તેમણે પાછળ જાયું. તે પેલા ભયાનક દિવસમાં પાછા ફરવા ઇચ્છતા હતા. પોતાના આત્માને ડંખતો બંધ કરવા માટે, પરંતુ એમ કદી થઈ શકવાનું નહોતું. એ સ્ત્રીનું ભયાનક મુખ તેમની આંખોને દેખાવા માંડ્યું. તેમણે પોતાની આંખો બંધ કરી દીધી, પરંતુ જે દૃશ્ય તમારા મગજમાં ઊતરી ગયું હોય, તે આંખો બંધ કરવાથી કઈ રીતે દેખાતું બંધ થાય ?

તેમણે પોતાના પગ વાળીને ગોઠણ છાતીસરસા ચાંપ્યા અને તેની પર પોતાનું મસ્તક ટેકવી દીધું. પછી તેઓ ચોધાર આંસુ વહાવવા લાગ્યા.

— ᚨᚤᚢᚥᚦ —

દ્વિતીય મંચની વચ્ચોવચ્ચ યજ્ઞકુંડની સ્થાપના કરવામાં આવી હતી. મેલુહા માટે આવો યજ્ઞ સામાન્ય બાબત હતી પરંતુ કરચપ માટે નહીં. એટલે એ જગ્યાને આકર્ષક ખૂલતા રંગોથી શણગારવામાં આવી હતી. સમગ્ર દ્વિતીય મંચ રંગબેરંગી બની ગયું હતું. રંગીન થાંભલાઓ, વિવિધ રંગનાં ફૂલોનાં તોરણોથી મંડપ શણગારવામાં આવ્યો હતો. સૂર્યવંશીના પ્રતીકવાળી લાલ અને વાદળી ધજાઓ ઘણા થાંભલાઓ પર સગર્વ ફરફરી રહી હતી. સમગ્ર વાતાવરણ ભપકાદાર લાગતું હતું.

ઝૂલેશ્વરે આગળ આવીને શિવનું સ્વાગત કર્યું અને તેમને યજ્ઞની વેદી પાસે લઈ ગયા. રાજ્યપાલે વારંવાર વિનંતી કરી હતી એટલે યજ્ઞની વિધિ પૂરતો શિવે પોતાના નીલા કંઠ પર બાંધેલો પટ્ટો દૂર કર્યો હતો. પર્વતેશ્વર અને બૃહસ્પતિ નીલકંઠની જમણી બાજુ બેઠા અને આયુર્વતી તેમની ડાબી બાજુ. આમ તો એ શિષ્ટાચાર વિરુદ્ધની વાત હતી પરંતુ ઝુલેશ્વરે નીલકંઠની વિનંતીને માન આપ્યું હતું અને નંદી તેમજ વીરભદ્રને પણ શિવની પાછળ બેસવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. ઝૂલેશ્વર સરહદ પર વસેલા એક પંચરંગી નગરનો રાજ્યપાલ હતો અને એમ માનતો હતો કે મેલુહાના ચુસ્ત નિયમોમાં અનુકૂળતા માટે થોડાંક પરિવર્તનો કરી શકાય છે. તેના આ મુક્ત અભિગમને કારણે જ વિવિધ જાતિ અને દેશના લોકો આ નગર પ્રત્યે આકર્ષાતા હતા અને આ નગર માલસામાન, સેવાઓ અને વિચારોના આદાનપ્રદાનનું કેન્દ્ર બની શક્યું હતું.

શિવે સતીના ભવનના ઝરૂખા સામે જોઈ લીધું. એ ભવન દ્વિતીય મંચની મધ્યમાં જ હતું. આ યજ્ઞની વિધિ દરમિયાન સતીને ત્યાં આવવાની પરવાનગી તો નહોતી, પરંતુ તે પોતાના ભવનમાં બેઠાં-બેઠાં સલામત અંતરેથી આ યજ્ઞ અવશ્ય જોઈ શકે તેમ હતી. શિવે જોયું કે સતી ઝરૂખાના પડદા પાછળ ઊભી હતી અને બધી વિધિનું નિરીક્ષણ કરી રહી હતી.

પરંપરા અનુસાર પંડિતે યજ્ઞ શરૂ કરતા પહેલાં પૂછ્યું, ‘જો અહીંયાં ઉપસ્થિત કોઈને પણ આ યજ્ઞ અંગે કોઈ પણ વાંધો-વિરોધ હોય, તો તે કૃપા કરીને અત્યારે પોતાની વાત રજૂ કરે. અન્યથા તેણે એ અંગે હંમેશાં માટે શાંતિ જાળવવી પડશે.’

આ પ્રશ્ન માત્ર પરંપરાનું પાલન કરવા પૂરતો જ પૂછવામાં આવ્યો હતો અને કોઈએ તેનો ઉત્તર આપવાની આવશ્યકતા નહોતી. એટલે જ જ્યારે કોઈએ બૂમ પાડી કે ‘મારો વિરોધ છે’ ત્યારે એક સાથે ઘણા બધા લોકોના મોઢામાંથી હાયકારો નીકળી ગયો.

એ અવાજ કોનો હતો તે જોવા કોઈને અવળું ફરવું પડ્યું નહીં. એ અવાજ તારકનો હતો, જે સામ્રાજ્યના વાયવ્ય ભાગમાંથી એકદમ રૂઢિચુસ્ત સમાજમાંથી અહીં આવી વસ્યો હતો. તારક જ્યારથી કરચપ આવ્યો હતો, ત્યારથી તેણે આ ‘પતનના માર્ગે અગ્રેસર નગર’ના ‘નૈતિક મૂલ્યોના રક્ષક’ તરીકેનું ઉત્તરદાયિત્વ સ્વીકારી લીધું હતું.

કોણે વિરોધ કર્યો છે એ જોવા શિવે પાછળ જોયું. તેણે તારકને પૂજાના મંચના છેડે, સતીના ઝરૂખાની એકદમ પાસે ઊભો રહેલો જોયો. તે વિશાળ પેટવાળો કદાવર માણસ હતો. તેના હાથના સ્નાયુઓ બરોબર કસાયેલા જણાતા હતા અને તેના શ્વેત મુખ પર આખું જીવન કરેલા સંઘર્ષનાં ચિહ્નો પણ પડેલાં હતાં. તે દેખાવે કદાવર લાગતો હતો. તેને જોઈને તે ક્ષત્રિય છે એમ કહેવા માટે કોઈને પણ તેના માદળિયા સામે જોવું પડે તેમ નહોતું. તે સેનામાં નીચી પાયરીમાં જ આખું જીવન કામ કરતો રહ્યો હતો.

ઝૂલેશ્વરે ચિડાઈને તારક સામે જોયું, ‘હવે શું થયું ? આ સમયે અમે ધ્યાન રાખ્યું છે કે

અમે શણગારમાં ચંદ્રવંશીઓનો શ્વેત રંગ વાપરીએ નહીં. કે પછી તને લાગે છે કે આ વિધિમાં જે પાણી વપરાઈ રહ્યું છે તેનું તાપમાન વેદોમાં સૂચવ્યા અનુસાર નથી ?'

ત્યાં ઉપસ્થિત બધા હસવા માંડ્યા. પર્વતેશ્વરે ઝૂલેશ્વર સામે તીણી દૃષ્ટિથી જોયું. એ રાજ્યપાલને વેદોનો ઉપહાસ કરવા માટે ઠપકો આપે એ પહેલાં, તારકે કહ્યું, 'નિયમાનુસાર યજ્ઞના મંચ પર કોઈ પણ વિકર્મ ઉપસ્થિત રહી શકે નહીં.'

'હા.' ઝૂલેશ્વરે કહ્યું, 'અને જો તેને વિકર્મ ઘોષિત ન કરવામાં આવ્યો હોય, તો મને નથી લાગતું કે એ નિયમની અવગણના કરવામાં આવી હોય.'

'હા, કરવામાં આવી છે !'

ઉપસ્થિત લોકો આઘાતના માર્યા ગણગણાટ કરવા લાગ્યા. ઝૂલેશ્વરે પોતાનો હાથ ઊંચો કર્યો.

'અહીંયાં કોઈ જ વિકર્મ નથી, તારક.' ઝૂલેશ્વરે કહ્યું, 'હવે કૃપા કરીને બેસી જા.'

'રાજકુમારી સતીની ઉપસ્થિતિથી આ યજ્ઞ અપવિત્ર થઈ રહ્યો છે.'

શિવ અને પર્વતેશ્વરે તારક સામે વેધક દૃષ્ટિ નાખી. તારકના વિધાનથી ઝૂલેશ્વર પણ બધાની જેમ દિગ્મૂઢ બની ગયો હતો. 'તારક !' ઝૂલેશ્વરે કહ્યું, 'તેં સીમા વટાવી દીધી છે. રાજકુમારી સતી તો અતિથિગૃહમાં પોતાના ભવનમાં જ છે અને યજ્ઞના નિયમોનું પૂરી રીતે પાલન થઈ રહ્યું છે. તે યજ્ઞના મંચ પર ઉપસ્થિત નથી. હવે હું તને ચાબુકના ફટકા મરાવું એ પહેલાં તું નીચે બેસી જા.'

'મને કયા ગુના માટે ચાબુકના ફટકા મરાવશો, રાજ્યપાલ ?' તારકે ઊંચા અવાજે કહ્યું, 'નિયમપાલન માટે અવાજ ઉઠાવવો એ કંઈ મેલુહા સામ્રાજ્યમાં ગુનો નથી.'

'પરંતુ નિયમનો ભંગ થયો જ નથી !'

'ભંગ થયો છે. નિયમના શબ્દો એવા છે કે યજ્ઞ થઈ રહ્યો હોય ત્યારે તે મંચ ઉપર કોઈ જ વિકર્મ હોવું જોઈએ નહીં. યજ્ઞ નગરના દ્વિતીય મંચ ઉપર થઈ રહ્યો છે. અને એ જ મંચ પર ઉપસ્થિત રહીને સતીએ નિયમભંગ કર્યો છે.'

તારકની વાત તકનીકની દૃષ્ટિએ સાચી હતી. જોકે મોટા ભાગના લોકો તે નિયમનો અર્થ એવો તારવતા હતા કે જ્યાં પૂજાવિધિ થઈ રહી હોય, તે મંચ પર વિકર્મની ઉપસ્થિતિ ન હોવી જોઈએ. જોકે મેલુહા સામ્રાજ્યનાં મોટાભાગનાં નગરોની જેમ કરચપનું બાંધકામ પણ એક મંચ પર જ કરવામાં આવ્યું હતું એટલે નિયમનું એવું અર્થઘટન પણ થઈ શકે કે સતી કરચપ નગરના સમગ્ર દ્વિતીય મંચ પર જ ઉપસ્થિત રહી શકે નહીં. નિયમપાલન કરવા માટે સતીએ નગરના પ્રથમ મંચ પર જતા રહેવું પડે અથવા તો નગરની બહાર.

એક ક્ષણ માટે ઝૂલેશ્વર કંઈ બોલી શક્યો નહીં, કારણ કે તારકની વાત તકનીકી દૃષ્ટિએ સાચી હતી. તેણે નબળા અવાજે કહ્યું, 'અરે, તારક, તું વધારે પડતી જ ચુસ્તતાની વાત કરી રહ્યો છે. મને લાગે છે કે નિયમનું આવું અર્થઘટન જરા વધારે પડતું જ ચુસ્ત છે. મને લાગે છે કે...'

'ના, શ્રી ઝૂલેશ્વરજી.' એ ટોળામાંથી એક અવાજ સંભળાયો.

બધા એ અવાજની દિશામાં ફર્યા. ઝરૂખામાં આવીને સતી બોલી રહી હતી, 'આપની વાત અધવચ્ચેથી અટકાવવા માટે ક્ષમા માગું છું, ઝૂલેશ્વરજી.' સતીએ વંદન કરતાં કહ્યું, 'તારકનું નિયમનું અર્થઘટન યોગ્ય જ છે. આ યજ્ઞમાં વિક્ષેપ ઊભો કરવા બદલ હું પુનઃ ક્ષમા માગું છું. હું મારા સેવકગણ સાથે તરત જ આ નગરની બહાર જવા નીકળી જઉં છું. અમે આ યજ્ઞ પૂરો થશે એ પછી ત્રીજા પ્રહરના પ્રારંભે પાછાં ફરીશું.'

શિવથી મુઠ્ઠીઓ વળાઈ ગઈ હતી. તેમને તારકનું ગળું મચડી નાખવાની ઇચ્છા થઈ

આવી હતી પરંતુ અત્યંત પ્રયત્નપૂર્વક તેમણે પોતાની જાતને રોકી રાખી હતી. થોડીક જ ક્ષણોમાં સતી કૃતિકા અને પાંચ અંગરક્ષકો સાથે અતિથિગૃહની બહાર નીકળી ગઈ હતી. શિવે નંદી અને વીરભદ્ર સામે જોયું એટલે એ બંને પણ ઊભા થઈને સતીના માણસો સાથે જોડાઈ ગયા. તેઓ સમજ્યા હતા કે સતી નગર બહાર સુરક્ષિત રહે, એમ શિવ ઇચ્છે છે.

'આ વસ્તુ તમને પોતાને ન સમજાઈ એ ઘૃણાજનક છે.' તારકે સતીને અપમાનજનક રીતે કહ્યું. 'તમે કયા પ્રકારની રાજકુમારી છો ? શું તમે નિયમોનું સન્માન જ નથી કરતાં ?'

સતીએ તારક સામે જોયું. તેના મુખ પર શાંતિ હતી. તે અત્યારે કોઈ ચર્ચામાં ઊતરવા ઇચ્છતી નહોતી એટલે તે શાંતિથી પોતાના અશ્વો તૈયાર થતા જોઈ રહી.

'નીલકંઠના કાફલા સાથે એક વિકર્મ સ્ત્રી શા માટે ફરી રહી છે, એ જ મને તો નથી સમજાતું. તે આ સમગ્ર યાત્રાને અપવિત્ર બનાવી રહી છે.' તારકે કટુવચન સંભળાવ્યું.

'બહુ થયું !' શિવ હવે બોલી પડ્યા, 'રાજકુમારી સતી ગરિમાપૂર્વક જઈ જ રહ્યાં છે. હવે તમારી ટીકા બંધ કરો.'

'હું નહીં કરું !' તારકે તીણા અવાજે કહ્યું, 'આપ કેવા આગેવાન છો ? આપ ભગવાન રામના નિયમોને પડકારી રહ્યા છો.'

'તારક !' ઝૂલેશ્વરે બૂમ પાડી. 'પ્રભુ નીલકંઠને નિયમોને પડકારવાનો અધિકાર છે. જો તને તારા જીવનની પરવા હોય, તો તું હવે નીલકંઠ સામે એક શબ્દ પણ બોલીશ નહીં.'

'હું એક મેલુહાવાસી છું.' તારક ચૂપ રહ્યો નહીં. 'નિયમભંગ કરનાર કોઈને પણ પડકારવાનો મને અધિકાર છે. એક ધોબીએ ભગવાન રામને પડકાર્યા હતા. ભગવાન રામે એ માણસના વિરોધને સ્વીકાર્યો અને પોતાની પત્નીનો ત્યાગ કર્યો, એ જ તેમની મહાનતા સૂચવે છે. હું નીલકંઠને વિનંતી કરીશ કે તેઓ ભગવાન રામના જીવનમાંથી બોધપાઠ લે અને નિર્ણયો લેતી વખતે પોતાનું મગજ વાપરે.'

'બહુ થયું તારક !' હવે સતીના ક્રોધનો જ્વાળામુખી ફાટી પડ્યો.

તારકની આ ટિપ્પણીથી ઉપસ્થિત તમામ લોકો દિગ્મૂઢ બની ગયા હતા, પરંતુ સતી નહીં. આ વાત તેના મર્મસ્થાને વાગી હતી. તેણે ઘણા સમય સુધી ઘણાં અપમાન સહન કર્યાં હતાં. અને તેણે બધા જ કડવા ઘૂંટડા ગરિમાથી પીધા હતા, પરંતુ આ વખતે આ માણસે શિવનું અપમાન કર્યું હતું. સતીના શિવનું અપમાન કર્યું હતું, એમ છેવટે સતીએ મનોમન સ્વીકાર્યું હતું.

'અગ્નિપરીક્ષાના અધિકારની માંગણી કરું છું.' સતીએ પોતાની જાત પર નિયંત્રણ મેળવીને કહ્યું.

સાંભળનારા લોકોને પોતાના કાન પર વિશ્વાસ પડ્યો નહીં. અગ્નિપરીક્ષા !

પરિસ્થિતિ પ્રત્યેક ક્ષણે વણસી રહી હતી. અગ્નિપરીક્ષા એટલે એવું દ્વંદ્વયુદ્ધ જે બેમાંથી એકના મૃત્યુ સુધી ચાલતું રહે છે અને કોઈ પણ માણસ પોતાને અન્યાયી રીતે ત્રાસ આપનાર માણસને અગ્નિપરીક્ષા માટે પડકારી શકે છે. આ દ્વંદ્વ એક અગ્નિ વડે બનાવવામાં આવેલા મોટા કુંડાળા વચ્ચે કરવામાં આવતું માટે તેને અગ્નિપરીક્ષા કહેવામાં આવતી. એ કુંડાળામાંથી બહાર નીકળવાનો કોઈ માર્ગ રહેતો નહીં. જ્યાં સુધી એક માણસ શરણાગતિ સ્વીકારે નહીં કે મૃત્યુ પામે નહીં ત્યાં સુધી આ દ્વંદ્વ ચાલુ જ રહેતું. એ સમયે અગ્નિપરીક્ષા બહુ જ વિરલ માનવામાં આવતી હતી. અને કોઈ સ્ત્રીએ આ અધિકારનો ઉપયોગ કર્યો હોય, તેવું તો કોઈએ સાંભળ્યું નહોતું.

'એવું કરવાનું કોઈ જ કારણ નથી, દેવી.' ઝૂલેશ્વરે આજીજી કરી. તેને પણ ઉપસ્થિત તમામ લોકોની જેમ એમ જ ભય લાગ્યો હતો કે રાજકુમારી સતી તેમના નગરમાં જ મૃત્યુ

પામશે. આ કદાવર તારક તો તેને સરળતાથી વાઢી નાખશે. તારક સામે જોઇને ઝૂલેશ્વરે આદેશ આપ્યો, 'તું આ પડકાર નહીં સ્વીકારે.'

'અને લોકો મને કાયર કહેશે, તેનું શું ?'

'તારે તારી શૂરવીરતા જ સિદ્ધ કરવી છે ?' પર્વતેશ્વર પહેલી વાર બોલ્યા, 'તો મારી સામે લડ. હું આ પડકારમાં સતીના બદલે લડીશ.'

'મારા બદલે કોઈને લડવા માટે નીમવાનો અધિકાર માત્ર મને જ છે, પિતૃતુલ્ય.' સતીએ પર્વતેશ્વરને પૂજ્યભાવે કહ્યું. તારક સામે જોઇને તેણે કહ્યું 'મારા બદલે કોઈ લડશે નહીં. તારે મારી સાથે જ દ્વંદ્વ કરવું પડશે.'

'તું એવું કશું જ નહીં કરે, તારક.' આ વખતે બૃહસ્પતિએ વિરોધ નોંધાવ્યો.

'તારક, જો તને મૃત્યુનો ભય લાગતો હોય તો તું લડવાની ના પાડજે.' શિવે કહ્યું.

નીલકંઠના શબ્દો સાંભળીને બધાને આઘાત લાગ્યો અને તેમણે નીલકંઠ સામે જાયું. સતી સામે જોઇને શિવે કહ્યું, 'કરચપના લોકો, મેં સતીને યુદ્ધ કરતાં જાઈ છે. તે કોઈને પણ પરાસ્ત કરી શકશે. સ્વયં ભગવાનને પણ.'

સતી સાશ્ચર્ય શિવને જાઈ રહી.

'હું આ પડકાર સ્વીકારું છું.' તારકે ઘુરકાટ કર્યો.

સતીએ તારક સામે માથું હલાવ્યું, પોતાના શ્વેત તોખાર પર સવાર થઈ અને નગરની બહાર જવા માટે નીકળી ગઈ. ચોક પૂરો થતાં તેણે પોતાના અશ્વને થોભાવ્યો અને પાછળ જોઇને શિવને એક વાર નીરખી લીધા. તેણે શિવ સામે સ્મિત કર્યું અને પછી અશ્વ હંકારી ગઈ.



ત્રીજા પ્રહરના પ્રારંભે શિવ અને બૃહસ્પતિ વર્જિસ ગૃહમાં ચૂપચાપ પ્રવેશ્યા અને બે લોકો સાથે કસરત કરી રહેલા તારકને જાવા લાગ્યા. એ દિવસનો યજ્ઞ બહુ ખરાબ રીતે સંપન્ન થયો હતો. બધા એક જ વસ્તુ વિચારી રહ્યા હતા કે આવતીકાલે રાજકુમારી મૃત્યુ પામશે એટલે કોઈનું એ વિધિમાં પૂરતું ધ્યાન જ નહોતું. જોકે યજ્ઞ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું એટલે યજ્ઞ કરવો જ રહ્યો, અન્યથા દેવો કોપાયમાન થઈ ઊઠે. એટલે યાંત્રિક રીતે વિધિ આટોપી લેવામાં આવી અને યજ્ઞ સંપન્ન કરવામાં આવ્યો.

જે રીતે તારક પોતાના સાથીઓ પર ક્રૂરતાથી પ્રહાર કરી રહ્યો હતો તે જોઇને બૃહસ્પતિએ તાત્કાલિક એક નિર્ણય લીધો, 'હું આજે રાત્રે જ તેની હત્યા કરી નાખીશ. એટલે સતી કાલે મરશે નહીં.'

શિવે બૃહસ્પતિ સામે આશ્ચર્યથી જાયું, 'બૃહસ્પતિ ? આ તમે શું કહી રહ્યા છો ?'

'સતી એટલી ઉમદા છે કે તેનો આવો અંત મારાથી જાઈ શકાશે નહીં. તેના માટે હું મારા જીવન અને ખ્યાતિનું બલિદાન આપવા તૈયાર છું.'

'પરંતુ તમે તો બ્રાહ્મણ છો. તમે કોઈને મારી શકો નહીં.'

'આપના માટે હું એમ કરી લઈશ.' બૃહસ્પતિએ ધીમેથી કહ્યું. તેઓ અત્યારે મગજ નહીં પરંતુ મનથી વિચારી રહ્યા હતા, 'આપે સતીને ગુમાવવાં નહીં પડે, મિત્ર.'

શિવ બૃહસ્પતિને ભેટી પડ્યા, 'તમારો આત્મા ભ્રષ્ટ ન કરશો, મિત્ર. હું કંઈ એટલા મોટા બલિદાનને લાયક નથી.'

બૃહસ્પતિ શિવને વળગી જ રહ્યા.

શિવે બૃહસ્પતિને મુક્ત કરીને હળવેથી કહ્યું, ‘અને આપના બલિદાનની આમ પણ આવશ્યકતા નથી. જેમ સૂર્યનું પૂર્વમાં ઊગવું અફર છે, તેમ સતી તારકને આવતીકાલે પરાસ્ત કરશે એ પણ અફર જ છે.’



ત્રીજા પ્રહરના અમુક કલાક વીત્યા પછી સતી અતિથિગૃહમાં પાછી ફરી. તે પોતાના ભવનમાં ગઈ નહીં પરંતુ તેણે નંદી અને વીરભદ્રને આંગણમાં બોલાવ્યા, પોતાની તલવાર કાઢી અને તેમની સાથે અભ્યાસ કરવો શરૂ કર્યો.

થોડાક સમય પછી પર્વતેશ્વર ત્યાં આવ્યા ત્યારે તે અત્યંત ચિંતિત અને દુઃખી લાગતા હતા. તેમના મુખ પર એવો સ્પષ્ટ ભય જણાઈ આવતો હતો કે તેઓ કદાચ સતી સાથે છેલ્લી વાર વાત કરવા આવ્યા હોય. તેમને જોઇને સતીએ અભ્યાસ અટકાવ્યો, તલવાર મ્યાન કરી અને તેમને સાદર વંદન કર્યાં. ‘પિતૃતુલ્ય.’ સતીએ ધીમેથી કહ્યું.

પર્વતેશ્વર સતીની પાસે આવ્યા. તેમના મુખ પર ચિંતાનાં વાદળ ઘેરાયેલાં દેખાતાં હતાં. સતીને એમ પણ લાગ્યું કે પર્વતેશ્વર ક્યારના રડી રહ્યા છે, પરંતુ તે એમ પૂછી ન શકી, કારણ કે અત્યાર સુધી તેણે ક્યારેય પર્વતેશ્વરની આંખમાં નાનકડું આંસુ પણ જોયું નહોતું. ‘પુત્રી...’ પર્વતેશ્વર ધીમેથી બોલ્યા.

‘મને જે સાચું લાગે છે, તે કામ હું કરી રહી છું.’ સતીએ કહ્યું, ‘હું ખુશ છું.’

પર્વતેશ્વર કંઈ પણ કહેવાની હિંમત કરી શક્યા નહીં. અમુક ક્ષણો પૂરતો તેમને એવો વિચાર આવી ગયો હતો કે રાત્રે જ તારકની હત્યા કરી નાખવી, પરંતુ તે નિયમ વિરુદ્ધનું બની રહેત.

એ જ સમયે શિવ અને બૃહસ્પતિ પણ ત્યાં આવ્યા. શિવે પર્વતેશ્વરના મુખને જોયું. શિવે પણ પ્રથમવાર સેનાપતિના મુખ પર નબળાઈનું કોઈ ચિહ્ન જોયું. તેઓ પર્વતેશ્વરની સ્થિતિ સમજી શકતા હતા પરંતુ તેની સતી પર જે અસર પડી રહી હતી, તે તેમને ગમી નહીં.

‘હું મોડો પડ્યો એ બદલ મને ક્ષમા કરશો.’ શિવે આનંદપૂર્વક કહ્યું.

બધાએ તેમની સામે જોયું.

‘વાસ્તવમાં હું અને બૃહસ્પતિ વરુણ દેવના મંદિરે તારક માટે પ્રાર્થના કરવા ગયા હતા.’ શિવે કહ્યું, ‘તેના આત્માની બીજા જગત સુધીની યાત્રા સરળ બની રહે, તે માટે અમે પ્રાર્થના કરી.’

આ સાંભળીને સતી ખડખડાટ હસી પડી. ત્યાં ઊભેલા બધા જ લોકો ખડખડાટ હસી પડ્યા.

‘ભદ્ર, અભ્યાસ માટે તું યોગ્ય પ્રતિસ્પર્ધી નથી.’ શિવે કહ્યું, ‘તું બહુ ચપળ છે. નંદી, તું રાજકુમારી સાથે અભ્યાસ કર અને ચપળતા ઓછી બતાવજે.’

પછી સતી સામે જોઇને શિવે કહ્યું, ‘મેં તારકને અભ્યાસ કરતાં જોયો. તેના પ્રહારમાં જોરદાર શક્તિ છે, પરંતુ તેના કારણે જ તેની ગતિ ઘટી પણ જાય છે. તેની શક્તિને જ તેની નબળાઈ બનાવી દેવી જોઈએ. તેની ધીમી હલનચલન સામે તમારી ચપળતાનો ઉપયોગ કરજો.’

સતીએ દરેક શબ્દ મગજમાં ઉતારીને માથું હલાવ્યું. પછી તેણે નંદી સાથે અભ્યાસ શરૂ કર્યો. નંદીની ધીમી હલનચલનની સરખામણીએ તે ચપળતાથી ફરતી રહી. સતી નંદી

પર ઘાતક પ્રહાર કરી શકી.

અચાનક શિવને એક વિચાર આવ્યો. નંદીને અટકવાની સૂચના આપીને તેમણે સતીને પૂછ્યું, 'શું તમને દ્વંદ્વ માટે શસ્ત્ર પસંદ કરવાની છૂટ હોય છે ?'

'હા, એ મારો વિશેષાધિકાર છે કારણ કે પડકાર મેં ફેંક્યો છે.'

'તો પછી કટાર પસંદ કર. તેના કારણે તેની પ્રહારની પહોંચ ઘટી જશે અને તું ચપળતાથી પ્રહાર કરીને પાછળ પણ ખસી શકીશ.'

'એ ઉત્તમ વિચાર છે !' પર્વતેશ્વરે કહ્યું અને બૃહસ્પતિએ પણ સહમતી દર્શાવી.

સતીએ પણ તરત જ સસ્મિત સહમતી દર્શાવી. એ જ સમયે વીરભદ્ર પણ બે કટાર સાથે પ્રગટ થયો. તેણે એક કટાર નંદીને આપી અને બીજી સતીને આપીને કહ્યું, 'આનાથી અભ્યાસ કરો, દેવી.'



વર્તુળાકાર ક્રીડાંગણની મધ્યમાં સતી અને તારક ઊભાં હતાં. આ કરચપની મુખ્ય રંગભૂમિ નહોતી. એ રંગભૂમિ તો આ ક્રીડાંગણથી પણ ઘણી વિશાળ હતી. આ ક્રીડાંગણને મુખ્ય રંગભૂમિની બાજુમાં બાંધવામાં આવ્યું હતું અને તેમાં મુખ્યત્વે મેસોપોટિમિયાના વસાહતીઓને ગમતી સંગીતસંધ્યાઓ યોજાતી રહેતી હતી. એ ક્રીડાંગણ અગ્નિપરીક્ષા માટેના ચોક્કસ માપદંડ અનુસાર જ બાંધવામાં આવ્યું હતું. એટલું વિશાળ નહીં કે એક પ્રતિસ્પર્ધી બીજા પ્રતિસ્પર્ધીના પ્રહારથી સરળતાથી બચી જાય અને એટલુ નાનું પણ નહીં કે જેથી દ્વંદ્વ એકદમ ઝડપથી પૂરું થઈ જાય. ક્રીડાંગણની ચારેબાજુ બેઠકો બનાવવામાં આવી હતી અને કરચપનાં પાછલાં પાંચસો વર્ષના ઇતિહાસમાં જે સૌથી મત્ત્વનું દ્વંદ્વ લડાવાનું હતું તેને જાવા માટે વીસ હજાર જેટલા લોકો આવ્યા હતા.

દરેક દર્શક મનોમન પ્રાર્થના કરી રહ્યો હતો કે 'હે પિતા મનુ, એવો કોઈ ચમત્કાર કરો કે જેથી રાજકુમારી સતી જીવી જાય'. તારક અને સતીએ એકબીજાને વંદન કર્યાં અને સન્માનપૂર્વક લડવાની પ્રાચીન પ્રતિજ્ઞાનું ઉચ્ચારણ કર્યું. પછી ક્રીડાંગણની એક બાજુ ઊભી કરવામાં આવેલી વરુણ દેવની પ્રતિમાને નમીને વંદન કરીને તેમના આશીર્વાદ લીધા. વરુણ દેવની પ્રતિમા નીચે જ રાજ્યપાલ માટેની જે બેઠક હતી, તેમાં ઝૂલેશ્વરે નીલકંઠને બેસાડ્યા હતા. રાજ્યપાલ શિવની ડાબી બાજુ આયુર્વતી અને

કૃતિકા સાથે બેઠા હતા. બૃહસ્પતિ અને પર્વતેશ્વર શિવની જમણી બાજુ બેઠા હતા. નંદી અને વીરભદ્ર હવે તેમની પરિચિત જગ્યાએ, એટલે કે શિવની પાછળ ગોઠવાઈ ગયા હતા. આગલા દિવસે જ દક્ષને કબૂતર વડે આ દ્વંદ્વનો સંદેશો મોકલવામાં આવ્યો હતો. જોકે તેનો ઉત્તર આવે તેટલો સમય નહોતો.

છેવટે, ઝૂલેશ્વર ઊભો થયો. આ અગ્નિપરીક્ષા અંગે તે ગભરાટ અનુભવતો હતો પરંતુ મુખ પર તેણે એવા ભાવ આવવા દીધા નહીં. પરંપરા અનુસાર તેણે પોતાના જમણા હાથની મુઠ્ઠી વાળીને હૃદય પર મૂકી અને ગર્જના કરીઃ 'સત્ય ! ધર્મ ! માન !'

ક્રીડાંગણ ફરતે બેઠેલા દર્શકોએ પડઘો પાડ્યોઃ 'સત્ય ! ધર્મ ! માન !'

તારક અને સતી પણ બોલ્યાં : 'સત્ય ! ધર્મ ! માન !'

ઝૂલેશ્વરે ક્રીડાંગણના રખેવાળ સામે માથું હલાવીને સંજ્ઞા કરી એટલે તેણે પવિત્ર અગ્નિ વડે એક દીવો પ્રગટાવ્યો. એ દીવાની આગ ક્રીડાંગણની ફરતે બનાવવામાં આવેલા કુંડાળામાં પ્રસરી. અગ્નિપરીક્ષા માટેની તૈયારીઓ થઈ ચૂકી હતી.

ઝૂલેશ્વરે શિવ સામે જોઇને કહ્યું, 'પ્રભુ, દ્વંદ્વ શરૂ કરવા માટે આપ આદેશ આપો.'

શિવે સતી સામે આત્મવિશ્વાસભર્યું સ્મિત કર્યું. પછી દર્શકો સામે જોઇને તેમણે ઊંચા અવાજે કહ્યું, 'અગ્નિદેવની સાક્ષીઓ હંમેશાં સત્યનો જ વિજય થાય છે.'

તારક અને સતીએ પોતપોતાની કટાર હાથમાં લઈ લીધી. તારકે કટાર મોટાભાગના પારંપરિક યોદ્ધાઓની જેમ પોતાની આગળ ધરી રાખી હતી. તેણે પોતાની શક્તિ અનુસારની રણનીતિ પસંદ કરી હતી. કટાર આગળ ધરી રાખવાથી સતી જેવી તેની પાસે આવે, તેવો તેને પ્રહાર કરવાનો મોકો મળી રહેતો હતો. તે પોતાની જગ્યાએથી બહુ હલ્યો નહીં, જેથી સતી જ તેની સામે બધું હલનચલન કરતી રહે.

દ્વંદ્વના તમામ પારંપરિક નિયમોનું ઉલ્લંઘન કરીને સતીએ પોતાની કટાર પોતાની પાછળ રાખી હતી. તે કટારને એક હાથમાંથી બીજા હાથમાં ફેરવી રહી હતી અને પોતાના પ્રતિસ્પર્ધીથી સલામત અંતર જાળવી રહી હતી. તેનું ધ્યેય એ હતું કે તે કઈ દિશામાંથી પ્રહાર કરશે તે અંગે તારકને મૂંઝવણમાં જ રાખવો. બીજુ બાજુ તારક બાજની જેમ સતીના તમામ હલનચલનને જોઈ રહ્યો હતો. તેને સતીના જમણા હાથનો સ્નાયુ હલતો દેખાયો એટલે તે સમજી ગયો કે કટાર હવે સતીના જમણા હાથમાં હતી.

અચાનક સતી ડાબી બાજુ ઊછળી. તારક પોતાની જગ્યાએથી હલ્યો નહીં. તે જાણતો હતો કે સતીના જમણા હાથમાં કટાર છે માટે તેણે ડાબી બાજુ મારેલો કૂદકો માત્ર છળ છે. પોતાની કટાર વડે પ્રહાર કરવા તેણે જમણી બાજુ આવવું જ પડશે. અને સતીએ એ રીતે જ ચપળતાથી જમણી બાજુ જઈને તારકના ધડની દિશામાં પોતાની કટાર વીંઝી, પરંતુ તારક તેના માટે તૈયાર હતો. તેણે ચપળતાથી કટાર પોતાના ડાબા હાથમાં લઈને સતીના ધડ પર લાંબો કાપો પાડ્યો. એ કાપો બહુ ઊંડો નહોતો પરંતુ તેનાથી પીડા અવશ્ય થઈ હશે. બધા દર્શકોના મોઢામાંથી હાયકારો નીકળી ગયો.

સતીએ પાછાં પગલાં ભર્યાં અને પોતાના જોશને જાળવી રાખ્યું. સતીએ પોતાની કટાર પુનઃ પોતાની પાછળ સંતાડી અને તેને એક હાથમાંથી બીજા હાથમાં ફેરવતી રહી. તારકને ઝીણી આંખે તેના હાથના સ્નાયુઓને નીરખતો રહ્યો. હવે કટાર સતીના ડાબા હાથમાં હતી. સતી હવે જમણી બાજુ જશે એમ તેણે ધારણા કરી અને સતીએ એમ જ કર્યું. તે સ્થિર ઊભો રહીને સતી ચપળતાથી ડાબી બાજુ સરકે તેની પ્રતીક્ષા કરવા લાગ્યો. સતીએ બરોબર એમ જ કર્યું અને એ દરમિયાન તેણે પોતાના ડાબા હાથે કટાર પણ વીંઝી. સતીનો હાથ તારકને જરા પણ હાનિ પહોંચાડવા જેટલો પાસે આવે એ પહેલાં તારકે પોતાનો દાવ ખેલ્યો. તેણે ભયાનક જોરથી પોતાનો જમણો હાથ વીંઝ્યો અને સતીના ડાબા ખભા પર ઊંડો ઘા કર્યો. સતીએ બે ડગલાં પાછળ ભર્યાં અને દર્શકો રડવા માંડ્યા. મોટાભાગના લોકો પ્રાર્થના કરવા લાગ્યા હતા. જો સતી મૃત્યુ જ પામવાની હોય, તો તે ધીમે-ધીમે પીડાઈને નહીં પરંતુ ત્વરાથી મુક્તિ પામે એમ તેઓ ઇચ્છવા માંડ્યા.

'એ શું કરી રહી છે ?' ગભરાઈ ઊઠેલા બૃહસ્પતિએ ધીમેથી શિવને કહ્યું, 'તે આમ સાવ અવિચારી પ્રહારો કેમ કરી રહી છે ?'

શિવે બૃહસ્પતિ અને પર્વતેશ્વરનાં મુખ જોઈ લીધાં. પર્વતેશ્વર આશ્ચર્યમાં ગરકાવ હતા છતાં તેમના મુખ પર પ્રશંસાના ભાવ હતા. બૃહસ્પતિથી વિપરીત, તેઓ સમજી ગયા હતા કે શું ચાલી રહ્યું છે. દ્વંદ્વની દિશામાં જોઇને શિવે કહ્યું, 'એ છટકું ગોઠવી રહી છે.'

ક્રીડાંગણની મધ્યે સતી હજુ પણ કટાર વારાફરતી પોતાના બંને હાથમાં લઈ રહી હતી. પછી તે જમણી બાજુથી ડાબી બાજુ ચપળતાથી ખસી પણ આ વખતે તેણે પોતાનો કટારવાળો હાથ બદલ્યો નહીં. તેણે પોતાનો ડાબો હાથ વીંઝ્યો પરંતુ કટાર તો તેના

એકદમ ઢીલા અને સુસ્ત દેખાતા જમણા હાથમાં હતી.

તારક સતીને બારીકાઈથી નીરખી રહ્યો હતો. તેને એવો વિશ્વાસ હતો કે તે ધીમે-ધીમે સતીને એટલા ઘાવ આપશે કે તે લોહી પડવાથી જ મૃત્યુ પામશે. તેને એમ જ હતું કે કટાર સતીના ડાબા હાથમાં છે. તેણે સતી પહેલાં જમણી બાજુ અને પછી ડાબી બાજુ ખસે તેની પ્રતીક્ષા કરી અને સતીએ ચપળતાથી એ મુજબ જ કર્યું. સતીનો ડાબો હાથ વીંઝાશે એવી અપેક્ષા સાથે તારકે પોતાનો જમણો હાથ વીંઝ્યો, પરંતુ સતી ચપળતાથી પોતાની પાનીઓ ઉપર પાછળ ખસી ગઈ. આશ્ચર્યચકિત તારક કોઈ પણ પ્રતિક્રિયા દાખવી શકે એ પહેલાં સતીએ જમણી બાજુ ખસી જઈને પોતાના જમણા હાથ વડે તેની છાતી પર ઘાતક પ્રહાર કર્યો. એ કટાર તારકનાં ફેફસાંમાં ઊતરી ગઈ. આ પ્રહારના આઘાતથી તે દિગ્મૂઢ થઈ ગયો. તેના મોઢામાંથી લોહી પડવા માંડ્યું. તેણે હાથમાંથી કટાર છોડી દીધી અને તે પાછાં ડગલાં ભરવા માંડ્યો. જોકે સતીએ તારકની છાતીમાં ખૂંપેલી કટાર પર દબાણ બનાવી રાખ્યું અને મૂઠ સુધીની કટાર છાતીમાં ઉતારી દીધી.

તારક પાછળની દિશામાં ડગલાં ભરતો ભરતો નીચે પડ્યો અને સ્થિર થઈ ગયો. બધા જ દર્શકો એક ક્ષણ માટે શાંત થઈ ગયા. સતીના મુખ પર ક્રુદ્ધ દેવી જેવા હાવભાવ છવાઈ ગયા હતા. પંચ્યાસી વર્ષનો દબાવી રાખેલો ક્રોધ એ એક જ ક્ષણમાં બહાર આવી રહ્યો હતો. તેણે કટાર બહાર ખેંચી અને ખેંચતાં-ખેંચતાં થોડીક ફેરવી પણ ખરી કે જેથી મહત્તમ નુકસાન પહોંચાડી શકાય. તારકના મોઢામાંથી હવે તો લોહીની ધાર વહેવા માંડી હતી. પોતાના બંને હાથમાં કટાર પકડીને હાથ ઊંચા કરીને સતીએ તારકના હૃદયનું લક્ષ્ય લીધું. જોકે એ જ ક્ષણે સાવ અનઅપેક્ષિત રીતે તેના મુખ પર ક્રોધના બદલે શાંતિ સૂચવતા હાવભાવ છવાઈ ગયા. એવું લાગ્યું કે જાણે કોઈએ અચાનક જ તેના શરીરમાંથી તમામ નકારાત્મક ઊર્જા એક જ ક્ષણમાં ચૂસી લીધી હોય. પછી તે અવળી ફરી. અનિષ્ટ સંહારક શિવ પોતાના આસન પર બેઠા બેઠા સતી સામે સ્મિત કરી રહ્યા હતા.

પછી તેણે તારક સામે જોઇને હળવા અવાજે કહ્યું, ‘હું તને ક્ષમા આપું છું.’

બધા દર્શકો આનંદથી ચિચિયારીઓ પાડવા માંડ્યા. જો વરુણદેવે પોતે પણ આ દ્વંદ્વનું પૂર્વ આયોજન કર્યું હોત, તો પણ એ આટલું રોમાંચક ન બની શક્યું હોત. તેમાં એ બધું જ હતું જે દરેક સૂર્યવંશીને પ્રિય હતું. દબાણ હેઠળ આક્રમક અને વિજયના સમયે ભવ્ય.

સતીએ પોતાની કટાર ઊંચી કરીને બૂમ પાડી, ‘જય શ્રીરામ !’

બધા જ દર્શકોએ પડઘો પાડ્યો, ‘જય શ્રીરામ !’

સતીએ શિવ સામે જોઇને પુનઃ ગર્જના કરી, ‘જય શ્રીરામ !’

‘જય...’ બાકીના શબ્દો શિવના ગળામાં જ અટવાઈ ગયા.

આ વખતે હું જયઘોષ નહીં કરું તો ભગવાનને વાંધો નહીં પડે.

શિવે સતીની દિશામાંથી પોતાનું મુખ બીજી દિશામાં ફેરવી લીધું. તે પોતાની પ્રેયસીને પોતાનાં આંસુ બતાવવા ઇચ્છતા નહોતા. પછી પોતાની જાત પર નિયંત્રણ મેળવીને તેમણે બહોળા સ્મિત સાથે સતી સામે જોયું. સતી શિવને જ જોઈ રહી હતી. શિવના મુખ પર પ્રશંસાના હાવભાવ જોઇને તેના મનમાં લાંબા સમયથી સુષુપ્ત રહેલી લાગણીઓ જાગૃત થઈ ગઈ. એ લાગણીઓ અસહ્ય લાગતાં સતીએ પોતાની આંખો બંધ કરી લીધી.



પ્રકરણ ૧૬
સૂર્ય અને પૃથ્વી

એ રાત્રે કરચપમાં કોઈ પણ પૂર્વતૈયારીઓ વિના ઉજવણી થવા માંડી હતી. તેમની રાજકુમારી સલામત હતી. અસહ્ય તારક છેવટે હાર્યો હતો. કરચપના ઘણા લોકો એમ માનતા હતા કે તારકના ઉપદેશોથી તો તેની સગી માતા પણ ત્રસ્ત હશે. આ મુક્ત નગરમાં તારકના સમર્થકો બહુ ઓછા હતા, પરંતુ સતીએ તારકને ક્ષમા આપી એટલે દ્વંદ્વના નિયમ અનુસાર વૈદ્યોએ દોડી જઈને તારકની સારવાર શરૂ કરી હતી. તેમણે છ કલાક મહેનત કરીને તારકનો જીવ બચાવ્યો હતો અને વૈદ્યોની મહેનત સફળ થઈ તેના આખા નગરને અફસોસ હતો.

'શું આપે સૂર્ય અને પૃથ્વીની કવિતા સાંભળી છે ?' સતીએ શિવને પૂછ્યું.

રાજ્યપાલના મહેલમાં ભારે ઉજવણી ચાલી રહી હતી પરંતુ શિવ અને સતી એ મહેલના ઝરૂખામાં આવીને ઊભા હતા.

'ના.' શિવે માદક સ્મિત સાથે થોડાક સતીની પાસે સરકીને કહ્યું, 'પરંતુ મને એ સાંભળવી અવશ્ય ગમશે.'

'ઘણી વાર પૃથ્વી સૂર્યની પાસે જવાની શક્યતાઓ પર વિચાર કરતી હોય છે.' સતીએ કહ્યું, 'પરંતુ તે એમ નથી કરી શકતી. પૃથ્વી કેવી પામર અને સૂર્ય કેવા તેજસ્વી ! જો પૃથ્વી સૂર્યની પાસે જાય તો વિનાશ જ સર્જાય.'

હવે શું ?

'હું અસહમત છું.' શિવે કહ્યું, 'મને તો એમ લાગે છે કે જ્યાં સુધી સૂર્યની ફરતે પૃથ્વી પ્રદક્ષિણા કરતી રહે છે, ત્યાં સુધી જ સૂર્ય પ્રકાશતો રહે છે. જો પૃથ્વી ન હોત, તો સૂર્યના અસ્તિત્વનો પણ કોઈ જ ઉપક્રમ ન હોત.'

'સૂર્ય માત્ર પૃથ્વી માટે જ અસ્તિત્વ નથી ધરાવતો. એ તો સૂર્યમંડળના દરેક ગ્રહનો છે.'

'આમ તો પોતાનું અસ્તિત્વ કોના માટે છે એ નક્કી કરવાનો અધિકાર સૂર્યનો નથી ?'

'ના.' સતીએ શિવ સામે જોઇને કહ્યું, 'એ જેવો સૂર્ય બને છે, કે તેનું ઉત્તરદાયિત્વ વધી જાય છે. તેનું અસ્તિત્વ તેનું પોતાનું રહેતું જ નથી. એ સર્વના કલ્યાણ માટે જ જીવે છે. તેનો પ્રકાશ સમગ્ર સૂર્ય મંડળ માટે જીવનદાતા બની રહે છે. અને જો પૃથ્વીમાં ઉત્તરદાયિત્વની જરા પણ ભાવના હોય, તો તે આ સમતોલન જરા પણ ખોરવાય તેવું કશું જ કરશે નહીં.'

'તો પછી સૂર્યએ શું કરવું જોઈએ ?' શિવે પૂછ્યું ત્યારે તેમના મુખ પર પીડા અને ક્રોધ દેખાઈ આવતાં હતાં. 'શું આખું જીવન એ બળતો જ રહે ? દૂરથી પૃથ્વીને નીરખ્યા કરે

?’

‘પૃથ્વી ક્યાંય નથી જવાની. સૂર્ય અને પૃથ્વી વચ્ચે ઉષ્માપૂર્ણ મૈત્રી અવશ્ય રહી શકે છે, પરંતુ એનાથી આગળ વધવું નિયમ વિરુદ્ધનું બની રહેશે. એ અન્ય લોકોના હિતથી વિપરીત બની રહેશે.’

શિવ ક્રોધને કારણે સતીની વિરુદ્ધ દિશામાં જાવા લાગ્યા. તેઓ ઉત્તર દિશામાં જાઈ પવિત્ર સરોવર પાસેથી શાંતિ માંગવા લાગ્યા, પરંતુ એ પ્રાપ્ત ન થતાં, તેઓ આકાશમાં એવા ભગવાન સામે જાવા લાગ્યા, જેમાં તેમને વિશ્વાસ નહોતો.

હે ભગવાન *!*

ઝરૂખાની પાળી પર તેમનો મુક્કો અથડાતાં ઝરૂખાની કેટલીક ઇંટો ખરી પડી.



નગરના કિલ્લાની બહાર, વનવિસ્તારમાં, અમુક સૈનિકો કોઈની પ્રતીક્ષા કરી રહ્યા હતા. થોડેક દૂર ડગલા હેઠળ ઢંકાયેલા બે લોકો એક વિશાળ ખડક પર બેઠા હતા. એ ટુકડીનો કપ્તાન આ બંને લોકોની પાસે એકદમ સ્થિર ઊભો હતો. તેને વિશ્વાસ નહોતો પડતો કે તે સ્વયં મહારાણીની પાસે ઊભો હતો. આ સન્માનથી તે અત્યંત આનંદિત થઈ ઊઠ્યો હતો.

બેમાંથી એક જણે હાથ ઊંચો કરીને એ કપ્તાનને પાસે બોલાવ્યો. ડગલાવાળી વ્યક્તિના કાંડા પર નાગથી બનેલા ઓમ્‌વાળો બાજુબંધ પહેરેલો હતો, ‘વિશ્વધુમન, તને વિશ્વાસ છે કે આપણે તેને અહીં જ મળવાનું હતું ? તે માણસ એક કલાકથી વધારે મોડો છે.’

‘હા, પ્રભુ.’ વિશ્વધુમને ગભરાઈને ઉત્તર આપ્યો, ‘તે અહીં જ આવશે એમ તેણે જણાવ્યું હતું.’

ડગલા હેઠળ ઢંકાયેલી બીજી વ્યક્તિએ આદેશાત્મક અવાજે કહ્યું, ‘એ માણસ નાગવંશીઓની મહારાણીને પ્રતીક્ષા કરાવી રહ્યો છે !’ ડગલા હેઠળ ઢંકાયેલી બીજી વ્યક્તિ સામે જોઇને તેણે કહ્યું, ‘હું માનું છું કે તેં બધું ઝીણવટથી વિચારી લીધું હશે. હું આશા કરું છું કે આ ભયાનક પ્રદેશમાં હું ધક્કો ખાવા જ ન આવી હોઉં.’

ડગલા હેઠળની બીજી વ્યક્તિએ હાથના ઇશારાથી મહારાણીને ધીરજ ધરવા કહ્યું, ‘વિશ્વાસ રાખો, મહારાણી. સૂર્યવંશીઓ આજીવન ન ભૂલી શકે તેવો પ્રહાર કરવા માટે આ માણસ ચાવીરૂપ છે.’

‘ગઈકાલે નગરમાં રાજકુમારી અને એક મૂર્ખ માણસ વચ્ચે અગ્નિપરીક્ષા હતી.’ વિશ્વધુમને પોતાની સ્થાનિક માહિતી વડે મહારાણીને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરતાં કહ્યું, ‘મારી પાસે તમામ વિગતો નથી પરંતુ હું આશા કરું છું કે આપણો માણસ તેમાં સામેલ નહીં હોય.’

મહારાણીએ ડગલાવાળી બીજી વ્યક્તિ સામે જાયું અને પછી વિશ્વધુમન સામે જાયું, ‘કૃપા કરીને અન્ય સૈનિકો પાસે જઈને પ્રતીક્ષા કરો.’

વિશ્વધુમનને એમ લાગ્યું કે તેણે એવું કશુંક કહ્યું છે જે કહેવા જેવું નહોતું. એટલે પોતાના સ્વામી આંખો વડે ઠપકો આપે તે પહેલાં તે ત્યાંથી ખસી ગયો. આ માટે જ તેને પ્રશિક્ષણ દરમિયાન કહેવામાં આવતું હતું કે એક સારો સૈનિક માત્ર જેટલું પૂછવામાં આવે તેનો જ ઉત્તર આપે છે. એ સિવાય તે કશું જ બોલતો નથી.

'એ અહીંયાં છે ?' મહારાણીએ પોતાનો ક્રોધ છુપાવ્યા વિના કહ્યું.

ડગલા હેઠળ છુપાયેલી બીજી વ્યક્તિએ માથું હલાવીને હા પાડી.

'મેં તને કહ્યું જ છે કે હવે આ વિચાર છોડી દે.' મહારાણીએ સીધું જ કહ્યું, 'એનાથી કશું જ પ્રાપ્ત નથી થવાનું. શું તને ખ્યાલ નથી આવતો કે તેં મંદાર પર્વત પર જે મૂર્ખામીપૂર્ણ આક્રમણ કર્યું તેના કારણે એ લોકોને એવી શંકા આવી શકે છે કે તેમનો કોઈ માણસ ફૂટી ગયો છે ?'

બીજા નાગવંશીએ ક્ષમા માંગી.

'તું અહીંયાં પણ તેના માટે જ આવ્યો છે ?'

'ના, મહારાણી.' એ નાગવંશીએ અત્યંત આદરયુક્ત અવાજે કહ્યું, 'આ જગ્યાએ જ એ માણસે મળવા આવવાનું કહ્યું હતું.'

મહારાણીએ હાથ લંબાવીને હળવેથી એ નાગવંશીની પીઠ થપથપાવી. 'ધ્યાન કેન્દ્રિત રાખ, પુત્ર.' મહારાણીએ મૃદુતાથી કહ્યું, 'જો આ કામ અપણે પાર પાડી શક્યાં, તો એ આપણો સૌથી મોટો વિજય મનાશે. હમણા તેં કહ્યું એમ, આ પ્રહાર એવો નીવડશે કે જેમાંથી તેઓ બેઠા થઈ શકશે નહીં.'

નાગવંશીએ હા પાડી.

'તેમ છતાં,' મહારાણીએ પોતાનો હાથ ડગલામાં પાછો છુપાવતાં કહ્યું, 'તને એનું એટલું ખેંચાણ છે કે એ કારણથી તું મૂર્ખામીપૂર્ણ નિર્ણય લઈ લે છે. શું તને એ માણસનો સંદેશો સ્પષ્ટ નથી મળ્યો કે એ સ્ત્રીને હાથ પણ નથી લગાવવાનો ? નહીંતર આ આયોજન જ રદ થશે.'

નાગવંશી મહારાણી સામે આશ્ચર્યથી જોઈ રહ્યો, 'તમને કઈ રીતે...'

'હું નાગવંશીઓની મહારાણી છું, પુત્ર.' મહારાણી અધવચ્ચે જ બોલી ઊઠી, 'આ શતરંજમાં મારા એકથી વધારે ખેલાડીઓ સામેલ છે.'

નાગવંશી મહારાણી સામે જોઈ રહ્યો. મંદાર પર્વતના આક્રમણ અંગે તેને સાચે જ શરમ આવી રહી હતી. એ પછી મહારાણી જે બોલી તેનાથી તો નાગવંશીની શરમમાં ઉમેરો થયો, 'તું આશ્ચર્યજનક ભૂલો કરી રહ્યો છે, પુત્ર. તારામાં મહાનતમ નાગવંશી બનવાની ક્ષમતા છે. એને વેડફીશ નહીં.'

'જી, મહારાણી.'

હવે મહારાણી આશ્વસ્ત હોય એમ લાગતું હતું.

'મને લાગે છે કે આપણે એકલાં હોઈએ ત્યારે,' મહારાણીએ કહ્યું, 'તું મને માસી કહી શકે છે. હું તારી માની સગી બહેન છું.'

'એ તો આપ છો જ.' નાગવંશીની આંખોમાં આનંદ ઝળકી ગયો. 'જેવી આપની આજ્ઞા, માસી.'



અગ્નિપરીક્ષાને બે સપ્તાહ વીતી ગયાં હતાં. હવે સતીના ઘાવ એટલા રૂઝાઈ ગયા હતા કે શિવનો કાફલો યાત્રા આગળ વધારી શકે. શિવ, પર્વતેશ્વર અને બૃહસ્પતિ અતિથિગૃહમાં શિવના ભવનમાં બેઠા હતા.

'તો પછી નક્કી.' પર્વતેશ્વરે કહ્યું, 'આજથી એક સપ્તાહ પછી યાત્રા આગળ વધે તેવી તૈયારીઓ હું કરાવવા માંડું છું. ત્યાં સુધીમાં સતીના ઘાવ સારી રીતે ભરાઈ ગયા હશે.'

'હા, મને લાગે છે કે એ યોગ્ય આયોજન છે.' શિવે સહમતી દર્શાવી.

'પર્વતેશ્વર, હવે હું આપની સાથે યાત્રા આગળ વધારીશ નહીં.' બૃહસ્પતિએ કહ્યું.

'કેમ ?' પર્વતેશ્વરે પૂછ્યું.

'મેં જે નવા રસાયણો મંગાવ્યાં હતાં, તે આવી પહોંચ્યાં છે. હું એમ વિચારતો હતો કે એ સામાનની સાથે જ હું મંદાર પર્વત પાછો જતો રહું જેથી શક્ય એટલા વહેલા પ્રયોગો શરૂ કરી શકાય. જો આ પ્રયોગોમાં આપણને સફળતા મળે, તો સોમરસના ઉત્પાદનમાં પાણીનો ઉપયોગ ઘણો બધો ઘટી જવા પામશે.'

શિવે ઉદાસ સ્મિત કરીને કહ્યું, 'મને તમે બહુ જ યાદ આવશો, મિત્ર.'

'મને પણ આપ ઘણા યાદ આવશો.' બૃહસ્પતિએ કહ્યું, 'પરંતુ હું કંઈ દેશ છોડીને નથી જઈ રહ્યો. જ્યારે આપની યાત્રાઓ પૂરી થાય ત્યારે મંદાર પર્વત પર આવજો. હું ત્યાં આવેલાં જંગલો આપને બતાવીશ.'

'હા.' શિવે કહ્યું, 'અને તમે સંભવતઃ અમુક પ્રયોગો કરીને આ નીલ કંઠનું રહસ્ય પણ શોધી કાઢશો.'

પછી શિવ અને બૃહસ્પતિ ખડખડાટ હસી પડ્યા. પર્વતેશ્વર આ બંને વચ્ચેની અંગત વાત સમજી શક્યા નહીં એટલે તેઓ માત્ર વિનમ્રતાથી જોઈ રહ્યા.

'એક મત્ત્વની વાત છે, બૃહસ્પતિજી.' પર્વતેશ્વરે કહ્યું, 'હું રાજવી કાફલામાંથી કોઈ પણ સૈનિક તમને ફાળવી નહીં શકુ. એટલે વળતી યાત્રામાં આપની સાથે ઝૂલેશ્વર થોડાક સૈનિકો મોકલી આપે, એમ હું તેમને વાત કરીશ.'

'આભાર, પર્વતેશ્વર, પરંતુ મને વિશ્વાસ છે કે મને વાંધો નહીં આવે. કોઈ ત્રાસવાદીને વળી મારામાં શું રસ પડે ?'

'મોહન-જો-દરોથી લગભગ પચાસ ગાઉ દૂર આવેલા એક ગામમાં ગઈકાલે જ ત્રાસવાદી આક્રમણ થયું છે.' પર્વતેશ્વરે કહ્યું, 'આખું મંદિર પાડી નાખવામાં આવ્યું અને બધા જ બ્રાહ્મણોને પણ મારી નાખવામાં આવ્યા.'

'વધુ એક આક્રમણ.' શિવે ગુસ્સાથી કહ્યું, 'આ માસમાં આ ત્રીજું આક્રમણ છે !'

'સત્ય.' પર્વતેશ્વરે કહ્યું, 'એ લોકોની હિંમત હવે વધી રહી છે. અને હંમેશની જેમ, સૈનિકો આવીને તેમની સાથે સાચું યુદ્ધ લડે એ પહેલા તો એ લોકો ભાગી પણ છૂટ્યા.'

શિવની મુઠ્ઠીઓ વળી ગઈ. આ ત્રાસવાદી આક્રમણોનો શું ઉપાય કરવો, એ તેમને સમજાતું નહોતું. તેમના માટે કોઈ પણ પૂર્વતૈયારી તો થઈ શકે તેમ નહોતી, કારણ કે એ લોકોનું હવે પછીનું આક્રમણ ક્યાં હશે, તે કોઈ જાણતું નહોતું. શું ચંદ્રવંશીઓના પોતાના દેશ સ્વદીપ પર આક્રમણ કરીને જ તેમને અટકાવી શકાશે ? શિવને અમૂંઝણમાં મુકાયેલા જોઇને બૃહસ્પતિ કંઈ બોલ્યા નહીં. એ જાણતા હતા કે આવા પ્રશ્નોના સરળતાથી કોઈ જ ઉત્તર મળતા નથી.

શિવ સામે જોઇને પર્વતેશ્વરે કહ્યું, 'હું મારા સૈનિકોને પણ આપણી યાત્રાની તૈયારીમાં લગાડી દઉં છું. સાંજે ભોજન સમયે હું આપને મળીશ. મને એમ લાગે છે કે સતી હવે આપણી સાથે જોડાઈ શકશે. નંદી અને વીરભદ્રને પણ આપણી સાથે જોડાવાની સૂચના હું મોકલાવી દઉં છું. હું જાણું છું કે આપને તેમનો સંગાથ ગમે છે.'

પર્વતેશ્વરને આવી લાગણીશીલ રીતે વિચાર કરતા જોઇને શિવને આશ્ચર્ય થયું, કારણ કે એ વાત પર્વતેશ્વરના સ્વભાવથી વિપરીત હતી. 'આભાર પર્વતેશ્વર. તમારી એટલી કૃપા, પરંતુ મને ખ્યાલ છે ત્યાં સુધી આજે સાંજે કૃતિકા, નંદી અને વીરભદ્ર કોઈ વાંસળીવાદન સાંભળવા જઈ રહ્યા છે. પેલા ગાંડા વીરભદ્રએ તો અમુક આભૂષણો પણ ખરીદ્યાં છે કે

જેથી એ નંદીની સાપેક્ષે ઝાંખો ન પડી જાય !'

પર્વતેશ્વરે વિનમ્રતાથી સ્મિત કર્યું.

'પરંતુ આપની સાથે ભોજન લેવાનો મને આનંદ થશે.' શિવે કહ્યું.

'આભાર.' પર્વતેશ્વરે ઊભા થતાં કહ્યું. થોડાંક ડગલાં ભરીને તેઓ અટક્યા અને શિવ સામે ફરીને, પોતાનો ખચકાટ દૂર કરીને તેમણે કહ્યું, 'શિવ !'

'બોલો.' શિવે ઊભા થતાં કહ્યું.

'મને નથી લાગતું કે આપણે કદી પણ આ અંગે વાત કરી હોય.' પર્વતેશ્વરે ખચકાટસહ કહ્યું, 'પરંતુ આપે સતીને અગ્નિપરીક્ષામાં જે સહાય કરી એ માટે હું આપનો આભાર માનવા ઇચ્છું છું. આપના સ્પષ્ટ વિચારોને લીધે જ આ વિજય શક્ય બન્યો છે.'

'ના, ના.' શિવે કહ્યું, 'એ તો સતીની જ તેજસ્વિતાનું પરિણામ છે.'

'એ તો છે જ.' પર્વતેશ્વરે કહ્યું, 'પરંતુ આપે તેનો આત્મવિશ્વાસ વધાર્યો અને તેની તેજસ્વિતાને અનુરૂપ રણનીતિ પણ ઘડી આપી. આ સમસ્ત જગતમાં જો કોઈ એવું હોય જેની સાથે હું કર્તવ્ય ઉપરાંત ભાવનાઓથી પણ જાડાયેલો હોઉં, તો એ છે સતી. તેને સહાય કરવા માટે હું આપનો અત્યંત આભારી છું.'

'આપની લાગણીઓ હું સ્વીકારું છું.' શિવે સસ્મિત કહ્યું. વધારે વાત કરીને તેઓ પર્વતેશ્વરને સંકોચમાં મૂકવા માંગતા નહોતા.

પર્વતેશ્વરે સ્મિત કરીને હાથ જાડ્યા. સમગ્ર દેશને લાગુ પડેલો 'નીલકંઠ જ્વર' તો તેમને નહોતો લાગુ પડ્યો, પરંતુ તેઓ શિવનો આદર કરવા માંડ્યા હતા. પર્વતેશ્વરનું સંપૂર્ણ સન્માન પ્રાપ્ત કરવું તો ઘણી લાંબી યાત્રા હતી અને શિવે તો હજુ માત્ર શરૂઆત જ કરી હતી. પર્વતેશ્વર અવળા ફરીને ભવનની બહાર નીકળી ગયા.

'એ કંઈ ખરાબ માણસ નથી.' પર્વતેશ્વરને જતા જોઇને બૃહસ્પતિએ કહ્યું. 'એ વધારે પડતા આત્મવિશ્વાસુ છે, પરંતુ મારા જીવનમાં મેં જાયેલા સૌથી પ્રમાણિક સૂર્યવંશી હોય તો એ છે પર્વતેશ્વર. એ ભગવાન રામના સાચા અનુયાયી છે. હું આશા કરું છું કે એ ગુસ્સામાં આપને કંઈ કહી દે, તો આપને માઠું નહીં લાગતું હોય.'

'મને નથી લાગતું.' શિવે કહ્યું, 'હું પર્વતેશ્વરનું ઘણું સન્માન કરું છું. એ એવા માણસ છે જેમના મનમાં મારા માટે સન્માનની ભાવના જગાવવી મને ગમશે.'

બૃહસ્પતિ શિવના વિશાળ હૃદયનું વધુ એક ઉદાહરણ માણી રહ્યા. તેમણે થોડાક નમીને કહ્યું, 'આપ ઉમદા માનવી છો.'

શિવે માત્ર સ્મિત કર્યું.

'પહેલાં આપે પૂછ્યું ત્યારે મેં ઉત્તર નહોતો આપ્યો, શિવ.' બૃહસ્પતિએ કહ્યું, 'પરંતુ અત્યારે કહું છું કે મને નીલકંઠની દંતકથામાં ક્યારેય શ્રદ્ધા નહોતી અને હજુ પણ નથી.'

શિવના મુખ પર બહોળું સ્મિત ફરકી ગયું.

'પરંતુ મને આપના પર શ્રદ્ધા છે. જો કોઈ માણસ આ ધરતી પરની નકારાત્મક ભાવનાઓ દૂર કરી શકે તેમ હોય, તો મને લાગે છે કે એ આપ જ છો. અને આપને સહાયરૂપ બનવા હું મારાથી બનતા તમામ પ્રયત્નો કરીશ. મારાથી થાય એ બધું જ કરીશ.'

'બૃહસ્પતિ, તમે તો મને કદી ન મળેલા બંધુ સમાન છો. આપની ઉપસ્થિતિ જ આપની સૌથી મોટી સહાય બની રહે છે.'

એમ કહેતાં શિવ પોતાના મિત્રને ભેટી પડ્યા. બૃહસ્પતિ પણ પોતાના મિત્રને ભેટી પડ્યા અને તેમના દેહમાં ઊર્જાનો નવસંચાર થયો હોય, તેમ તેમણે અનુભવ્યું. તેમણે મનોમન પુનઃ પ્રતિજ્ઞા લીધી કે તેઓ કદી પણ પોતાના ધ્યેયમાંથી ચલિત થશે નહીં. પછી

ભલે ગમે તે થાય. એ ધ્યેય માત્ર મેલુહા માટે નહોતું. એ તેમના મિત્ર શિવ માટે પણ મહત્ત્વનું હતું.



સતીની અગ્નિપરીક્ષાનાં ત્રણ સપ્તાહ પછી કરચપથી સાત રથવાળો કાફલો વિદાય થયો. કતારબદ્ધ આગળ વધી રહેલા સાતેય રથમાંથી છ રથ તો ખાલી હતા. પહેલા પાંચ ખાલી રથ રાખવાની સરખામણીએ આ સમયે એક રથ ઉમેરાયો હતો. ત્રીજા રથમાં શિવ, સતી, પર્વતેશ્વર અને આયુર્વતી બેઠાં હતાં. કૃતિકાએ અશ્વસવારી કરવાનું પસંદ કર્યું હતું. તેનું કહેવું હતું કે તે આ પ્રદેશનું પ્રાકૃતિક સાંદર્ય ચૂકવા માંગતી નથી. નંદીની ટુકડીમાં કૃતિકાની સાથ-સાથે અશ્વારોહણ કરવા માટે વીરભદ્ર તો થનગનતો હતો.

તેઓ કરચપથી થોડાક જ દિવસ આગળ વધ્યા હશે કે તેમને સામેથી આવતો એક વિશાળ કાફલો મળ્યો, જેથી તેમણે અટકવું પડ્યું. પર્વતેશ્વરે બહાર આવીની પૂછપરછ કરી. કપ્તાન વ્રકે પર્વતેશ્વર પાસે આવીને સલામ કરી.

'આ શું છે ?'

'પ્રભુ, એ લોકો કૂંજ ગામથી આવેલા શરણાર્થીઓ છે.' વ્રકે કહ્યું, 'તે લોકો ત્રાસવાદી આક્રમણથી બચવા માટે ભાગી રહ્યા છે.'

'ભાગી રહ્યા છે ?' આશ્ચર્યચકિત પર્વતેશ્વરે પૂછ્યું, 'અર્થાત્ આક્રમણ હજુ ચાલુ છે ?'

'એમ જ લાગે છે, સ્વામી.' વ્રકે કહ્યું. તેના મુખ પર ક્રોધ તરવરતો હતો.

'હે ભગવાન !' પર્વતેશ્વરે કહ્યું. મેલુહા કે તેમને કદી પણ આવી તક મળી નહોતી. ત્રાસવાદી આક્રમણ ચાલુ હોય, ત્યારે એ જગ્યાએ પંદરસો સૈનિકો સાથે પહોંચવાની તક. તેમ છતાં પર્વતેશ્વરના હાથ બંધાયેલા હતા. તેમણે નીલકંઠ અને રાજકુમારીની રક્ષા સિવાયનું કોઈ પણ કાર્ય હાથમાં લેવાનું નહોતું.

'આ કેવી મૂર્ખામીપૂર્ણ પરિસ્થિતિ છે.' તેમણે મનોમન વિચાર્યું. 'મને આપવામાં આવેલા આદેશને કારણે જ હું મારા ક્ષત્રિય ધર્મનું પાલન નથી કરી શકતો.'

'શું થયું, પર્વતેશ્વર ?'

પર્વતેશ્વરે પાછળ ફરીને શિવને જોયા. સતી અને આયુર્વતી પણ રથથી બહાર આવી રહ્યાં હતાં. પર્વતેશ્વર કંઈ પણ ઉત્તર આપે તે પહેલા જંગલની મધ્યેથી પસાર થતા એ શાંત રસ્તા પર ભયાનક અવાજ સંભળાવા લાગ્યો. એ અવાજ હવે શિવ માટે પરિચિત હતો. તે અવાજમાં શંખનાદ કરનારાનું અનિષ્ટ ધ્યેય સ્પષ્ટ પરખાઈ આવતું હતું. તેનો અર્થ થતો હતો કે આક્રમણ શરૂ થયું હતું. નાગવંશીઓનું આક્રમણ શરૂ થયું હતું !



પ્રકરણ ૧૭
કૂંજનું યુદ્ધ

'એ લોકો ક્યાં છે ?' પર્વતેશ્વરે પૂછ્યું.

'એ લોકો અમારા ગામમાં જ છે, સ્વામી.' ગામના ગભરાયેલા મુખીએ કહ્યું. 'ગામ અહીંથી થોડેક જ દૂર છે. પાંચસો ચંદ્રવંશી સૈનિકો અને તેમના પાંચ નાગવંશી કપ્તાન. એ લોકોએ અમને જવા માટે અડધો કલાકનો સમય આપ્યો. જોકે મંદિરના બ્રાહ્મણોને તેમણે જવા દીધા નહીં.'

પોતાના ક્રોધ પર કાબૂ મેળવવા પર્વતેશ્વરની મુઠ્ઠીઓ વળાઈ ગઈ.

'અમારા પંડિતજી બહુ ઉમદા માનવ છે, સ્વામી.' મુખીએ કહ્યું. તેની આંખમાંથી આંસુ સરવા માંડ્યા. વ્રકે મુખીને આશ્વાસનસૂચક સ્મિત આપ્યું. જોકે તેના કારણે મુખીનું રડવાનું વધી ગયું. પોતાના ગામના પંડિતને આવી પરિસ્થિતિમાં છોડીને ભાગી છૂટવાને કારણે તેઓ સાચે જ ખોટું કર્યાની લાગણી અનુભવતા હતા.

'અમે તો ત્યાં રોકાઈને પંડિત અને અન્ય બ્રાહ્મણો સાથે લડવા ઇચ્છતા હતા.' ડૂસકાં ભરતાં મુખીએ કહ્યું, 'એ લોકો તો ભગવાનના માણસો છે. એ લોકોને તો શસ્ત્ર હાથમાં પકડતાં પણ આવડતું નથી. એ લોકો આ ધાડા સામે કેમના લડી શકે ?'

વ્રકે મુખી પરથી પોતાનો હાથ હટાવી લીધો. તેનો ક્રોધ સતત વધી રહ્યો હતો.

'પરંતુ પંડિતજીએ અમને જતા રહેવાનો આદેશ આપ્યો. તેમણે અમને અમારી સ્ત્રીઓ અને બાળકો સાથે જતા રહેવાનું કહ્યું. તેમણે કહ્યું કે ભગવાન બ્રહ્માએ તેમના ભાગ્યમાં જે લખ્યું હશે, તે તેઓ ભોગવી લેશે. જોકે અમારા ગામમાંથી કોઈને બચાવવા જેવા હોય, તો એ છે એ પંડિતજી.'

પર્વતેશ્વરના નખ તેમની ત્વચાની અંદર ઊતરી ગયા. વળતી લડત આપી શકે તેવા ક્ષત્રિયો નહીં પરંતુ નિઃશસ્ત્ર બ્રાહ્મણો પર આક્રમણ કરવાની ચંદ્રવંશીઓની કાયરતા પર તેઓ ક્રુદ્ધ હતા. પોતાને કશું ન કરી શકવાની પરિસ્થિતિમાં મૂકવા માટે તેઓ પોતાના ભાગ્ય પર ફિટકાર વરસાવવા માંડ્યા. તેમનો એક હિસ્સો તેમને આપવામાં આવેલા આદેશોની અવગણના કરવા ઇચ્છતો હતો, પરંતુ તેઓ કોઈ પણ નિયમભંગ કરતા નહીં.

'આ મૂર્ખામી અટકાવવી જ જોઈએ !'

પોતાના વિચારોનો પડઘો કોણ પાડી રહ્યું છે એ જાણવા પર્વતેશ્વરે અવાજની દિશામાં જોયું. શિવના મુખ પર એ સમયના હાવભાવ જોઇને પર્વતેશ્વર એક ક્ષણ માટે તો પોતાના પગ પર ઊછળી પડ્યા. નીલકંઠના મુખ પર છવાયેલા ક્રોધથી તો એ ક્ષણે દેવો પણ સ્થિર થઈ ગયા હોત.

'આપણે ઉમદા લોકો છીએ.' શિવે ઊંચા અવાજે કહ્યું, 'આપણે કંઈ ગભરાયેલા

પીલાઓ નથી કે જે ભાગી છૂટશે ! એ આતંકવાદીઓએ ભાગી છૂટવું જોઈએ. એ લોકોને સૂર્યવંશીઓનો પરચો મળવો જ જોઈએ !'

મુખીની પાછળ ઊભેલા એક ગ્રામવાસીએ કહ્યું, 'પરંતુ એ લોકો તો ત્રાસવાદીઓ છે ! આપણે તેમને પરાસ્ત ન કરી શકીએ. પંડિતજી એ જાણતા હતા, એટલે જ તો એમણે અમને ભાગી છૂટવાનો આદેશ આપ્યો.'

'પરંતુ અમારી પાસે પંદરસો સૈનિકો છે.' આવી કાયરતાના પ્રદર્શનથી શિવ ચિડાયા, 'અને તમે લોકો પણ પાંચસો જેટલા તો છો જ. એમના એકની સામે આપણા ચાર જણા છે. આપણે તેમને કચડી શકીએ. તેમને એવો પાઠ ભણાવી શકીએ કે જેને તેઓ કાયમ યાદ રાખે.'

મુખીએ દલીલ કરી. 'પરંતુ એ લોકો સાથે નાગવંશી પણ છે ! એ લોકો રક્તપિપાસુ હોય છે અને તેમની પાસે દૈવી શક્તિઓ પણ હોય છે ! એવા લોકો સામે આપણા જીતવાની કેટલી તક ?'

શિવને એટલું તો સમજાયું હતું કે અંધશ્રદ્ધાને ઉખાડી ફેંકવા માટે એનાથી પણ વધારે શ્રદ્ધા જગાવતું કંઈક જોઈએ. તેઓ રથના પગથિયા પર ચડ્યા કે જેથી એ બધાને દેખાઈ શકે. ગ્રામવાસીઓ તેમની સામે જોઈ રહ્યા. તેમણે પોતાના ગળા પર બાંધેલો પટ્ટો કાઢીને ફગાવી દીધો. હવે તેમને એ પટ્ટાની આવશ્યકતા નહોતી.

'હું નીલકંઠ છું !'

બધા સૈનિકો પહોળી આંખે અનિષ્ટ સંહારકને નીરખી રહ્યા. નીલકંઠે પોતાને આવી રીતે ઘોષિત કરતા, તે બધામાં આનંદનું મોજું ફરી વળ્યું હતું. નીલકંઠના આગમનથી અજાણ્યા લોકો આ દંતકથામાંથી જીવંત થઈ આવેલા માનવને પહોળી આંખે જોઈ રહ્યા.

'હું આ ત્રાસવાદીઓ સામે લડવાનો છું.' શિવે ગર્જના કરી. 'હું તેમને એ બતાવી દેવાનો છું કે આપણે હવે ડરતા નથી. આપણને જેટલી પીડા થાય છે એવી જ પીડાનો અનુભવ હું તેમને પણ કરાવીશ. હું તેમને બતાવી દઈશ કે મેલુહા આંખ આડા કાન કરીને તેમને તેમની મરજી મુજબ વર્તન નહીં કરવા દે.'

શિવની સામે ઊભેલા લોકોમાં ઊર્જાનો સંચાર થતો જણાઈ આવ્યો. એ લોકોની કરોડરજ્જુ ટટ્ટાર થઈ અને તેમના આત્મા લડવા માટે પ્રેરિત થયા.

'મારી સાથે કોણ જોડાશે ?'

'હું.' પર્વતેશ્વરે ગર્જના કરી. શિવે કરેલી ઘોષણાથી તેમનાં બંધનો છૂટી ગયાં હોય, તેવી લાગણી તેમને થતી હતી.

'હું.' સતી, નંદી, વીરભદ્ર અને વ્રકે પણ ગર્જના કરી.

'હું.' ત્યાં ઊભેલા દરેક માણસે ગર્જના કરી.

અચાનક ગભરાયેલા ગ્રામવાસીઓ અને સૈનિકોના સ્થાને ત્યાં ધર્મયુદ્ધ માટેનું સૈન્ય તૈયાર થઈ ગયું. સૈનિકોએ મ્યાનમાંથી પોતાની તલવારો ખેંચી કાઢી. અને ગ્રામવાસીઓએ પણ સૈન્યના ફરતા શસ્ત્રાગારમાંથી મળે તે શસ્ત્ર ઉઠાવ્યું.

'કૂંજની દિશામાં.' શિવે બૂમ પાડી અને તેઓ એક અશ્વ પર સવાર થયા અને તે અશ્વને દોડાવી દીધો.

પર્વતેશ્વર અને સતીએ ત્વરાથી રથના ઘોડા છોડ્યા અને તેઓ પણ શિવ પાછળ ધસી ગયા. સૂર્યવંશીઓ તેમની પાછળ દોડ્યા અને નાગવંશી શંખથી પણ મોટા અવાજે બૂમો પાડવા લાગ્યા.

તેઓ કૂંજમાં ધસી ગયા ત્યારે તેમને સમજાયું કે ગામમાં શું થયું છે. ચંદ્રવંશીઓએ

ગામના બીજા કોઈ પણ ભાગને હાથ નહોતો લગાડ્યો. માત્ર મેલુહાવાસીઓને જેનાથી સૌથી વધુ દુઃખ પહોંચે તેવી જગ્યા, એટલે કે ગામના મંદિર પર જ તેમણે પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. મંદિરની અંદર બ્રાહ્મણોના મસ્તક વિનાનાં શરીર પડ્યાં હતાં. તેમને ભેગાં કરીને એક સાથે તેમનાં મસ્તક વાઢી નાખવામાં આવ્યાં હતાં. મંદિરનો નાશ કરીને તેને પણ આગ લગાડી દેવામાં આવી હતી. આ જુગુપ્સાપ્રેરક દૃશ્ય જોઇને સૂર્યવંશીઓ ભયંકર ક્રોધ અનુભવવા લાગ્યા. તેઓ ગાંડા થયેલા આખલાની જેમ ધસી ગયા. ચંદ્રવંશીને બચવાની કોઈ જ તક મળી નહીં. તેમની સંખ્યા એકદમ ઓછી હતી અને તેઓ થાકેલા પણ હતા. તેઓ બહુ ત્વરાથી પીછેહઠ કરવા માંડ્યા. ચંદ્રવંશીઓ પાછા હઠવા માંડ્યા ત્યારે પાંચ નાગવંશીઓએ તેમનામાં જોશ ભરવાનો પ્રયત્ન કર્યો. સંજોગો વિપરીત હોવા છતાં નાગવંશીઓ સૂર્યવંશીઓની સામે ગંભીરતાથી લડ્યા.

પર્વતેશ્વર તો એવી રીતે લડી રહ્યા હતા જાણે કે તેમને કોઈ ભૂત વળગ્યું હોય. શિવે આ પહેલાં સેનાપતિને કદી પણ લડતા જોયા નહોતા માટે તેમના કૌશલ્ય અને શૂરવીરતાને જોઇને તેઓ પ્રભાવિત થઈ ગયા. શિવની જેમ પર્વતેશ્વર પણ જાણતા હતા કે વિજય મેળવવા માટે પેલા નાગવંશીઓ મત્ત્વના છે. જ્યાં સુધી એ લોકો જીવતા છે, ત્યાં સુધી સૂર્યવંશીઓ ભયભીત રહેવાના અને ચંદ્રવંશીઓને તેમનાથી પ્રેરણા મળતી રહેવાની. એટલે એક નાગવંશી પર પર્વતેશ્વરે આક્રમણ કર્યું.

નાગવંશીએ પોતાની ઢાલથી પર્વતેશ્વરનો પ્રહાર ખાળ્યો. પછી પોતાની તલવાર વડે તેણે પર્વતેશ્વરના ખુલ્લા પડી ગયેલા ખભા પર આક્રમણ કરવાનો પ્રયત્ન કર્યો. જોકે એ જાણતો નહોતો કે પર્વતેશ્વરે પોતાનો એ ભાગ હાથે કરીને ખુલ્લો પડવા દીધો હતો. એ ઘા ચૂકવવા પર્વતેશ્વર બાજુમાં ખસી ગયા અને પોતાની ઢાલને પાછળ નાખીને તેમણે બીજા હાથ વડે એક કટારી ખેંચી કાઢી. એ કટારી વડે તેમણે નાગવંશીના ખુલ્લા પડી ગયેલા જમણા ખભા પર પ્રહાર કર્યો. નાગવંશીએ જે રીતે ચીસ પાડી તેનાથી જ પર્વતેશ્વરને સમજાઈ ગયું કે કટારી બરોબર ઊંડી ઊતરી હશે.

ઘાયલ નાગવંશીએ ભયાનક ચીસ પાડી. પર્વતેશ્વરને આશ્ચર્ય એ વાતનું થયું કે હાથમાં કટારી ખૂંપેલી હોવા છતાં એ નાગવંશીએ પોતાના એ જ હાથ વડે તલવાર વીંઝી અને તે ઘુરકાટ સાથે વળતો પ્રહાર કરવા લાગ્યો. પર્વતેશ્વરે પોતાની ઢાલ પાછળથી આગળ લઈ લીધી અને આ વખતે નાગવંશીએ જે થોડોક નબળો પ્રહાર કર્યો હતો, તેને રોક્યો. તેમણે પોતાની તલવારથી પ્રહાર કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ નાગવંશીએ ચપળતાથી એ પ્રહાર ચૂકવ્યો. ડાબી બાજુ ખસીને, પર્વતેશ્વરે પોતાની ઢાલ એ કટારી પર જોરથી દબાવી જે હજુ નાગવંશીના ખભામાં જ ખૂંપેલી હતી. કટારી ખભાના હાડકામાં ઊતરી ગઈ. નાગવંશીએ પીડાના માર્યા બૂમ પાડી અને તે ગડથોલું ખાઈ ગયો. પર્વતેશ્વરને એટલું જ જોઈતું હતું. તેમણે તલવાર ઊંચી કરીને તેને ઘાતકી રીતે નાગવંશીના હૃદયમાં ઉતારી દીધી. પ્રાણપંખેરુ ઊડી જતાં નાગવંશી સ્થિર થઈ ગયો. પર્વતેશ્વરે હજુ પણ તલવાર ઊંડી ઉતારી અને નાગવંશીનો જીવ મુક્ત કર્યો.

મેલુહાવાસીઓને નાગવંશીઓનુ મુખ જોવાની ભારે જિજ્ઞાસા રહેતી અને પર્વતેશ્વર પણ તેમાંથી બાકાત નહોતા. તેમણે નીચા નમીને એ નાગવંશીનું મહોરું ખેંચી નાખ્યું અને જે જોવા મળ્યું તે ભયાનક હતું. નાગવંશીનું નાક હાડકા જેવું જ હતું અને એટલું વધી ગયું હતું કે તે કોઈ પક્ષીની ચાંચ જેવું જ લાગતું હતું. તેના કાન પણ અત્યંત વિશાળ હતા અને મોઢું એકદમ નાનકડું હતું. તે માનવ કરતાં ગીધ વધારે લાગતો હતો. દરેક સૂર્યવંશી જ્યારે પોતાના શત્રુના પ્રાણ હરતો ત્યારે જે પ્રાર્થના બોલતો, તે પર્વતેશ્વર પણ બોલ્યા, ‘આપની

પરલોકની યાત્રા ક્ષેમકુશળ રહે, શૂરવીર યોદ્ધા.'

એક ગયો અને ચાર બાકી રહ્યા, એમ પર્વતેશ્વરે ઊભા થતાં વિચાર્યું. ના, બે ગયા અને ત્રણ બાકી રહ્યા. તેમણે જાયું કે થોડેક દૂર શિવે પણ એક કદાવર નાગવંશીને પરાસ્ત કર્યો હતો. એક ક્ષણ માટે શિવ અને પર્વતેશ્વરે એકબીજા સામે જાયું અને મસ્તક હલાવ્યું. શિવે પર્વતેશ્વરની પીઠ પાછળ ઇશારો કર્યો. પર્વતેશ્વરે પાછળ જાયું તો એક નાગવંશી એકલા હાથે પાંચ સૂર્યવંશીઓ સામે લડી રહ્યો હતો. તેણે શિવ સામે જાઈનું મસ્તક હલાવ્યું. પર્વતેશ્વર એ નાગવંશી પર આક્રમણ કરવા ધસી ગયા અને શિવ બીજા નાગવંશી પર.

શિવ યુદ્ધમેદાનમાં દોડીને એક એવા નાગવંશી સામે ધસી ગયા જેણે હમણા જ એક સૂર્યવંશી સૈનિકને માર્યો હતો. ઢાલ આગળની દિશામાં રાખીને શિવે ઊંચો કૂદકો માર્યો કે જેથી સામેથી તલવાર વીંઝાય તો રક્ષણ મળી શકે. નાગવંશીએ પણ પોતાની ઢાલ આગળ ધરી હતી કે જેથી ઊંચાઈએથી પારંપરિક રીતે કરવામાં આવતો પ્રહાર ખાળી શકાય. શિવે જોકે ઉપરથી પ્રહાર કરવાને બદલે બાજુમાંથી પ્રહાર કર્યો અને એ નાગવંશીને આશ્ચર્યમાં મૂકી દઈને તેની એક ભુજા પર ચીરો પાડી દીધો.

નાગવંશીએ પીડાની ચીસ પાડી અને એક ડગલું પાછળ હઠી ગયો. પછી સીધા થઈને તેણે ફરી પોતાની ઢાલ ઊંચી કરી. તેને સમજાઈ ગયું હતું કે શિવ કેવા દુર્ધર્ષ શત્રુ હતા.

શિવ એક નાગવંશી સામે લડી રહ્યા હતા ત્યારે તેમણે દૂર રહેલા બીજા નાગવંશીને જાયો નહીં. એ નાગવંશી જાઈ શકતો હતો કે તેમના આક્રમણને ખાળવામાં આવી રહ્યું છે. થોડાક જ સમયમાં નાગવંશી અને ચંદ્રવંશીઓને ભાગી છૂટવું પડશે, એ તેને સ્પષ્ટ દેખાઈ આવતું હતું. તેણે પોતે પ્રથમ નિષ્ફળ નાગવંશી આક્રમણની નામોશી વેઠવી પડશે, એમ તેને સમજાઈ ગયું હતું. અને શિવ જ આ નામોશીનું કારણ છે, એ પણ તે જાઈ શકતો હતો. તેમના ધ્યેયના ભવિષ્ય માટે પણ એ માણસનો તો નાશ કરવો જ રહ્યો, એમ તેણે વિચાર્યું. નાગવંશીએ પોતાનું ધનુષ તૈયાર કર્યું.

આ ભયથી અજાણ, શિવે તો પોતાની તલવાર નાગવંશીના પેટમાં થોડીક ઉતારી દીધી હતી. નાગવંશી શૂરવીરતાથી લડી રહ્યો હતો, ધીમે-ધીમે પાછળ પણ ખસી રહ્યો હતો અને પોતાની ઢાલથી શિવના પ્રહાર ખાળી પણ રહ્યો હતો. તેણે શિવ પર પ્રહાર કરવા તલવાર વીંઝી પણ શિવની ઢાલ તો તૈયાર જ હતી એટલે એ પ્રયત્ન નિષ્ફળ નીવડ્યો. શિવ નાગવંશીના પ્રહારો ખાળતાં ખાળતાં પોતાની તલવાર તેના પેટમાં ઊંડે ને ઊંડે ઉતારતા જતા હતા. થોડીક જ ક્ષણોમાં, એ નાગવંશીએ પ્રયત્નો છોડી દીધા. તેનું પ્રાણપંખેરુ ઊડી ગયું અને તેનો દેહ નીચે પટકાયો. શિવ આશ્ચર્યથી તેની સામે જાઈ રહ્યા.

આ માણસો ભલે દુષ્ટ હોય, પરંતુ સૈનિક તરીકે તો શૂરવીર ખરા.

શિવે ડાબી બાજુ જાયું તો પર્વતેશ્વરે પણ બીજા નાગવંશીને મારી નાખ્યો હતો. છેલ્લા નાગવંશીને શોધવા શિવે ધીમે-ધીમે ચારે બાજુ જાવા માંડ્યું. ત્યાં જ તેમને સતીની ચીસ સંભળાઈ જેને તેઓ પોતાની જાતથી પણ વધુ પ્રેમ કરવા માંડ્યા હતા.

'શિ...વ...'

શિવે જમણી બાજુ જાયું તો સતી તેમની દિશામાં દોડી રહી હતી. તેમણે સતીની પાછળ કોઈ પડ્યું છે કે નહીં તે જાઈ લીધું. પણ એવું તો કોઈ નહોતું. તેમની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ, પરંતુ એ કોઈ પ્રતિક્રિયા આપે એ પહેલા તો સતીએ તેમની દિશામાં કૂદકો માર્યો. એ કૂદકો એકદમ સમયસર મારવામાં આવ્યો હતો.

નાગવંશીએ દૂરથી તેમનું પ્રખ્યાત અને ઝેરી અગ્નિબાણ છોડ્યું હતું. એમ કહેવાતું હતું

કે એ બાણની ટોચે લગાવવામાં આવતા ઝેરને કારણે શત્રુનું શરીર અંદરથી સળગી જતું અને અત્યંત ધીમું તેમજ પીડાદાયક મૃત્યુ થતું તેમજ તેનાથી એ વ્યક્તિનો આત્મા પણ અનેક જન્મો સુધી પીડાતો હતો. એ બાણ શિવની ગરદનનું નિશાન લઈને છોડવામાં આવ્યું હતું અને બાણ પોતાના લક્ષ્યાંકની દિશામાં યોગ્ય રીતે આગળ વધી રહ્યું હતું. જોકે નાગવંશીએ એવી ગણતરી નહોતી માંડી કે તેના માર્ગમાં કોઈ આવી જશે.

સતીએ હવામાં જ પોતાનું શરીર આમળ્યું અને બાણ તેમજ શિવની વચ્ચે આવી ગઈ. બાણ તેની છાતીમાં ઘાતક વેગથી અથડાયું અને હવામાં જ તેનું શરીર પાછળની દિશામાં ધકેલાયું. તે શિવની ડાબી બાજુ પટકાઈ ત્યારે તેનું શરીર સ્થિર થઈ ગયું હતું. દિગ્મૂઢ શિવ સતીના સ્થિર દેહને જોઈ રહ્યા, તેના હૃદયના ભુક્કા થઈ ગયા હતા.

પછી અનિષ્ટ સંહારકે ભયાનક ગર્જના કરી. ગાંડા થયેલા હાથીની જેમ તે પેલા નાગવંશીની દિશામાં ઊંચી તલવારે ધસી ગયા. ધસી આવતા નીલકંઠને જોઇને એક ક્ષણ તો નાગવંશી હતપ્રભ થઈ ગયો, પરંતુ તેણે પોતાની જાતને સંભાળી લીધી. તેણે પોતાના ભાથામાંથી બીજું બાણ ખેંચી કાઢ્યુ, ધનુષ પર ચડાવ્યું અને છોડ્યું. શિવ પોતાની તલવારના એક ઝાટકાથી એ તીર ખાળ્યું અને પોતાની ગતિ જરા પણ ધીમી કર્યા વિના તે આગળ વધતા રહ્યા. હવે નાગવંશી ગભરાઈ ગયો અને તેણે ત્રીજું બાણ છોડ્યું. શિવે ફરી એક વાર પોતાની તલવાર વીંઝીને એ તીર ખાળ્યું અને વધુ ગતિથી આગળ વધ્યા. નાગવંશીએ ચોથું તીર ચડાવ્યું પરંતુ એ માટે તે મોડો હતો. નાગવંશી પાસે આવીને શિવે ઊંચો કૂદકો માર્યો અને ભયાનક બળથી તલવાર વીંઝીને તેમણે એ નાગવંશીનું માથું એક ઝાટકે જ ધડથી અલગ કરી નાખ્યું. એ નાગવંશીનું ધડ ઢગલો થઈને નીચે પડ્યું અને તેનું માથું હવામાં ઊછળ્યુ. તેનું હૃદય હજુ ધબકી રહ્યું હતું એટલે ગરદનમાંથી લોહીનો ફુવારો છૂટી રહ્યો હતો.

નીલકંઠનું વેર હજુ પૂરું વળ્યું નહોતું. ચીસો પાડતા શિવે નીચા નમીને નાગવંશીના શરીર પર તલવારના પ્રહાર કરે જ રાખ્યા અને તેના શરીરના નાના ટુકડા કરી નાખ્યા. કોઈ જ તર્ક, કોઈ જ સારા શબ્દો શિવના એ ક્રોધને રોકી શક્યા હોત નહીં, સિવાય કે એક મૃદુ, ઘવાયેલો અવાજ. યુદ્ધના આટલા ઘોંઘાટમાં પણ શિવને એ અવાજ સંભળાયો.

'શિવ...'

શિવે જોયું તો દૂર સતી પોતાનું મસ્તક થોડું ઊંચુ કરીને તેમને પોકારી રહી હતી.

'સતી !'

તેની દિશામાં દોડતાં દોડતાં તેમણે બૂમ પાડી, 'પર્વતેશ્વર ! આયુર્વતીને બોલાવો ! સતી ઘાયલ થઈ છે !'

આયુર્વતીએ સતીના ઘાયલ શરીરને જોઈ લીધું હતું. ચંદ્રવંશીઓ હવે ઉતાવળે ભાગી રહ્યા હતા.

આયુર્વતી સતીની દિશામાં દોડી ગઈ અને શિવનો અવાજ સાંભળીને પર્વતેશ્વરે પણ એમ જ કર્યું. શિવ સૌ પ્રથમ સતી પાસે પહોંચ્યા. સતીનું શરીર સ્થિર હતું પરંતુ તે જીવંત હતી. તે ઊંડા શ્વાસ લઈ રહી હતી કારણ કે તીર તેની છાતીના ડાબા ભાગમાં વાગ્યું હતું અને તેની શરીરના અંદરના ભાગમાં લોહી ભરાઈ રહ્યું હતું. તેના મોઢામાંથી પણ લોહી ઊભરાઈ રહ્યું હતું એટલે તે બોલી શકતી નહોતી, પરંતુ તે શિવને જ જોઈ રહી હતી. તેના મુખ પર એક વિચિત્ર સ્મિત હતું, જાણે કે પરમશાંતિ પામ્યાનું સ્મિત. તે કંઈ કહેવા માંગતી હોય તેમ તે વારંવાર મોઢું ખોલે રાખતી હતી. શિવ તેનું મસ્તક પકડીને તેને આશ્વસ્ત કરવા માંગતા હતા પરંતુ તેમણે પોતાના બંને હાથ મક્કમતાથી ભીડી રાખ્યા. તેમને પોતાના

આંસુઓને વહેતા રોકવા માટે ભારે મહેનત કરવી પડી.

'હે બ્રહ્મા ભગવાન !' આયુર્વતીએ સતી પાસે પહોંચીને બાણ ઓળખીને કહ્યું. 'મસ્ત્રક ! ધૃવિણી ! જલદીથી સતીને લઈ જવાની વ્યવસ્થા કરો. અત્યારે જ !'

પર્વતેશ્વર, આયુર્વતી, મસ્ત્રક અને ધૃવિણી સતીને ગામની જ એક ઝૂંપડીમાં લઈ ગયા અને શિવ તેમની પાછળ પાછળ આવ્યા. આયુર્વતીના બીજા સહાયકોએ એ ઝૂંપડી સાફ કરવા માંડી હતી અને શસ્ત્રક્રિયા માટેનાં સાધનો પણ ગોઠવવા માંડ્યાં હતાં.

'આપ બહાર પ્રતીક્ષા કરો, પ્રભુ.' આયુર્વતીએ હાથ ઊંચો કરીને શિવને વિનંતી કરી.

શિવ આયુર્વતીની પાછળ પાછળ જ ઝૂંપડીમાં જવા ઇચ્છતા હતા પરંતુ પર્વતેશ્વરે તેમનો ખભો પકડીને તેમને ત્યાં જ અટકાવી દીધા. 'આયુર્વતી જગતના શ્રેષ્ઠ વૈદ્યોમાંની એક છે, શિવ. તેને પોતાનું કામ કરવા દો.'

શિવે પર્વતેશ્વર સામે જોયું. પોતાની લાગણીઓ પર તેઓ પ્રશંસનીય રીતે કાબૂ રાખી રહ્યા હતા. જોકે પર્વતેશ્વરની આંખોમાં જોતાં જ શિવને સમજાઈ ગયું કે તેઓ પણ સતી માટે પોતાના જેટલા જ ચિંતિત છે. સંભવતઃ સતીની અગ્નિપરીક્ષા કરતાં પણ વધારે ચિંતિત તેઓ અત્યારે જણાતા હતા. અચાનક શિવને એક વિચાર આવ્યો. તેઓ ઝડપથી નજીકના કોઈ નાગવંશીના મૃતદેહ પાસે ગયા. નીચા નમીને તેમણે એ નાગવંશીના જમણા કાંડાને ચકાસ્યું. ત્યાં તેમને કશું પણ જોવા મળ્યું નહીં એટલે તેઓ બીજા નાગવંશીના મૃતદેહને તપાસવા ગયા.

દરમિયાન, પર્વતેશ્વરે પોતાના મગજ પર કાબૂ મેળવીને કયાં મત્ત્વનાં કામો કરવાનાં છે, તેની પર ધ્યાન પરોવ્યું હતું. તેમણે વ્રકને બોલાવીને આદેશ આપ્યો, 'યુદ્ધના કેદીઓની ચોકી ગોઠવો. તમામ ઘવાયેલા લોકોની સારવારની વ્યવસ્થા કરો, ચંદ્રવંશીઓની પણ.'

'ઘાયલ ચંદ્રવંશીઓએ તો ઝેર પી લીધું છે, સ્વામી.' વ્રકે કહ્યું. 'આપ જાણો જ છો કે એ લોકો કદી પણ જીવતા પકડાવાનું પસંદ કરતા નથી.'

પર્વતેશ્વરે વ્રક સામે એવી રીતે જોયું કે વ્રકને સમજાઈ ગયું કે સેનાપતિને અત્યારે આવી વિગતોમાં રસ નથી અને તેણે પોતાને સોંપવામાં આવેલાં કામ પૂરાં કરવાં જોઈએ.

'હા, સ્વામી.' વ્રકે પર્વતેશ્વરનો મૂક આદેશ સમજીને કહ્યું.

'કોઈ પણ વળતા આક્રમણની ગણતરી કરીને ચોક્કસ જગ્યાએ આપણા સૈનિકો ગોઠવો.' પર્વતેશ્વર કહ્યું, તેમનો આત્મા તો ક્યારનોય ઝૂંપડીની અંદર સતીના ઘાયલ દેહ પાસે પહોંચી ગયો હતો. 'અને...'

વ્રકે પર્વતેશ્વરના ખચકાટથી આશ્ચર્ય થયું. આ પહેલાં તેણે સેનાપતિને કદી પણ ખચકાતા જોયા નહોતા. જોકે એવું કંઈ ન કહેવાની બુદ્ધિ વ્રકમાં હતી જ. સેનાપતિ પોતાનું વાક્ય પૂરું કરે તેની તે પ્રતીક્ષા કરવા લાગ્યો.

'અને...' પર્વતેશ્વરે કહ્યું, 'મંદિરમાં અમુક કબૂતરો તો હજુ પણ જીવતા હોવા જોઈએ. દેવગીરી એક લાલ રંગનો પત્ર મોકલો. મહારાજને. તેમને સૂચતિ કરો કે રાજકુમારી સતી અત્યંત ગંભીર રીતે ઘાયલ થયા છે.'

વ્રક આ વાત માની શક્યો નહીં. તેને સતી વિશે કોઈ જ માહિતી નહોતી, પરંતુ, આ વખતે પણ તેણે કશું જ કહ્યું નહીં.

'મહારાજને એમ પણ કહેજો કે,' પર્વતેશ્વરે કહ્યું, 'સતીને અગ્નિબાણ વાગ્યું છે.'

'હે ઇન્દ્ર ભગવાન !' આ વખતે વ્રક પોતાનો આઘાત છુપાવી શક્યો નહીં.

'અત્યારે જ એ કામ કરો, કમાન !' પર્વતેશ્વરે ઊંચા અવાજે કહ્યું.

'હા, સ્વામી.' વ્રકે હળવા હાથે સલામ કરતાં કહ્યું.

એ દરમિયાન શિવે ચાર નાગવંશીઓનાં કાંડા ચકાસ્યાં હતાં. એમાંના કોઈએ નાગથી બનતા ઓમ્‌વાળો ચામડાનો બાજુબંધ પહેરેલો નહોતો. તે છેલ્લા નાગવંશી પાસે પહોંચ્યો, એ નાગવંશી કે જેણે સતીને તીર માર્યું હતું અને જેના શરીરના શિવે ટુકડા કરી નાખ્યા હતા. તેના જમણો હાથ શોધતા પહેલાં શિવે ધિક્કારથી તેના ધડ પર લાત મારી. એ કપાયેલો હાથ શોધવામાં શિવને થોડોક સમય લાગ્યો. એ હાથ દેખાયો એટલે તેમણે તેની પરની બાંય દૂર કરીને કાંડુ તપાસ્યું. તેની પર પણ એવો કોઈ બાજુબંધ નહોતો. આમાંથી કોઈ નાગવંશી એ નહોતો.

શિવ પેલી ઝૂંપડી પાસે પાછા આવ્યા તો તેમણે પર્વતેશ્વરને એક નાનકડી બેઠક પર બેઠેલા જોયા. કૃતિકા ઝૂંપડીના અંદર જવાના ભાગ પાસે જ ઊભી હતી અને અનિયંત્રિતપણે ડૂસકાં ભરી રહી હતી. વીરભદ્ર તેને હળવેથી પસવારીને આશ્વસ્ત કરી રહ્યો હતો. ચિંતિત દેખાતો નંદી વીરભદ્રની પાસે જ ઊભો હતો અને આઘાતના માર્યા તેના મુખ પર કોઈ જ હાવભાવ નહોતા. પર્વતેશ્વરે શિવ સામે જોઇને આછા સ્મિત સાથે તેમને પોતાની બાજુની બેઠક પર બેસવાનું સૂચવ્યું. તેમણે પોતાની લાગણીઓ પર કાબુ મેળવી લીધો છે, એવો દેખાવ કરવાનો તેઓ પૂરો પ્રયત્ન કરી રહ્યા હતા. શિવ બેઠા અને તેમણે દૂર પોતાની દૃષ્ટિ અનંતમાં માંડી રાખી. આયુર્વતી બહાર આવે તેની તેઓ પ્રતીક્ષા કરતા રહ્યા.



'અમે તીર તો બહાર કાઢી નાખ્યું છે, પ્રભુ.' આયુર્વતીએ કહ્યું.

શિવ અને પર્વતેશ્વર ઝૂંપડીમાં ઊભા હતા અને બેભાન સતીને જાઈ રહ્યા હતા. બીજા કોઈને અંદર આવવા દેવાયા નહોતા. આયુર્વતીએ સ્પષ્ટ કહ્યું હતું કે સતીને કોઈ જ વધારાનો ચેપ લાગે તેમ કરવું નહીં. અને વૈદકીય બાબતોમાં કોઈ આયુર્વતી સામે દલીલ કરવાની હિંમત કરતું નહીં. ઘાયલ સૂર્યવંશી સૈનિકોની સારવાર કરી રહેલા અન્ય વૈધોને સહાય કરવા માટે મસ્ત્રક અને ધૃવિણી પણ જતા રહ્યા હતા.

શિવ સતીની શય્યાની જમણી બાજુ ગયા અને તેમણે એ ચીપિયો જાયો જેની સહાયથી સતીના શરીરમાંથી બાણ બહાર કાઢવામાં આવ્યું હતું. એ ચીપિયો ફરી ક્યારેય વાપરવામાં નહીં આવે કારણ કે અગ્નિબાણના ઝેરથી તે નકામો બની ગયો હતો. ગમે તેટલી ગરમી કે રસાયણોથી પણ એ શસ્ત્રને ઝેરમુક્ત કરવું શક્ય નહોતું. ચીપિયાની બાજુમાં જ એ તીર પડ્યું હતું અને તેને લીમડાના પાંદડામાં લપેટી દેવામાં આવ્યું હતું. એ ત્યાં ચોવીસ કલાક એમ જ પડ્યું રહેવાનું હતું. એ પછી તેને જમીનમાં ઊંડે દાટી દેવાનું હતું કે જેથી તે વધારે નુકસાન પહોંચાડે નહીં.

શિવે આયુર્વતી સામે જાયું. તેમની આંખો ભીની હતી. તેમના હૃદયમાં રમી રહેલો પ્રશ્ન પૂછવાની હિંમત તેઓ કરી શક્યા નહીં.

'હું આપને ખોટું નહીં કહું, પ્રભુ.' આઘાતજનક સંજાગોમાં જે રીતે વૈધો પોતાની જાતને પરિસ્થિતિથી વિમુખ કરીને વાત કરતા હોય છે, એવી રીતે આયુર્વતીએ વાત કરવાનો પ્રયત્ન કર્યો. 'પરિસ્થિતિ સારી નથી. ઇતિહાસમાં એવું ક્યારેય બન્યું નથી કે અગ્નિબાણ કોઈના મત્ત્વના અંગને વીંધી ગયું હોય, અને તે માણસ જીવી ગયો હોય. થોડાક સમયમાં ઝેરને કારણે ભયાનક તાવ આવવો શરૂ થશે અને તેના કારણે એક પછી એક અંગ નિષ્ક્રિય બનતું જશે.'

શિવે નિઃસહાયતાથી સતી સામે જાયું અને પછી આયુર્વતી સામે આજીજીભરી દૃષ્ટિ

નાખી. આયુર્વતી પોતે જ આંસુ રોકીને સ્વસ્થ રહેવાનો પ્રયત્ન કરી રહી હતી. અત્યારે નિયંત્રણ ગુમાવવું તેને પાલવે તેમ નહોતું. આવનારા થોડાક કલાકોમાં તેણે ઘણા જીવ બચાવવાના હતા.

'હું ક્ષમા માગું છું, પ્રભુ.' આયુર્વતીએ કહ્યું 'પરંતુ આની કોઈ જ સારવાર નથી. આપણે માત્ર તેને એવાં જ ઔષધો આપી શકીએ કે જેથી તેનો અંત ઓછો પીડાહીન બને.'

શિવ આયુર્વતી સામે ક્રોધપૂર્વક જોઈ રહ્યા, 'આપણે આમ આશા ત્યજીશું નહીં ! સમજાયું ?'

આયુર્વતી ધરતી સામે આંખ રાખીને ઊભી રહી. તે શિવ સામે જોઈ શકે તેમ નહોતી.

'જો તાવને નિયંત્રણમાં રાખવામાં આવે, તો તેનાં અંગોને હાનિ નહીં પહોંચે, બરોબર ?' શિવે પૂછ્યું. તેમને આશાનું એક કિરણ દેખાયું હતું.

આયુર્વતીએ ઉપર જોઇને કહ્યું 'હા, પ્રભુ, પરંતુ એ કંઈ અંતિમ ઉપાય નથી. અગ્નિબાણથી આવતો તાવ થોડો સમય રોકી શકાશે પરંતુ ટાળી નહીં શકાય. જો આપણે તેને અટકાવવાનો પ્રયત્ન કરીશું, તો ઔષધોની અસર જેવી ઓસરશે તેવો તાવ બમણા જોશથી ત્રાટકશે.'

'તો પછી આપણે તાવને હંમેશાં માટે અટકાવી રાખીશું !' શિવે કહ્યું 'જો આવશ્યકતા ઊભી થઈ, તો હું આખું જીવન તેની શય્યા પાસે બેસી રહીશ. તાવ વધશે નહીં.'

આયુર્વતી શિવને કંઈક કહેવા જતી હતી પરંતુ તેણે પોતાની જાતને અટકાવી. તે થોડાક કલાકો પછી શિવ સાથે ફરી વાત કરશે. તે જાણતી હતી કે સતીને હવે બચાવી શકાશે નહીં. એ અશક્ય હતું. આવી નિરર્થક ચર્ચામાં અત્યારે મત્ત્વનો સમય વેડફવાનો કોઈ જ અર્થ નહોતો. આ સમયનો ઉપયોગ કરીને અન્ય લોકોના જીવ બચાવવાના હતા.

'ઠીક છે, પ્રભુ.' આયુર્વતીએ કહ્યું અને સતીનો તાવ ઘટાડે તેવાં ઔષધો તેણે સતીના શરીરમાં દાખલ કર્યાં. 'આ ઔષધથી થોડાક કલાક સુધી તેનો તાવ નિયંત્રણમાં રહેશે.'

તેણે એક ક્ષણ માટે પાછળ ઊભા રહેલા પર્વતેશ્વર સામે જોયું. પર્વતેશ્વર જાણતા હતા કે તાવ નિયંત્રણમાં રાખવાથી સતીની આ પીડાજનક પરિસ્થિતિ માત્ર લંબાવાની જ હતી, પરંતુ તેમને પણ ઊંડે ઊંડે શિવ જેવી આશા હતી.

શિવ સામે જોઇને આયુર્વતીએ કહ્યું 'પ્રભુ, આપ પણ ઘાયલ છો. ચાલો, આપના ઘાવની પણ હું સારવાર કરી લઉં. એ પછી મારે જવું પડશે.'

'હું ઠીક છું.' શિવે કહ્યું. તેઓ એક ક્ષણ પણ સતી પરથી પોતાની દૃષ્ટિ હટાવવા ઇચ્છતા નહોતા.

'ના, આપ ઠીક નથી, પ્રભુ.' આયુર્વતીએ દૃઢતાથી કહ્યું 'આપને પણ ઊંડા ઘાવ પડ્યા છે. જો તેમાં ચેપ લાગશે, તો આપના જીવન પર પણ ભય આવી જશે.'

શિવે કોઈ જ ઉત્તર આપ્યો નહીં. તેમણે સતી સામે જોયે રાખ્યું અને પોતાનો હાથ હલાવીને ના પાડી.

'શિવ !' આયુર્વતીએ ઊંચા અવાજે કહ્યું. શિવે આયુર્વતી સામે જોયું, 'જો આપ પોતે જ સ્વસ્થ નહીં હોવ, તો આપ કઈ રીતે સતીને સહાય કરશો ?'

આયુર્વતીના ઊંચા અવાજની ધારી અસર પડી. શિવ પોતાની જગ્યાએથી તો હલ્યા નહીં, પરંતુ તેમણે આયુર્વતીને પોતાના ઘાવ પર પાટાપિંડી કરવા દીધી. પછી આયુર્વતીએ

ત્વરાથી પર્વતેશ્વરના ઘાવ પર પણ પાટાપિંડી કરી અને બહાર નીકળી ગઈ.



ઝૂંપડીમાં રહેલી પ્રહર ઘટિકા સામે શિવ જોઈ રહ્યા. આયુર્વતીએ તીર કાઢ્યાને ત્રણ કલાક વીતી ગયા હતા. પર્વતેશ્વર બહાર ચાલ્યા ગયા હતા, કારણ કે તેમણે અન્ય ઘવાયેલાઓની સારવારની વ્યવસ્થા કરવાની હતી અને કાફલો પણ આગળ વધવાનો નહોતો માટે તેમણે થોડાક સમય માટે કુંજમાં છાવણી નાખવાની પણ ગોઠવણ કરવાની હતી. પર્વતેશ્વરની એ જ પદ્ધતિ હતી. જો તેઓ કોઈ એવી પરિસ્થિતિમાં આવી પડે કે જેમાં તેઓ કશું કરી શકે તેમ નથી, તો તેઓ પીડાથી ટળવળતા નહીં. તે પોતાની જાત ને પોતાના કામમાં એવા ખૂંપી જતા કે પોતાની પરિસ્થિતિ જ તેઓ ભૂલી જતા.

શિવ અલગ હતા. ઘણાં વર્ષો પહેલાં તેમણે પ્રતિજ્ઞા લીધી હતી કે તેઓ મુશ્કેલ પરિસ્થિતિથી ક્યારેય ભાગશે નહીં. એ પોતે એ પરિસ્થિતિ અંગે કશું પણ ન કરી શકે એમ હોય, તો પણ. તેઓ સતીની શય્યા પાસેથી એક ક્ષણ માટે પણ ખસ્યા નહોતા. તેઓ ધીરજપૂર્વક ત્યાં બેસીને સતીના સાજા થવાની પ્રતીક્ષા કરી રહ્યા હતા. આશા કરી રહ્યા હતા. પ્રાર્થના કરી રહ્યા હતા.

'શિવ...' એકદમ હળવા અવાજે એ શાંતિનો ભંગ કર્યો.

શિવે સતીના મુખ સામે જોયું. તેની આંખો થોડીક ખૂલી હતી. તેનો હાથ એવી રીતે હલ્યો હતો કે ભાગ્યે જ કોઈને ખ્યાલ આવે. તેમણે પોતાની બેઠક સતીની સમીપ ખેંચી. સતીનો સ્પર્શ ન થાય તેની તેઓ હજુ પણ કાળજી રાખી રહ્યા હતા.

'મને ક્ષમા કરો.' શિવે કહ્યું, 'મારે બધાને આ યુદ્ધમાં ઘસડી લાવવાની જ કોઈ આવશ્યકતા નહોતી.'

'ના, ના.' સતીએ કહ્યું, 'આપે યોગ્ય જ કર્યું. આપ મેલુહામાં આવ્યા જ એટલા માટે છો કે અમારી આગેવાની લઈ શકો અને અનિષ્ટનો સંહાર કરી શકો. આપે તો આપનું કર્તવ્ય નિભાવ્યું છે.'

શિવ સતી સામે જોઈ રહ્યા. તેમને દુઃખ ઘેરી વળ્યું હતું. સતીએ આંખો પહોળી કરીને શિવને જેટલા વધુ જોઈ શકાય, તેટલા જોવાનો પ્રયત્ન કર્યો. તે જાણતી હતી કે આ તેના જીવનની અંતિમ ક્ષણો હતી. મૃત્યુથી માણસની અભિલાષાઓ સમાપ્ત નથી થતી. ઘણી વાર તો આવી રહેલા અંતને કારણે જ માણસ તમામ અંતરાયો વટાવીને પોતાની અભિલાષાઓ પૂર્ણ કરવા પ્રેરાય છે.

'મારા જવાનો સમય થઈ ગયો છે, શિવ.' સતીએ ધીમેથી કહ્યું, 'પરંતુ જતા પહેલાં હું કહેવા માગું છું કે પાછલા કેટલાક માસ મારા જીવનનો સૌથી આનંદપૂર્ણ સમય હતો.'

શિવ સતી સામે ભીની આંખે જોઈ રહ્યા હતા. તેમના હાથ જાણે તેમના શરીરથી સ્વતંત્ર બનીને વર્તી રહ્યા હોય, તેમ સતીની દિશામાં આગળ વધ્યા. તેમણે એ હાથને સમયસર રોકી લીધો.

'મને એમ થાય છે કે તમે મારા જીવનમાં વહેલા આવ્યા હોત, તો સારું થાત.' સતીએ અત્યારે એવું રહસ્ય છતું કર્યું જે અત્યાર સુધી પોતાની જાતને પણ નહોતું જણાવા દીધું, 'તો મારું જીવન જ અલગ બની ગયું હોત.'

શિવે પોતાની આંખોમાંથી પોતાની નિરાશાને વહેતી રોકવા માટે ભયંકર પ્રયત્ન કરવો પડતો હતો.

'મેં તમને આ વાત પહેલાં કહી હોત તો સારું થાત.' સતીએ હળવે અવાજે કહ્યું, 'કારણ કે આ વાત મેં તમને ત્યારે જ પહેલી વાર કહી છે, જ્યારે એ છેલ્લી વારની પણ બની રહેવાની છે.'

શિવ સતી સામે અનિમેષ નયને જોઈ રહ્યા હતા. તેમના ગળામાં ડૂમો ભરાઈ ગયો હતો.

સતીએ શિવની આંખોમાં આંખો પરોવીને હળવેથી કહ્યું, 'હું તમને ચાહું છું.'

શિવના નિયંત્રણનો બંધ તૂટી ગયો અને આંસુ શિવના મુખ પર રેલાવા માંડ્યાં.

'આ શબ્દો તું હજુ બીજાં સો વર્ષો સુધી બોલતી રહેવાની છે.' શિવથી ડૂસકું ભરાઈ ગયું, 'તું ક્યાંય જવાની નથી. તારા માટે તો જો મારે યમરાજ સાથે લડવું પડ્યું, તો હું યમરાજ સાથે પણ લડી લઈશ. તું ક્યાંય જવાની નથી.'

સતીએ ઉદાસીભર્યું સ્મિત કર્યું અને પોતાનો હાથ શિવના હાથમાં મૂકી દીધો. તેનો હાથ ધખી રહ્યો હતો. તાવે આક્રમણ શરૂ કર્યું હતું.



પ્રકરણ ૧૮
સતી અને અગ્નિબાણ

'કશું જ થઈ શકે એમ નથી, પ્રભુ.' આયુર્વતી પોતે જ અસ્વસ્થ દેખાતી હતી.

તે અને શિવ ઝૂંપડીના એક ખૂણામાં એટલે દૂર ઊભાં હતાં જ્યાંથી સતી તેમની વાત સાંભળી નહીં શકે, એમ તેમને લાગતું હતું. પર્વતેશ્વર પણ તેમની સાથે પોતાનાં આંસુ ખાળીને ઊભા હતા.

'કંઈક વિચારો, આયુર્વતી.' શિવે આજીજી કરી, 'તમે તો આ જગતનાં શ્રેષ્ઠ વૈદ્ય છો. આપણે તો માત્ર આ તાવને જ ભગાવવાનો છે.'

'આ તાવનો કોઈ જ ઉપાય નથી.' આયુર્વતીએ તર્ક કર્યો, 'અગ્નિબાણના ઝેરની કોઈ જ દવા નથી.

આપણે તાવને દબાવીને સતીની પીડા જ લંબાવી રહ્યા છીએ. જેવું ઔષધ અટકાવી દેવામાં આવશે, તેવો તાવ બમણા જોરથી ત્રાટકશે.'

'હવે હઠ છોડી દો, શિવ.' શય્યાની દિશામાંથી નબળો અવાજ સંભળાયો. બધાએ એક સાથે ફરીને સતી સામે જોયું. તેના મુખ પર એવું સ્મિત હતું જે માત્ર અફરના સ્વીકાર સાથે જ પ્રગટી શકે. 'મારા મનમાં કોઈ જ પસ્તાવો નથી. મારે તમને જે કહેવું હતું, તે મેં કહી દીધું છે. હું સંતુષ્ટ છું. મારો સમય હવે પૂરો થયો છે.'

'આટલો જલદી મારી પર વિશ્વાસ ગુમાવીશ નહીં, સતી.' શિવે કહ્યું, 'તું ક્યાંય જવાની નથી. આપણે અવશ્ય કોઈક માર્ગ શોધીશું. હું કોઈક માર્ગ શોધીશ. માત્ર મારી પર વિશ્વાસ રાખ.'

સતીએ જોકે આશા છોડી દીધી હતી. તેના દેહમાં શÂક્ત હતી નહીં. તે એમ પણ સમજતી હતી કે પોતાના મૃત્યુ પછી શિવે પોતાના મનને પણ સમજાવવું પડશે. અને જ્યાં સુધી તેઓ પોતાનાથી બનતા બધા જ પ્રયત્નો નહીં કરે, ત્યાં સુધી તેઓ પોતાના મનને ક્યારેય સમજાવી શકશે નહીં.

'મારો તાવ વધી રહ્યો હોય તેમ લાગે છે.' સતીએ કહ્યું, 'કૃપા કરીને મને ઔષધો આપો.'

આયુર્વતીએ સતી સામે જોયું. તેનું વૈદકીય પ્રશિક્ષણ તેને એમ ન કરવા સૂચવી રહ્યું હતું. તે જાણતી હતી કે ઔષધ આપીને તે માત્ર સતીની પીડા લંબાવી જ રહી છે. સતી ઝીણી આંખે આયુર્વતી સામે જોઈ રહી. તે હવે આશા છોડી શકે તેમ નહોતી. શિવે તેને આશા છોડવાની ના પાડી હોય, ત્યારે તો નહીં જ.

'મને ઔષધો આપો, આયુર્વતીજી.' સતીએ ફરી કહ્યું, 'હું શું કરી રહી છું, તે હું જાણું છું.'

આયુર્વતીએ સતીને ઔષધો આપ્યાં. તેણે સતીની આંખોમાં ભય કે પીડાનો અણસાર શોધવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેને એવું કંઈ દેખાયું નહીં. આયુર્વતી સ્મિત કરીને શિવ અને પર્વતેશ્વર પાસે ગઈ.

'હું જાણું છું !' શિવે કહ્યું, 'આપણે તેને સોમરસ કેમ નથી આપતા ?'

'તેની શું અસર થશે, પ્રભુ ?' આશ્ચર્યચકિત આયુર્વતીએ પૂછ્યું. 'સોમરસથી માત્ર શરીરમાં બનતાં ઝેરી ત્ત્વો જ દૂર થાય છે અને તેના કારણે માણસનું જીવન લંબાય છે. તેનાથી ઘાવ પર અસર થશે નહીં.'

'જુઓ આયુર્વતી, મને નથી લાગતું કે કોઈને પણ સોમરસ વિશે સંપૂર્ણ માહિતી હોય. તમને એ વાતની જાણ નથી કે આ સોમરસે જ મારો વર્ષો જૂનો હિમડંખવાળો અંગૂઠો સાજા કરી નાખ્યો છે. તેના કારણે મારા ખભાનું ખસી ગયેલું હાડકું પણ સાજું થઈ ગયું છે.'

'શું !' આશ્ચર્ય પામેલા પર્વતેશ્વરે કહ્યું, 'એ અશક્ય છે. સોમરસથી શારીરિક ખામીઓ દૂર નથી થતી.'

'પરંતુ મારા કિસ્સામાં એમ બન્યું છે.'

'પરંતુ તેનું કારણ તો એ પણ હોઈ શકે કે આપ વિશેષ છો, પ્રભુ.' આયુર્વતીએ કહ્યું, 'આપ તો નીલકંઠ છો.'

'હું કંઈ આકાશમાંથી નથી ટપક્યો, આયુર્વતી. મારું શરીર પણ સતીની જેમ માનવીય જ છે. તમારા જેવું જ છે. એક વાર પ્રયત્ન તો કરી જોઈએ !'

પર્વતેશ્વરને વધુ સમજાવવાની આવશ્યકતા નહોતી. તેમણે બહાર જઈને બેઠક પર બેઠેલા વ્રકને બોલાવ્યો. વ્રકે ઊભા થઈને સેનાપતિને સલામી આપી.

'વ્રક.' પર્વતેશ્વરે કહ્યું, 'મંદિરમાં હજુ પણ થોડુંક સોમરસનું ચૂર્ણ હશે જ. આ વિસ્તારમાં સોમરસ ઉત્પાદનનું એ મુખ્ય કેન્દ્ર હતું. મને એ ચૂર્ણ જોઈએ છે. અત્યારે જ.'

'હમણાં જ લાવ્યો, સ્વામી.' કહીને વ્રક પોતાના સૈનિકો સાથે દોડ્યો.



'હવે પ્રતીક્ષા કર્યા સિવાય બીજું કશું જ કરવાનું નથી.' સતી ઊંઘી ગઈ પછી આયુર્વતીએ કહ્યું. સોમરસ સતીને પીવડાવવામાં આવ્યો હતો અને સામાન્ય કરતાં તેનું પ્રમાણ પણ વધારે રાખવામાં આવ્યું હતું. 'પર્વતેશ્વર, તમે થાકી ગયા છો. તમારે પણ તમારા ઘાવ રૂઝાવા દેવાના છે. કૃપા કરીને ઊંઘી જાવ.'

'મને ઊંઘની કોઈ જ આવશ્યકતા નથી.' પર્વતેશ્વરે જડતાથી કહ્યું, 'હું મારા સૈનિકો સાથે ચોકી કરી રહ્યો છું. પેલા ચંદ્રવંશીઓનો કોઈ જ ભરોસો કરાય નહીં. એ લોકો રાત્રે વળતું આક્રમણ કરે તેમ પણ બને.'

આયુર્વતી નિરાશ થઈને પર્વતેશ્વર સામે જોઈ રહી. ક્ષત્રિયોની શૂરવીરતા તેમની સારવારમાં બાધારૂપ બની રહે છે, તેવી તેની માન્યતા વધારે દૃઢ બની.

'આપ તો ઊંઘી જશોને, પ્રભુ ?' આયુર્વતીએ શિવ સામે જોઇને આશાભર્યા અવાજે પૂછ્યું, 'હવે આપ કશું જ કરી શકો તેમ નથી. આપણે બધાએ હવે પ્રતીક્ષા કરવી રહી. અને આપને પણ આરામની આવશ્યકતા છે જ.'

શિવે પોતાનું મસ્તક ધુણાવ્યું. જંગલી અશ્વો પણ તેમને સતીથી દૂર ઘસડી જઈ શકે તેમ નહોતા.

'આપણે આ ઝૂંપડીમાં જ એક શય્યાની વ્યવસ્થા કરાવીએ.' આયુર્વતીએ કહ્યું, 'આપની ઇચ્છા હોય, તો આપ અહીં જ આરામ કરજો જેથી સતીનું ધ્યાન પણ રાખી શકાય.'

'આભાર, પરંતુ હું ઊંઘવાનો નથી.' શિવે એકાદ ક્ષણ પૂરતું આયુર્વતી સામે જોઇને પાછું સતી સામે જાતાં કહ્યું, 'હું અહીંયાં જ છું. તમે ઊંઘી જાવ. જો કોઈ પરિવર્તન હશે, તો હું તમને જાણ કરીશ.'

થાકેલી આયુર્વતી પોતાની ઝૂંપડીની દિશામાં ચાલવા લાગી. તેણે તો આરામ લેવો પડે તેમ જ હતો કારણ કે આવતીકાલનો દિવસ અત્યંત વ્યસ્ત રહેવાનો હતો. તેણે દરેક ઘાયલના ઘાવ ચકાસવાના હતા જેથી સારવાર બરાબર થઈ રહી છે કે નહીં તેનો તેને ખ્યાલ આવે. પ્રથમ ચોવીસ કલાક જ મત્ત્વના હોય છે. તેના વૈદકીય સહાયકોને અલગ અલગ ટુકડીઓમાં વહેંચવામાં આવ્યા હતા અને એ લોકો આખી રાત કોઈ પણ આપાતકાલીન પરિસ્થિતિ માટે સતર્ક રહેવાના હતા.

'હું સૈનિકો સાથે હોઈશ, શિવ.' પર્વતેશ્વરે કહ્યું, 'બહાર નંદી અને વીરભદ્ર મારા કેટલાક અંગત સૈનિકો સાથે પહેરો ભરતા હશે.'

શિવ જાણતા હતા કે પર્વતેશ્વર વાસ્તવમાં શું કહેવા ઇચ્છે છે.

'કંઈ પણ જાણવા જેવું હશે તો હું આપને બોલાવી લઈશ, પર્વતેશ્વર.' શિવે સેનાપતિ સામે જોઇને કહ્યું.

પર્વતેશ્વરે શિવ સામે ફિક્કું સ્મિત કર્યું અને મસ્તક હલાવીને ઝડપથી બહાર જતા રહ્યા. તેમની લાગણીઓ તેમને કોઈ શરમમાં મૂકી દે, એવું તે નહોતા કરવા ઇચ્છતા.



પર્વતેશ્વર ચૂપચાપ એકલા બેઠા હતા અને તેમના સૈનિકો આદરપૂર્વક થોડુંક અંતર જાળવીને ઊભા હતા. તેમના સેનાપતિ ક્યારે એકલા પડવા ઇચ્છે છે, તે સમય તેઓ ઓળખી શકતા હતા. પર્વતેશ્વર સતીના વિચારોમાં ખોવાઈ ગયા હતા. તેના જેવા માણસ પર ભગવાન આટલું દુઃખ કેમ વરસાવતો હશે ? તેમને સતીનું બાળપણ યાદ આવ્યું, એ દિવસ યાદ આવ્યો જ્યારે તેમણે સતીને પોતાની પાલકપુત્રી બનાવવાનો નિર્ણય સગર્વ લીધો હતો.

એ દિવસે તેમને જીવનમાં માત્ર એક જ વાર પોતાનું સંતાન ન હોવાનો અફસોસ થયો હતો. કયા મૂર્ખ માણસને સતી જેવી પુત્રી ન ગમે ?

એ સો વર્ષથી પણ વધારે સમય પહેલાંની એક બપોર હતી. સતી હજુ ગુરુકુળથી માત્ર સોળ વર્ષની ઉંમરે જ પાછી ફરી હતી. તેનામાં ખૂબ જ જાશ હતું અને ભગવાન રામની પદ્ધતિઓમાં વિશ્વાસ પણ બહુ જ હતો. મેલુહા પર હજુ મહારાજ બ્રહ્મનાયકનું જ શાસન હતું. રાજકુમાર દક્ષ પોતાના કુટુંબ સાથે, પોતાની પત્ની અને પુત્રી સાથે સમય પસાર કરવામાં સંતુષ્ટ હતા. તેમને ક્ષત્રિયોની જેમ યુદ્ધકળામાં પ્રવીણતા મેળવવાની જરા પણ ઉત્સુકતા નહોતી. તેમને પોતાના પિતાના પગલે ચાલવામાં પણ રસ લાગતો નહોતો.

એ દિવસે, દક્ષ સરસ્વતી નદીના કાંઠે પોતાના પરિવાર સાથે ઉજવણી કરવા માટે ગયા હતા. એ જગ્યા દેવગીરીની પાસે જ હતી. એ સમયે પર્વતેશ્વર દક્ષના એક અંગરક્ષક જ હતા અને પોતાનાં કર્તવ્યોનું તેઓ નિષ્ઠાપૂર્વક વહન કરતા હતા. તેઓ રાજકુમારની એટલા પાસે બેઠા હતા કે જેથી તેમની રક્ષા થઈ શકે અને એટલા દૂર અવશ્ય હતા કે જેથી

તેમને પત્ની અને પુત્રી સાથે અંગત સમય મળી રહે. સતી સામે દેખાતા વનમાં ફરવા ચાલી ગઈ હતી તેમ છતાં તે નદીકિનારાની સમાંતરે જ આગળ વધી રહી હતી જેથી તેને જાઇ શકાય.

અચાનક જ સતીની ચીસ બધાને સંભળાઈ. દક્ષ, વારિણી અને પર્વતેશ્વર ગભરાઈ ગયા. તેઓ સતીની દિશામાં દોડી ગયા અને તેમણે જાયું કે નદીના વળાંક આગળ જ સતી જંગલી કૂતરાઓના એક જૂથ સામે લડી રહી હતી. તે એક ગંભીર રીતે ઘવાયેલી સ્ત્રીની રક્ષા કરવા માટે લડી રહી હતી. આટલે દૂરથી પણ દેખાઈ આવતું હતું કે વર્ણ-જ્ઞાતિના માદળિયા વિનાની એ શ્વેતવર્ણી સ્ત્રી તાજેતરમાં જ મેલુહામાં આવેલી વસાહતી છે અને તેને એ વાતની જાણકારી નથી કે તલવાર લીધા વિના ક્યારેય પણ નદીકિનારે જવું નહીં. એ કૂતરાઓએ તેની પર હુમલો કર્યો હશે અને તેમનું જૂથ એટલું મોટું હતું કે તેઓ ભેગા થઈને એક સિંહને પણ પરાસ્ત કરી શકે તેમ હતા.

'સતી !' દક્ષે બૂમ પાડી.

પોતાની તલવાર ખેંચીને તે પુત્રીની રક્ષા કરવા દોડી ગયા. પર્વતેશ્વર પણ પોતાની તલવાર સાથે દક્ષને અનુસર્યા. થોડીક જ ક્ષણોમાં તેઓ એ લડાઈમાં કૂદી પડ્યા હતા. પર્વતેશ્વરે ટોળામાં જઈને પોતાની તલવાર વડે અમુક કૂતરાઓને સરળતાથી વાઢી નાખ્યા હતા. અચાનક જ સહાય મળતાં સતીમાં પણ જાશ આવી ગયું. તે એક સાથે તેની પર ધસી આવેલા ચાર કૂતરા સાથે લડી રહી હતી. યુદ્ધકળામાં નિપુણ ન હોવા છતાં દક્ષ પણ એવા જાશથી લડી રહ્યા હતા જે માત્ર કોઈ માતા-પિતા જ અનુભવી શકે. જોકે પ્રાણીઓને સમજાઈ ગયું હતું કે તેમના શત્રુઓમાં દક્ષ જ સૌથી નબળી કડી છે એટલે છ કૂતરા એક સાથે તેમની પર ધસી ગયા.

દક્ષે પોતાની સામે રહેલા કૂતરા પણ ઘાતકી રીતે તલવાર વીંઝી. એ તેમની ભૂલ હતી. દક્ષે એ કૂતરાને તો મારી નાખ્યો પરંતુ તેમની તલવાર તેના મૃતદેહમાં ભરાઈ ગઈ. કૂતરાઓને તો એટલી જ તક જાઈતી હતી. એક કૂતરું દક્ષની જમણી બાજુથી તેમની પર ધસી ગયું અને તેણે દક્ષના જમણા હાથને મોઢામાં લઈ લીધો. દક્ષે પીડાથી બૂમ પાડી પરંતુ તેમણે પોતાની તલવાર છોડી નહીં.. બીજા એક કૂતરાએ દક્ષના ડાબા પગ પર આક્રમણ કર્યું અને તેમાંથી માંસનો ટુકડો કાપી ખાધો. પોતાના સ્વામીને મુશ્કેલીમાં જોઇને પર્વતેશ્વરે જારથી ચીસ પાડી અને દક્ષના હાથે વળગેલા કૂતરા પર તેમણે પ્રહાર કર્યો. તેમણે એક જ ઝાટકે એ કૂતરાના બે ટુકડા કરી નાખ્યા. પછી એવી જ રીતે દક્ષ પર આગળથી પ્રહાર કરવા આવી રહેલા કૂતરાને પણ તેમણે વાઢી નાખ્યો. દક્ષ પોતાના ડાબા પગે વળગેલા કૂતરા સામે લડી રહ્યા હતા તે બાજુ સતીએ મોરચો સંભાળી લીધો. પોતાના જૂથની સંખ્યા ઘટતી જતી જોઇને કૂતરાઓ ભાગવા માંડ્યા.

'દક્ષ !' પોતાના પતિને ઢળી પડતા જોઇને વારિણીએ બૂમ પાડી. દક્ષના શરીર પર પડેલા બહુવિધ ઘાવમાંથી બહુ ઝડપથી રક્ત વહી રહ્યું હતું, ખાસ કરીને પગમાંથી. કૂતરાના ધારદાર દાંતે અવશ્ય કોઈ ધમની કાપી નાખી હશે. પર્વતેશ્વરે તરત જ પોતાની કમરે બાંધેલો એક શંખ ફૂંક્યો. સહાય માટેનો તે અવાજ પાસે રહેલા સૈનિકોને સંભળાયો. સૈનિકો અને વૈદ્યો ટૂંક સમયમાં તેમની સહાયે આવી જવાના હતા. પર્વતેશ્વરે પોતાનું અંગવસ્ત્ર દક્ષના પગની ઉપર કચકચાવીને બાંધ્યું કે જેથી ત્યાંથી રક્તપ્રવાહ અટકાવી કે ઘટાડી શકાય. એ પછી તે ઘાયલ વિદેશી સ્ત્રીને રાજપરિવારની પાસે લઈ આવ્યા.

'પિતાજી, આપ ઠીક છો ?' સતીએ પોતાના પિતાનો હાથ પકડીને હળવા અવાજે પૂછ્યું.

'હે ભગવાન, સતી !' દક્ષે ઊંચા અવાજે પૂછ્યું, 'તું શું કરી રહી હતી ?'

પોતાના પિતાનો આવો પ્રતિભાવ સાંભળીને સતી ચૂપ થઈ ગઈ.

'તને વીરાંગના બનવાનું કોણે કહ્યું હતું ?' ઘાયલ દક્ષ પોતાની પુત્રીને ઠપકો આપી રહ્યા હતા. 'તને કંઈ થઈ ગયું હોત તો ? તો હું શું કરત ? હું ક્યાં જાત ? અને તારું જીવન તું કોના માટે જોખમમાં મૂકી રહી હતી ? એ સ્ત્રીના જીવનનું મૂલ્ય શું છે ?'

સતીએ પોતાની દૃષ્ટિ ધરતી પર માંડી રાખી. તેને આવા ઠપકાની આશા નહોતી. તેને આશા હતી કે તેની પ્રશંસા થશે. ત્યાં સુધીમાં સૈનિકો અને વૈદ્યો ત્યાં આવી પહોંચ્યા હતા. બહુ કુશળતાથી તેમણે દક્ષના શરીરમાંથી વહેતો રક્તપ્રવાહ અટકાવ્યો. પર્વતેશ્વર અને સતીના નાના-મોટા ઘાવ પર પાટાપિંડી કરીને તેઓ દક્ષને ઊંચકીને લઈ ગયા. તેમના ઘાવની સારવાર તો રાજવૈદ્યે જ કરવી પડે તેમ હતી.

પોતાના પિતાને આવી રીતે લઈ જવાતા જોઇને સતી પોતાની જગ્યાએ જ સ્થિર થઈ ગઈ. પોતાના પગલાથી કેટલી હાનિ થઈ હતી, તે વિચારીને તે દોષની લાગણી અનુભવી રહી હતી. તે તો માત્ર આપત્તિમાં આવી પડેલી એક સ્ત્રીને બચાવવાનો પ્રયત્ન કરી રહી હતી. શું ભગવાન રામ જ એમ નહોતા શીખવાડી ગયા કે બળવાને નબળાનું રક્ષણ કરવું જોઈએ ? તેના ખભા તેણે હળવો સ્પર્શ અનુભવ્યો. તેણે પાછળ ફરીને જોયું તો ત્યાં તેના પિતાના અંગરક્ષક કપ્તાન પર્વતેશ્વર ઊભા હતા. વિચિત્ર વાત એ હતી કે તેમના મુખ પર ભાગ્યે જ દેખાતું સ્મિત હતું.

'મને તારી પર ગર્વ છે, પુત્રી.' પર્વતેશ્વરે ધીમેથી કહ્યું, 'તું ભગવાન રામની સાચી અનુયાયી છે.'

અચાનક જ સતીની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં. તેણે બીજી દિશામાં આંખો ફેરવી લીધી. પોતાની જાતને નિયંત્રિત કરીને તેણે એ માણસ સામે સ્મિત કર્યું જેને તે આવનારાં વર્ષોમાં પિતૃતુલ્ય તરીકે સંબોધવાની હતી. તેણે ધીમેથી પોતાનું મસ્તક હલાવીને પર્વતેશ્વરનો આભાર માન્યો.

એક પક્ષીના અવાજથી પર્વતેશ્વર વર્તમાનમાં આવી ગયા અને તેમણે આસપાસ જોઈ લીધું. તેમની આંખોમાં લાગણીની ભીનાશ છવાયેલી હતી. તેમણે પોતાના હાથ જોડીને પ્રાર્થના કરી, 'એ આપની સાચી અનુયાયી છે, ભગવાન રામ. તેની રક્ષા કરજો.'



શિવ સમયનું ભાન ભૂલી ગયા હતા. જ્યારે આટલા બધા જીવ જોખમમાં હોય, ત્યારે પ્રહર કંદિલને પલટાવવા માટે કોઈ માણસ ન મૂકવામાં આવ્યો હોય, તે સમજાય તેવું હતું. વાતાયનની બહાર તેમને પરોઢનાં ચિહ્નો દેખાઈ રહ્યાં હતાં. શિવના ઘાવ પર બળતરા થઈ રહી હતી અને તેમને પણ આરામની આવશ્યકતા હતી, પરંતુ શિવ એમ સરળતાથી ઘાવ સામે નમી જાય તેમ નહોતા. સતીની શય્યા પાસે પોતાની બેઠક પર તેઓ ચૂપચાપ બેસી રહ્યા અને સતીને ખલેલ પહોંચે તેવો કોઈ પણ પ્રકારનો અવાજ ન થાય, તેનું ધ્યાન રાખતા રહ્યા. સતીએ તેમનો હાથ પોતાના હાથમાં જ પકડી રાખ્યો હતો. તેના શરીરમાં તાવને કારણે આવેલી ગરમી છતાં શિવે પોતાનો હાથ તેના હાથમાંથી મુક્ત કર્યો નહોતો. તેમની હથેળી પરસેવાથી ભીની થઈ ગઈ હતી.

તેમણે સતી સામે જોઇને હળવેથી કહ્યું, 'કાં તો તું અહીં રહીશ અથવા તો આપણે બંને આ જગતનો ત્યાગ સાથે જ કરીશું. હવે તારે નક્કી કરવાનું છે.'

સતીનો હાથ થોડોક હલ્યો હોય તેમ તેમને લાગ્યું. તેમણે સતીના હાથને ધ્યાનથી જોયો. તેમની ભિડાયેલી હથેળીઓ વચ્ચેથી પરસેવાનાં ટીપાં પડી રહ્યાં હતાં. જોકે એ પરસેવો કોનો હતો, તે શિવ કહી શકે તેમ નહોતા.

આ સતીનો પરસેવો છે કે મારો ?

શિવે તરત જ પોતાનો બીજો હાથ સતીના કપાળ પર મૂક્યો. સતીને પહેલાંથી પણ વધારે તાવ હતો, પરંતુ કપાળ પર પણ પરસેવાનાં ટીપાં બાઝેલાં હતાં. શિવને આશાનું કિરણ દેખાયું.



'હે બ્રહ્મા ભગવાન.' આયુર્વતીને આશ્ચર્ય થઈ રહ્યું હતું, 'મેં આવું ક્યારેય નથી જોયું.'

આયુર્વતી સતીની શય્યાની પાસે ઊભી હતી. સતી હજુ ઊંઘમાં જ હતી પરંતુ તેના શરીરમાંથી અત્યંત વધારે માત્રામાં પરસેવો પડી રહ્યો હતો. તેની પથારી અને વસ્ત્રો ભીંજાઇ ગયાં હતાં. પર્વતેશ્વર આયુર્વતીની પાસે જ ઊભા હતા અને તેમના મુખ પર પણ આશા પ્રગટેલી દેખાતી હતી.

'અગ્નિબાણથી આવેલો તાવ કદી પણ અટકતો નથી.' દિગ્મૂઢ આયુર્વતી બોલી રહી હતી, 'આ તો ચમત્કાર છે.'

શિવે પોતાનું મુખ ઊંચું કર્યું ત્યારે તેમના મુખ પર આનંદ દેખાઈ રહ્યો હતો. 'પવિત્ર સરોવર આ સોમરસનું ભલું કરે.'

સતીએ શિવનો હાથ પકડી રાખ્યો છે એ પર્વતેશ્વરે જોયું પરંતુ એ કંઇ બોલ્યા નહીં. આ ક્ષણ જ એટલી અદ્ભુત હતી કે તેના માટે તો તેઓ તેમની ભૂમિના બધા જ નિયમો ભૂલી જવા તૈયાર હતા.

'પ્રભુ.' આયુર્વતીએ હળવેથી કહ્યું, 'આપણે તેને ઝડપથી સ્નાન કરાવવું પડશે. પરસેવો તો દૂર કરવો જ રહ્યો, પરંતુ તેના ઘાવ પર પાણી પડવા દેવાય તેમ નથી એટલે તેને ભીના કપડા વડે જ સ્વચ્છ કરવી રહી.'

શિવે આયુર્વતી સામે જોઇને મસ્તક હલાવ્યું પરંતુ તેઓ આયુર્વતીના કહેવાનો ભાવાર્થ સમજ્યા નહીં.

'પ્રભુ,' છેવટે આયુર્વતીએ કહેવું પડ્યું, 'આપે આ કુટિરની બહાર જવું પડશે.'

'અરે ! હા.' શિવે કહ્યું.

તે જવા માટે ઊભા થયા ત્યારે આયુર્વતીએ કહ્યું, 'પ્રભુ, આપના હાથ પણ ધોવા પડશે.'

શિવે પોતાના હાથ પર સતીનો પરસેવો જોયો. પછી તેમણે આયુર્વતી સામે જોઇને કહ્યું, 'હું તરત જ હાથ ધોઈ નાખું છું.'



'આ ચમત્કાર છે, સતી. અગ્નિબાણથી આજ સુધી કોઇ બચ્યું નથી !' આયુર્વતીનું સ્મિત એક કાનથી બીજા કાન સુધી ફેલાયેલું હતું. 'હું પ્રમાણિકતાથી કહું છું કે મેં તો આશા છોડી દીધી હતી, પરંતુ પ્રભુના વિશ્વાસે જ તમને જીવંત રાખ્યા છે.'

સતી શય્યામાં સસ્મિત સૂતી હતી. તેને નવાં વસ્ત્રો પહેરાવવામાં આવ્યાં હતાં.

શય્યાની ચાદરો અને ગોદડીઓ પણ બદલવામાં આવી હતી. સોમરસને કારણે ઝેરી પરસેવો જેની પર પડ્યો હતો, તે બધું જ બદલી નાખવામાં આવ્યું હતું.

'અરે, ના.' શિવે સભાન રીતે કહ્યું, 'મેં તો કશું જ કર્યું નથી. સતીની લડાયક વૃત્તિએ જ તેને બચાવી લીધી છે.'

'ના, શિવ. તમે જ. મેં નહીં.' સતીએ કોઈ પણ ખચકાટ વિના શિવનો હાથ પકડી રાખીને કહ્યું, 'તમે તો મને ઘણી બધી રીતે બચાવી લીધી છે. હું તમારું ઋણ કઈ રીતે ચૂકવી શકીશ, એ તો હું વિચારી પણ નથી શકતી.'

'મારું ઋણ ચૂકવવાની વાત ક્યારેય નહીં કરે, તો એ ઋણ ઊતરી જ ગયું એમ સમજજે.'

સતીએ બહોળું સ્મિત કર્યું અને શિવનો હાથ વધારે જાશથી પકડી રાખ્યો. પર્વતેશ્વર હવે કંઈ અસમંજસથી એ બંને સામે જાઈ રહ્યા હતા. પ્રેમનું આવું સાર્વજનિક પ્રદર્શન સંભવતઃ તેમને ગમ્યું નહોતું.

'ઠીક છે.' આયુર્વતીએ જાણે આ પ્રકરણ પૂરું કરવાનું હોય, તેમ તાલી પાડતા કહ્યું, 'મને અહીં બેસીને તમારા બધાની સાથે વાતો કરવી બહુ જ ગમશે પરંતુ મારે હજુ ઘણાં કામ પતાવવાનાં છે.'

'કયાં કામ ?' શિવે રમતિયાળપણે પૂછ્યું, 'તમે અદ્ભુત વૈદ્ય છો. તમારી પાસે અદ્ભુત માણસો પણ છે. હું જાણું છું કે દરેક ઘવાયેલા માણસને બચાવી લેવામાં આવ્યો છે. હવે તમારે કરવા જેવું કંઈ જ રહ્યું નથી.'

'અરે, હજુ તો ઘણું કામ છે, પ્રભુ.' આયુર્વતીએ સસ્મિત કહ્યું, 'હવે તો મારે એવી પણ નોંધ કરવી પડશેને કે કઈ રીતે સોમરસથી અગ્નિબાણના ઘાવની સારવાર કરી શકાય છે. દેવગીરી પાછી જઈને હું આ નોંધ બધા વૈદ્યોને મોકલી આપીશ. આ તો અત્યંત મત્ત્વની વાત છે. આપણે સોમરસથી સારવાર કઈ રીતે થઈ શકે, એ દિશામાં અવશ્ય સંશોધન કરવું રહ્યું. હજુ તો ઘણું કામ કરવાનું બાકી છે !'

શિવે આયુર્વતી સામે પ્રેમાળ સ્મિત કર્યું.

સતીએ ધીમા અવાજે કહ્યું, 'આભાર આયુર્વતીજી. અન્ય હજારો માણસોની જેમ, હું પણ તમારી ઋણી છું.'

'તમે મારા જરા પણ ઋણી નથી, સતી. મેં તો માત્ર મારા કર્તવ્યનું જ પાલન કર્યું છે.'

આયુર્વતી વંદન કરીને કુટિરની બહાર જતી રહી.

'હજુ મારે પણ...' પર્વતેશ્વર એમ બબડતા બબડતા બહાર નીકળી ગયા.

આયુર્વતીને પોતાની પ્રતીક્ષા કરી રહેલી જોઇને પર્વતેશ્વરને આશ્ચર્ય થયું. તે સૈનિકોથી ચોક્કસ અંતર જાળવીને ઊભી હતી. એ જે પણ વાત કરવા ઇચ્છતી હતી, તે બીજું કોઈ સાંભળે નહીં તેમ તે ઇચ્છતી હતી.

'શું વાત છે, આયુર્વતી ?' પર્વતેશ્વરે પૂછ્યું.

'તમને શું સમસ્યા છે એ હું જાણું છું, પર્વતેશ્વર.' આયુર્વતીએ કહ્યું.

'તો પછી તમે કઈ રીતે ઊભાં-ઊભાં એ જાઈ શકો છો ? મને નથી લાગતું કે આ યોગ્ય થઈ રહ્યું હોય. કશું પણ કહેવા માટે આ યોગ્ય સમય નથી એ હું જાણું છું, પરંતુ હું યોગ્ય સમયે આ મુદ્દો અવશ્ય ઉઠાવીશ.'

'ના, તમારે એમ ન કરવું જોઈએ.'

'તમે એવું કઈ રીતે કહી શકો ?' પર્વતેશ્વરને આઘાત લાગ્યો હતો, 'તમે તો એવા વિરલ બ્રાહ્મણ કુટુંબનાં સંતાન છો, જેમાં બળવા દરમિયાન એક પણ ભ્રષ્ટ બ્રાહ્મણ

નહોતો. ભગવાન રામે નિયમોના ચુસ્ત પાલનનો આગ્રહ સેવ્યો છે. પોતે પણ નિયમોથી પર નથી, એમ તેમણે અવારનવાર દર્શાવ્યું છે. શિવ ઉમદા માનવી છે. એની હું ના નથી પાડતો, પરંતુ એ

નિયમોથી પર ન હોઈ શકે. કોઈ પણ નિયમોથી પર હોઈ શકે નહીં. એમ થાય, તો આપણો સમાજ જ ભાંગી પડે. તમને તો આ વાત સમજાવી જ જોઈએ.'

'હું તો માત્ર એક જ વાત સમજું છું.' આયુર્વતીએ દૃઢ અવાજે કહ્યું, 'જા નીલકંઠને લાગે કે એ વાત યોગ્ય છે, તો એ વાત યોગ્ય જ છે.'

પર્વતેશ્વર આયુર્વતી સામે એવી રીતે જાઈ રહ્યા જાણે તેઓ તેને ઓળખતા જ ન હોય. આ એ સ્ત્રી હોઈ જ ન શકે જેને તેઓ જાણતા અને પ્રશંસતા હતા, એ સ્ત્રી જે કોઈ પણ અપવાદ વિના દરેક નિયમોનું પાલન કરતી હતી. પર્વતેશ્વર શિવનું સન્માન કરવા માંડ્યા હતા, પરંતુ એ સન્માન કંઈ આંધળી શ્રદ્ધા નહોતું બની ચૂક્યું. તેઓ એમ તો નહોતા જ માનતા કે ભગવાન રામનું અધૂરું કાર્ય શિવ પૂરું કરી શકશે. પર્વતેશ્વર માટે તો ભગવાન રામ જ શ્રદ્ધેય હતા, બીજું કોઈ જ નહીં.

'એ ગમે તે હોય.' આયુર્વતીએ કહ્યું, 'હવે મારે જવું પડશે. મારે એક સિદ્ધાંત પર વિચાર કરવો પડશે.'



'સાચે જ ?' શિવે પૂછ્યું, 'એટલે મેલુહામાં રાજાનો પ્રથમ પુત્ર જ ગાદીએ આવે, એમ આવશ્યક નથી, એવું તારું કહેવું છે ?'

'હા.' સતીએ સસ્મિત ઉત્તર આપ્યો.

શિવ અને સતીએ ગયા સપ્તાહમાં ઘણા કલાકો મત્ત્વની અને બિનમત્ત્વની વાતો કરવામાં ગાળ્યા હતા. સતીના ઘાવ ઝડપથી ભરાઈ રહ્યા હતા પરંતુ તે હજુ પણ પથારીવશ જ હતી. બધા ઘાયલો યાત્રાને લાયક ન થઈ જાય ત્યાં સુધી કાફલાએ કૂંજમાં જ છાવણી નાખીને રહેવાનું ઠરાવ્યું હતું. લોથલની યાત્રા મુલતવી રાખવામાં આવી હતી. શિવ અને પર્વતેશ્વરે એમ નક્કી કર્યું હતું કે ઘાયલો સાજા થાય એટલે શક્ય એટલું વહેલું દેવગીરી પહોંચવું જોઈએ.

સતીએ પોતાની પીઠની એક બાજુ પરથી વજન દૂર કરવા થોડુંક હલનચલન કર્યું. જોકે એમ કરતી વખતે પણ તેણે શિવનો હાથ છોડ્યો નહીં. શિવે નમીને સતીના મુખ પર રમી રહેલી એક લટને પાછી યોગ્ય સ્થાને ગોઠવી. સતીએ શિવ સામે પ્રેમાળ સ્મિત કર્યું અને કહ્યું, 'લગભગ અઢીસો વર્ષ પહેલાં સુધી તો રાજાના સંતાનો તેમણે જન્મ આપેલા સંતાનો હતા જ નહીં. તેમને મૈકામાંથી જ લાવવામાં આવતા હતા. એટલે રાજાનું પ્રથમ સંતાન કોણ છે, એ તો કોઈ આમ પણ જાણતું નહીં. અમે તો રાજાના પ્રથમ ખોળે લીધેલા સંતાનથી જ પરિચિત હોઈએ.'

'વાત તો સાચી છે.'

'એ ઉપરાંત, ખોળે લીધેલું પ્રથમ સંતાન જ રાજા બને, તે પણ આવશ્યક નહોતું. ભગવાન રામે સ્થિરતા અને શાંતિ માટે આપેલા નિયમોમાંનો આ એક બીજો નિયમ હતો. પ્રાચીન સમયમાં તો ઘણા રાજવી પરિવારો હતા અને બધાનાં આગવાં રાજ્યો પણ હતાં.'

'ઠીક છે.' શિવે કહ્યું. તેમનું ધ્યાન જેટલું સતીની વાતો પર હતું તેટલું જ બોલતી સતીના ગાલમાં પડતા આકર્ષક ખંજન પર પણ હતું. 'આ રાજાઓ સતત એકબીજા સાથે

લડતા રહેતા જેથી તેમાંથી કોઈ સમ્રાટ બની શકે, ભલેને ટૂંકા ગાળા માટે જ.'

'હા.' સતીએ સ્મિત કર્યું અને ભગવાન રામ પહેલાંના રાજાઓની મૂર્ખામી માટે માથું ઝાટકીને તિરસ્કાર દર્શાવ્યો.

'બધે એવું જ છે.' શિવે પોતાના કબીલા અને આસપાસના કબીલાઓની સતત ચાલતી લડાઈઓનું સ્મરણ કરીને કહ્યું.

'એકાધિકારતા માટે રાજાઓ વચ્ચે ઘણા અનાવશ્યક અને નિરર્થક યુદ્ધો થયાં છે અને તે બધામાં ભોગવવાનું તો જનસામાન્યના પક્ષે જ આવ્યું છે.' સતીએ કહ્યું, 'ભગવાન રામે એમ વિચાર્યું કે રાજાઓનો અહમ્ સંતોષવા માટે જનસામાન્યને પીડા ભોગવવી પડે, તે અયોગ્ય છે. તેમણે એક એવી પ્રણાલી રચી જેમાં ચોક્કસ જાતિના બ્રાહ્મણો અને ક્ષત્રિયો હોય અને તેને રાજ્યસભા નામ આપ્યું. જ્યારે પણ કોઈ સમ્રાટ મૃત્યુ પામે કે સંન્યાસ લે, ત્યારે આ રાજ્યસભા કોઈ કપ્તાન કે તેનાથી ઊંચી પદવીવાળા ક્ષત્રિયોમાંથી જ એકને સમ્રાટ તરીકે ચૂંટી કાઢે. એ નિર્ણયનો વિરોધ ન થઈ શકે અને તે અફર જ રહે.'

'મેં આ પહેલાં પણ કહ્યું છે અને અત્યારે પણ કહીશ કે ભગવાન રામ વિચક્ષણ હતા.' શિવે બહોળા સ્મિત સાથે કહ્યું.

'હા, એ તો હતા જ.' સતીએ ઉત્સાહથી કહ્યું, 'જય શ્રીરામ.'

'જય શ્રીરામ.' શિવે પણ પડઘો પાડ્યો, 'પરંતુ મને એ જણાવ કે મહારાજ બ્રહ્મનાયક પછી તારા પિતાજી કઈ રીતે સમ્રાટ બન્યા ? મહારાજ તો એ પહેલાંના રાજાના પ્રથમ ખોળાના સંતાન જ હતા, બરોબરને ?'

'મેલુહાના અન્ય તમામ સમ્રાટોની જેમ તેમને પણ ચૂંટવામાં જ આવ્યા હતા. અને મેલુહાના ઇતિહાસમાં એવું પ્રથમવાર બન્યું હતું કે શાસક રાજાના પુત્રને જ ઉત્તરાધિકારી તરીકે ચૂંટવામાં આવ્યો હોય.' સતીએ સગર્વ કહ્યું.

'હંઅઅઅ. શું તારા દાદાએ તારા પિતાજીને ચૂંટાઈ આવવામાં સહાય કરી હતી ?'

'એ બાબતે હું વિશ્વાસપૂર્વક કશું પણ કહી શકું તેમ નથી. મને એટલી જાણ છે કે મારા પિતા જ ઉત્તરાધિકારી બને એ મારા દાદાને બહુ જ ગમ્યું હોત, પરંતુ હું એ પણ જાણું છું કે એ મહાન માનવ હતા, મેલુહાના તમામ નિયમોનું પાલન કરતા અને તેમણે સાર્વજનિક રીતે તો પોતાના પુત્રની કોઈ જ સહાય નહીં કરી હોય. આ સામ્રાજ્યમાં બધે જ પૂજનીય મનાતા મહર્ષિ ભૃગુએ મારા પિતાને ચૂંટાવામાં ઘણી સહાય કરી હતી.'

શિવ હળવેથી સતીના મુખ પર હાથ ફેરવતા હતા અને તેમના મુખ પર પણ મૃદુ સ્મિત રમતું હતું. સતી બંધ આંખે એ સ્પર્શનું સંવેદન માણી રહી હતી. તેમનો હાથ ફરતો ફરતો પાછો સતીના હાથમાં ગોઠવાઈ ગયો. તેમણે હળવેથી સતીનો હાથ દબાવ્યો.

શિવ મહારાજ દક્ષ અને મહર્ષિ ભૃગુના સંબંધો વિશે કંઈક વધારે પૂછવા જતા હતા કે અચાનક કુટિરનું દ્વાર ઝટકા સાથે ખૂલ્યું. ખૂબ થાકેલા દક્ષ અંદર ધસી આવ્યાં. તેમની પાછળ પાછળ વારિણી અને કનખલા પણ આવ્યાં. દક્ષ જોઈ શકે એ પહેલા શિવે પોતાનો હાથ ખેંચી લીધો. જોકે દક્ષે એટલું હલનચલન તો અવશ્ય નોંધ્યું.

'પિતાજી !' આશ્ચર્યચકિત સતીએ પૂછ્યું.

'સતી, મારી પુત્રી.' દક્ષ નિસાસો નાખીને સતીની શય્યાની બાજુમાં ગોઠણભેર બેસી ગયા. વારિણી પણ દક્ષની બાજુમાં એવી જ રીતે બેસી ગઈ અને પોતાની પુત્રીના મુખ પર પ્રેમપૂર્વક હાથ ફેરવવા માંડી. તે રડી રહી હતી. કનખલા થોડાક અંતરે ઊભી રહી અને તેમણે શિવને વંદન કર્યાં. શિવે કનખલાના સ્મિતનો બહોળા સ્મિત વડે ઉત્તર આપ્યો. પર્વતેશ્વર અને આયુર્વતી કનખલાની બાજુમાં ઊભા ઊભા પ્રતીક્ષા કરવા લાગ્યાં.

રાજપરિવારની અંગત ક્ષણોમાં તેઓ ખલેલ પહોંચાડવા માંગતા નહોતાં. નંદી, વીરભદ્ર અને કૃતિકા તેમની પાછળ ઊભાં હતાં. કોઈ સેવક ચૂપચાપ રાજા અને રાણી માટે બે બેઠકો લઈ આવ્યો અને તેને શય્યાની બાજુમાં મૂકીને ચૂપચાપ બહાર નીકળી ગયો.

સતી ઘાયલ થયાના સમાચાર સાંભળીને દક્ષ, વારિણી અને કનખલા દેવગીરીથી બે હજાર સૈનિકો લઈને તરત જ નીકળી પડ્યા હતા. તેઓ સરસ્વતી નદી પર વહાણ વડે કૂંજની શક્ય એટલા પાસે આવ્યા હતા અને પછી દિવસ-રાત સવારી કરીને તેઓ કૂંજ આવી પહોંચ્યાં હતાં.

'હું ઠીક છું, પિતાજી.' સતીએ પોતાની માતાનો હાથ પકડી રાખીને કહ્યું. પછી પોતાની માતા સામે જોઇને તેણે કહ્યું, 'સાચું કહું છું, મા. હવે મને બહુ જ સારું છે. એક સપ્તાહ પછી તો હું તમારી સામે નૃત્ય કરતી હોઈશ !'

વારિણી અને દક્ષ સતી સામે પ્રેમાળ સ્મિત કરી રહ્યા હતા અને શિવના મુખ પર પણ સ્મિત આવી ગયું હતું.

પોતાના પિતા સામે જોઇને સતીએ કહ્યું, 'આટલી બધી મુશ્કેલીઓ ઊભી કરવા માટે હું ક્ષમા માગું છું. હું જાણું છું કે ઘણા મત્ત્વનાં કામ કરવાનાં છે અને તમારે અહીંયાં દોડી આવવું પડ્યું.'

'મુશ્કેલી ?' દક્ષે પૂછ્યું, 'પુત્રી, તું જ મારું જીવન છે. તું મારા જીવનના આનંદનું ઝરણું છે. અને અત્યારે મને તારી પર કેટલો ગર્વ થઈ રહ્યો છે તેની તો તને કલ્પના પણ નહીં આવે.'

વારિણીએ નમીને સતીના કપાળ પર હળવેથી સ્નેહાળ ચુંબન કર્યું.

'મને તમારા બધા પર ગર્વ થાય છે.' દક્ષે પર્વતેશ્વર અને આયુર્વતી સામે જોઇને કહ્યું, 'મને ગર્વ છે કે આપે પ્રભુને જે કામ કરવું જોઈએ તેમાં સહાય કરી. આપણે એક ત્રાસવાદી આક્રમણને ખાળી બતાવ્યું છે ! તમે જાણતા નથી કે એના કારણે સમગ્ર દેશમાં લોકો કેટલા આનંદિત અને ઉત્તેજિત છે !'

દક્ષ સતીના હાથ પ્રેમથી પસવારી રહ્યા હતા. પછી તેમણે શિવ સામે જોઇને કહ્યું, 'આભાર, પ્રભુ. અમારા વતી લડવા માટે આપનો અત્યંત આભાર. હવે અમે જાણીએ છીએ કે અમે સાચા માણસમાં જ અમારી શ્રદ્ધાનું આરોપણ કર્યું છે.'

શિવને કંઈ કહેવાનું સૂઝ્યું નહીં. તેમણે સ્મિત કર્યું અને પોતાનું મસ્તક હલાવીને દક્ષની શ્રદ્ધાને સ્વીકારીને વળતાં વંદન કર્યાં.

આયુર્વતી સામે જોઇને દક્ષે પૂછ્યું, 'એ હવે કેમ છે ? મને એમ કહેવામાં આવ્યું હતું કે તે હવે સંપૂર્ણતઃ સાજી થઈ જવાની છે.'

'હા, મહારાજ.' આયુર્વતીએ કહ્યું, 'એકાદ સપ્તાહમાં તો તે હરતીફરતી થઈ જશે. અને ત્રણ સપ્તાહ પછી આ ઘાવની માત્ર નિશાની જ રહેશે.'

'આપ માત્ર આ પેઢીના શ્રેષ્ઠ વૈદ્ય જ નથી, આયુર્વતી.' દક્ષે સગર્વ કહ્યું, 'આપ તો ઇતિહાસના સર્વશ્રેષ્ઠ ડાક્ટર છો.'

'અરે, ના, મહારાજ.' સંકોચશીલ આયુર્વતીએ કહ્યું અને પોતાના કાનની બૂટનો સ્પર્શ કર્યો જેથી શુભ વાતોથી અશુભ ત્ત્વો દૂર રહે. 'મારાથી વધારે સારા ઘણા વૈદ્યો છે. અને આ કિસ્સામાં તો આમ પણ મારો નહીં પ્રભુ નીલકંઠનો ચમત્કાર જ કામ કરી ગયો છે.'

સંકોચ અનુભવી રહેલા શિવ સામે એક ક્ષણ જોઇને આયુર્વતીએ દક્ષને કહ્યું, 'મને એમ કે આપણે સતીને ગુમાવી ચૂક્યા છીએ. અગ્નિબાણ કાઢ્યા પછી તેને ભયંકર તાવ આવવા માંડ્યો હતો, મહારાજ, પરંતુ પ્રભુએ આશા છોડી નહીં. સોમરસ આપવાનો

વિચાર એમનો જ હતો.'

દક્ષે શિવ સામે કૃતજ્ઞતાપૂર્વક જોયું અને કહ્યું, 'મારે વધુ એક વાર માટે આપનો આભાર માનવો રહ્યો, પ્રભુ. મારી પુત્રી તો મારા આત્માનો અંશ છે. તેના વિના તો હું જીવી જ ન શક્યો હોત.'

'અરે, ના, મેં તો કશું જ કર્યું નથી.' શિવે કહ્યું, 'આયુર્વતીએ જ સતીની સારવાર કરી છે.'

'એ તો આપની વિનમ્રતા છે, પ્રભુ.' દક્ષે કહ્યું, 'આપ સાચા અર્થમાં નીલકંઠ છો. આપ તો મહાદેવ જ છો.'

દિગ્મૂઢ શિવ દક્ષ સામે જોઈ રહ્યા. તેમના હાવભાવ ગંભીર હતા. પૂર્વ મહાદેવ કોણ હતા, તે શિવ જાણતા હતા. પોતાની સરખામણી ભગવાન રુદ્ર સાથે થાય, તે તેમને યોગ્ય લાગતું નહોતું. તેમનાં કર્મો આ સન્માનને યોગ્ય નહોતાં.

'ના, મહારાજ. આપ મને વધારે પડતું જ સન્માન આપી રહ્યા છો. હું મહાદેવ નથી.'

'આપ જ મહાદેવ છો, પ્રભુ.' કનખલા અને આયુર્વતી એક સાથે બોલી ઊઠ્યાં. પર્વતેશ્વર કશું પણ બોલ્યા વિના જોતા રહ્યા.

શિવને મહાદેવનું સંબોધન ગમ્યું નથી એમ જાણીને એ વાત આગળ ન વધારતાં દક્ષે સતી સામે જોઇને કહ્યું, 'મને એ વાત નથી સમજાતી કે તું શા માટે પ્રભુનું બાણ પોતાની પર લેવા માટે કૂદી પડી. તને તો ક્યારેય એ દંતકથામાં વિશ્વાસ નહોતો. તને તો મારી જેમ નીલકંઠમાં પણ વિશ્વાસ નહોતો. તો પછી તેં પ્રભુ માટે તારો પ્રાણ જોખમમાં શા માટે મૂક્યો ?'

સતી કંઈ બોલી નહીં. સતી અસ્વસ્થતાથી બીજી દિશામાં જોઈ રહી. તે સંકોચ અનુભવી રહી હતી. દક્ષે શિવ સામે જોયું તો શિવના મુખ પર પણ એવો જ સંકોચ રમી રહ્યો હતો. વારિણી પોતાના પતિની દૃષ્ટિને અનુસરી રહી હતી. દક્ષ ઊભા થઈને શિવને કંઈક કહે તેની તે પ્રતીક્ષા કરવા લાગી. અચાનક દક્ષ ઊભા થઈને શિવની દિશામાં ચાલવા લાગ્યા. તેમના હાથ વંદનની મુદ્રામાં જોડાયેલા હતા. આશ્ચર્યચકિત શિવે ઊભા થઈને દક્ષને વળતાં વંદન કર્યાં અને પોતાનું મસ્તક પણ થોડુંક નમાવ્યું.

'પ્રભુ, મારા જીવનમાં પ્રથમ વાર એવું બની રહ્યું છે કે મારી પુત્રીને મારી ઉપસ્થિતિમાં બોલતાં સંકોચ થઈ રહ્યો છે.' દક્ષે કહ્યું, 'અને મને એમ પણ સમજાયું છે કે આપ અન્યો માટે કંઇ પણ કરી લેશો પરંતુ પોતાના માટે કદી કંઇ પણ માંગશો નહીં. એટલે મારે જ પહેલું ડગલું ભરવું રહ્યું.'

શિવ દક્ષ સામે વિસ્ફારિત આંખે જોઈ રહ્યા.

'હું આપની સમક્ષ અસત્ય નહીં ઉચ્ચારું, પ્રભુ.' દક્ષે કહ્યું, 'નિયમાનુસાર મારી પુત્રી વિકર્મ છે, કારણ કે તેણે દસકો પહેલાં એક મૃત બાળકને જન્મ આપ્યો હતો. એ કંઈ ગંભીર ગુનો નથી. એ બાળકના પિતાના પૂર્વજન્મોનું પણ પરિણામ હોઈ શકે છે, પરંતુ નિયમાનુસાર આ કરુણ ઘટના માટે માતા અને પિતા બંનેને ઉત્તરદાયી માનવામાં આવે છે. એ ઘટનાને કારણે મારી પુત્રીને વિકર્મ જાહેર કરવામાં આવી હતી.'

શિવના મુખ પર એવા હાવભાવ સ્પષ્ટ હતા કે તેઓ વિકર્મના નિયમને અન્યાયી માને છે.

'એમ માનવામાં આવે છે કે વિકર્મ લોકો દુર્ભાગ્યના વાહક છે.' દક્ષે વાત આગળ વધારી, 'એટલે જો એ ફરી વાર લગ્ન કરે, તો તેનું દુર્ભાગ્ય તેના પતિને પણ નડે અને સંભવતઃ આવનારા બાળક પર પણ તેની અસર પડે.'

વારિણી પોતાના પતિ સામે વિસ્ફારિત નેત્રે જોઈ રહી હતી.

'હું મારી પુત્રીને જાણું છું, પ્રભુ.' દક્ષે કહ્યું, 'મેં તેને ક્યારેય જરા પણ ખોટું કામ કરતાં જોઈ નથી. એ બહુ ઉમદા સ્ત્રી છે. મારા અભિપ્રાય અનુસાર, તેને વિકર્મ ગણતો નિયમ અન્યાયી છે, પરંતુ હું તો માત્ર સમ્રાટ છું. હું કોઈ નિયમ ન બદલી શકું.'

પર્વતેશ્વર દક્ષ સામે ક્રોધપૂર્વક જોઈ રહ્યા. નિયમોને આટલું ઓછું મત્ત્વ આપનારા સમ્રાટની સેવા કરવાનો તેમને અફસોસ થતો હોય, એમ લાગતું હતું.

'હું મારી પુત્રીને તેનું મનગમતું આનંદી જીવન નથી આપી શકતો તેનો મને અત્યંત અફસોસ છે.' દક્ષે ડૂસકું ભર્યું, 'તેના જેવા ઉમદા આત્માને હું દરરોજનાં અપમાનોથી બચાવી નથી શકતો તેનો પણ મને અફસોસ છે. જોકે હું એટલું કરી શકું એમ છું કે આ અંગે હું આપની સહાય માંગી શકું છું.'

સતી પોતાના પિતા સામે પ્રેમાળ આંખે જોઈ રહી.

'આપ તો નીલકંઠ છો.' દક્ષે કહ્યું, 'વાસ્તવમાં આપ તો તેનાથી પણ વિશેષ છો. હું તો ખરા હૃદયથી માનું છું કે આપ સ્વયં મહાદેવ છો. મને જાણ છે કે આપને હું મહાદેવ કહું તે ગમતું નથી, પરંતુ આપ નિયમથી પર છો. આપ ઇચ્છો તો નિયમ બદલી શકો છો. આપ ઇચ્છો તો નિયમની અવગણના પણ કરી શકો છો.'

દિગ્મૂઢ પર્વતેશ્વર દક્ષ સામે ફાટી આંખે જોઈ રહ્યા. સમ્રાટ નિયમોને આટલી હળવાશથી કઈ રીતે લઈ શકે ? પછી તેમની દૃષ્ટિ શિવ ઉપર પડી. એ જોઇને તેમનું હૃદય બેસી ગયું.

શિવ દક્ષ સામે પ્રસન્નતાપૂર્વક જોઈ રહ્યા હતા. તેમણે એમ વિચાર્યું હતું કે તેમણે સમ્રાટને સતી માટે સમજાવવા પડશે, પરંતુ અત્યારે તો સ્વયં સમ્રાટ જ સતીનો હાથ શિવના હાથમાં આપવા ઇચ્છી રહ્યા હતા.

'આપ જો મારી પુત્રીનો હાથ ઇચ્છશો, પ્રભુ, તો દુનિયાની કોઈ શક્તિ આપને અટકાવી શકશે નહીં.' દક્ષે કહ્યું, 'પ્રશ્ન એ છે કે શું આપ એમ ઇચ્છો છો ખરા ?'

સમગ્ર બ્રહ્માંડની લાગણીઓ શિવના હૃદયમાં ઊભરાઈ આવી. તેમના મુખ પર સ્મિત ઝળહળવા માંડ્યું. તેઓ કંઈક બોલવા ગયા પરંતુ તેમના ગળે ડૂમો ભરાઈ ગયો. તેમણે નીચા નમીને મૃદુતાથી સતીનો હાથ પોતાના હાથમાં લીધો, તેને પોતાના હોઠ સુધી લઈ ગયા અને તેના પર પ્રેમાળ ચુંબન કર્યું. પછી દક્ષ સામે જોઇને તેમણે કહ્યું, 'હું તેનો હાથ ક્યારેય નહીં છોડું. ક્યારેય નહીં.'

આશ્ચર્યચકિત સતી શિવ સામે જોઈ રહી. ગયા સપ્તાહમાં તેણે પ્રેમ કરવાની હિંમત તો દર્શાવી હતી પરંતુ તેનાથી આગળની કોઈ આશા કરવાની હિંમત તેનામાં નહોતી. અને હવે તેનું સ્વપ્ન સત્ય બનવા જઈ રહ્યું હતું. તે શિવની પત્ની બનવા જઈ રહી હતી.

આનંદનો અતિરેક અનુભવી રહેલ દક્ષ શિવને વળગી પડ્યા અને તેમના મુખમાંથી શબ્દો સર્યા, 'પ્રભુ !'

વારિણીનાં ડૂસકાં તો અટકવાનું નામ જ નહોતાં લેતાં. જીવનભર થયેલા અન્યાયનું સતીને એક સાથે વળતર આપી દેવામાં આવ્યું હોય, એમ લાગતું હતું. આયુર્વતી અને કનખલાએ આગળ વધીને સમ્રાટ, મહારાણી, શિવ અને સતીને અભિનંદન આપ્યાં. નંદી, કૃતિકા અને વીરભદ્રએ પણ આ આખો સંવાદ સાંભળ્યો હતો. તેમણે પણ પોતાનો આનંદ વ્યક્ત કર્યો. માત્ર પર્વતેશ્વર દ્વાર પાસે સ્થિર ઊભા હતા. ભગવાન રામે સ્થાપેલા નિયમોના આવા ઉલ્લંઘનથી તેઓ ભારે ક્રોધ અનુભવી રહ્યા હતા.

છેવટે શિવે પોતાની જાત પર નિયંત્રણ મેળવ્યું. પછી દૃઢતાથી સતીનો હાથ પકડીને

તેમણે દક્ષ સામે જોયું, 'પરંતુ મહારાજ, મારી એક શરત છે.'

'હા, પ્રભુ.'

'વિકર્મનો નિયમ...'

'એને બદલવાની કોઈ જ આવશ્યકતા નથી, પ્રભુ.' દક્ષે કહ્યું. 'જો આપ મારી પુત્રીને પરણવાનો નિર્ણય કરો, તો કોઈ નિયમ આપને અટકાવી શકશે નહીં.'

'તો પણ.' શિવે કહ્યું, 'એ નિયમ તો બદલાવો જ જોઈએ.'

'એ તો બદલાશે જ, પ્રભુ.' ઉત્સાહિત દક્ષે કહ્યું, 'નીલકંઠ વતી એવી ઘોષણા કરો કે આજ પછી મૃત બાળકને જન્મ આપનારી કોઈ પણ સ્ત્રીને વિકર્મ માનવામાં આવશે નહીં.'

'ના, મહારાજ.' શિવે તેમને અટકાવ્યા, 'હું એમ કહેવા નહોતો ઇચ્છતો. હું એમ ઇચ્છું છું કે આ વિકર્મનો નિયમ જ રદ કરવામાં આવે. હવેથી કોઈ વિકર્મ ગણાશે નહીં. કોઈના પણ જીવનમાં દુર્ભાગી ઘટનાઓ બની શકે છે. તેના માટે તેમના પૂર્વજન્મોનો દોષ કાઢવો હાસ્યાસ્પદ વાત છે.'

પર્વતેશ્વર શિવ સામે આશ્ચર્યથી જોઈ રહ્યા. ભગવાન રામના કોઈ પણ નિયમમાં તેઓ એક અલ્પવિરામનો ફેરફાર ઇચ્છતા નહોતા, તેમ છતાં શિવ ભગવાન રામના મૂળભૂત નિયમને વળગી રહ્યા હતા, તેની તેમણે મનોમન પ્રશંસા કરી. ભગવાન રામે કહ્યું હતું કે નિયમ બધા માટે એક સમાન હોય છે અને તેમાં કોઈ જ અપવાદ હોતા નથી.

દક્ષ જોકે શિવ સામે આઘાતથી જોઈ રહ્યા હતા. આ તેમના માટે અનપેક્ષિત હતું. તમામ મેલુહાવાસીઓની જેમ તેઓ પણ વિકર્મો અંગે અંધશ્રદ્ધાળુ હતા. તેમને વિરોધ વિકર્મના નિયમ અંગેનો નહીં પરંતુ તેમની પુત્રીને વિકર્મ ગણવા અંગેનો હતો. જોકે તેમણે પોતાની જાતને ઝડપથી સંભાળી અને કહ્યું, 'એમ જ થશે, પ્રભુ. એમ ઘોષણા કરવામાં આવશે કે વિકર્મ પ્રથાનો નિયમ જ હવે રદ ગણવામાં આવશે. આપ એક વાર તેની પર આપના હસ્તાક્ષર કરશો, પછી એ નિયમ બની જશે.'

'આભાર, મહારાજ.' શિવે સ્મિત કર્યું.

'મારી પુત્રીના સુખના દિવસો પાછા આવી ગયા છે.' કહીને દક્ષે કનખલા સામે જોયું, 'આપણે દેવગીરી પાછાં ફરીએ ત્યારે એક ભવ્ય વિધિનું આયોજન કરવામાં આવે. આ જગતે ક્યારેય ન જોયા હોય, તેટલી ધામધૂમથી આ લગ્ન સંપન્ન કરવામાં આવે. લગ્ન સૌથી ભવ્ય હોવાં જોઈએ. આ ભૂમિના શ્રેષ્ઠ માણસોને કામે લગાડો. ખર્ચની જરા પણ ચિંતા કરવી નહીં.'

દક્ષે શિવ સામે પરવાનગી માટે જોયું. શિવ સતીના મુખ પરનો આનંદ અને ખંજનને પ્રશંસી રહ્યા હતા. દક્ષ સામે જોઇને તેમણે કહ્યું, 'મારે તો માત્ર સતી સાથે લગ્ન જ કરવાં છે. વિધિ સૌથી સાદી હોય કે સૌથી ભવ્ય, તેની મને પરવા નથી. આપ સર્વે, બૃહસ્પતિ અને ગણો ઉપસ્થિત હશે, તો હું ખુશ જ રહીશ.'

'અદ્ભુત !' દક્ષે સાનંદ કહ્યું.



પ્રકરણ ૧૯
પ્રણયથી પરિણય

ત્રણ સપ્તાહ પછી જ્યારે રાજવી કાફલો દેવગીરી પહોંચ્યો ત્યારે સમગ્ર દેવગીરીમાં ઉજવણીનું વાતાવરણ દેખાતું હતું. કનખલા દેવગીરીમાં વહેલી પહોંચી ગઈ હતી અને તેણે આ સહસ્રાબ્દીમાં જેની સૌથી વધુ આતુરતાથી પ્રતીક્ષા કરવામાં આવી રહી હતી, તેવા લગ્નની બધી જ તૈયારીઓ કરાવી દીધી હતી. તેની તૈયારીઓ હંમેશની જેમ અદ્ભુત જ હતી.

લગ્નની વિધિ અને ઉજવણીઓને કુલ સાત દિવસમાં વહેંચવામાં આવી હતી અને દરરોજ કોઈ ને કોઈ ઉજવણી યોજવામાં આવી હતી. આમ તો સૂર્યવંશીઓ સાદગીમાં માનનારા લોકો હતા પરંતુ આ પ્રસંગે તેમણે નગરને બહુ ભવ્યતાથી શણગાર્યું હતું. નગરની દીવાલો પર રંગબેરંગી ધજા-પતાકા ફરકી રહ્યાં હતાં અને સાદા ભૂખરા રંગના નગરને નવોઢાની જેમ આકર્ષક બનાવી રહ્યા હતા. રસ્તાઓ પર પવિત્ર વાદળી રંગ કરી નાખવામાં આવ્યો હતો. સાતેય દિવસે તમામ અલ્પાહાર ગૃહો અને ભોજનાલયોમાં લોકોને વિનામૂલ્યે ભોજન પીરસવામાં આવી રહ્યું હતું અને તેનો ખર્ચો રાજ્ય ભોગવવાનું હતું. તમામ ઇમારતોને રાજકોષના ભોગે એવી રીતે રંગવા-શણગારવામાં આવી હતી જાણે હજુ ગઈકાલે જ તેનું નિર્માણ કરવામાં આવ્યું હોય.

સરસ્વતી નદીની બાજુમાં એક મોટી નહેર ખોદવામાં આવી હતી અને નદીના પાણીને તેમાં વાળવામાં આવ્યું હતું. એ નહેરનો અમુક ભાગ ખુલ્લો હતો અને અમુક ભાગ જમીનની હેઠળ હતો. પાણી જેવું નહેરમાં પ્રવેશતું કે તે વાદળી રંગનું બની જતું અને સરસ્વતી નદીમાં પાછું જતું પાણી વાદળીમાંથી પાછું સ્વચ્છ બની જતું, તેવી ગોઠવણ કરવામાં આવી હતી. એ નહેરનો આકાર સ્વસ્તિક જેવો બનાવવામાં આવ્યો હતો. નગરના ત્રણેયમાંથી કોઈ પણ મંચ પરથી કોઈ પણ નગરવાસી એ સ્વસ્તિકના પૂજ્યભાવે દર્શન કરી શકે તેમ હતો જેનું નિર્માણ સરસ્વતીના પવિત્ર પાણીથી કરવામાં આવ્યું હતું. ત્રણેય મંચના પ્રવેશદ્વારની આસપાસ લગાવવામાં આવેલા અમુક મહાકાય ભાલાઓ દૂર કરવામાં આવ્યા હતા. તેની જગ્યાએ એવી વિશાળ રંગોળીઓ પૂરવામાં આવી હતી જે ઘણા ગાઉ દૂરથી પણ જોઈ શકાતી અને એ રીતે તમામ અતિથિઓનું સ્વાગત કરવામાં આવતું હતું. કનખલા તો દેવગીરી ફરતે રાખવામાં આવેલા તમામ ભાલા દૂર કરી દેવા ઇચ્છતી હતી પરંતુ સલામતીનાં કારણો આપીને પર્વતેશ્વરે એ પ્રસ્તાવ નકારી કાઢ્યો હતો.

આ ઉજવણીમાં ભાગ લેવા સમગ્ર રાજ્યના તમામ ઉમરાવ કુટુંબોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. અને આ ઉજવણીમાં ભાગ લેવા માટે રાજ્યપાલોથી માંડીને વૈજ્ઞાનિકો, સેનાપતિઓથી માંડીને કલાકારો અને સંન્યાસીઓ પણ આવી પહોંચ્યા હતા.

મેસોપોટેમિયા અને ઇજિપ્ત જેવા દેશોના પ્રતિનિધિઓને પણ મેલુહાની રાજધાનીમાં પ્રવેશ કરવાની વિરલ પ્રકારની પરવાનગી આપવામાં આવી હતી. આવી વિશેષ પરવાનગીઓને લાભ લઈને ઝૂલેશ્વરે ચોક્કસ પ્રકારે વેપાર વધારવાની ગોઠવણ પણ કરી નાખી હતી. બૃહસ્પતિ પણ મંદાર પર્વતથી પોતાના માણસો સાથે આવી પહોંચ્યા હતા. પર્વત પર બહુ ઓછા અરિષ્ટનેમી સૈનિકો રાખવામાં આવ્યા હતા. ઇતિહાસમાં સૌ પ્રથમ વાર એવું બનવાનું હતું કે મંદાર પર્વત પર સતત સાત દિવસ સુધી એક પણ પ્રયોગ થવાનો નહોતો.

પ્રથમ દિવસે ઇન્દ્ર દેવ અને અગ્નિ દેવની પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. એ બંને ભારતના લોકોના મુખ્ય દેવ હતા અને કોઈ પણ મત્ત્વના પ્રસંગે સૌ પ્રથમ તેમના આશીર્વાદ યાચવામાં આવતા હતા. અને સહસ્રાબ્દીના સૌથી મત્ત્વનાં લગ્ન તો તેમના આશીર્વાદથી જ શરૂ થવા જોઈએ. જોકે આ પૂજામાં તેમના યોદ્ધા સ્વરૂપને પૂજવામાં આવતા હતા. દક્ષે તેનું કારણ પણ શિવને સમજાવ્યું હતું. મેલુહાવાસીઓ માત્ર નીલકંઠ અને તેમની રાજકુમારી વચ્ચેના પરિણયને જ નહોતા ઊજવી રહ્યા. તેઓ કૂંજમાં ત્રાસવાદીઓને મળેલી હાર પણ ઊજવી રહ્યા હતા. દક્ષના મતાનુસાર, કૂંજની હાર સ્વદીપવાસીઓના હૃદયમાં બરોબર ખૂંચતી હશે. સૂર્યવંશીઓના પ્રતિશોધનો પ્રારંભ થઈ ચૂક્યો હતો !

આ પૂજા પછી શિવ અને સતીની લગ્નવિધિ યોજવામાં આવી હતી. એ પછી, અમુક વિધિઓ બાકી હોવા છતાં, શિવે વિરામ લીધો હતો અને સતીને પોતાની સાથે રાખી હતી.

'હે પવિત્ર માનસરોવર !' શિવે પોતાના અંગત ભવનનું દ્વાર બંધ કરીને ઉદ્‌ગાર કાઢ્યો, 'આ તો માત્ર પ્રથમ દિવસ જ છે ! શું પ્રત્યેક દિવસ આમ જ વીતશે ?'

'એનાથી તમને શું ફર્ક પડે છે ! તમે તો તમારી ઇચ્છા થઈ ત્યારે બધું છોડીને આવી ગયાને ?' સતીએ શિવને ચીડવ્યા.

'મને આવી વિધિઓની કોઈ જ પરવા નથી !' શિવે પોતાની પાઘડી બાજુમાં ફગાવતાં કહ્યું. એ સતી સામે જાઈ રહ્યા હતા. તેઓ ધીમે-ધીમે સતીની દિશામાં ખસતા હતા ત્યારે તેમના શ્વાસ ભારે થઈ ગયા હતા.

'અરે હા,' સતીએ રમતિયાળપણે કહ્યું, 'નીલકંઠ જ નક્કી કરશેને કે શું મત્ત્વનું છે અને શું નથી. નીલકંઠ જે પણ કરવું હોય, તે કરી શકે છે.'

'હા, એ તો એ કરી જ શકે છે !'

સતીએ ખડખડાટ હાસ્ય કર્યું અને તે શય્યાની બીજી બાજુ જતી રહી. શિવ પોતાનું અંગવસ્ત્ર બાજુમાં ફેંકતાં સતીની દિશામાં ધસી ગયા.

'હા, એ તો એ કરી જ શકે છે...'



'મેં તને જે શીખવ્યું છે એટલું બોલી જજે.' નંદીએ વીરભદ્રને કહ્યું, 'જરા પણ ચિંતા કરતો નહીં. પ્રભુ તને અવશ્ય પરવાનગી આપશે.'

'શું...' સતીએ શિવને હળવેથી ઉઠાડ્યા એટલે શિવે ઊંઘરેટા અવાજે પૂછ્યું.

'ઊઠો, શિવ.' સતીએ શિવને નજાકતથી ઉઠાડ્યા. તેના કેશ તેના ગાલ પર ઊડી રહ્યા હતા. 'હવે ધ્યાન રાખજા.' શિવ તેની તરફ તૃષ્ણાપૂર્વક જાઈ રહ્યા હતા એ જોઇને સતીએ કહ્યું, 'નંદી, કૃતિકા અને વીરભદ્ર દ્વાર પર તમારી પ્રતીક્ષા કરી રહ્યા છે. એ લોકો કંઈક મત્ત્વની વાત કરવા માંગે છે.'

'શું ?' કહીને શિવ દ્વાર સુધી ગયા અને એ ત્રણેયને જોઈ રહ્યા. 'શું વાત છે નંદી ? શું તારા જીવનમાં એવો કોઈ સુંદર માણસ નથી જેને તું અત્યારે મારા બદલે ત્રાસ આપી શકે ?'

'આપના જેવું કોઈ જ નથી, પ્રભુ.' નંદીએ નમીને વંદન કરતાં કહ્યું.

'નંદી, તારે આ મૂર્ખામી ભૂલવી જ પડશે નહીંતર તું આખું જીવન કુંવારો જ રહીશ !' શિવે ટીખળ કરી.

બધા ખડખડાટ હસી પડ્યા પરંતુ કૃતિકા ચિંતિત જણાતી હતી.

'હા, તો તારે શું વાત કરવાની છે ?' શિવે પૂછ્યું.

નંદીએ વીરભદ્રને કોણી મારી. શિવે વીરભદ્ર સામે પ્રશ્નાર્થસૂચક દૃષ્ટિપાત કર્યો.

'ભદ્ર, મારી સાથે વાત કરવા માટે તારે વળી આટલા બધા લોકોનો સહારો ક્યારથી લેવો પડે છે ?'

'શિવ...' ભદ્ર કંઈક ગભરાટ સાથે બોલ્યો.

'હા ?'

'વાત એમ છે કે...'

'શું વાત છે ?'

'તું તો જુવે જ છે કે...'

'હા, હું જોઉં જ છું.'

'શિવ, એમને વધારે ગભરાવશો નહીં.' સતીએ કહ્યું. પછી વીરભદ્ર સામે જોઇને સતીએ જ કહ્યું, 'વીરભદ્ર, નિર્ભય બનીને વાત કર. તેં કશું જ ખોટું કર્યું નથી.'

'શિવ,' વીરભદ્ર ગભરાતાં ગભરાતાં બોલ્યો. તેના ગાલ એકદમ લાલ થઈ ગયા હતા, 'મારે તારી પરવાનગી જોઈએ છે.'

'પરવાનગી આપી દીધી.' શિવે કહ્યું પરંતુ તેમને આશ્ચર્ય અવશ્ય થતું હતું, 'તારે જેના માટે જોઈતી હોય, તે પરવાનગી આપી દીધી.'

'વાત એમ છે કે હું પરણી જવાનું વિચારું છું.'

'અદ્‌ભુત વિચાર છે !' શિવે કહ્યું, 'હવે તારે માત્ર કોઈ અંધ સ્ત્રીને સમજાવવી પડશે કે જેથી એ તને પરણે !'

'શિવ !' સતીએ શિવને હળવેથી ઠપકો આપ્યો.

'એવી સ્ત્રી તો મને મળી ગઈ છે.' પોતાની હિંમત ભાંગી જાય એ પહેલા વીરભદ્રએ કહી નાખ્યું, 'અને તે આંધળી નથી...'

'નથી ? !' શિવે પોતાની આંખો ટીખળમાં પહોળી કરી નાખી. 'તો પછી એ સ્ત્રી મૂર્ખ જ હોવી જોઈએ કારણ કે તે એવા માણસ સાથે સાત જન્મનો સંબંધ બાંધવા જઈ રહી છે, જે પોતાનાં લગ્ન પણ બીજા કોઈની પરવાનગીથી કરવાનું વિચારી રહ્યો છે !'

વીરભદ્ર શિવ સામે સંકોચ, મૂંઝવણ અને પાપ કર્યાની લાગણી સાથે જોઈ રહ્યો.

'મેં તને આ પહેલાં પણ કહ્યું છે, ભદ્ર,' શિવે કહ્યું, 'આપણા કબીલાની ઘણી પરંપરાઓ મને નથી ગમતી. અને તેમાંની એક અણગમતી પરંપરા એ છે કે કબીલાના કોઈ પણ પુરુષ માટે તેની પરણેતરની પસંદગી કબીલાના વડાની પરવાનગી પછી જ થઈ શકે. બાળકો તરીકે આપણે આ પરંપરાની કેટલી ટીખળ કરતા હતા, એનું તને સ્મરણ નથી ?'

વીરભદ્રએ એક ક્ષણ માટે શિવ સામે જોયું અને ફરી એ નીચે જોવા લાગ્યો. હજુ તે મૂંઝવણ અનુભવી રહ્યો હતો.

'હે ભગવાન, જો એ તને ગમતી હોય, તો મને પણ ગમે છે.' શિવે નિશ્વાસ નાખીને

કહ્યું, ‘હું તને પરવાનગી આપું છું.’

વીરભદ્રએ આનંદ અને આશ્ચર્યથી શિવ સામે જોયું અને નંદીએ તેને ફરી વાર કોણી મારી. કૃતિકા વીરભદ્ર સામે જોઈ રહી અને તેણે રાહતથી ઊંડો શ્વાસ લીધો. સતી સામે જોઇને તેણે હોઠ હલાવીને કોઈને સંભળાય નહીં તેમ કહ્યું, ‘આભાર.’

શિવ કૃતિકા પાસે જઈને તેને પ્રેમથી ભેટી પડ્યા. એક ક્ષણ માટે તો કૃતિકા ખચકાઈ પરંતુ શિવના પ્રેમની ઉષ્માથી તેનો સૂર્યવંશી ખચકાટ ઓગળી ગયો અને તે પણ પ્રેમથી શિવને ભેટી.

‘અમારા કબીલામાં આપનું સ્વાગત છે.’ શિવે હળવેથી કહ્યું, ‘આમ તો અમે બધા ગાંડા માણસો છીએ, પરંતુ અમારાં હૃદય પ્રેમથી ભરેલાં હોય છે !’

‘પણ તને કઈ રીતે જાણ થઈ ?’ વીરભદ્રએ કહ્યું, ‘હું કૃતિકાને પ્રેમ કરું છું એવું મેં તો ક્યારેય તને કહ્યું નથી.’

‘હું અંધ નથી, ભદ્ર.’ શિવે સસ્મિત કહ્યું.

‘આભાર.’ કૃતિકાએ શિવને કહ્યું, ‘મને સ્વીકારવા બદલ આભાર.’

શિવે પાછળ હઠી જઈને કહ્યું, ‘ના. તારો આભાર. મને તો હંમશા ભદ્રની ચિંતા થતી હતી. એ સારો માણસ છે, વિશ્વસનીય છે, પરંતુ સ્ત્રીઓની બાબતમાં તો એકદમ સીધો છે. તેનું લગ્નજીવન કેવું રહેશે તેની મને હંમેશાં ચિંતા રહેતી હતી. હવે એ ચિંતા કરવાનું કોઈ જ કારણ નથી.’

‘મારે પણ આપને કંઈક કહેવું છે.’ કૃતિકાએ કહ્યું, ‘મને નીલકંઠની દંતકથામાં ક્યારેય વિશ્વાસ નહોતો, પરંતુ જેવી રીતે તમે મારી દેવીને બદલી નાખ્યાં છે, એવી રીતે સમગ્ર મેલુહાને બદલી શકો, તો આપને મહાદેવ કહેવા પણ યોગ્ય જ છે !’

‘મારે મહાદેવ નથી કહેવડાવવું, કૃતિકા, પરંતુ તું જાણે જ છે કે હું સતીને કરું છું એટલો પ્રેમ મેલુહાને પણ કરું છું. હું મારાથી થઈ શકશે, એ બધું જ કરી છૂટીશ.’ પછી વીરભદ્ર સામે જોઇને શિવે આદેશ આપ્યો, ‘અહીં આવ, મૂર્ખ !’

વીરભદ્ર આગળ આવીને શિવને પ્રેમથી ભેટી પડ્યો અને ધીમેથી બોલ્યો, ‘આભાર.’

‘મૂર્ખ જેવી વાત ન કર. એવો "આભાર" માનવાની કોઈ આવશ્યકતા નથી !’ શિવે હસતાં હસતાં કહ્યું.

વીરભદ્રએ બહોળું સ્મિત કર્યું.

‘અને સાંભળ !’ શિવે ક્રોધનો અભિનય કરતાં કહ્યું, ‘હવે જ્યારે આપણે ચલમ પીવા બેસીએ ત્યારે તારે મને એ સમજાવવાનું કે આટલો સમય તું કોઈ સ્ત્રીને પ્રેમ કરતો હતો અને તેં મને તેની વાત પણ કેમ કરી નહીં !’

બધા ખડખડાટ હસી પડ્યા.

‘શું સરસ ગાંજાનું પડીકું મને ક્ષમા અપાવશે ?’ વીરભદ્રએ સસ્મિત કહ્યું.

‘એ વિશે હું વિચારીશ !’



‘શું એ થાકેલા નથી લાગતા ?’ આયુર્વતીએ સતીને જોઇને કહ્યું.

સતી હમણાં જ પ્રાર્થનાના મંચ પરથી ઊભી થઈ હતી. તેને અને તેની માતાને આ વિધિ દરમિયાન ખાસ છૂટ આપવામાં આવી હતી. આ વિધિ માત્ર વરરાજા અને કન્યાના પિતાએ કરવાની હતી. પંડિતો પૂજાની તૈયારીઓ કરી રહ્યા હતા અને તેમાં થોડીક ક્ષણો

લાગે તેમ હતી.

'સતત છ દિવસની પૂજા અને ઉજવણી થઈ રહી છે.' કનખલાએ કહ્યું, 'રાજપરિવારનાં લગ્ન આવી રીતે જ કરવાની પરંપરા છે એટલે એ થાકી જાય એ હું સમજી શકું છું.'

'ઓહ, એને છ દિવની પૂજા સાથે સંબંધ છે એમ હું નહીં કહું.' બૃહસ્પતિએ કહ્યું.

'નથી ?' કનખલાએ પૂછ્યું.

'ના.' બૃહસ્પતિએ નટખટ ઉત્તર આપ્યો, 'મને લાગે છે કે એને પાંચ રાત્રિ સાથે સંબંધ છે.'

'શું ?' આયુર્વતીએ ઉદ્‌ગાર કાઢ્યો અને બૃહસ્પતિના શબ્દોનો અર્થ સમજાતાં તેના ગાલ લાલ થઈ ગયા.

કનખલાની બાજુમાં બેઠેલા પર્વતેશ્વર આવી એકદમ અયોગ્ય ટિપ્પણી કરવા માટે બૃહસ્પતિ સામે જાઈ રહ્યા. સ્ત્રીઓ ધીમેથી હસતી હતી પરંતુ બૃહસ્પતિ તો ખિખિયાટા કરતા હસતા હતા. એક સહાયક પંડિત કંટાળીને આમતેમ ફરી રહ્યો હતો, પરંતુ પોતાની પાછળ બેઠેલા બ્રાહ્મણોની વરિષ્ઠતા જોઇને, તેણે પોતાનો કંટાળો દબાવી દીધો અને પૂજાની તૈયારીઓમાં લાગી ગયો.

પર્વતેશ્વરને આવા કોઈ મનસ્તાપની પરવા કરવાની નહોતી. 'મને વિશ્વાસ નથી થતો કે મારે આવી વાતો સાંભળવી પડે છે !' તે ઊભા થઈને પાછળ જવા માંડ્યા.

તેના કારણે આયુર્વતી અને કનખલા વધારે ખડખડાટ હસ્યાં. એક પંડિતે પાછળ ફરીને ઇશારો કર્યો કે પૂજા શરૂ થવામાં જ છે એટલે એ બંને તરત જ ચૂપ થઈ ગયાં.

પંડિતોએ શ્લોકગાન શરૂ કર્યું. શિવ અને દક્ષે ચોક્કસ સમયાંતરે યજ્ઞમાં 'સ્વાહા' બોલતાં બોલતાં ઘી હોમવાનું ચાલુ રાખ્યું.

બે 'સ્વાહા'ની વચ્ચે શિવ અને દક્ષને એકબીજા સાથે ધીમા અવાજે વાતો કરવાની તક મળી રહેતી. તેઓ સતીની જ વાત કરી રહ્યા હતા. કોઈ તટસ્થ નિરીક્ષક માટે એમ નક્કી કરવું અઘરું થઈ પડત કે સતીને કોણ વધારે પ્રેમ કરતું હતું. પંડિતોએ શ્લોકગાનમાં વિરામ લીધો અને એ જોઇને શિવ અને દક્ષે 'સ્વાહા' બોલીને પાછું યજ્ઞમાં ઘી હોમ્યું. થોડુંક ઘી દક્ષના હાથ પર ઢોળાઈ ગયું. શિવે તરત જ એક કાપડનો ટુકડો લઈને એ હાથ સાફ કરવા માંડ્યો. એ સમયે તેમનું ધ્યાન દક્ષના જાતિસૂચક માદળિયા પર પડ્યું. એ માદળિયામાં રહેલું પ્રાણી જોઇને શિવને આઘાત લાગ્યો પરંતુ તેઓ કંઈ બોલ્યા નહીં. દરમિયાન દક્ષે પણ નોંધ્યું હતું કે શિવ શું જાઈ રહ્યા હતા.

'એ મારી પસંદગી નહોતી. મારા પિતાજીએ મારા માટે એ જાતિ પસંદ કરી હતી.' દક્ષે સસ્મિત કહ્યું અને પોતાના હાથ પરથી ઘી સાફ કર્યું. તેમના અવાજમાં જરા પણ સંકોચ નહોતો. જો કોઈએ ધ્યાનપૂર્વક તેમની આંખોમાં જાયું હોત, તો તેમાં અવજ્ઞાની ભાવના અવશ્ય જાવા મળત.

'ના, ના, મહારાજ.' શિવે ધીમેથી કહ્યું. તેમને સાચે જ સંકોચ થતો હતો. 'એવું કંઈ જાવાની મારી ઇચ્છા નહોતી. મને ક્ષમા કરશો.'

'આપે શા માટે ક્ષમા માંગવી જોઈએ, પ્રભુ ?' દક્ષે પૂછ્યું, 'એ જ મારા માટે પસંદ કરવામાં આવેલી જાતિ છે. તેને હાથ પર એટલે જ પહેરવામાં આવે છે કે જેથી બધા તેને જાઈ શકે અને તે અનુસાર જે તે માણસને વર્ગીકૃત કરી શકે.'

'પરંતુ આપની જાતિ કરતાં આપ ઘણા મોટા છો, મહારાજ.' શિવે વિનમ્રતાથી કહ્યું, 'એ માદળિયાના પ્રતીક કરતાં આપ ઘણા વધારે મહાન છો.'

'હા.' દક્ષે સસ્મિત કહ્યું, 'એ તો મેં મારા પિતાને દર્શાવી આપ્યું, ખરું ને ?' નીલકંઠે પ્રગટ થવા માટે તેમનો શાસનકાળ પસંદ નથી કર્યો. તેઓ મારા શાસનકાળમાં પ્રગટ થયા છે. ત્રાસવાદીઓને તેમના શાસનકાળમાં પરાસ્ત નહોતા કરવામાં આવ્યા. તેમને મારા શાસનકાળમાં પરાસ્ત કરવામાં આવ્યા છે. અને ચંદ્રવંશીઓની જીવનરીતિમાં પરિવર્તન તેમના શાસનકાળમાં નહોતું આવ્યું. એ મારા શાસનકાળમાં આવશે.'

શિવે સાવચેતીપૂર્વક સ્મિત કર્યું. આ વાતચીતમાં તેમને કંઈક ખટકતું હતું. તેમણે પુનઃ એક વાર દક્ષના હાથે બંધાયેલા જાતિસૂચક માદળિયાને જોઈ લીધું. તેમાં એક ઘેટાનું પ્રતીક હતુ, જે ક્ષત્રિયો માટેની નિમ્નતમ જાતિઓમાંની એક હતી. વાસ્તવમાં, અમુક લોકો તો ઘેટાની જાતિને એટલી નિમ્ન માનતા કે તે પહેરનારને તેઓ પૂર્ણ ક્ષત્રિય માનવા પણ તૈયાર નહોતા. પંડિતનું શ્લોકગાન બંધ થયું એટલે શિવે પવિત્ર અગ્નિની દિશામાં જોયું. થોડુંક ઘી લઈને તેમણે યજ્ઞમાં હોમતાં કહ્યું, 'સ્વાહા'.



રાત્રે, પોતાના અંગત ભવનના એકાંતમાં શિવે સતીને સમ્રાટ બ્રહ્મનાયક અને તેમના પુત્ર દક્ષ વચ્ચેના સંબંધો અંગે પૂછવા વિચાર્યું, પરંતુ તેમને એવી સ્ફુરણા થઈ કે તેમણે આ પ્રશ્ન પૂછવા માટે બહુ કાળજીપૂર્વક શબ્દો પસંદ કરવા જોઈએ.

'મહારાજ બ્રહ્મનાયક અને તારા પિતાજી વચ્ચેના સંબંધો કેવા હતા ?'

સતીએ શિવની જટાની લટો સાથે રમવાનું બંધ કરી દીધું. તેણે ઊંડો શ્વાસ લઈને ધીમા અવાજે કહ્યું, 'એ સંબંધો મેં ઘણી વાર તણાવપૂર્ણ હોય એમ અનુભવ્યું છે. તેઓ બહુ જ અલગ ચરિત્રના પુરુષો હતા, પરંતુ મહર્ષિ ભૃગુ...'

એ જ સમયે દ્વાર પર કોઈએ ટકોરા માર્યા.

'શું છે ?' શિવે પૂછ્યું.

'પ્રભુ.' દ્વારપાળે તેમને ગભરાતાં ગભરાતાં ઘોષણા કરી. 'પ્રમુખ વૈજ્ઞાનિક બૃહસ્પતિજીએ આપની સાથે તાત્કાલિક મુલાકાતની વિનંતી કરી છે. તેઓ આપને આજે રાત્રે જ મળવા માંગે છે, એમ તેમણે આગ્રહપૂર્વક કહ્યું છે.'

બૃહસ્પતિને મળીને શિવને હંમેશાં આનંદ થતો હતો, પરંતુ દ્વારપાળને કોઈ ઉત્તર આપતા પહેલાં તેમણે ભમરો ઊંચી કરીને સતી સામે જોઈ લીધું. સતીએ સ્મિત કરીને હકારમાં મસ્તક હલાવ્યું. તે જાણતી હતી કે શિવ બૃહસ્પતિજી સાથેના પોતાના સંબંધને મૂલ્યવાન માનતા હતા.

'બૃહસ્પતિજીને અંદર આવવા દે, તમન.'

'હા, પ્રભુ.'

'મારા મિત્ર.' બૃહસ્પતિએ કહ્યું, 'આટલી મોડી રાત્રે આપને ખલેલ પહોંચાડવા માટે ક્ષમા માગું છું.'

'તમારે કદી પણ મારી ક્ષમા માંગવાની આવશ્યકતા નથી, મારા મિત્ર.' શિવે ઉત્તર આપ્યો.

'નમસ્તે, બૃહસ્પતિજી.' તેમના ચરણસ્પર્શ કરવા જતાં સતીએ કહ્યું.

'અખંડ સૌભાગ્યવતી ભવ.' બૃહસ્પતિએ તેને આશીર્વાદ આપતાં કહ્યું.

'તો,' શિવે બૃહસ્પતિને કહ્યું, 'એવું તો શું મહત્ત્વનું કામ આવી પડ્યું કે તમારે તમારી જાતને આટલી મોડી રાત્રે શય્યામાંથી બહાર કાઢવી પડી ?'

'મને આપની સાથે આ પહેલાં વાત કરવાની તક મળી નહીં.'

'હું જાણું છું.' શિવે સતી સામે સ્મિત કરતાં કહ્યું, 'આ દિવસોમાં તો એક વિધિ પછી બીજી વિધી ચાલતી જ રહી છે.'

'હું તેનો સાક્ષી છું.' બૃહસ્પતિએ કહ્યું, 'અમને સૂર્યવંશીઓને આવી વિધિઓ અત્યંત પ્રિય હોય છે ! અને આમ પણ હું આપની સાથે અંગત રીતે વાત કરવા ઇચ્છતો હતો, કારણ કે આવતીકાલે સવારે હું મંદાર પર્વત જવા નીકળી જઉં છું.'

'શું ?' શિવે સાશ્ચર્ય પૂછ્યું, 'તમે છ દિવસ સુધી તો આ બધું સહન કરી લીધું. હવે માત્ર એક જ દિવસ બાકી રહ્યો છે, એ સહન નહીં કરી શકો ?'

'આપની વાત સાચી છે.' બૃહસ્પતિએ ક્ષમાપ્રાર્થનાના ભાવ સાથે કહ્યું, 'મને પણ અહીંયાં રોકાવું બહુ જ ગમ્યું હોત પરંતુ એક પ્રયોગ પહેલેથી જ નક્કી કરી દેવામાં આવ્યો હતો. તેની તૈયારીઓ ઘણા માસથી ચાલી રહી હતી. તેના માટે મેસોપોટેમિયાથી જે રસાયણ જાઈતાં હતાં તે પણ હવે તૈયાર થઈ ગયાં છે. અમે હવે ઓછા પાણીમાં સોમરસ કેટલો સ્થિર રહે છે, તેનો પ્રયોગ કરવાના છીએ. મારે વહેલા જઈને એ પ્રયોગ યોગ્ય રીતે શરૂ થાય તેમ બધું ગોઠવવું પડશે. મારા સાથી વૈજ્ઞાનિકો અહીં આપની સાથે જ રહેશે !'

'ઠીક છે.' શિવે કહ્યું, 'એ લોકો જગતની તમામ વસ્તુઓ અંગે જે વૈજ્ઞાનિક ચર્ચાઓ કરતા હોય છે, તેમાં મને આમ પણ અત્યંત રસ પડે છે.'

બૃહસ્પતિ ખડખડાટ હસ્યા, 'મારે સાચે જ જવું પડે તેમ છે, શિવ. હું આપની ક્ષમા માગું છું.'

'એમાં ક્ષમા માંગવાની કોઈ જ આવશ્યકતા નથી, મિત્ર.' શિવે સસ્મિત કહ્યું, 'જીવન ઘણું લાંબુ છું અને મંદાર પર્વત સુધીનો માર્ગ તો એકદમ ટૂંકો છે. તમને એટલી સરળતાથી મારાથી છુટકારો નહીં મળે.'

બૃહસ્પતિએ સ્મિત કર્યું. તેઓ જેને પોતાના બંધુ સમાન માનવા માંડ્યા હતા, તે શિવ માટે તેમની આંખોમાં સ્નેહ ઊછળતો હતો. તેઓ એક ડગલું આગળ વધીને શિવને ભેટી પડ્યા. શિવને થોડુંક આશ્ચર્ય થયું. સામાન્યતઃ શિવ બૃહસ્પતિને ભેટવા જતા અને બૃહસ્પતિ પછીથી ખચકાતાં ખચકાતાં શિવના આલિંગનનો ઉત્તર આપતા.

'બંધુ.' બૃહસ્પતિ બોલ્યા.

'હા, બંધુ.' શિવે પણ કહ્યું.

બૃહસ્પતિ થોડાક પાછળ હઠ્યા પરંતુ હજુ તેમણે શિવના હાથ તો પકડી જ રાખ્યા હતા, 'હું આપના માટે ગમે ત્યાં જવા તૈયાર છું. જો મારા પાતાળલોક જવાથી પણ આપને સહાય થતી હશે, તો હું એમ કરવા તૈયાર છું.'

'પરંતુ ત્યાં હું તમને કદાપિ નહીં લઈ જઉં, મિત્ર.' શિવે કહ્યું. તેમને એવો વિચાર પણ આવી ગયો કે એ પોતે પણ પાતાળલોક જવા એટલા ઉત્સુક નથી.

બૃહસ્પતિએ શિવ સામે હૂંફાળું સ્મિત કર્યું અને કહ્યું, 'બહુ જલદી પાછા મળીશું, શિવ.'

'ચોક્કસ મળીશું !'

સતી સામે જોઇને બૃહસ્પતિએ કહ્યું, 'ધ્યાન રાખજે, પુત્રી. છેવટે તને તારા યોગ્ય જીવન મળ્યું તે જોઇને મને અત્યંત આનંદ થાય છે.'

'આભાર, બૃહસ્પતિજી.'



પ્રકરણ ૨૦
મંદાર પર્વત પર આક્રમણ

'કેમ છે, મિત્ર ?'

'અરે, હું અહીંયાં શું કરી રહ્યો છું ?' આશ્ચર્યચકિત શિવે પૂછ્યું.

શિવે જાયું તો તેઓ પોતે મેરુના બ્રહ્મા મંદિરમાં બેઠા હતા. તેમની સામે એ પંડિત બેઠો હતો જેમને શિવ ઘણા મહિનાઓ પહેલાં મેરુની તેમની પહેલી મુલાકાત દરમિયાન મળ્યા હતા.

'તેં જ મને અહીંયાં બોલાવ્યો છે.' પંડિતે હસતાં હસતાં કહ્યું.

'પરંતુ હું અહીંયાં ક્યારે અને કેવી રીતે આવ્યો ?' આશ્ચર્યચકિત શિવે પૂછ્યું.

'તું જેવો સૂઈ ગયો કે અહીં પહોંચી ગયો.' પંડિતે ઉત્તર આપ્યો. 'આ તારું સ્વપ્ન છે.'

'હે ભગવાન !'

'તું આટલા બધા અપશબ્દો કેમ બોલે છે ?' પંડિતે પૂછ્યું.

'હું તો પ્રસંગની આવશ્યકતા અનુસાર જ બોલી લઉં છું.' શિવે કહ્યું, 'અને એમાં ખોટું શું છે ?'

'મને લાગે છે કે એમાં શિષ્ટાચારનો ભંગ થાય છે. એમાં કદાચ ચરિત્ર્યની ઊણપ દેખાય છે.'

'ઊલટાનું મને એમ લાગે છે કે તેમાં તો માણસનું મક્કમ ચારિત્ર્ય દેખાય છે. એ એમ દર્શાવે છે કે તમે તમારા વિચારોને વાચા આપવા જેટલી શક્તિ અને જુસ્સો ધરાવો છો.'

પંડિત પોતાનું માથું હલાવતાં હલવાતાં ખિખિયાટા કરીને હસવા લાગ્યો.

'એ ગમે તે હોય.' શિવે કહ્યું, 'તમે અહીં આવી જ ગયા છો, તો તમે લોકો કોણ છો, એ મને કેમ નથી જણાવતા ? મને પેલા પંડિતે એવું વચન આપ્યું હતું હતું કે ફરી વખત હું તમારામાંથી એકને મળું ત્યારે એ મને જાણવા મળશે.'

'પરંતુ તું અમારામાંથી એકને મળ્યો નથી. આ તો માત્ર સ્વપ્ન છે. હું તો માત્ર તને એટલું જ કહી શકીશ જે તું જાણે જ છે.' પંડિતે રહસ્યમયી સ્મિત સાથે કહ્યું, 'કે પછી કોઈ એવી વાત કહી શકીશ કે જે તારા મનના કોઈ અજ્ઞાત ખૂણે તો પડેલી જ છે, પરંતુ હજુ સુધી તેં એને સાંભળવાનું પસંદ નથી કર્યું.'

'તો આ બધું એના માટે થઈ રહ્યું છે ! આપ શ્રીમાન મને અહીં કશુંક એવું જાણવામાં સહાયરૂપ થવા આવ્યા છો, જે હું આમ તો જાણું જ છું !'

'હા.' હવે પંડિતનું સ્મિત વધારે આકર્ષક બનતું જતું હતું.

'તો તમે જ કહો કે આપણે કયા વિષય પર વાત કરવાની છે ?'

'પેલા પર્ણના રંગ વિષે.' મંદિરના બારીક કોતરકામ કરેલા સ્તંભોની હારમાળામાંથી

મંદિરની સામે ઊભેલાં વૃક્ષોને ચીંધતાં પંડિતે કહ્યું.

'પેલા પર્ણના રંગ વિષે ? !'

'હા.'

શિવે ઊંડો નિસાસો નાખ્યો. 'હે પવિત્ર માનસરોવર, એ પર્ણનો રંગ આટલો મત્ત્વનો શા માટે છે ?'

'ઘણી વાર જ્ઞાનપ્રાપ્તિની વાતચીત દરમિયાન આવી વસ્તુઓ મેળવેલા જ્ઞાનનો સંદર્ભ સરળતાથી સમજવામાં સહાયરૂપ બની રહેતી હોય છે.'

'જ્ઞાનનો સંદર્ભ ?'

'હા. દરેક જ્ઞાનનો સંદર્ભ હોય છે. એટલે જો તમને સંદર્ભની માહિતી ન હોય, તો કદાચ તમે મુદ્દો ન પણ સમજી શકો.'

'અને એ બધું હું પેલા પર્ણના રંગ વિશે વાત કરીને સમજી શકીશ ?'

'હા.'

'હે પવિત્ર સરોવર !' શિવે કંટાળીને કહ્યું, 'તો ચલો પેલા પર્ણ વિશે વાત કરીએ.'

'ઠીક છે.' પંડિત હસ્યો, 'મને એમ કહે કે એ પર્ણનો રંગ કયો છે ?'

'એનો રંગ ? એ તો લીલો છે.'

'સાચે જ ?'

'તો, લીલો નથી ?'

'તને શું લાગે છે, એ તને લીલું કેમ લાગે છે ?'

'કારણ કે,' શિવે સાશ્ચર્ય કહ્યું, 'એ લીલું જ છે.'

'ના. હું એમ પૂછવાનો પ્રયત્ન નહોતો કરી રહ્યો. એક વાર તારે બૃહસ્પતિના એક વૈજ્ઞાનિક સાથે વાત થઈ હતી. નહોતી થઈ ?'

'અચ્છા, એ વાત.' શિવે પોતાનું કપાળ કૂટતાં કહ્યું, 'પ્રકાશ કોઈ પણ વસ્તુ પર પડે છે. અને જ્યારે પ્રકાશ જે તે વસ્તુ પરથી પરાવર્તિત થઈને તમારી આંખોમાં પ્રવેશે છે, ત્યારે તમને એ વસ્તુ દેખાય છે.'

'બરોબર ! અને તારે એક બીજા વૈજ્ઞાનિક સાથે સૂર્યપ્રકાશ અંગે પણ વાત થઈ હતી.'

'હા, એવી વાત પણ થઈ હતી. સૂર્યપ્રકાશનો શ્વેત રંત સાત રંગોનો સંગમ જ છે. એટલે જ ઇન્દ્રધનુ સાત રંગોનું દેખાતું હોય છે કારણ કે વરસાદનાં ટીપાં સૂર્યપ્રકાશને સાત રંગોમાં વિભાજિત કરી દેતાં હોય છે.'

'એકદમ સાચું ! હવે એ બંને વસ્તુના આધારે મારા પ્રશ્નનો ઉત્તર આપ. એ પાંદડું તને શા માટે લીલું લાગે છે ?'

શિવ આ પ્રશ્ન વિશે વિચારવા લાગ્યા. 'શ્વેત સૂર્યપ્રકાશ પર્ણ ઉપર પડે છે. એ પર્ણ જાંબલી, નીલો, વાદળી, પીળો, નારંગી અને રાતો રંગ શોષી લે છે પરંતુ તે લીલો રંગ શોષતું નથી. એટલે લીલો રંગ પરાવર્તિત થઈને મારી આંખમાં જાય છે અને મને એ પર્ણ લીલું દેખાય છે.'

'એકદમ બરોબર !' પંડિતે ઉત્સાહપૂર્વક કહ્યું, 'તો પછી એ પર્ણના રંગ અંગે પર્ણના જ દૃષ્ટિકોણથી વિચાર કરી જા. એ કયો રંગ શોષી લે છે અને કયો રંગ નકારે છે એમ વિચાર. શું તેનો રંગ સાચે જ લીલો છે ? કે પછી તે લીલા સિવાયના જગતના તમામ રંગો ધરાવે છે ?'

આ દલીલની સરળતાએ શિવને આશ્ચર્યમાં મૂકી દીધા.

'જગતમાં ઘણી વાસ્તવિકતાઓ છે. અને જે એકદમ સ્પષ્ટ હોય, તેના અલગ અલગ દૃષ્ટિકોણથી અલગ અલગ વૃત્તાંત હોઈ શકે છે.' પંડિતે કહ્યું, 'જે વાત અફર સત્ય સમાન લાગતી હોય, એ વાતની એકદમ વિરોધાભાસી વાત પણ અન્ય સંદર્ભે એટલી જ સાચી લાગી શકે છે. છેવટે, કોઈ પણ માણસની વાસ્તવિકતા એટલે જે તે માણસના સંદર્ભમાં એ વાસ્તવિકતાનું આગવું સ્વરૂપ.'

શિવે ફરી વાર લીલા પર્ણ સામે જોયું. તેનો લીલો રંગ તડકામાં ચમકી રહ્યો હતો.

'શું તારી આંખો વાસ્તવિકતાને બીજા સંદર્ભે જોઈ શકવા સક્ષમ છે ?' પંડિતે પૂછ્યું.

શિવ પર્ણ સામે જોઈ રહ્યા અને ધીમે-ધીમે તેનો દેખાવ બદલાવા લાગ્યો. તેમાંથી ધીમે ધીમે લીલો રંગ અદૃશ્ય થઈ રહ્યો હતો. તે પર્ણ ધીમે ધીમે ભૂખરા રંગનું બની ગયું. આશ્ચર્યચકિત શિવ જોઈ જ રહ્યા. ધીમે ધીમે ભૂખરો રંગ પણ અદૃશ્ય થવા માંડ્યો અને છેવટે પાંદડું પારદર્શક દેખાવા માંડ્યું. માત્ર તેનો પારદર્શક આકાર જ દેખાવા લાગ્યો. એમ લાગતું હતું કે અનેક શ્વેત અને શ્યામ વાંકીચૂંકી રેખાઓ પર્ણની અંદર-બહાર આવી-જઈ રહી હતી. એમ લાગતું હતું કે પર્ણ તો માત્ર એક સાધન છે અને શ્વેત તેમજ શ્યામ રેખાઓ પોતાની શાશ્વત યાત્રામાં તેને માત્ર એક થોભવાના સ્થળ તરીકે જ ઉપયોગમાં લઈ રહી છે.

થોડા સમય પછી શિવને ખ્યાલ આવ્યો કે આસપાસનાં પર્ણો પણ હવે માત્ર પારદર્શક આકાર સ્વરૂપે જ દેખાતાં હતાં. પછી તેમને સમજાયું કે સમગ્ર વૃક્ષની જગ્યાએ હવે ચમત્કારિક રીતે માત્ર પારદર્શક આકાર દેખાઈ રહ્યો છે અને તેમાં શ્વેત અને શ્યામ રેખાઓ સરળતાથી આવ-જા કરી રહી છે. શિવે માથું ફેરવીને સમગ્ર દૃશ્યને જોવાનો પ્રયત્ન કર્યો. વૃક્ષ પર રમી રહેલી ખિસકોલીઓથી માંડીને મંદિરના સ્તંભો સુધીની તમામ વસ્તુઓ હવે માત્ર તેમના પારદર્શક આકાર સ્વરૂપે દેખાવા માંડી હતી. અને તેમાંથી એવી જ શ્વેત અને શ્યામ રેખાઓ અંદર-બહાર આવ-જા કરી રહી હતી.

શિવે પંડિત સામે કોઈ ખુલાસા માટે જોયું, તો એ પંડિતના બદલે પણ માત્ર પારદર્શક આકાર દેખાવા લાગ્યો. તેનામાંથી તો શ્વેત રેખાઓ બહુ ગતિપૂર્વક આવ-જા કરી રહી હતી. જોકે તેનામાં શ્યામ રેખાઓ નહોતી દેખાતી તેનું શિવને ઘણું આશ્ચર્ય થયું.

'આ બધું...'

પંડિતના પારદર્શક આકારે શિવ સામે આંગળી ચીંધી એટલે શિવ બોલતા અટકી ગયા. 'પોતાની જાત સામે તો જો, મારા કર્મસાથી.' પંડિતે સૂચન કર્યું.

શિવે પોતાના શરીર સામે જોયું. 'હે ભગવાન !'

તેમનું શરીર પણ પારદર્શક આકારમાં પરિવર્તિત થઈ ગયું હતું. તેમના શરીરની અંદર શ્યામ રેખાઓ ધસમસતી પ્રવેશી રહી હતી. પછી બહુ ધ્યાન આપીને ચકાસતાં શિવને ખ્યાલ આવ્યો કે એવી કોઈ રેખાઓ હતી જ નહીં. એ તો શ્યામ રંગના સૂક્ષ્મ તરંગો હતા. એ તરંગો એટલા સૂક્ષ્મ હતા કે થોડાક અંતરેથી પણ તે રેખાઓ સમાન જ લાગતા હતા. શિવના પારદર્શક આકારની આસપાસ ક્યાંય શ્વેત તરંગો દેખાતા નહોતા. 'આ બધું શું થઈ રહ્યું છે ?'

'શ્વેત તરંગો હકારાત્મક ઊર્જા છે અને શ્યામ તરંગો નકારાત્મક ઊર્જા છે.' પંડિતના પારદર્શક આકારે કહ્યું, 'એ બંને મત્ત્વની છે. તેમનું સમતોલન અત્યંત મત્ત્વનું છે. જો એ સમતોલન ખોરવાઈ જાય, તો ભયાનક આપત્તિ આવી જાય.'

શિવે મૂંઝાઈને પંડિત સામે જોયું. 'તો પછી મારી આસપાસ કોઈ હકારાત્મક ઊર્જા શા માટે નથી ? અને તમારી ફરતે કોઈ નકારાત્મક ઊર્જાના તરંગો કેમ નથી દેખાતા ?'

'કારણ કે આપણે બંને એકબીજાનું સમતોલન સાધીએ છીએ. વિષ્ણુનું કાર્ય છે

હકારાત્મક ઊર્જાનો સંચાર કરવો.' પંડિતે કહ્યું. પંડિત જ્યારે પણ બોલતો ત્યારે તેના પારદર્શક આકારમાંથી બહાર આવી રહેલા શ્વેત તરંગો થોડાક ધ્રૂજતા. 'અને મહાદેવનું કાર્ય છે નકારાત્મક ઊર્જાને શોષી લેવી. એને શોધ. નકારાત્મક ઊર્જાને શોધ અને તું મહાદેવ તરીકેનું તારું યુગકર્મ પૂરું કરી શકીશ.'

'પરંતુ હું મહાદેવ નથી. અત્યાર સુધી મેં એવું કશું પણ કર્યું નથી જેના કારણે મને મહાદેવ તરીકે સંબોધી શકાય.'

'એમ નથી હોતું, મિત્ર. તમારાં કર્મોને કારણે તમને કોઈ સંબોધન મળે છે એવું નથી. કર્મો ગમે તેટલાં ઉમદા હોય, પરંતુ તમારામાં એ યોગ્ય માન્યતા તો હોવી જ જોઈએ કે તમે મહાદેવ છો. અન્યો શું વિચારે છે, તેનું મત્ત્વ નથી. તું તારી જાત પર વિશ્વાસ કર કે તું મહાદેવ છે, તો તું મહાદેવ બની જઈશ.'

શિવ આશ્ચર્યમાં ગરકાવ હતા.

'વિશ્વાસ કર !' પંડિતે ફરીવાર કહ્યું.

ધડામ ! એ દૃશ્યમાં ક્યાંક દૂર બહુ મોટી ધ્રુજારી થઈ. શિવે ક્ષિતિજની દિશામાં પોતાની દૃષ્ટિ માંડી.

'આ કોઈક ધડાકો થયો હોય, એમ લાગે છે.' પંડિતના પારદર્શક આકારે કહ્યું.

સતીનો અવાજ દૂરથી સંભળાતો હોય, એમ શિવને લાગ્યું. 'શિવ...'

ધડામ ! બીજો ધડાકો.

'શિવ...'

'એમ લાગે છે કે તારી પત્નીને તારી આવશ્યકતા છે, મિત્ર.'

શિવ પંડિતના પારદર્શક અવાજને તાકી રહ્યા. એ અવાજ ક્યાંથી આવ્યો હતો તે શિવને નહોતું સમજાયું.

'હવે તારે જાગવું જોઈએ.' પંડિતના ધીમા પડી રહેલા અવાજે સૂચવ્યું.

'શિવ...'

શિવની આંખો ખૂલી અને તેમણે જાયું કે સતી ચિંતાપૂર્વક તેમને જ જાઈ રહી હતી. શિવ હજુ અર્ધજાગ્રત અવસ્થામાં જ હતા. તેમને જે વિચિત્ર સ્વપ્નમાંથી જગાડવામાં આવ્યા હતા, તે તેમના મનમાં જ રમી રહ્યું હતું.

'શિવ !'

ધડામ !

'આ શેનો અવાજ છે ?' હવે એકદમ જાગૃત થઈ ગયેલા શિવે પૂછ્યું.

'કોઈક દૈવી અસ્ત્રો વાપરી રહ્યું છે !'

'શું ? દૈવી અસ્ત્રો એટલે શું ?'

દિગ્મૂઢ સતીએ ઉતાવળે એટલું જ કહ્યું, 'દૈવી અસ્ત્રો ! પરંતુ રુદ્ર ભગવાને તમામ દૈવી અસ્ત્રોનો નાશ કરી નાખ્યો હતો ! હવે એવાં કોઈ જ દૈવી અસ્ત્રો કોઈની પાસે નથી !'

ત્યાં સુધીમાં શિવ સંપૂર્ણ જાગ્રત થઈ ચૂક્યા હતા અને તેમના મનમાં ચેતવણીની ઘંટડીઓ વાગવા માંડી હતી. 'સતી, તૈયાર થઈ જા. તારાં કવચ અવશ્ય પહેરી લેજે અને શસ્ત્રો પણ લઈ લે.'

સતીએ ત્વરાથી એ મુજબ કર્યું.

શિવે પોતાનું કવચ ધારણ કર્યું. તેની પાછળ ઢાલ બાંધી અને કમરે તલવાર પણ બાંધી લીધી. પીઠ પાછળ તેમણે બાણનું ભાથું બાંધ્યું અને પોતાનું ધનુષ પણ તેમણે ઉપાડ્યું. સતી પણ તૈયાર છે, એ જોઇને તેમણે પોતાના ભવનનું દ્વાર ખોલ્યું. તમન અને

અન્ય આઠ સૈનિકો પોતાની તલવારો કાઢીને પોતાના નીલકંઠને કોઈ પણ આક્રમણથી બચાવવા તત્પર હતા.

'પ્રભુ, આપે અંદર પ્રતીક્ષા કરવી જોઈએ.' તમને કહ્યું 'અમે આક્રમણકારોને અહીં જ અટકાવી રાખીશું.'

શિવે તમન સામે ઝીણી આંખે જોઈ રહ્યા. તમનના શબ્દો પાછળની ભાવના તો સારી હતી પરંતુ શિવને તે શબ્દો ગમ્યા નહીં. શિવની દૃષ્ટિ પારખીને તમન તરત જ બાજુમાં ખસી ગયો, 'મને ક્ષમા કરો, પ્રભુ. હું આપને અનુસરીશ.'

શિવ કોઈ પ્રતિક્રિયા આપે એ પહેલાં તેમને તેમના ભવનની દિશામાં આવી રહેલા માણસોનાં પગલાં સંભળાયાં. શિવે તરત જ પોતાની તલવાર ખેંચી કાઢી. આવનારી મુશ્કેલીનું અનુમાન કરવા તેમણે ધ્યાનપૂર્વક સાંભળવા માંડ્યું.

માત્ર ચાર જ પગનો અવાજ સંભળાય છે. એટલે રાજભવનમાં આક્રમણ કરવા માટે માત્ર બે જ માણસો આવી રહ્યા છે ! આ વાત મગજમાં ઊતરે તેવી નથી.

તેમાંથી પણ એક જણ તો થોડુંક ઘસડાઈને કે ધીમે-ધીમે ચાલી રહ્યું હોય, તેમ લાગતું હતું. અર્થાત્ આક્રમણકાર અત્યંત કદાવર હતો અને બહુ જોર લગાવીને તે પોતાના કદાવર શરીરને આવી રીતે દોડાવી રહ્યો હતો.

'એ શત્રુઓ નથી, સૈનિકો.' શિવે કહ્યું, 'એ મિત્રો છે.'

એ જ સમયે વળાંક આગળથી પોતાની તલવારો ખેંચીને દોડી રહેલા નંદી અને વીરભદ્ર દેખાયા.

'આપ કુશળ છો, પ્રભુ ?' નંદીએ પૂછ્યું. જોકે તેને શ્વાસ નહોતો ચડ્યો.

'હા. અમે બધા જ સુરક્ષિત છીએ. શું તમારી બંને પર કોઈ આક્રમણ થયું છે ?'

'ના.' વીરભદ્રએ ઉત્તર આપ્યો, 'આ બધું થઈ શું રહ્યું છે ?'

'હું નથી જાણતો.' શિવે કહ્યું. 'પરંતુ એ આપણે શોધી કાઢીશું.'

'કૃતિકા ક્યાં છે ?' સતીએ પૂછ્યું.

'એ એના ભવનમાં સુરક્ષિત છે.' વીરભદ્રએ ઉત્તર આપ્યો. 'તેની સાથે પાંચ સૈનિકો ભવનની અંદર જ છે અને ભવનનું દ્વાર અંદરથી વાસી દેવામાં આવ્યું છે.'

સતીએ માથું હલાવ્યું અને શિવ સામે જોયું. 'હવે શું ?'

'સૌ પ્રથમ તો મારે સમ્રાટના ક્ષેમકુશળ જોવા પડશે. બધા જણા બે-બે ની કતાર બનાવો. સુરક્ષા માટે તમારી ઢાલ ઊંચી રાખો. સતી, તું મારી બાજુમાં આવી જા. નંદી, તું વચ્ચે રહેજે. તમન, વીરભદ્ર, તમે પાછળ રહો છો. કોઈ મશાલ સળગાવશો નહીં. આપણે રસ્તો જાણીએ છીએ. આપણા શત્રુઓ નથી જાણતા.'

આખી ટુકડી એવી રીતે ચૂપચાપ પણ ત્વરાથી આગળ વધવા માંડી. અચાનક કોઈ ત્રાસવાદી આક્રમણ થાય, તો તેના માટે તેઓ તૈયાર હતા. શિવે જે સાંભળ્યું હતું, તેનાથી તેમને મૂંઝવણ થઈ રહી હતી. અથવા તો, તેમને જે નહોતું સંભળાયું તેનાથી તેમને મૂંઝવણ થઈ રહી હતી. ધડાકાઓ સિવાય રાજમહેલમાંથી કોઈ જ અવાજ સંભળાઈ રહ્યો નહોતો. કોઈની ચીસો, ભાગદોડની ધડબડાટી, ટકરાઈ રહેલી તલવારો - આમાંથી કોઈ જ અવાજ સંભળાઈ રહ્યો નહોતો. ત્રાસવાદીઓએ પોતાનું સાચું આક્રમણ હજુ શરૂ જ નહોતું કર્યું અથવા તો તેઓ મોડા પડ્યા હતા અને આક્રમણ પૂરું થઈ ગયું હતું. જોકે શિવને ત્રીજી સંભાવના પણ દેખાઈ. સંભવતઃ રાજમહેલમાં કોઈ જ ત્રાસવાદી નથી. કદાચ, દૂરથી દૈવી અસ્ત્રોનો પ્રહાર રાજમહેલ પર કરવામાં આવી રહ્યો હોય.

શિવની ટુકડી દક્ષના ભવન સામે પહોંચી. ત્યાં ઉપસ્થિત સૈનિકો પણ તંગ હતા અને

આક્રમણ માટે તૈયાર જ હતા.

'સમ્રાટ ક્યાં છે ?' શિવે પૂછ્યું.

'તેઓ અંદર છે, પ્રભુ.' અંધારામાં નીલકંઠને ઓળખી જઈને અંગરક્ષકોના કપ્તાને કહ્યું. 'ત્રાસવાદીઓ ક્યાં છે, પ્રભુ ? અમે પહેલો ધડાકો સાંભળ્યો ત્યારથી એ લોકોની પ્રતીક્ષા કરી રહ્યા છીએ.'

'એ હું નથી જાણતો, કપ્તાન.' શિવે ઉત્તર આપ્યો, 'અહીંયાં જ ઊભા રહો અને દ્વારનું રક્ષણ કરો. તમન, તારા માણસો સાથે અહીં કપ્તાનની ટુકડીમાં જોડાઈ જા. અને બધા જ સચેત રહેજો.'

શિવે મહારાજના ભવનનાં દ્વાર ખોલ્યાં. 'મહારાજ !'

'પ્રભુ ! સતી તો સુરક્ષિત છે ને ?' દક્ષે પૂછ્યું.

'હા, એ સુરક્ષિત જ છે, મહારાજ.' શિવે કહ્યું. એ જ સમયે સતી, નંદી અને વીરભદ્ર પણ ભવનમાં પ્રવેશ્યાં. 'અને મહારાણી ?'

'એ ગભરાઈ ગઈ છે. જોકે એટલી બધી પણ નથી ગભરાઈ.'

'હમણા શું થયું હતું ?'

'હું નથી જાણતો.' દક્ષે ઉત્તર આપ્યો, 'હું એમ સૂચવવા ઇચ્છું છું કે આ બધું શું ચાલી રહ્યું છે, તેની આપણને જાણ ન થાય ત્યાં સુધી સતી અને આપ અહીં જ રહો.'

'આપ અહીં રહો એ યોગ્ય છે, મહારાજ. આપની સુરક્ષા અત્યંત મત્ત્વની છે. હું પર્વતેશ્વરની સહાય કરવા જઈ રહ્યો છું. આ જો ત્રાસવાદી આક્રમણ હોય, તો આપણે બધાએ બધી જ શક્તિ કામે લગાડીને તેનો સામનો કરવો પડશે.'

'આપે જવાની કોઈ જ આવશ્યકતા નથી, પ્રભુ. આ દેવગીરી છે. અમારી રાજધાની પર આક્રમણ કરવાનું દુસાહસ કરનાર તમામે તમામ મૂર્ખોઓને અમારા સૈનિકો વાઢી નાખશે.'

શિવ કંઈ ઉત્તર આપે એ પહેલાં તો ભવનના દ્વાર પર જોરથી એકધાર્યા ટકોરા પડવા માંડ્યા.

'મહારાજ ! પ્રવેશની પરવાનગી માગું છું.'

'આ પર્વતેશ્વર *!'* દક્ષે વિચાર્યું, 'આવા સમયમાં પણ એમને શિષ્ટાચારની પરવા છે !'

'અંદર આવો !' દક્ષે ઊંચા અવાજે કહ્યું. પર્વતેશ્વર અંદર પ્રવેશ્યા કે દક્ષે બોલવાનું શરૂ કર્યું, 'આવું થઈ જ કઈ રીતે શકે, સેનાપતિ ? દેવગીરી પર આક્રમણ ? એ લોકોનું આવું સાહસ ?'

'મહારાજ.' શિવે તેમને અધવચ્ચે અટકાવ્યા. સતી, નંદી અને વીરભદ્ર પણ ભવનમાં ઉપસ્થિત હતાં. શિવ એ બધાંની સામે, ખાસ કરીને સતીની સામે, પર્વતેશ્વરનું અપમાન થવા દેવા માંગતા નહોતા.

'સૌ પ્રથમ તો એ જાણી લઈએ કે બન્યું છે શું ?'

'આક્રમણ દેવગીરી પર નથી થયું, મહારાજ.' પર્વતેશ્વર પોતાના સમ્રાટની અધીરાઈથી ઉશ્કેરાટ અનુભવતા હતા. 'મારા સૈનિકોએ મંદરા પર્વતની દિશામાંથી ધુમાડો નીકળતો જોયો છે. મારું એમ માનવું છે કે અત્યારે મંદાર પર્વત પર આક્રમણ થઈ રહ્યું છે. મેં મારા સૈનિકો અને અરિષ્ટનેમીઓને તૈયાર રહેવાનો આદેશ આપી દીધો છે. અમે એક કલાકમાં અહીંથી નીકળી શકીશું. મારે આપની પરવાનગી જોઈએ છે.'

'મંદાર પર્વત પર ધડાકા થયા હતા, પિતાતુલ્ય ?' સતીને આશ્ચર્ય થયું હતું. 'તો એ ધડાકા કેટલા શક્તિશાળી હશે કે છેક અહીં દેવગીરી સુધી સંભળાયા !'

પર્વતેશ્વર ગંભીરતાથી સતી સામે જાઈ રહ્યા. તેમની ચુપકીદી જ તેમનો ભય વ્યક્ત કરી રહી હતી. તેમણે દક્ષ સામે જોઇને કહ્યું, 'મહારાજ !'

દક્ષ દિગ્મૂઢ હતા, કે પછી ક્રુદ્ધ હતા ? પર્વતેશ્વરને ઝાંખા પ્રકાશમાં સ્પષ્ટતાથી કંઇ દેખાયું નહીં.

'સૈનિકો, મશાલો પ્રગટાવો !' પર્વતેશ્વરે આદેશ આપ્યો, 'દેવગીરી પર કોઈ જ આક્રમણ નથી થયું !'

મશાલોનું અજવાળું ફેલાયા પછી પર્વતેશ્વર ફરી પૂછ્યું, 'મને જવા માટે પરવાનગી છે, મહારાજ ?'

દક્ષે ધીમેથી મસ્તક હલાવ્યું.

પર્વતેશ્વરે શિવ સામે જાયું. શિવ આઘાતમાં હતા, 'શું થયું, શિવ ?'

'બૃહસ્પતિ ગઈ કાલે જ મંદાર પર્વત જવા નીકળ્યા હતા.'

'શું ?' આશ્ચર્યચકિત પર્વતેશ્વર બોલી ઊઠ્યા. ગઈકાલની ઉજવણીમાં તેમણે પ્રમુખ વૈજ્ઞાનિકની અનુપસ્થિતિની નોંધ લીધી નહોતી. 'હે અગ્નિ દેવ !'

શિવે સતી સામે જાયું. સતીની ઉપસ્થિતિ માત્રથી તેમનામાં ઊર્જાસંચાર થતો હતો.

'હું એમને શોધી કાઢીશ, શિવ.' પર્વતેશ્વરે આશ્વાસન આપ્યું. 'મને વિશ્વાસ છે કે એ જીવંત જ છે. હું તેમને શોધી કાઢીશ.'

'હું તમારી સાથે આવું છું.' શિવે કહ્યું.

'અને હું પણ.' સતીએ કહ્યું.

'શું ?' દક્ષે કહ્યું. મશાલોના અજવાળામાં તેમની ચિંતા હવે સ્પષ્ટ દેખાતી હતી. 'તમારે બંનેમાંથી કોઈએ જવાની આવશ્યકતા નથી.'

શિવે દક્ષ સામે જોઇને કહ્યું, 'ક્ષમા કરશો, મહારાજ, પરંતુ મારે જવું જ પડશે. બૃહસ્પતિને મારી સહાયની આવશ્યકતા છે.'

પર્વતેશ્વર અને શિવ રાજભવનની બહાર નીકળવા ગયા ત્યારે સતીએ દક્ષના ચરણસ્પર્શ કર્યા. દક્ષ સતી માટે આશીર્વચન ઉચ્ચારવા જેટલા સ્વસ્થ નહોતા અને સતી પોતાના પતિથી બહુ પાછળ રહેવા ઇચ્છતી નહોતી. સતીએ ત્વરાથી પોતાની માતાના પણ ચરણસ્પર્શ કર્યાં.

'આયુષ્માન ભવ.' વારિણીએ કહ્યું.

સતીને આ આશીર્વાદથી આશ્ચર્ય થયું. સતી યુદ્ધ કરવા જઈ રહી હતી. તેને 'આયુષ્માન ભવ' નહીં પરંતુ 'વિજયી ભવ'ની આવશ્યકતા હતી. જોકે એવી દલીલો કરવાનો અવકાશ નહોતો. તે શિવની પાછળ દોડી અને નંદી તેમજ વીરભદ્ર સતીને અનુસર્યાં.



પ્રકરણ ૨૧
યુદ્ધની તૈયારીઓ

પ્રથમ ધડાકાના એકાદ કલાકમાં ધડાકાઓ સંભળાવા બંધ થઈ ગયા હતા. લગભગ એ સમયે જ પંદરસો સૈનિકોની ટુકડી સાથે શિવ, પર્વતેશ્વર, સતી, નંદી અને વીરભદ્ર પણ મંદાર પર્વત જવા નીકળ્યા હતા. બૃહસ્પતિના વૈજ્ઞાનિકો પણ આ ટુકડીમાં જોડાયા હતા, કારણ કે તેઓ પોતાના ઉપરી અંગે ચિંતિત હતા. તેઓ અશ્વો બહુ ગતિથી દોડાવી રહ્યા હતા અને એક દિવસનું અંતર તેઓ આઠ કલાકમાં કાપી નાખવા ધારતા હતા. લગભગ દ્વિતીય પહોરના અંતે, જ્યારે સૂર્ય માથે આવી ગયો હતો, ત્યારે એ ટુકડી જંગલ વટાવીને બહાર નીકળી અને તેમને મંદાર પર્વતનાં પ્રથમ દર્શન થયાં.

પોતાના દેશના મર્મસ્થાને થયેલો પ્રહાર જોઇને બધાના મોઢામાંથી હાયકારો નીકળી ગયો. મંદાર પર્વતનો નિર્દયતાથી નાશ કરવામાં આવ્યો હતો. પર્વતની મધ્યમાં મોટું પોલાણ દેખાતું હતું. એમ લાગતું હતું કે કોઈ કદાવર રાક્ષસે પોતાના બે હાથ વડે પર્વતના મધ્ય ભાગ પર પ્રહાર કરીને ત્યાંથી મોટો ટુકડો ઉપાડી લીધો હોય. વિજ્ઞાનની ભવ્ય પ્રયોગશાળાઓ ખંડેર બની ગઈ હતી અને તેમના અવશેષો નીચેનાં મેદાનોમાં ચારેકોર વિખરાયેલા હતા. પર્વતની તળેટીમાં જે રાક્ષસી કદની ઘંટીઓ લગાવવામાં આવી હતી, તે હજુ પણ કાર્યરત હતી અને તેના ઘરઘરાટથી આ ભયાનક દૃશ્યમાં કરુણરસ પણ ઉમેરાતો હતો.

'બૃહસ્પતિ !' પર્વત પર અશ્વ ચડાવતાં શિવે બૂમ પાડી. એ માર્ગ હજુ પણ ચમત્કારિક રીતે સલામત હતો.

'શિવ, થોભો.' પર્વતેશ્વરે બૂમ પાડી, 'આ કોઈ છટકું પણ હોઈ શકે છે.'

શિવને એવી કોઈ પરવા નહોતી. તેમણે પોતાનો અશ્વ દોડાવ્યે રાખ્યો. આખી ટુકડી પણ પર્વતેશ્વર અને સતીને અનુસરીને ગતિથી પોતાના નીલકંઠના માર્ગે આગળ વધવા માંડી. શિખર પર જે દૃશ્ય જોવા મળ્યું તે ભયાનક હતું. ઇમારતના અવશેષો માંડ માંડ તેમના પાયા પર ટકી રહ્યા હતા અને અમુક ઇમારતોમાંથી તો હજુ પણ ધુમાડો નીકળી રહ્યો હતો. વારંવાર થયેલા ભયાનક ધડાકાઓને કારણે કેટલાંય માનવશરીરનાં અંગો ચારેકોર વિખરાયેલાં પડ્યાં હતાં. મૃતકોને ઓળખવા પણ અશક્ય હતા.

શિવ કૂદકો મારીને અશ્વ પરથી નીચે ઊતર્યા ત્યારે તેમના મુખ પર જરા પણ આશા નહોતી. આવા ઘાતક આક્રમણમાં કોઈ જ બચ્યું ન હોય. 'બૃહસ્પતિ...'



'ત્રાસવાદીઓના હાથમાં દૈવી અસ્ત્ર ક્યાંથી આવ્યું ?' ઉશ્કેરાયેલા પર્વતેશ્વરે પૂછ્યું. તેમની આંખમાં પ્રતિશોધનો અગ્નિ પ્રજ્વલિત હતો.

વિખરાયેલાં અંગો ભેગાં કરીને તેમને અલગ અલગ ચિતાઓમાં અંતિમદાહ આપવાનો આદેશ આપવામાં આવ્યો હતો, જેથી મૃત્યુ પામેલાઓના આત્માની અવગતિ થાય નહીં. જેમને મૃત્યુ પામેલા માની લેવાયા હતા, તેમના નામોની સૂચિ તૈયાર કરવામાં આવી રહી હતી. એ સૂચિમાં સૌ પ્રથમ નામ હતું : બૃહસ્પતિ, મેલુહાના પ્રમુખ વૈજ્ઞાનિક, સરયુપારી બ્રાહ્મણ, જાતિ હંસ. અન્ય મૃતકોમાં મોટા ભાગે એ અરિષ્ટનેમી સૈનિકો હતા જેઓ મંદાર પર્વતની સુરક્ષા કરી રહ્યા હતા. એક જ વાત હકારાત્મક હતી કે મૃતકોની સંખ્યા લઘુતમ હતી કારણ કે મોટાભાગના સૈનિકો તો નીલકંઠની લગ્નવિધિ માટે દેવગીરીમાં હતા. આ સૂચિ કાશ્મીરમાં વસતા એવા મહાન સંન્યાસીઓને મોકલવાની હતી જેમની આધ્યાત્મિક શક્તિઓ આ જગતમાં સૌથી વધુ માનવામાં આવતી હતી. જો એ સંન્યાસીઓ આ મૃતકો માટે પ્રાર્થના કરે, તો તેમના આ જન્મના અપમૃત્યુની અસર આવતા જન્મ પર પડે નહીં.

'સોમરસને કારણે પણ આમ બન્યું હોય, સેનાપતિ', પાણિનિએ કહ્યું. તે બૃહસ્પતિનો પ્રમુખ સહાયક વૈજ્ઞાનિક હતો અને ધડાકાઓના વૈકલ્પિક કારણ અંગે વિચારી રહ્યો હતો.

પાણિનિના શબ્દો સાંભળીને શિવે તેની સામે જોયું.

'આવું સોમરસથી થઈ શકે ? કઈ રીતે ?' સતી માની શકતી નહોતી.

'ઉત્પાદન દરમિયાન સોમરસ અત્યંત અસ્થાયી હોય છે.' પાણિનિએ કહ્યું, 'સરસ્વતી નદીના પાણીના બહોળા ઉપયોગથી જ તેને સ્થિર રાખી શકાય છે. અમે હમણાં જે પ્રયોગો કરવાના હતા તેનો મુખ્ય ધ્યેય તો એ ચકાસવાનો જ હતો કે ઓછા પાણી વડે સોમરસને ઉત્પાદન દરમિયાન સ્થિર રાખી શકાય છે કે નહીં. વર્તમાનમાં વપરાય છે, તેના કરતાં ઘણા ઓછા પાણી વડે.'

બૃહસ્પતિએ આવી વાત કરી હતી, તેનું શિવને સ્મરણ થયું. એટલે તેઓ પાણિનિની વાત ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યા.

'એ બૃહસ્પતિજીનું મોટું સપનું...' પાણિનિ એ વિધાન પૂરું કરી શક્યો નહીં. એ પેઢીના મહાનતમ વૈજ્ઞાનિક અને મંદાર પર્વત પર બધાના પિતાના સ્થાને બિરાજતા બૃહસ્પતિજી હવે નથી રહ્યા, એ વિચાર માત્રથી જ પાણિનિના ગળે ડૂમો બાઝી ગયો હતો. તેનો અંતરાત્મા કકળી ઊઠ્યો હતો. એટલે તેણે બોલવાનું બંધ કરીને પોતાની આંખો બંધ કરી દીધી અને એ ક્ષણ પસાર થઈ જવાની રાહ જોઈ રહ્યો. થોડીક વારમાં પોતાની જાત પર થોડુંક નિયંત્રણ મેળવીને તેણે કહ્યું, 'એ બૃહસ્પતિજીનું મોટું સપનું હતું. એ પ્રયોગ આજે જ શરૂ કરવાનો હતો અને તેની ગોઠવણ કરવા જ તેઓ ગઈકાલે અહીં આવી ગયા હતા. જોકે અમે લગ્નની ઉજવણી અધૂરી છોડીએ એવું પણ તે નહોતા ઇચ્છતા. એટલે જ તેઓ અહીં એકલા આવ્યા હતા.'

પર્વતેશ્વર આઘાતમાં સરી પડ્યા હતા. 'એટલે આપનું એમ કહેવું છે કે આ કોઈ અકસ્માત હોઈ શકે ?'

'હા.' પાણિનિએ ઉત્તર આપ્યો, 'અમે બધા જાણતા હતા કે આ પ્રયોગ જોખમી છે. સંભવતઃ એટલે જ બૃહસ્પતિજીએ અમારા વિના જ પ્રયોગ કરવાનું નક્કી કર્યું હશે.'

આવી અણધારી માહિતીથી ત્યાં ઉપસ્થિત બધા જ મૂંઝાઈ ગયા. પાણિનિ પણ શોકમાં ગર્ત થઈ ગયો હતો. પર્વતેશ્વર ક્ષિતિજને તાકી રહ્યા. સંદર્ભ બદલાવાથી ઘણું બધું બદલાઈ જતું હતું. સતી શિવનો હાથ પકડીને તેમને જોઈ રહી હતી. પોતાના મિત્રના

મૃત્યુની તેમની પર શું અસર પડી રહી હતી, તેને તે નાણી રહી હતી. અને એ પણ જો અકસ્માતે બન્યું હોય તો, એ અંગે શિવ શું વિચારી રહ્યા છે, તેનો તે અંદાજ લગાવી રહી હતી.



ચોથા પ્રહરનો પહેલો કલાક પતવા આવ્યો હતો. એમ નક્કી કરવામાં આવ્યું હતું કે સૈનિકોની ટુકડી મંદાર પર્વતની તળેટીમાં જ અસ્થાયી છાવણી નાખશે. તમામ મૃતકોની અંતિમ વિધિ પતી ગયા પછી તેઓ બીજે દિવસે પાછા ફરશે. બે સવારોને મંદાર પર્વતના સમાચાર સાથે દેવગીરી મોકલવામાં આવ્યા હતા. પર્વતેશ્વર અને સતી એક બાજુ ધીમે-ધીમે વાત કરતાં બેઠાં હતાં. નીચે બ્રાહ્મણ વૈજ્ઞાનિકો જે મંત્રોચ્ચાર કરી રહ્યા હતા તેનો અવાજ છેક ઉપર સુધી પહોંચતો હતો અને તેના કારણે વાતાવરણ વધારે કરુણ બની ગયું હતું. નંદી અને વીરભદ્ર સતી અને પર્વતેશ્વરથી ચોક્કસ અંતર જાળવીને ઊભા હતા અને તેઓ પોતાના પ્રભુને જ જાઈ રહ્યા હતા.

શિવ મંદાર પર્વત પર વિખરાયેલા અવશેષોમાં વિચારમગ્ન અવસ્થામાં ફરી રહ્યા હતા. બૃહસ્પતિના શરીરનો કોઈ ઓળખાય એવો ભાગ જાવા નથી મળ્યો તેવા વિચારે તેમને અત્યંત દુઃખ થઈ રહ્યું હતું. મંદાર પર્વત પર ધડાકાના સમયે ઉપસ્થિત તમામ લોકોનાં શરીર એવી રીતે છુંદાઈ ગયાં હતાં કે તેમના ટુકડા ઓળખી શકાય તેમ નહોતા. તેમ છતાં શિવ પોતાના મિત્રની કોઈ પણ નિશાની મળે, તો શોધવા તત્પર હતા. એ વસ્તુને તેઓ પોતાની સાથે સ્મરણ માટે રાખવા ઇચ્છતા હતા. આવનારાં વર્ષોમાં તે પોતાના મિત્રનો શોક કરતા હોય, ત્યારે એ વસ્તુ તેમનો આધાર બની રહેશે એમ તેમને લાગતું હતું. તેઓ એકદમ ધીમે ધીમે ઝીણવટથી ધરતીનો કણેકણ ચકાસતા ચાલી રહ્યા હતા. અચાનક તેમની દૃષ્ટિ એવી વસ્તુ પર પડી જેને તેઓ સારી રીતે ઓળખતા હતા.

તેમણે ધીમેથી નીચે નમીને એ વસ્તુ હાથમાં લીધી. એ ચામડાનો બાજુબંધ હતો જેની ધાર બળી ગઈ હતી અને પાછળનો ભાગ પણ બળી ગયો હતો. ધડાકાની ગરમીને કારણે તેનો બદામી રંગ હવે લગભગ બધે જ કાળો થઈ ગયો હતો. જોકે એની મધ્યમાં જે ભાત બનાવવામાં આવી હતી, તે ભાત જરા પણ ઝાંખી પડી નહોતી. શિવે એ બાજુબંધને પોતાની આંખની પાસે લીધો.

આથમતા સૂર્યના કિરમજી રંગમાં તેની મધ્યમાં બનાવવામાં આવેલો ઓમ્ ચમકતો હતો. ત્રણ નાગથી બનાવવામાં આવેલો ઓમ્. પહેલા બે નાગનાં મુખ મધ્યમાં મળતા હતા અને ત્રીજા નાગનું મુખ ઓમ્નો પાછળનો હિસ્સો રચતું બહારની બાજુ પડતું હતું.



એ જ નાગવંશી *!* તેણે જ બૃહસ્પતિની હત્યા કરી છે *!*

શિવે આસપાસ ફરીને વિખરાયેલાં અંગો જાવા માંડ્યાં. તેમને એવી આશા હતી કે આ બાજુબંધ પહેરનારનું પણ કોઈ અંગ મળી આવે. પણ એવું કશુંય મળ્યું નહીં. શિવના

મનમાં આર્તનાદ ઊઠ્યો, જે માત્ર તેમણે અને બૃહસ્પતિના ઘવાયેલા આત્માએ જ સાંભળ્યો હશે. તેમણે એ બાજુબંધને પોતાની હથેળીમાં ભારપૂર્વક પકડી રાખ્યો. એ હજુ ગરમ જ હતો અને તેમાં કોતરાયેલા ઓમ્‌ની છાપ શિવની હથેળીમાં પણ ઊપસી આવી. શિવે એ બાજુબંધને વધારે જોરથી ભીંસીને પ્રતિશોધની પ્રતિજ્ઞા લીધી. તેમણે એ નાગવંશીને એવું મૃત્યુ આપવાની પ્રતિજ્ઞા લીધી જેનાથી તેનો આત્મા આવનારા સાત જન્મો સુધી ભયભીત જ રહે. એ નાગવંશી અને તેનાં અનિષ્ટોની સમગ્ર સેનાનો વિચ્છેદ કરવો પડશે. એ તમામનો.

'શિવ ! શિવ !' કોઈકના અવાજથી તે પરાવાસ્તવમાંથી વાસ્તવિક જગતમાં પાછા ફર્યા.

સતી તેમની સામે જ ઊભી હતી અને હળવેથી તેમના હાથ દબાવી રહી હતી. પર્વતેશ્વર પણ તેની બાજુમાં ચિંતિત અવસ્થામાં ઊભા હતા. સતીની બીજી બાજુ નંદી અને વીરભદ્ર પણ ઊભા હતા.

'હવે એ છોડી દો, શિવ.' સતીએ કહ્યું.

શિવ તેની સામે ભાવવિહીન દૃષ્ટિથી જોઈ રહ્યા.

'એ વસ્તુ હવે છોડી દો, શિવ.' સતીએ મૃદુતાથી કહ્યું, 'એનાથી તમારી હથેળી બળી રહી છે.'

શિવે પોતાની મુઠ્ઠી ખોલી. નંદીએ આગળ આવીને એ બાજુબંધ શિવના હાથમાંથી ઉપાડી લીધું. જોકે એની ગરમીનો અનુભવ થતાં આશ્ચર્યચકિત નંદીથી ચીસ પડાઈ ગઈ અને તે બાજુબંધ તેના હાથમાંથી નીચે પડી ગયું. તો પ્રભુએ આ વસ્તુ આટલો લાંબો સમય કઈ રીતે પકડી રાખી હશે ?

શિવ તરત જ નીચે નમીને એ બાજુબંધ પાછું પોતાના હાથમાં લઈ લીધું. આ વખતે તેમણે બહુ કાળજીથી એ પકડ્યું હતું. તેમની આંગળીઓથી નહીં બળેલો ભાગ પકડીને તેઓ પર્વતેશ્વર સામે ફર્યા. 'એ કોઈ અકસ્માત નહોતો.'

'શું ?' આશ્ચર્યચકિત પર્વતેશ્વરે પૂછ્યું.

'તમને ખાતરી છે ?' સતીએ પૂછ્યું.

શિવે સતી સામે જોઇને એ બાજુબંધ એવી રીતે તેની સામે ધર્યો કે સતીને નાગથી બનેલો ઓમ્ સ્પષ્ટ રીતે દેખાય. સતીના મોઢામાંથી હાયકારો નીકળી ગયો. પર્વતેશ્વર, નંદી અને વીરભદ્ર પણ એને જોવા થોડાક નમ્યા.

'નાગવંશી....' નંદી ધીમેથી બોલ્યો.

'આ એ જ નીચ છે જેણે મેરુમાં સતી પર આક્રમણ કર્યું હતું.' શિવ બોલ્યા, 'અને એ જ નાગવંશી છે કે જેણે આપણી પર મંદાર પર્વતથી દેવગીરી જતા સમયે પણ આક્રમણ કર્યું હતું. એ જ નીચ, લોહીતરસ્યો, નાગવંશી.'

'એનો સત્યાનાશ નિશ્ચિત છે.' વીરભદ્રએ કહ્યું.

પર્વતેશ્વર સામે જોઇને શિવે કહ્યું, 'આજે રાત્રે આપણે દેવગીરી પાછા ફરીશું અને યુદ્ધની ઘોષણા કરીશું.'

પર્વતેશ્વરે મસ્તક હલાવીને હા પાડી.



મંદાર પર્વત પર માર્યા ગયેલા વીર દેશભક્તોના સન્માનમાં મેલુહાની યુદ્ધસમિતિએ

પાંચ ઘડીનું મૌન પાળ્યું. સેનાપતિ દક્ષ અને તેમના પચીસ કપ્તાનો સમ્રાટ દક્ષની જમણી બાજુ બેઠા હતા. દક્ષની ડાબી બાજુ નીલકંઠ, પ્રશાસનમાં મત્ત્વના સ્થાન પર કામ કરતા બ્રાહ્મણોની સાથે વડાં પ્રધાન કનખલા અને પંદર પ્રાંતના રાજ્યપાલ બેઠા હતા.

'સમિતિએ નિર્ણય લઈ લીધો છે.' દક્ષે વિધિનો પ્રારંભ કરતાં કહ્યું, 'હવે પ્રશ્ન એ છે કે આપણે આક્રમણ ક્યારે કરવું જોઈએ ?'

'કૂચ કરવાની તૈયારી માટે અમને વધુમાં વધુ એક માસ જેટલો સમય લાગશે, મહારાજ.' પર્વતેશ્વરે કહ્યું, 'આપ જાણો જ છો કે મેલુહા અને સ્વદીપ વચ્ચે કોઈ માર્ગ નથી. આપણા સૈન્યએ ગાઢ વનમાંથી પસાર થવું પડશે. એટલે જો આપણે એક માસ પછી પણ કૂચ કરીએ તો પણ આજથી ત્રણ માસ પહેલાં તો આપણે સ્વદીપ પહોંચી શકવાના નથી. એટલે સમય અત્યંત મત્ત્વનો છે.'

'તો પછી બધી જ તૈયારીઓ શરૂ કરાવી દો.'

'મહારાજ,' ક્ષત્રિયોના યુદ્ધઘોષમાં બ્રાહ્મણોના તાર્કિક અવાજનું પ્રતિનિધિત્વ કરતાં કનખલાએ કહ્યું, 'શું હું એક વિકલ્પ સૂચવી શકું ?'

'વિકલ્પ ?' આશ્ચર્યચકિત દક્ષે પૂછ્યું.

'મારી વાતથી કોઈ જ ગેરસમજ ન કરશો.' કનખલાએ કહ્યું, 'મંદારમાં જે બન્યું તેના વિશે સમગ્ર રાષ્ટ્રમાં વ્યાપેલા ક્રોધને હું સમજી શકું છું, પરંતુ આપણે અપરાધ કરનારા લોકોને શિક્ષા કરીને પ્રતિશોધ લેવો જોઈએ, સમગ્ર સ્વદીપ સામે નહીં. શું આપણે તલવારનો ઉપયોગ કરતા પહેલાં કટારના પ્રયોગની સંભાવના ન ચકાસવી જોઈએ ?'

'આપ જે માર્ગ સૂચવી રહ્યા છો, એ કાયરતાનો માર્ગ છે, કનખલા.' પર્વતેશ્વરે કહ્યું.

'ના, પર્વતેશ્વર. મારું એક જ ધ્યેય છે કે ઓછામાં ઓછા મેલુહાવાસીઓના જીવની આહુતિથી આ પ્રતિશોધ લેવાય.' કનખલાએ વિનમ્રતાથી કહ્યું, 'અને વિવેકબુદ્ધિ પણ શૂરવીરતાનો જ એક ભાગ છે.'

'મારા સૈનિકો તૈયાર છે અને તેઓ પોતાના પ્રાણની આહુતિ આપીને પણ મેલુહાની રક્ષા કરશે, વડાં પ્રધાન કનખલા.'

'એ હું જાણું જ છું.' કનખલાએ સંયત અવાજે કહ્યું, 'હું એ પણ જાણું છું કે મેલુહા માટે તો આપ પોતાનું રક્ત વહાવવા પણ તત્પર છો. મારું સૂચન એવું છે કે આપણે સમ્રાટ દિલીપને મળવા એક દૂત મોકલીએ અને વિનંતી કરીએ કે મંદાર પર આક્રમણ કરનારા ત્રાસવાદીઓને તે મેલુહાને સોંપી દે. સાથે જ આપણે એવી ધમકી પણ આપીશું કે જો તેઓ સહકાર ન આપે તો આપણે આપણી બધી જ શક્તિ સાથે આક્રમણ પણ કરીશું.'

પર્વતેશ્વરે અધીરાઈથી કહ્યું, 'એને વિનંતી કરવાની ? દસકો સુધી આ સ્વદીપવાસીઓ પોતાની વિનાશક પ્રવૃત્તિઓ એટલે ચાલુ રાખી શક્યા છે કારણ કે આપણે ક્યારેય યુદ્ધ માટે તૈયાર હોતા જ નથી. હવે જો મંદાર પર્વત જેવા મોટા આક્રમણ પછી પણ આપણે "કટારવાળા અભિગમ"ની વાત કરતા રહીએ તો એ લોકોને વિશ્વાસ થઈ જશે કે એ લોકો ઇચ્છે ત્યારે આપણી પર આક્રમણ કરી શકશે અને આપણે તેનો કોઈ જ પ્રત્યાઘાત આપીશું નહીં.'

'એ બાબતમાં હું અસહમત છું, પર્વતેશ્વર.' કનખલાએ કહ્યું. 'એ લોકો આપણી પર ત્રાસવાદી આક્રમણો કરે છે કારણ કે સામી છાતીએ આપણી પર આક્રમણ કરવામાં તેઓ ભય અનુભવે છે. તેમને ભય છે કે તેઓ આપણી ચડિયાતી તકનીકો અને યંત્રો સામે ટકી શકશે નહીં. પ્રભુ શિવ અહીં પહેલી વાર પધાર્યા ત્યારે તેમણે જે કહ્યું હતું, હું તો માત્ર એ વાત જ વિચારી રહી હતી. શું યુદ્ધ પહેલાં આપણે તેમની સાથે વાત કરવાનો પ્રયત્ન ન

કરવો જોઈએ ? સંભવતઃ એમના માટે આ તક છે જેમાં તેઓ એવું સ્વીકારી શકે કે તેમના સમાજનો એક હિસ્સો ત્રાસવાદી લોકોથી ભરેલો છે. જો એ લોકો તેમના ત્રાસવાદીઓ આપણને સોંપી દે, તો કદાચ આપણા બંનેનું સહઅસ્તિત્વ પણ શક્ય બને.'

'મને નથી લાગતું કે શિવ હજુ પણ એમ જ વિચારતા હોય.' પર્વતેશ્વરે નીલકંઠ સામે જોઇને કહ્યું, 'તેમને પણ પ્રતિશોધ લેવો જ છે.'

શિવ ચૂપચાપ બેઠા હતા. તેમના મુખ પર કોઈ જ હાવભાવ નહોતા. માત્ર તેમની આંખોમાં જ તેમની અંદર ઊકળી રહેલા ક્રોધનું પ્રતિબિંબ દેખાતું હતું.

'પ્રભુ,' કનખલાએ શિવ સામે હાથ જોડીને કહ્યું, 'હું આશા કરું છું કે આપ તો અવશ્ય મારી વાત સમજી શક્યા હશો. જો શક્ય હોત, તો બૃહસ્પતિજીએ પણ હિંસા ટાળવાનું જ ઇચ્છ્યું હોત.'

અગ્નિ પર વરસાદની અસર પડે તેવી અસર શિવના ક્રોધ પર છેલ્લા વાક્યની પડી. તેમણે કનખલાની આંખોમાં આંખો પરોવીને જોયું અને પછી દક્ષ સામે જોઇને તેઓ બોલ્યા, 'મહારાજ, કનખલા જે કહી રહ્યાં છે, તે યોગ્ય છે. આપણે આપણા દૂતને સ્વદીપ મોકલીને એ લોકોને પોતાના પાપના પશ્ચાત્તાપની એક તક આપવી જોઈએ. જો શાંતિપૂર્ણ ઉકેલ આવે તો ઘણા નિર્દોષ લોકોના જીવ બચી શકે છે. જોકે, હું એમ પણ સૂચવીશ કે સાથે સાથે જ આપણે યુદ્ધની પણ તૈયારીઓ કરી દેવી જોઈએ. ચંદ્રવંશીઓ આપણો પ્રસ્તાવ ન સ્વીકારે તેવી સંભાવના સાથે આપણે તૈયાર પણ રહેવું જોઈએ.'

'મહાદેવે આદેશ આપ્યો છે.' દક્ષે કહ્યું, 'હું આ આદેશને જ યુદ્ધસમિતિનો નિર્ણય ગણવામાં આવે, તેમ સૂચવું છું. જો શાંતિપૂર્ણ પ્રયાસ નિષ્ફળ રહેશે તો મેલુહા યુદ્ધ કરશે.'



'હું ફરીવાર નિષ્ફળ રહ્યો છું, ભદ્ર.' શિવે કહ્યું, 'હું આવશ્યકતાના સમયે કોઈનું રક્ષણ કરી શકતો નથી.'

શિવ રાજમહેલના ઉપવનમાં એક અંગત જગ્યાએ વીરભદ્ર સાથે બેઠા હતા. શિવ પોતાની અંદર ઊતરી ગયા હોય એમ લાગતું હતું. એ કોઈ સાથે બોલતા પણ નહોતા અને રડતા પણ નહોતા. સતી શિવ વિશે અત્યંત ચિંતિત હતી એટલે તેણે શિવને શોકમાંથી બહાર લાવવા વીરભદ્રને બોલાવ્યો હતો. સતીને આશા હતી કે જે કામ પોતે ન કરી શકી એ તેના પતિનો બાળપણનો મિત્ર કરી શકશે.

'આમાં તું તારી જાતને કઈ રીતે દોષ આપી શકે, શિવ ?' શિવના હાથમાં ચલમ મૂકતાં વીરભદ્રએ કહ્યું, 'આમાં તારો દોષ જ શું છે ?'

શિવે ચલમમાંથી એક ઊંડો દમ ભર્યો. ગાંજા તેમના શરીરમાં ફરી વળ્યો પરંતુ તેનાથી શિવના મનને કોઈ શાંતિ મળી નહીં. એ પીડા જ એટલી તીવ્ર હતી. શિવે છીંકોટો કરીને ચલમને ફેંકી દીધી. તેમની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં અને તેમણે આકાશ સામે જોઇને કહ્યું, 'હું તમારો પ્રતિશોધ અવશ્ય લઈશ, મારા ભાઈ. પછી ભલેને એ મારા જીવનનું અંતિમ કાર્ય જ કેમ ન બની રહે ? મારે મારા હવે પછીના જીવનની એક એક ક્ષણ તેની પર વ્યતીત કરવી પડશે, તો હું એ પણ કરીશ. મારી ફરી ફરીને જન્મો લેવા પડે, તો એ પણ હું લઈશ પરંતુ તમારા મૃત્યુનો પ્રતિશોધ હું અવશ્ય લઈશ !'

વીરભદ્રએ દૂર બેઠેલી સતી સામે ચિંતિત હાવભાવ સાથે જોયું. સતી ઊભી થઈને તેમની દિશામાં આવવા લાગી. શિવ પાસે આવીને સતીએ શિવનું મસ્તક પોતાની છાતીએ

વળગાડી લીધું અને શિવના સંતપ્ત આત્માને આશ્વસ્ત કરવાનો પ્રયત્ન કરવા લાગી. જોકે શિવના હાથ સતીને વીંટળાઈ વળ્યા નહીં, તેનું સતીને આશ્ચર્ય અવશ્ય થયું. શિવ સ્થિર જ બેઠા હતા અને ઊંડા શ્વાસ લઈ રહ્યા હતા.



'પ્રભુ.' વ્રકે આશ્ચર્યથી કહ્યું અને તે સાવધાનની મુદ્રામાં સાદર ઊભો રહી ગયો. અન્ય ચોવીસ કપ્તાનોએ પણ એમ જ કર્યું કારણ કે નીલકંઠ યુદ્ધભવનમાં પ્રવેશી રહ્યાની છડી પોકારવામાં આવી હતી.

પર્વતેશ્વર ધીમે-ધીમે ઊભા થયા. બૃહસ્પતિના અપમૃત્યુથી શિવને કેટલી પીડા થઈ રહી છે, એ તેઓ જાણતા હતા એટલે તેમણે શિવને મૃદુતાથી પૂછ્યું, 'આપ કેમ છો, શિવ ?'

'હું ઠીક છું.'

'અમે યુદ્ધની રણનીતિઓ અંગે જ ચર્ચા કરી રહ્યા હતા.'

'હું જાણું છું.' શિવે કહ્યું, 'હું એમ વિચારતો હતો કે શું હું એમાં ભાગ લઈ શકું ?'

'અવશ્ય.' પર્વતેશ્વરે કહ્યું અને તેમણે પોતાના આસનને બાજુમાં ખસેડ્યું.

'આપણા માટે સૌથી મોટી સમસ્યા છે મેલુહા અને સ્વદીપ વચ્ચેની પરિવહનની વ્યવસ્થા.' પર્વતેશ્વરે શિવને ટૂંકમાં ચર્ચાનો મુદ્દો સમજાવતાં કહ્યું.

'એવી કોઈ વ્યવસ્થા છે નહીં, બરોબરને ?'

'સત્ય.' પર્વતેશ્વરે ઉત્તર આપ્યો, 'સો વર્ષ પહેલાં અમારી સામેનું યુદ્ધ હાર્યા પછી, ચંદ્રવંશીઓએ મેલુહા અને સ્વદીપ વચ્ચેના તમામ માર્ગોનો નાશ કરી નાખ્યો હતો. તેમણે પોતાનાં સરહદી નગરો ખાલી કરાવી નાખ્યાં અને લોકોને દેશની મધ્યે વસાવ્યા. એક સમયે જ્યાં નગરો અને માર્ગો હતાં ત્યાં હવે ગાઢ જંગલો થઈ ગયા છે. આપણા પ્રદેશથી તેમના પ્રદેશ સુધી જતી કોઈ નદી પણ નથી. આપણા તકનીકી રીતે ચડિયાતાં ભારેખમ અને વિશાળ યુદ્ધયંત્રો સ્વદીપની સરહદ સુધી લઈ જવાનો કોઈ ઉપાય અમને દેખાતો નથી.'

'એ લોકો આવી જ પરિસ્થિતિનું નિર્માણ કરવા ઇચ્છતા હતા, એ તો સ્પષ્ટ છે.' શિવે કહ્યું, 'તમે લોકો તકનીકી દૃષ્ટિએ ચડિયાતા છો. એ લોકો સંખ્યાની દૃષ્ટિએ ચડિયાતા છે. અને એ લોકોએ તમારી શક્તિને યુદ્ધક્ષેત્રથી દૂર રાખવાનો ઉપાય શોધી લીધો છે.'

'બરોબર વાત છે. અને જો આપણાં યુદ્ધયંત્રોને રણનીતિમાંથી બાદ કરવામાં આવે તો આપણા એક લાખ સૈનિકો સામે તેમના દસ લાખ સૈનિકો અવશ્ય ભારે પડે.'

'એ લોકોના સૈન્યમાં દસ લાખ સૈનિકો છે ?' આશ્ચર્યચકિત શિવે પૂછ્યું.

'હા, પ્રભુ.' વ્રકે કહ્યું, 'અમને એકદમ સચોટ આંકડાની તો જાણકારી નથી પરંતુ આ અમારું અનુમાન છે. જોકે અમારું અનુમાન એમ પણ છે કે તેમનું નિયમિત સૈન્ય તો એક લાખની આસપાસ જ હશે. બાકી બધા યુદ્ધના સમયે જાડાઈ શકે એવા માણસો હશે. નાના વેપારીઓ, કારીગરો, ખેડૂતો અને કોઈ પણ પ્રભાવ વિનાના નાના માણસો. એ લોકોને પરાણે યુદ્ધમાં જાતરવામાં આવશે અને તોપખાના સામે ધરી દેવામાં આવશે.'

'કેવું ધિક્કારજનક !' પર્વતેશ્વરે કહ્યું, 'ક્ષત્રિયોનાં કાર્યો માટે શૂદ્રો અને વૈશ્યોને જાતરવા. એમના ક્ષત્રિયોમાં આમ પણ સન્માનની ભાવના જ નથી.'

શિવે પર્વતેશ્વર સામે જોઇને હકારમાં માથું હલાવ્યું. 'શું આપણે એવું ન કરી શકીએ કે આપણાં યંત્રોને ભાગો છૂટા પાડી દઈએ. એ ભાગોને જ સ્વદીપ લઈ જઇને જાડીને

આખું યંત્ર ત્યાં ઊભું કરી દઈએ.'

'હા, આપણે એમ કરી શકીએ.' પર્વતેશ્વરે કહ્યું, 'પરંતુ એ અમુક જ યંત્રો માટે શક્ય છે. દૂર સુધી પ્રહાર કરી શકતાં ગોફણ જેવાં યંત્રો, જે આપણને યુદ્ધમાં વિજય અપાવવવામાં મત્ત્વની ભૂમિકા ભજવી શકે છે, માત્ર રાજવી શસ્ત્રાગારમાં જ જાડી શકાય તેમ છે.'

'દૂર સુધી પ્રહાર કરી શકતાં ગોફણ ?'

'હા.' પર્વતેશ્વરે ઉત્તર આપ્યો. 'એ ગોફણ વિશાળ ખડકો અને સળગતાં પીપડાં એક ગાઉ જેટલાં દૂર ફેંકી શકે છે. જો તેનો અસરકારક ઉપયોગ કરવામાં આવે તો શત્રુની સેના આપણા પાયદળ અને હયદળની સામે ઊભી રહે, તે પહેલાં જ નબળી પાડી શકાય છે અને તેમનો નાશ પણ કરી શકાય છે. મૂળ, પહેલાં જે કામ હાથીઓ કરતા હતા, તે જ કામ આ ગોફણો વડે થઈ શકે છે.'

'તો પછી હાથીઓનો જ ઉપયોગ શા માટે ન કરવો ?'

'હાથીઓ ગમે ત્યારે વિફરી શકે છે. તમે તેમને ગમે તેટલું ઉમદા પ્રશિક્ષણ આપો પરંતુ યુદ્ધક્ષેત્રમાં ગમે ત્યારે હાથીઓ પરનું નિયંત્રણ ગુમાવવાનો ભય રહે છે. વાસ્તવમાં, સ્વદીપ સાથેના છેલ્લા યુદ્ધમાં, તેમના હાથીઓને કારણે જ એ લોકો હાર્યા હતા.'

'સાચે જ ?' શિવે પૂછ્યું.

'હા.' પર્વતેશ્વરે ઉત્તર આપ્યો, 'અમે મહાવત અને હાથી સામે સતત ગોળા ફેંકે રાખ્યા અને ઢોલ વડે અત્યંત ઘોંઘાટ કરે રાખ્યો એટલે ચંદ્રવંશી હાથીઓ ગભરાઈ ગયા અને તેમના પોતાના સૈન્ય પર ફરી વળ્યા. એનાથી તેમની હરોળો ભાંગી પડી, ખાસ કરીને બિનપ્રશિક્ષિત સૈનિકોની હરોળો. એ પછી અમારે તો માત્ર અંદર પ્રવેશીને બાકીનું કામ પૂરું જ કરવાનું રહ્યું હતું.'

'તો પછી હાથીઓ તો નહીં જ.'

'બિલકુલ નહીં.' પર્વતેશ્વરે કહ્યું.

'અર્થાત્ આપણી પાસે એવું કશુંક હોવું જોઈએ જેને આપણે આપણી સાથે ઊંચકીને લઈ જઈ શકીએ અને તેનાથી તેમના અર્ધપ્રશિક્ષિત, કામચલાઉ સૈનિકોને વિખેરી શકાય. તો તેમની સંખ્યા કાબૂમાં આવે.'

પર્વતેશ્વરે મસ્તક હલાવીને હા પાડી. શિવે વાતાયનની બહાર જાયું. સવારનો ઠંડો પવન પર્ણોને ફફડાવી રહ્યો હતો. પર્ણો લીલાં હતાં. શિવ પર્ણોને બારીક દૃષ્ટિથી તાકી રહ્યા પરંતુ પર્ણો લીલાં જ રહ્યાં.

'એક ઉપાય છે.' શિવે પર્વતેશ્વર સામે જોઇને કહ્યું. તેમના મુખ પર ઉજાસ પથરાઈ ગયો હતો. 'આપણે બાણ શા માટે ન વાપરીએ ?'

'બાણ ?' આશ્ચર્યચકિત પર્વતેશ્વરે પૂછ્યું.

ધનુર્વિદ્યા ઉચ્ચ વર્ણના ક્ષત્રિયોની કળા હતી અને તે દ્વંદ્વ સમયે જ વપરાતી હતી. જોકે, દ્વંદ્વ તો સમાન કક્ષાના ક્ષત્રિયો વચ્ચે જ લડી શકાતું એટલે ધનુર્વિદ્યા માત્ર ઉચ્ચવર્ણના ક્ષત્રિયોનું કળાપ્રદર્શન જ બની રહ્યું હતું. ધનુર્ધારીઓને તેમનાં વિરલ કૌશલ્યો માટે ખૂબ જ સન્માન મળતું પરંતુ યુદ્ધક્ષેત્રમાં તેમનું મત્ત્વ રહેતું નહીં. એક એવો પણ સમય હતો જ્યારે રણનીતિમાં સામૂહિક સંહારના શસ્ત્ર તરીકે ધનુષ અને બાણ મત્ત્વનાં બની રહ્યાં હતાં. એ દૈવી અસ્ત્રોનો સમય હતો. ઘણાં દૈવી અસ્ત્રોને ધનુષ બાણ વડે જ શત્રુઓ પર છોડવામાં આવતાં હતાં. જોકે ઘણાં હજાર વર્ષ પહેલાં ભગવાન રુદ્રએ એ દૈવી અસ્ત્રો પર પ્રતિબંધ મૂકી દીધો એની સાથે મોટાં યુદ્ધોમાં ધનુર્ધારીઓનું મત્ત્વ ઘટી ગયું.

'એનાથી એ લોકોનું સંખ્યાબળ કઈ રીતે ઘટવાનું, પ્રભુ ?' વ્રકે પૂછ્યું. 'સૌથી કુશળ ધનુર્ધારી પણ એક શત્રુને મારવામાં ઓછામાં ઓછા પાંચ બાણનો તો ઉપયોગ કરશે જ. એટલે તે એક ઘડીમાં બારથી વધારે શત્રુઓને મારી શકશે નહીં. અને આપણી પાસે એવા કુશળ ધનુર્ધારીઓની સંખ્યા માંડ સો જેટલી હશે. બીજા ધનુર્ધારીઓ બાણ ચલાવી શકે પરંતુ એ બાણ લક્ષ્ય વીંધશે જ એમ ન માની શકાય. એટલે આપણે પ્રતિ ઘડી માત્ર બારસો શત્રુઓને જ બાણ વડે અટકાવી શકીએ. એ ચંદ્રવંશીઓ સામે તો પૂરતું ન કહેવાય.'

'હું એક સૈનિક એક માણસને વીંધે એ રીતે બાણનો ઉપયોગ કરવાનું નહોતો સૂચવી રહ્યો.' શિવે કહ્યું, 'હું તો એમ સૂચવી રહ્યો હતો કે આ બાણના ઉપયોગથી શત્રુને નબળા પાડી શકાય તેમ છે, સામૂહિક સંહારના શસ્ત્ર તરીકે.'

સાંભળનારાના મુખ પર આવેલા મૂંઝવણના ભાવ અવગણીને શિવે કહ્યું, 'હું તમને સમજાવું. ધારી લો કે આપણે અમુક નીચા વર્ણના ક્ષત્રિયોને પણ ધનુર્વિદ્યા શીખવીને તેમની એક ટુકડી બનાવી છે.'

'પરંતુ તેમનું લક્ષ્યભેદન સારું નહીં હોય.' વ્રકે કહ્યું.

'એ આવશ્યક પણ નથી. માની લો કે આપણી પાસે આવા પાંચ હજાર ધનુર્ધારીઓ છે. માની લો કે આપણે તેમને યોગ્ય અંતર સુધી તીર પહોંચાડવાનું જ પ્રશિક્ષણ આપીએ છીએ. લક્ષ્યભેદન ભૂલી જજો. માની લો કે તેમનું કામ માત્ર ચંદ્રવંશીઓની દિશામાં બાણનો વરસાદ જ કરે રાખવાનું છે. જો તેમણે લક્ષ્યભેદન ન કરવાનું હોય, તો તેમની બાણ ચલાવવાની ગતિ પણ વધી જશે. કદાચ તેઓ થોડાંક તીર વધારે ચલાવી શકશે.'

પર્વતેશ્વરને શિવની વાત સમજાઈ અને તેમની આંખો ચમકી ઊઠી. જોકે કનખલા હજુ શિવના આ સૂચન પર વિચાર કરી રહ્યા હતા.

'વિચારો.' શિવે કહ્યું, 'પ્રત્યેક બીજી ક્ષણે ચંદ્રવંશીઓ પર પાંચ હજાર બાણ વરસી રહ્યાં છે અને એ વરસાદ આપણે દસ ઘડી સુધી ચાલુ રાખી શકીએ. તો તેમના પ્રશિક્ષણ નહીં પામેલા સૈનિકોની હરોળ તો અવશ્ય ભાંગી પડશે. પાછલા યુદ્ધમાં હાથીઓએ જે કર્યું હતું તે કામ આ બાણનો વરસાદ કરી આપશે !'

'અદ્‌ભુત !' વ્રકે કહ્યું.

'કદાચ.' પર્વતેશ્વરે વિચાર રજૂ કર્યો, 'આપણા ધનુર્ધારીઓ પીઠભેર સૂતાં સૂતાં પોતાના પગ વડે ધનુષ પકડી રાખીને હાથ વડે બાણ છોડે એવું આપણે તેમને શીખવાડીએ, તો લક્ષ્યભેદન ઘણું ઘટી જશે પરંતુ બાણનો વરસાદ વધુ સારી રીતે વરસી શકશે.'

'અદ્‌ભુત !' શિવ બોલી ઊઠ્યા, 'એમ કરીએ તો ધનુષ પણ મોટું રાખી શકાય અને બાણ પણ વધુ દૂર સુધી પહોંચી શકે.'

'બાણ મોટાં અને જાડાં પણ રાખી શકાય, ભાલા જેવાં.' પર્વતેશ્વરે કહ્યું, 'એટલાં મજબૂત કે ચામડા અને લાકડાની ઢાલ તો વીંધી જ નાખે. માત્ર ધાતુની ઢાલ ધરાવનારા પ્રશિક્ષિત સૈનિકો જ એનાથી બચી શકશે.'

'તો આપણી સમસ્યાનું સમાધાન થઈ ગયું ?' શિવે પૂછ્યું.

'હા, થઈ ગયું.' પર્વતેશ્વરે સસ્મિત કહ્યું. પછી વ્રક સામે જોઇને તેમણે કહ્યું, 'એ ટુકડીનું નિર્માણ કરો. મારે બે સપ્તાહમાં પાંચ હજારની ટુકડી તૈયાર જાવી છે.'

'એ થઈ જશે, પ્રભુ.' વ્રકે કહ્યું.

— ᚲ ⦶ ᚢ ᛏ ⊛ —

'આપે શાના વિશે વાત કરવી છે, શિવ ?' પર્વતેશ્વરે આયુધાલયમાં પ્રવેશતાં શિવને પૂછ્યું. શિવની વિનંતી અનુસાર વ્રક અને પ્રસનજીત પણ તેમની સાથે હતા. પાછલા એક સપ્તાહથી વ્રક જે ટુકડીને ધનુર્વિદ્યાનું પ્રશિક્ષણ આપી રહ્યો હતો, તેમનાથી દૂર જતાં તેને ખચકાટ અનુભવાતો હતો. જોકે નીલકંઠ કોઈ બીજો અદ્ભુત વિચાર લઈને આવ્યા હશે એમ વિચારવાથી તેનો ઉત્સાહ વધ્યો હતો. તેને નિરાશ ન થવું પડ્યું.

'હું વિચારી રહ્યો હતો કે.' શિવે કહ્યું, 'તેમના કેન્દ્રસ્થાનને તોડવા માટે અવશ્ય કંઈક નવું વિચારવું પડશે કારણ કે તેમના પ્રશિક્ષિત સૈનિકોને તો તેમનો સેનાપતિ કેન્દ્રમાં જ રાખશે એમ માનવું અયોગ્ય નહીં ગણાય. અને જો એ સૈનિકો સુધી આપણે ન પહોંચી શકીએ, તો વિજય પ્રાપ્ત થાય નહીં.'

'બરોબર છે.' પર્વતેશ્વરે કહ્યું, 'અને આપણે એમ પણ માની લેવું રહ્યું કે એ સૈનિકો એટલા શિસ્તબદ્ધ તો અવશ્ય હશે કે બાણના વરસાદ છતાં તેઓ પોતાની હરોળ તૂટવા દેશે નહીં.'

'સત્ય.' શિવે કહ્યું, 'તો આપણે આપણા સૈનિકોને એક વિશેષ રીતે ગોઠવી શકીએ તો કેમ ?'

'કઈ રીતે ?' પર્વતેશ્વરે ધ્યાનપૂર્વક સાંભળતાં પૂછ્યું.

'માની લો કે આપણે વીસ સૈનિકોની વીસ કતારથી ચોરસ આકારે ટુકડી ગોઠવીએ.' શિવે કહ્યું, 'તે બધા પોતાના ડાબા હાથમાં તેમની ઢાલ એવી રીતે પકડી રાખે કે જેથી તેમના શરીરના ડાબા ભાગનું અને તેમની બાજુના સૈનિકના શરીરના જમણા ભાગનું રક્ષણ થાય.'

'અને જમણા હાથ વડે તેઓ ઢાલની વચ્ચેથી ભાલા પણ ચલાવી શકે.' પર્વતેશ્વરે કહ્યું.

'એમ જ.' શિવે કહ્યું, 'અને તેમની પાછળ રહેલા સૈનિકો તેમની ઢાલથી તેમના પોતાના અને આગળના સૈનિકના મસ્તકનું રક્ષણ કરે. આ ટુકડી કાચબાની જેમ જ આગળ વધે. તેમની ઢાલથી તેમની ચારે બાજુ કાચબાના કવચ જેવું કવચ બની જશે અને શત્રુ એ ટુકડીને કોઈ પણ રીતે વીંધી શકશે નહીં. અને આપણા ભાલા તેમના સુધી પહોંચી જશે.'

'પહેલી હરોળમાં આપણે ખૂબ જ અનુભવી અને મજબૂત સૈનિકો રાખવાના, જેથી આખી ટુકડી શિસ્તબદ્ધ રીતે આગળ વધી શકે.' પ્રસનજીતે કહ્યું.

'ના.' પર્વતેશ્વરે કહ્યું, 'સૌથી વધુ અનુભવી સૈનિકોને પાછળ અને આજુબાજુ ગોઠવવા જોઈએ જેથી કોઈ યુવાન સૈનિકથી ગભરાહટમાં આડુંઅવળું પગલું ભરાઈ જાય, તો પણ ટુકડીની કતારો જળવાઈ રહે. આ યોજના તોજ કારગર નીવડી શકે જો આખી ટુકડીની એક પણ કતાર તૂટે નહીં.'

'સાચી વાત છે.' શિવે પર્વતેશ્વરની ઊંડી સમજને બિરદાવતાં કહ્યું, 'અને એ લોકો સામાન્ય ભાલાની જગ્યાએ આ વસ્તુ વાપરે તો કેવું રહેશે ?'

એમ કહીને શિવે એક એવું શસ્ત્ર ઊંચું કર્યું જે તેમણે પોતે જ વિચાર્યું હતું અને આયુધાલયની એક ટુકડીએ એ મુજબ ત્વરાથી રચના કરી આપી હતી. પર્વતેશ્વર એ શસ્ત્રની સરળતા અને ઉપયોગિતાથી પ્રભાવિત થઈ ગયા. તેનો આકાર આમ તો ભાલા જેવો જ હતો, પરંતુ તેના મસ્તકની રચનામાં નાવીન્ય હતું. ભાલામાં એક જ ફણું હોય છે, જ્યારે અહીં એક સાથે ત્રણ ફણા રાખવામાં આવ્યાં હતાં. મુખ્ય ફણાની ડાબે અને જમણે

એક એક ફણું ઉમેરવામાં આવ્યું હતું. આ શસ્ત્ર વડે શત્રુ પર આક્રમણ કરતાં એક સાથે ત્રણ ભાલાથી આક્રમણ કરવા જેવી અસર થાય તેમ હતી.

'એકદમ અદ્ભુત રચના છે, શિવ.' પર્વતેશ્વર સાચે જ પ્રભાવિત થયા હતા. 'એને તમે શું કહેશો ?'

'હું તેને ત્રિશૂલ કહું છું.'

'પ્રસનજીત, આ ટુકડીની રચનાનું ઉત્તરદાયિત્વ તારું રહેશે.' પર્વતેશ્વરે કહ્યું, 'કૂચના સમય સુધીમાં આવી ઓછામાં ઓછી પાંચ ટુકડીઓની રચના તારે કરવાની રહેશે. એના માટે હું તને બે હજાર સૈનિકો આપું છું.'

'એમ જ થશે, સ્વામી.' પ્રસનજીતે સલામ કરતાં કહ્યું.

પર્વતેશ્વર શિવ સામે આદરપૂર્વક જોઈ રહ્યા હતા. તેઓ જાણતા હતા કે શિવના ઉપાયો અદ્ભુત હતા. અને અંગત રીતે શોકમાં ગર્ત હોવા છતાં તેઓ આવું વિચારી શકતા હતા તે વાત પણ પ્રશંસનીય હતી. કદાચ લોકો શિવ વિશે જે કહેતા હતા તે સાચું હશે. કદાચ ભગવાન રામનું અધૂરું કાર્ય શિવ જ પૂરું કરશે. પોતે આ બાબતે ખોટા ન પડે તેવી પર્વતેશ્વરે આશા કરવા માંડી.



શિવ રાજભવનમાં દક્ષ અને પર્વતેશ્વર સાથે બેઠા હતા. થોડેક દૂર વિધ્યુનમાલી અને મયશ્રેણિક નામના બે મત્ત્વના અરિષ્ટનેમી કપ્તાન પણ બેઠા હતા. શિવની સામે એક સ્નાયુબદ્ધ અને એક સમયનો ગર્વિષ્ઠ માણસ આજીજી કરતો હાથ જોડીને ઊભો હતો.

'મને એક તક આપો, પ્રભુ.' દ્રપકુએ કહ્યું, 'જો નિયમ બદલવામાં જ આવ્યો છે, તો અમે શા માટે ન લડી શકીએ ?'

દ્રપકુ એ જ યુવાન હતો જેના અંધ પિતાએ કોટદ્વારમાં શિવને આશીર્વાદ આપ્યા હતા. એક રોગથી તેના પિતા અંધ થયા અને તેની ગર્ભવતી પત્ની મૃત્યુ પામી એ પહેલાં તે મેલુહાના સૈન્યમાં જ હતો. એ પછી તેને અને તેના પિતાને વિકર્મ જાહેર કરવામાં આવ્યા હતા.

શિવે જોકે ઉતાવળે કોઈ નિર્ણય લીધો નહીં. 'દ્રપકુ, પહેલાં તો એમ કહે કે તારા પિતાજી કેમ છે ?'

'એ સ્વસ્થ છે, પ્રભુ. અને જો આ ધર્મયુદ્ધમાં હું આપની સાથે નહીં જોડાઉં તો તે મને તેમનો પુત્ર પણ માનવા તૈયાર નહીં થાય.'

શિવે મૃદુ સ્મિત કર્યું. તે પણ યુદ્ધને ધર્મયુદ્ધ જ માનતા હતા. 'પરંતુ દ્રપકુ, જો તને કશું થઈ ગયું તો તેમની સંભાળ કોણ રાખશે ?'

'મેલુહા સામ્રાજ્ય જ તેમની સંભાળ રાખશે, પ્રભુ, પરંતુ જો હું યુદ્ધમાં આપની સાથે ન જોડાયો તો એ હજાર વાર મૃત્યુ પામ્યાની પીડા ભોગવશે. જો હું મારા પિતાના સન્માન માટે, મારા દેશ માટે ન લડી શકું તો હું કેવો પુત્ર કહેવાઉં ?'

શિવ હજુ આ બાબતે સ્પષ્ટ અભિપ્રાય બાંધી શક્યા નહોતા. ભવનમાં બેઠેલા અન્ય લોકોનો ખચકાટ તેઓ અનુભવી શકતા હતા. વિકર્મનો નિયમ રદ કરવામાં આવ્યો હોવા છતાં દ્રપકુ ભવનમાં પ્રવેશ્યો ત્યારથી અત્યાર સુધી કોઈ તેને સ્પર્શ્યું નહોતું, એ શિવના ધ્યાન બહાર નહોતું ગયું.

'પ્રભુ, ચંદ્રવંશીઓની સંખ્યા આપણા કરતાં ઘણી વધારે છે.' દ્રપકુએ કહ્યું 'એટલે

આપણે તમામ પ્રશિક્ષિત યોદ્ધાઓને આ ધર્મયુદ્ધમાં સામેલ કરવા જ જોઈએ. ઓછામાં ઓછા એવા પાંચ હજાર સૈનિકો હશે જેમને વિકર્મ ઘોષિત કરવામાં આવ્યા હોવાથી લડી શકે તેમ નહોતા. હું એ બધાને ભેગા કરી શકીશ. અમે આ દેશ માટે અમારા પ્રાણ આપવા ઇચ્છુક અને આતુર છીએ.'

'તું મેલુહા માટે તારા પ્રાણ ત્યાગે એવું હું નથી ઇચ્છતો, શૂરવીર દ્રપકુ.' શિવે કહ્યું.

દ્રપકુના મુખ પર નિરાશા વ્યાપી ગઈ. તેને લાગ્યું કે તેણે હવે પોતાના ઘરે કોટદ્વાર જ પાછા ફરવું પડશે.

'જોકે.' શિવે કહ્યું, 'તું મેલુહા માટે પ્રાણ લઈ શકે એમ હું અવશ્ય ઇચ્છું છું.'

દ્રપકુએ શિવ સામે જોયું.

'તારી ટુકડી તૈયાર કર, દ્રપકુ.' શિવે આદેશ આપ્યો. પછી દક્ષ સામે જોઇને તેમણે કહ્યું, 'આપણે તે ટુકડીને વિકર્મ સેના નામ આપીશું.'



'આપણી સેનામાં વિકર્મો કઈ રીતે હોઈ શકે ? આ તો સાવ હાસ્યાસ્પદ વાત છે !' વિધુનમાલી બોલી ઊઠ્યો.

વિધુનમાલી અને મયશ્રેણિક કસરતશાળામાં તલવારનો અભ્યાસ કરવાની તૈયારી કરી રહ્યા હતા.

'વિધુ...' મયશ્રેણિકે કહ્યું.

'આમ "વિધુ...વિધુ..." કરીને મને મૂર્ખ ન બનાવીશ, મય. તું જાણે જ છે કે આ ખોટું થઈ રહ્યું છે.'

સામાન્યતઃ શાંત રહેતો મયશ્રેણિક ચૂપ જ રહ્યો અને તેણે પોતાના અધીરા મિત્રને પોતાનો આક્રોશ ઠાલવવા દીધો.

'જો હું આ યુદ્ધમાં મૃત્યુ પામીશ, તો કઈ રીતે મારા પૂર્વજોની સામે ઊભો રહીશ ?' વિધુનમાલીએ પૂછ્યું, 'જો એ લોકો મને એમ પૂછશે કે મેં કઈ રીતે માત્ર ક્ષત્રિયોને લડવાના યુદ્ધમાં અક્ષત્રિયોને પણ લડવા દીધાં, તો હું શું ઉત્તર આપીશ ? નબળાઓની રક્ષા કરવી એ આપણું કર્તવ્ય છે. નબળા લોકોને આપણી સાથે લડવા દેવાનું આપણે વિચારવું પણ ન જોઈએ.'

'વિધુ, મને નથી લાગતું કે દ્રપકુ કોઈ પણ રીતે નબળો હોય. ચંદ્રવંશીઓ સામેના પાછલા યુદ્ધમાં તેણે જે શૂરવીરતા દાખવી હતી, તે તું ભૂલી ગયો ?'

'તે એક વિકર્મ છે ! એટલે જ તે નબળો છે !'

'પ્રભુ શિવે એમ ઠરાવ્યું છે કે હવે કોઈ જ વિકર્મ નથી.'

'મને નથી લાગતું કે નીલકંઠને સાચા-ખોટાનું જ્ઞાન હોય !'

'વિધુ !' મયશ્રેણિક ઊંચા અવાજે કહ્યું.

વિધુનમાલીને પોતાના મિત્રના આક્રોશથી આશ્ચર્ય થયું.

'જો નીલકંઠ કહે કે આ સાચું છે.' મયશ્રેણિકે કહ્યું, 'તો એ જ સાચું છે.'



પ્રકરણ ૨૨
અનિષ્ટનું સામ્રાજ્ય

'મને લાગે છે કે સૈન્યની આ રીતની ગોઠવણ યુદ્ધ માટે શ્રેષ્ઠ રહેશે.' પર્વતેશ્વરે કહ્યું.

વ્રક અને પર્વતેશ્વર સેનાપતિના અંગત કાર્યાલયમાં બેઠા હતા. સૈન્યની ગોઠવણ ધનુષ આકારે હતી. સૈનિકોને બે મોટા અર્ધગોળાકારોમાં ગોઠવવાના હતા. કાચબાની જેમ આગળ વધનારી ધીમી ટુકડીઓ એ અર્ધવર્તુળોની મધ્યે રાખવાની હતી. ડાબી અને જમણી બાજુની જગ્યાએ ત્વરાથી આક્રમણ કરી શકે તેવી ટુકડીઓ ગોઠવવાની હતી. અશ્વદળ ધનુષના બંને છેડા પર ગોઠવવાનું હતું. એ લોકો આખા યુદ્ધક્ષેત્રમાં ગમે ત્યાં જવા તૈયાર રહે અથવા તો તેઓ એ બંને છેડા સાચવીને આગળ વધે. નાના સૈન્ય માટે ધનુષ આકારની ગોઠવણ આદર્શ હતી. તેમાં કોઈ પણ પ્રકારની બાંધછોડ વિના સરળતાથી અને મક્કમતાથી સૈન્ય આગળ વધી શકે તેમ હતું.

'એ જ આદર્શ ગોઠવણ છે, સ્વામી.' વ્રકે કહ્યું, 'મહાદેવનું આ અંગે શું કહેવું છે ?'

'શિવ પણ એમ જ માને છે કે તે આપણી આવશ્યકતાને અનુરૂપ છે.'

પર્વતેશ્વર નીલકંઠને શિવ કહે તે વ્રકને ગમતું નહીં, પરંતુ સેનાપતિની ભૂલ કાઢવાવાળો વળી એ કોણ ? 'હું સહમત છું, સ્વામી.'

'હું ડાબા પડખેથી આગેવાની કરીશ.' પર્વતેશ્વરે કહ્યું, 'તું જમણા પડખે રહેજે. એટલે જ મારે અમુક બાબતોમાં તારો અભિપ્રાય જાઈતો હતો.'

'હું, સ્વામી ?' વ્રક દિગ્મૂઢ થઈ ગયો, 'મને એમ હતું કે બીજી બાજુ મહાદેવ આગેવાની કરશે.'

'શિવ ? ના, મને નથી લાગતું કે તેમને આ યુદ્ધમાં સામેલ કરવા જોઈએ, વ્રક.'

વ્રકે આશ્ચર્યથી પર્વતેશ્વર સામે જાયું, પરંતુ તે કશું બોલ્યો નહીં.

પરંતુ પર્વતેશ્વરને એમ લાગ્યું કે તેમણે ખુલાસો કરવો જોઈએ એટલે તેમણે કહ્યું, 'તેઓ ઉમદા અને સક્ષમ માનવી છે, તેમાં કોઈ જ સંશય નથી, પરંતુ તેમના મનમાં મેલુહાને ન્યાય અપાવવાની ભાવના કરતાં પ્રતિશોધની ભાવના વધારે પ્રબળ છે. આપણે પેલા દોષિત નાગવંશીને એમના ચરણે ધરીને તેમનો પ્રતિશોધ પૂરો કરવામાં સહાય કરીશું. પણ માત્ર એક નાગવંશીને કારણે એ પોતાનું જીવન જાખમમાં મૂકે તે મને યોગ્ય નથી લાગતું.'

વ્રકે પોતાની દૃષ્ટિ ધરતી પર જ માંડી રાખી, કારણ કે તેને ભય હતો કે એ આંખો તેની અસહમતી પ્રગટ કરી દેશે.

'અને સાચું કહું તો.' પર્વતેશ્વરે કહ્યું 'માત્ર તેમના નીલ કંઠને કારણે આપણે તેમની પર વધારે પડતો આધાર રાખવા ન માંડવું જોઈએ. હું તેમનો અત્યંત આદર કરું છું, પરંતુ તે યુદ્ધ કરે તેવી અપેક્ષા હું તેમની પાસેથી રાખતો નથી. એમ કરવા માટે એમની પાસે શું

કારણ હોઈ શકે ?'

વ્રકે ક્ષણાર્ધ પૂરતું ઊંચુ જોઇને પર્વતેશ્વર સામે જોઈ લીધું. જે વસ્તુ બધાને સ્પષ્ટ દેખાતી હતી તેને પર્વતેશ્વર કેમ સ્વીકારતા નહોતા ? શું તે ભગવાન રામને એટલા બધા સમર્પિત હતા કે તેઓ એમ માની જ નહોતા શકતા કે પૃથ્વી પર બીજો તારણહાર આવી શકે છે ? કે પછી તેઓ એમ માનતા હતા કે ભગવાન રામની જગ્યા કોઈ જ લઈ શકે નહીં ? શું ભગવાન રામે પોતે જ નહોતું કહ્યું કે માત્ર ધર્મની જગ્યા જ કોઈ ન લઈ શકે ?

'ઉપરાંત.' પર્વતેશ્વરે કહ્યું, 'એ હવે પરિણીત છે. એ પ્રેમમાં પણ છે. સતીને તેઓ પુનઃ પહેલાં જેવી પરિસ્થિતિમાં મૂકવા નહીં ઇચ્છે. એવું તેમણે શા માટે કરવું જોઈએ ? આપણે એવી માંગણી કરીએ તો એ પણ તેમને અન્યાય કર્યા બરાબર કહેવાય.'

વ્રકે વિચાર્યું, 'મહાદેવ આપણા બધા માટે લડશે, સેનાપતિ. એ આપણા બધાનું રક્ષણ કરવા માટે અવશ્ય લડશે. કેમ ? મહાદેવ એ જ કામ માટે તો પ્રગટે છે.' પરંતુ તે પ્રગટપણે એમ બોલ્યો નહીં.

વ્રક એમ નહોતો જાણતો કે પર્વતેશ્વર પણ મનોમન તો એમ જ ઇચ્છી રહ્યા હતા. તેઓ પણ એમ જ ઇચ્છતા હતા કે શિવ મહાદેવની જેમ તેમને ચંદ્રવંશીઓ વિરુદ્ધ વિજય અપાવે. જોકે વર્ષોના અનુભવથી પર્વતેશ્વર શીખ્યા હતા કે ઘણા લોકોએ ભગવાન રામની ઊંચાઇ સુધી પહોંચવાનો પ્રયત્ન કર્યો છે પરંતુ કોઈ સફળ થઈ શક્યું નથી. પોતાની યુવાનીમાં પર્વતેશ્વરે આવી જ રીતે અમુક લોકો પર વિશ્વાસ મૂક્યો હતો, પરંતુ અંતમાં તેમનું કાયમ ભ્રમનિરસન જ થતું હતું. એટલે શિવ પણ તેમને એવી જ રીતે નિરાશ કરશે એમ સ્વીકરવા તેઓ પોતાની જાતને તૈયાર કરી રહ્યા હતા. એટલે જો શિવ ચંદ્રવંશીઓ સામે લડવાની ના પાડે, તો તેમના આયોજનમાં કોઈ અડચણ ઊભી ન થાય, એ માટે તેમણે શિવને ગણતરીમાં લીધા જ નહોતા.



દક્ષ સ્વદીપના સમ્રાટ દિલીપના રાજદરબારમાંથી આવેલો પત્ર વાંચી રહ્યા હતા અને યુદ્ધસમિતિ ચૂપચાપ બેઠી હતી. એ પત્ર વાંચતાં વાંચતાં દક્ષના મુખ પર જે હાવભાવ આવતા હતા તેનાથી કોઈને સંશય રહ્યો નહીં કે એ પત્રમાં શું લખ્યું હશે. તેમણે પોતાની આંખો બંધ કરી અને મુઠ્ઠીઓ વાળી ત્યારે તેમનું મુખ ક્રોધથી વિકૃત થઈ ગયું હતું. તેમણે એ પત્ર કનખલાના હાથમાં મૂકીને કહ્યું, 'વાંચો. બધાને સંભળાવો જેથી ચંદ્રવંશીની નીચતા વિશે બધાને જાણવા મળે.'

પત્ર હાથમાં લેતા કનખલાની આંખો વિસ્ફારિત થઈ ગઈ. તેણે વાંચી સંભળાવ્યું. 'સૂર્યવંશીઓના સમ્રાટ, મેલુહાના સંરક્ષક સમ્રાટ દક્ષ, મંદાર પર્વત પર થયેલા કાયર આક્રમણ અંગે હું અમારો ખેદ પ્રગટ કરું છું. શાંતિપ્રિય બ્રાહ્મણો પર આવું અવિચારી આક્રમણ વખોડી નાખવા માટે શબ્દોનો પનો ટૂંકો પડે છે. ભારતવર્ષમાં વસતો કોઈ પણ માનવ આટલો નીચ થઈ શકે છે એ જાણીને અમને સાચે જ આઘાત લાગ્યો છે. એટલે જ આપનો પત્ર વાંચીને મને આશ્ચર્ય અને દુઃખની લાગણી થઈ છે. હું આપની સમક્ષ એમ સ્પષ્ટ કરવા માગું છું કે આ ઘૃણાસ્પદ આક્રમણ સાથે મારે કે મારી સત્તા હેઠળ આવતા કોઈ પણ માણસને જરા પણ સંબંધ નથી. એટલે જ મારે સખેદ આપને જણાવવું પડે છે કે હું આપના કોઈ પણ દોષિત પકડીને મોકલી શકીશ નહીં. હું આશા કરું છું કે આપ આ પત્ર પાછળની નિષ્ઠા અનુભવી શકશો અને ઉતાવળે કોઈ જ નિર્ણય લેશો નહીં, કારણ કે એવા

નિર્ણયથી આપને માટે પણ અયોગ્ય પરિણામો આવી શકે છે. આ આક્રમણના અન્વેષણમાં અમે પૂરો સહકાર આપવા તૈયાર છીએ. અપરાધીઓને પકડવામાં અમે આપને કઈ રીતે સહાયરૂપ થઈ શકીએ, તે અંગે અમને જાણ કરવા વિનંતી છે.'

કનખલાઓ પોતાની જાતને શાંત કરવા ઊંડો શ્વાસ લીધો. ચંદ્રવંશીઓની બે મોઢાની વાતોથી તે સારી રીતે પરિચિત હતી એટલે જ તેણે આ પહેલાં જે સૂચન કર્યું હતું તેનાથી તેને હવે ક્ષોભ થવા માંડ્યો હતો.

'સમ્રાટ દિલીપે તેની પર સ્વયં હસ્તાક્ષર કર્યા છે.' કનખલાએ પત્રવાંચન પૂરું કરતાં કહ્યું.

'સમ્રાટ દિલીપે નહીં,' દક્ષ ઘૂરક્યા, 'અનિષ્ટના સામ્રાજ્યના ત્રાસવાદી દિલીપે.'

'યુદ્ધ !' યુદ્ધસમિતિએ સર્વાનુમતે ઊંચા અવાજે નિર્ણય લીધો.

દક્ષે કોપાયમાન શિવ સામે જોયું અને શિવે મસ્તક હલાવીને હા પાડી.

'તો પછી યુદ્ધ જ થશે !' દક્ષ ગર્જ્યા, 'આપણે બે સપ્તાહમાં કૂચ કરીશું.'



પેલું બાજુબંધ જીવંત હોય તેમ શિવને લાગતું હતું. તે એટલું વિશાળ થઈ ગયું હતું કે તેની આગળ હવે શિવ પણ વામન લાગતા હતા. તેની ધાર પરથી આગની મોટી જ્વાળાઓ ફૂટી રહી હતી. તેમાં ઓમ્ બનાવીને બેઠેલા ત્રણ નાગ હવે છૂટા પડીને શિવની દિશામાં સરકી રહ્યા હતા. મધ્યમાં રહેલા નાગે પોતાની ડાબી બાજુ રહેલા નાગને ચીંધીને કહ્યું, 'આણે તારા ભાઈનો ભોગ લીધો છે. બીજો તારી પત્નીનો ભોગ લેશે.'

ડાબી અને જમણી બાજુના નાગે ક્રોધથી ફૂંફાડો માર્યો.

શિવે મધ્યમાં રહેલા નાગ સામે ક્રોધપૂર્વક આંગળી ચીંધીને કહ્યું, 'તું એને સ્પર્શવાની પણ હિંમત કરીશ તો હું તારી કાંચળીમાંથી તારો આત્મા બહાર ખેંચી કાઢીશ...'

'પણ હું...' નાગ પર શિવની ધમકીની કોઈ જ અસર વર્તાઈ નહીં. 'હું તો તારો ભોગ લેવાનો છું.'

શિવ નાગને ક્રોધપૂર્વક જોઈ રહ્યા.

'હું અવશ્ય તારો ભોગ લઈશ.' કહીને નાગે પોતાનું મોઢું ખોલ્યું અને શિવને ગળવા આગળ વધ્યો.

અચાનક શિવની આંખ ખૂલી ગઈ. તેમના આખા શરીરે પરસેવો થઈ રહ્યો હતો. તેમણે આસપાસ જોઈ લીધું પણ તેમને કંઈ દેખાયું નહીં. ચારેકોર નિબિડ અંધકાર હતો. તેમણે હાથ લંબાવીને જોઈ લીધું કે સતી સુરક્ષિત છે, પરંતુ સતી ત્યાં હતી જ નહીં. શિવ એક ઝાટકા સાથે બેઠા થઈ ગયા. તેમના હૃદયમાં શૂળ ભોંકાઈ હોય એમ તેમને લાગ્યું. તેમને વિચાર આવ્યો કે નાગ તેમના સ્વપ્નમાંથી બહાર આવીને વાસ્તવિકતા બની ગયા છે.

'શિવ.' સતીએ શિવ સામે જોઇને કહ્યું.

એ શય્યાની ધારે બેઠી હતી. તેમના નાનકડા લશ્કરી છાવણીમાં નંખાયેલા તંબૂમા અન્ય કોઈ જ બેઠકનો વૈભવ નહોતો. મેલુહાનું સૈન્ય પાછલા એક માસથી કૂચ કરી રહ્યું હતું અને તેમના તંબૂની જગ્યા બદલાતી રહેતી હતી.

'શું થયું, સતી ?' શિવને અંધારામાં ધીમે ધીમે આકારો દેખાવા માંડ્યા હતા. તેમણે પોતાની મુઠ્ઠીમાં પકડી રાખેલું પેલું બાજુબંધ પોતાના વાટવામાં સરકાવી દીધું.

આ મેં વળી ક્યારે બહાર કાઢ્યું હતું ?

'શિવ.' સતીએ ફરી કહ્યું. પાછલા બે સપ્તાહથી તે આ અંગે વાત કરવાનો પ્રયત્ન કરી રહી હતી. જ્યારથી તેને આ સમાચાર જાણવા મળ્યા, ત્યારથી તે યોગ્ય ક્ષણની પ્રતીક્ષા કરી રહી હતી પણ એ ક્ષણ આવતી નહોતી. તેણે અત્યાર સુધી પોતાની જાતને એમ કહીને મનાવે રાખી હતી કે આ તો બહુ નાનકડા સમાચાર છે અને પોતાના પતિને એ જણાવીને ચિંતામાં નથી મૂકી દેવા, ખાસ કરીને ત્યારે કે જ્યારે તેઓ પોતાના જીવનના સૌથી ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા હોય, પરંતુ હવે ઘણું મોડું થઈ ચૂક્યું હતું. શિવને આ વાત બીજા કોઈ દ્વારા જાણવા મળે એ પહેલાં સતીએ પોતે જ કહેવી રહી. સૈન્યની છાવણીમાં આવી વાતો ભાગ્યે જ ગોપનીય રહી શકે છે. 'મારે તમને કંઈક જણાવવું છે.'

'બોલ.' શિવે કહ્યું. જોકે તેમના મનમાં હજુ પેલા સ્વપ્નના જ વિચારો ચાલુ હતા. 'શું વાત છે ?'

'મને નથી લાગતું કે હું આ યુદ્ધમાં લડી શકીશ.'

'શું ? કેમ ?' આશ્ચર્યચકિત શિવે પૂછ્યું. તેઓ જાણતા હતા કે સતી જરા પણ કાયર નહોતી. તો પછી તે શા માટે આમ બોલી રહી છે ? અને હવે જ્યારે સૈન્ય મેલુહા અને સ્વદીપ વચ્ચેના વનમાં એક માસથી કૂચ કરી રહ્યું છે ત્યારે ? એ લોકો હવે શત્રુના પ્રદેશમાં પહોંચી પણ ગયા હતા. હવે પાછા ફરી શકાય એમ નહોતું. 'સતી, આમ કરવું તારો સ્વભાવ નથી.'

'હા, શિવ.' સતીએ સંકોચ અનુભવતાં કહ્યું. ગર્વની ભાવનાને સર્વોપરી માનતા સૂર્યવંશીઓ માટે આવી ચર્ચા હંમેશાં અઘરી બની રહેતી. 'પરંતુ એનું એક કારણ છે.'

'કારણ ?' શિવે પૂછ્યું. 'શું...'

અચાનક વીજળીની જેમ શિવના મનમાં ઝબકારો થયો. 'હે ભગવાન ! તને એ બાબતની ખાતરી છે ?'

'હા.' સતીના ગાલ પર લાલાશ તરી આવી.

'હે પવિત્ર માનસરોવર ! શું સાચે જ હું પિતા બનવાનો છું ?'

શિવના મુખ પર છવાયેલા ઉન્માદને જોઇને સતીને અત્યાર સુધી આ વાત શિવને ન જાણાવવા માટે પસ્તાવો થવા લાગ્યો.

'વાહ !' શય્યામાંથી ઊભા થઈને શિવે સતીના બંને હાથ પોતાના હાથમાં લીધા અને તેઓ ગોળ ફર્યા. 'મને પાછલાં કેટલાંય વર્ષોમાં સાંભળવા મળેલી આ શ્રેષ્ઠ વાત છે !'

સતીએ હૂંફાળું સ્મિત કર્યું અને પોતાનું મસ્તક તેણે શિવના થાકેલા પરંતુ મજબૂત ખભા પર ઢાળી દીધું.

'પાછલા બે માસમાં જેણે તારું સૌથી વધુ ધ્યાન રાખ્યું છે તેના નામે જ આપણે આપણી પુત્રીનું નામ રાખીશુ. હું આ બે માસમાં તારું જરા પણ ધ્યાન રાખી શક્યો નથી.' શિવે કહ્યું, 'આપણે આપણી પુત્રીનું નામ કૃતિકા રાખીશું !'

સતીએ સાશ્ચર્ય શિવ સામે જાયું. સતીને એમ હતું કે શિવ માટે તેનો પ્રેમ પરાકાષ્ઠાએ જ છે અને તે વધવાની સંભાવના નથી પણ આ સાંભળીને તેની એ માન્યતા ખોટી ઠરી. તેણે સસ્મિત કહ્યું, 'એ પુત્ર પણ હોઈ શકે છે, ખરું ને ?'

'ના.' શિવે કહ્યું 'એ પુત્રી જ હશે. અને હું તેને બહુ જ લાડથી ઉછેરીશ !'

સતી ખડખડાટ હસી પડી. શિવને પણ એ ચેપ લાગ્યો. પાછલા બે માસમાં તેઓ પહેલી વાર હસ્યા હતા. તેઓ સતીને આલિંગ્યા ત્યારે તેમને લાગ્યું કે તેમના શરીરમાંથી નકારાત્મક ઊર્જાનો પ્રભાવ દૂર થઈ રહ્યો છે. 'હું તને ખૂબ જ પ્રેમ કરું છું, સતી.'

'હું પણ.' સતીએ પડઘો પાડ્યો.

સતી જે તંબુમાં હતી તેમાંથી બહાર આવવા શિવે પડદો ઊંચો કર્યો. કૃતિકા અને આયુર્વતી તેની સાથે હતા. આયુર્વતીની પરિચારિકાઓ સતીની સેવામાં ઉપસ્થિત જ હતી. શિવ પોતાના જન્મનારા બાળકના સ્વાસ્થ્ય અંગે અત્યંત ચિંતિત હતા અને તેઓ એ અંગે આયુર્વતીને સતત પ્રશ્નો પૂછે રાખતા.

સૂર્યવંશીઓ પાછલા ત્રણ માસથી કૂચ કરી રહ્યા હતા. માર્ગ તેમણી ધારણા કરતાં પણ વધારે પડકારજનક હતો. વન પહેલાંથી પણ વધારે ગાઢ બની ગયું હતું. દરેક જગ્યાએ વન્ય પ્રાણીઓ અને વિવિધ રોગનું આક્રમણ થતું રહેતું હતું. તેમણે આ કૂચમાં જ બે હજાર સૈનિકો ગુમાવ્યા હતા. અને તેમાંથી એક પણ સૈનિક શત્રુના હાથે નહોતો મર્યો. ત્રણેક માસ સુધી કૂચ કરીને છેવટે સૂર્યવંશી સૈન્ય ચંદ્રવંશી પ્રદેશમાં પહોંચ્યું હતું.

ચંદ્રવંશી સેનાએ ધર્મખેત નામના વિશાળ ખુલ્લા મેદાનમાં પડાવ નાખ્યો હતો. તેમણે બહુ વિચારીને આ જગ્યા પસંદ કરી હતી. એ મેદાન એટલું વિશાળ હતું કે તેમના દસ લાખ સૈનિકો છૂટથી હરીફરી શકે તેમ હતા. એટલે તેમનું આખું સૈન્ય એક સાથે લડી શકે તેમ હતું. સૂર્યવંશીઓએ પ્રતીક્ષા કરીને ચંદ્રવંશીઓની ધીરજ ખૂટવાડવાનો અને તેમને એ મેદાનથી પહેલાં જ આક્રમણ કરવા લલચાવવાનો પ્રયત્ન કરી જાયો હતો, પરંતુ ચંદ્રવંશીઓનો નિર્ધાર દૃઢ હતો. એટલે છેવટે સૂર્યવંશીઓએ ધર્મખેતની પાસે જ એક સારું રક્ષણ પૂરું પાડતી ખીણમાં પડાવ નાખવો પડ્યો હતો.

શિવ આકાશને નીરખી રહ્યા હતા. એક સમડી તેમના પડાવની ઉપર ચક્કર લગાવી રહી હતી અને તેની નીચે પાંચ કબૂતરો નિર્ભય થઈને ઊડતાં હતાં. શિવને એ દૃશ્ય વિચિત્ર લાગ્યું. શમન નામના તેના ગણે અવશ્ય કહ્યું હોત કે આ સમય યુદ્ધ માટે અશુભ છે, કારણ કે કબૂતરોને અત્યારે ગોપનીય શક્તિની સહાય મળી રહી છે.

એવું વિચારવાની કોઈ જ આવશ્યકતા નથી. આમ પણ એ બધી જ માન્યતાઓ મૂર્ખામી જ છે.

સવારની તાજી હવામાં ઊંડો શ્વાસ લઈને શિવ જમણી બાજુ આવેલા સમ્રાટ દક્ષના તંબુની દિશામાં આગળ વધ્યા. નંદી શિવની દિશામાં આવી રહ્યો હતો.

'શું થયું નંદી ?'

'હું આપના તંબુની દિશામાં જ જઈ રહ્યો હતો, પ્રભુ. મહારાજે આપની ઉપસ્થિતિની વિનંતી કરી છે. એક સમસ્યા ઊભી થઈ છે.'

શિવ અને નંદી દક્ષના વૈભવી તંબુની દિશામાં ત્વરાથી ગયા. તંબુની અંદર દક્ષ અને પર્વતેશ્વર ગંભીર ચર્ચામાં ગૂંથાયેલા હતા. વ્રક, મયશ્રેણિક અને દ્રપકુ થોડેક દૂર બેઠા હતા. દ્રપકુ એ બધામાં સૌથી દૂર બેઠો હતો.

'આ તો ભારે સમસ્યા છે.' દક્ષે કહ્યું.

'મહારાજ !' શિવે પૂછ્યું.

'પ્રભુ ! આપ અહીં છો તેનો મને સાચે જ આનંદ છે કારણ કે આપણી ઉપર મોટી સમસ્યા આવી પડી છે.'

'એવા કોઈ જ શબ્દો વાપરવાની આવશ્યકતા નથી, મહારાજ.' શિવે કહ્યું. પર્વતેશ્વર સામે જોઇને તેમણે પૂછ્યું, 'એટલે આપનો સંશય સાચો હતો ?'

'હા.' પર્વતેશ્વરે કહ્યું, 'સૈનિકો થોડીક ક્ષણો પહેલાં જ પાછા ફર્યા છે. એક ચોક્કસ કારણના લીધે ચંદ્રવંશીઓ કૂચ નહોતા કરી રહ્યા. તેમણે એક લાખ સૈનિકોને આપણી

છાવણીની પાછળની બાજુ મોકલી દીધા છે. તેઓ આવતીકાલે સવાર સુધીમાં આ ખીણમાં પ્રવેશ કરશે. એટલે આપણી આગળ મુખ્ય સેના હશે અને પાછળ એક લાખ સૈનિકો હશે. આપણે તેની વચ્ચે પીસાઈ જઈશું.'

'આપણે બે બાજુ તો કેવી રીતે લડી શકીએ, પ્રભુ ?' દક્ષે કહ્યું. 'હવે આપણે શું કરીશું ?'

'શું વીરભદ્રના સૈનિકો આ સમાચાર લાવ્યા છે ?'

પર્વતેશ્વરે હા પાડી. શિવે નંદી સામે જોયું અને નંદી બહાર દોડ્યો. થોડીક જ ક્ષણોમાં વીરભદ્ર એ તંબુમાં ઉપસ્થિત હતો.

'ચંદ્રવંશીઓની એ ટુકડી કયા માર્ગે આગળ વધી રહી છે, ભદ્ર ?' શિવે પૂછ્યું.

'પૂર્વ દિશામાં જ્યાં ઊંચા ઢાળવાળા પર્વતો છે, એ બાજુથી. મને લાગે છે કે એ લોકો ઉત્તર દિશાથી પચાસ ગાઉ પૂર્વ આપણી પર આક્રમણ કરશે.'

'અને પર્વતેશ્વરની સૂચના અનુસાર નકશો બનાવનાર માણસને પણ તું સાથે લઈ ગયો હતો ?'

વીરભદ્રએ હા પાડીને તંબુની મધ્યમાં રહેલા મેજ પર એક નકશો પાથર્યો. શિવ અને પર્વતેશ્વર એ નકશો જોવા નમ્યા. આંગળીઓ વડે એક માર્ગ ચીંધીને વીરભદ્રએ કહ્યું, 'આ માર્ગે.'

શિવે એ નકશાને જોઈ રહ્યા. તેમને સૂર્યવંશીઓની છાવણીની ઉત્તરે કઈ જગ્યા સંરક્ષણની દૃષ્ટિએ સૌથી ઉત્તમ છે તે સમજાયું હતું. તેમણે પર્વતેશ્વર સામે જોયું. સેનાપતિને પણ એ જ વિચાર આવ્યો હતો.

'કેટલા માણસો જોઈશે, પર્વતેશ્વર ?'

'એ કહેવું અઘરું છે. એ બહુ મુશ્કેલ થઈ પડશે, પરંતુ આ ઘાટ પર તેમને અવશ્ય રોકી શકાય તેમ છે. જોકે તેના માટે મોટી ટુકડી અવશ્ય ફાળવવી પડે. ઓછામાં ઓછા ત્રીસ હજારની ટુકડી.'

'પરંતુ આપણે એટલા બધા સૈનિકો ફાળવી શકીએ નહીં. મને વિશ્વાસ છે કે દક્ષિણે ચંદ્રવંશીઓ સાથેનું મુખ્ય યુદ્ધ પણ કાલે જ શરૂ થઈ જશે. આપણી પર આક્રમણ કરવા માટે એ તેમની શ્રેષ્ઠ તક હશે.'

પર્વતેશ્વરે ગંભીરતાથી સહમતી દર્શાવી. સંભવતઃ મેલુહાવાસીઓએ પાછા હઠીને વધારે યોગ્ય જગ્યાએથી આ લડાઈ લડવી પડશે, એવો વિચાર તેમને આવી ગયો, જે તેમને ગમ્યો નહીં.

'મને લાગે છે કે પાંચ હજાર સૈનિકો પૂરતા થઈ પડશે, પ્રભુ.'

દ્રપકુ મેજ પાસે આવ્યો હતો તે વાત શિવ કે પર્વતેશ્વરે નોંધી નહોતી. શિવ જે ઘાટની વાત કરી રહ્યા હતા તેને તે નીરખી રહ્યો હતો.

'અહીંયાં જુઓ.' દ્રપકુએ કહ્યું એ જગ્યાએ શિવ અને પર્વતેશ્વરે જોયું.

'અહીંયાં પર્વતોને કારણે ઘાટ બંને બાજુથી સંકોચાઈ જાય છે અને પચાસ હાથથી વધારે ખુલ્લી જગ્યા બચતી નથી. તેમનું સૈન્ય ગમે તેટલું મોટું હોય, પરંતુ અહીંથી ધસી આવતી કોઈ પણ ટુકડીમાં એક સાથે અમુકથી વધુ સંખ્યામાં સૈનિકો પ્રવેશી શકે નહીં.'

'પરંતુ દ્રપકુ, એમની પાસે લાખ સૈનિકો છે એટલે એ લોકો એક પછી એક ટુકડી સતત મોકલી શકે છે.' મયશ્રેણિકે કહ્યું 'અને બંને બાજુના પર્વતોનું ચડાણ એટલું સીધું છે કે ત્યાંથી આપણા કોઈ જ યંત્રો વાપરી શકાય એમ નથી. ત્યાં વિજયી થવું લગભગ અશક્ય છે.'

'અહીંયા વિજયનું મત્ત્વ નથી.' દ્રપકુએ કહ્યું, 'જા અહીંયાં એ સૈન્યને એક દિવસ રોકી રાખવામાં આવે, તો આપણા સૈન્યને મુખ્ય સેના સાથે યુદ્ધનો પૂરતો સમય મળી રહે.'

'તો હું એ કામ કરીશ.' પર્વતેશ્વરે કહ્યું.

'ના, સ્વામી.' વ્રકે કહ્યું 'આપની આવશ્યકતા તો મુખ્ય યુદ્ધમાં છે.'

શિવે પર્વતેશ્વર સામે જાયું.

મારે પણ ત્યાં ઉપસ્થિત રહેવું આવશ્યક છે.

'એ કામ તો હું પણ નહીં કરી શકું.' પોતાનું મસ્તક ઝાટકીને શિવે કહ્યું.

પર્વતેશ્વરે શિવ સામે જાયું. તેમને લાગ્યું કે ભ્રમનિરસનનો સમય આવી પહોંચ્યો છે. તેમણે પોતાના હૃદયને નિરાશા માટે તૈયાર જ રાખ્યું હતું પરંતુ તેમને એવી પણ આશા હતી કે શિવ તેમને ખોટા સાબિત કરશે, પરંતુ હવે સ્પષ્ટ જણાતું હતું કે શિવ પણ દક્ષ માટે બનાવવામાં આવેલા માંચડા પરથી યુદ્ધને નિહાળતા જ હશે.

'એ સન્માન મને આપો, પ્રભુ.' દ્રપકુએ કહ્યું.

'દ્રપકુ...' મયશ્રેણિક એ શબ્દો ઉચ્ચારવા નહોતો માંગતો જે બધા જાણતા જ હતા.

ચંદ્રવંશીઓ સામે ઉત્તરઘાટ ખાતે લડાનારું એ યુદ્ધ માત્ર પાંચ હજાર સૈનિકો સાથે તો આત્મહત્યા જ હતી.

'દ્રપકુ.' શિવે કહ્યું, 'હું નથી જાણતો કે...'

'હું જાણું છું, પ્રભુ.' દ્રપકુએ અધવચ્ચે જ કહ્યું 'એ જ મારું ભાગ્ય છે. હું તે ઘાટને એક દિવસ સુધી અકબંધ રાખીશ. જો ઇન્દ્ર દેવની કૃપા હશે, તો હું બે દિવસ પણ એ સૈન્યને ત્યાં અટકાવી શકીશ. ત્યાં સુધીમાં અમારા મેલુહા માટે વિજય પ્રાપ્ત કરી લેજા.'

દક્ષ અચાનક જ બોલી ઊઠ્યા, 'અદ્‌ભુત, દ્રપકુ. તો હવે તાત્કાલિક જ કૂચની તૈયારીઓ કરો.'

દ્રપકુએ સલામી આપી અને કોઈનો વિચાર બદલાય એ પહેલાં તે તંબુમાંથી બહાર નીકળી ગયો.



એક કલાકથી ઓછા સમયમાં વિકર્મ સેનાએ કૂચ શરૂ કરી દીધી. સૂર્ય બરાબર પ્રકાશી રહ્યો હતો અને સમગ્ર છાવણી હવે જાગી રહી હતી. તે બધાએ વિકર્મ સેનાને કૂચ કરતાં જાઈ. આ વિકર્મ સેના કેવું આત્મઘાતી કામ કરવા જઈ રહી હતી, તે બધા જ જાણતા હતા. આમાંથી કોઈ પણ સૈનિક પુનઃ જાવા મળે તેવી સંભાવનાઓ ઘણી ઓછી હતી. જોકે વિકર્મ સૈનાના એક પણ સૈનિકમાં જરા પણ ભય કે ખચકાટ નહોતો. આખી છાવણી ચૂપચાપ તેમના અદ્‌ભુત શૌર્યને પ્રશંસતી રહી. એ બધાના મનમાં એક જ વિચાર રમી રહ્યો હતો :

વિકર્મો આટલા શૂરવીર કઈ રીતે હોઈ શકે ? એ તો નબળા હોવા જોઈએ.

દ્રપકુ સૌથી આગળ હતો અને તેની સુંદર મુખાકૃતિને યુદ્ધના રંગોથી રંગી નાખવામાં આવી હતી. પોતાના કવચની ઉપર તેણે કેસરી રંગનું અંગવસ્ત્ર લપેટ્યું હતું. એ રંગને પરમાત્માનો રંગ માનવામાં આવતો હતો અને અંતિમ યાત્રા વખતે એ જ રંગનાં વસ્ત્રો ધારણ કરવામાં આવતાં હતાં. એ પોતે પણ પાછા ફરવાની આશા સાથે જતો નહોતો.

અચાનક વિધુનમાલી તેની સામે આવીને ઊભો રહી ગયો. દ્રપકુને આશ્ચર્ય થયું. એ કોઈ પ્રતિક્રિયા આપી શકે એ પહેલાં વિધુનમાલીએ પોતાની કટાર ખેંચી કાઢી. દ્રપકુનો

હાથ પોતાની તલવારની મૂઠ પર ગયો, પરંતુ વિધ્યુનમાલીની ગતિ વધારે હતી. તેણે પોતાના જમણા હાથના અંગૂઠાની ત્વચાને પોતાની કટારીથી કાપી અને તેમાંથી જે રક્ત નીકળ્યું તેના વડે તેણે દ્રપકુના કપાળ પર રક્તતિલક કર્યું. ભ્રાતા યોદ્ધાઓની પરંપરા અનુસાર દ્રપકુએ પણ પોતાના રક્તથી વિધ્યુનમાલીના કપાળ પર રક્તતિલક કર્યું. બંનેએ એકબીજાને પોતાના રક્તથી એકબીજાની સુરક્ષાની મૂક શુભકામનાઓ આપી દીધી.

'તું મારા કરતાં વધારે ઉમદા માનવી છે, દ્રપકુ.' વિધ્યુનમાલીએ કહ્યું.

દ્રપકુ એકદમ શાંત ઊભો હતો. વિધ્યુનમાલીના સ્વભાવથી વિપરીત વર્તનથી તેને અત્યંત આશ્ચર્ય થયું હતું.

પોતાના જમણા હાથની મુઠ્ઠી ઊંચી ઉઠાવીને વિધ્યુનમાલીએ જયઘોષ કર્યો, 'વિકર્મ સેના, વિજયી હો !'

'વિકર્મ સેના, વિજયી હો !' ત્યાં ઉપસ્થિત તમામ સૂર્યવંશીઓ પણ વારંવાર જયઘોષ કરવા માંડ્યા.

દ્રપકુ અને અન્ય સૈનિકોએ સમગ્ર છાવણી જોઈ લીધી અને અત્યાર સુધી તેમને જે સન્માન નહોતું મળ્યું તેને આંખો ભરીને સ્વીકારતા રહ્યા, સ્વીકારતા જ રહ્યા.

'વિકર્મ સેના, વિજયી હો!'

દ્રપકુએ મસ્તક હલાવીને બધાને હા કહી અને પોતાની લાગણીઓ વહેવા માંડે એ પહેલાં તેણે કૂચ કરવા માંડી. તેની ટુકડી તેને શિસ્તબદ્ધ કૂચ કરતી અનુસરવા માંડી.

'વિકર્મ સેના, વિજયી હો !'



વર્ષના એ સમયે હોવી જોઈએ તે કરતાં એ સવાર કંઈક વધારે પડતી જ ગરમ હતી.

ગઈકાલે રાત્રે ઉત્તરઘાટ પાસે મેલુહાના સૈનિકો જોઇને ચંદ્રવંશી સૈન્યને ભારે આશ્ચર્ય થયું હતું. એ લોકોએ તાત્કાલિક આક્રમણ કર્યું હતું. આખી રાત વિકર્મ સેનાએ એ ઘાટ પર પોતાની પકડ જાળવી રાખી હતી અને સૂર્યવંશી સેનાને બહુમૂલ્ય સમય મેળવી આપ્યો હતો. આજે જ મુખ્ય યુદ્ધ થવું જોઈએ. શિવ તૈયાર હતા.

શિવની આરતી ઉતારતી સતી પોતે પણ ઝળહળતી હતી. સાત વાર આરતી ઉતાર્યા પછી તે અટકી. પછી તેણે કંકુમાં પોતાનો અંગૂઠો બોળીને શિવના કપાળ પર લાંબુ તિલક કર્યું. 'વિજયી થઈને પાછા ફરજો અન્યથા પાછા જ ન ફરતા.'

શિવે એક ભમર ઊંચી કરી અને હસતાં હસતાં કહ્યું, 'આ તે કેવા પ્રકારની વિદાય છે ? !'

'શું ? ના, આ તો ખાલી...' સતી ખચકાઈ ગઈ.

'હું જાણું છું, હું જાણું છું.' કહેતાં કહેતાં શિવ સતીને ભેટી પડ્યા, 'આવી રીતે યુદ્ધ પહેલાં વિદાય આપવાની સૂર્યવંશીઓની પરંપરા છે, બરોબર ?'

સતી ભીની આંખે શિવ સામે જોઈ રહી. શિવ માટેનો તેનો પ્રેમ દસકોના સૂર્યવંશી જીવનશૈલીના પ્રશિક્ષણને વળોટી રહ્યો હતો. 'તમે તો સુરક્ષિત રીતે અવશ્ય પાછા ફરજો.'

'એમ જ થશે, પ્રિયે.' શિવે કહ્યું, 'તું આટલી સરળતાથી મારાથી છૂટીશ નહીં.'

સતીએ ફિક્કું સ્મિત કર્યું. 'હું તમારી પ્રતીક્ષા કરતી રહીશ.'

પોતાના અંગૂઠા પર ઊંચા થઈને સતીએ શિવને હળવું ચુંબન આપ્યું. શિવે પણ એમ જ કર્યું અને પછી તેમનો વિચાર બદલાઈ જાય એ પહેલાં તેઓ અવળા ફરી ગયા. તંબુનો

પડદો ઊંચો કરીને તેઓ બહાર નીકળ્યા. તેમની આંખો આકાશમાં કોઈ શુભ સંકેત શોધવા માંડી, પરંતુ એવું કંઈ જાવા મળ્યું નહીં.

ઉત્તમ !

શિયાળાના સૂકા પવનની સાથે સંસ્કૃતમાં મંત્રોચ્ચાર અને લયબદ્ધ નગારાંનો અવાજ દૂરથી આવી રહ્યો હતો. આ સૂર્યવંશી પરંપરા શિવને જરા વિચિત્ર લાગી હતી, પરંતુ બ્રાહ્મણો 'ઇન્દ્ર દેવ અને અગ્નિ દેવનું આહ્વાન' કરતા હતા. જોકે મંત્રોચ્ચાર અને લયબદ્ધ નગારાંના લયથી યોદ્ધાઓમાં જાશ અવશ્ય ઊભરાઈ આવતું હતું. યુદ્ધ શરૂ થયા પછી તો નગારાંનો લય વધી જવાનો હતો. શિવ પોતે પણ યુદ્ધ કરવા તત્પર થઈ ઊઠ્યા હતા. તેઓ દક્ષના તંબુની દિશામાં ચાલવા લાગ્યા.

'વંદન, મહારાજ.' રાજવી તંબુનો પડદો ઊંચો કરીને અંદર પ્રવેશતાં શિવે કહ્યું. પર્વતેશ્વર એ સમયે પોતાનું આયોજન દક્ષને સમજાવી રહ્યા હતા. 'વંદન, પર્વતેશ્વર.'

પર્વતેશ્વરે સસ્મિત વંદનનો પ્રત્યુત્તર આપ્યો.

'દ્રપકુના શું સમાચાર છે, પર્વતેશ્વર ?' શિવે પૂછ્યું, 'મને છેલ્લે ત્રણ કલાક પહેલાં સમાચાર મળ્યા હતા.'

'વિકર્મ સેનાનું યુદ્ધ ચાલુ જ છે. દ્રપકુ હજુ લડી જ રહ્યો છે. તેણે આપણને આટલો અમૂલ્ય સમય મેળવી આપ્યો છે. ભગવાન રામના આશિષ તેની પર સતત વરસતા રહે !'

'સત્ય.' શિવે સહમતી દર્શાવી, 'ભગવાન રામના આશિષ તેની પર સતત વરસતા રહે ! આજનો દિવસ પતે ત્યાં સુધી તે પાછળની ટુકડીને રોકી રાખે તો ઘણું.'

'પ્રભુ,' દક્ષે મસ્તક નમાવીને વંદન કરતાં કહ્યું, 'શુભ પ્રારંભ થયો છે. આપણો દિવસ પણ શુભ જ રહેશે. ખરું ને ?'

'હા, એમ જ લાગે છે.' શિવે સસ્મિત કહ્યું, 'દ્રપકુના સમાચાર ખૂબ જ સારા છે, પરંતુ આ પ્રશ્ન ચોથા પ્રહરમાં પૂછવો વધારે યોગ્ય રહેશે, મહારાજ.'

'મને વિશ્વાસ છે કે એ સમયે પણ દિવસ તો શુભ જ રહ્યો હશે, પ્રભુ. દિવસના ચોથા પ્રહરના અંતે સમ્રાટ દિલીપ સાંકળોમાં જકડાઈને આપણી સમક્ષ ઊભો હશે અને ન્યાયની પ્રતીક્ષા કરી રહ્યો હશે.'

'ધ્યાન રહે, મહારાજ.' શિવે કહ્યું, 'આપણે ભાગ્યને બહુ લલચાવવા જેવું નથી. આપણે હજુ યુદ્ધ જીતવાનું બાકી છે !'

'એમાં કોઈ જ સમસ્યા નહીં આવે. અમારી પાસે નીલકંઠ છે. અમારે તો માત્ર આક્રમણ જ કરવાનું છે. અમારો વિજય તો સુનિશ્ચિત જ છે.'

'મને એમ લાગે છે કે ચંદ્રવંશીઓને પરાસ્ત કરવા માટે નીલકંઠથી થોડુંક વધારે જાઈશે, મહારાજ.' શિવે બહોળા સ્મિત સાથે કહ્યું. 'આપણે ક્યારેય આપણા શત્રુઓને ઓછા આંકવા જોઈએ નહીં.'

'હું તેમને જરા પણ ઓછા નથી આંકતો, પ્રભુ, પરંતુ હું આપને ઓછા આંકવાની ભૂલ કરવા ઇચ્છતો નથી.'

શિવે હવે પ્રયત્ન છોડી દીધો. દક્ષની અટલ શ્રદ્ધા સામે કોઈ પણ દલીલ ચાલવાની નહોતી, એ તો તેઓ ક્યારના સમજી ચૂક્યા હતા.

'હવે મારે જવું જોઈએ, મહારાજ.' પર્વતેશ્વરે કહ્યું, 'સમય થઈ ગયો છે. આપ પરવાનગી આપો.'

'હું પરવાનગી આપું છું, પર્વતેશ્વર. વિજયી ભવ.' દક્ષે કહ્યું. પછી શિવ સામે જોઇને તેમણે કહ્યું 'પ્રભુ, તેમણે આપણા માટે પેલી ટેકરી ઉપર એક દર્શક મંચ બનાવ્યું છે,

જ્યાંથી આપણે આ યુદ્ધ જોઈ શકીશું.'

'દર્શક મંચ ?' શિવે ગૂંચવાઈને પૂછ્યું.

'હા. ચાલો, આપણે જઈને જ સમગ્ર યુદ્ધ જોતા રહીએ. ત્યાંથી આપ વધારે સારી રીતે યુદ્ધનું દિશાદર્શન પણ કરી શકશો.'

શિવે આશ્ચર્યથી પોતાની આંખો ઝીણી કરી, 'મહારાજ, મારું સ્થાન તો સૈનિકો સાથે છે. યુદ્ધના મેદાનમાં !'

પર્વતેશ્વર ચાલતાં ચલતાં અટકી ગયા. તેમને ખોટા પડવાનું આશ્ચર્ય અને આનંદ બંને થયાં હતાં.

'પ્રભુ, આ કાર્ય તો ઘાતકી લોકોનું છે, નીલકંઠનું નહીં.' દક્ષે સચિંત અવાજે કહ્યું. 'આપે ચંદ્રવંશીઓના રક્તથી આપના હાથ બગાડવાની આવશ્યકતા નથી. પર્વતેશ્વર પેલા નાગવંશીને પકડી લાવશે અને આપના ચરણે ધરી દેશે. આપ તેની એવી દશા કરજો કે બધા નાગવંશીઓ યુગો સુધી આપના ન્યાયથી થથરતા રહે.'

'આ મારા પ્રતિશોધની વાત નથી, મહારાજ. એ મેલુહાના પ્રતિશોધની વાત છે. આ સમગ્ર યુદ્ધ માત્ર મારા પ્રતિશોધ માટે લડાઈ રહ્યું છે, તેવી નિમ્નકક્ષાની વાત તો હું વિચારી પણ ન શકું. આ તો ઇષ્ટ અને અનિષ્ટ વચ્ચેનું યુદ્ધ છે. અને તેમાં દરેકે એક પક્ષ તો લેવો જ પડે છે અને દરેકે લડવું જ પડે છે. ધર્મયુદ્ધમાં કોઈ જ દર્શકો હોતા નથી, મહારાજ.'

પર્વતેશ્વર શિવને જોઈ રહ્યા હતા, ત્યારે તેમની આંખોમાંથી પ્રશંસા નીતરી રહી હતી. એ ભગવાન રામના જ શબ્દો હતા. ધર્મયુદ્ધમાં કોઈ જ દર્શકો હોતા નથી.

'પ્રભુ, અમે આપનો જીવ જોખમમાં મૂકી શકીએ નહીં.' દક્ષે આજીજી કરી. 'આપ અત્યંત મત્ત્વના છો. આપના જીવને જોખમમાં મૂક્યા વિના પણ આપણે આ યુદ્ધ જીતી શકીશું, તેનો મને વિશ્વાસ છે. આપની ઉપસ્થિતિએ જ અમને પ્રેર્યા છે. હજારો લોકો આપના શબ્દથી પ્રેરાઈને પોતાનું રક્ત વહાવવા તત્પર છે.'

'જો એ લોકો મારા માટે રક્ત વહાવવા તૈયાર હોય, તો મારે પણ એમના માટે રક્ત વહાવવા તૈયાર રહેવું જ જોઈએ.'

કોઈ સૂર્યવંશીના હૃદયમાં ગર્વની લાગણીથી જે આનંદ ઊભરાય તેવા આનંદથી પર્વતેશ્વરનું હૃદય તરબોળ થઈ ગયું. છેવટે તેમને એવો માણસ મળ્યો હતો જેને તેઓ અનુસરી શકે તેમ હતા. છેવટે તેમને એવો માણસ મળ્યાનો આનંદ હતો જેનું નામ ભગવાન રામના નામ સાથે જ લઈ શકાય એમ હતું.

ચિંતિત દક્ષ શિવની પાસે આવ્યા. તેમને એમ સમજાયું હતું કે જો તેમણે નીલકંઠને આ મૂર્ખામી કરતા અટકાવવા હોય, તો તેમણે પોતાના મનની વાત અવશ્ય કહેવી રહી. તેમણે હળવેથી કહ્યું, 'પ્રભુ, આપ તો મારી પુત્રીના પતિ છો. જો આપને કશુંક થયું તો તે આ જીવનમાં બીજી વાર દુર્ભાગ્યનો ભોગ બનશે. હું એની સાથે એમ થવા દઈ શકું નહીં.'

'એવું કશું જ નહીં થાય.' શિવે કહ્યું, 'અને જો સતીનો પતિ આ ધર્મયુદ્ધથી અળગો રહેશે તો સતીને જ હજાર મૃત્યુ જેટલી પીડા થશે. એના મનમાં મારા માટે જરા પણ સન્માન નહીં રહે. જો એ ગર્ભવતી ન હોત, તો અત્યારે એ પણ મારા ખભાથી ખભો મિલાવીને લડતી જ હોત. આપ એ સારી રીતે જાણો છો.'

દક્ષ શિવ સામે મૂંઝવણ અને ચિંતાપૂર્વક જોઈ રહ્યા.

શિવે હૂંફાળું સ્મિત કર્યું. 'એવું કશુ જ નહીં બને, મહારાજ.'

'અને જો બન્યું તો ?'

'તો પછી એ કોઈ ઉમદા હેતુ માટે બન્યું હતું તેમ સ્મરણમાં રાખજો. સતીને હંમેશાં

મારી ઉપર ગર્વ રહેશે.'

દક્ષ શિવ સામે અનહદ ચિંતાથી જોઈ રહ્યા.

'મને ક્ષમા કરશો, મહારાજ, પરંતુ મારે હવે જવું પડશે.' કહીને શિવે વંદન કર્યાં અને બહાર નીકળ્યા.

પર્વતેશ્વર શિવને એવી બેધ્યાન રીતે અનુસર્યા જાણે તેમને કોઈ દૈવીશક્તિએ એમ કરવાનો આદેશ આપ્યો હોય અને તેમનું ધ્યાન એ શક્તિમાં જ પરોવાયેલું હોય. શિવ તંબૂમાંથી બહાર નીકળીને પોતાના અશ્વ સુધી જઈ રહ્યા હતા ત્યાં તેમને પર્વતેશ્વરનો અવાજ સંભળાયો.

'પ્રભુ !'

શિવે ચાલવાનું ચાલુ રાખ્યું.

'પ્રભુ !...' આ વખતે પર્વતેશ્વરે થોડાક ઊંચા અવાજે શિવને સ્પષ્ટ સમજાય તેમ કહ્યું.

શિવ ચાલતાં ચાલતાં અચાનક અટકી ગયા. તેમણે પાછળ ફરીને પર્વતેશ્વર સામે જોયું ત્યારે તેમના મુખ પર આશ્ચર્યના ભાવ હતા. 'મને ક્ષમા કરજો, પર્વતેશ્વર. મને એમ લાગ્યું કે તમે મહારાજને બોલાવી રહ્યા હશો.'

'ના, પ્રભુ.' પર્વતેશ્વરે કહ્યું, 'મેં આપને જ બોલાવ્યા હતા.'

શિવનું આશ્ચર્ય વધી ગયું, 'શું થયું છે, શૂરવીર સેનાપતિ ?'

પર્વતેશ્વર એક સૈનિકની જેમ શિવથી થોડુંક અંતર જાળવીને ઊભા હતા. જે ધરતીના ટુકડા પર સ્વયં મહાદેવ ઊભા હોય, તેની પર ઊભા રહેવું તેમને અયોગ્ય લાગતું હતું. એ જાણે ઊંઘમાં જ ચાલી રહ્યા હોય તેવી અવસ્થામાં હતા. તેમણે પોતાના જમણા હાથની મુઠ્ઠીને હૃદય પર મૂકી અને પછી મેલુહા લોકોની પારંપરિક સલામી આપીને તેઓ નમ્યા. તેઓ કોઈ પણ જીવંત માણસ સામે નમ્યા હોય, તેનાથી વધારે નમ્યા. દરરોજ સવારે પૂજા કરતી વખતે ભગવાન રામની મૂર્તિ સામે નમતા હતા તેટલું નમ્યા. શિવ પર્વતેશ્વર સામે જોઈ રહ્યા હતા. તેમના મુખ પર આશ્ચર્ય અને સંકોચના ભાવ હતા. શિવ પોતે જ પર્વતેશ્વરને એટલું સન્માન આપતા હતા કે આ પ્રસંગથી તેમને અસુખ થવા માંડ્યું.

પર્વતેશ્વર સીધા થયા પરંતુ હજુ તેમનું મસ્તક તો નમેલું જ હતું. 'આપની સાથે મારું રક્ત વહાવવું મારા માટે બહુ મોટુ સન્માન મનાશે, પ્રભુ.' પછી તેમણે પોતાનું મસ્તક સીધું કરીને કહ્યું, 'અત્યંત મોટું સન્માન.'

શિવે સ્મિત કરીને પર્વતેશ્વરની ભુજાઓનો સ્પર્શ કર્યો. 'જો આપણા આયોજનો યોગ્ય હશે, મારા મિત્ર, તો આપણે કોઈએ વધુ રક્ત નહીં વહાવવું પડે !'



પ્રકરણ ૨૩
ધર્મયુદ્ધ

સૂર્યવંશીઓ ધનુષાકારે ગોઠવાઈ ગયા હતા. મજબૂત છતાં મુક્ત રીતે. મધ્યમાં તાજેતરમાં જ રચવામાં આવેલી કાચબા ટુકડીઓ ઊભી હતી. આજુબાજુ પાયદળ હતું અને અશ્વ દળ બંને સીમાઓનું રક્ષણ કરી રહ્યું હતું. ગઈકાલે રાત્રે માવઠું પડ્યું હતું એટલે રથોનો ઉપયોગ કરવામાં આવ્યો નહોતો. કાદવમાં રથ ફસાઈ ન જાય, માટે એમ વિચારવામાં આવ્યું હતું. તાજેતરમાં જ રચવામાં આવેલી ધનુર્ધારીઓની ટુકડી પાછળની બાજુ હતી. તેમના માટે ચોક્કસ રીતે પગની સહાયથી સૂતાં સૂતાં બાણ છોડી શકાય એવી બેઠકો તૈયાર કરવામાં આવી હતી. ધનુષ તેમના પગ પાસે રહેતું અને તેની પણછ તેમની હડપચી સુધી ખેંચી શકાતી હતી. એમાંથી લગભગ ભાલાના કદ જેટલાં જ તીર છોડી શકાતાં હતાં. એ સૂર્યવંશી સેનાની પાછળ હતા એટલે તેમના અસ્તિત્વથી ચંદ્રવંશીઓ તો અજાણ જ હતા.

ચંદ્રવંશીઓએ પારંપરિક રક્ષણાત્મક રીતે તેમની સેના ગોઠવી હતી અને તેમાં તેમનું સંખ્યાબળ એકદમ સ્પષ્ટ રીતે દેખાઈ આવતું હતું. તેમનું પાયદળ પાંચ-પાંચ હજારની ટુકડીઓમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. આવી પચાસ ટુકડીઓની એક સીધી રેખા રચવામાં આવી હતી. દૃષ્ટિ પહોંચે ત્યાં સુધી આ રેખા લંબાતી હોય એમ લાગતું હતું અને એ ટુકડીઓની પાછળ વધારાની ત્રણ ટુકડીઓ પણ તૈનાત હતી જેથી સમય આવે એ લોકો ઝડપથી પોતાનું કામ પૂરું કરી શકે. આ ગોઠવણને કારણે ઓછું સંખ્યાબળ ધરાવતા શત્રુઓ પર સીધું જ આક્રમણ કરી શકાય તેમ છતાં તેમની સુરક્ષા વ્યવસ્થા મજબૂત જ રહે તેમ હતી. એ ટુકડીઓની વચ્ચે વચ્ચે અશ્વદળના આવાગમન માટે જગ્યા રાખવામાં આવી હતી. સૂર્યવંશીઓની સેનાની ગોઠવણ જોઇને ચંદ્રવંશીઓએ પણ પોતાના અશ્વદળને પોતાની સેનાના બંને પડખે ગોઠવ્યું. એના કારણે તેઓ વધારે ગતિથી સૂર્યવંશીઓ પર આક્રમણ કરીને તેમની પ્રથમ હરોળ તોડી શકે તેમ હતા. ચંદ્રવંશી સેનાપતિએ યુદ્ધકળાના પ્રાચીન ગ્રંથોનો ઊંડો અભ્યાસ કર્યો હતો અને તે દરેકેદરેક સૂચનાનું બરોબર પાલન કરી રહ્યો હતો. એ ગ્રંથોની સૂચનાઓ અનુસાર યુદ્ધ લડનારા શત્રુ સામે આ ગોઠવણ એકદમ યોગ્ય જ ગણી શકાય. દુર્ભાગ્યે, તેની સામે તિબેટથી આવેલો એવો એક યોદ્ધો હતો જેના કારણે સૂર્યવંશી સૈન્યની કાયાપલટ થઈ ચૂકી હતી.

શિવ મુખ્ય યુદ્ધમેદાનની પાસે જ આવેલી ટેકરીની દિશામાં આગળ વધ્યા ત્યારે બ્રાહ્મણોએ મંત્રોચ્ચારની ગતિ વધારી દીધી અને નગારાંનો લય પણ વધી જવા પામ્યો. સંખ્યાની દૃષ્ટિએ અત્યંત ઓછા હોવા છતાં સૂર્યવંશીઓમાં જરા પણ ભય નહોતો. તેમને પોતાના ભયને મનના કોઈ ઊંડે ખૂણે ધરબી દીધો હતો.

વિવિધ ટુકડીઓ દ્વારા વિવિધ ઇષ્ટ દેવોનાં નામ પોકારવામાં આવી રહ્યા હતા.

'જય ઇન્દ્ર દેવ !'

'જય અગ્નિ દેવ !'

'જય શક્તિ દેવી !'

'જય વરુણ દેવ !'

'જય પવન દેવ !'

પરંતુ જેવું આ ટુકડીઓએ જાયું કે યુદ્ધમેદાનની પાસેની જ ટેકરી પર શ્વેત તોખાર ઉપર સવાર થઈને એક આકર્ષક અને કદાવર આકૃતિ ચડી છે, કે તરત જ બધા જયાઘોષ બંધ થઈ ગયા. બધાએ ગગનભેદી ગર્જના કરી. એમ લાગ્યું કે દેવોએ પણ વાદળો પાછળથી બહાર આવીને નીચે શું ચાલી રહ્યું છે, તે જાવું પડ્યું હશે. નીલકંઠે હાથ ઊંચો કરી બધાનું અભિવાદન સ્વીકાર્યું. તેમની પાછળ જ પર્વતેશ્વર હતા અને નંદી તેમજ વીરભદ્ર પર્વતેશ્વરની પાછળ હતા.

શિવ પાસે આવ્યા એટલે વ્રક પોતાના અશ્વ પરથી નીચે ઊતરી ગયો. પર્વતેશ્વર પણ એટલી જ ત્વરાથી અશ્વ પરથી નીચે ઊતર્યા અને તેઓ પણ શિવ વ્રક સુધી પહોંચે એ પહેલા જ વ્રકની સાથે ઊભા રહી ગયા.

'પ્રભુ જ જમણા પડખેથી આક્રમણ સંભાળશે, કપ્તાન.' પર્વતેશ્વરે કહ્યું, 'હું આશા કરું છું કે તને વાંધો નહીં હોય.'

'પ્રભુના હાથ નીચે લડવું મારા માટે બહુ મોટું સન્માન હશે, સ્વામી.' વ્રકે સગર્વ કહ્યું. તરત જ તેણે પોતાની છડી ખેંચી, એક ગોઠણ ધરતી પર ટેકવીને તેણે એ છડી ઊંચી કરી અને શિવના હાથમાં આક્રમણનો ભાર સોંપ્યો.

'તમારે આવું બધું કરવાનું બંધ કરવું પડશે.' શિવે ખડખડાટ હસતાં કહ્યું. 'તમે મને ભારે સંકોચમાં મૂકી રહ્યા છો !'

વ્રકને ઊભો કરીને શિવ તેને ભેટી પડ્યા, 'હું તો તારો મિત્ર છું, પ્રભુ નથી.'

આશ્ચર્યચકિત વ્રક એક ડગલું પાછળ ખસ્યો. એના શરીરમાં અત્યારે જે હકારાત્મક ઊર્જાનો સંચાર થઈ રહ્યો હતો, તેને તેનું શરીર સંભાળી શકતું નહોતું. તેણે ધીમેથી કહ્યું, 'હા, પ્રભુ.'

પોતાનું મસ્તક હલાવીને શિવે સ્મિત કર્યું. શિવે વ્રકના હાથમાંથી છડી લઈને ઊંચી કરી કે જેથી સમગ્ર સૂર્યવંશી સેના એ જાઈ શકે. બધી જ ટુકડીઓએ ગગનભેદી ગર્જના કરવા માંડી.

'મહાદેવ ! મહાદેવ ! મહાદેવ !'

શિવ એક ઝાટકામાં પોતાના અશ્વ પર સવાર થઈ ગયા. એ છડી હાથમાં પકડીને તેઓ સેનાની પહેલી હરોળના પ્રારંભથી અંત સુધી ઘૂમી વળ્યા. સૂર્યવંશીના જયઘોષનો અવાજ વધુ ને વધુ ઊંચો થતો જતો હતો.

'મહાદેવ !'

'મહાદેવ !'

'મહાદેવ !'

'સૂર્યવંશીઓ !' શિવે હાથ ઊંચો કરીને ગર્જના કરી. 'મેલુહાવાસીઓ ! સાંભળો !'

સમગ્ર સેના તેમની સમક્ષ પ્રગટ થયેલા ભગવાનના શબ્દો સાંભળવા શાંત થઈ ગઈ.

'મહાદેવ કોણ છે ?' શિવે ગર્જના કરી.

બધા એક એક શબ્દ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા.

'શું મહાદેવ ઉપર બેઠા રહે છે અને તેમણે કરવું જોઈએ તે કામ સામાન્ય માણસ કરતો રહે છે ? ના !'

સૂર્યવંશી નીલકંઠનો સંદેશો સમજવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.

'માણસ જ્યારે ઇષ્ટ માટે લડે છે, ત્યારે એ મહાદેવ બને છે. કોઈ માણસ પોતાની માતાના પેટમાંથી મહાદેવ બનીને જન્મ નથી લેતો. એ જ્યારે અનિષ્ટ સામે લડે છે, ત્યારે યુદ્ધમેદાનમાં તેનો જન્મ થાય છે.'

આખું સૈન્ય આશ્ચર્યચકિત હતું. બધામાં હકારાત્મક ઊર્જાનો સંચાર થઈ રહ્યો હતો.

'હું મહાદેવ છું !' શિવે ગર્જના કરી.

સૂર્યવંશીઓએ પાછી ગગનભેદી ગર્જના કરી. દેવોના દેવ, મહાદેવ તેમનું નેતૃત્વ કરી રહ્યા હતા. હવે ચંદ્રવંશીઓના વિજયની કોઈ જ તક નહોતી.

'પણ હું કંઈ એકમાત્ર મહાદેવ નથી !'

બધા જ સૂર્યવંશીઓ અચાનક જ ચૂપ થઈ ગયા. મહાદેવ કહેવા શું માંગે છે ? એ એકમાત્ર નથી ? શું ચંદ્રવંશીઓના પણ કોઈ ભગવાન છે ?

'હું એકમાત્ર મહાદેવ નથી ! મને તો મારી સમક્ષ એક લાખ મહાદેવ દેખાઈ રહ્યા છે ! મને દેખાઈ રહ્યું છે કે એક લાખ માણસો ઇષ્ટના પક્ષે લડવા ઊભા છે ! મને દેખાય છે કે એક લાખ માણસો અનિષ્ટ સામે લડવા ઊભા છે ! મને દેખાય છે કે એક લાખ માણસો અનિષ્ટનો સંહાર કરવાના છે !'

નીલકંઠના કહેવાનો અર્થ સૂર્યવંશીઓના મગજમાં ઊતરવા માંડ્યો અને તેઓ ફાટી આંખે શિવ સામે જાઈ રહ્યા. એમનામાંથી કોઈએ પ્રશ્ન પૂછવાની હિંમત કરી નહીં કે 'શું અમે બધા પણ ભગવાન છીએ ?'

જોકે શિવ પાસે તેનો ઉત્તર હતો જ : 'હર એક છે મહાદેવ !'

મેલુહાવાસીઓ સ્તબ્ધ હતા. બધા જ મહાદેવ છીએ ?

'હર હર મહાદેવ !' શિવે ગર્જના કરી.

મેલુહાવાસીઓએ પણ ગર્જના કરી. 'હર હર મહાદેવ !'

પ્રત્યેક સૂર્યવંશીઓના શરીરમાં અદ્‌ભુત ઊર્જાનો સંચાર થયો. એ બધાં ભગવાન હતા ! હવે એક સૂર્યવંશી સામે દસ ચંદ્રવંશીઓ હોય, તો પણ કંઈ વાંધો આવે તેમ નહોતો. સૂર્યવંશીઓ તો ભગવાન હતા ! જો સો દુષ્ટ ચંદ્રવંશીઓ સામે એક સૂર્યવંશી હોય, તો પણ વિજય તો સૂર્યવંશીઓનો જ થવાનો હતો. એ લોકો સ્વયં ભગવાન હતા !

'હર હર મહાદેવ !' સૂર્યવંશી સૈન્યએ ગગનભેદી જયઘોષ કર્યો.

'હર હર મહાદેવ !' શિવે પણ ગર્જના કરી, 'આપણે બધા જ મહાદેવ છીએ ! આપણું એક જ લક્ષ્ય છે !'

પોતાની તલવાર ખેંચીને શિવે પોતાના અશ્વની લગામ ખેંચી. અશ્વ પોતાના પાછલા બે પગ પર ઝાડ થયો અને ચંદ્રવંશીઓનો સામનો કરવા એ દિશામાં ફર્યો. શિવે પોતાની તલવાર ચંદ્રવંશીઓ સામે ચીંધી, 'આપણું લક્ષ્ય છે અનિષ્ટનો સંહાર !'

સૂર્યવંશીઓએ પોતાના ભગવાનના શબ્દોનો પડઘો પાડ્યો. 'હર હર મહાદેવ !'

વિજય તો હવે હાથવગો જ છે. 'હર હર મહાદેવ !'

અનિષ્ટના દીર્ઘ શાસનનો આજે અંત આવશે. 'હર હર મહાદેવ !'

સૈન્ય આખું ગરજવા લાગ્યું અને શિવ પર્વતેશ્વર પાસે ગયા. પર્વતેશ્વરની આજુબાજુ નંદી, વીરભદ્ર અને વ્રક હતા.

'ભાષણ સરસ હતું.' વીરભદ્રએ કહ્યું.

શિવે તેની સામે આંખ મારી. પછી તેમણે પોતાનો અશ્વ પર્વતેશ્વર સામે લઈ જઇને કહ્યું, 'સેનાપતિ, મને હવે લાગે છે કે વરસાદ શરૂ કરવાનો સમય થઈ ગયો છે.'

'હા, પ્રભુ.' પર્વતેશ્વરે કહ્યું. તેમણે પોતાના ધ્વજવાહકોને આદેશ આપ્યો. 'ધનુર્ધારીઓ !'

ધ્વજવાહકોએ ચોક્કસ સંકેતવાળો ધ્વજ ઊંચો કર્યો. એ ઘાટા લાલ રંગનો ધ્વજ હતો અને તેની પર કાળા રંગે ઘાતક વીજળી દોરવામાં આવી હતી. એ જ સંદેશને આખી સેનામાં બધે ગોઠવાયેલા ધ્વજવાહકોએ પુનરાવર્તિત કર્યો. સૂર્યવંશી પાયદળ ગોઠણભેર બેસી ગયું. શિવ, પર્વતેશ્વર, વ્રક, નંદી અને વીરભદ્ર પણ પોતાના અશ્વો પરથી નીચે ઊતરી ગયા અને તેમણે પોતાના અશ્વોને પણ નીચે બેસાડી દીધા અને બાણનો વરસાદ શરૂ થઈ ગયો.

ધનુર્ધારીઓને અર્ધગોળાકાર આકારે ગોઠવવામાં આવ્યા હતા જેથી શક્ય એટલી ચંદ્રવંશી સેનાને આ બાણવર્ષામાં આવરી લેવાય. પાંચ હજાર સૂર્યવંશી ધનુર્ધારીઓ ચંદ્રવંશીઓ પર મૃત્યુ વરસાવવા માંડ્યા. આકાશ બાણની ચાદર પાછળ ઢંકાઈ ગયું. સ્વદીપવાસીઓ ટુકડીઓમાં એકદમ પાસેપાસે ઊભા હતા એટલે સરળતાથી આ બાણનો શિકાર બની જતા હતા. હમણાં જ સૈન્યમાં જોડાયેલા ચંદ્રવંશી સૈનિકોની લાકડા અને ચામડાની ઢાલ તો ભાલા જેવા બાણ સરળતાથી વીંધી નાખતા હતા. માત્ર કાયમી સૈનિકો પાસે જ ધાતુની ઢાલ હતી. થોડીક જ ક્ષણામાં અસ્થાયી સૈનિકોની પ્રથમ હરોળ તૂટવા માંડી અને તેમણે મત્ત્વની જગ્યાઓ ખાલી કરી નાખી. એટલા બધા ચંદ્રવંશી સૈનિકો મરી રહ્યા હતા કે એ લોકો પોતાના સ્થાને ઊભા જ રહી શકે તેમ નહોતા. એટલે એ સૈનિકોએ પાછળ ભાગવાનું શરૂ કરી દીધું અને અંધાધૂંધી ફેલાવા માંડી. પાછળની ટુકડીઓમાં પણ મૂંઝવણ વ્યાપી ગઈ.

પર્વતેશ્વરે શિવ સામે જોઇને કહ્યું, 'મને લાગે છે કે આપણે હવે બાણ થોડાંક આગળ મોકલવાં જોઈએ, પ્રભુ.'

શિવે મસ્તક હલાવી સહમતી દર્શાવી. પર્વતેશ્વરે ધ્વજવાહકને એ સંદેશો આગળ મોકલવાની સૂચના આપી. અમુક ક્ષણો પૂરતા ધનુર્ધારીઓ અટકી ગયા. તેમણે પોતાની બેઠકો આવશ્યકતા અનુસાર ગોઠવી. હવે તેઓ વધારે દૂર સુધી બાણ વરસાવવા તૈયાર હતા. તેમણે ધનુષ પર બાણ ચડાવીને પાછો વરસાદ શરૂ કર્યો. બાણ હવે ચંદ્રવંશીઓની બીજી હરોળ પર વરસવા માંડ્યાં. પહેલી હરોળમાંથી પાછળ ભાગી રહેલા સૈનિકો અને ઉપરથી વરસી રહેલાં બાણોને કારણે બીજી હરોળમાં પણ અંધાધૂંધી વ્યાપી ગઈ.

શિવે જોયું કે ચંદ્રવંશી અશ્વદળ હવે આક્રમણ કરવાની તૈયારી કરી રહ્યું છે. તેમણે પર્વતેશ્વરને કહ્યું, 'સેનાપતિ, તેમનું અશ્વદળ આવી રહ્યું છે. એ લોકો આપણી સેનાની બંને બાજુથી પસાર થઈને પાછળ ધનુર્ધારીઓ પર આક્રમણ કરશે. એટલે આપણું અશ્વદળ તેમને અધવચ્ચે અટકાવે તેમ કરો.'

'હા, પ્રભુ.' પર્વતેશ્વરે કહ્યું, 'ચંદ્રવંશીઓના આ પગલાની મેં ગણતરી માંડી જ લીધી હતી. એટલે જ મેં બંને બાજુ મયશ્રેણિક અને વિધુનમાલી સાથે અશ્વદળો ગોઠવ્યાં છે.'

'અદ્‌ભુત ! પરંતુ સેનાપતિ, આપણું અશ્વદળ બહુ આગળ ન જાય તેનું ધ્યાન રહે. નહીંતર આપણા જ બાણ તેમને પણ નડશે. એ લોકો પાછા ન હઠે તે પણ મત્ત્વનું છે. હજુ પાંચેક ઘડી સુધી એ લોકો પોતાના સ્થાને રહીને જ તેમના અશ્વદળને રોકી રાખે, તે મત્ત્વનું છે.'

'બરોબર છે. આપણા ધનુર્ધારીઓને પોતાનું કામ પૂરું કરવા એટલો સમય તો જાઈશે

જ.'

પર્વતેશ્વરે પોતાના ધ્વજવાહકને વિગતવાર સૂચના આપી. ડાબી અને જમણી બાજુ બે સંદેશવાહકો ધસી ગયા. થોડીક જ ક્ષણો પશ્ચાત્ મયશ્રેણિક અને વિધ્યુનમાલીના નેતૃત્વમાં અરિષ્ટનેમી અશ્વદળ ચંદ્રવંશી અશ્વદળને અટકાવવા દોડી ગયું.

દરમિયાન, બાણનો નિર્દયી વરસાદ સતત ચાલુ હોવાથી ચંદ્રવંશીઓની બીજી હરોળમાં પણ અંધાધૂંધી ફેલાવા માંડી. થાકેલાં અંગો અને રક્ત ટપકતા હાથની પરવા કર્યા વિના સૂર્યવંશી ધનુર્ધારીઓએ શૂરવીરતાથી પોતાનું આક્રમણ ચાલુ જ રાખ્યું. એ આક્રમણથી બચવા માટે ચંદ્રવંશીઓની બીજી હરોળના સૈનિકો પણ ભાગવા માંડ્યા અને બીજી હરોળ પણ તૂટવા માંડી.

'હજુ વધારે દૂર ફેંકાવું, પ્રભુ ?' પર્વતેશ્વરે શિવને પૂછ્યું અને શિવે મસ્તક હલાવીને હા પાડી.

દરમિયાન યુદ્ધમેદાનમાં પૂર્વ અને પશ્ચિમ છેડે સૂર્યવંશી અને ચંદ્રવંશી અશ્વદળ વચ્ચે ભયાનક યુદ્ધ થઈ રહ્યું હતું. ચંદ્રવંશીઓ જાણતા હતા કે તેમણે સૂર્યવંશીઓની હરોળ તોડીને અંદર જવું જ પડશે. જો સૂર્યવંશી ધનુર્ધારીઓને અમુક વધારાની ઘડીઓ મળી રહી, તો યુદ્ધમાં પરાજય નિશ્ચિત હતો. એ લોકો ઘવાયેલા વાઘની જેમ શૂરવીરતાથી લડી રહ્યા હતા. તલવારો સ્નાયુઓ અને હાડકાંઓ વીંધી રહી હતી. ભાલાઓ કવચની આરપાર નીકળી રહ્યા હતા. અડધાં કપાયેલાં અંગો લટકતાં હોવા છતાં સૈનિકો લડી રહ્યા હતા. સવાર વિનાના અશ્વો પણ પોતાના જીવ બચાવવાનો હોય, તેમ આમથી તેમ આક્રમણ કરતા દોડી રહ્યા હતા. ધનુર્ધારીઓનું રક્ષણ કરતી હરોળ તોડવા માટે ચંદ્રવંશી અશ્વદળ એડીચોટીનું જોર લગાવી રહ્યું હતું, પરંતુ તેમનું દુર્ભાગ્ય એ હતું કે તેમણે સૌથી ભયાનક સૂર્યવંશી કમાનોનો સામનો કરવાનો હતો. મયશ્રેણિક અને વિધ્યુનમાલી કોઈ પણ કસર છોડ્યા વિના ચંદ્રવંશીઓને બરોબર ટક્કર આપી રહ્યા હતા.

એ દરમિયાન ધનુર્ધારીઓએ ચંદ્રવંશી સેનાની ત્રીજી હરોળ પર આક્રમણ શરૂ કર્યું હતું. ચંદ્રવંશી સૈનિકો ઘવાઈને રક્ત ટપકતી હાલતમાં પડ્યા હતા કે પછી હરોળ છોડીને ભાગી રહ્યા હતા. તેમાંથી કેટલાક સૈનિકો જોકે શૂરવીરતાથી હરોળ ટકાવીને ઊભા હતા. તેમની ઢાલ તો બાણને રોકવા સમર્થ નહોતી એટલે તેઓ પોતાના મૃત સાથી ભાઈઓના દેહનો જ ઢાલ તરીકે ઉપયોગ કરી રહ્યા હતા, પરંતુ તેમણે હજુ હરોળ છોડી નહોતી.

'શું હવે આપણે બાણ અટકાવીને સીધું આક્રમણ કરવું જોઈએ, પ્રભુ ?'

'ના. ત્રીજી હરોળ ભાંગી પડે ત્યાં સુધી પ્રતીક્ષા કરો. હજુ અમુક ઘડી સુધી બાણવર્ષા ચાલુ રહેવા દો.'

'ઠીક છે, પ્રભુ. આપણે અડધા ધનુર્ધારીઓનાં બાણ હજી આગળ સુધી પહોંચે એમ ગોઠવીએ જેથી તેમની ચોથી હરોળ પર પણ બાણવર્ષા થવા માંડે. જો તેમની હરોળો તૂટવા માંડશે, તો આખી સેનામાં અંધાધૂંધી અવશ્ય ફેલાઈ જશે.'

'યોગ્ય વાત છે, પર્વતેશ્વર. એમ જ કરો.'

દરમિયાન પૂર્વ દિશાથી આક્રમણ કરી રહેલા ચંદ્રવંશી અશ્વદળને પોતાના આક્રમણની નિરર્થકતા સમજાઈ હતી અને તેમણે પાછળ હઠવાનું શરૂ કરી દીધું હતું. અમુક અરિષ્ટનેમી સૈનિકો તેમની પાછળ જવા માટે આગળ વધ્યા પરંતુ વિધ્યુનમાલીએ તેમને અટકાવ્યા. ચંદ્રવંશીઓ પાછળ હઠ્યા એટલે વિધ્યુનમાલીએ પોતાના અશ્વદળને પોતાની જગ્યાએ જ ઊભા રહેવાનો આદેશ આપ્યો જેથી ચંદ્રવંશીઓ ફરી આક્રમણ કરે તો પણ વાંધો આવે નહીં. ચંદ્રવંશી અશ્વદળ દૂર જતું રહ્યું પછી વિધ્યુનમાલીએ પોતાનું અશ્વદળ પહેલાંની જેમ

ધનુર્ધારીઓની રક્ષા કરવા માટે ગોઠવી દીધું.

જોકે મયશ્રેણિકની ટુકડી સામે લડી રહેલા ચંદ્રવંશીઓ જરા વધારે શૂરવીર જણાતા હતા. ઘણું બધું નુકસાન વેઠવા છતાં તેમણે લડવાનું ચાલુ રાખ્યું હતું અને એક પણ ડગલું પાછળ ભર્યું નહોતું. મયશ્રેણિક અને તેના સૈનિકોએ પોતાની હરોળ સુરક્ષિત રાખી હતી. અચાનક બાણવર્ષા બંધ થઈ ગઈ. ધનુર્ધારીઓને અટકવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ધનુર્ધારીઓ અટકી ગયા એટલે ચંદ્રવંશી અશ્વદળના કપ્તાને પોતાના સૈનિકોને અટકાવી દીધા અને તેઓ પાછા જવા માંડ્યા. એ જોઇને મયશ્રેણિકે પણ પોતાના અશ્વદળને અટકાવીને પોતાના મૂળસ્થાને ગોઠવી દીધું. એ જાણતો હતો કે હવે થોડીક જ ક્ષણોમાં મુખ્ય આક્રમણ શરૂ થવાનું હતું. એની ટુકડી હવે એ માટે તૈયાર હતી.

‘સેનાપતિ, આક્રમણ કરીશું ?’ શિવે પૂછ્યું અને પોતાની ડાબી બાજુ ઇશારો કર્યો.

‘જી, પ્રભુ.’ પર્વતેશ્વરે ઉત્તર આપ્યો.

પર્વતેશ્વર પોતાના અશ્વ પર સવાર થવા આગળ વધ્યા ત્યારે શિવે બૂમ પાડી, ‘પર્વતેશ્વર !’

‘જી, પ્રભુ.’

‘ચંદ્રવંશીઓની છેલ્લી હરોળ સુધી કોણ પહેલું પહોંચે છે, એ જાવું છે ?’

પર્વતેશ્વરની ભમરો આશ્ચર્યથી ઊંચી થઇ ગઈ અને તેમના મુખ પર બહોળું સ્મિત રમવા માંડ્યું. ‘એ તો હું જ પહોંચીશ, પ્રભુ.’

‘ચાલો, જોઈએ ત્યારે.’ શિવે હસતાં હસતાં પડકાર કર્યો.

પર્વતેશ્વર ત્વરાથી પોતાના અશ્વ પર સવાર થઈ ગયા અને સેનાની ડાબી બાજુ ધસી ગયા. શિવ સેનાની જમણી બાજુ ધસી ગયા. વ્રક, નંદી અને વીરભદ્ર શિવને અનુસર્યા. પ્રસનજીતે મધ્યમાં રહેલી પોતાની કાચબા ટુકડીઓને આક્રમણ માટે સાવધાન કરી.

‘મેલુહાવાસીઓ !’ અશ્વ પરથી નીચે ઊતરતાં શિવે કહ્યું, ‘એ લોકો તમારી સામે જ ઊભા છે ! તમારા હાથે વઢાઈ જવાની પ્રતીક્ષા કરી રહ્યા છે ! આજે આનો અંત આવશે ! અનિષ્ટનો આજે સંહાર થશે !’

‘હર હર મહાદેવ !’ સૈનિકોએ ગર્જના કરી અને સૂર્યવંશી આક્રમણ સૂચવતો શંખનાદ સંભળાવા માંડ્યો.

કર્ણભેદી ગર્જના સાથે પાયદળ ચંદ્રવંશીઓની સેના પર ધસી ગયું. કાચબા ટુકડી તેમની ધીમી પંરતુ મક્કમ ગતિથી ચંદ્રવંશી સેનાની મધ્ય સુધી જવા માંડી. ધનુષ આકારે ગોઠવાયેલા સૈન્યનાં બંને પડખાં મધ્ય કરતાં ઘણા વધારે ગતિથી આગળ વધવા માંડ્યા. અશ્વદળ બંને પડખે એવી રીતે ફેલાઈ ગયું કે જેથી શત્રુઓ ત્યાંથી પાયદળ પર આક્રમણ કરી શકે નહીં. દરમિયાન ચંદ્રવંશીઓની ત્રીજી અને ચોથી હરોળના બચી ગયેલા શૂરવીર સૈનિકોએ સૂર્યવંશી આક્રમણનો સામનો કરવા ત્વરાથી હરોળ પાછી રચવા માંડી હતી. જોકે તેમના સાથી સૈનિકોના મૃતદેહને કારણે તેઓ પારંપરિક ચતુરંગ આકારે ગોઠવાઈ શકતા નહોતા જેથી તેઓ આજુબાજુ છૂટથી ખસી પણ શકતા નહોતા. એટલે જ્યારે સૂર્યવંશીઓ તેમની પર તૂટી પડ્યા ત્યારે તેઓ એક પાતળી હરોળ જ રચી શક્યા હતા.

સૂર્યવંશીઓ પોતાની રણનીતિ અનુસાર ચોકસાઈથી આગળ વધી રહ્યા હતા. વધારે પ્રશિક્ષિત અને શૂરવીર સૈનિકોની હરોળની મધ્યે કાચબા ટુકડી આગળ વધી રહી હતી અને તેમની પાછળ અને આજુબાજુ પાયદળની ટુકડીઓ પણ ગોઠવાયેલી હતી. ચંદ્રવંશીઓ કોઈ પણ રીતે નિર્દયી કાચબા ટુકડીને કેન્દ્ર સુધી પહોંચતા અટકાવી શકે તેમ નહોતા. ઢાલની ગોઠવણને કારણે ચંદ્રવંશીઓની તલવારો કાચબા ટુકડીને સ્પર્શી શકતી

નહોતી અને તેમનાં ત્રિશૂલ ચંદ્રવંશીઓ પર ઘાતક પ્રહારો કરી રહ્યાં હતાં. હવે ચંદ્રવંશીઓ પાસે માત્ર બે જ વિકલ્પ હતા. ત્રિશૂલનો પ્રહાર વેઠી લેવો અથવા બાજુમાં ખસી જવું. જો એ લોકો બાજુમાં ખસી જાય તો ત્યાં સૂર્યવંશી પાયદળ તેમનું સ્વાગત કરવા તૈયાર જ હતું. કાચબા ટુકડીએ ચંદ્રવંશીઓના કેન્દ્રમાં ઘૂસ મારી હતી, તો સૂર્યવંશી પાયદળ તેમની આજુબાજુના સૈનિકોને હણી રહ્યું હતું.

શિવ પોતાની બાજુના સૈનિકોને ભયાનક ગતિથી ચંદ્રવંશીઓના કેન્દ્ર સુધી લઈ જઈ રહ્યા હતા. માર્ગમાં જે પણ આવે, તેને વાઢી નાખવામાં આવતા હતા. શત્રુઓની હરોળ વધુ ને વધુ નબળી બની રહી હતી, તે જોઇને તેમને આશ્ચર્ય થતું હતું. એટલે તેમણે પોતાના સૈનિકોને થોડાક આગળ વધવા દઈને અશ્વ પર થવાય એટલા ઊંચા થઈને આગળ શું બની રહ્યું છે તે સમજવાનો પ્રયત્ન કર્યો. તેમને ખાળી રહેલી ચંદ્રવંશીઓની એક હરોળ પાછળ હઠી જઈને યુદ્ધમેદાનના કેન્દ્રમાં ગોઠવાઈ રહી હતી. તેઓ કાચબા ટુકડીઓની એક માત્ર નબળાઈ એટલે કે તેમની ખુલ્લી જમણી બાજુ પર પ્રહાર કરી રહ્યા હતા. કાચબા ટુકડીના સૈનિકોએ જમણા હાથમાં ભાલા પકડેલા હોવાથી એ બાજુ ઢાલ ગોઠવી શકાય તેમ નહોતી. ચંદ્રવંશી સૈન્યમાં પણ કોઈ તો પોતાની બુદ્ધિ બરોબર વાપરી રહ્યું હતું. જો એક પણ કાચબા ટુકડી તૂટી, તો ત્યાંથી સૂર્યવંશી હરોળમાં ગાબડું પડે અને એ ગાબડામાં ચંદ્રવંશીઓ ધસી આવે. તો સૂર્યવંશીઓનો કચ્ચરઘાણ નીકળી જાય.

'મેલુહાવાસીઓ !' શિવે ગર્જના કરી, 'મને અનુસરો !'

શિવના ધ્વજવાહકે પોતાની ચોક્કસ ધજા ફરકાવી. સૈનિકો શિવને અનુસર્યા. નીલકંઠ એ ચંદ્રવંશી સૈનિકો પર તૂટી પડ્યા, જે સૈનિકો કાચબા ટુકડીને તોડવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. કાચબા ટુકડીના ત્રિશૂલ અને શિવની ટુકડીની તલવારોના દ્વિપાંખિયા આક્રમણથી છેવટે ચંદ્રવંશીઓનું નૈતિક બળ ખૂટી પડ્યું.

થોડી વાર પહેલા જે વિશાળ અને શક્તિશાળી ચંદ્રવંશી સૈન્ય હતું તેના સ્થાને હવે એકલદોકલ શૂરવીરો ચંદ્રવંશીઓ વતી લડી રહ્યા હતા. શિવ અને પર્વતેશ્વર પોતાના સૈનિકો સાથે બાકીનું કામ પૂરું કરવા ધસી ગયા. વિજય નિશ્ચિત હતો. ચંદ્રવંશી સેનાનો સંપૂર્ણ પરાજય થયો હતો.



પ્રકરણ ૨૪
દિગ્મૂઢ કરનારું રહસ્યબોધન

સતી પોતાના તંબુની બહાર દોડી ગઈ. કૃતિકા અને આયુર્વતી પણ તેની પાછળ દોડી ગયાં.

'થોડું ધીમે, સતી.' દોડતાં દોડતાં આયુર્વતીએ કહ્યું, 'આપની પરિસ્થિતિમાં...'

સતીએ અવળાં ફરીને આયુર્વતી સામે સ્મિત કર્યું પરંતુ પોતાની ગતિ જરા પણ ઘટાડી નહીં. તે રાજવી તંબુની દિશામાં દોડી રહી હતી. વિજયની ઘોષણા થયા પછી શિવ અને પર્વતેશ્વર ત્યાં જ હશે, તેમાં તેને જરા પણ સંશય નહોતો. પ્રવેશદ્વાર પાસે જ નંદી અને વીરભદ્ર ચોકી કરી રહ્યા હતા. તેમણે બાજુમાં ખસી જઈને સતીને અંદર જવા દીધી પરંતુ તેમણે આયુર્વતી અને કૃતિકાને રોકી રાખ્યાં.

'ક્ષમા કરશો, આયુર્વતીજી.' નંદીએ મસ્તક નમાવીને વિનમ્રતાથી કહ્યું, 'મને આદેશ આપવામાં આવ્યો છે, મારે અંદર કોઈને પણ પ્રવેશવા દેવા નહીં.'

'કેમ ?' આયુર્વતીને આશ્ચર્ય થયું.

'એ હું નથી જાણતો, દેવી. હું ક્ષમા માંગું છું.'

'એવી આવશ્યકતા નથી.' આયુર્વતીએ કહ્યું, 'તમે તો માત્ર તમારા કર્તવ્યનું જ વહન કરી રહ્યા છો.'

વીરભદ્રએ કૃતિકાને કહ્યું, 'મારે તને પણ એમ જ કહેવાનું છે, પ્રિયે.'

'મને સાર્વજનિક રીતે એવું બધું કહેવું નહી.' કૃતિકાએ લજ્જાથી કહ્યું.

સતી પડદો ઊંચો કરીને તંબૂમાં પ્રવેશી.

'હું નથી જાણતો, પ્રભુ.' પર્વતેશ્વરે કહ્યું, 'પરંતુ વાત ગળે ઊતરતી નથી.'

પર્વતેશ્વર શિવને 'પ્રભુ' સંબોધન કરી રહ્યા હતા, તે સાંભળીને સતીને આશ્ચર્ય થયું. જોકે શિવને સુરક્ષિત જોઇને સતી બધા જ વિચારો ભૂલી ગયાં. 'શિવ !'

'સતી !' સતી સામે ધ્યાન પડતાં શિવ બોલી ઊઠ્યા.

સતી સ્થિર થઈ ગઈ. શિવે સતી સામે જોયું પરંતુ તેમણે સ્મિત કર્યું નહીં. તેમના મુખ પર વિજયની સુરખી પથરાયેલી નહોતી. તેમણે તો પોતાના ઘાવ પર પાટાપિંડી પણ હજુ નહોતી કરાવી.

'શું થયું ?' સતીએ પૂછ્યું.

શિવ તેને તાકી રહ્યા. તેમના હાવભાવ જોઇને સતીને ચિંતા થવા માંડી હતી. સતીએ પર્વતેશ્વર સામે જોયું. પર્વતેશ્વરે તેની સામે એક ક્ષણ પૂરતું પરાણે સ્મિત કર્યું હોય, તેમ સતીને લાગ્યું. એવું સ્મિત જે મુશ્કેલીના સમયમાં મુશ્કેલી છુપાવવા કરવામાં આવ્યું હોય. 'શું થયું, પિતૃતુલ્ય ?'

પર્વતેશ્વરે શિવ સામે જોયું. છેવટે શિવે કહેવું પડ્યું, 'આ યુદ્ધની કોઈક વાત અમને પજવી રહી છે.'

'એવી કઈ વાત છે જે તમને પજવી રહી છે ?' આશ્ચર્યચકિત સતીએ પૂછ્યું, 'તમે તો સૂર્યવંશીઓને તેમના ઇતિહાસનો સૌથી મોટો વિજય અપાવ્યો છે. ચંદ્રવંશીઓનો આ પરાજય તો મારા દાદા સામેના તેમના પરાજયથી પણ વધારે મોટો છે. તમને તો ગર્વ હોવો જોઈએ !'

'મને ચંદ્રવંશીઓ સાથે કોઈ પણ નાગવંશી દેખાયા નહીં.' શિવે કહ્યું.

'એમની સાથે નાગવંશીઓ નહોતા ?' સતીએ પૂછ્યું, 'એ સમજાય એવું નથી.'

'હા.' શિવે કહ્યું. તેમની આંખોમાં કોઈ અંતઃસ્ફુરણા થઈ આવી હોય, તેવા હાવભાવ હતા. 'જો નાગવંશીઓ ચંદ્રવંશીઓ સાથે ગાઢ સંબંધ ધરાવતા હોય, તો આ યુદ્ધમાં તેઓ અવશ્ય ઉપસ્થિત હોત. જો ચંદ્રવંશીઓ આપણી સામે તેમનો ઉપયોગ કરી રહ્યા હોત, તો નાગવંશીઓ આ યુદ્ધમાં તો વધારે મત્ત્વના બની રહેત. પણ એ નાગવંશીઓ ક્યાં હતા ?'

'સંભવતઃ એ લોકો આ બાબતે છૂટા પડી ગયા હોય.' સતીએ ધારણા કરી.

'મને નથી લાગતું.' પર્વતેશ્વરે કહ્યું, 'એ લોકોએ ભેગા મળીને મંદાર પર આક્રમણ કર્યું ત્યારે તો આ યુદ્ધ થયું છે ! એ પછી પણ નાગવંશીઓ એ યુદ્ધમાં સામેલ ન હોય, તે સમજાતું નથી.'

'શિવ, મને વિશ્વાસ છે કે તમે તે અવશ્ય શોધી કાઢશો.' સતીએ કહ્યું, 'એમાં પોતાની જાતને વધારે પીડશો નહીં.'

'એવું નથી સતી !' શિવે ઊંચા અવાજે કહ્યું, 'મને પણ નથી સમજાતું ! એટલે જ અમે ચિંતિત છીએ !'

આશ્ચર્યચકિત સતી એક ડગલું પાછળ હઠી ગઈ. શિવને અચાનક આવેલા ક્રોધથી તે દિગ્મૂઢ બની ગઈ હતી. આ વર્તન શિવ જેવું જરા પણ નહોતું. શિવને પણ સમજાયું કે તેમણે શું કર્યું છે અને તેમણે પોતાનો રક્તભીનો હાથ લંબાવ્યો, 'મને ક્ષમા કરજે સતી. હું અત્યારે...'

તંબૂનો પડદો ઊંચો કરીને દક્ષ એક સેવક સાથે અંદર પ્રવેશ્યા એટલે આ વાતમાં ભંગ પડ્યો.

'પ્રભુ !' કહીને દક્ષ શિવને જોશથી ભેટી પડ્યા.

શિવ એક ડગલું પાછળ હઠી ગયા. તેમના ઘાવમાં પીડા થતી હતી. એ સમજાતાં દક્ષે તરત જ શિવની પકડ છોડી.

'મને ક્ષમા કરશો, પ્રભુ.' દક્ષે કહ્યું. પોતાના સેવકને તેમણે કહ્યું, 'આયુર્વતી ક્યાં છે ? એને અંદર લઈ આવો. તેને પ્રભુના ઘાવ પર પાટાપિંડી કરવાનું કહો.'

'ના, થોભ.' શિવે સેવકને અટકાવ્યો, 'મેં કહ્યું તો ખરું કે અત્યારે મને કોઈ ધ્યાનભંગ કરશો નહીં. એ બધું પછી પણ થઈ શકશે.' પછી દક્ષ સામે જોઇને તેમણે કહ્યું, 'મહારાજ, મારે એક વાત કરવાની છે...'

'પ્રભુ, મને પહેલાં બોલવા દેવાની પરવાનગી આપો, તો...' નાના બાળકને ઘણા સમય પછી મીઠાઈ મળી હોય એવી ખુશી દર્શાવતાં દક્ષે કહ્યું, 'આપે મારા માટે, મેલુહા માટે જે કર્યું છે, તે માટે હું આપનો આભાર માનું છું. મારા પિતાજી જે નહોતા કરી શક્યા એ પણ આપણે સિદ્ધ કરી બતાવ્યું છે ! આ સંપૂર્ણ વિજય છે !'

શિવ અને પર્વતેશ્વરે એક ક્ષણ પૂરતું એકબીજા સામે જોઈ લીધું. એ જ સમયે દક્ષે કહ્યું,

'સમ્રાટ દિલીપને અત્યારે જ અહીંયાં લાવવામાં આવી રહ્યા છે.'

'શું ?' પર્વતેશ્વરનું આશ્ચર્ય દેખાઈ આવતું હતું, 'પરંતુ અમે તો હમણાં જ સૈનિકોને અહીંથી મોકલ્યા છે. આટલી ત્વરાથી તેઓ સમ્રાટ દિલીપને પકડી શક્યા હોય નહીં.'

'ના, પર્વતેશ્વર.' દક્ષે કહ્યું, 'મેં મારા અંગત સૈનિકોને ક્યારનાય મોકલી આપ્યા હતા. તમે અને પ્રભુએ ત્રીજું આક્રમણ શરૂ કર્યું એ સમયે જ અમને દર્શક મંચ પરથી દેખાઈ ગયું હતું કે ચંદ્રવંશીઓનો પરાજય નિશ્ચિત જ છે. વિહંગાવલોકનનો એ જ તો લાભ છે. મને ભય હતો કે દિલીપ કાયરની જેમ ભાગી છૂટશે. એટલે જ તેને પકડી લેવા માટે મેં મારા અંગત સૈનિકોને રવાના કરી દીધા હતા.'

'પરંતુ, મહારાજ,' પર્વતેશ્વરે કહ્યું, 'શું આપણે તેની શરણાગતિ પહેલાં જ તેની શરતો નક્કી ન કરવી જોઈએ ? આપણે તેમને કયો પ્રસ્તાવ રજૂ કરીશું ?'

'પ્રસ્તાવ ?' દક્ષની આંખોમાં વિજયનો ચમકારો હતો, 'સાચું કહું તો, એ માણસનો જે રીતે સંપૂર્ણ પરાજય થયો છે, એ જાતાં કોઈ જ પ્રસ્તાવ મૂકવાની આવશ્યકતા નથી. તેને અહીંયાં એક સામાન્ય અપરાધીની જેમ જ લવાઈ રહ્યો છે. જોકે આપણે તેને અવશ્ય બતાવીશું કે મેલુહા કેટલું દયાવાન બની શકે છે. આપણે તેને એવો પ્રસ્તાવ સંભળાવીશું કે તેની આવનારી સાત પેઢીઓ આપણાં ગુણગાન ગાતી રહેશે.'

આશ્ચર્યથી સાંભળી રહેલા શિવ અંતિમ વાક્યનો કોઈ ખુલાસો પૂછી શકે એ પહેલાં તો છડી પોકારનારાએ તંબૂની બહાર દક્ષની ઉપસ્થિતિની છડી પોકારી દીધી. તેની સાથે તેનો યુવરાજ ભગીરથ પણ હતો.

'એક ક્ષણ થોભ, કૌસ્તવ.' કહીને દક્ષે ત્વરાથી એ તંબૂમાં પોતાને ગમતી ગોઠવણ કરાવડાવી. તેઓ પોતે તંબૂની મધ્યમાં એક આસન પર બેઠા. દક્ષે શિવને પોતાની જમણી બાજુ બેસવાની વિનંતી કરી. શિવ બેઠા એ પછી સતી બહાર જવા ફરી. શિવે હાથ લંબાવીને સતીનો હાથ પકડીને તેને તંબૂમાં જ રોકી રાખી. સતીએ શિવ સામે જાયું અને તે શિવની મૂક આજીજીને માન આપીને શિવના આસનની પાછળ એક આસન પર બેસી ગઈ. પર્વતેશ્વર મહારાજની ડાબી બાજુ બેઠા.

પછી દક્ષે ઊંચા અવાજે કહ્યું, 'તેમને પ્રવેશ કરાવો.'

અનિષ્ટનું મુખ જાવા શિવ આતુર હતા. નાગવંશીઓની ઉપસ્થિતિ ન હોવા છતાં શિવ મનોમન તો એમ જ માનતા હતા કે ઇષ્ટના પક્ષે રહીને તેમણે ધર્મયુદ્ધ કર્યું છે. ચંદ્રવંશી સમ્રાટનું પરાસ્ત મુખ જોઇને તેમને વિજય સંપૂર્ણ થયાની લાગણી થવાની હતી.

દિલીપ તંબૂમાં પ્રવેશ્યો. શિવ આશ્ચર્યથી ટટ્ટાર થઈ ગયા. તેમણે આશા રાખી હતી તેવો દિલીપ તેમને જાવા મળ્યો નહીં. તેમને એક વૃદ્ધ માણસ જાવા મળ્યો, જે સોમરસને લીધે મેલુહામાં તો ભાગ્યે જ જાવા મળતા. ઉંમર વધારે હોવા છતાં દિલીપનો દેખાવ શૂરવીરને શોભે એવો હતો. મધ્યમ ઊંચાઈ, શ્યામવર્ણી ત્વચા અને થોડુંક સ્નાયુબદ્ધ શરીર. મેલુહાનાં સાદાં વસ્ત્રોથી તેમનાં વસ્ત્રો તદ્દન વિપરીત હતાં. ઘાટા ગુલાબી રંગની ધોતી, ચળકતા જાંબુડિયા રંગનું અંગવસ્ત્ર અને શરીરના દરેક ભાગ પર સોનાનાં આભૂષણોનો શણગાર તેને ભવ્ય બનાવતો હતો. તેના હાથ એવી રીતે ગોઠવાયેલા હતા કે એ જોઇને જ તે આનંદી માણસ હશે, તેમ સમજાઈ જાય. શ્વેત-શ્યામ દાઢી અને રંગોથી ભરપૂર રાજમુગટની નીચે રહેલા ગાઢ શ્વેત કેશ તેના વૃદ્ધત્વની ચાડી ખાતા હતા તેમ છતાં તે બુદ્ધિશાળી તો અવશ્ય જણાઈ આવતો હતો.

'યુવરાજ ભગીરથ ક્યાં છે ?' દક્ષે પૂછ્યું.

'મેં તેને બહાર જ પ્રતીક્ષા કરવાનું કહ્યું કે કારણ કે તે ઝડપથી ઉગ્ર બની જાય છે.'

દિલીપે કહ્યું. તે માત્ર દક્ષ સામે જ જાઈ રહ્યો હતો અને તંબૂમાં ઉપસ્થિત બીજા કોઈની તેણે નોંધ લીધી નહોતી. ‘શું તમે મેલુહાવાસીઓ અતિથિને આસન ધરવાની પરંપરા પણ નથી પાળતા ?’

‘આપ અતિથિ નથી, સમ્રાટ દિલીપ.’ દક્ષે કહ્યું, ‘આપ કેદી છો.’

‘હા, હા, હવે. હું જાણું જ છું. તમે ટીખળ પણ ન સમજ્યા ?’ સમ્રાટે ઉદ્ધતાઈથી કહ્યું, ‘તો આ વખતે તમારે લોકોને શું જોઈએ છે ?’

દક્ષ દિલીપ સામે પ્રશ્નાર્થસૂચક દૃષ્ટિથી જાઈ રહ્યા.

‘તમે લોકોએ સો વર્ષ પહેલાં યમુનાનું પાણી તો ચોરી જ લીધું છે.’ દિલીપે કહ્યું, ‘હવે તમારે લોકોને શું જોઈએ છે ?’

શિવે દક્ષ સામે આશ્ચર્યથી જાયું.

‘અમે યમુનાનું પાણી ચોર્યું નથી.’ દક્ષે ક્રોધથી બરાડો પાડીને કહ્યું. ‘એ અમારું જ હતું અને અમે તેને પાછું મેળવ્યું હતું !’

‘એ જે હોય તે.’ દિલીપે હાથ હલાવીને દક્ષની વાતને અવગણતાં કહ્યું, ‘આ વખતે તમારી માંગણી શું છે ?’

આ વાતચીત સાંભળીને શિવને સાચે જ આશ્ચર્ય થઈ રહ્યું હતું. તેમણે આ દુષ્ટ માનવને થોડા સમય પહેલાં જ પરાસ્ત કર્યો હતો. એ માણસમાં પસ્તાવાની ભાવના દેખાવી જાઈતી હતી અને આવી ઉદ્ધત રીતે તે વાત કેવી રીતે કરી શકતો હશે ?

દક્ષ દિલીપ સામે પહોળી આંખે કરુણાસભર સ્મિત સાથે જાઈ રહ્યા, ‘મારે કશું જ જાઈતું નથી. ઊલટાનું, અમે તો તમને લોકોને કશુંક આપવા ઇચ્છીએ છીએ.’

દિલીપે પોતાની ભમરો ઊંચી કરી, ‘કંઈક આપવા માંગો છો ?’

‘હા, હું તમને લોકોને અમારી જીવનશૈલીના લાભ આપવા ઇચ્છું છું.’

દિલીપ દક્ષ સામે સાશંક દૃષ્ટિથી જાઈ રહ્યા.

‘અમે તમને લોકોને અમારી જીવનશૈલી શીખવીશું.’ દક્ષે વાત ચાલુ રાખી. તેમની આંખોમાં તેમની ઉદારતાની ચમક હતી, ‘અમે તમને લોકોને સુધારીશું.’

દિલીપે ધીમેથી હસતાં હસતાં કહ્યું, ‘અમને સુધારશો ?’

‘હા. અમારા સેનાપતિ પર્વતેશ્વર સ્વદીપનું શાસન સંભાળશે. તમારું રાજાનું પદ યથાવત જ રહેશે, પરંતુ પર્વતેશ્વર તમારા લોકોની ભ્રષ્ટ જીવનશૈલીને સ્થાને મેલુહાની જીવનશૈલી દાખલ કરશે. હવે આ બંને સામ્રાજ્યો એકબીજાની સાથે ભાઈઓ જેવા જ વહેવાર કરશે.’

પર્વતેશ્વર દક્ષ સામે આઘાતથી જાઈ રહ્યા. તેમને સ્વદીપ મોકલવામાં આવશે એવી તેમણે આશા નહોતી રાખી.

પોતાનું હાસ્ય અટકાવવામાં દિલીપને મુશ્કેલી પડી રહી હતી. ‘શું તમને એમ લાગે છે કે તમારા સીધા-સાદા માણસો સ્વદીપ પર શાસન કરી શકશે ? અમે તો બધા આનંદી લોકો છીએ. કોઈ તમારી જીવનશૈલીવાળી વાતો સાંભળશે પણ નહીં.’

‘અચૂક સાંભળશે.’ દક્ષે સસ્મિત કહ્યું, ‘અમે કહીશું એ દરેક વાત એ લોકો અચૂક સાંભળશે, કારણ કે અમારો અવાજ ક્યાંથી આવે છે, એ જ તમને લોકોને જાણ નથી.’

‘સાચે જ ? ક્યાંથી આવે છે તમારા લોકોનો અવાજ ? મારા જ્ઞાનમાં વૃદ્ધિ કરો.’

દક્ષે શિવ સામે જોઇને કહ્યું, ‘અમારી સાથે કોણ બેઠું છે એ જરા જાઈ લો.’

દક્ષે દિલીપની જમણી બાજુ જોઇને આશ્ચર્યસભર અવાજે કહ્યું, ‘આ કોણ છે ? અને, હે ભગવાન ઇન્દ્ર, એમનામાં એવી શું ખાસિયત છે ?’

શિવ થોડાક સંકોચાયા. તેમને આ બધું યોગ્ય નહોતું લાગી રહ્યું.

દક્ષે થોડાક ઊંચા અવાજે કહ્યું, 'એમના કંઠ સામે જુઓ, ચંદ્રવંશીઓના સમ્રાટ.'

દક્ષે પુનઃ શિવ સામે એટલા જ અભિમાનથી જોયું. શિવના શરીર પર રક્ત જામેલું હતું અને ઘાવ પણ ખુલ્લા હતા છતાં તેમના ગળામાંથી નીલવર્ણો રંગ ઝળકી રહ્યો હતો. અચાનક જ દિલીપનું અભિમાનસૂચક સ્મિત અદૃશ્ય થઈ ગયું. તેને આઘાત લાગ્યો હોય, એમ દેખાઈ આવતું હતું. તેણે કશુંક કહેવાનો પ્રયત્ન કર્યો પરંતુ તે અવાક થઈ ગયો હતો.

'હા, ભ્રષ્ટ ચંદ્રવંશી.' દક્ષે દૃશ્યમાં નાટ્યાત્મકતા ઉમેરવા ખોંખારા સાથે કહ્યું 'અમારા પક્ષે સ્વયં નીલકંઠ છે.'

કોઈ બાળકને તેના પિતા જ પીઠમાં કટાર મારે તો જેવું આશ્ચર્ય થાય, તેવા હાવભાવ દિલીપના મુખ પર આવી ગયા. શિવના હૃદયમાં પીડા વધી ગઈ. તેમણે આવી જરા પણ અપેક્ષા રાખી નહોતી.

દક્ષે તો હજુ પણ દમ ભિડાવવાનું ચાલુ જ રાખ્યું હતું, 'નીલકંઠે એવી પ્રતિજ્ઞા લીધી છે કે તેઓ ભ્રષ્ટ ચંદ્રવંશી જીવનશૈલીનો નાશ કરી દેશે. તમારે લોકોએ સાંભળવું જ પડશે.'

આશ્ચર્યચકિત દિલીપ ઘણો સમય શિવને તાકી રહ્યો. છેવટે તેણે સ્વસ્થતા કેળવીને કહ્યું, 'તમે જેમ કહો એમ.'

દક્ષ આગળ કંઈ બોલી શકે એ પહેલાં દિલીપ અવળા ફરીને તંબૂની બહાર જવા માંડ્યા. તંબૂના પડદા પાસે પુનઃ એક વાર તેમણે શિવ સામે જોઈ લીધું. શિવને એ ગર્વિષ્ઠ, ક્રોધિત આંખોમાં આંસુ પણ દેખાયાં.

જેવો દિલીપ તંબૂની બહાર ગયો કે તરત જ દક્ષ ઊભા થઈને શિવને હળવેથી ભેટ્યા જેથી નીલકંઠને પીડા ન થાય. 'પ્રભુ, એના મુખ પરના હાવભાવ જોયા હતા ? એ અદ્ભુત ક્ષણ હતી !'

પર્વતેશ્વર સામે જોઇને તેમણે કહ્યું, 'પર્વતેશ્વર, દિલીપ હવે ભાંગી પડ્યા છે. હવે સ્વદીપવાસી પર નિયંત્રણ રાખવામાં અને તેમને આપણી જીવનશૈલી શીખવવામાં તમને કોઈ જ મુશ્કેલી પડશે નહીં. ઇતિહાસમાં આપણને સમસ્યાનું કાયમી નિરાકરણ લાવનારા માણસો તરીકે ઓળખવામાં આવશે !'

શિવનું ધ્યાન દક્ષની વાતો પર નહોતું. તેમનું મૂંઝાયેલું હૃદય ઉત્તરો શોધવા મથી રહ્યું હતું. થોડાક જ કલાકો પહેલા જે સંઘર્ષ એકદમ યોગ્ય લાગ્યો હતો તે હવે કેમ અયોગ્ય લાગવા માંડ્યો છે ? તેમણે લાચારીથી સતી સામે જોયું. સતીએ હળવેથી શિવનો ખભો દબાવ્યો.

'આપ શું વિચારી રહ્યા છો, પ્રભુ ?' શિવની મૂંઝવણ પામી જઈને દક્ષે પૂછ્યું.

શિવે માત્ર પોતાનું મસ્તક હલાવ્યું.

'મેં આપને એમ પૂછ્યું કે શું આપને દિલીપ સાથે રથમાં અયોધ્યા જવું ગમશે ?' દક્ષે પૂછ્યું. 'એ સન્માન આપને જ મળવું જોઈએ, પ્રભુ. આપે જ અમને આ ભવ્ય વિજય અપાવ્યો છે.'

શિવને અત્યારે આ વાતચીત જરા પણ મત્ત્વની લાગતી નહોતી. ઉત્તર આપવા માટે વિચારવા જેટલી શક્તિ પણ તેમનામાં નહોતી. તેમણે બેધ્યાનપણે મસ્તક હકારમાં હલાવ્યું.

'અદ્ભુત. હું બધી વ્યવસ્થા કરાવું છું.' દક્ષે કહ્યું. પોતાના સેવકને તેમણે આદેશ આપ્યો, 'હવે આયુર્વતીને ત્વરાથી અંદર મોકલો અને પ્રભુના ઘાવની સારવાર કરાવો. આપણે આવતી કાલે સવારે જ પ્રયાણ કરવું પડશે. દિલીપના પરાજયના સમાચાર

અયોધ્યા પહોંચે અને ત્યાં અંધાધૂંધી સર્જાય એ પહેલાં આપણે પહોંચીએ તો સરળતાથી નિયંત્રણ મેળવી શકાશે.'

શિવને વંદને કરીને દક્ષ બહાર જવા ઊભા થયા, 'પર્વતેશ્વર, આપ નથી આવી રહ્યા ?'

પર્વતેશ્વર શિવને જ નીરખી રહ્યા હતા. તેમના મુખ પર ચિંતાની રેખાઓ તરી આવી હતી.

'પર્વતેશ્વર !' દક્ષે બીજી વાર કહ્યું.

સતી સામે ત્વરાથી જાઈ લઈને બહાર જવા માટે પર્વતેશ્વર ઊભા થયા. સતીએ આગળ આવીને મૃદુતાથી શિવનું મુખ પોતાના બંને હાથમાં સમાવ્યું. શિવની આંખોમાં થાકનો ભાર વર્તાતો હતો. આયુર્વતીએ ધીમેથી પડદો ઊંચો કર્યો. 'આપ કેમ છો, પ્રભુ ?'

શિવે અડધી આંખો બંધ રાખીને ઉપર જાયું. તેમને વિચિત્ર રીતે ઊંઘ આવી રહી હતી. તેમણે અચાનક જ બૂમ પાડી, 'નંદી !'

નંદી અંદર દોડતો આવ્યો.

'નંદી, મારા ગળાનો પટ્ટો શોધી કાઢીશ ?'

'ગળાનો પટ્ટો, પ્રભુ ?' નંદીએ પૂછ્યું.

'હા.'

'ઠીક છે, પરંતુ શા માટે, પ્રભુ ?'

'કારણ કે એ મારે જોઈએ છે !' શિવે ઊંચા અવાજે કહ્યું.

પ્રભુના ઉત્તરમાં ભળેલો ક્રોધ સાંભળીને નંદી ઉતાવળે તંબૂની બહાર જતો રહ્યો. સતી અને આયુર્વતી શિવની સામે સાશ્ચર્ય જાઈ રહ્યાં. એ લોકો કશું કહે એ પહેલાં જોકે શિવ બેભાન થઈને ઢળી પડ્યા.



ગાઢ વનની મધ્યે એ ઝડપથી દોડી રહ્યા હતા. તેમના અણીદાર પંજા તેમની પર પડે એ પહેલાં તે આ વનમાંથી બહાર નીકળી જવા ઇચ્છતા હતા. અચાનક વાતાવરણમાં જારથી કોઈની ચીસ સંભળાઈ.

'બચાવો ! મને બચાવો !'

એ અટકી ગયા. ના. હવે એ ભાગી છૂટવાના નહોતા. એ રાક્ષસો સામે લડવાના હતા. એ તો સ્વયં મહાદેવ હતા. એ તેમનું કર્તવ્ય હતું. શિવ તલવાર ખેંચીને બીજા હાથે ઢાલ ઊંચી કરીને અવળા ફર્યા.

'જય શ્રીરામ !'નો નારો ગજવીને તે વનની દિશામાં પાછા દોડ્યા. કાંટાળી ઝાડીઓથી તેમના પગ છોલાઈ રહ્યા હતા. રક્ત નીગળતી અને ભયભીત અવસ્થા છતાં તે ઝડપથી દોડતા હતા.

હું સમયસર પહોંચી જઈશ.

હું ફરીવાર એને નિરાશ નહીં કરું.

મારું રક્ત જ મારું પાપ ધોઈ શકશે.

તેમના શરીરમાં ભોંકાઈ રહેલા કાંટાની અવગણના કરીને તેઓ ઝાડીઓમાં દોડ્યા. પેલી સ્ત્રીની પાસે તે પહોંચ્યા ત્યારે એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ઢાલ ઊંચી કરીને એ લડવા માટે તૈયાર હતા, પરંતુ કોઈએ તેમની પર આક્રમણ ન કર્યું. કોઈકના

હસવાના અવાજથી તેમનું ધ્યાન એ દિશામાં ખેંચાયું. તેમણે ધીમે ધીમે પોતાની ઢાલ નીચી કરી.

'હે ભગવાન !' એ દુઃખથી બોલી પડ્યા.

એ સ્ત્રી ધરતી પર પડી હતી અને તેના હૃદયમાં એક નાની તલવાર ખૂંપેલી હતી. તેની બાજુમાં એક નાનકડો છોકરો દિગ્મૂઢ બનીને ઊભો હતો. હત્યા કરવાના સંઘર્ષમાં તેના હાથ રક્તભીના થઈ ગયા હતા. આખી શરીરે રીંછ જેવા વાળ ધરાવતો રાક્ષસ એક ખડક પર બેઠો હતો અને ખડખડાટ હસતો હસતો નાના છોકરા સામે આંગળી ચીંધી રહ્યો હતો.

'ના !' શિવે બૂમ પાડી અને તે જાગી ગયા.

'શું થયું, શિવ ?' ચિંતિત સતી તેમની સામે ધસી આવી અને બોલી.

શિવે તંબૂમાં ચારેબાજુ જોઈ લીધું. ચિંતિત પર્વતેશ્વર અને આયુર્વતી ઊભાં થયાં. 'પ્રભુ !'

'શિવ, કશું નથી થયું. બધું ઠીક છે.' સતીએ ધીમેથી કહ્યું અને તેણે શિવના મુખ પર હળવેથી હાથ પસવાર્યો.

'આપને ઝેર આપવામાં આવ્યું હતું, પ્રભુ.' આયુર્વતીએ કહ્યું, 'અમને એમ લાગે છે કે અમુક ચંદ્રવંશી સૈનિકોનાં શસ્ત્રો પર જ ઝેર લગાવવામાં આવ્યું હશે. અન્ય ઘણા સૈનિકો પર પણ તેની અસર પડી છે.'

શિવ ધીમે ધીમે સ્વસ્થ થયા અને શય્યા પરથી ઊભા થયા. સતીએ તેમને ઊભા થવામાં સહાય કરવાનો પ્રયત્ન કર્યો પણ શિવ જાતે જ ઊભા થયા. તેમનું ગળું અત્યંત સુકાઈ ગયેલું લાગતું હતું. લથડાતી ચાલે તેઓ પાણીના કૂંજા સુધી ગયા. સતી પણ તેમની પાછળ જ હતી. તેમણે કૂંજા હાથમાં લઈને પાણી પીધું.

'એમ લાગે છે કે હું ઘણા કલાક સૂતો હોઈશ.' છેવટે દીવાઓ અને બહારનું અંધાર્યું આકાશ જોઇને શિવે કહ્યું.

'હા.' ચિંતિત આયુર્વતીએ કહ્યું, 'લગભગ છત્રીસ કલાક.'

'છત્રીસ કલાક !' શિવને પણ આશ્ચર્ય થયું. પછી તેઓ એ આરામદાયક આસન પર બેસી ગયા. પછી તેમને એક ખૂણામાં કોઈ એકલું અટૂલું બેઠેલું દેખાયું. એ માણસની એક આંખ પર પાટો બાંધવામાં આવ્યો હતો અને કપાયેલો ડાબો હાથ ઝોળીમાં ભરાવેલો હતો. 'દ્રપકુ ?'

'જી, પ્રભુ.' દ્રપકુએ ઊભા થઈને સલામ કરવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

'હે ભગવાન, દ્રપકુ ! તને જોઇને મને અત્યંત આનંદ થઈ રહ્યો છે. કૃપા કરીને શાંતિથી બેસ !'

'આપને જોઇને મને પણ અત્યંત આનંદ થઈ રહ્યો છે, પ્રભુ.'

'તો તમારી બાજુ યુદ્ધ કેવું રહ્યું ?'

'મેં ઘણા માણસો ગુમાવ્યા છે, પ્રભુ. લગભગ અડધી ટુકડી. અને આ આંખ અને એક હાથ પણ.' દ્રપકુએ ધીમેથી કહ્યું, 'પરંતુ આપની કૃપાથી અમે એ લોકોને મુખ્ય યુદ્ધ પૂરું થયું ત્યાં સુધી રોકી શક્યા હતા.'

'એમાં મારી કોઈ કૃપા નહોતી, મિત્ર. એ તો તમારી શૂરવીરતા.' શિવે કહ્યું, 'મને તારી પર સાચે જ ગર્વ છે.'

'આભાર, પ્રભુ.'

સતી પોતાના પતિ પાસે ઊભી ઊભી તેમના કેશમાં હાથ પસવારી રહી હતી. 'તમારે બેસવું જ છે, શિવ ? તમે થોડીક વાર આરામ પણ કરી શકો છો.'

'મેં ઘણો આરામ કરી લીધો, સતી.' શિવે ફિક્કા સ્મિત સાથે કહ્યું.

આયુર્વતીએ સ્મિત કર્યું, 'આપની વિનોદવૃત્તિ પર ઝેરની કોઈ જ અસર નથી થઈ, પ્રભુ.'

'સાચે જ ? શું એ હજુ એટલી જ હાસ્યાસ્પદ છે ?' શિવે હાસ્ય કર્યું.

પર્વતેશ્વર, દ્રપકુ અને આયુર્વતી પણ હસ્યાં. સતી ન હસી. તે શિવને ધ્યાનપૂર્વક નીરખી રહી હતી. એ સ્વસ્થ દેખાવાનો પ્રયત્ન કરી રહ્યા હતા, તે સતી જાઈ શકતી હતી. એ કંઈક ભૂલવાનો પ્રયત્ન કરી રહ્યા હતા અને લોકોનું ધ્યાન તેમના બદલે બીજા કશાક પર કેન્દ્રિત થાય તેમ ઇચ્છતા હતા. શું એમને આવેલું સપનું એટલું ભયાનક હશે ?

'મહારાજ ક્યાં છે ?' શિવે પૂછ્યું.

'પિતાજી આજે પ્રભાતમાં જ અયોધ્યા જવા નીકળી ગયા.' સતીએ કહ્યું.

'પ્રભુ,' પર્વતેશ્વરે કહ્યું, 'મહારાજને એમ લાગ્યું કે આવા સંજાગોમાં સ્વદીપને વધારે સમય કોઈ શાસક વિના રઝળતું રાખવું યોગ્ય નથી. સમ્રાટ દિલીપને કેદી બનાવીને સૂર્યવંશી સૈન્યે તાત્કાલિક અયોધ્યાની દિશામાં કૂચ કરવી જોઈએ જેથી સ્વદીપવાસીઓ આ ઈશ્વરનિર્મિત સંવિધાન જાણે અને સ્વીકારે, એમ મહારાજને લાગ્યું.'

'તો આપણે અયોધ્યા નથી જવાના ?'

'આપણે પણ જઈશું, પ્રભુ.' આયુર્વતીએ કહ્યું, 'પરંતુ થોડાક દિવસમાં આપ એકદમ સ્વસ્થ થઈ જાવ એ પછી.'

'આપણી સાથે બારેક હજાર સૈનિકો રહ્યા છે.' પર્વતેશ્વરે કહ્યું, 'આપ તૈયાર હશો ત્યારે આપણે અયોધ્યાની દિશામાં કૂચ શરૂ કરીશું. મહારાજે એવો આગ્રહ રાખ્યો હતો કે સમ્રાટ દિલીપ એમના કુટુંબના અમુક સભ્યોને અહીં બંધક તરીકે મૂકીને જાય જેથી સ્વદીપનું સૈન્ય આ નાનકડા સૈન્ય પર આક્રમણ કરે નહીં.'

'એટલે આપણી છાવણીમાં સમ્રાટ દિલીપના કુટુંબના સભ્યો છે ?'

'હા, પ્રભુ.' પર્વતેશ્વરે કહ્યું, 'તેમની પુત્રી રાજકુમારી આનંદમયી.'

આયુર્વતીએ સ્મિત કર્યું અને પોતાનું મસ્તક સહેજ હલાવ્યું.

'શું ?' શિવે પૂછ્યું.

આયુર્વતી હસતાં હસતાં પર્વતેશ્વર સામે જાઈ રહી હતી. એ સતી સામે પણ હસી. પર્વતેશ્વર આયુર્વતીને તાકી રહ્યા.

'શું થયું ?' શિવે ફરીવાર પૂછ્યું.

'કશું જ મત્ત્વનું નથી, પ્રભુ.' પર્વતેશ્વરે સંકોચ સાથે ખુલાસો કર્યો. 'એ જરા વધારે પડતી જ આનંદમયી છે.'

'તો પછી હું તેનાથી જરા દૂર જ રહીશ.' શિવે સસ્મિત કહ્યું.



'તો આ માર્ગ શ્રેષ્ઠ હોય એમ જણાય છે.' પર્વતેશ્વરે નકશા પર આંગળી મૂકીને કહ્યું.

પાછલા પાંચ દિવસમાં શિવ અને ઝેરનો ભોગ બનેલા સૈનિકોનું સ્વાસ્થ્ય સુધર્યું હતું. એટલે આવતી કાલે અયોધ્યા જવા માટે કૂચ શરૂ કરવાની હતી.

'તમે યોગ્ય જ કહો છો.' શિવે કહ્યું. સ્વદીપના સમ્રાટની મુલાકાત અંગે તેમનું મગજ સતત વિચાર્યે રાખતું હતું.

દિલીપ માટે દુઃખ અનુભવી શકાતું નથી. મને વિશ્વાસ છે કે એ મુલાકાત દરમિયાન

તો એ માત્ર અભિનય જ કરી રહ્યો હતો. એ લોકો કોઈ પણ પ્રકારની છેતરપિંડી કરી શકવા સક્ષમ છે. અમારું યુદ્ધ યોગ્ય જ હતું.

'આપણે પ્રભાતે કૂચનો પ્રારંભ કરીએ એમ વિચાર છે, પ્રભુ.' પર્વતેશ્વરે કહ્યું. સતી સામે જોઇને તેમણે કહ્યું, 'તને હવે ભગવાન રામની જન્મભૂમિ જાવા મળશે, પુત્રી.'

'હા, પિતૃતુલ્ય.' સતીએ સસ્મિત કર્યું, 'પરંતુ મને જાણ નથી કે આ લોકોએ તેમનું મંદિર સુરક્ષિત રાખ્યું હશે કે કેમ. એ લોકોએ ઘૃણાથી પ્રેરાઇને તેનો નાશ કર્યો હોય, એમ પણ બને.'

તેમની વાતચીતમાં કંઈક મોટા અવાજથી ખલેલ પડી.

પર્વતેશ્વરે ક્રોધપૂર્વક પાછળ જાયું, 'બહાર શું ચાલી રહ્યું છે, નંદી ?'

'સ્વામી.' નંદીએ બહાર ઊભાં ઊભાં જ ઉત્તર આપ્યો. 'રાજકુમારી આનંદમયી અહીં પધાર્યાં છે. તેમણે અમુક માંગણીઓ કરી છે, પરંતુ એ માંગણીઓ આપણે પૂરી કરી શકીએ તેમ નથી. એટલે તે આપને મળવાનો આગ્રહ કરી રહ્યાં છે.'

'રાજકુમારીને કહો કે એ કૃપા કરીને તેમના તંબૂમાં પ્રતીક્ષા કરે.' પર્વતેશ્વરે કડક અવાજે કહ્યું, 'હું થોડીક ક્ષણોમાં ત્યાં તેમને મળીશ.'

'હું પ્રતીક્ષા કરી શકું એમ નથી સેનાપતિ !' બહારથી કોઈ સ્ત્રીનો મક્કમ અવાજ સંભળાયો.

શિવે પર્વતેશ્વરને ઇશારો કર્યો કે તેને અંદર પ્રવેશવા દેવી. પર્વતેશ્વરે પડદા સામે જોઇને કહ્યું, 'નંદી, વીરભદ્ર, રાજકુમારીને અંદર લાવો, પરંતુ તેમણે ક્યાંય શસ્ત્રો છુપાવ્યાં છે કે નહીં તે ચકાસી લેજા.'

થોડીક ક્ષણોમાં આનંદમયીની ચકાસણી નંદી અને વીરભદ્રએ કરી લીધી અને તે શિવના તંબૂમાં પ્રવેશી. તેના દેખાવથી શિવની ભમરો ઊંચી થઇ ગઈ. તે તેના પિતાથી પણ ઊંચી હતી. અને ધ્યાનભંગ કરાવે તેવી સુંદર પણ હતી. અખરોટ જેવા રંગની તેની ત્વચા તેના માદક છતાં સ્નાયુબદ્ધ દેહને વધારે સુંદર બનાવતી હતી. તેની હરણ જેવી આંખો લલચાવનારો દૃષ્ટિપાત કરતી અને તેના હોઠ હંમેશાં ફૂલેલા જ રહેતા છતાં માદક અભિમાની દેખાવ રજૂ કરતા હતા. તેણે વસ્ત્રો પણ ઉત્તેજક દેખાય તેવાં જ ધારણ કર્યાં હતાં. તેની ધોતી નાભિથી ઘણી નીચી બંધાયેલી હતી અને ગોઠણથી ઘણી ઉપર પૂરી થઈ જતી હતી અને તેનાં અંગોને એકદમ ચુસ્ત રીતે જકડી રાખતી હતી. મેલુહાવાસીઓ સાર્વજનિક સ્નાનવિધિ દરમિયાન જે લંગોટ પહેરતા તેનાથી સહેજ મોટી હતી એ ધોતી. તેણે ઉપવસ્ત્ર તો મેલુહાની સ્ત્રીઓ જેવું જ પહેર્યું હતું પરંતુ આગળના ભાગેથી તેને એવી રીતે બનાવવામાં આવ્યું હતું કે તેનાં સ્તનયુગ્મો વચ્ચેની દર્રા ઊડીને આંખે વળગે. તે જુસ્સાભેર આવીને મોઢું મચકોડીને ઊભી રહી.

'શું તમને એમ લાગે છે કે આ વસ્ત્રોમાં હું કોઈ શસ્ત્ર છુપાવી શકું ?' આનંદમયીએ સીધું જ આક્રમણ કર્યું.

નંદી અને સતી આશ્ચર્યથી તેની સામે જાઈ રહ્યાં હતાં જ્યારે શિવ અને વીરભદ્ર એકબીજા સામે મલકી રહ્યા હતા. પર્વતેશ્વરે પોતાનું મસ્તક થોડુંક હલાવ્યું.

'કેમ છો, પર્વતેશ્વર ?' કહીને આનંદમયીએ પોતાની ભમરો ઊંચી રાખીને પર્વતેશ્વરને પગથી માથા સુધી નીરખ્યા.

પર્વતેશ્વરના ગાલ પર સંકોચના શેરડા ફૂટતા જોઇને શિવથી સ્મિત કર્યા વિના રહેવાયું નહીં.

'તમારે શું જોઈએ છે, રાજકુમારી ?' પર્વતેશ્વરે કર્કશ અવાજે કહ્યું, 'અમે અત્યારે

મત્ત્વની મુલાકાત કરી રહ્યા છીએ.'

'મારે જે જોઈએ છે એ સાચે જ મને આપશો, સેનાપતિ ?' આનંદમયીએ નિસાસો નાખીને કહ્યું.

પર્વતેશ્વરના ગાલ વધુ લાલ થઈ ગયા. 'રાજકુમારી, અમારી પાસે મૂર્ખામીપૂર્ણ વાતો માટે જરા પણ સમય નથી !'

'હાય.' આનંદમયીએ કહ્યું, 'કેવું દુર્ભાગ્ય ! તો પછી તમારી આ બિચારી છાવણીમાં મને દૂધ અને ગુલાબની પાંખડીઓ મળે તેવી વ્યવસ્થા કરાવો.'

પર્વતેશ્વરે નંદી સામે આશ્ચર્યથી જોયું. નંદી થોથવાઈ ગયો. 'પ્રભુ, તેમને માત્ર એક પ્યાલો દૂધ નથી જોઈતું. તેમને પચાસ ઘડા ભરીને દૂધ જોઈએ છે. આપણા પુરવઠામાંથી એમ શક્ય બને તેમ લાગતું નથી.'

'તમે પચાસ ઘડા દૂધ પીશો ?' પર્વતેશ્વરની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

'એ તો મારે સાંદર્યસ્નાન કરવા જોઈએ છે, સેનાપતિ !' આનંદમયીએ આંખો નચાવતાં કહ્યું, 'આવતીકાલથી તો તમે અમને લાંબી કૂચ કરવા લઈ જવાના છો. હું આટલી લાંબી યાત્રા તૈયારી વિના કેવી રીતે કરી શકું ?'

'મારાથી આ બાબતમાં શું થઈ શકે એમ છે એ હું તપાસી લઉં છું.' પર્વતેશ્વરે કહ્યું.

'માત્ર તપાસ ન કરશો, સેનાપતિ. એ કામ પૂરું કરો.' આનંદમયીએ ઠપકાભર્યા અવાજે કહ્યું.

શિવ હવે સ્વનિયંત્રણ રાખી શક્યા નહીં. એ ખડખડાટ હસી પડ્યા.

'તમે વળી કેમ હસી રહ્યા છો ?' આનંદમયીએ શિવ સામે ઘુરકાટ કર્યો.

'તમે પ્રભુ સાથે સન્માનપૂર્વક જ વાત કરશો, રાજકુમારી.' પર્વતેશ્વરે ઊંચા અવાજે કહ્યું.

'પ્રભુ ?' આનંદમયી હસી, 'એટલે આ છાવણી તેમના તાબામાં છે ? એ જ જેનું દક્ષ પ્રદર્શન કરવા માંગતા હતા ?'

પછી તેણે શિવ સામે જોઇને કહ્યું, 'તમે મારા પિતાજીને એવું તે શું કહ્યું છે કે એમણે હવે વાત કરવાની પણ બંધ કરી દીધી છે ? મને તો તમે કંઈ એવા ભયજનક લાગતા નથી.'

'કાળજીપૂર્વક બોલજો, રાજકુમારી.' પર્વતેશ્વરે મક્કમ અવાજે સલાહ આપી, 'તમે કોની સાથે વાત કરી રહ્યાં છો એ તમે જાણતાં નથી.'

શિવે હાથ ઊંચો કરીને પર્વતેશ્વરને શાંત પડવાનો ઇશારો કર્યો. જોકે આવશ્યકતા તો આનંદમયીને શાંત પાડવાની હતી.

'તમે જે પણ હોવ એ, અમારા પ્રભુ આવશે ત્યારે તમારા બધાનો અંત આવી જશે. એ જ્યારે સ્વદીપ પર ઊતરી આવશે ત્યારે તમારા જેવા તમામ અનિષ્ટોનો નાશ કરી નાખશે.'

શું ? !

'એમને અહીંથી બહાર લઈ જા, નંદી.' પર્વતેશ્વરે બૂમ પાડી.

'ના, થોભો.' શિવે કહ્યું. આનંદમયી સામે જોઇને તેમણે પૂછ્યું, 'તમે જે કહ્યું ને "જ્યારે તમારા પ્રભુ સ્વદીપ પર ઊતરી આવશે ત્યારે અમારા જેવા તમામ અનિષ્ટોનો નાશ કરી નાખશે." એનો અર્થ શું થયો ?'

'હું તમને શા માટે ઉત્તર આપું, પર્વતેશ્વરના પ્રભુ ?'

પર્વતેશ્વરે આગળ ધસી જઈને પોતાની તલવાર આનંદમયીના ગળે ધરી દીધી, 'પ્રભુ જ્યારે પ્રશ્ન પૂછે ત્યારે તમે અવશ્ય ઉત્તર આપશો જ !'

'તમારી ગતિ કાયમ આટલી હોય છે ?' આનંદમયીએ ભમરો ઊંચી કરીને વિષયી ભાવભંગિમા રચીને પ્રશ્ન પૂછ્યો, 'કે પછી તમે ક્યારેક ધીરા પણ પડો છો ?'

પછી માથું ઝાટકીને આનંદમયીએ શિવ સામે જોયું, 'અમે અમારા એ પ્રભુની પ્રતીક્ષા કરી રહ્યા છીએ જે સ્વદીપ આવશે અને અનિષ્ટ સૂર્યવંશીઓનો નાશ કરી નાખશે.'

શિવના સુંદર મુખ પર ચિંતાની ઊંડી રેખાઓ દેખાવા માંડી. 'અને તમારા પ્રભુ કોણ છે ?'

'એ હું નથી જાણતી. એ હજુ પ્રગટ નથી થયા.'

શિવના હૃદયમાં ઊંડો ચીરો પડ્યો હોય, તેમ તેમને લાગ્યું. હવે પછી તેમને જે પ્રશ્ન પૂછવાનો હતો, તેનો તેમને સાચે જ ભય લાગતો હતો, પરંતુ એ પ્રશ્ન તેમણે પૂછવો પડશે, એ પણ તેઓ જાણતા હતા. 'એ તમારા પ્રભુ છે, એવું તમે કઈ રીતે જાણશો ?'

'તમને એમાં આટલો બધો રસ કેમ પડ્યો છે ?'

'એ તો મારે જાણવું જ રહ્યું !' શિવે કડક અવાજે કહ્યું.

આનંદમયી શિવ સામે એવી રીતે જોઈ રહી જાણે શિવની મતિ ભ્રષ્ટ થઈ ગઈ હોય. 'એ સપ્ત-સિંધુમાંથી નહીં હોય. એ સૂર્યવંશી કે ચંદ્રવંશી પણ નહીં હોય, પરંતુ એ જ્યારે આવશે, ત્યારે એ અમારે પક્ષે જ આવશે.'

શિવનો અંતરાત્મા કહેતો હતો કે આ ઉત્તરમાં હજુ પણ કંઈક બાકી છે. પોતાના આસનનો હાથો પકડીને તેમણે પૂછ્યં, 'અને ?'

'અને,' આનંદમયીએ કહ્યું, 'એ જ્યારે સોમરસ પીશે ત્યારે તેમનો કંઠ નીલા રંગનો થઈ જશે.'

શિવના મોઢામાંથી હાયકારો નીકળી ગયો અને તેમનું શરીર ટટ્ટાર થઈ ગયું. આખી દુનિયા ગોળ ગોળ ફરતી હોય એમ તેમને લાગવા માંડ્યું. આનંદમયી આ વિચિત્ર સંવાદથી વધારે ક્રોધે ભરાઈ હતી.

પર્વતેશ્વર આનંદમયી સામે ક્રોધપૂર્વક જોઈ રહ્યા હતા, 'તું ખોટું બોલી રહી છે ! સ્વીકારી લે કે તું ખોટું બોલી રહી છે !'

'હું શા માટે ખોટું...'

અચાનક આનંદમયીનું ધ્યાન શિવના ગળે બંધાયેલા પટ્ટા પર પડ્યું અને તે અડધા વાક્યે જ અટકી ગઈ. અચાનક તેના અવાજમાંથી તમામ અભિમાન અદૃશ્ય થઈ ગયું. તેના પગ અચાનક તેનું વજન ઉપાડવાની ના પાડવા લાગ્યા. આંગળી ચીંધીને તેણે નબળા અવાજે પૂછ્યું, 'તમારા ગળા પર આ શેની પટ્ટી બંધાયેલી છે ?'

'એને બહાર લઈ જા, નંદી !' પર્વતેશ્વરે આદેશ આપ્યો.

'તમે કોણ છો ?' આનંદમયીએ બૂમ પાડીને પૂછ્યું.

નંદી અને વીરભદ્ર આનંદમયીને બહાર ઘસડી જવાનો પ્રયત્ન કરવા લાગ્યા, પરંતુ આનંદમયી પોતાના બળ વડે તેમનો વિરોધ કરતી રહી. 'મને તમારો કંઠ બતાવો !'

તેમણે આનંદમયીની બાજુઓ પકડી રાખી અને તેને તંબૂની બહારની દિશામાં ઘસેડવા માંડ્યા. એટલે આનંદમયીએ વીરભદ્રના વૃષણો પર લાત મારી. તે પીડાથી બેવડો વળી ગયો અને આનંદમયીએ ફરી એક વાર શિવ સામે જોઇને પૂછ્યું, 'તમે કોણ છો ?'

શિવમાં આનંદમયી સામે જોવાની શક્તિ નહોતી. તેઓ તો બાજુમાં રહેલા એક મેજને તાકી રહ્યા હતા. તેમને એમ લાગતું હતું કે આખી દુનિયા ગોળ ગોળ ફરી રહી છે અને જો કોઈ એક વસ્તુ સ્થિર હોય તો એ તેમની બેઠક છે એટલે તેમણે પોતાની બેઠકના હાથાને જોરથી પકડી રાખ્યો હતો.

વીરભદ્રએ લથડિયાં ખાતાં ખાતાં આનંદમયીનો છૂટી ગયેલો હાથ પકડ્યો અને નંદીએ પાછળથી આનંદમયીના ગળા પર પોતાનો હાથનો ગાળિયો બનાવી દીધો. આનંદમયીએ નંદીના હાથ પર જોરથી બચકું ભર્યું. નંદીએ પીડાના માર્યા બૂમ પાડી અને પોતાનો હાથ ખેંચી લીધો અને આનંદમયીએ ફરીથી ચીસ પાડીને પૂછ્યું, 'મને ઉત્તર આપો ! કોણ છો તમે ?'

શિવે ક્ષણાર્ધ માટે આનંદમયીની ત્રસ્ત આંખોમાં જોયું. એ આંખમાંથી નીતરી રહેલી પીડા શિવના આત્માને પણ સ્પર્શી ગઈ. તેમનો આત્મા અગ્નિમાં બળવા માંડ્યો હોય એમ શિવને લાગ્યું.

અચાનક આઘાત પામેલી આનંદમયી સ્થિર થઈ ગઈ. તેની આંખોમાં ઝળકતી પીડાથી તો મેલુહાનો સૌથી શૂરવીર સૈનિક પણ હત્પ્રભ થઈ જાય એમ હતો. તે ભાંગી પડી અને બોલી, 'તમારે તો અમારા પક્ષે હોવું જોઈતું હતું...'

પછી તેણે પોતાની જાતને નંદી અને વીરભદ્ર દ્વારા તંબૂની બહાર ખેંચાવા દીધી. પર્વતેશ્વરે પોતાની આંખો ઢાળી દીધી હતી. શિવ સામે જોવાની તેમને હિંમત નહોતી થતી. તે ઉમદા સૂર્યવંશી હતા. પોતાના પ્રભુ જ્યારે જીવનની સૌથી નબળી ક્ષણોનો અનુભવ કરી રહ્યા હોય ત્યારે તેમની સામે જોઇને તે તેમને સંકોચમાં મૂકવા નહોતા માંગતા. જોકે સતી પોતાના પતિને એકલા પીડાવા દે તેમ નહોતી. તેણે શિવ પાસે આવીને તેમના મુખનો સ્પર્શ કર્યો.

શિવે સતી સામે જોયું. તેમની આંખોમાં પારાવાર પીડા હતી. સજળ નેત્રે તેમણે પૂછ્યું, 'મેં આ શું કરી નાખ્યું ?'

સતીએ શિવના મસ્તકને પોતાની છાતીમાં છુપાવી દીધું. તે એવું કશું પણ કહી શકે તેમ નહોતી જેથી શિવની પીડા દૂર થાય. એ માત્ર શિવને છાતીએ વળગાડીને ઊભી જ રહી.

શિવનો હળવો અવાજ પણ તંબૂમાં બધાને પીડતો રહ્યો, 'મેં આ શું કરી નાખ્યું ?'



પ્રકરણ ૨૫
'સ્વ'નો દીપ

ત્રણ સપ્તાહ પછી શિવનો કાફલો સ્વદીપવાસીઓના પાટનગર સ્વદીપ પહોંચ્યો હતો. એ લોકો ગંગાકિનારે કાચા, વાંકાચૂંકા રસ્તાઓ પર આગળ વધ્યા હતા અને પછી ગંગાના જળ પર સવાર થઈને ગંગા-સરયૂના સંગમસ્થાન સુધી આગળ વધ્યા હતા. એ પછી તેઓ સરયૂમાં પ્રવેશી ઉત્તર દિશામાં ભગવાન રામની જન્મભૂમિ સુધી ગયા હતા. એ માર્ગ લાંબો અને વાંકોચૂંકો બહુ હતો, પરંતુ સ્વદીપ એટલે કે 'સ્વ'ના દ્વીપ, ના માર્ગોની પરિસ્થિતિ ધ્યાનમાં રાખતાં એ જ સૌથી ઝડપી માર્ગ પણ હતો.

મેલુહાના સૈનિકોના હૃદયમાં અસીમ ઉત્તેજના વ્યાપી ગઈ હતી. તેમણે ભગવાન રામના નગરની દંતકથાઓ સાંભળી હતી, પરંતુ તેમાંથી કોઈએ પણ એ ભૂમિ જાઈ નહોતી. અયોધ્યા, એટલે કે અજેય નગર, જ એ ભૂમિ હતી જે સૌ પ્રથમ ભગવાન રામનાં પગલાંથી પાવન થઈ હતી. તેમની આશા એવી હતી કે આ નગર એટલું અદ્‌ભુત હશે કે તેની સરખામણી અન્ય કોઈ પણ નગર સાથે થઈ શકશે નહીં, પછી ભલેને ચંદ્રવંશીઓએ તેને ગમે તેટલું ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કેમ ન કર્યો હોય. આજુબાજુનાં ચંદ્રવંશી નગરો ભલે ગમે તેટલી ગેરવ્યવસ્થા ભોગવતાં હોય, પરંતુ અયોધ્યા તો વ્યવસ્થા અને સુમેળનું આદર્શ ઉદાહરણ હશે તેમ તે બધાંને લાગતું હતું, પરંતુ એ બધા ભારે નિરાશ થયાં હતાં.

અયોધ્યામાં દેવગીરી જેવું કશું જ નહોતું. પહેલી દૃષ્ટિએ તો તેમાં ઘણું હશે, તેમ લાગે કારણ કે નગર ફરતેનો કોટ બહુ જ મજબૂત હતો અને એ નગર ત્યાંથી તો અજેય જ લાગતું હતું. મેલુહાની દીવાલો તો માત્ર ભૂખરા રંગથી રંગાયેલી જાવા મળતી હતી જ્યારે અયોધ્યાની દીવાલો પર તો સમગ્ર બ્રહ્માંડમાં જાવા મળતા તમામ રંગોનો ભપકો કરેલો હતો. જોકે દરેક બીજી ઈંટ શ્વેત રંગની હતી કારણ કે એ ચંદ્રવંશીઓનો રંગ હતો. નગરના સ્તંભો પર ઘણા બધા ગુલાબી અને વાદળી રંગના વાવટા ફરકતા હતા. અને એ વાવટા કોઈ ચોક્કસ પ્રસંગને કારણે ફરકાવવામાં આવ્યા હતા એમ પણ નહોતું. એ બધા વાવટા તો અહીં કાયમી ફરકતા જ રહેતા હતા.

કિલ્લાની દીવાલના મુખ્ય પ્રવેશદ્વારથી જ માર્ગ ફંટાઈને કિલ્લાની દીવાલની લગોલગ આગળ વધતો હતો જેથી પ્રવેશદ્વારને હાથીઓ કે અન્ય સીધા પ્રહારોથી તૂટતું બચાવી શકાય. મુખ્ય દ્વારની ઉપર અદ્‌ભુત કોતરકામ કરીને ચંદ્ર મૂકવામાં આવ્યો હતો. તેની નીચે ચંદ્રવંશીઓનો મુદ્રાલેખ પણ કોતરેલો હતોઃ 'શૃંગાર. સૌંદર્ય. સ્વાતંત્ર્ય.'

નગરની અંદર પ્રવેશ્યા પછી જ ચોકસાઈ અને વ્યવસ્થાના આગ્રહી મેલુહાવાસીઓને આઘાત લાગ્યો હતો. કૃતિકાએ તેને 'અરાજકતાનું રાજ' કહીને જ વર્ણવી દીધું હતું. મેલુહાનાં નગરોથી વિપરીત, અયોધ્યાનું નિર્માણ મંચ પર કરવામાં આવ્યું નહોતું. જો

મનસ્વી સિંધુ નદીની જેમ ક્યારેક સરયૂ નદી વીફરે તો તે આ નગરને અવશ્ય ડુબાડી દે. નગરની વિવિધ દીવાલોનું ચણતર સાત વર્તુળો પૂરાં કરતું હતું અને તે બહુ મજબૂત જણાતી હતી. જોકે એ દીવાલોનું બાંધકામ કોઈ સૈન્ય-દૃષ્ટિકોણથી કરવામાં નથી આવ્યું એ પારખવા માટે સેનાપતિની દૃષ્ટિ હોવી પણ આવશ્યક નહોતી. એમ દેખાઈ જ આવતું હતું કે જેમ જેમ નગરની જનસંખ્યા વધતી ગઈ તેમ તેમ આ દીવાલો ચણીને નગરને આડેધડ વિસ્તારવામાં આવ્યું હતું. એટલે જ નગર ફરતેની એ દીવાલોમાં ઘણી નબળી કડીઓ હતી અને કોઈ શત્રુ નગરનો ઘેરો નાખે, તો બહુ સરળતાથી તેનો દુરુપયોગ થઈ શકે તેમ હતો. સંભવતઃ એટલે જ ચંદ્રવંશીઓએ આ નગરની દીવાલોથી ઘણે દૂર આવેલા યુદ્ધમેદાનમાં યુદ્ધ કરવાનું નક્કી કર્યું હશે.

માળખાકીય સુવિધાઓની હાલત જોઇને જણાઈ આવતું હતું કે ચંદ્રવંશીઓ કામના બદલે ચર્ચાઓ કરવાનું જ વધારે પસંદ કરતા હતા. માર્ગો એટલે સાવ ધૂળિયા ઉબડ-ખાબડ રસ્તાઓ. તેમાં જોકે એક અપવાદ અવશ્ય હતો : રાજપથ. રાજપથ એકદમ સુઘડ અને રંગોથી શોભાયમાન હતો અને તે કિલ્લાની દીવાલથી સીધો જ ભવ્ય રાજમહેલ સુધી જતો હતો. સ્વદીપવાસીઓ એવી ટીખળ પણ કરતા રહેતા કે રસ્તામાં પડેલા ખાડાને બદલે અમારે તો ખાડામાં બનેલો રસ્તો જ શોધવાનો છે ! મેલુહાનાં નગરોના સુઆયોજિત, દિશાસૂચનો ધરાવતા, પાક્કા માર્ગો અને ચુસ્ત નિયમપાલનમાંથી અહીંયાં કશું જ નહોતું દેખાતું.

સમગ્ર નગરમાં માત્ર ‘અતિક્રમણ’ જ થયેલું દેખાતું હતું. અમુક ખુલ્લાં મેદાનોમાં તો નિયમો તોડીને આવી ગયેલા વસાહતીઓએ પોતપોતાનાં ઝૂંપડા બનાવી લીધાં હતાં. સાંકડા માર્ગો પર નિરાશ્રિતોના કાપડના તંબૂ બની ગયા હતા એટલે એ માર્ગ વધુ સાંકડા બની ગયા હતા. પોતાનું ઘર ધરાવતા ધનવાનો અને ઝૂંપડાંમાં રહેતા નિર્ધન વર્ગ વચ્ચે એટલે જ સતત ઘર્ષણ પણ થયે રાખતું હતું. અમુક વર્ષો પહેલાં બંધાયેલાં ઝૂંપડાંઓને સમ્રાટે નિયમાનુસાર કાયમી કરી દીધાં હતાં. એટલે જ્યાં સુધી રાજ્ય તેમના માટે ક્યાંક ઘરનું નિર્માણ ન કરે, ત્યાં સુધી ઝૂંપડાંવાસીઓને ત્યાંથી હઠાવી શકાય તેમ નહોતા. અને ચંદ્રવંશી શાસન એટલું ભયંકર રીતે બિનકાર્યદક્ષ હતું કે તેઓ પાછલાં બાર વર્ષમાં આ ઝૂંપડાંવાસીઓ માટે એક પણ ઘર બનાવી શક્યા નહોતા. અને હજુ પણ એવું કંઈ બને, તેવી આશા નહોતી. એટલે અતિક્રમણ, ઉબડખાબડ માર્ગો અને કઢંગા બાંધકામને કારણે નગર સતત પતન પામી રહ્યું હતું તે જણાઈ આવતું હતું.

મેલુહાવાસીઓના ક્રોધનો પાર નહોતો. ભગવાન રામના આ મહાન નગરની આ લોકોએ શું હાલત કરી છે ? કે પછી આ બધું પહેલેથી આમ જ હતું ? શું એટલે જ ભગવાન રામે સરયૂ પાર કરીને દૂર સરસ્વતી નદીના કિનારે દેવગીરીમાં પોતાનું પાટનગર સ્થાપ્યું હશે ?

જોકે અવ્યવસ્થાઓના આ નગરમાં શરૂઆતનો આઘાત શમ્યા પછી મેલુહાવાસીઓને આ અરાજકતાના નગરમાં વિચિત્ર અને અણધારી રીતે આનંદ પણ આવવા માંડ્યો. મેલુહાનાં નગરોના એક સમાન ઘર અને રાજમહેલથી વિપરીત અહીં દરેકેદરેક ઘરની બાંધણી અલગ અલગ હતી. સ્વદીપવાસીઓ પર ઇમારતનિર્માણના કોઈ ચુસ્ત નિયમો લાદવામાં આવ્યા નહોતા એટલે તેમણે પોતાના જુસ્સા અને ભવ્યતાને અનુરૂપ ઘર બાંધ્યાં હતાં. અમુક બાંધકામો એટલાં ભવ્ય હતાં કે તેને બાંધનારા ઇજનેરો કેવા હશે તેવો વિચાર મેલુહાવાસીઓને આવી જતો. સ્વદીપવાસીઓ પર મેલુહા જેવું કોઈ જ બંધન નહોતું. કેસરી ઇમારતો, પોપટ જેવી લીલી છત અને ગુલાબી બારીઓ, બધે જ ખુલતા રંગોની

ભરમાર જાવા મળતી હતી. સંસ્કૃત ધનવાન સ્વદીપવાસીઓએ સાર્વજનિક ઉદ્યાનો, મંદિરો, નાટ્યગૃહો અને પુસ્તકાલયોનાં નિર્માણ કરાવ્યાં હતાં અને તેમને પોતાના કુટુંબના કોઈ સભ્યનું નામ પણ આપ્યું હતું, કારણ કે એ બાંધકામમાં તેમને શાસન પાસેથી કોઈ જ સહાય મળી નહોતી. સાર્વજનિક જગ્યાને કોઈ અંગત માણસનું નામ અપાય એ વાત મેલુહાવાસીઓને વિચિત્ર તો લાગી હતી પરંતુ એ ભવ્ય બાંધકામોથી એ લોકો પ્રભાવિત પણ થયા હતા. એ એવું ધબકતું નગર હતું જેમાં ચીતરી ચડાવે તેવી કુરૂપતા અને અદ્‌ભુત સૌંદર્ય એક સાથે જીવતાં હતાં. મેલુહાવાસીઓને અયોધ્યા ધૃણાપાત્ર તેમજ આકર્ષક લાગ્યું હતું.

લોકો પણ ચંદ્રવંશી જીવનશૈલીનું જીવંત ઉદાહરણ હતા. સ્ત્રીઓ ખપ પૂરતાં જ વસ્ત્રો પહેરતી હતી અને પોતાની વિષયવાસના બાબતે સ્પષ્ટ વિચારો અને આત્મવિશ્વાસ પણ ધરાવતી હતી. પુરુષો પણ પોતાનાં વસ્ત્રો અને સુંદરતા અંગે એટલા જ સભાન જાવા મળતા હતા. મેલુહાવાસીઓ તો આવા પુરુષોને વરણાગી જ કહે. સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેનો સંબંધ અંતિમોથી જ વર્ણવી શકાય એમ હતો. એ સંબંધોમાં અત્યંત પ્રેમ અને અત્યંત ધૃણા એક સાથે જાવા મળી શકતા. બધા એ અંગે ખુલ્લા મને, શબ્દો ચોર્યા વિના વાત પણ કરી શકતાં અને સ્વદીપવાસીઓના તમામ સંબંધોના પાયામાં જુસ્સો અવશ્ય રહેતો. અયોધ્યામાં કોઈ કામ નાના પાયે તો થતું જ નહીં. તેમના શબ્દકોષમાં સંયમ નામક શબ્દ જ જાણે નહોતો.

એટલે આનંદી સ્વભાવના અયોધ્યાવાસીઓને દક્ષની ‘સુધારા’ની વાતો પર હસવું આવે તે સ્વાભાવિક જ હતું. દક્ષ જ્યારે આ નગરમાં પ્રવેશ્યા ત્યારે લોકો ઉદાસીથી રાજપથની બંને બાજુ ઊભા હતા અને તેમણે વિજેતાને આવકારવાનો કોઈ પણ ઉમળકો દાખવ્યો નહીં. દક્ષને એવી આશા હતી કે અનિષ્ટ શાસનથી છુટકારો અપાવવા બદલ અયોધ્યાવાસીઓ તેમનું સ્વાગત પુષ્પવર્ષાથી કરશે, પરંતુ આવા ઉષ્માવિહીન આવકારથી તેમને અત્યંત આશ્ચર્ય થયું હતું. તેમને એમ લાગ્યું હતું કે ચંદ્રવંશી રાજાની સરમુખત્યારશાહીનું જ આ પરિણામ હશે.

જોકે એક સપ્તાહ પછી આવી પહોંચેલા શિવના મનમાં એવી કોઈ જ ભ્રમણા નહોતી. તેમણે તો આવા ઉષ્માવિહીન આવકારથી પણ વધારે ખરાબની આશા રાખી હતી. તેમણે એવી આશા રાખી હતી કે તેમની પર કદાચ આક્રમણ પણ કરવામાં આવે. તેમણે એમ વિચાર્યું હતું કે આ સ્વદીપવાસીઓ પણ નીલકંઠની દંતકથામાં વિશ્વાસ ધરાવે છે માટે તેમના પક્ષે ઊભા ન રહેવાથી કદાચ એ લોકો પોતાનો ક્રોધ પ્રગટ કરે પણ ખરા. કહેવાતા અયોગ્ય પક્ષને પસંદ કરવા માટે લોકો તેમને ધૃણા કરશે એમ પણ તેમણે વિચાર્યું હતું. તેમને એમ તો સંશય થવા જ માંડ્યો હતો કે ચંદ્રવંશીઓ કંઈ સાવ ‘અનિષ્ટ’ તો નથી જ. તેમ છતા તે સૂર્યવંશીઓને ‘અયોગ્ય પક્ષ’ માનવા પણ તૈયાર નહોતા. તેઓ હજુ પણ એમ જ માનતા હતા કે કોઈ પણ અપવાદ વિના તમામ મેલુહાવાસીઓ પ્રમાણિક, ઉમદા, નિયમપાલન કરનારા એવા લોકો હતા જેમની પર જરા પણ અચકાયા વિના વિશ્વાસ કરી શકાય તેમ હતો. હવે શિવને પોતાના કર્મ અને ભવિષ્યમાં એ કર્મો કઈ દિશામાં આગળ વધારવાં તે અંગે બહુ જ મૂંઝવણ થઈ રહી હતી. તેમને બૃહસ્પતિની તીક્ષ્ણ બુદ્ધિ અને સ્પષ્ટ સલાહની ખોટ સાચે જ વર્તાતી હતી.

વિચારોના ભાર નીચે દબાયેલા શિવ ત્વરાથી પોતાના ચારેબાજુથી બંધ એવા રથમાંથી નીચે ઊતર્યા અને સીધા જ ચંદ્રવંશી મહેલની દિશામાં આગળ વધ્યા. એક ક્ષણ માટે તેમની આંખો દિલીપના રાજમહેલની ભવ્યતાથી અંજાઈ ગઈ. જોકે તેમણે તરત જ

પોતાની જાતને સંભાળી લીધી, સતીને હાથ આપીને નીચે ઉતારી અને રાજમહેલનાં સો પગથિયાં ચડવાનો પ્રારંભ કર્યો. પર્વતેશ્વર પણ તેમની પાછળ જ હતા. સતીની પાછળ શાંતિથી પગથિયાં ચડી રહેલી આનંદમયી સામે શિવે એક વાર જોઈ લીધું. એ દિવસે શિવ કોણ છે એ જાણ્યા પછી આનંદમયીએ શિવ સાથે વાત જ નહોતી કરી. તેનું મુખ ભાવવિહીન જણાતું હતું અને તેની દૃષ્ટિ તેના પિતા પર જ મંડાયેલી હતી.

'આ માણસ કોણ છે ?' ચંદ્રવંશી મહેલના આંગણની બહાર સૈનિકો દ્વારા રોકી રાખવામાં આવેલા માણસોમાંથી એક સુથાર બોલી ઊઠ્યો.

'આપણા સમ્રાટ અને પેલા નિષ્ઠાવાન પાગલ કેમ એની પ્રતીક્ષા કરી રહ્યા છે ? અને એ પણ આટલા સજીધજીને ?'

'નિષ્ઠાવાન પાગલ ?' તેના મિત્રએ પૂછ્યું.

'તેં હજુ નથી સાંભળ્યું ? મૂર્ખ દક્ષનું એ નવું ઉપનામ છે !'

અને બંને મિત્રો ખડખડાટ હસી પડ્યા.

'ચૂપ !' બાજુમાં ઊભેલા એક ડોસાએ કહ્યું, 'તમને યુવાનોને કંઈ શરમ જેવું છે કે નહીં ? અયોધ્યાનું નાક કપાઈ રહ્યું છે અને તમને લોકોને ટીખળ સૂઝે છે ?'

દરમિયાન શિવ રાજમહેલનાં સો પગથિયાં ચડીને મંચ સુધી પહોંચી ગયા હતા. દક્ષે નમીને વંદન કર્યાં અને શિવે ફિક્કા સ્મિત સાથે તેમના વંદનનો ઉત્તર આપ્યો.

દિલીપ સજળ આંખે શિવની સામે નમી પડ્યા. તેઓ રડતાં રડતાં ધીમેથી બોલ્યા, 'હું દુષ્ટ નથી પ્રભુ. અમે લોકો અનિષ્ટ નથી.'

'શું કહ્યું ?' દક્ષે સરવા કાને દિલીપના શબ્દો સાંભળવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

શિવના ગળે ડૂમો બાઝ્યો હતો એટલે તેઓ કંઈ બોલ્યા નહીં. દિલીપે પણ કંઈ કહ્યું નહીં એટલે દક્ષે માથું ઝાટકીને કહ્યું, 'પ્રભુ, મને લાગે છે કે અયોધ્યાના લોકો સમક્ષ આપનો પરિચય આપવા માટે આ સમય ઉત્તમ છે. મને વિશ્વાસ છે કે એક વાર તે લોકો જાણશે કે સ્વયં નીલકંઠ તેમને બચાવવા આવી પહોંચ્યા છે પછી એ લોકોને સત્ય સમજતાં વાર નહીં લાગે.'

પીડિત શિવ કંઈ બોલે એ પહેલાં જ તેમની પ્રેમાળ પત્ની બોલી ઊઠી, 'પિતાજી, શિવ બહુ જ થાકી ગયા છે. યાત્રા બહુ જ લાંબી હતી. શું એ થોડોક સમય આરામ કરી શકે ?'

'અવશ્ય.' દક્ષે ક્ષમા માંગતાં કહ્યું. પછી શિવ સામે જોઇને તેમણે કહ્યું, 'ક્ષમા કરશો, પ્રભુ. ઘણી વાર હું વધારે પડતો ઉત્સાહમાં આવી જઉં છું. તો આપ આજે આરામ જ કરો. આપણે આપનો પરિચય આવતીકાલે રાજદરબારમાં કરાવીશું.'

શિવે દિલીપની ચિંતિત આંખોમાં જોયું. વધારે ક્ષણો એ આંખો ન જોઈ શકતા શિવે પોતાની દૃષ્ટિ ચંદ્રવંશી સમ્રાટની પાછળ ઊભેલા દરબારીઓ તરફ ઠેરવી. તેમાંથી માત્ર એક જ માણસ મૂંઝાયેલો ન હોય, તેમ લાગતું હતું. એ સમયે શિવને સમજાયું કે આનંદમયી સિવાય દિલીપના દરબારમાં કોઈને એ કોણ છે એની જાણ નહોતી. દિલીપના પુત્ર ભગીરથને પણ નહીં. દિલીપે કોઈને વાત નહોતી કરી. અને દક્ષે પણ નહીં જ કરી હોય. એમને કદાચ શિવની ઉપસ્થિતિમાં જ અત્યંત પ્રભાવક રીતે બધાની સામે આ રહસ્ય છતું કરવાનો મોહ હશે.

'પ્રભુ.'

શિવે પર્વતેશ્વર સામે જોયું. 'હં...' તેમણે ભાગ્યે જ સંભળાય એટલા ધીમા અવાજે કહ્યું.

'હવે વિધિસરની કૂચ સમાપ્ત થઈ ગઈ છે એટલે હું સેનાને બહાર લઈ જઉં છું.'

પર્વતેશ્વરે કહ્યું, 'નગરની બહાર પહેલાં આવેલા સૈનિકો માટે જે છાવણી બનાવાઈ છે, ત્યાં જ આ સૈનિકો રહેશે. હું બે કલાકમાં આપની સેવામાં પાછો ફરીશ.'

શિવે માત્ર મસ્તક હલાવ્યું.



અયોધ્યામાં આવી પહોંચ્યે તેમને થોડાક કલાક થઈ ગયા હતા. શિવે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહોતો. તે પોતાના ભવનના વાતાયન પાસે ઊભા હતા અને ભરબપોરે સૂર્યના ઉજાસમાં નગરને નીરખી રહ્યા હતા. સતી ચૂપચાપ તેમની બાજુમાં તેમનો હાથ પકડીને ઊભી હતી અને તેના શરીરમાંથી જાણે કે શિવના શરીમાં ઊર્જા વહી રહી હતી. તેઓ નગરની મધ્યમાં આવેલા એક ભવ્ય બાંધકામને જાઈ રહ્યા હતા. આટલે દૂરથી તો તે ઇમારત શ્વેત આરસપહાણની બનાવવામાં આવી હોય, તેમ જણાતું હતું. તેને જાતાં શિવના મનમાં શાંતિ થતી હતી પણ તેનું કારણ શિવને સમજાતું નહોતું. એ ઇમારતનું બાંધકામ નગરના સૌથી ઊંચા ભાગમાં એક ટેકરી પર કરવામાં આવ્યું હતું અને તેને અયોધ્યાના દરેક ભાગમાંથી જાઈ શકાય એમ બનાવવામાં આવી હતી. શિવ વિચારવા લાગ્યા કે એ ઇમારત શા માટે એટલી મત્ત્વની હશે કે તેને રાજમહેલથી પણ ઊંચી જગ્યાએ બાંધવામાં આવી હશે ?

એ જ સમયે દ્વાર પર ટકોરા થવા માંડ્યા એટલે તેમના વિચારો અટક્યા.

'કોણ ?' ભવનના એક ખૂણામાં ગોઠવાયેલા આસન પર બેઠેલા પર્વતેશ્વરે પૂછ્યું.

'સ્વામી,' નંદીએ ઉત્તર આપ્યો, 'રાજકુમારી આનંદમયી છે.'

શિવ સામે જાતા પહેલાં પર્વતેશ્વરના ગળાંમાથી ઘુરકાટ તો નીકળી જ ગયો. નીલકંઠે મસ્તક હલાવીને અનુમતિ આપી.

'એમને અંદર આવવા દે, નંદી.' પર્વતેશ્વરે આદેશ આપ્યો.

આનંદમયી પ્રવેશી ત્યારે તેનું હસતું મુખ જોઇને પર્વતેશ્વરને આશ્ચર્ય થયું, 'હું આપની શું સહાયતા કરી શકું, રાજકુમારી ?'

'મેં તો તમને ઘણી વાર સમજાવ્યું છે કે તમે મને કઈ રીતે સહાય કરી શકો તેમ છો, પર્વતેશ્વર.' આનંદમયીએ પર્વતેશ્વરને ચીડવ્યા. 'એટલે જો તમે એકનો એક પ્રશ્ન વારંવાર પૂછવાને બદલે ઉત્તર પર પણ થોડુંક ધ્યાન આપશો, તો આપણે આગળ વધી શકીશું.'

પર્વતેશ્વરના મુખ પર એક સાથે સંકોચ અને ક્રોધના ભાવ પ્રગટ થઈ ગયા. પાછલાં ત્રણ સપ્તાહ પછી શિવે પહેલી વાર સ્મિત કર્યું હતું. કદાચ આનંદમયીને અસલ સ્વરૂપમાં આવેલી જોઇને શિવને પણ આનંદ થયો હતો.

આનંદમયીએ શિવ સામે નમીને વંદન કર્યાં. 'મને હવે સત્ય સમજાયું છે, પ્રભુ. મારા આ પહેલાંના ઉદ્ધત વર્તન માટે હું ક્ષમા માગું છું, પરંતુ એ સમયે હું સાચે જ દુઃખી થઈ ગઈ હતી. આપ સૂર્યવંશીઓના પક્ષે છો એટલે તેનો બેમાંથી એક જ અર્થ થઈ શકે છે. અમે અનિષ્ટ છીએ અથવા તો આપ એ નથી જે અમે માનીએ છીએ અને એ દંતકથા ખોટી છે. એ બંનેમાંથી ગમે તે ખુલાસો હું સ્વીકારું, તો મારો અંતરાત્મા મને સતત ડંખતો જ રહે.'

શિવ આનંદમયી સામે ધ્યાનપૂર્વક જાઈ રહ્યા હતા.

'છેવટે મને એમ સમજાયું છે કે,' આનંદમયીએ કહ્યું, 'દંતકથા ખોટી નથી. અને અમે તો અનિષ્ટ નથી જ. વાત માત્ર એમ છે કે આપ અત્યંત ભોળા છો અને દુષ્ટ સૂર્યવંશીઓએ આપને ગેરમાર્ગે દોર્યા છે. હું આપને સત્ય જણાવીશ અને અમારી જીવનશૈલીની ઇષ્ટતાથી

પરિચિત કરાવીશ.'

'અમે અનિષ્ટ નથી.' પર્વતેશ્વર ઘૂરક્યા.

'પર્વતેશ્વર,' આનંદમયીએ નિસાસો નાખ્યો, 'મેં આ પહેલા પણ તમને કહ્યું જ છે કે આપના સુંદર મુખને વાતો કર્યા સિવાયના પણ ઘણા અદ્ભુત ઉપયોગમાં લઈ શકાય તેમ છે. એટલે તમારે બીજા કામમાં તેને વેડફવાની આવશ્યકતા નથી.'

'બહુ થઈ તારી ઉદ્ધતાઈ !' પર્વતેશ્વરથી હવે સહેવાયું નહીં. 'તું એમ માને છે કે અમે લોકો અનિષ્ટ છીએ ? તમે તમારા લોકોને જ કઈ રીતે રાખો છો એ જાયું છે ? આખી યાત્રામાં મને ભૂખી દૃષ્ટિવાળા લોકો જ દેખાયા છે. રસ્તાની કોરે બાળકો રઝળતાં પડ્યાં હોય છે. આ તમારા "અજેય નગર"માં ઘરડી સ્ત્રીઓ ભીખ માંગતી ફરે છે અને સ્વદીપના ધનવાનોની જીવનશૈલી તો મેલુહાના સમ્રાટથી પણ વધારે ભવ્ય છે. અમારો મેલુહાનો સમાજ પરિપૂર્ણ છે. હું કદાચ પ્રભુની વાત સાથે સહમત થઉં અને એટલું સ્વીકારી પણ લઉં કે તમે લોકો અનિષ્ટ નથી, પરંતુ તમને લોકોને પોતાના માણસોની દરકાર લેતાં નથી આવડતું એ તો માનવું જ રહ્યું. એક વાર મેલુહા આવીને જો કે દરેક નાગરિકની સંભાળ કઈ રીતે લેવાય છે. અમારા શાસનથી તમારા લોકોનું જ જીવન સુધરશે.'

'સુધરશે ?' હવે આનંદમયી પણ ઉત્તેજિત થઈ ગઈ હતી. 'અમે પરિપૂર્ણ લોકો નથી એ બાબતમાં હું સહમત છું. અમારું સામ્રાજ્ય ઘણી બાબતોમાં સુધારા કરી શકે એમ છે એ વાતે પણ હું સહમત છું, પરંતુ અમે અમારા લોકોને કંઈ નહીં, તો સ્વાતંત્ર્ય તો આપીએ જ છીએ. એમને કોઈ મૂર્ખ ઉમરાવે બનાવેલા નિયમોનું પરાણે પાલન નથી કરવું પડતું.'

'એમને સ્વાતંત્ર્ય આપો છો ? શું કરવા માટે ? લૂંટવા, ચોરી કરવા, ભીખ માંગવા અને હત્યા કરવા માટે ?'

'અમારી સંસ્કૃતિ વિશે તમારી સાથે ચર્ચા કરવાની મારે કોઈ જ આવશ્યકતા નથી. તમારા ક્ષુદ્ર મગજમાં અમારી જીવનશૈલીના લાભ ઊતરશે જ નહીં.'

'અને મારે ઉતારવા પણ નથી ! આ સામ્રાજ્યનું શાસન જોઇને મને ઘૃણા જ ઉત્પન્ન થાય છે. તમારી જીવનશૈલીમાં કોઈ નિયમ જ નથી. કોઈ ધારાધોરણ નહીં. કોઈ નિયંત્રણ પણ નથી. એટલે તમે લોકો અનિષ્ટ નહીં હોવ પરંતુ નાગવંશીઓનો સાથ લઈને તમે ભ્રષ્ટ અવશ્ય થઈ ગયા છો. તમે લોકો કાયર ત્રાસવાદીઓની જેમ લડો છો, શૂરવીર ક્ષત્રિયોની જેમ નહીં. એટલે તમે લોકો ભલે અનિષ્ટ ન હોવ, પરંતુ તમારાં કૃત્યો તો અનિષ્ટ જ છે !'

'નાગવંશીઓ ? આ તમે શું કહ્યું ? શું તમને એમ લાગે છે કે નાગવંશીઓનો સાથ લેવા જેટલી અમારી મતિ ભ્રષ્ટ થઈ ગઈ છે ? શું અમે નથી જાણતા કે એમ કરવાથી અમારો આત્મા સાત જન્મો સુધી ભ્રષ્ટ જ રહેશે ? અને ત્રાસવાદ ? અમે કદી ત્રાસવાદનો આશરો લીધો નથી. પાછલાં સો વર્ષથી અમે લોકો તમારા જેવા શાપિત લોકો સામે લડવાની અમારી સ્વાભાવિક સ્ફુરણાને પણ અવગણતા આવ્યા છીએ. એટલે જ અમે સરહદી પ્રાંતોમાંથી પાછા ખસી ગયા છીએ. એટલે જ અમે લોકોએ તમારી સાથેના તમામ પ્રકારના સંબંધોનો વિચ્છેદ કરી નાખ્યો છે. તમે લોકો અમારી યમુના નદીનું જળ ચોરી ગયા ત્યાર પછી અમે ગંગા નદીના ઘટેલા જળસ્રોતથી પણ જીવવાનું શીખી લીધું છે. મારા પિતાજીએ તમને બધાને જણાવ્યું જ હતું કે મંદાર પર્વત પર થયેલા આક્રમણ સાથે અમારે કોઈ જ સંબંધ નથી ! પરંતુ તમે લોકોએ અમારો વિશ્વાસ જ કર્યો નહીં. અને શા માટે કરો ? તમારે લોકોને તો અમારી પર આક્રમણ કરવા એક બહાનું જ જાઈતું હતું !'

'મારી સામે જુઠ્ઠું ન બોલીશ. મહાદેવની સામે તો ક્યારેય નહીં ! ચંદ્રવંશી ત્રાસવાદીઓને નાગવંશીઓ સાથે જાવામાં આવ્યા છે.'

'મારા પિતાજીએ તમને લોકોને જણાવ્યું જ હતું કે અમારા નિયંત્રણ હેઠળના કોઈ પણ માણસને મંદાર પરના આક્રમણ સાથે કોઈ પ્રકારનો સંબંધ નથી. અમારે નાગવંશીઓ સાથે પણ કોઈ જ સંબંધ નથી. એવું શક્ય છે કે અમુક સૂર્યવંશીઓની જેમ, અમુક ચંદ્રવંશીઓએ નાગવંશીઓની સહાયતા કરી હોય. જો તમે અમને સહકાર આપ્યો હોત, તો આપણે સાચા અપરાધીઓને શોધી શક્યા હોત !'

'કેવી મૂર્ખામીપૂર્ણ વાત છે ! કોઈ પણ સૂર્યવંશી એ રાક્ષસોનો સાથ લે જ નહીં. અને એ નાગવંશી ત્રાસવાદીઓનો સાથ આપી રહેલા ચંદ્રવંશીઓ અંગે તો તમારે ઉત્તર આપવો જ પડશે, કારણ કે સ્વદીપ તમારા નિયંત્રણ હેઠળ છે !'

'જો તમે લોકોએ સ્વદીપ સાથેના રાજદ્વારી સંબંધો કાપી નાખ્યા ન હોત, તો તમને ખ્યાલ આવત કે અમારે ત્યાં સરમુખત્યારશાહી નહીં પરંતુ નાનાં નાનાં રજવાડાંઓનું રાજ છે. એ બધાએ અયોધ્યાનું આધિપત્ય સ્વીકાર્યું છે એટલું જ. અયોધ્યા તેમનું બાહ્ય આક્રમણથી રક્ષણ કરે છે અને એ લોકો અમને ખંડણી ચૂકવે છે. એ સિવાય એ લોકો પોતાના રાજ્યનું શાસન પોતાની રીતે કરવા પૂરી રીતે સ્વાતંત્ર્ય ભોગવે છે.'

'એ કઈ રીતે શક્ય છે ? શું તું એમ કહેવા માંગે છે કે સ્વદીપના સમ્રાટ તેમના સામ્રાજ્યનાં તમામ રાજ્યોનું શાસન નથી કરતા ?'

'કૃપા કરો.' શિવે આ દલીલબાજી અટકાવી, કારણ કે એમાં તેમના જ વિચારો પ્રગટ થતા હતા. અને અત્યારે તેમને એવા પ્રશ્નો પોતાના મગજમાં નહોતા પ્રવેશવા દેવા જેનો ઉત્તર તેમની પાસે ન હોય. હમણાં તો નહીં જ.

પર્વતેશ્વર અને આનંદમયી તરત જ ચૂપ થઈ ગયાં.

શિવે પાછું વાતાયન સામે જોઇને પૂછ્યું, 'પેલી ઇમારત શેની છે, આનંદમયી ?'

'એ રામજન્મભૂમિ છે, પ્રભુ.' શિવે પર્વતેશ્વર પહેલાં તેની સાથે વાત કરી તેની ખુશી અનુભવતાં આનંદમયીએ કહ્યું, 'ત્યાં ભગવાન રામના જન્મસ્થળે જ મંદિર બનાવવામાં આવ્યું છે.'

'તમે લોકોએ ભગવાન રામનું મંદિર બાંધ્યું છે ?' આશ્ચર્યચકિત પર્વતેશ્વરે પૂછ્યું, 'પરંતુ એ તો સૂર્યવંશી હતા. અને સૂર્યવંશીઓને તમે કટ્ટર શત્રુ માનો છો.'

'અમે એ મંદિર નથી બાંધ્યું.' આનંદમયીએ કંટાળાથી કહ્યું, 'પરંતુ અમે તેનું સમારકામ કરાવ્યું છે અને તેની સુંદર જાળવણી કરે રાખી છે. અને, તમને કોણે કહ્યું કે ભગવાન રામ અમારા કટ્ટર શત્રુ છે ? એમને કદાચ અલગ પ્રકારની જીવનશૈલી અપનાવવાના માટે ગેરમાર્ગે દોરવામાં આવ્યા હોય, પરંતુ તેમણે ચંદ્રવંશીઓ માટે ઘણું કર્યું છે. અયોધ્યામાં તેમને અત્યંત પૂજનીય માનવામાં આવે છે.'

પર્વતેશ્વરની આંખો આઘાતથી પહોળી થઈ ગઈ હતી, 'પરંતુ તેમણે તો ચંદ્રવંશીઓનો નાશ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.'

'જો એમણે અમારો નાશ કરવાની પ્રતિજ્ઞા લીધી હોત, તો આજે અમારું અસ્તિત્વ ન હોત, ખરુંને ? તેમણે અમને કોઈ જ હાનિ પહોંચાડી નહીં, કારણ કે તેઓ એમ માનતા હતા કે અમે ભલા લોકો છીએ. અમારી જીવનશૈલી પણ આગળ વધવી જોઈએ.'

પર્વતેશ્વરનું મગજ ઉત્તરો શોધવા મથી રહ્યું હતું, કારણ કે આનંદમયીની દલીલોમાં શક્તિ તો હતી જ.

'શું ભગવાન રામનું વિધિપૂર્વક રાખવામાં આવેલું પૂરું નામ તમે જાણો છો ?' આનંદમયીએ પોતાની વિજેતા દલીલ આગળ વધારી.

'એ તો હું જાણું જ છું.' પર્વતેશ્વરે કહ્યું, 'સૂર્યવંશી ક્ષત્રિય અને ઈક્ષ્વાકુના વંશજ

ભગવાન રામ. દશરથ અને કૌશલ્યાના પુત્ર. સીતાના પતિ. અને તેમને સાતમા વિષ્ણુ તરીકે સન્માનવા અને પૂજવામાં આવે છે.'

'બરોબર.' આનંદમયીએ સગર્વ કહ્યું, 'જોકે એમાં એક નાનકડી ભૂલ છે. તમે એક નાનકડો શબ્દ ભૂલી ગયા છો, સેનાપતિ. તમે ચંદ્ર શબ્દ ભૂલી ગયા છો. તેમનું પૂરું નામ હતું રામ ચંદ્ર.'

પર્વતેશ્વરની આંખો પહોળી થઈ ગઈ.

'હા, સેનાપતિ.' આનંદમયીએ કહ્યું, 'તેમનું પૂરું નામ હતું રામ ચંદ્ર. અને તમને કલ્પના પણ આવી શકે એનાથી એ વધારે ચંદ્રવંશી હતા.'

'આ તો ચંદ્રવંશીઓની બે મોઢાની વાતો છે.' પર્વતેશ્વરે કંઈક વિચારીને દલીલ કરી, 'તું માત્ર શબ્દોની માયાજાળમાં ખોવાઈ ગઈ છે અને કર્મોને ભૂલી ગઈ છે. ભગવાન રામે એમ કહ્યું હતું કે માત્ર માણસનાં કર્મોથી જ તેમની ઓળખ સ્થાપિત થાય છે. એટલે તેમના નામમાં ચંદ્ર શબ્દ હતો, તેનો કંઈ અર્થ નથી. તેમનાં કર્મો તો સૂર્ય જેવાં હતાં. એ મૂળથી જ સૂર્યવંશી હતા.'

'એ સૂર્યવંશી અને ચંદ્રવંશી, બંને કેમ ન હોઈ શકે ?'

'આ કેવી મૂર્ખતાપૂર્ણ વાત છે ? એ શક્ય જ નથી. એ વાત જ વિરોધાભાસી છે.'

'એ તમને અશક્ય લાગે છે, કારણ કે તમારું ક્ષુદ્ર મગજ એ સમજી શકે તેમ નથી. વિરોધાભાસ તો પ્રકૃતિનો જ એક હિસ્સો છે.'

'ના, એમ શક્ય જ નથી. કોઈ એક વસ્તુ સાચી હોય અને તેની વિરોધાભાસી વસ્તુ ખોટી ન હોય, તેમ બનવું અશક્ય છે. બ્રહ્માંડ તેને સ્વીકારે જ નહીં. એક મ્યાનમાં કદી પણ બે તલવાર રહી શકે નહીં !'

'એવું ત્યારે જ બને જ્યારે મ્યાન બહુ જ નાનું હોય. એટલે તમે એમ કહેવા ઇચ્છો છો કે ભગવાન રામનું વ્યક્તિત્વ એટલું વિશાળ નહોતું કે તેમાં એકથી વધારે ઓળખ સમાઈ શકે ?'

'તું માત્ર શબ્દોની રમત રમી રહી છે !' પર્વતેશ્વરે કહ્યું.

શિવે હવે સાંભળવાનું બંધ કરી દીધું હતું. તેમણે અવળા ફરીને મંદિર સામે જાયે રાખ્યું. તેમના અણુએ અણુમાં એક સ્પંદન થતું હતું. તેમનો આત્મા એ સ્પંદનનો અવાજ સાંભળી શકતો હતો. તેમને પોતાનો અંતરાત્મા કહી રહ્યો હતો.

ભગવાન રામ તને સહાય કરશે. એ જ તને માર્ગદર્શન આપશે. એ જ તને શાંતિ આપશે. એમના શરણે જા.



ત્રીજા પ્રહરના ત્રીજા કલાકમાં શિવ અયોધ્યાની અંધાધૂંધ ગલીઓમાં એકલા ફરવા નીકળી પડ્યા હતા. એ ભગવાન રામને મળવા માંગતા હતા. સતીએ તેમની સાથે આવવાની ઇચ્છા દર્શાવી નહોતી. તે સમજતી હતી કે શિવે એકલા પડવાની આવશ્યકતા છે. એટલે ગળાપટ્ટો બાંધીને, શરીર પર હળવો કામળો ઓઢીને, તેમજ માત્ર સાવચેતી ખાતર તલવાર અને ઢાલ બાંધીને શિવ નીકળી પડ્યા હતા અને ચંદ્રવંશીઓની રાજધાનીનાં વિચિત્ર દૃશ્યો અને સુગંધો તેમનામાં ઊતરી રહી હતી. કોઈએ તેમને ઓળખ્યા નહોતા. અને શિવને પણ એ ગમ્યું હતું.

અયોધ્યાવાસીઓ જરા પણ આત્મનિયંત્રણ વિનાનું જીવન જીવતા હતા. જાણે કોઈ

કઢંગું સંગીતવૃંદ બેસૂરું સંગીત રેલાવી રહ્યું હોય, તેમ તેમને જાતભાતના અવાજા સંભળાતા હતા. સામાન્ય લોકો એવી રીતે હસતા હતા જાણે તેમણે મદિરાનો આખો કૂંજા પી લીધો હોય અને લડતા તો એવી રીતે લડતા જાણે કે એ લડાઈ તેમના જીવનની અંતિમ લડાઈ હોય. આવતા જતા ઘણા બધા લોકોએ શિવ સાથે ધક્કામુક્કી કરી હતી, તેમને ભાંડ્યા પણ હતા અને અંધનું બિરુદ પણ આપી દીધું હતું. હાટમાં ગ્રાહકો વેપારીઓ સાથે સાવ નાનકી રકમ માટે એવી રીતે ભાવતાલ કરી રહ્યા હતા જાણે તેઓ ગમે ત્યારે એકબીજાને મારી બેસશે. ગ્રાહક અને વેપારી માટે પાછું ધનનું તો જાણે મત્ત્વ જ નહોતું. તેમણે સારો સોદો કર્યો છે એવો આત્મસંતોષ મેળવવા ખાતર જ તેઓ ભાવતાલ કરી રહ્યા હોય, એમ લાગતું હતું.

શિવે એમ પણ નોંધ્યું કે રસ્તાની કોરે આવેલા એક નાનકડા બગીચામાં ઘણાંબધાં યુગલો સાર્વજનિક રીતે એવાં કામ કરી રહ્યાં હતાં જેની વાત કરવી પણ શક્ય નથી. તેમને રસ્તા પરથી પસાર થઈ રહેલાની જરા પણ પરવા નહોતી અને તેઓ પોતાની ક્રીડાઓમાં જ મસ્ત હતાં. શિવે એમ પણ જાયું કે પસાર થઈ રહેલા લોકોની આંખોમાં ધિક્કાર કે ઉપહાસ નહીં પરંતુ ઉત્તેજના જ જાવા મળતી હતી. મેલુહાવાસીઓ સાર્વજનિક રીતે તો એકબીજાને આલિંગન પણ આપતા નહીં એટલે આ તફાવત ઊડીને આંખે વળગે તેવો હતો.

અચાનક એમની પીઠે કોઈ સ્ત્રૈણ હાથનો સ્પર્શ થયો હોય એમ લાગતાં શિવને આશ્ચર્ય થયું. તેમણે પાછળ ફરીને જાયું તો એક યુવતી તેમની સામે આંખ મારીને હસી. શિવ કોઈ પ્રતિક્રિયા આપે તે પહેલા તેમણે જાયું કે એક વૃદ્ધા તે યુવતીની પાછળ આવી રહી હતી. શિવને લાગ્યું કે તે વૃદ્ધા અવશ્ય આ યુવતીની માતા હશે એટલે કોઈ સંકોચભરી પરિસ્થિતિમાં મુકાવું ન પડે તે માટે તેમણે એ યુવતીને કંઈ પણ કહેવાનું માંડી વાળ્યું. તે આગળ વધ્યા ત્યારે તેમની પીઠ પર ફરી વાર કોઈએ સ્પર્શ કર્યો. આ વખતે એ સ્પર્શ વધારે જારથી થયો હતો. તેમણે પાછળ ફરીને જાયું તો પેલી વૃદ્ધા તેમની સામે માદક સ્મિત કરી રહી હતી. દિગ્મૂઢ થઈ ગયેલા શિવ આવું બીજું કશું જ ન બને એ માટે ઉતાવળે એ માર્ગ છોડીને બીજા માર્ગે જતા રહ્યા.

તેમણે રામજન્મભૂમિ મંદિરની ઊંચી ઇમારતની દિશામાં આગળ વધવાનું ચાલુ રાખ્યુ. મંદિર જેમ જેમ પાસે આવતું જતું હતું તેમ તેમ અયોધ્યાનો ઘોંઘોટ ધીમો પડતો જતો હતો. આ નગરનો શાંત રહેણાંક વિસ્તાર હતો. સંભવતઃ ધનવાન કુટુંબો જ અહીં વસતા હશે, કારણ કે ત્યાં કતારબદ્ધ રીતે ગોઠવાયેલી હવેલીઓ એકદમ ભવ્ય લાગતી હતી. પોતાના ગંતવ્યસ્થાને પહોંચવા તેઓ જમણી બાજુના માર્ગે વળ્યા. એ માર્ગ ધીમે ધીમે ઉપરની દિશામાં ટેકરી ઉપર જતો હતો. સંભવતઃ રાજપથ પછી આ અયોધ્યાનો એકમાત્ર માર્ગ હતો જે ઉબડખાબડ નહોતો. માર્ગની બંને બાજુ ગુલમહોરનાં ભવ્ય વૃક્ષ ઊગેલાં હતાં અને તેમનાં નારંગી પર્ણો થાકેલા અને હારેલા લોકોને આગળ વધવા માટે જાશ ચડાવતા હોય તેમ લાગતું હતું. એ માર્ગ ભગવાન રામની પાસે જવાનો માર્ગ હતો.

શિવે આંખો બંધ કરીને ઊંડો શ્વાસ લીધો કારણ કે તેમના હૃદયમાં ચિંતા વ્યાપી ગઈ હતી. એમને ત્યાં શું મળશે ? શું એમને ત્યાં શાંતિ પ્રાપ્ત થશે ? ઉત્તરો મળશે ? શું તેમને એવું અપેક્ષિત આશ્વાસન મળશે કે તેમણે કંઈક સારું કામ કર્યું છે ? એવું સારું કામ કે જે અત્યારે તેમને દેખાતું નથી. કે પછી તેમને એમ કહેવામાં આવશે કે તેમણે ભયાનક ભૂલ કરી હતી અને તેના કારણે હજારો લોકો મૃત્યુ પામ્યા હતા ? શિવે પોતાની આંખો ખોલી, મન મક્કમ કર્યું અને રામનું નામ જપતાં જપતાં તેમણે આગળ વધવાનું ચાલુ કર્યું.

રામ. રામ. રામ. રામ.

થોડેક આગળ જતાં શિવના જાપમાં ભંગ પડ્યો. માર્ગના વળાંક આગળ તેમણે ભયંકર કરચલીઓ પડેલા વૃદ્ધને જોયો. એમ લાગતું હતું કે તેણે ઘણાં સપ્તાહથી ખાધું જ નહીં હોય. તેમના ગોઠણ પર એવો ઘાવ પડેલો હતો જેમાં ભેજ અને અવગણનાને કારણે સડો થઈ ગયો હતો. એ માણસે એક ફાટેલો શણનો કોથળો પહેર્યો હતો જે તેની પીઠ પર માંડ માંડ બાંધેલો હતો અને ખભા પર સૂતળીના ટેકે લટકતો હતો. એ રસ્તાની કોરે બેઠો હતો અને જમણા હાથથી એવી રીતે પોતાનું માથું ખંજવાળી રહ્યો હતો જેથી નિષ્ઠાપૂર્વક પોતાનું કામ કરી રહેલી જુઓ હેરાન થઈ જાય. એકદમ પાતળા ડાબા હાથે તેણે એક કેળનું પાંદડું પકડી રાખ્યું હતું જેમાં રોટલીનો એક ટુકડો અને થોડીક રાબ કોઈ રેડી ગયું હોય એમ લાગતું હતું. એમ લાગતું હતું કે સસ્તાં ભોજનાલયોમાં કોઈ દાન આપી જાય એટલે નિર્ધનોને જે ભોજન આપવામાં આવતું હશે, ત્યાંથી જ આ માણસ ખાવાનું લઈ આવ્યો હશે. એવું ખાવાનું જે મેલુહામાં તો પ્રાણીઓને પણ ખવડાવવામાં આવતું નહીં.

શિવના મનમાં ક્રોધની ભયાનક લાગણી વ્યાપી ગઈ. આ ડોસો ભગવાન રામના જન્મસ્થળની પાસે પડ્યો પડ્યો પીડાઈ રહ્યો હતો અને ભીખ માંગી રહ્યો હતો પરંતુ કોઈને તેની પરવા હોય એમ લાગતું નહોતું. કેવા પ્રકારનું શાસન પોતાના લોકોને આવી પરિસ્થિતિમાં સબડવા દે ? મેલુહામાં શાસનકર્તા પોતાના તમામ નાગરિકોની અત્યંત કાળજીપૂર્વક દેખભાળ રાખતું હતું. દરેકને પૂરતું ભોજન મળી રહેતું હતું. કોઈ પણ ઘર વિનાનું નહોતું. ત્યાંનું પ્રશાસન કામ કરતું હોય એમ દેખાતું હતું. જો આ ડોસો દેવગીરીમાં રહેતો હોત, તો આવી રીતે પીડાતો ન હોત !

આ ક્રોધને કારણે શિવમાં હકારાત્મક ઊર્જા ઊભરાઈ કારણ કે તેમને સમજાયું હતું કે તેમને એક ઉત્તર તો અવશ્ય મળ્યો હતો. તેઓ જાણતા હતા કે પર્વતેશ્વર સાચું કહી રહ્યા હતા. કદાચ ચંદ્રવંશીઓ દુષ્ટ નહોતા પરંતુ તેમનું અસ્તિત્વ તો દયનીય પરિસ્થિતિઓમાં જ હતું. સૂર્યવંશી જીવનશૈલીથી તેમના જીવનમાં સુધારા તો અવશ્ય આવશે જ. આ મરણોન્મુખ ચંદ્રવંશી શાસનને પર્વતેશ્વર સંભાળી લેશે પછી બધે જ સમૃદ્ધિ અવશ્ય આવશે. આ યુદ્ધમાંથી કંઈક તો અવશ્ય સારું થશે. તેમણે આ યુદ્ધ કરીને કોઈ મોટી ભૂલ નહોતી કરી. તેમણે રામ ભગવાનનો આભાર માન્યો. તેમને લાગ્યું કે તેમને ઉત્તર મળી ગયો છે.

જોકે ભાગ્ય શિવને આટલા આશ્વાસનથી વધુ કશું જ આપવા ઇચ્છતું નહોતું. એ ડોસાએ શિવની નોંધ લીધી અને તે શિવની આંખોમાં આંખો મેળવીને જોઈ રહ્યો. શિવની આંખોમાં રહેલા સહાનુભૂતિ અને કરુણાના ભાવ પારખી જઈને તેણે સ્મિત કર્યું. જોકે એ કોઈ ભાંગી પડેલા ભિખારીનું સ્મિત નહોતું. એ એવા માણસનું સ્મિત હતું જે આનંદથી પોતાનું જીવન પસાર કરી રહ્યો હોય. શિવને અત્યંત આશ્ચર્ય થયું.

એ વૃદ્ધે અત્યંત પ્રયત્નપૂર્વક પોતાનો કેળનું પાન પકડેલો હાથ ઊંચો કરીને વધારે બહોળું સ્મિત કર્યું, 'કંઈ ખાવું છે, બેટા ?'

શિવ હવે હતપ્રભ થઈ ગયા હતા. તેમણે જે માણસને દયનીય પરિસ્થિતિમાં જીવી રહેલો માણસ ધારી લીધો હતો એ માણસ તો નિઃસ્વાર્થ ભાવે તેમનું આતિથ્ય કરવા માંગતો હતો.

શિવની દૃષ્ટિ હજુ તેની પર જ છે એ જોઇને એ વૃદ્ધે ફરી વાર કહ્યું, 'મારી સાથે કંઈ ખાવું છે, બેટા ? આપણાં બંનેનાં પેટ ભરાય એટલું તો છે જ.'

શિવમાં એટલી બધી લાગણીઓનો ઊભરો આવી ગયો હતો કે તેઓ કંઈ બોલી જ

શક્યા નહીં. વાસ્તવમાં તો એક માણસનું પેટ ભરાય એટલું પણ ખાવાનું હતું નહીં. તો પછી આ માણસ કેમ શિવને પણ પોતાની સાથે જમાડવા ઇચ્છતો હતો ? કંઈ સમજાતું નહોતું.

એ ડોસાને એમ લાગ્યું કે શિવને સાંભળવામાં કંઇ સમસ્યા છે એટલે તેણે ઊંચા અવાજે કહ્યું, 'બેટા, અહીં બેસ અને ખા.'

શિવે પરાણે પોતાનું માથું હલાવીને કહ્યું, 'ના, આભાર.'

એ ડોસાના મુખ પર નિરાશા તરી આવી. 'આ સારું ભોજન છે.' તેની આંખોમાં દેખાઈ આવતું હતું કે તેની લાગણી દુભાઈ છે. 'નહીંતર મેં તને એ ખાવાનું કહ્યું જ ન હોત.'

શિવને સમજાયું કે તેમણે એ ડોસાના આત્મગૌરવને ઠેસ પહોંચાડી છે. તેમણે એ ડોસાને ભિખારી માની લઈને એવું જ વર્તન કર્યું હતું. 'ના, ના. હું એમ નહોતો કહેતો. હું જાણું જ છું કે ભોજન તો ઉત્તમ જ છે. પણ હું તો હમણાં જ...'

ડોસાએ શિવને અધવચ્ચે જ અટકાવીને કહ્યું, 'તો પછી મારી પાસે બેસ, બેટા.'

શિવે ધીમેથી માથું હલાવ્યું. તેઓ ડોસાની પાસે રસ્તાની ધારે જ બેસી ગયા. ડોસાએ શિવ અને પોતાની વચ્ચે કેળનું પાંદડું મૂક્યું. શિવે રોટલીના ટુકડા અને રાબ સામે જોયું. થોડીક ક્ષણો પહેલાં શિવને એ જ વસ્તુ માણસને ખાવાલાયક લાગતી નહોતી. ડોસાએ શિવ સામે પોતાની અર્ધ આંધળી આંખોથી જોયું અને કહ્યું, 'ખા.'

શિવે રોટલીનો એક નાનકડો ટુકડો લીધો અને તેને રાબમાં બોળીને ખાધો. નાનકડો કોળિયો એકદમ સરળતાથી તેમના ગળા હેઠળ ઊતરી ગયો પરંતુ તેમના આત્મા પર તેનું વજન પડ્યું હોય, એમ શિવને લાગ્યું. આ નિર્ધન ડોસાનું ઔદાર્ય તેમની પર ભારે પડી રહ્યું હતું.

'બેટા, આટલું જ ખાઈશ તો તારું આવડું મોટું શરીર કઈ રીતે ટકશે ?'

આશ્ચર્ય અનુભવતા શિવે એની સામે જોયું. એ ડોસાના કરચલી પડેલાં બાવડાંનો ઘેરાવો શિવના કાંડાથી પણ ઓછો હતો. એ માણસ એકદમ નાના કોળિયા લઈને રોટલીના મોટા ટુકડા શિવ સામે ધરી રહ્યો હતો. હવે તેની સામે જોવાનું શિવ માટે ભારે થઈ પડ્યું હતું. તેમનું હૃદય ભારે થઇ ગયું અને આંખોમાંથી આંસુ ઊભરાઈ આવ્યાં. ડોસાએ તેમને ધરેલું ભોજન લેવાનું તેમણે ચાલુ રાખ્યું.

સ્વાતંત્ર્ય. નિર્ધનોને પણ ગરિમા જાળવી રાખવાનું સ્વાતંત્ર્ય. જે મેલુહા સામ્રાજ્યમાં અશક્ય હતું.

'હવે પેટ ભરાયું, બેટા ?'

શિવે હળવેથી માથું હલાવ્યું પરંતુ હજુ તે ડોસાની આંખોમાં આંખો પરોવીની જોઈ શકતા નહોતા.

'સરસ. જા. મંદિર તો હજી ઘણું દૂર છે.'

શિવે ઉપર જોયું. એ ડોસાના ઔદાર્યથી તે સાચે આશ્ચર્ય અનુભવતા હતા. ડોસાએ પ્રેમપૂર્વક બહોળું સ્મિત કર્યું અને તેના કરચલીવાળા ગાલ પર વધારે કરચલીઓ ઊપસી આવી. એ પોતે તો ભૂખે જ મરી રહ્યો હતો તેમ છતાં તેણે પોતાનું મોટાભાગનું ભોજન એક અજાણ્યા માણસને ધરી દીધું હતું. શિવે પોતાની જાત પર એવું વિચારવા માટે ફિટકાર વરસાવ્યો કે તેઓ આ ડોસોને 'બચાવી' લેવાના હતા. શિવથી આપોઆપ નીચા વળીને એ ડોસાના ચરણસ્પર્શ થઈ ગયા.

ડોસાએ હાથ ઊંચો કરીને શિવના મસ્તક પર હાથ રાખીને આશીર્વાદ આપતાં કહ્યું, 'તને જે જોઈએ છે એ મળી જાય એવા આશીર્વાદ, બેટા.'

પસ્તાવો અને દોષની લાગણી અનુભવતા શિવ ભારે હૃદયે ટટ્ટાર થયા. આ નિર્ધનના ઔદાર્યને કારણે તેમને પોતાની તમામ ભૂલો સમજાઈ ગઈ હતી. તેમને ઉત્તર મળી ગયો હતો. તેમણે જે કર્યું એ ખોટું હતું. તેમનાથી ભયંકર ભૂલ થઈ ગઈ હતી. આ લોકો કંઈ અનિષ્ટ નહોતા.



પ્રકરણ ૨૬
મહાપ્રશ્ન

રામજન્મભૂમિ મંદિરનો રસ્તો એક ટેકરીની ફરતે થઈને ધીમે-ધીમે ઉપર ચડતો હતો અને રામ ભગવાનના મંદિરે જ આવીને અટકતો હતો. ત્યાંથી નીચે રહેલા નગરનું અદ્ભુત દૃશ્ય જોઈ શકાતું હતું. જોકે શિવને એવું કંઈ પણ જોવામાં રસ નહોતો. તેમને મંદિરની ભવ્યતા કે તેની ફરતે બનાવવામાં આવેલા રંગબેરંગી ઉપવનને જોવામાં પણ રસ પડ્યો નહીં. મંદિર એટલે જાણે પથ્થરોમાં કોતરેલું કાવ્ય જ જોઈ લો જેને સ્વયં વિશ્વકર્માએ જ ઘડ્યું હોય એમ લાગતું હતું. મંદિરના મુખ્ય ઓટલા સુધી જવા માટે લાંબાં પગથિયાં બનાવવામાં આવ્યાં હતાં. એ દૃશ્ય આંખો પહોળી કરી દે તેવું અને આવકારદાયક લાગતું હતું. એ ઓટલા પર આછા વાદળી અને ભૂખરા રંગના આરસપહાણની શણગારેલી અને વિશાળ કદની મૂર્તિઓ મૂકવામાં આવી હતી. વાદળી આરસથી બનાવવામાં આવેલી અત્યંત ઊંચી છતને આધાર આપવા માટે બારીક કોતરકામવાળા સ્તંભો પણ બનાવવામાં આવ્યા હતા. સ્થપતિને અવશ્ય જાણ હશે કે પ્રભુ રામને પ્રભાતનો સમય અત્યંત પ્રિય હતો. એટલે જ મંદિરની છત પર પ્રભાતના સમયે જે રીતે આકાશ દેખાતું હોય, તેવું જ આકાશ બનાવવામાં આવ્યું હતું. જો છત ન હોત, તો બહારનું આકાશ આવું જ દેખાતું હોત. છતની ઉપર બનાવવામાં આવેલું શિખર લગભગ સો હાથ જેટલું ઊંચું હતું. જાણે આકાશમાં રહેલા દેવોને કોઈ વિશાળ હાથ જોડીને વંદન કરી રહ્યું હોય, એમ લાગતું હતું. સ્વદીપવાસીઓએ પોતાના સ્વભાવ અનુસાર આ મંદિરમાં કોઈ આડંબર નહોતો યોજ્યો. તેમાં જે સાદગીસભર સૌંદર્ય હતું તે ભગવાન રામની વિચારધારાને અનુરૂપ હતું.

જોકે શિવે આમાંથી કંઈ પણ જોયું નહોતું. ગર્ભગૃહની અંદર સ્થાપવામાં આવેલી બારીક કોતરણીવાળી મૂર્તિઓ પણ તેમણે જોઈ નહીં. ભગવાન રામની મૂર્તિની આસપાસ તેમના પ્રીતિપાત્ર સ્વજનોની મૂર્તિઓ મૂકવામાં આવી હતી. તેમની જમણી બાજુ તેમની પ્રિય પત્ની સીતા અને ડાબી બાજુ તેમનો સમર્પિત ભાઈ લક્ષ્મણ ઊભા હતા. તેમના પગ પાસે તેમના સૌથી સમર્પિત ભક્ત અને વાયુપુત્ર કબીલાના સભ્ય એવા હનુમાન ગોઠણભેર બેઠા હતા.

શિવ ભગવાન રામની આંખો સામે જોઈ શક્યા નહીં. ભગવાન જે ચુકાદો આપવાના હતા તેનો તેમને ભય હતો. તેઓ એક સ્તંભની પાછળ તેના ટેકે દુઃખી થઈને બેસી ગયા. જ્યારે તેમનામાં કંઈક ખોટું કર્યાની લાગણી અતિપ્રબળ બની ગઈ ત્યારે તેમણે ક્યારના રોકી રાખેલાં આંસુઓ વહેવા માંડ્યાં. શિવે આંસુઓ રોકવા ભારે જહેમત કરી પરંતુ જાણે કોઈ બંધ તૂટી ગયો હોય તેમ આંસુ વહેતાં જ રહ્યાં. તેઓ હાથની મુઠ્ઠીઓ વાળીને પોતાનું મુખ તેમાં છુપાવીને ધ્રુસકે ધ્રુસકે રડતા રહ્યા. તેમનો પસ્તાવો આંસુઓ સાથે વહી રહ્યો

હતો. બેઠા બેઠા જ ટૂંટિયું વાળીને તેમણે ગોઠણ પર પોતાનું માથું ટેકવ્યું.

તેઓ એટલા શોકમગ્ન હતા કે તેમના ખભા પર કોઈએ કરુણાસભર હાથ મૂક્યો તે પણ તેમને ખ્યાલ આવ્યો નહીં. કોઈ પ્રતિક્રિયા ન મળી એટલે એ હાથે શિવનો ખભો જરાક દબાવ્યો. શિવ એ સ્પર્શને ઓળખી ગયા પરંતુ તેમણે પોતાનું મસ્તક ઊંચું કર્યું નહીં. એ ઘરડા માણસનો હાથ શિવના ખભા પરથી ઊંચકાઈ ગયો અને શિવ સ્વસ્થ થાય ત્યાં સુધી એ માણસ તેમની પ્રતીક્ષા કરવા લાગ્યો. યોગ્ય સમયે તે માણસ શિવની સામે આવીને બેસી ગયો. શિવે પંડિતને હળવેથી વંદન કર્યાં. એ પંડિત પણ અદ્દલ એવા પંડિતો જેવો જ લાગતો હતો જેમને શિવ મેરુના બ્રહ્મામંદિરે તેમજ મોહન-જા-દરોના મોહનમંદિરમાં મળી ચૂક્યા હતા. એવી જ લાંબી ફરફરતી શ્વેત દાઢી અને વાળ. એ પંડિતોની જેમ આ પંડિતે પણ કેસરી ધોતી અને અંગવસ્ત્ર ધારણ કરેલાં હતાં. એના કૃશ મુખ પર શાંતિદાયક, આવકારદાયક સ્મિત હતું. જોકે આ પંડિતની કમર ઘણી મોટી હતી એ વાત શિવે અવશ્ય નોંધી.

'સાચે જ એટલું બધું દુઃખ થાય છે ?' એ પંડિતે ઝીણી આંખે માથું નમાવીને લાક્ષણિક ભારતીય શૈલીથી સહાનુભૂતિપૂર્વક પૂછ્યું.

શિવે આંખો બંધ કરીને ફરી વાર માથું નમાવી દીધું. પંડિત શિવના ઉત્તરની ધીરજપૂર્વક પ્રતીક્ષા કરતો રહ્યો, 'તમે જાણતા નથી કે મેં શું કરી નાખ્યું છે !'

'હું જાણું જ છું.'

શિવે પંડિત સામે જોયું. તેમની આંખોમાં આશ્ચર્ય અને સંકોચના ભાવ હતા.

'તેં શું કર્યું છે એ હું સારી રીતે જાણું છું, હે નીલકંઠ.' પંડિતે કહ્યું, 'હવે હું પુનઃ પૂછું છુંઃ સાચે જ એટલું બધું દુઃખ થાય છે ?'

'મને નીલકંઠ તો કહેશો જ નહીં.' શિવે કહ્યું, 'હું એ સંબોધનને લાયક જ નથી. મારા હાથ હજારો નિર્દોષ લોકોના રક્તથી રંગાયેલા છે.'

'હજારોથી પણ વધારે લોકો મર્યા છે.' પંડિતે કહ્યું, 'સંભવતઃ લાખો લોકો મર્યા છે, પરંતુ શું તને એમ લાગે છે કે તું ન હોત, તો એ લોકો ન મર્યા હોત ? શું તેમનું મૃત્યુ સાચે જ તારા કારણે થયું છે ?'

'એ તો થયું જ છે ! મારી મૂર્ખતાને કારણે જ આ યુદ્ધ થયું. હું શું કરી રહ્યો હતો તેનું મને ભાન જ નહોતું. મારી પર એક ઉત્તરદાયિત્વ થોપી દેવામાં આવ્યું હતું પરંતુ હું તેને લાયક નહોતો ! તેના પરિણામે લાખો લોકોનો જીવ ગયો છે !'

શિવે પોતાના હાથની મુઠ્ઠીઓ વાળીને કપાળ કૂટ્યું. તેમને કપાળની મધ્યમાં, બે આંખોની વચ્ચે ભયંકર બળતરા અને પીડા થઈ રહી હતી. શિવના કપાળની મધ્યે, બે આંખોની બરોબર વચ્ચે એક લાલ રંગનો ડાઘો ઊપસી આવ્યો હતો, તે જોઇને પંડિતને થોડુંક આશ્ચર્ય અવશ્ય થયું. એ કંઈ લોહી ગંઠાઈ જવાથી ઉત્પન્ન થયેલો ડાઘ નહોતો. તેનો રંગ ઘણો વધારે ઘેરો હતો. પંડિતે શાંત રહેવાનું જ પસંદ કર્યું પરંતુ પોતાના આશ્ચર્યને તે ભાગ્યે જ નિયંત્રણમાં રાખી શક્યા હતા. હજુ જોકે યોગ્ય સમય પાક્યો નહોતો. હજુ પણ બધું જણાવી દેવાનો સમય નહોતો આવ્યો.

'અને આ બધું જ મારા કારણે થયું છે.' શિવે કણસાટ કર્યો. તેમની આંખો ફરી વાર ભીની થવા માંડી હતી. 'આ બધો જ મારો દોષ છે.'

'સૈનિકો ક્ષત્રિય હોય છે, મિત્ર.' પંડિતે એકદમ શાંતિથી કહ્યું, 'કોઈ તેમને મૃત્યુ વહોરી લેવા દબાણ નથી કરતું. તેઓ પૂરાં ભયસ્થાનોની જાણકારી સાથે જ પોતાના જીવનનો માર્ગ પસંદ કરે છે. તેમને સાથે સાથે જે કીર્તિ મળવાની સંભાવના હોય છે, તેનો

પણ મોહ હોય જ છે. નીલકંઠ ઉપર કોઈ તેમની ઇચ્છા વિરુદ્ધનું કોઈ પણ ઉત્તરદાયિત્વ થોપી ન શકે. એ તારી પસંદગી હતી. તારો જન્મ જ એના માટે થયો છે.'

શિવ પંડિત સામે આશ્ચર્યથી જાઈ રહ્યા. એમની આંખો જાણે પૂછી રહી હતી, 'એના માટે થયો હતો મારો જન્મ ?'

શિવની આંખોથી પૂછવામાં આવેલા પ્રશ્નોની પંડિતે અવગણના કરી. 'દરેક ઘટના કોઈક ચોક્કસ કારણથી જ બને છે. જો તને આટલી પીડા થઈ રહી છે, તો તેની પાછળ પણ અવશ્ય દૈવી આયોજન જ છે.'

'આટલાં બધાં મૃત્યુ માટે વળી કેવું દૈવી આયોજન હોય ?'

'અનિષ્ટનો સંહાર ? શું એને તું મત્ત્વનું કારણ નહીં માને ?'

'પરંતુ મેં અનિષ્ટનો સંહાર કર્યો નથી !' શિવે બૂમ પાડીને કહ્યું. 'આ લોકો કંઈ અનિષ્ટ નથી. એ લોકો માત્ર અલગ છે. અને અલગ હોવું એટલે દુષ્ટ હોવું, એમ ન કહી શકાય.'

પંડિતના મુખ પર તેનું લાક્ષણિક મોહક સ્મિત આવી ગયું. 'એકદમ સાચી વાત કરી. એ લોકો દુષ્ટ નથી. એ લોકો તો માત્ર અલગ જ છે. તને એ બહુ વહેલું સમજાઈ ગયું, મિત્ર. પૂર્વ મહાદેવથી ઘણું વહેલું.'

શિવ પંડિતના શબ્દોથી મૂંઝાઈ ગયા. 'રુદ્ર ભગવાન ?'

'હા ! રુદ્ર ભગવાન.'

'પરંતુ તેમણે અનિષ્ટનો સંહાર તો કર્યો ને ? તેમણે અસુરોનો સંહાર કર્યો.'

'અને, અસુરો અનિષ્ટ હતા, એવું કોણે કહ્યું ?'

'મેં વાંચ્યું હતું...' શિવ અધવચ્ચે જ બોલતા અટકી ગયા. એમને છેવટે સમજાયું હતું.

'હા.' પંડિતે સ્મિત કર્યું, 'તેં સાચી જ ધારણા કરી છે. જેવી રીતે સૂર્યવંશીઓ અને ચંદ્રવંશીઓ એકબીજાને અનિષ્ટ માને છે એવી જ રીતે દેવો અને અસુરો પણ એકબીજાને અનિષ્ટ જ માનતા હતા. એટલે જો તું દેવો દ્વારા લખવામાં આવેલું કોઈ પુસ્તક વાંચીશ, તો તેમાં અસુરોનું ચિત્રણ કેવું હશે ?'

'એટલે તમે એમ કહેવા માંગો છો કે એ લોકો આજના સૂર્યવંશીઓ અને ચંદ્રવંશીઓ જેવા જ હતા ?'

'તને કલ્પના પણ આવે તેનાથી વધારે સમાનતા છે એમનામાં. સૂર્યવંશીઓ અને ચંદ્રવંશીઓ પણ દેવો અને અસુરોની જેમ જ જીવનનાં બે મૂળ ત્ત્વોનું પ્રતિનિધિત્વ જ કરે છે.'

'જીવનનાં બે મૂળ ત્ત્વો ?'

'હા. નર અને નારી, જેનાથી જ સમગ્ર બ્રહ્માંડનું સંતુલન જળવાતું હોય છે. અસુરો અને સૂર્યવંશીઓ પુરુષપ્રધાન જીવનશૈલીનાં પ્રતીકો છે. દેવો અને ચંદ્રવંશીઓ નારીપ્રધાન જીવનશૈલીનાં પ્રતીકો છે. નામ બદલાતાં રહે છે પરંતુ તેઓ જીવનનાં જે મૂળભૂત ત્ત્વોનું પ્રતિનિધિત્વ કરતા હોય છે, તે ક્યારેય બદલાતાં નથી. એ ક્યારેય બદલાશે પણ નહીં. તેનો નાશ પણ થઈ શકશે નહીં. નહીંતર આ બ્રહ્માંડનો જ નાશ થઈ જશે.'

'અને એ બંને ત્ત્વો વચ્ચેના સંઘર્ષને એ લોકો ઇષ્ટ અને અનિષ્ટનો સંઘર્ષ સમજે છે ?'

'એકદમ બરાબર.' પંડિતે આનંદથી કહ્યું. આટલા શોકમાં ગર્ત હોવા છતાં શિવના મગજની તીક્ષ્ણતા જરા પણ ઘટી નહોતી તેનો પંડિતને આનંદ થયો હતો. 'પરંતુ એ લોકો સતત લડતા રહે છે, એવું પણ નથી. ઘણી વાર એકબીજાના સહકારથી પણ તેઓ જીવન આગળ ધપાવતા હોય છે. જ્યારે અનિષ્ટ પ્રવર્તમાન હોય અને સંઘર્ષનો સમય હોય, ત્યારે

એકબીજા પર દોષનો ટોપલો ઢોળી દેવો બહુ સરળ છે. બે અલગ અલગ જીવનશૈલીઓ વચ્ચેના એ સંઘર્ષને પછી ઇષ્ટ અને અનિષ્ટના સંઘર્ષ તરીકે રજૂ કરવામાં આવે છે. ચંદ્રવંશીઓ સૂર્યવંશીઓથી અલગ છે એટલે એ લોકો અનિષ્ટ નથી બની જતા. તને શું લાગે છે, નીલકંઠ કેમ સપ્ત-સિંધુની બહારથી જ હોવો અનિવાર્ય છે ?'

'જેથી એ ગમે તે એક જીવનશૈલી પ્રત્યે ઝુકાવ ન ધરાવતો હોય.' શિવે કહ્યું. તેમની આંખો ઉપરથી એક પડદો દૂર થયો હતો.

'બરાબર ! નીલકંઠે આ બધાથી પર જ હોવું જોઈએ. એ તમામ પૂર્વગ્રહોથી મુક્ત હોવા જોઈએ.'

'પરંતુ હું ક્યાં પૂર્વગ્રહથી મુક્ત હતો ? મને તો વિશ્વાસ હતો કે ચંદ્રવંશીઓ જ અનિષ્ટ છે. કદાચ આનંદમયી સાચું જ કહેતી હતી. હું કદાચ ભોળો છું અને મને સરળતાથી ગેરમાર્ગે દોરી જઈ શકાય છે.'

'પોતાની જાતને આટલું બધું કષ્ટ આપવાની આવશ્યકતા નથી, મિત્ર. તું કંઈ બધું જાણીને આકાશમાંથી નથી ટપક્યો, ખરું ને ? તારે આ બાબતમાં એક કે બીજો પક્ષ તો પસંદ કરવાનો જ હતો. અને તું જે પક્ષને પસંદ કરે તેમની જીવનશૈલીથી પરિચિત થાય, તેમને સ્વીકારે અને બીજા પક્ષને અનિષ્ટ માને, એ સ્વાભાવિક છે, પરંતુ તને તારી ભૂલ બહુ જલદી સમજાઈ ગઈ છે. ભગવાન રુદ્રને તો બહુ મોડું થઈ ગયું ત્યાં સુધી પોતાની ભૂલ સમજાઈ નહોતી. તેમણે અસુરોને લગભગ નામશેષ કરી નાખ્યા હતા અને તેમને બહુ મોડેથી સમજાયું હતું કે એ લોકો અનિષ્ટ નહીં પરંતુ અલગ છે.'

'લગભગ નામશેષ કરી નાખ્યા હતા ? એટલે અમુક અસુરો હજુ પણ જીવંત છે ?'

પંડિતે રહસ્યમય સ્મિત કર્યું. 'એ વાત આપણે ફરી ક્યારેક કરીશું, મિત્ર. તારે તો માત્ર એટલું જ જાણવાની આવશ્યકતા છે કે તું કંઈ એવો પ્રથમ મહાદેવ નથી જેને ગેરમાર્ગે દોરવામાં આવ્યો હોય. અને તું એવો છેલ્લો મહાદેવ પણ નહીં હોય. હવે તું કરી શકે તો કલ્પના કર કે રુદ્ર ભગવાનના મનમાં ખોટું કર્યાની લાગણીઓ કેટલી બધી હશે ?'

શિવ શાંત જ રહ્યા. તેમની આંખો હજુ ધરતી પર જ મંડાયેલી હતી. ભગવાન રુદ્રની ભૂલ જાણ્યા પછી પણ તેમના આત્મા પર પોતાની ભૂલનું જે ભારણ હતું, તે ઓછું થયું નહોતું. તેમના વિચારો વાંચીને પંડિતે કહ્યું, 'તેં જે તે સંજાગો અનુસાર શ્રેષ્ઠ નિર્ણય લીધો. હું જાણું છું કે આટલું સમજ્યા પછી તારા મનનો ઉદ્વેગ ઓછો નથી થવાનો પરંતુ નીલકંઠ બનવું એમ પણ સરળ નથી. તારે એ ભાર તો કાયમ વેંઢારવો જ રહ્યો. તું કેવું વ્યક્તિત્વ ધરાવે છે એ હું જાણું છું. આ ભાર બહુ વધારે હશે અને તું એ ભાર કે પીડાને દબાવી રાખે એ તારા માટે કંઈ પડકારજનક કાર્ય નથી. તારું હૃદય એ માટે સજ્જ છે. તારો સાચો પડકાર તો એ છે કે આ બધી પીડા છતાં તું તારા યુગકર્મ અનુસાર તારું જીવન આગળ વધારે જાય અને તારું કર્તવ્ય નિભાવે. એ જ મહાદેવનું ભાગ્ય હોય છે અને એ જ મહાદેવનું કર્તવ્ય પણ હોય છે.'

'પરંતુ હું કેવા પ્રકારનો મહાદેવ છું ? મારી શું આવશ્યકતા છે ? જો અનિષ્ટ શું છે તેની જ મને જાણ ન હોય તો હું અનિષ્ટનો સંહાર કઈ રીતે કરીશ ?'

'કોણે કહ્યું કે તારું કર્તવ્ય અનિષ્ટનો સંહાર કરવાનું છે ?'

શિવ સાશ્ચર્ય પંડિત સામે જાઈ રહ્યા. આ પંડિતને શબ્દોની જે રમત રમવી ગમતી હતી, તેનાથી હવે શિવને ચીડ ચડવા માંડી હતી.

શિવની આંખોમાં ક્રોધ જોઇને પંડિતે તરત જ ચોખવટ કરી. 'અનિષ્ટની શક્તિને જરા વધારે પડતી માનવામાં આવે છે, મિત્ર. તેનો સંહાર કરવો કંઈ અઘરું કાર્ય નથી. થોડાક

સારા માણસો ભેગા થઈને તેની વિરુદ્ધ લડવાનું નક્કી કરે એટલે અનિષ્ટનો સંહાર તો થઈ જ જાય છે. જ્યારે પણ અનિષ્ટે માથું ઊંચક્યું છે, ત્યારે તેનો સંહાર જ થયો છે.'

'તો પછી મારી શું આવશ્યકતા છે ?'

'તારે સૌથી મત્ત્વનું કામ કરવાનું છે : તારે જ સૌથી મત્ત્વના પ્રશ્નનો ઉત્તર શોધવાનો છે.'

'કયો પ્રશ્ન ?'

'અનિષ્ટ શું છે ?'

'અનિષ્ટ શું છે ?'

'હા, માનવોએ ઘણાં યુદ્ધો લડ્યાં છે.' પંડિતે કહ્યું, 'અને ભવિષ્યમાં પણ ઘણાં યુદ્ધો લડાશે. એ રીતે જ આ જગત ચાલે છે. માત્ર મહાદેવ જ આ યુદ્ધોમાંથી ગમે તે એક યુદ્ધને ઇષ્ટ અને અનિષ્ટ વચ્ચેના યુદ્ધનું સ્વરૂપ આપવાનું કાર્ય કરી શકે છે. માત્ર મહાદેવ જ અનિષ્ટને પારખીને માણસોને તેની વિરુદ્ધ યુદ્ધ કરવા પ્રેરે છે. અનિષ્ટ પોતાનું માથું ઊંચકીને તમામનો સંહાર કરી નાખે એ પહેલાં મહાદેવે તેને પારખી લેવાનું હોય છે.'

'પરંતુ હું કઈ રીતે અનિષ્ટને પારખીશ ?'

'એમાં હું તારી કોઈ સહાય નહીં કરી શકું, મિત્ર. હું મહાદેવ નથી. આ પ્રશ્નનો ઉત્તર તો માત્ર તારે જ શોધવો પડશે, પરંતુ એમ કરી શકવા માટે તું શક્તિમાન છે. એમ કરવા જેટલી તીક્ષ્ણ તારી બુદ્ધિ પણ છે. તારા મગજને ખુલ્લું રાખ, બધું ધ્યાનપૂર્વક નીરખતો રહે અને અનિષ્ટ આપોઆપ તારી સામે પ્રગટ થશે.'

'પ્રગટ થશે ?'

'હા.' પંડિતે ખુલાસો કર્યો, 'અનિષ્ટનો તારી સાથે તો બહુ ગાઢ સંબંધ છે. એ જ તને શોધતું આવશે. તારે તો એ તારી સામે આવે ત્યારે તેને માત્ર પારખવાનું જ છે. હું તો તને માત્ર એક જ સૂચન કરીશ. અનિષ્ટ પારખવામાં બહુ ઉતાવળ ન કરતો. તેની પ્રતીક્ષા કરજે. એ તને શોધતું અવશ્ય આવશે.'

શિવની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. તેમણે નીચે જોઇને આ આખી વિચિત્ર વાત સમજવાનો પ્રયત્ન કર્યો. તેમણે માર્ગદર્શન મેળવવા ભગવાન રામની મૂર્તિ સામે જાયું. ભગવાન રામની આંખોમાં તેમનાં કૃત્યો માટે કોઈ ચુકાદો જાવા મળશે એવી તેમને આશા હતી, પરંતુ એવું કશું પણ તેમને જાવા મળ્યું નહીં. તેના બદલે તેમને હૂંફાળું, પ્રોત્સાહક સ્મિત જાવા મળ્યું.

'તારી યાત્રા પૂરી નથી થઈ, મિત્ર. એમાં તો હજુ ઘણું બાકી છે. એ તો હજુ માત્ર શરૂ જ થઈ છે. તારે આગળ વધવું જ રહ્યું નહીંતર અનિષ્ટનો વિજય થશે.'

શિવની આંખો થોડીક સુકાઈ હતી. તેમના હૃદય પરનો ભાર તો જરા પણ ઘટ્યો નહોતો પરંતુ તેમને એમ લાગતું હતું કે હવે તેમનામાં એટલી શક્તિ અવશ્ય છે કે તેઓ તેને વેંઢારી શકશે. તેમણે આ યાત્રાના અંત સુધી પહોંચવું જ રહ્યું.

શિવે પંડિત સામે જોઇને ફિક્કું સ્મિત કર્યું, 'તમે લોકો કોણ છો ?'

પંડિતે સ્મિત કર્યું, 'મને જાણ છે કે તને આ પ્રશ્નનો ઉત્તર આપવાનું વચન આપવામાં આવ્યું છે. અને અમારામાંથી કોઈ એક વચન આપે એટલે અમે બધા તેને પાળવા બંધાયેલા છીએ. માટે હું એ વચન તોડીશ નહીં.'

શિવ ઉત્તરની અપેક્ષા સહ પંડિત સામે જાઈ રહ્યા.

'અમે વાસુદેવો છીએ.'

'વાસુદેવો ?'

'હા. દરેક વિષ્ણુ પોતાની પાછળ જે માણસો મૂકતા જાય છે તેમને બે કામ કરવાનાં હોય છે.'

શિવ એકાગ્રતાપૂર્વક પંડિત સામે જોઈ રહ્યા હતા.

'પ્રથમ કાર્ય તો છે જ્યારે અને જે પણ મહાદેવ આવે, તેમને સહાય કરવાનું.'

'અને બીજું ?'

'અને બીજું કાર્ય એ છે કે જ્યારે આવશ્યકતા ઊભી થાય, ત્યારે અમારામાંથી જ કોઈ એક આગામી વિષ્ણુ બને છે. સાતમા વિષ્ણુ ભગવાન રામે આ કાર્ય પોતાના વિશ્વાસુ કપ્તાન વાસુદેવને સોંપ્યું હતું. અમે તેમના અનુયાયીઓ છીએ. અમે વાસુદેવો છીએ.'

શિવ પંડિત સામે જોઇને આ માહિતીના મત્ત્વને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા. અચાનક જ તેમને એક વિચાર આવ્યો. 'શું મહાદેવ પણ પોતાની પાછળ કોઈ માણસો મૂકી જાય છે ? શું રુદ્ર ભગવાન કોઈને મૂકી ગયા છે ?'

પંડિતે સ્મિત કર્યું. શિવની બુદ્ધિપ્રતિભાથી તેઓ અત્યંત પ્રભાવિત થયા હતા. મોહન-જો-દારોનો સચિવ સાચું કહેતો હતો. આ માણસ મહાદેવ બનવાને લાયક છે.

'હા, ભગવાન રુદ્ર પણ તેમની પાછળ અમુક માણસો મૂકતા ગયા છે. એમને વાયુપુત્રો કહેવામાં આવે છે.'

'વાયુપુત્ર ?' શિવે પૂછ્યું. તેમને આ શબ્દ પરિચિત હોય એમ લાગતું હતું.

પંડિતે શિવના ખભા પર હાથ મૂક્યો. 'હવે એ વાત બીજી વાર મળીશું ત્યારે કરીશું, મિત્ર. મને લાગે છે કે આજે આપણે પૂરતી વાત કરી લીધી છે. હવે ઘરે જા. તારી પ્રેમાળ પત્નીના આલિંગનની તને આવશ્યકતા છે. આવતીકાલે પણ સૂર્ય તો ઊગશે જ અને કાલે પણ તને તારું ધ્યેય પૂરું કરવાની તક તો મળી જ રહેશે. માટે અત્યારે ઘરે જા.'

શિવે સ્મિત કર્યું. મોહક સ્મિત કર્યું. તિબેટની રીતથી સાવ અલગ સ્મિત કર્યું. તેઓ હવે ભારતીય બની ગયા હતા. પંડિતનો ચરણસ્પર્શ કરવા તેઓ નમ્યા. પંડિતે શિવના માથે હાથ રાખીને આશીર્વાદ આપ્યા, 'વિજયી ભવ. જય ગુરુ વિશ્વામિત્ર. જય ગુરુ વશિષ્ઠ.'

શિવે આશીર્વાદ સ્વીકારતાં મસ્તક હલાવ્યું. ઊભા થઈને અવળા ફરીને તેઓ મંદિરનાં પગથિયાની દિશામાં ચાલવા લાગ્યા. મંદિરના ઓટલાના છેડે ફરીને તેમણે પંડિત સામું જોવા પાછળ જોયું. પંડિત નીચે નમીને શિવ બેઠા હતા ત્યાં પૂજ્યભાવે પોતાનું મસ્તક અડાડી રહ્યા હતા. શિવે સ્મિત કરીને પોતાનું માથું હળવેથી ઝાટક્યું. પંડિતની પાછળ દેખાતી રામ ભગવાનની મૂર્તિને તેઓ ધ્યાનથી જોઈ રહ્યા. પછી તેમણે હાથ જોડીને રામને વંદન કર્યાં.

તેમના હૃદય પરનો ભાર તો જરા પણ ઘટ્યો નહોતો પરંતુ તેમને એમ લાગતું હતું કે હવે તેમનામાં એટલી શક્તિ અવશ્ય છે કે તેઓ તેને વેંઢારી શકશે.

તેમણે મંદિરનાં પગથિયાં ઊતરવાનું શરૂ કર્યું. સતીને અપ્સરાઓની મૂર્તિ વચ્ચે ઊભેલી જોઇને તેમને અત્યંત આશ્ચર્ય થયું. તેમણે સતી સામે સ્મિત કર્યું. એ સમયે આમ પણ સમગ્ર જગતમાં તેમને સતીને જ મળવાની સૌથી વધુ ઇચ્છા હતી.

તેની દિશામાં ચાલતાં ચાલતાં તેમણે ટીખળ કરી, 'તું હંમેશાં મારી પાછળ પાછળ જ ફરતી રહેવાની છે ?'

'તમારે ક્યારે એકાંત જોઈતું હોય છે, એ હું સમજી શકું છું.' સતીએ સસ્મિત કહ્યું, 'અને તમારે મારી આવશ્યકતા ક્યારે હોય છે, તે પણ હું સમજી શકું છું.'

શિવ અચાનક સ્થિર થઈ ગયા. સતીથી થોડેક જ પાછળ, એક વૃક્ષની ઓથે ફરકી રહેલો એક ડગલો તેમને દેખાતો હતો. સાંજની હવામાં એ માણસનો ડગલો થોડોક ઊડ્યો

હતો એટલે એ દેખાઈ ગયો હતો. સતીએ પણ અવળા ફરીને શિવની દૃષ્ટિની દિશામાં જોયું. ડગલા પહેરેલો અને મુખ પર મહોરું લગાવેલો પેલો નાગવંશી વૃક્ષો પાછળથી બહાર આવ્યો.

આ તો એ જ નાગવંશી છે !

શિવનું હૃદય વધારે જોરથી ધબકવા માંડ્યું. એ પોતે સતીથી થોડાક દૂર જ હતા અને નાગવંશી એટલો પાસે હતો કે તેમને સતીની ચિંતા થવા માંડી. એક ક્ષણ માટે એ ત્રણેય પોતાની જગ્યાએ ઊભાં રહી ગયાં અને પરિસ્થિતિને નાણીને હવે શું પગલું ભરવું એ વિચારવા માંડ્યાં. સૌ પ્રથમ પગલું સતીએ ભર્યું. તેણે ઝડપથી પોતાની કટાર ખેંચીને નાગવંશી પર તેનો ઘા કર્યો. નાગવંશી ભાગ્યે જ હલ્યો હશે. કટાર તેની એકદમ પાસેથી પસાર થઈને પાછળ રહેલા વૃક્ષમાં ઊંડી ઊતરી ગઈ.

શિવે હળવેથી પોતાની તલવારની મૂઠ પર હાથ મૂક્યો.

નાગવંશીએ અવળા હાથે એ કટાર ખેંચી કાઢી અને તેને પોતાના કાંડા પર એક કપડા વડે બાંધી દીધી. પછી એ ત્વરાથી આગળ ધસ્યો.

'સતી !' શિવે બૂમ પાડી અને પોતાની તલવાર ખેંચીને તેઓ પોતાની પત્નીની દિશામાં ધસી ગયા. દોડતાં દોડતાં તેમણે પોતાની ઢાલ આગળ ધરી દીધી.

(હવે વાંચો બીજો ભાગ 'નાગવંશનું રહસ્ય')

* * *

અમીશનાં અન્ય પુસ્તકો

શિવકથન નવલકથાત્રયી

મેલુહાના અમર્ત્યો (શિવકથન શ્રેણીનું પ્રથમ પુસ્તક)

ઈસા પૂર્વ ૧૯૦૦. એ સમયના લોકો જાણે છે કે મેલુહાની ભૂમિ એટલે એવું પરિપૂર્ણ સામ્રાજ્ય જેને ઘણી સદીઓ પહેલાં જગતના મહાનતમ સમ્રાટોમાંના એક એવા ભગવાન રામે રચેલું. હવે તેમની મુખ્ય નદી સરસ્વતી સુકાઈ રહી છે અને તેમને પૂર્વમાંથી આવતા આતંકવાદીના આક્રમણનો પણ સામનો કરવો પડે છે. શું તેમના દંતકથા સમાન નાયક નીલકંઠ આ અનિષ્ટનો નાશ કરવા આવશે ?

નાગવંશનું રહસ્ય (શિવકથન શ્રેણીનું બીજું પુસ્તક)

નાગવંશીઓએ બૃહસ્પતિને મારી નાખ્યા છે અને હવે તેઓ સતીની પાછળ પડ્યા છે. અનિષ્ટનો નાશ કરવા માટે પ્રગટેલા શિવ પોતાના રાક્ષસી શત્રુઓને શોધ્યા વિના જંપવાના નથી. શિવકથન નવલકથાત્રયીના આ દ્વિતીય પુસ્તકમાં ભયાનક યુદ્ધો અને અવિશ્વસનીય રહસ્યોની વાત છે.

વાયુપુત્રોના શપથ (શિવકથન શ્રેણીનું ત્રીજું પુસ્તક)

શિવ પોતાની સેના ભેગી કરે છે. તે નાગવંશીઓની રાજધાની, પંચવટી પહોંચે છે અને છેવટે અનિષ્ટની વિગતો તેમને જાણવા મળે છે. છેવટે નીલકંઠ પોતાના સાચા શત્રુ સામેના પવિત્ર યુદ્ધની તૈયારીઓ કરે છે. શું એ સફળ થશે ? આ બધાં રહસ્યો શિવકથન શ્રેણીના ત્રીજા અને અંતિમ પુસ્તકમાં ખૂલે છે.

રામ ચંદ્ર શ્રેણી

ઈક્ષ્વાકુના વંશજ (શ્રેણીનું પ્રથમ પુસ્તક)

ઈસા પૂર્વ ૩૪૦૦. ભારત

અયોધ્યા એક ભયંકર યુદ્ધની કિંમત ચૂકવી રહ્યું છે. નુકસાન બહુ મોટું થયું છે. લંકાનો રાક્ષસ રાજા રાવણ પરાજિતો પર પોતાનું સામ્રાજ્ય નથી સ્થાપતો. તેના બદલે તે ત્યાં પોતાને વેપાર સ્થાપી દે છે. સમગ્ર સામ્રાજ્યમાંથી ધન ચૂસી લેવામાં આવે છે. દુઃખમાં ગરકાવ થઈ ગયેલી પ્રજાને તેમની વચ્ચે જ રહેલો નાયક ઓળખાતો નથી. એક સંતપ્ત અને દેશનિકાલ પામેલો રાજકુમાર, જેનું નામ છે રામ.

અમીશ સાથે રામ ચંદ્ર શ્રેણીની યાત્રા શરૂ કરો પ્રથમ પુસ્તક 'ઈક્ષ્વાકુના વંશજ'થી.

સીતા - મિથિલાની વીરાંગના (શ્રેણીનું દ્વિતીય પુસ્તક)

એક ખેતરમાં ત્યજાયેલી બાળકી મળી આવી છે. લોહી તરસ્યા વરુઓના ટોળાથી એક ગીધ તેનું રક્ષણ કરી રહ્યું હતું. જેની બધા અવગણના કરતા હતા એવા મિથિલા નામના શક્તિહીન રાજ્યના શાસક એ બાળકીને દત્તક લે છે. કોઈ એ બાળકીને વધારે મત્ત્વ આપતું નથી, પરંતુ એ બધા ખોટા છે, કારણ કે એ કોઈ સામાન્ય બાળકી નથી. એ છે સીતા.

અમીશની આ મહાગાથામાં એવી દત્તક લેવાયેલી બાળકીનાં અદ્‌ભુત સાહસોનું વર્ણન છે જે પહેલાં વડાં પ્રધાન બને છે અને પછી દેવી બનીને પૂજાય છે.

રામ ચંદ્ર શ્રેણીનું આ દ્વિતીય પુસ્તક છે જે તમને પ્રારંભની પણ પહેલાંની વાર્તાઓમાં ખેંચી જાય છે.

૧૯૭૪માં જન્મેલા, આઈઆઈએમ(કોલકાતા)માં ભણેલા અમીશ બૅંકની નિરસ નોકરી છોડીને આનંદપ્રાપ્તિ માટે લેખક બન્યા છે. તેમના પ્રથમ પુસ્તક 'મેલુહા' ('શિવકથન શ્રેણી' નવલકથાત્રયીનું પ્રથમ પુસ્તક) ની સફળતા પછી તેમણે આર્થિક સેવાક્ષેત્રની પોતાની ચૌદ વર્ષ જૂની નોકરી છોડી દઈને માત્ર લેખન પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમને ઇતિહાસ, પુરાણ અને ત્ત્વજ્ઞાનનો શોખ છે અને વિશ્વના તમામ ધર્મોમાં તેમને સાંદર્યબોધ અને અર્થપ્રાપ્તિ થાય છે. અમીશનાં પુસ્તકોની ૪૦ લાખથી વધારે નકલો વેચાઈ છે અને તેમનાં પુસ્તકોનો ૧૯ જેટલી ભાષાઓમાં અનુવાદ પણ થયો છે.

પોતાની પત્ની પ્રીતિ અને પુત્ર નીલ સાથે અમીશ મુંબઈમાં વસે છે.

www.autheramish.com
www.facebook.com/autheramish
www.twitter.com/autheramish